ચહેરા



કાજલ ઓઝા- વૈદ્ય

V Ramanuj

VISIT…

LANZAROTE Caliente.COM

છલ

(નવલકથા)

કાજલ ઓઝા વૈદ્ય

CHHAL (Novel)
Written by Kaajal Oza-Vaidya


kaajalozavaidya@gmail.com

First Edition 2005
This Epub Edition 2017

ISBN: 978-00-80000-01-1

eBook by





www.e-shabda.com

સંજયને

धूप में बारिष होते देख के
हैरत करनेवाले
शायद तूने मेरी हंसी को
छूकर
कभी नहीं देखा

-परवीन शाकिर

કાજલ...

વર્ષો પહેલાં તે મને મળેલી. એક મુગ્ધ પ્રશંસક તરીકે. બોલકી એટલે કે તેનો અવાજ હંમેશાં બેસેલો જ રહે. બાપુ (તેના પિતા) સાથે તે હંમેશાં ઝઘડા કરતી. ક્યારેક લાગે કે બાપ-દીકરી હવે કદી એકમેક સાથે બોલશે પણ નહીં. પણ જેટલું ઝઘડે તેટલું તેમનું વહાલ વધતું જાય! બાપ-દીકરીનો અકળ પ્રેમ ઈર્ષા પમાડે તેવો છે. આવા જ કોઈ ઝઘડાને કારણે તે મને એક વખત મળવા આવેલી. બાપુ મોટા પત્રકાર એટલે તેણે પણ 'બાપુને બતાવી આપવાનું' બીડું ઝડપેલું.

"ઓહ! એમાં શું? પત્રકાર થવું છે ને! આવી જા, આપણે બાપુને ખબર પાડી દઈએ." મેં કહ્યું.

"ક્યારથી?"

"આજથી. પગાર રૂપિયા પાંચસો." મેં કહેલું. કેમ જાણે હું જે અખબાર સાથે સંકળાયો હતો તેનો માલિક ન હોઉં!

"શું કરવાનું?" તેણે પૂછ્યું.

"આજે સુનીલ ગાવસકર અમદાવાદમાં છે, તેનો ઇન્ટરવ્યૂ લઈ આવ." મેં કહેલું.

પર્સ લઈને તે ઊભી થઈ. "સાંજે મળું છું." તેણે કહ્યું.

અને, ખરેખર સાંજે તે ગાવસકરનો ઇન્ટરવ્યૂ જ નહીં, ફોટો પણ લઈને આવી હતી! હું તો છક્કડ ખાઈ ગયેલો. હવે વટ રાખવાનો મારો વારો હતો. અખબારના છેલ્લા પાને, રાતે, અન્ય સમાચારોને હટાવીને તેના નામ સાથે ઈન્ટરવ્યૂ છપાયો. 'શેઠ'ને સવારે આચકો લાગેલો. કારણ છાપું છપાય તે પહેલાં મેં ગેલીઓ બદલેલી. મારું સ્થાન પણ જોખમમાં મુકાયેલું. શેઠ બગડેલા પણ ઇન્ટરવ્યૂ સરસ હતો, નોખો હતો, તાજગીભર્યો હતો. એમને વાંધો હતો તેનું નામ મુકાયું તેનો...

'કાજલ' તેનું નામ.

પત્રકારત્વ, નાટક, ટી.વી., કવિતા, નવલકથા એ બધું જ રક્તકણોની જેમ તેની રગોમાં વહે છે. આંગળીને વેઢે ગણાય તેટલી સ્ત્રીલેખિકાઓમાં તે આજની અને આવતી કાલની લેખિકા છે. તેના દિમાગમાં સ્ફુરતી વાર્તાઓ તે જટલી આસાનીથી અને ઝડપથી કહી શકે છે તેટલી તે લખે તો ગુજરાતી ભાષામાં માતબર લેખિકાનું સ્થાન તે આજેય મેળવી શકે તેમાં કોઈ અતિશયોક્તિ નથી.

તેનો પતિ સંજય એક અનન્ય ફોટોગ્રાફર છે. બંને વચ્ચેનો પ્રેમ, તેમના ઝઘડા, તેમની આકાંક્ષાઓ અને સરળતા બેનમૂન છે. આ એકવીસમી સદીનું એક અનન્ય યુગલ છે. અને હા! તેના બાપુનું નામ દિગંત ઓઝા છે.

- અશ્વિની ભટ્ટ

મારી વાત...

દરેક લેખકની કથા સામાન્ય રીતે એ પોતે જીવતો હોય છે. લખતી વખતે એ તમામ પાત્રો એની આસપાસ શ્વાસ લેતાં હોય છે. એને રોજેરોજ મળતા હોય છે... એમની સાથે જો લેખક અન્યાય કરે તો એ પાત્રો ફરિયાદ પણ કરે છે અને જો એમણે માગેલો ન્યાય એમને મળે તો નિ:સંકોચપણે લેખકનો આભાર પણ માનતાં હોય છે, આવો મારો અનુભવ છે!

આ કથા મેં મારી દૃષ્ટિએ જોયેલી... મારી સીટ પર બેસીને અનુભવેલી કથા છે એટલે આમાં મારો પોઇન્ટ ઑફ વ્યૂ હોય જ, એ સ્વાભાવિક છે!

રેવતી, નિયતિ, સમીર...થી શરૂ કરીને સુજય, રંજનબહેન, કલ્યાણી, મહેન્દ્રભાઈ કે ઘનશ્યામરાય... તારાબેન, ઈશ્વરાનંદ, ગોમતી કે પોપટ...

આ કથા આ પાત્રોની કથા નથી. આ કથા આપણી આસપાસ જીવતા લોકોની કથા છે. આજની કથા છે, આવતી કાલની કથા છે.

'છલ' હંમેશાં છલનારને છલતું હોય છે... પરંતુ, છલતી વખતે છલનાર એમ માને છે કે પોતે સામેની વ્યક્તિને છલી રહ્યો છે!

જેનો ગુણધર્મ જ વિશ્વાસઘાત હોય એ તમારો વિશ્વાસ કોવી રીતે અકબંધ રાખે?

'છલ'ની આ કથા પોએટિક જસ્ટિસની કથા છે.

દોડતા માણસને માત્ર પોતાનું ધ્યેય દેખાય છે. ક્યારેય આસપાસની દુનિયા કે એના સાથે દોડનારા લોકોને જોવાની પણ એની પાસે દૃષ્ટિ નથી હોતી...

અને જ્યારે એને એમ લાગે કે એ પોતાના ધ્યેય સુધી પહોંચી ગયો છે... દોડમાં પહેલો આવ્યો છે ત્યારે આગળ નવી દોડ, નવી હરીફાઈ, નવા હરીફો એની રાહ જોઈને ઊભા જ હોય છે... અને એ શ્વાસ લઈ શકે, પોતાની જીત સેલિબ્રેટ કરી શકે એ પહેલાં તો શરૂ થઈ જાય છે એક નવી દોડ!

પણ કેટલાક લોકોને દોડવામાં રસ હોતો જ નથી. એ નિશ્ચિત ધ્યેય સાથે, નિશ્ચિત ઝડપ સાથે જન્મથી મૃત્યુ સુધીની પોતાની સફર અદ્ભુત રીતે પૂરી કરે છે. એમની એ સફરમાં કોઈ અફસોસ, કઈ તિરાડ કે કોઈ ફરિયાદો નથી હોતી. મેળવ્યાનો અહંકાર નથી હોતો કે ગુમાવ્યાનો કકળાટ નથી હોતો...

આમ જુઓ તો, સાધુત્વ સ્વભાવનો, લોહીનો ગુણ છે. સંસારમાં રહીને પણ સાધુત્વ જીવી જનારા ઘણા લોકોને તમે, હું - આપણે સૌ ઓળખીએ છીએ! અને ભગવાં કપડાંમાં લપેટાયેલા મોહ અને દ્વેષની કથાઓ છાપાંઓ ભરી ભરીને છપાય છે! આ વાર્તા કોઈ એક વ્યક્તિ કે માણસની કથા નથી. આ સમીરની કે અનુશ્રીની કથા નથી.

હરિલાલ ગાંધીજીના ઘરમાં જ જન્મ્યા હતા. આખા દેશના યુવાનોને રાહ બતાવનાર માણસના ઘરનો ચિરાગ જ રાહ ભૂલી ગયો એ વાત કોઈથી અજાણી નથી.

આપણી ભૂલ થાય છે, જ્યાં આપણે ધર્મને નીતિ સાથે જોડી દઈએ છીએ.

ધર્મ અને નીતિ બે જુદાં છે. બાળકને જન્મ સાથે એવું શીખવવામાં આવે છે કે જો સમાજનો એક્સ્પેક્ટન્સ (સ્વીકાર) જોઈતો હોય, સમાજમાં સન્માન જોઈતું હોય તો સાચું બોલજે, ઈમાનદાર થજે, નહી તો કોઈ તારી સાથે નહીં રહે... કોઈ તારું સન્માન નહીં કરે...

આ બેઝ જ ખોટો છે. કશું મેળવવા માટે ઈમાનદાર થવાનું? અને પછી એ ન મળે તો? તો બેઈમાન થવાનું જાયઝ?!

મેં જે ધર્મની વાત કરી છે એ ધર્મ માણસની અંદર શ્વાસ લે છે, એના લોહીમાં વહે છે... પરંતુ, નીતિ, એણે ઉપરથી ઓઢેલા સમાજના નિયમો છે. નીતિ એને શીખવાડવામાં આવી છે. ધર્મ એના આત્મા સાથે જોડાયેલો છે... વ્યક્તિ પ્રકૃતિથી ધાર્મિક હોય અથવા ન હોય.

આપણે ધર્મ એટલે દીવો, અગરબત્તી કે મૂર્તિની વાત નથી કરતા. ગીતામાં કહેલા ‘સ્વધર્મ’ની વાત કરીએ છીએ. સ્વધર્મ એટલે માણસની અંદર શ્વાસ લેતું પોતાનું સત્ય, જેને માટે એણે કોઈને જવાબ નથી આપવાનો. જો કદાચ જવાબ આપવાનો હોય તો માત્ર અને માત્ર જાતને આપવાનો છે અને એથી જ, એ જવાબ ખોટો હોવાની કોઈ સંભાવના નથી.

શ્રીકૃષ્ણનો ધર્મ શિશુપાલનો વધ કે મહાભારતનું યુદ્ધ હોઈ શકે છે, પરંતુ એમાં સંધ્યાકાળ પછી યુદ્ધ ન કરવાની શરત કે શિશુપાલને નવ્વાણુ અપશબ્દો સુધી માફ કરવાની વાત નીતિ છે. મહાદેવનો ધર્મ સંહાર હોઈ શકે પરંતુ પોતાના પુત્રને ક્રોધમાં મારી નાંખ્યા પછી એને સજીવન કરવો અને ગણપતિ કરીને સ્થાપવો એ નીતિ છે.

આપણે ધર્મ એટલે એક એવી લાગણીની વાત કરીએ છીએ, જેને માણસ પોતાની અંદર લઈને જન્મે છે અને ઉંમર સાથે, અનુભવો સાથે એ ઊછરતી કે મરતી જાય છે.

ધર્મ એક સ્વયં પ્રકાશિત એવો અનુભવ છે કે જેમાં અનીતિનો અંધકાર તમારા સુધી પહોંચી જ શકતો નથી અને એટલે જ ધાર્મિક માણસ નીતિમાન હોય જ...

આજે ધર્મની વ્યાખ્યા બધા પોતાની મેળે કરી લે છે.

સમીરનો ધર્મ જાતને કેન્દ્રમાં રાખી ને પરિસ્થિતિ જોવાનો છે. દરેક વસ્તુમાંથી પોતાને શું મળી શકે, અથવા પોતે શું ખેંચી શકે, પામી શકે - એટલું જ એને આવડે છે... અને એથી જ, એની નીતિ મેળવી લેવાની, પામી લેવાની નીતિ છે... સુજયનો ધર્મ બીજાને સુખી કરવાનો, પોતાના પ્રેમને સન્માન આપવાનો ધર્મ છે અને એટલે, એની નીતિ સ્વીકરની નીતિ છે, સમર્પણની નીતિ છે...

આ કથા નીતિ અને ધર્મને જુદાં પાડતી - સ્પષ્ટ કરતી કથા છે.

અહીં, એક એવું ‘છલ’ છે, જેણે બધું જ મેળવી ચુકેલા માણસના હાથમાંથી પ્યાલો ત્યારે પાડી નાખ્યો, જ્યારે એ હોઠ સુધી પહોંચી ગયો હતો...

અને, એક બધું જ ગુમાવી ચુકેલી છોકરીને જિંદગીની થાળી છલોછલ ભરી આપી, ફૂલોથી... પ્રેમથી, વહાલથી, સન્માનથી અને સુખથી.

મેળવવું આપણને સૌને ગમે છે. ક્યાંક પહોંચવું - ક્યાંક જીતવું - આપણા સૌની ઝંખના છે. પણ એ મેળવવાનો, જીત સુધી પહોંચવાનો રસ્તો પસંદ કરવામાં આપણે થાપ ખાઈએ છીએ... આપણને છલ સ્વયં છલી જાય છે.

આ કથા એ થાપની, એ છલની કથા છે.

કાજલ ઓઝા વૈદ્ય

11, પલક એપાર્ટમેન્ટ્સ,
એલ.જે. કૉમર્સ કૉલેજ રોડ,
વસ્ત્રાપુર, અમદાવાદ-380 015

અનુક્રમણિકા

એકતાલીસ
કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

છલ

(ભાગ-1)



એક

“રેવતી... રેવતી...”

કોઈ બૂમ પાડતું હતું.

દૂ...રથી.

રેવતીની આંખો ખૂલી ગઈ.

અંધારાને કારણે જરા વાર લાગી-આંખોને ગોઠવાતાં, અંધારામાં સેટલ થતાં.

હલ્કા બ્લ્યુ રંગનો લેમ્પ જલી રહ્યો હતો-આછો પ્રકાશ હતો.

તદ્દન શાંતિ પથરાયેલી હતી. ચારે તરફ.

ઘડિયાળની ટક-ટક-ટક-ટક એકધારી ચાલતી હતી.

બાજુથી ખુરશીમાં નર્સ ઝોકાં ખાતી હતી.

“ક્યાં છું હું?”

રેવતીએ વિચારવું પડ્યું. “ઓહ હા, હિન્દુજા હૉસ્પિટલનો કમરા નંબર એક હજાર આઠ! દસમે માળે...કૂદી પડી શકાય-મરી જવાય, નક્કી!”

રેવતીના મનમાં વિચાર ઝબકી ગયો. ઊભી થવા ગઈ-પણ, હાથમાં ખોસેલી સોય અને નળી નડી ગઈ.

ઊંધી લટકતી ગ્લુકોઝ અને સેલાઈનની બોટલ ટપકતાં ટીપાંની સાથે રેવતીના શરીરમાં શક્તિ ઉંડેલી રહી હતી-ટપક...ટપક...ટપક

રેવતી થોડીક વાર જોતી રહી, ટપકતાં ટીપાંઓને-એકીટસે, પછી આંખો મીંચી દીધી...

થાક લાગતો હતો. એકધારું જોયા કરવાનો, એકધારું વિચારવાનો. એકધારું જીવવાનો...

“કેટલા દિવસ થયા હતા. આ હોસ્પિટલના કમરા નંબર એક હજાર આઠમાં?

આઠ? દસ? બાર?

કોને ખબર?

કેટલા દિવસ થયા, અરીસામાં ચહેરો પણ નથી જોયો.

મા કહેતી હતી, ફિક્કી પડી ગઈ છું હું!”

ડૉક્ટર શાહ કહેતા હતા-“નસીબદાર છો તમે અને તમારી દીકરી બંને! એટલું લોહી વહી ગયું હતું કે, એનું બચી જવું એક ચમત્કાર જ કહેવાય. એ તો ટ્વીનબહેન હતી અને બ્લડ તરત જ ક્રોસ મેચ થઈ ગયું, બાકી

આવી રીતે લોહી મળવું પણ અસંભવ જ છે!"

"શું કામ થયો આ ચમત્કાર? અહીં જીવવું કોને છે-સમીર વિના જીવવાનો અર્થ છે કોઈ?"

રેવતીની આંખો છલછલાઈ ઊઠી.

રોજ સવારે ડૉક્ટર શાહ આવતા-પ્લાસ્ટિકિયું સ્માઇલ અને જુનિયર ડૉક્ટરોનું ધાડું લઈને.

"ગુડ મોર્નિંગ, હાઉ આર યુ ફિલિંગ નાઉ?"

એકસરખો સવાલ, રોજેરોજ.

"બેટર" એકસરખો જવાબ-રેવતીનો.

બધુંયે એકધારું-એકસરખું-નિશ્ચિત.

ડિસઇન્ફેક્ટન્ટની વાસ. સ્પન્જ, તાવ અને બ્લડપ્રેશરનો ચાર્ટ...કાંડા પરના ઘાવનું ડ્રેસિંગ-

આંખો ખોલી રેવતીએ, હજીયે ડ્રીપ એકધારી ટપક્યાં કરતી હતી. ટપક...ટપક...

કશુંયે અચાનક-અણધાર્યું બનતું નથી.

"જેમ કે-જેમ કે...

સમીર... સમીરનું આવી પહોંચવું-અચાનક.

સમીર આવીને વળગી પડે મને. માફી માગે-જે થયું એ માટે મને કહી દે કે, "મારી ભૂલ થઈ ગઈ. તને છોડીને ચાલ્યા જવું મારે માટે શક્ય જ નથી-રેવતી. મેં જોઈ લીધું" રેવતી વિચારતી રહી.

"હું તારા વિના જીવી નહીં શકું..." એવું કહી દે સમીર...

આ દિવસો ભૂંસાઈ જાય, ઈરેઝ થઈ જાય-

બધું હતું એવું થઈ જાય, નોર્મલ. પહેલાં જેવું જ...

કાંડા પરનો જખમ પણ જાણે હતો જ નહીં.

હંમેશની જેમ-આંખો ખૂલે ને પોતે પલંગ પરથી નીચે પડી ગઈ હોય-મા-બાપુ, નિયતિ દાદી બધાં જ હસતાં હોય. શિવુકાકી વઢતાં હોય-સૌને, "એક તો પડી ગઈ બિચારી, ને બધાં હસો છો...??"

એક ખરાબ-બિહામણું સ્વપ્ન જાણે કે પૂરું થઈ જાય પણ-

સ્વપ્ન ક્યાં હતું આ?

આ તો કમરા નંબર એક હજાર આઠ હતો, હિન્દુજા હૉસ્પિટલનો.

કાંડા પર પાટો બાંધેલો જ હતો. એની નીચે જખમ હતો-ત્રણ ઇંચ લાંબો ને દોઢ ઇંચ ઊંડો. જેમ જેમ દિવસો

વીતતા હતા એમ એમ જખમ રૂઝાતો હતો અને સમીરના પાછા નહીં ફરવાની હકીકત વધુ ને વધુ કોરતી હતી ઊંડે ઊંડે... શારડીની જેમ...

...જેવી રીતે બ્લેડ ફરતી હતી કાંડા પર, મજબૂતીથી-

હજીયે યાદ છે એ અનુભવ-રેવતીને.

આંખો મિંચાઈ એ પહેલાં એણે લોહીનું ખાબોચિયું જોયું હતું. બાથરૂમની ફર્શ પર.

પોતે જ બ્લેડથી ચીરો મૂક્યો હતો ડાબા કાંડા પર. જમણા હાથે જરા પ્રેશર આપતાં ફાવે એટલે ખાસ ડાબું કાંડું પસંદ કર્યું હતું.

"બાપુ"-રેવતીના પિતા, ઘનશ્યામરાય આચાર્ય તો દાઢી રાખતા. ભાઈ હતો નહીં, એટલે જાતે જ જઈને બ્લેડ લઈ આવી હતી.

બધું જ નક્કી હતું. બાથરૂમમાં નહાવા ગઈ. કડી જરા ઢીલી જ બંધ કરી હતી.

ચીરો મૂક્યો-ઊંડો ખોતર્યો અને લોહી ધસી આવ્યું. લાલચોળ, ટપ...ટપ...ટપ...ટપ...

બાથરૂમની ટાઇલ્સ લાલ લાલ ટીપાંથી ઢંકાતી ગઈ.

રેવતી એ ખસી-ખસીને જુદી જુદી જગ્યાએ ટીપાં પાડ્યાં. જાણે વ્હાઇટ પ્લેઇન કપડા ઉપર લાલ રંગનાં પોલ્કા ડોટની ડિઝાઇન. પછી-ધીમે ધીમે ટીપાં મોટાં થવા માંડ્યાં-સમીરને ખૂબ ગમતાં પોલ્કા ડોટ્સનાં વસ્ત્રો-!!!!

રેવતીએ જખમ જરા વધારે ખોતર્યો-બ્લેડ ઘસી-ઝનૂનપૂર્વક.

જાણે સમીરનો વિચાર ખોતરી કાઢવો હોય એમ! લાલ રંગનું એક નાનકડું ખાબોચિયું ભરાવા માંડ્યું...

એ ટબમાં સૂઈ ગઈ અને બેભાન થવાની રાહ જોવા લાગી.

ફર્શ પર ખાબોચિયું મોટું ને મોટું થતું ગયું.

રેવતી એકીટસે જોતી હતી થાક્યા વગર.

ફેલાતો જતો લાલ-લાલ રંગ.

પછી જુદા જુદા રંગોનાં ચક્રો બનવા માંડ્યાં. આંખ સામે પ્રકાશનાં ધાબાં-આંખો ઘેરાવા માંડી-હાથ પગ શિથિલ થઈ ગયા...

આમ જ આવતું હશે મોત?

રેવતીએ સમીરનો ફોટો કાઢ્યો.

શરારતી સ્મિત અને દિલધડક ચહેરો-આંખોમાં કેદ કરી લીધો એ ચહેરાને જાણે, અને છાતીસરસો ચાંપી આંખો બંધ કરી દીધી. એવા વિશ્વાસ સાથે કે હવે નહીં ખૂલે!

પણ-અત્યારે ખૂલી ગઈ હતી આંખો!

કોઈ જાણે બૂમ પાડતું હતું-દૂરથી..."રેવતી...રેવતી..."

રાત્રે અઢી વાગ્યા હતા. ઘડિયાળમાં એક ડંકો પડ્યો.

નર્સનાં ઝોકાં ચાલુ જ હતાં.

"મા શું કરતી હશે અત્યારે?" રેવતી વળી વિચારે ચડી ગઈ. "મા જાગી ગઈ હશે કદાચ. મારા વિશે વિચારતી હશે-હૉસ્પિટલમાં સાથે રહેવા ન દીધી એટલે મનોમન અકળાતી હશે, ચિંતા કરતી હશે-બાધા આખડી લીધી હશે કોણ જાણે કેટલીયે!

ને નિયતિ ઊંઘતી હશે ઘસઘસાટ-ક્યાંક એ હશે ને ક્યાંક એની રજાઈ!

બાપુ ઊંઘવાનો ડોળ કરીને પડખું ફરીને પડ્યા હશે-જાગતા જ!

દાદીની ઊંઘ ઊડી ગઈ હશે તો પણ, એ માળા ફેરવતાં પડ્યાં હશે,"-રેવતીને ગળામાં ડૂમો ભરાવા લાગ્યો.

ને સમીર... સમીર ક્યાં હશે? શું કરતો હશે? આવડી મોટી દુનિયામાં ક્યાં ખોળતો હશે પોતાનાં 'અસલી માતા-પિતા', 'પોતાનાં મૂળ'-'પોતાની ઓળખ-'

ગરમ ગરમ રોટલીને ટપકતું ઘી ન હોય તો જમવા ન બેસે, ભાવતું શાક ન હોય તો ધમાલ મચાવી મૂકે-ભૂખ લાગે તો એક સેકન્ડ રાહ ન જોઈ શકે, એરકન્ડિશન વિના જેને ઘર અધૂરું લાગે એવા ને, એટલા લાડમાં ઊછરેલો, જેણે સુખ અને સગવડ સિવાય કંઈ જોયું જ નથી...ક્યાં ભટકતો હશે એ ભૂખ્યો... તરસ્યો...'

અકળામણ થવા માંડી રેવતીને-

આવા પ્રગાઢ પ્રણય પછી, લગ્નને દિવસે બરાબર કોઈ આમ ચાલી જાય-બેજવાબદાર ગણવો કે બેદિલ?

ડૂસકું મુકાઈ ગયું રેવતીથી-શ્વાસ રૂંધાતો લાગ્યો. ગળે શોષ પડવા માંડ્યો.

પાણી લેવા માટે ઊઠવાનો પ્રયાસ કર્યો ત્યાં જગ ઉપર મૂકેલો ગ્લાસ પડ્યો.

નિરવ શાંતિમાં એ ખણખણાટ ભયંકર રીતે લોબી સુધી પ્રસરી ગયો.

"કૌન હૈ? ક્યા હુઆ?" નર્સ ઝબકીને જાગી ગઈ.

રેવતીની ડ્રીપ ચેક કરી એણે-"ક્યા ચાહિયે?"

"પાણી-પાણી પીવું છે."

રેવતીએ ગુનેગાર જેવું સ્મિત કર્યું. પાણી આપ્યું નર્સે. "તુમ ફિર સે રોતા હૈ, કિતની બાર બોલા જ્યાદા સોચને કા નંઈ. નીંદ નહીં આયેગા તો હમકો જગાનેકા"-

રેવતીએ ડોકું ફેરવીને રડવા માંડ્યું.

નર્સે માથે હાથ ફેરવ્યો. મૂળ કેરાલાની મુક્તમ્મા હિન્દુજા હૉસ્પિટલમાં રહીને ગુજરાતી પણ બોલી શકતી. બાર દિવસના સહવાસે રેવતી માટે સહાનુભૂતિ પેદા કરી હતી એના મનમાં.

"તારી મા કેટલી ચિંતા કરે છે-પિતા દાદી કેટલો પ્રેમ કરે છે અને તારી બહેન છે આવી સરસ, સમજદાર! જે થયું એને ભૂલી જા. જિંદગી લાંબી છે, બેટા."

રેવતી રડતી રહી, નિઃશબ્દ.

નર્સે ઊઠીને સિડેટીવ (ઉંઘની ગોળી) આપી-ગ્લાસ ભરીને પાણી. રેવતીએ ચૂપચાપ ગોળી લઈ લીધી. છત તાકતી પડી રહી.

જે થયું એને ભૂલી જા. નર્સ કહેતી હતી, "એને શું ખબર શું થયું છે!"- રેવતીએ મનોમન વળી વાતો માંડી.

"કેટલું ને કેવી રીતે થયું-કોઈને કેવી રીતે ખબર પડે?

કેવી રીતે ભૂલી જાઉં? શું શું ભૂલી જાઉં? એ સ્પર્શ... વરસાદની એ સાથે ગાળેલી સાંજો...અને અપાયેલા-નહીં પળાયેલા વચનો... ભૂલી જા! કહેવું સહેલું છે..."

સોળમી સપ્ટેમ્બર, એ જ તારીખ કાઢી હતી. બ્રાહ્મણે લગ્નની...રેવતી અને સમીરનાં લગ્નની!! એ પછીના સાત મહિના સુધી કોઈ મૂહુર્ત નહોતું, એમ સમીરે કહ્યું હતું અને પછી આંખ મીંચકારી હતી!

રેવતી સામે જોઈને-નિયતિ હસતી હસતી અંદર ચાલી ગઈ હતી. કલ્યાણી અને ઘનશ્યામરાયે હા ભણી હતી. થોડું સમજીને-થોડું સમય વરતીને.

ઘનશ્યામરાયની દીકરીઓ હતી બંને-રેવતી અને નિયતિ.

બંને સરખી ઉંમરમાં, અને દેખાવમાં, જોડિયા બહેનો હતી બંને.

રેવતીનાં લગ્ન પહેલાં નક્કી થયાં હતાં, સમીર સાથે.

"બે દીકરીઓ નસીબદારને જ હોય." ઘનશ્યામરાય હંમેશાં કહેતા, "ને ભગવાને પહેલા ચાન્સમાં જ મને તો બબ્બે લક્ષ્મી મોકલી આપી."

ને ખરેખર બન્યું'તુંય એવું જ.

રેવતી ને નિયતિના પગલે ઘનશ્યામરાયના નસીબની આડેથી પાંદડું ખસ્યું હતું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઘનશ્યામરાયે આઠ વરસ જૂની નોકરી મૂકીને પ્રેક્ટિસ શરૂ કરી હતી. વીસ વરસમાં તો આચાર્ય એસોસિયેટ્સ-વીસ જણાનાં કુટુંબોને પોષતું હતું. મુંબઈની જાણીતી ટેક્સ કન્સલ્ટન્ટ કંપનીઓમાં ઘનશ્યામરાયનું નામ આદરપૂર્વક લેવાતું.

ચીરા બજારની ડબલ રૂમમાંથી પાંચ બેડરૂમનો વાલકેશ્વરનો ફ્લૅટ, બંને દીકરીઓ માટે જુદી જુદી ગાડીઓ, અને સુખ... સુખ...ઘનશ્યામરાય-કલ્યાણી માટે જિંદગીની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ હતી-બે દાયકા પૂરા કરતાં સુધીમાં.

લક્ષ્મીની છૂટ સાથે બબ્બે લક્ષ્મીઓના ઉછેરમાં કોઈ કમી નહોતી રાખી ઘનશ્યામરાય અને કલ્યાણીએ. રેવતી આર્કિટેક્ટનું ભણતી હતી જ્યારે નિયતિ સેન્ટ ઝેવિયર્સમાં એમ.એ. કરતી હતી.

ઘનશ્યામરાયના પિતા એમને દોઢ વર્ષના મૂકીને મૃત્યુ પામ્યા હતા. વીજળીના દીવાયે નહોતા ત્યારે પારકા ફાનસને અજવાળે મેટ્રિક ભણવા ઘનશ્યામરાય મુંબઈ ગામમાં નવા-સવા આવ્યા ત્યારે સગાને ત્યાં ઝાડુ-પોતાં ને વાસણ કરતાં.

ગામનાં દળણાં દળીને અને કપડાં સીવીને ઘનશ્યામરાય-ઘનુને "શી. એ." ભણાવ્યાની વાત માતા તારાબહેન ગર્વપૂર્વક કહ્યાં કરતાં-કલ્યાણીને અને બીજાંઓને!

"દીકરો તો જોઈએ, દીકરો હોય તો દી વાળે, દીકરા વિના તો નખ્ખોદ કહેવાય." આવું કેટકેટલુંયે તારાબહેન કલ્યાણીને કહ્યાં કરતાં-છોકરીઓ આઠ-નવ વર્ષની થઈ ત્યાં સુધી. ઘનુને કહેવાની હિંમત નહોતી, પણ પછી તો એમણેય મન વાળીને છોકરીઓમાં જ પરોવ્યું હતું.

ઘનશ્યામરાય માટે છોકરીઓ એમની આંખો જેવી હતી . ડાબી ને જમણી.- પણ બંને આંખોમાં ફેર હતો, ખાસ્સો.

જોડિયા બહેનો હોવા છતાં રેવતી-નિયતિનાં વ્યક્તિત્વો તદ્દન ભિન્ન હતાં. જુદા શોખ, જુદા સ્વભાવ અને જુદી જ માન્યતાઓ.

ચહેરા સાવ સરખા હતા એટલું જ-દેખાવ પણ સાવ નોખો પડી જતો બંનેનો.

નિયતિ ક્ષણોમાં જીવનારી, તદ્દન પ્રેક્ટિકલ અને બેફિકર છોકરી હતી.

જ્યારે રેવતી, "ઉંહ! શી ઈઝ એ સેન્ટીમેન્ટલ ફુલ!" નિયતિ કહેતી.

રેવતી અત્યંત લાગણીશીલ, ઋજુ, ઓછાબોલી, અંતમુખી અને ઘરરખ્ખુ હતી. ભણવામાં તેજસ્વી, વાંચવાની શોખીન, પાંચ ભાષાઓ અત્યંત કુશળતાથી લખી-વાંચી જાણતી. કવિતાઓ લખતી-કેન્વાસ ચીતરતી.

સામાન્યતઃ સલવાર કે ચુડીદાર કુર્તા પહેરતી. પહોળા ઢીલા પણ વ્યવસ્થિત રીતે ચપોચપ બેસે એવા સિવાયેલા કુર્તામાં રેવતીનું સપ્રમાણ સૌંદર્ય છાનું નહોતું રહેતું. લાંબી ડોક અને નીચે પહોળા સુતરાઉ દુપટ્ટામાંથી છલકાતો હલકા શ્વસનના હલનચલનમાં પણ આંખોને ખેંચતો-ભરાવદાર સ્તનોનો ઢોળાવ, બે હથેળીના વર્તુળમાં સમાઈ જાય એટલી પાતળી કમર, અને નિતંબની પરફેક્ટ ગોળાઈ...

ટૂંકમાં, સાડી પહેરવા માટે જ બન્યું હોય એવું બેનમૂન ભારતીય ફિગર હતું રેવતીનું. અને છતાં, નિયતિના જીન્સ અને ટાઈટસમાં એ માઇન્ડ બૉગલિંગ દેખાતી.

કુર્તાના સાઈડના કટમાંથી આછી ઝલક દેખાડતા સુરેખ સાથળ અને ચુડીદારની ચપોચપ સિલાઈમાંથી દેખાતી આરસમાંથી કોતરી હોય એવી લાંબી પિંડીઓ અને સુરેખ પગ. નિતંબથી એક વેંત નીચે સુધી લહેરાતો, કાળા વાળનો, મુઠ્ઠીમાં ન સમાય એવો ઢીલો ચોટલો, અને ચહેરા પર ઊડતી રહેતી લટો રેવતીના વ્યક્તિત્વમાં કોઈ અજબ નખશિખ સૌમ્ય ચુંબકત્ત્વ પેદા કરતાં.

સ્ત્રીત્વ અને માર્દવથી છલકાતા રેવતીના સુરેખ ચહેરા પર મેક-અપના નામે કોરા કંકુનો ગોળ ચાંદલો કે

આઇલાઇનરથી ચીતરેલા છૂંદણાં જેવા ચાંદલાની સાથે કાજળની એક ધારદાર રેખાથી વધુ કશું જ ન મળે. લાંબી પાંપણોની પાછળ હેઝલ-બ્રાઉન-કથ્થાઈ આંખોમાં એક અજબ પાણીદાર તરલતા રહેતી. સહેજ પહોળા હોઠ. વગર લિસ્ટિકે જ રતુંબડા, ભીના ભીના લાગતા. એમાં સંતાયેલી જ્વલ્લે જ આખી દેખાતી વ્યવસ્થિત ગોઠવાયેલી શ્વેત દંતપંક્તિમાંના આગળના બે દાંતની વચ્ચે સહેજ જગ્યા હતી.

જરાય ચરબી વગરની તંગ સુરેખ હડપચી, અને નીચેની વેંત લાંબી ડોકની બિલકુલ નીચે, સ્તનોનો ઢોળાવ શરૂ થતાં પહેલાં જમણી બાજુ ત્રણ કાળા તલનું એક ઝૂમખું હતું. કાળું, જે એની તાંબા જેવી ચામડી સાથે મેળ ખાતું હતું

અને જોનારની આંખને ઢોળાવ પરથી નીચે સરકતી અટકાવી દેતું-જાણે.

સામાન્યતઃ આખું શરીર સંપૂર્ણપણે ઢંકાય એવાં જ વસ્ત્રો પસંદ કરતી રેવતીને પોતાની પીઠનું ગજબ ઓબ્સેશન હતું. પાછળના ગળાના લાંબા કટને કારણે સાડીનો બ્લાઉઝ હોય કે કુર્તો, તાંબા જેવી લીસી ચમકતી પીઠ, એની વચ્ચેની ખાઈ જેવી ધારી અને એના પર લહેરાતો ચોટલો, કુલ મળીને એક ફોટોગ્રાફિક ઈમેજ ઊભી કરતાં.

લાંબી આંગળીઓ-પાતળું કાંડું અને સપ્રમાણ કંડારેલા સુરેખ ખભા અને બાહુ કોઈ ઇટાલિયન મારબલ શિલ્પની જેમ સ્ત્રીત્વની અજબ શીતલતા રેલાવતાં.

ભલભલા પુરુષને નજરબંદ કરી લે એવી તેજભરી આંખોમાં બુદ્ધિપ્રતિભાની એક ધારદાર ચમક હતી. એક હાથનું અંતર ઓળંગવા જતાં ક્યાંક ભડકો થઈને અગ્નિશિખા જેવી આ છોકરી બાળી મૂકશે એવી બીક બધા જ છેલબટાઉ છોકરાઓને રહેતી.

શોપિંગના નામે રેવતીના વોર્ડરોબ્સ બાંધણી, હેન્ડલુમ, આભલા, કોડીઓ અને બ્લોક પ્રિન્ટસથી ઊભરાતાં.

પણ, પરફ્યુમ્સ અને સુગંધ-બસ, આ એક જ રેવતીની નબળાઈ હતી.

દુનિયાભરની સુગંધો એના કબાટમાં ભરેલી રહેતી. એક ખાનું આખું સુગંધની દુનિયા માટે અલગ હતું એના કબાટમાં, અને એ ખાસ્સી સાચવતી પણ એના પરફ્યુમ્સ કલેક્શનને.

નિયતિ પણ એનાં પરફ્યુમ્સ વાપરતાં પહેલાં એને પૂછી લેવાનું યોગ્ય સમજતી.

દેખાવડી, ચંચળ અને ચુલબુલી નિયતિ આમ ખાસ્સી બિન્દાસ અને હાઈ-ફાઈ છોકરી હતી.

‘લી’ના જીન્સ, બ્રોડ બેલ્ટ, ટાઈટ શર્ટસ, ‘જોર્ડાશ’નાં શોર્ટ સ્કર્ટસ, ‘સેન્ટ માઈકલ’ના સનગ્લાસિસ, ‘રેવલોન’ની લિપસ્ટીકના તદ્દન નવા શેડ્સ અને કોસ્ચ્યુમ જ્વેલરી...

નિયતિને શેનો શોખ નહોતો એનું લિસ્ટ નાનું બને કદાચ.

મહિનાના પહેલા પંદર દિવસમાં જ એના પોકેટમની ખલાસ થઈ જતા!

નવી ફિલ્મોની સી.ડી., બહાર ખાવાનું-ફ્રેન્ડ્ઝ અને રખડપટ્ટી! મુંબઈથી ખાપોલી સુધી બટાટાવડાં ખાવા જતી નિયતિને મુંબઈની ગલીઓના ખૂમચાથી શરૂ કરીને લગભગ બધી જ રેસ્ટોરાંના મેનુકાર્ડ મોઢે હતાં.

નવી ફિલ્મ પહેલા દિવસે, પહેલા શોમાં ફિલ્મ જોવા માટે નિયતિ ઘાંઘી-વાંઘી થઈ જતી.

ભણવામાં ઠીકઠાક નિયતિ અત્યંત ગણેલી કહી શકાય એવી હતી. કોઈ પણ વિકટ પરિસ્થિતિને સમજીને એનો સર્વમાન્ય તોડ કાઢવો એના માટે રમત વાત હતી.

નિયતિ રેવતી કરતાં સહેજ ઊંચી હતી. દોઢેક ઇંચ જેટલી અને સહેજ પાતળી પણ. એટલે જરા વધુ ઊંચી લાગતી. વળી, હાઈ હિલ્સનો શોખ એને કોઈ પણ સામાન્ય છોકરીથી વધુ ઊંચી બનાવતો.

ઇસ્ત્રી કરી શકાય એવું ફ્લેટ પેટ એના જીન્સ કે સ્કર્ટના ગર્ડલ અને ટીશર્ટની વચ્ચેથી ડોકિંયા કરતું અને જોનારને વધુ ઊંડે ડોકિયાં કરવા માટે આકર્ષતું.

નિયમિત સ્પોર્ટ્સ પ્રેક્ટિસ અને બ્યુટી પાર્લરની મુલાકાતોએ નિયતિના સૌંદર્યને એક અતિઆધુનિક ઓપ આપ્યો હતો.

પર્મ કરેલા વાળ પીઠ ઉપર ક્યારેક ખુલ્લા રહેતા તો ક્યારેક જુદી જુદી હેરસ્ટાઇલમાં બંધાયેલા... નિયતિના ચહેરાને કંઈ પણ, કંઈ પણ સૂટ કરતું!

26 ઇંચની કમ્મરનાં જીન્સ અને કમ્મરમાંથી સહેજ ઢીલાં રહેતાં ટાઈટ ટીશર્ટ ટક-ઈન કરીને પહેર્યું હોય ત્યારે એનાં સ્તનોનો ઉભાર અને એના પર લટકતી સોનાની ચેઈનમાં પરોવેલાં ત્રણ-ચાર પેન્ડેન્ટસ જોનારની આંખો પકડી લેતાં. લાંબી આંગળીઓમાં દરેકેદરેક વેઢે વીંટીઓ અને 'રેવલોન'નો તદ્દન નવો-લિપસ્ટીકનો મેચ કરતો નેઈલ-પૉલિશનો શેડ લગાડેલા લાંબા નખ એની આંગળીઓને હતી એના કરતાં વધુ લાંબી દેખાડતાં. તદ્દન સપાટ, અમેરિકન મોડેલો જેવાં નિતંબ અને શોર્ટ સ્કટમાંથી દેખાતી સપ્રમાણ પગની માંસલ જોડી નિયતિને એક મોડેલ વધુ અને કૉલેજની વિદ્યાર્થિની ઓછી દેખાડતાં.

જોકે નિયતિને મળેલી મોડેલિંગની કેટલીયે ઓફરો એણે તોછડાઈપૂર્વક નકારી હતી.

"બુદ્ધિ વગરની બ્યૂટીનું કામ છે, મોડેલિંગ" નિયતિ કહેતી-"મારી પાસે બીજું ઘણું છે-સુંદરતા તો છે, એટલે છે હવે!"

નિયતિને એના સૌંદર્યની, ભડકે બળતી સૌંદર્યશિખાની ખબર તો હતી જ.

એ સભાન હતી એની સુંદરતા અંગે અને જાળવણી અંગે પણ.

કોઈ પણ સાંપ્રત ગુજરાતી પરિવારની આધુનિકા પુત્રી કરતાં વધુ આધુનિક નિયતિ દેખાવે સુંદર હતી જ, પણ એની રમતિયાળ આંખો અને ખડખડાટ હાસ્ય એને ખૂબ આકર્ષક બનાવવાની સાથે સાથે ક્યારેક જરા વધુ પડતી છૂટ લેતી હોય એવું દેખાડતાં.

એ ધોકામાં ફસાયેલો કોઈ છોકરો જો નિયતિને છંછેડી બેસતો તો એને તમાચો મારી દેતાં નિયતિને જરાય સંકોચ થાય એમ નહોતું.

સેન્ટ ઝેવિયર્સ-મુંબઈનો કેમ્પસ અને ફૂટપાથ આવા કિસ્સાઓથી ભર્યો પડ્યો હતો.

નિયતિ સ્વિમિંગ ચેમ્પિયન હતી. કૉલેજની સ્પોર્ટ્સ સેક્રેટરી, હોકી, બેડમિંગ્ટન, ટેબલ ટેનિસમાં યુનિવર્સિટી

પ્લેયર નિયતિ દર ગુરુવારે મા અને દાદીને સાંઈબાબાના દર્શને જરૂર લઈ જતી.

જોકે, એ જે ઝડપથી ગાડી ચલાવતી એનાથી તારાબહેનને દર વખતે લાગતું કે આ વખતે પાછા સીધા હૉસ્પિટલમાં જઈશું!

તારાબહેનની બૂમાબૂમ અને નિયતિનું ખડખડાટ હાસ્ય દર ગુરુવારે સાંઈબાબાના મંદિર સુધી અને પાછા આવતાં ગાડીમાં ગુંજતું રહેતું.

કલ્યાણીની ધાર્મિકતા અને ઘનશ્યામરાયની સમજદારી બંને દીકરીઓમાં ઊતરી હતી ભારોભાર.

આધુનિક રીતે ઊછરેલી બંને દીકરીઓમાં સંસ્કારિતા અને વિવેક બીજી કોઈ પણ ગુજરાતી છોકરી કરતાં જરાય ઊતરે એમ નહોતાં જ.

ફક્ત નિયતિ જરા સપાટી પર જીવતી લાગે, જ્યારે રેવતી જીવનના અતલ ઊંડાણમાં ડૂબકી મારતી હોય એમ લાગ્યા કરે, એટલું જ! રેવતી ગરમ-ગરમ રોટલી ઉતારતી હોય ત્યારે, રોજેરોજની સ્પોર્ટ્સ પ્રેક્ટિસ અને બીજી ફાલતું રખડપટ્ટીઓમાં બીઝી નિયતિ રોટલીનું બીડું વાળીને ખાતી ખાતી ભાગવાની તૈયારીમાં હોય...

“રસોઈ રેવતી શીખે છે ને, મોમ?-બસ, પછી મારે શીખીને શું કામ છે?” નિયતિ કલ્યાણીને કહેતી.

“કેમ? તારે સાસરે એ રાંધવા આવવાની છે?” તારાબેન ટહુકો કરતાં.

“હું તો પતિ જ એવો પસંદ કરવાની છું કે રસોઈ સારી બનાવે”-નિયતિ કહેતી

“હાય હાય” તારાબેન ભડકતાં, “પુરુષો તો કાંઈ રાંધે?”

“બા, આજકાલ તો બધી સારી હોટેલોમાં પુરુષો જ રાંધે ને એના હજારો રૂપિયા પગાર મળે-શેફ કહેવાય. એને, શેફ! શું?”

“તે હશે. એ રાંધશે ને તું? તું શું કરીશ?”

“અરે! ખાઈશ ને!” નિયતિ હસતી હસતી નીકળી જતી.

તારાબેનનો કકળાટ ચાલતો.

“ઘનુએ છોકરીને ફટવી છે. કોઈને ગાંઠતી નથી”. વગેરે વગેરે...

રેવતી ગરમ રોટલી તેમના ભાણામાં મૂકી ઠંડી પડી ગયેલી રોટલી ઉઠાવી લેતી, ચૂપચાપ!

મા-દીકરી સામસામે જોઈ હસી પડતાં.

રેવતી બી.આર્ક.માં બોમ્બે યુનિવર્સિટીમાં પ્રથમ આવી ત્યારે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટનો પ્રવેશ ટેસ્ટ આપવાનું નક્કી થયું.

“બા અમદાવાદ નહીં જવા દે” કલ્યાણીએ કહ્યું હતું.

“હજી તો પરીક્ષા આપે છે ને?-જોયું જશે, પ્રવેશ મળશે ત્યારે. હજારો જણ પરીક્ષા આપે છે એમાંથી ફક્ત

અમુક સોને જ પ્રવેશ મળે છે."

ઘનશ્યામરાયે વાત કાપી નાખી હતી. "એડમિશન મળે તો થશેને આ બધી ચર્ચા."

આઈ.આઈ.એમ. અમદાવાદમાં પ્રવેશ મળી ગયો હતો રેવતીને!

તારાબહેનના બબડાટ, કલ્યાણીની ચિંતા અને નિયતિનાં તોફાનો વચ્ચે યાદ કરી કરીને ચીજવસ્તુઓ મૂકતી રેવતી તૈયારી કરી રહી હતી.

સવારે છ વાગ્યાની શતાબ્દીમાં અમદાવાદ જવાનું હતું એને.

મુંબઈમાં ધોધમાર વરસાદ વરસતો હતો છેલ્લા બે દિવસથી. લોકલ ટ્રેનો આજે જ, બપોર પછી ચાલુ થઈ હતી.

ટ્રાન્સફર ફોર્મ્સ, યુનિવર્સિટી એલીજીબીલીટી સર્ટિફિકેટ્સ અને બીજાં જરૂરી પેપર્સ મહામુશ્કેલીથી તૈયાર થઈ શક્યાં હતાં.

"હોસ્ટેલમાં રહેવાનું. છોકરા-છોકરીઓની હોસ્ટેલ એક જ કેમ્પસમાં!!!! રોકટોક વગરની અવર-જવર!!!! શું રહી ગયા છે એવું ભણ્યા વિના?" તારાબહેનનો જીવ ઊંચો હતો.

"ખાવાપીવાનું ધ્યાન રાખજે. ઉજાગરા ઓછા કરજે-તબિયત સંભાળજે."

કલ્યાણી ચિંતાતુર અવાજે સૂચનાઓની લોંગપ્લે વગાડી રહી હતી.

એપલને બચકાં ભરતી નિયતિ પગ હલાવતી ટેબલ પર ચડીને બેઠી હતી.

"બેય પલંગ પર એકલા સૂવાનું! વા...ઉ."

નિયતિ હસતી જતી હતી, "તારાં બધાં કપડાં લઈ જવાની? અને પરફ્યુમ્સ, એક-બે તો આપ યાર!"

ઘનશ્યામરાય દર પાંચમી મિનિટે ચક્કર મારતા રૂમનું, રેવતીના માથા પર હાથ ફેરવતા, અમસ્તા જ ઊભા રહેતા થોડીવાર-વળી, પાછા જતા ને વળી થોડીવારમાં પાછા આવતા. એમની આંખો ભીની હતી!

બંને બહેનો આખી રાત જાગતી રહી.

સવારે જેવી ટ્રેન સરકી કે નિયતિ રડી પડી, ધ્રૂસકે ધ્રૂસકે, ઘનશ્યામરાયની છાતી પર માથું ટેકવીને!

કલ્યાણી ભરેલા અવાજે છેલ્લી ઘડી સુધી સૂચનાઓ આપતી હતી.

સ્ટેશનેથી પાછા ફરતાં ગાડીમાં બોમ્બે સેન્ટ્રલથી વાલકેશ્વર સુધી નિયતિ ડૂસકાં ભરીને રડતી રહી.

*

બે

સત્તાવીશ જૂનની બપોરે દોઢ વાગ્યે રેવતી અમદાવાદ સ્ટેશને ઊતરી ત્યારે ક્રીમ કલરના સાઉથ કોટન કુર્તાની નીચે સફેદ ચુડીદાર પહેરેલી એ લગભગ સાડા પાંચ ફૂટથી સહેજ વધુ ઊંચી છોકરી આખીયે ભીડમાં સાવ જુદી જ તરી આવતી હતી.

પહોળી ફ્રેમના સનગ્લાસિસને નાકની દાંડી પર સંભાળતાં સંભાળતાં એણે કુલીને સૂચના આપીને સામાન ઉતરાવ્યો ત્યારે પૂરા સાત દાગીના ગણ્યા એણે!

આખાયે અમદાવાદમાં એને ઓળખીતો એક માત્ર ચહેરો એણે ભીડમાં શોધવા માંડ્યો.

અજિતભાઈ શાહ, ઘનશ્યામરાયના મિત્ર હતા. આખી જિંદગી મુંબઈમાં ગાળીને હવે અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળતા હતા. રેવતીના લોકલ ગાર્ડિયન તરીકે એમનું જ નામ હતું.

આવતા-જતા લોકોની ભીડ, કુલીઓની બૂમાબૂમ વચ્ચે રેવતીએ જોવા માંડ્યું.

“ભૂલી ગયા હશે?” રેવતીએ શંકા કરવા માંડી. ત્યાં જ બરાબર એના ખભે એક હાથ મુકાયો.

“અજિતકાકા, કેટલું મોડું કર્યું?” રેવતી ફરી.

એક છ ફૂટ ઊંચો છોકરો રીમલેસ ચશ્માંમાંથી એની તરફ અપલક જોઈ રહ્યો હતો. જાડી મૂછો-ગોરો કહી શકાય એવો ચહેરો, બંને તરફ વધારાની રાક્ષી જરા ઊપસેલી હોવાને કારણે આકર્ષક લાગતું સ્મિત-

રેવતીએ યાદ કરવા માંડ્યું...ચહેરો જાણીતો હતો પણ...

“અજિતકાકા નથી આવ્યા. મેં જ ના પાડી, આટલી ગરમીમાં ધક્કો ખાવાની, ચલો”-એણે સામાનની વ્યવસ્થા કરવા માંડી, હક્કપૂર્વક.

“પણ”... રેવતી ગૂંચવાઈ.

“મને ખાતરી જ હતી કે તમે મને નહીં ઓળખો. સુજય છું, યાર! ડૉક્ટર સુજય શાહ. અજિતભાઈનો ભત્રીજો.” “આપણે મળ્યા છીએ.” રેવતી કન્ફ્યૂઝ થઈ ગઈ. “આ અજાણ્યા લાગતા ભત્રીજા પર વિશ્વાસ કરવો કે...”

“અરે, મિહીરનાં-અજિતકાકાના દીકરાનાં લગ્નમાં તો મળ્યાં હતાં, હું મહેન્દ્રભાઈનો દીકરો છું.”

“ઓહ હાય!” રેવતી જરા રિલેક્સ થઈ ગઈ.

સામાન કુલી પાસે લેવડાવીને સુજયે પાછળ પાછળ ચાલવા માંડ્યું. સાથે ચાલતાં ચાલતાં વાતો થતી હતી.

“તમે કદાચ ભૂલી ગયા હશો-પણ આઈ કેન નોટ ફરગેટ ધીસ બ્યૂટીફૂલ ફેઇસ?” સુજય સીધું આંખમાં જોઈને બોલતો હતો.

“જી!?” રેવતી શરમાઈ. નીચે પ્લેટફૉર્મ ખાસ્સો ગંદો હતો-.

“તમે તો સાચું માની ગયા.”-સુજય હસ્યો. ખડખડાટ! અને રેવતીએ એની સામે જોયું!

“જી!” રેવતીએ ઊંચું જોયું. લગભગ અડધો ફૂટથી વધુ ઊંચો સુજય ખાસ્સું ઝડપથી ચાલતો હતો.

“હું અહીં જ રહું છું-સિવિલ હૉસ્પિટલમાં. પોસ્ટ ગ્રૅજ્યુએશન કરું છું. એમ.સી.એચ., પ્લાસ્ટિક સર્જરી!”

“ઓહ! એટલે ચહેરો તો યાદ રહી જ જાય ને?” રેવતી મુસ્કરાઈ.

“કોઈ પણ ચહેરા નહીં, સુંદર ચહેરા”-રેવતીએ વળી ઊંચું જોયું,

“સુંદર-આઈ મીન ઈટ. સાચું કહું છું” આ વખતે વળી ખડખડાટ હસ્યો સુજય.

ખંજન પડતાં હતાં ગાલમાં-રેવતીએ મનોમન નોંધ્યું.

“બહુ વરસાદ છે ને?-મુંબઈમાં?” સુજય અને રેવતી ગાડી સુધી પહોંચી ગયાં હતાં. સામાન ગોઠવતાં સુજયે પૂછ્યું.

“હંમ!” રેવતીએ ડોકું હલાવ્યું. “તમારા પેરેન્ટ્સ તો મુંબઈ રહે છે ને?”

“હા, મારા પપ્પા પીડીઆટ્રીશ્યન છે.”

“મહેન્દ્રભાઈ કહ્યું એટલે મને યાદ આવ્યું. હું અને નિયતિ બંને એમના પેશન્ટ હતાં, બાળકો હતાં ત્યારે.”

“નિયતિ-તમારી બહેન? ઓહ, એ તો હજી બચ્ચું જ છે! અમે ખૂબ મજા કરેલી મિહિરનાં લગ્નમાં. કેમ છે એ?”

“એ હંમેશા મજામાં જ હોય છે!” નિયતિ યાદ આવી ગઈ એને!

ગાડી શાહપુર વટાવી બ્રિજ ઉપરથી પસાર થઈ રહી હતી.

“ખૂબ ફ્રેન્ડલી છોકરી છે. વી હેડ વેરી નાઇસટાઇમ. તરત દોસ્તી થઈ જાય એની સાથે. વાતોડિયણ પણ જબરજસ્ત છે અને સેન્સ ઓફ હ્યુમર પણ સુપર્બ. તમે બંને ખૂબ સરખાં દેખાવ છો.”

“ભૂલ થઈ જાય એટલાં સરખાં! પણ છીએ ખૂબ જુદાં”-રેવતી બહાર જોતી રહી.

“એ જ તો પ્રોબ્લેમ છે.” સુજયે સ્વગત કહ્યું.

“દોસ્તી તો દૂરની વાત છે, તમારી સાથે આંબાવાડી અમેરિકા જેટલું દૂર લાગે છે.”

રેવતીએ સાંભળ્યું પણ બારી બહાર જોતી રહી.

“સાબરમતીમાં હજીયે પાણી નથી રહેતું?” રેવતીએ પૂછ્યું-પૂછવા ખાતર.

“ક્યારે રહેતું હતું?”

“આઈ મીન, ચોમાસામાં પણ-”

"ચોમાસું અમદાવાદમાં મીડલ ઓફ જુલાઈ પહેલાં નથી બેસતું-મેડમ, તમે સૌથી ખરાબ દિવસોમાં અમદાવાદ મધ્યે પધાર્યા છો."

"સખત ગરમી છે." રેવતીએ પસીનો લૂછ્યો.

"આ જ મોસમ છ-સાત મહિના રહે છે આ શહેરમાં." એક રિક્ષાને ઓવરટેઈક કરતાં સુજયે કહ્યું,

"બ્લડી નોનસેન્સ. નોનસેન્સ ટ્રાફિક છે આ શહેરનો-પુષ્કળ સમય છે બધા પાસે અને છતાં બધાને ઉતાવળ! આમ જુઓ તો ગલ્લે બેસી રહે વાતો કરતા, ને તોય સખત પૈસા છે, અમદાવાદીઓ પાસે."

"ખાસ્સું જાણી ગયા છો-આ શહેરને તમે." રેવતીએ સુજયની સામે જોયું

"હા, એવું કહેવાય!" એનું બધું જ ધ્યાન ડ્રાઇવિંગમાં હતું છતાં એક છોકરી એની સામે જોઈ રહી છે એ અંગે સભાન, ચલાવી રહ્યો હતો. એનો ગોરો ચહેરો ગરમીમાં લાલ થઈ ગયો હતો. પરસેવાના રેલા ઊતરતા હતા. ગ્રે ચેક્સનું શર્ટ પલળીને પીઠ સાથે ચોંટી ગયું હતું.

સુજયે એક ઝડપી નજર ડાબી બાજુ 52 ફેરવીને વાળી લીધી. પછી ઉમેર્યું-

"સાત વર્ષથી વધુ થઈ ગયાં-ફર્સ્ટ યર, એમ.બી.બી.એસ.માં આવ્યો હતો-સ્કૂલમાંથી બહાર નીકળીને સીધો!"

રેવતી જોઈ રહી હતી એની સામે-"હવે તો હું પણ અમદાવાદી થઈ જ ગયો છું. લાય ને આય બોલું છું, કદી કદી!"

હસી પડેલી રેવતી-

"એક્ચ્યુલી આ શહેર મને ગમવા લાગ્યું છે, અચાનક!" સુજયે રેવતી સામે જોયું. પ્રોફાઈલમાં એ કોઈ દેવીની મૂર્તિ જેવી લાગતી હતી!

રેવતી બારીની બહાર જોતી હતી. "આઈ.આઈ.એમ. કેમ્પસ કેટલું દૂર છે, અજિતકાકાના ઘરથી ?"

"મુંબઈની ભાષામાં કહું તો તો દસ મિનિટ અને અમદાવાદી જવાબ આપું તો રિક્ષામાં દસ-બાર રૂપિયા થાય."

ગાડી આંબાવાડી શાક માર્કેટથી અંદર વળી, મોરેના એપાર્ટમેન્ટ પાસે ઊભી રહી.

"લો મેડમ-આવી ગયું તમારું ઠેકાણું."

"થેંક્યુ", કહેતી રેવતી ઊતરી ને સામાન ઉતારવા લાગી.

"લિફ્ટ ખરાબ છે. ચઢીને જવું પડશે. લગેજ વેન પાછળ આવે છે - યુ મે લીવ."

"ના, ના, હું લઈ લઈશ, થોડુંક"-રેવતી સંકોચાઈ.

"પછી બીજા માળથી તમને પણ મારે ઊંચકી લેવાં પડશે." સુજય હસ્યો.

"આ તમે-તમે, મને અઘરું પડે છે હં! હું તો તું જ કહીશ! આઈ થોટ કે તું જ કહીશ. તમે તમે નહીં કહેવાનું..."

"હું કહેવાની જ હતી." રેવતી ફરી સંકોચાઈ..."ખરો છે આ!" મનમાં વિચાર્યું!

તો કહ્યું કેમ નહીં? સુજયે અચાનક પૂછ્યું.

હસી પડ્યાં બંને.

અજિતકાકા, મીનાકાકી, મિહિર, મિહિરની પત્ની રીમા બધાં જ રાહ જોતાં હતાં. રીમાએ છ જ મહિના પહેલાં દીકરાને જન્મ આપ્યો હતો-રિપુંજ્ય, સરસ ગોળમટોળ બાળક હતું.

તાજી તાજી એક બાળકની મા બનેલી રીમા લગ્ન વખતે હતી એના કરતાં જરા વધુ ભરાવદાર-વધુ સ્ત્રી લાગતી હતી. અને છતાં, ગુજરાતી છોકરીની જેમ જરાય ગોળમટોળ નહોતી થઈ, બલકે જીન્સ અને ટીશર્ટમાં સુંદર, આકર્ષક લાગતી હતી અત્યારે.

રેવતી જોઈ રહી એની સામે-"મા બન્યા પછી એક જુદું જ તેજ ઉમેરાયું છે એના ચહેરા પર."

જમવાની તૈયારીઓ કરતાં-વાતો કરતી વખતે રેવતીએ નોંધ્યું કે રીમા અને મીનાકાકી એકબીજા સાથે સરસ રીતે ભળી ગયાં હતાં.

નાની નાની વાતમાં સાસુ-વહુ એકબીજા સાથે એવી રીતે વર્તતાં જાણે કે કેટલાંયે વર્ષોથી સાથે રહેતાં હોય.

જમવા બેસતી વખતે મીનાકાકીએ રોટલી મૂકતાં રેવતીની સામે જોઈને કહ્યું,

"કલ્યાણીએ ખાસ કહ્યું છે-ખાવા-પીવામાં તારું ધ્યાન રાખવાનું."

"પીવાનું તો-મેળ નહીં પડે રોજ, ટેવ છે?" સુજયે પૂછ્યું, અને બધાં ખડખડાટ હસી પડ્યાં.

"અમારો સુજય જરા તોફાની છે. તને બહુ સતાવી તો નથી ને?" અજિતકાકાએ પૂછ્યું.

"હું પરણીને આવી ત્યારે સુજયભાઈને કારણે એટલું કમ્ફર્ટેબલ ફીલ કરતી હતી. એમનામાં આવડત છે માણસને રિલેક્સ કરી નાખવાની." રીમાએ કહ્યું.

રીમા અને મિહિરના એરેન્જ મેરેજ હતાં. રીમા વડોદરાની હતી. હોમ સાયન્સમાં ગ્રેજ્યુએટ.

"એક તારો દીકરો ખૂબ ત્રાસ પામે છે. મને જોતાં જ રડવા માંડે છે." સુજય.

"પણ તું કેટલું પજવે છે-નાનકડાને? મૂછો ઘસે, ને પપ્પીઓ કરે, ઊંધો-ચત્તો કરે...ગૂંગળાવી મારે છે વ્હાલ કરીને-" રીમાએ કહ્યું, "મને તો તારું આવું વ્હાલ સમજાતું જ નથી!"

"તું કહે તો તને પણ વ્હાલ કરું એવી જ રીતે!" ખડખડાટ હસી પડ્યાં સૌ.

શરમાઈ ગઈ રીમા-"શટ અપ."

"હું છું ને? એટલું કામ તો મને આવડશે." મિહિરે કહ્યું.

"અમારે ત્યાં આર.એમ.ઓ.ને રજા જોઈએ તો ઓલ્ટરનેટિવ એરેન્જમેન્ટ કરવી પડે-એટલે એવું કંઈ હોય તો પણ, શું કહે છે રીમા?"

"બસ હવે!" રીમાના ગાલ કાનની બુટ સુધી રાતા થવા લાગ્યા હતા.

રેવતી ચૂપચાપ સાંભળતી હતી. "નિયતિ માટે એકદમ ફીટ છે". એણે વિચાર્યું.

"બંને જણાં મેઈડ ફોર ઇચ-અધર જેવાં છે. 'મેડ', મેડ-ફોર ઈચ અધર."

સ્મિત આવી ગયું એના ચહેરા પર.

"રેવતી, તું તો કંઈ ખાતી જ નથી." મીનાકાકીએ આગ્રહ કર્યો.

"ના ના. ટ્રેનમાં ખાધું છે."

બપોર પછી આરામ કરીને, સાંજ ઢળ્યે અજિતકાકા અને સુજય એને મૂકવા આઈ.આઈ.એમ. કેમ્પસ આવ્યા.

"મસ્ત કેમ્પસ છે. હિલ સ્ટેશન જેવું-કોઈ કહી ન શકે કે પચાસ ફૂટ બહાર મેઇન રસ્તો પસાર થાય છે" સુજયે કહ્યું.

"હું આવીશ તમને મળવા. ચ્હા પીવા, અહીં બહાર."

"પણ, રેવતીને તો પૂછ." અજિતકાકા હસ્યા.

રેવતી વ્યસ્ત હતી. આમ તેમ જોવામાં. ખરેખર સુંદર કેમ્પસ હતું. દોઢેક કિલોમીટરના ઘેરાવામાં લાલ ઈંટોનાં મકાનો, વચ્ચે વચ્ચે લીલા રંગની લૉનના ચોખડાં, સિમેન્ટ અને લાલ ઈંટોના વૉક પાથ, ઊંચાં-ફેલાયેલાં વૃક્ષોમાંથી ચળાઈને આવતો ઉનાળાની સાંજનો તડકો...

"ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ", "રાષ્ટ્રીય પ્રબંધ સંસ્થાન લખેલા અર્ધગોળાકાર, મોટા ગેટની અંદર જાણે એક જુદી જ દુનિયા વસતી હતી.

બહારની તરફ નીકળતાં ડાબી બાજુ આગળ વધતો ભરચક ટ્રાફિકવાળો રસ્તો વસ્ત્રાપુર ગામ તરફ જતો હતો.

વણઝારાઓનાં ટોળેટોળાં એ રસ્તાની કોરેકોરે ઝૂપડાં બાંધીને રહેતાં હતાં. જમણી બાજુથી, જ્યાંથી એ લોકો આવ્યાં, એ રસ્તો પોલિટેકનિક ચાર રસ્તાથી આગળ આંબાવાડી તરફ જતો.

દરવાજાની બિલકુલ સામેનો રસ્તો યુનિવર્સિટી ક્વાટર્સ અને હોસ્ટેલ તરફ જતો, શાંત-વૃક્ષોથી છવાયેલો રસ્તો હતો.

આઈ.આઈ.એમ.ની દીવાલની લગોલગ-અડીને જે રસ્તો પસાર થતો, એ 132 ફૂટ પહોળાઈનો અમદાવાદને ફરતો રીંગ રોડ હતો-

કેમ્પસની અંદર જ બેન્ક, પોસ્ટઑફિસ, કેન્ટીન અને અર્ધગોળાકાર કમાનોવાળી ત્રણ ત્રણ માળની હોસ્ટેલનાં બિલ્ડિંગ્સ હતાં.

'ડૉમ' કહેતા સૌ તેને.

ડી.-1, ડી-2 જેવા ડી-18 જેટલાં બિંલ્ડિગ્સ હતાં.

મુખ્ય બિલ્ડિંગમાં લાઇબ્રેરી, ક્લાસરૂમ અને ઑફિસ તરફ જવા માટે કોટાસ્ટોન જેવાં ગ્રે પગથિયાં હતાં અને એની જમણી તરફ પાર્કિંગ માટેના પ્લોટ્સ હતા.

અજબ શાંતિ અને અભ્યાસનું વાતાવરણ હતું.

મુખ્ય દરવાજાની બહાર બે-ચાર ચ્હાની કીટલીઓ હતી, જ્યાં સાંજ પડે ટોળાં જામતાં, વિદ્યાર્થીઓથી શરૂ કરીને ગાડીઓ પાર્ક કરીને બેઠેલા નબીરાઓ સુધી બધા જ આ કીટલી પર ચ્હા પીવા આવતા.

વાંસના મુડા પર બઠેલા કેટલાક વિદ્યાર્થીઓ-કેટલાક બીજા લોકો ઉગ્ર અવાજે કોઈ વિષય પર ચર્ચા કરી રહ્યા હતા.

"એકથી એક ભેજાં ભટકાશે અહીં-મજા પડશે તને" સુજયે રેવતીને કહ્યું.

"બહુ નામ છે આ સંસ્થાનું" અજિતકાકાએ કહ્યું. "મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓ અહીં સામેથી આવે છે ઇન્ટરવ્યૂ કરવા, પોતાને ત્યાં માણસોને લઈ જવા."

"એમ.બી.એ." સુજયે મજાક કરી, "અમારાથી નાની ડિગ્રી છે. ત્રણ જ અક્ષર છે ને? - અમારે ત્યાં ચાર, એમ.બી.બી.એસ."

રેવતી મુસ્કુરાઈ. એને ફરી નિયતિ યાદ આવી ગઈ.

રેવતીની રૂમ શોધીને, એમાં બધું ઠીકઠાક ગોઠવીને, પાણી ભરી આપીને, સુજય અને અજિતકાકા ગયા.

રેવતી એકલી પડી-લગભગ આઠ વાગ્યા હતા. હજી ગરમી ખાસ્સી હતી.

"મા અને બાપુ જમવા બેઠાં હશે. નિયતિ ઘેર હશે જ નહીં, ને હશે તો ચપડ ચપડ કરતી હશે, કોઈકની સાથે ફોન પર. શિવુકાકી ગરમ ગરમ ભાખરી કરતાં હશે..."

રેવતીને અચાનક ભૂખ લાગી. એણે ડબ્બો ખોલ્યો.

માએ આપેલાં થેપલાં, ખાખરાં, અથાણું, સુખડી, ખડખડિયા, ચેવડો... "ઉફ! માને શું કહેવું?"

ઉપર એક ચિઠ્ઠી હતી. બંધ એન્વેલોપમાં.

"ડીયર સિસ્ટર,

જિનિયસને ભૂખ લાગે છે એ જાણીને આનંદ થયો. રોજ આજ સમયે જમી લેજે-પ્લીઝ! અમારે ખાતર!

ભણે છે એ પણ મરે છે, નથી ભણતા એ પણ મરે છે, પણ ભૂખ્યા રહે છે એ જરા જલદી મરે છે!

લવ યુ. મીસ યુ.-નિયતિ."

રેવતી હસી પડી. ખડખડાટ.

"સુજયને મેળવવી જ પડશે મારે. નિયતિ માટે આઇડિયલ છોકરો છે."

રેવતી જમતી હતી ને બારણે ટકોરા પડ્યા.

એક ઊંચી-કાળી સરખી, જિન્સ અને ઢીલું શર્ટ પહેરેલી છોકરી અંદર આવી.

"હાય! આઈ એમ મધુ. મધુ શ્રીવાસ્તવ. તમારી બાજુની રૂમમાં રહું છું." એનાં ઉચ્ચારણો ગુજરાતી જેવાં નહોતાં.

"આવો ને અંદર" રેવતીએ વિવેક કર્યો. "જમશો?"

"ના-ના, મેસમાં જમીને જ આવી, આ તો રૂમ ખુલ્લો જોયો એટલે."-એણે સુખડીનો ટુકડો ઉપાડ્યો.

"ઘરનું ખાવાની મજા જ અલગ છે નહીં?"

રેવતી સાંભળતી રહી.

"હું સેકન્ડ યરમાં છું. ફોર્થ સેમિસ્ટર. ભોપાલની છું. એમ.પી."

"ગુજરાતી સારું બોલી શકો છો."

"બે વર્ષથી રહું છું ને-આવડી ગયું."

"મારાં પેરેન્ટ્સ મુંબઈ રહે છે. હું આજે જ આવી-ફર્સ્ટ યર, ફર્સ્ટ સેમિસ્ટર."

"ફ્રેશર!!!" મધુ મુસ્કુરાઈ, શરારતી, "રેગિંગ થશે કાલે સવારે..."

"એટલે?" રેવતીના હોશ ઊડી ગયા.

"ના ના, કશું સિરિયસ નહીં, તોફાન, મજાક-મસ્તી, સિનિયર્સ ભેગાં થઈને કંઈ કરાવશે, ડાન્સ કે રસોઈ, ફેન્સી ડ્રેસ ટાઈપનું કંઈ...આડા અવળા સવાલો પૂછશે."

"બહુ પજવે?" રેવતી ચિંતાતુર થઈ ગઈ. એણે ખૂબ સાંભળ્યું હતું. રેગિંગ વિશે, જાતભાતનું બિહામણું...

"ના રે ના, આટલા સિનિયર લેવલ પર કંઈ બાલિશ લોકો થોડા હોય? જરા ગમ્મત, આખો દિવસ ડ્રાય ભણ્યા કરવાની વચ્ચે જરા રંગોની કલરફૂલ ગેમ અને એમાંયે સમીર તો જે આઈડીયાઝ લાવે છે-ઉફ! હી ઈઝ જિનિયસ!"

"સમીર?"

"મુંબઈનો જ છે, સખત તોફાની છોકરો છે. સમીર મહેતા" મધુ હસી.

"ભણવામાં પણ જિનિયસ. શું કોમ્બિનેશન છે દેખાવ અને બુદ્ધિનું-માર્વેલસ! લેડી પ્રોફેસર્સ પણ મરે છે એના પર."

"તો!! એ શું કરશે-?" રેવતીને સમીરની સ્તુતિમાં અત્યારે કોઈ રસ નહોતો.

"એ? એ શું કરશે એ કંઈ કહેવાય નહીં. પણ કંઈ કરશે એ નક્કી. અત્યાર સુધીમાં એને ખબર પડી ગઈ હશે કે ડી-6માં એક ફ્રેશર આવી છે."

મધુ હસી પડી, શરારતથી ભર્યું ભર્યું.

"ખેર, સવારની વાત સવારે. હમણાં તો સૂઈ જા. પોણા નવનો ક્લાસ છે, પહેલો, ઉઠાડું?"

"ના, અલાર્મ છે મારી પાસે"-રેવતી ડરી ગઈ હતી.

"ઓ.કે. ગુડનાઇટ." સુખડીનો બીજો ટુકડો ઉપાડ્યો એણે-"થેંક્યુ ફોર ધી સ્વીટ."

એ ગઈ. દરવાજાને કડી મારીને રેવતી પહેરેલાં કપડે જ લેટી ગઈ.

રેગિંગના વિચારોમાં અને શ્રીનાથજીની માળા કરતાં કરતાં ક્યારે આંખો મિંચાઈ ગઈ એને ખબર જ ન પડી.

અલાર્મ ટીટ...ટીટ...ટીટ...ની ચીસો પાડી ઊઠ્યું ત્યારે સૂરજનું અજવાળું કમરામાં પ્રવેશી ચૂક્યું હોવા છતાં ગઈકાલ રાતથી કરેલી લાઇટ ચાલુ જ હતી!

અટેચ્ડ બાથ અને નાનકડી પેન્ટ્રી સાથેના તેના રૂમમાંથી નહાઈ-તૈયાર થઈને ક્લાસ રૂમ તરફ જવા નીકળી ત્યારે મધુના રૂમમાં તાળું હતું.

આભલા ભરેલી અંગરખા જેવી ડિઝાઇનનો ઢીલો-લાંબો મરૂન રંગનો કુર્તો અને ઓફ વ્હાઇટ ચુડીદાર ઉપર મરૂન રંગના આભલા ભરેલી પહોળી મલમલની ઓફ વ્હાઈટ ઓઢણીમાં રેવતી જરા વધારે ઊંચી લાગતી હતી.

હાથમાં એણે એક ચાંદીનું ઓક્સિડાઈઝ્ડ કડું પહેર્યું ને કાનમાં ઝીણી ઝીણી ચાંદીની કડીઓ.

અરીસામાં જોયું, ડોક ઊંચી કરીને કડીને જરા હલાવી. લાંબી ડોક, કુર્તાના ગળાની ધાર પાસે દેખાતા ત્રણ તલનું ઝૂમખું,

મરૂન રંગના ગોળ ચાંલ્લાની નીચે બે તેજસ્વી આંખો-રેવતીને લાગ્યું, "એના દેખાવમાં કંઈ ખૂટે છે!"

"આત્મવિશ્વાસ!- કાશ, નિયતિ હોય અહીંયાં!"

પોણા નવમાં બે-ત્રણ મિનિટ જ બાકી હતી. એ રૂમને તાળું મારીને ઝટપટ નીકળી. સપાટ કોલ્હાપુરી, ઓફવ્હાઇટ ચંપલમાં પગ નાખીને ફટાફટ સીડી ઊતરવા લાગી.

થોડાક સ્ટુડન્ટ્સ ક્લાસરૂમ તરફ જઈ રહ્યા હતા. આમ-તેમ જોતી રેવતી આગળ જતી હતી ત્યારે એક પ્યૂન જેવા દેખાતા છોકરાએ એના હાથમાં ચિઠ્ઠી પકડાવી.

"ક્લાસ પૂરો થયા પછી મ્યુઝિક રૂમમાં મળો.

-આર.યુ. (આઈ.આઈ.એમ.)

-રેગર્સ યુનિયન, (આઈ.આઈ.એમ)."

રેવતી ત્યાં ઊભી ઊભી જ ધ્રૂજવા માંડી.

ક્લાસમાં તેનું જરાય ચિત્ત નહોતું. ઊલટી જેવું થતું હતું.

હથેળીમાં પરસેવો વળતો હતો.

કલાક પૂરો થયો કે તરત ઉતાવળે પગલે, ચોરી કરવા જતી હોય તેમ, આમ તેમ જોતી, પોતાના રૂમ તરફ ભાગી.

રૂમમાં પ્રવેશીને એણે અંદરથી કડી બંધ કરી. બે ગ્લાસ પાણી પીધું-પંખો ચાલુ કર્યો.

“ટક-ટક”-બારણે ટકોરા પડ્યા.

“ક...ક...કોણ કોણ છે?” રેવતીએ પૂછ્યું. અવાજ તરડાયો. ગળે ફરી શોષ પડવા માંડ્યો.

“ફોર્મ મેં સાઇન કરને કા હૈ-ઑફિસ સે આયા.”

“હા...શ!” રેવતીએ બારણું ખોલી નાખ્યું.

લગભગ વેંત ઊંચું જોવું પડે એટલો ઊંચો, નખશિખ રોમન શિલ્પમાંથી સીધો જ ઊતરી આવ્યો હોય એવો દિલધડક હેન્ડસમ છોકરો લુચ્ચું હસતો એની બારસાખને અઢેલીને ઊભો હતો-પહોળા ખભા અને પાતળી કમ્મર, વી શેઈપનું શરીર ને એના પર બ્લ્યુ અને રેડ ચેકસનું શર્ટ, બેફિકરાઈથી બ્લ્યુ જીન્સના ગર્ડલમાં ખોસ્યું હતું. બધાં બટન બંધ હોવા છતાં છાતીના વાળ કોલર અને પહેલા બટનની વચ્ચેથી ડોકિયાં કરતા હતા. બ્લ્યુ અને કથ્થાઈની વચ્ચેના કોઈ અજબ શેઇડની આંખોમાં શરારત માતી નહોતી, ઊભરાઈ જતી હતી...

રેવતી પરસેવે રેબઝેબ થઈ ગઈ.

પેલા રોમન શિલ્પની પાછળ વીસ-બાવીસ છોકરા-છોકરીઓનું ટોળું હતું.

“હોઓઓઓ...” ટોળાંએ પોકાર કર્યો.

કથ્થાઈ બ્લ્યુ ઊંડી આંખોથી રેવતીને તાકતાં, એને બારણા વચ્ચેથી ખસેડી, અત્યંત હક્કપૂર્વક એના રૂમમાં પ્રવેશી, પલંગ પર પડેલી ઓફ વ્હાઇટ ઓઢણીને ફગાવી દીધી.

‘ધબ’ કરતાં પલંગ પર બેસીને એ છોકરાએ કડક અવાજમાં પૂછ્યું.

“મ્યુઝિક રૂમમાં આવવાનું કહ્યું હતું ને?”

રેવતીએ ડોકું હલાવી હા પાડી.

“તો? તો અહીં શું કરે છે?” અવાજમાં સત્તા હતી-કરડાકી અને સહેજ દબાયેલું હાસ્ય... આંખોમાં શરારત...

“આ...આ... કોણ હતો?”

“દિલ ધડકન ચૂકી રહ્યું હતું?”

ડર હતો કે દિવાનગી?

રેવતી જોઈ રહી એની સામે-

પરસેવે રેબઝેબ-કાંપતી, થથરતી.

*

ત્રણ

સાડા છનું અલાર્મ ‘કૂકડેકૂક’ બોલ્યું!

નિયતિએ આદત મુજબ બંધ કર્યું...

પગ ફેલાવીને રજાઈ શોધીને ખેંચી-

ઓઢીને સૂઈ ગઈ...

છ પાંત્રીસે ફરી અલાર્મ બોલ્યું. ‘કુઉઉ...કુઉઉ...’ આ ખાસ નિયતિ માટે વસાવાયેલું અલાર્મ ઘડિયાળ હતું. દર પાંચ મિનિટે પાંચવાર બોલતું-પક્ષીઓના અવાજમાં.

કૂકડો-કોયલ-ચકલી-કબૂતર ને છેલ્લે કાગડો!!!

‘કાંવ કાંવ’ કરીને તમારે કોઈ પણ સંજોગોમાં ઉઠવું જ પડે એવી સ્થિતિ પેદા કરી દેતું આ અલાર્મ-

રેવતીએ નિયતિને ભેટ આપ્યું હતું-

“ડીયર સિસ્ટર!” રેવતીએ કહ્યું હતું-

“વહેલા સૂઈ, વહેલા ઊઠે જે વીર-

બળ-બુદ્ધિ ને ધન વધે-

સુખમાં રહે શરીર!”

ખડખડાટ હસતાં નિયતિએ રેવતી સામે જોઈ કમેન્ટ કરી-

“તારો ટેસ્ટ સુધાર-અને સાંભળ...!”

તું યાર-આ દાદીની કંપની ઓછી કર... બાકી જીજુ તને વહેલી સવારે વહાલ કરવાને બદલે પગે લાગતા થઈ જશે-પ્રાતઃ સ્મરણીય, ચિરવંદનીય... ધર્મ ધુરંધર પરમ પૂજ્ય...વગેરે વગેરે...”

*

નિયતિ ક્યારેય વહેલી નહોતી ઊઠી શકતી ને રેવતી-જાતજાતના અખતરા કરતી નિયતિને વહેલી ઉઠાડવા.

ઉનાળામાં એ.સી. બંધ કરતી-ક્યારેક રજાઈ લઈ લઈને એ.સી. ખૂબ વધારી દેતી-ક્યારેક પાણી છાંટતી તો ક્યારેક પીંછું લઈ કાનમાં ગલગલિયાં કરતી-મોટા અવાજે સંગીત વગાડતી-તો ક્યારેક પોતે ગાતી...

પણ નિયતિ જેનું નામ-

એને ન ઊઠવું હોય તો ન જ ઊઠતી!

આજે કોણ જાણે કેમ-નિયતિની આંખ આડા છએ ખૂલી ગઈ. ઊંઘવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરી કરીને થાક્યા

પછી છેવટે રજાઈ ફેંકીને ઊભી થઈ-

બ્રશ કરીને રસોડામાં પહોંચી ત્યારે કલ્યાણીબહેન દીવો કરતાં હતાં-

તારાબહેન ગોવિંદ દામોદર સ્તોત્રનો પાઠ કરતાં હતાં...બહારના કમરામાં, દીવાન પર બેસીને.

નિયતિ જઈને દાદીના ખોળામાં સૂઈ ગઈ.

તારાબહેનનો હાથ ખેંચીને પોતાના વાળમાં નાખ્યો. તારાબહેન એના વાળમાં હાથ ફેરવતાં ફેરવતાં પાઠ કરતાં રહ્યાં-

નિયતિ ચૂપચાપ પડી રહી ખાસ્સીવાર...

તારાબહેનથી છેવટે બોલ્યા વિના ના જ રહેવાયું.

"કેવી નિમાણી થઈ ગઈ છે? શું જરૂર હતી-છોકરીને આટલે દૂર ભણવા મોકલવાની?-તારે ક્યાં એને કમાવા મોકલવાની છે તે-"

નિયતિ પડી જ રહી-તારાબહેન બોલતાં રહ્યાં-

ને, કલ્યાણીની આંખોમાં પાણી ડોકિયાં કરીને પાછાં વળતાં રહ્યાં.

ઘનશ્યામરાય ઊઠીને આગલા રૂમમાં આવ્યા ત્યારે છેક તારાબહેનની રેકોર્ડ અટકી.

નિયતિએ ન નાસ્તો કર્યો-ન દૂધ પીધું. કૉલેજ પણ ન ગઈ... બે-ચાર ફોન આવ્યા. મિત્રો-મિત્રાણીઓનાં-

એ પણ ન લીધા.

બસ... તારાબહેનના ખોળામાં પડી પડી જાણે ફ્લેશબેક જોતી રહી.

*

બંને બહેનો બાળપણથી ક્યારેય જુદી નહોતી પડી. સ્કૂલમાં એક ક્લાસમાં ભણી. વેકેશનમાં-શાળાના પ્રવાસોમાં કે જુનિયર કૉલેજના (બારમા ધોરણ) લાંબા વેકેશનમાં યુરો રેલના પ્રવાસમાં-બંને બહેનો સાથે જ રહી હતી.

આમ તો, રેવતીની હાજરી આ ઘરમાં ખાસ વર્તાતી નહીં. એ ઘરમાં જ હોય તો પણ-ક્યાં તો વાંચતી હોય, ક્યાં તો ચીતરતી હોય-

એ અવાજથી જણાય એવું તો ભાગ્યે જ બનતું-એટલે ઘરમાં રેવતીનું હોવું એ એટલી રોજિંદી અને સ્વાભાવિક ઘટના હતી કે કોઈ એની નોંધ ભાગ્યે જ લેતું-

પણ આજે, રેવતીનું ઘરમાં ન હોવું ખૂણેખૂણેથી પડઘાતું હતું.

અને, નિયતિ તો જાણે સાવ ઢીલી થઈ ગઈ હતી-

છેવટે એણે બપોરે ત્રણ વાગ્યે ફોન કર્યો-ખાસ્સી રીંગ વાગી-પછી રીમાએ ફોન લીધો.

નિયતિએ શુષ્ક અવાજમાં ઔપચારિક વાતો કરી-ને પછી રેવતીનો નંબર માગ્યો. રીમાએ કહ્યું કે "અજિતકાકા પાસે ફોન નંબર છે"-

નિયતિએ ફોન લગભગ પછાડ્યો ને શરૂ થઈ બડબડ...

"જતાં જ ફોન નંબર લખાવી દઈશ-શાબ્બાશ! નિયતિ ચિડાઈ હતી.

ગઈકાલે બપોરે પહોંચી ગઈ-પણ હજી એને હોસ્ટેલનો નંબર આપવાની ફુરસદ નથી મળી-કેરલેસ!"

"અરે, બિચારી-જરા સેટલ થાય, ગોઠવાય-પછી કરશે ફોન..." કલ્યાણીએ એનો પક્ષ લીધો.

"એક મિનિટ લાગે, હં! ફોન કરીને નંબર આપતાં-અહીં તો કોઈને પડી જ નથી ને..." નિયતિને ડૂમો ભરાઈ ગયો-ને પછી નાના બાળકની જેમ રડી પડી-"નક્કમી છે-લુચ્ચી-આઈ ડોન્ટ લાઇક હર...હવે ફોન આવશે તો હું વાત જ નથી કરવાની-જોજે..."

કલ્યાણીને વળગીને નિયતિ રડતી રહી ને કલ્યાણી એની પીઠ પર હાથ પસવારતી રહી. તારાબહેને પણ ભીની આંખો લૂછી લીધી.

ઘનશ્યામરાયને ફોન કરીને કલ્યાણીએ અમદાવાદ ફોન કરીને તપાસ કરવા કહ્યું.

ઘનશ્યામરાયે અજિતભાઈ સાથે વાત કરી. નંબર લીધો ને નિયતિને આપ્યો-નિયતિ નંબર લગાડતી રહી, પણ એના પર માત્ર રીંગ જ વાગતી રહી-

અકળાયેલી-ચિડાયેલી નિયતિ સાંજ સુધી રાહ જોઈને-ક્વીન્સ નેકલેસના દરિયાકાંઠે ચાલવા નીકળી ગઈ...

ચાલતાં ચાલતાં એણે યાદ કરવા માંડ્યું-ચોપાટીના દરિયે રમવાથી શરૂ કરીને જોડે જોડે વોક લેતાં રેવતી સાથે ગાળેલી કેટલીયે ક્ષણો...

રેવતી બહેન જ નહોતી-મિત્ર હતી, ક્યારેક મા, તો ક્યારેક ટીચર પણ હતી.

નિયતિને લાગ્યું કે એ અહીં-જાહેરમાં રડી પડાશે.

દરિયાની ધસમસતી ભરતીને જોતી એ જૂની નટરાજ હોટેલની સામે પાળી પર બેઠી-

સામે દરિયો ધડામ-ધડામ પછડાતો હતો ને પછી ફીણ ફીણ થઈ વિખરાઈ જતો હતો-

ક્યાંય સુધી દરિયાને જોતી-વિચારતી યાદ કરતી, નિયતિ બેસી રહી-

ને પછી ચાલતી ઘરે પહોંચી... ત્યારે કલ્યાણી એની રાહ જોતી હતી-સાંજ પડી ગઈ હતી-

મુંબઈના મહાલયોમાં ઝીણી ઝીણી બત્તીઓ સળગતી હતી-ને રસ્તાઓ પર લાઇટનો ધોધ વરસાવતી ગાડીઓ સડસડાટ પસાર થતી હતી.

કલ્યાણીએ પૂછ્યું-દરવાજો ખોલતાં જ,

"ક્યાં હતી? બે વાર રેવતીનો ફોન હતો. લે નંબર-તને ફોન કરવાનું કહ્યું છે."

"કંઈ નથી કરતી હું ફોન"-નિયતિ એના રૂમ તરફ જવા લાગી.

"એવું શું કરે છે? બિચારી-તારી કેટલી ચિંતા કરતી હતી?" નિયતિ સોફામાં પડી-ને રિમોટથી ટી.વી. ચાલુ કર્યું.

નજર ટી.વી.માં હતી પણ એનું તમામ ધ્યાન કલ્યાણીમાં હતું-

કલ્યાણીએ એને દેખાય એમ નંબર ડાઇનિંગ ટેબલ પર મૂક્યો-ને રસોડામાં ચાલી ગઈ.

નિયતિ ઊઠી-કાગળ લીધો, ને નંબર લગાડ્યો. રીંગ વાગી...

"હલો" કોઈ અવાજ સંભળાયો. નિયતિએ "રેવતી આચાર્ય" પૂછ્યું-ધીમા અવાજે. સામે 'ડોમ નંબર' પુછાયો-

નિયતિ ગૂંચવાઈ.

કલ્યાણી સામે આવીને હસતી હસતી ઊભી રહી-ને કહ્યું-"ડોમ નંબર છે છ-સીક્સ!"

છેવટે...

ખાસ્સી વારે-"રેવતી... રેવતી..."ની બૂમો પછી એ મેટલિક, હસ્કી અવાજ સંભળાયો ખરો.

"હલો!" રેવતી હતી.

"લુચ્ચી-બોગસ-નક્કામી...આઈ હેઈટ યુ" નિયતિએ કહ્યું.

"બટ, આઈ લવ યુ ઍન્ડ આઈ કિસ યુ સો મચ." રેવતીએ કહ્યું.

"જુઠ્ઠી-એટલે જ ફોન ના કર્યો-કેમ?" નિયતિએ ગુસ્સો ઠાલવ્યો.

"અરે, તું પૂરી વાત તો સાંભળ...મારું રેગિંગ ચાલતું હતું-ક્યારે ફોન કરું?"

રેતવીએ કહ્યું-

"ફર્સ્ટ લેક્ચર પોણા દસે પત્યું-પછી દસ વાગ્યાથી સાંજે ચાર સુધી આઈ વોઝ બીઈંગ રેગ્ડ."

"ડોન્ટ ટેલ મી." નિયતિ છંછેડાઈ-"કોની હિંમત થઈ તને રેગ કરવાની?"

"છે એક-" રેવતી મુસ્કુરાઈ-એની નજર સામે અત્યારે પણ એ અજબ શેડની તોફાની આંખો તરવરતી હતી.

"સમીર!" રેવતીએ કહ્યું-"સમીર મહેતા" અટકીને ઉમેર્યું- "મુંબઈનો છે."

"બહુ સતાવી તને?" નિયતિને ચિંતા થઈ.

"ના રે!" રેવતી હજી કશાક નશામાં હતી...

"એક તો આપણા ઘરનો બધો નાસ્તો ખાઈ ગયા-"

"ભૂખડ" નિયતિ ભડકી... "પછી?"

"પછી?"-"પછી મારી પાસે વારાફરતી વીસ જણના સ્કેચ કરાવ્યા..."

રેવતીની નજર સામે હજીયે જાણે સ્થિર અપલક બેઠેલો સમીર હઠતો નહોતો.

નિયતિને હાશ વળી-"ધેટ્સ ઓલ?"

"ના-ધેટ્સ નોટ ઓલ-" રેવતીએ કહ્યું.

"તો?"

"પછી મને બહાર લઈ ગયા-મૂડા પર બેસાડી, ને ચ્હાના ગલ્લે ચ્હા પિવડાવી. ઓફ કોર્સ, એમના ખર્ચે-" રેવતી હસી.

નિયતિને રસ પડવા માંડ્યો-"સારું કહેવાય!" "ક્રાઉડ બધું ઓ.કે. ટાઇપ છે ને? આમ ફ્રેન્ડલી?"

"હા-હા" રેવતીએ કહ્યું-"એ તો પરંપરા પ્રમાણે રેગિંગ થાય એટલે થાય-"

નિયતિએ "હા" કહ્યું, "એ તો જે સિસ્ટમ હોય એમ થાય જ-અમે પણ ફ્રેશર્સનું લોહી પી જઈએ છીએ-" જોરથી હસીએ-"પેલા નૌશિલને તો અંડીમાં કેમ્પસમાં દોડાવેલો-યાદ છે ને?..." એનું હસવું અટકતું જ નહોતું-"મને એમ કે તને પણ કંઈ..."

"શટ અપ" રેવતી બગડી-"વી આર પોસ્ટ ગ્રૅજ્યુએટ સ્ટુન્ડટ્સ. એવું બધું ના હોય અહીં-સમજી?"

"હા-સારું સારું-ટૂંકમાં, તને ગમે છે-?"

"ખૂબ..." પેલી બે અજબ શેડની આંખો હસતી હતી-હજીયે એની સ્મૃતિમાં.

"ગુડ. પણ ફોન કરતી રહેજે-" નિયતિએ કહ્યું.

આડીઅવળી ખાસ્સી વાતો પછી જ્યારે ફોન મુકાયો ત્યારે બંને બહેનો આનંદમાં હતી, ઓફકોર્સ પોતપોતાના આનંદમાં.

બીજે દિવસે સવારે-

રેવતી ચાલતી ચાલતી પોતાના ક્લાસ તરફ જતી હતી. ત્યારે એક બેઝનો-છતાં, મીઠો-લપસણો, "હની સ્મૂધ" અવાજ એના કાને અથડાયો-

"હાય!"

રેવતી ચોંકી!

"ઓ! હાય!-"

"મેં તમારા વિચારોમાં ખલેલ પાડી?" સમીર હતો એ-"મારા વિશે વિચારતાં હતાં?"

"હેં!" રેવતીને સમજ જ ન પડી કે આ માણસ શું પૂછે છે? એ જોઈ રહી પેલી બે અજબ શેડની આંખોમાં... બાઘાની જેમ.

"ના વિચારતાં હો-મારે વિશે, તો કંઈ વાંધો નહીં હં! આ તો જસ્ટ, મને થયું કે પૂછવામાં શું જાય છે-હેં?" સમીર ખડખડાટ હસતો હતો-માપ લઈ ગોઠવ્યા હોય એવા, મોતીના દાણા જેવા દાંત અને પરફેક્ટ શેઈપની મોં ફાડ...

રેવતી એની સામે જોઈ રહી.

"યુ નો સમથિંગ?" સમીર એની સાથે વાત કરતો હતો-પણ રેવતી કોણ જાણે ક્યાં હતી... "મેં મારી આખી જિંદગીમાં-બાય ધ વે હું છવ્વીસ વર્ષનો છું-મેં મારી છવ્વીસ વર્ષની જિંદગીમાં, આટલી રૂપાળી-આટલી પરફેક્ટ બનાવટની સ્ત્રી નથી જોઈ."

રેવતી નિ:શબ્દ.

"હલો! હું તમારી વાત કરું છું..."

"હેં! હા-" રેવતી કશું કહી શકે એમ નહોતી.

"શું હા?-"થેંક્યુ તો કહો, કમ-સે-કમ."

"હા-થેંક્યુ..."

"યુ આર વેલકમ મેમ"-કહીને ઝૂક્યાં, એ રોમન શિલ્પ!

પોતાના બે પગ વાળીને ઘૂંટણિયે બેઠો. એક પગ ઊભો રાખ્યો ને એક પગ વાળ્યો-રેવતીનો હાથ પકડ્યો ને પોતાના ચહેરાની નજીક લાવ્યો...રેવતી ઉપર જાણે સંમોહન છવાતું હતું...

"મે આઈ?" સમીરના હોઠ રેવતીના હાથની નજીક આવતા હતા. "શું પૂછતો હતો આ ગ્રીક ગૉડ?" અચાનક રેવતી ભાનમાં આવી.

એણે હાથ ખેંચ્યો-

અને, છોડાવીને એકીશ્વાસે ભાગી...

પાછળ ટોળાંએ "હોઓઓઓ..." કર્યું એ એને સંભળાયું-

અને, પાછળ વળીને જોયું તો સમીર સોની પાંચ નોટો હવામાં હલાવીને એને "બાય બાય" કરતો હતો-

બધાં હસતાં હતાં.

"આઈ વીન ઈટ-હું જીત્યો આ પાંચસો" સમીરે બૂમ પાડી...

અને, રેવતી ઉતાવળી ચાલે ક્લાસ તરફ નીકળી ગઈ.

નિયતિ આખીયે વાત સાંભળતી રહી ફોન પર...ને પછી હસતાં હસતાં લોટપોટ થઈ ગઈ.

"મારા માન્યામાં નથી આવતું-ખરેખર... ચેમ્પિયન છે યાર-આ સમીર..." નિયતિથી હસવું રોકાતું નહોતું.

"ચૂપ રહે-એમાં હસવા જેવું કંઈ નથી." રેવતી ચિડાઈ. "એટલું એમ્બેરેસિંગ હતું-એટલી શરમ આવી મને-"

"ઓ ઓ!" નિયતિ ચહેકી, "પણ ડીયર સિસ્ટર, એમાં શરમાવાની ક્યાં વાત જ હતી-?" એ ક્યાં તને પ્રપોઝ કરતો હતો? હેં? અટકી નિયતિ ... "કે પછી તને એવું લાગ્યું કે એ પ્રપોઝ કરશે તો "ના" નહીં પડાય?"

"ઓ...પ્રેમમાં તો નથી પડી ગઈને?"

થોડી ક્ષણો સાવ સોપો પડી ગયો બંને પક્ષે-બંને બહેનોમાંથી કોઈ કશું ન બોલ્યું...

પછી મહામુશ્કેલીએ-રેવતી એ ચૂપકીદી તોડી. "ચાલ, કાલે ફોન કરીશ-ગુડનાઇટ."

ફોન કરીને એ લાલ ઈંટોના ગેટમાંથી દાખલ થઈને ડોમ તરફ ચાલતી જતી હતી-

ત્યારે ફરી પાછો પેલો ઘેરો-મીઠો અવાજ...

"રેવતી!"

એ સમીર હતો.

પણ આ વખતે રેવતી અટકી નહીં-ચાલતી જ રહી-

"આઈ એમ સોરી-રેવતી" એ જોડે જોડે ચાલવા લાગ્યો... "જો

પ્લીઝ-આઈ એમ સોરી-તને દુઃખ પહોંચાડવાનો ઇરાદો નહોતો, એ મજાક હતી-પ્લીઝ..."

કોઈ જવાબ આપ્યા વિના-રેવતી ચાલતી રહી-ઉનાળાની સાંજનો બફારો અને ઘેરાયેલા વરસાદનો ઘામ હતો વાતાવરણમાં.

બે-ચાર રડ્યા-ખડ્યા આવતા-જતા સ્ટુડન્ટ્સ સિવાય જરાય વસ્તી નહોતી-

ડોમ તરફ જતી એ નાનકડી ગલી જેવી લેનમાં જાંબુડી અંધારું ઊતરવા લાગ્યું હતું-

સમીરની વાત સાંભળ્યા વિના રેવતી ચૂપચાપ ડી-6 તરફ ચાલતી રહી-

સમીર આગળ આવીને, જોડે ચાલતો-લગભગ દોડતો, માફી માગતો રહ્યો-

છેવટે-

એણે રેવતીનો હાથ પકડ્યો-

રેવતી અટકી-ફરી...

અને, એણે હળવેથી ઝાટકો મારીને હાથ છોડાવ્યો.

સમીરે ફરી હાથ પકડ્યો-

આ વખતે રેવતીએ જોરદાર ઝાટકો માર્યો.

સમીર 'સોરી' બોલવા ગયો-પણ એ પહેલાં-શું બને છે તે સમજાય એની પહેલાં-

રેવતીનો હાથ ઊંચકાયો-અને...

'ફડ' દઈને વીંઝાયો-સમીરના ગાલ પર.

સમીરને લગભગ તમ્મર આવી ગયાં.

લાલ ઈંટોનાં મકાનો-ઝૂકેલાં ઝાડ-જાંબુડી અંધારું-જતા-આવતા લોકો- અને, આખુંયે કેમ્પસ જાણે એકમેકમાં સેળભેળ થવા લાગ્યું-

બધું ગડમડ થવા લાગ્યું.

ગૂંચવાવા લાગ્યું-

રેવતી ક્ષણભર પણ રોકાયા વિના ફરીને ચાલવા લાગી.

સમીર ત્યાં જ ઊભો રહી ગયો-અને, રેવતીની ખૂબ ઝડપથી ઓઝલ થતી સિલહટ જોતો રહ્યો.

રેવતી લગભગ દોડતી-પોતાના ડોમ પાસે આવી, ઝડપથી દાદરા ચઢી-રૂમ ખોલ્યો-

અને, અંદર દાખલ થઈને પલંગ પર બેસી મોકળે મને રડી પડી...

જાણે નાભિમાંથી અસ્ખલિત આવતું રુદન કોઈ રીતે અટકતું નહોતું-

ડૂસકાં-અવિતરપણે ચાલુ જ હતાં...

નિયતિનો અવાજ હજીયે ઘૂમરી ખાતો હતો...

"ઓ... પ્રેમમાં તો નથી પડી ગઈને?"

ખબર નહીં કેટલી વાર-કેટલા સમય સુધી એ એમ જ રડતી રહી...

પછી, એના દરવાજે ટકોરા પડ્યા.

"કોણ?" રેવતીએ ભરાયેલા કંઠે પૂછ્યું.

જવાબ ન મળ્યો-

પણ ફરી ટકોરા પાડ્યા...

"કોણ છે?" થોડી ચીડ થોડી, અકળામણ પણ ભળી એના અવાજમાં-

ફરી ટકોરા પડ્યા-

કોઈ જવાબ નહીં.

ચિડાયેલી-આહત- રડી રડીને થાકેલી રેવતી પરાણે ઊઠી-અને, દરવાજો ખોલી નાખ્યો.

બે દિવસ પહેલાં-રોમન શિલ્પની જેમ, જે રીતે, જે સ્થળે-જે સ્થિતિમાં ઊભો હતો, એ જ રીતે ઊભો હતો, સમીર... પણ પેલી અજબ શેડની આંખોમાં શરારત નહોતી-ઉદાસી હતી.

પારાવાર ઉદાસી.

એણે જે રીતે જોયું, રેવતીની સામે-એ રેવતીને અસહ્ય લાગ્યું.

એ દરવાજો ખોલીને ચૂપચાપ ઊભી રહી. દરવાજાની વચ્ચોવચ્ચ.

સમીર અંદર દાખલ ન થઈ શકે એવી રીતે-

થોડી ક્ષણો એમ જ વીતી ગઈ... "બોલો!" રેવતીએ કહ્યું-

"હં!" સમીરનું જાણે ધ્યાન નહોતું.

"બોલો-" રેવતીએ ફરી કહ્યું.

રડી રડીને લાલચોળ થઈ ગયેલું નાકનું ટેરવું-સહેજ સૂજી આવેલા આંખનાં પોપચાં-અને ગુલાબી થઈ ગયેલો ચહેરો-

સાવ વિખરાઈ ગયેલા વાળ.

સમીર જોઈ રહ્યો એને-

પછી, ફરી એ જ રીતે ઘૂંટણિયે પડીને, એક પગ વાળીને બીજો ઊભો રાખીને બેઠો-હવે એ સંમોહનમાં હોય એમ એણે રેવતીનો હાથ પકડ્યો-

પોતાના ચહેરાની નજીક લાવી-હાથના પાછળના ભાગે હોઠ અડાડ્યા...

રેવતીને હાથ ખેંચી લેવો હતો-પણ...

...કોણ જાણે કેટલી સદીઓ વીતી ગઈ એમ જ-

સમીરે હાથ છોડ્યો-

ઊઠ્યો અને ફરીને ચાલી ગયો.

એક પણ શબ્દ બોલ્યા વિના.

રેવતી ત્યાં જ-

બારણાની વચ્ચોવચ્ચ જડાઈ ગઈ હોય એમ ઊભી ઊભી સમીરનાં સીડી ઊતરતાં પગલાંનો અવાજ સાંભળતી રહી...

અને... નિયતિનું ખડખડાટ હાસ્ય, એનો અવાજ ઘૂમરી ખાતાં રહ્યાં-ગોળ ડોમના બિલ્ડિંગના ગુંબજમાં...

“ઓય! પ્રેમમાં તો નથી પડી ગઈને?”

...“પ્રેમમાં તો નથી પડી ગઈને?”

*

ચાર

આજે-રવિવારે સવારથી સુજય અસ્વસ્થ હતો-ફટાફટ નહાઈ-પરવારીને વહેલો, સાડા નવ વાગ્યામાં તે અજીતકાકાને ઘેર પહોંચી ગયો એ!

રીમાએ મજાક પણ કરી.

"કેમ આજે આટલા વહેલા?-બાકી તો સૂરજ થાકી જાય પણ સૂર્યવંશી સુજયભાઈ ના ઊઠે..."

અજીતકાકા, કાકી-અને નિખિલ... બધાં એની ઉતાવળ, અસ્વસ્થતા-રેસ્ટલેસનેસ જોતાં રહ્યાં, માપતાં રહ્યાં, અનુભવતાં રહ્યાં.

પણ સુજય-

એને પોતાને જ નહોતું સમજાતું કે એ શેને માટે આટલો અસ્વસ્થ, આટલો રેસ્ટલેસ હતો.

સામાન્ય રીતે આખું અઠવાડિયું હૉસ્પિટલ ડ્યૂટી કર્યા પછી-રવિવારે માં...ડ મળી હોય એવી રજામાં આમ દોડાદોડી કરવી એ એના સ્વભાવમાં જ નહોતું

અને છતાં, આજે-

એ સવારથી અહીં હતો!

આમ તો અજીતકાકા અને કાકી થાકી જતાં એને કહી કહીને-

"રોજ રોજ મેસનું ખાય છે, તે રવિવારે તો ઘરનું જમવા આવ. પણ સુજય જેનું નામ-આળસ એટલી આવતી એને-સિવિલથી આંબાવાડી આવવાની"

એણે લગભગ સાડા અગિયાર-બાર સુધી તો ધીરજ રાખી.

ટેલિવિઝન જોયું, થોડીવાર.

રિપૂંજ્યને રમાડ્યો.

અજીતકાકા સાથે ઈધર-ઉધરની વાતો કરી. મિહિર તો ખૂબ મોડો ઊઠતો-એટલે એને ઉઠાડવાના થોડા અખતરા પણ કર્યાં...

પણ, છેવટે-

એનાથી ન રહેવાયું.

રસોડામાં આંટો મારવાના બહાને, સલાડનો ટુકડો મોઢામાં મૂકતાં રીમાને પૂછી જ નાખ્યું-

"રેવતી ક્યાં છે? દેખાતી નથી - આવવાની છે?"

રીમાએ શરારતી લુકથી એની સામે જોયું.

હસી.

પછી, સુજયનો કાન પકડયો.

"અચ્છા આઆ... તો આ બધું..."

સુજયે એના મોઢા પર હાથ દબાવી દીધો.

"ચૂપ! એકદમ ચૂપ!" સુજય દબાયેલા અવાજે બોલ્યો, "પબ્લિક એનાઉન્સમેન્ટ નથી કરવાનું-"

"એક ને એક દિવસ તો કરવું પડશે-"

"હા હવે-પણ સામેવાળી પાર્ટીને પૂછવું પડે-"

"લો-" રીમા ફરી હસી.

"એમાં પૂછવાનું શું? તમારા જેવા છોકરાને કોઈ ના પાડે?"

સુજય રીમાની નજીક આવ્યો-

એની આંખમાં આંખ નાખી-અત્યંત રોમાન્સ અને પેશનભર્યા અવાજે બોલ્યો,

"રીમા... મને પરણીશ?"

"તમારું છટક્યું નથી ને?" હસવા માંડી રીમા.

"કેમ? તેં હમણા તો કહ્યું ને? કે કોઈ છોકરી મારા જેવા છોકરાને ના ન પાડે?"

"અરે ભઈ-પરણેલી છોકરી નહીં-કોઈ પણ, કુંવારી, લગ્નોત્સુક કન્યા."

"તો માન કે એ લગ્નોત્સુક ન હોય, અથવા એણે ઓલરેડી ક્યાંક નક્કી કરી રાખ્યું હોય-"

"જો-એક વાત કહું સુજયભાઈ-"

"કહો ને-"

"એવું લાગતું તો નથી-"

"શા ઉપરથી?"

"ભઈ, એ બધી સીકસ્થ સેન્સ હોય છે. અમારી, છોકરીઓની... તમને સમજ ના પડે-"

"મને તો છોકરીઓની પહેલી પાંચ સેન્સિસ વિષેય જરા ઓછી જ સમજ પડે છે..."

ખડખડાટ હસી પડ્યો, સુજય-

ને રીમા એને મારવા માંડી.

એ જ વખતે મિહિર અંદર આવ્યો.

"તમને બે જણને ઝઘડ્યા વિના કેમ ચાલતું નથી-"

"બહુ પ્રેમ છે ને-એટલે!" રીમ ટહુકી.

"ઘેટ મિન્સ, મારે માટે પ્રેમ નથી-!!" મિહિરે કહ્યું-"મારી સાથે કેમ નથી ઝઘડતી?"

"ઝઘડશે-ઝઘડશે. આખી જિંદગી એ જ કરવાનું છે... ઉતાવળ શું છે?" સુજયે કહ્યું.

ને, ત્રણે જણાં હસી પડ્યાં.

હમણાં જ જાગેલા મિહિરે સલાડનો ટુકડો મોંમાં મૂક્યો-

"કેટલી વાર છે ભઈ, લંચને?"

"બસ-તૈયાર, નહાઈ લો અને પછી જમવા બેસવા માંડૉ." રીમાએ કહ્યું.

"રેવતી-નથી આવવાની?" સુજયે પૂછ્યું.

રીમાએ મસ્તીખોર નજર ઉલાળી.

મિહિરનું એ તરફ ધ્યાન નહોતું.

એણે કહ્યું, "ના-એને કાલે કંઈ પ્રેઝન્ટેશન છે-એ તૈયારીમાં બીઝી છે"

"ઓ..." સુજયે રિએક્ટ કર્યું-

મિહિર બહાર ગયો-

એટલે રીમાએ વળી મજાક ચાલુ કરી.

"તમારી તો ભૂખ મરી ગઈ હશે નહીં, સુજયભાઈ!"

"જરાય નહીં-તું કહે તો તને ખાઈ જાઉં..."

સુજયે કહ્યું ને આગળ વધ્યો-

રીમા હસી પડી-

ને, ખાવાનું બાઉલ્સ લઈ ડાઇનિંગ રૂમ તરફ આગળ વધી ગઈ.

સુજય અને મિહિરે પણ જમવાની તૈયારીમાં મદદ કરવા માંડી.

ડાઇનિંગ ટેબલ તૈયાર થયું. એટલે બધાં જમવા બેઠાં.

સુજય એટલો બેધ્યાન હતો-કે એને બે વાર અજીતકાકાએ પૂછ્યું,

"સૂતો નથી બરાબર?..."

"હેં! ના-ના..."

મીનાકાકીએ પણ કહ્યું-

"સુજય-કેમ બરાબર જમતો નથી?..."

દરેક વખતે રીમા દબાયેલું હસી-

પણ, એ બે જણાંના સંબંધો જ એવા હતા કે કોઈએ બહુ સિરિયસલી ન લીધું.

જમીને ટી.વી. જોતાં સુજય ક્યારે ઊંઘી ગયો-એને જ ખબર ન પડી.

સાંજે જાગ્યો ત્યારે લગભગ સાડા પાંચ થયા હતા-

ઊઠીને ફટાફટ મોં ધોઈને એણે જવાની તૈયારી કરવા માંડી.

અજીતકાકા કાકીએ ચા પીવાનો આગ્રહ કર્યો-મિહિરે પણ રોક્યો-

પણ, સુજયનું મન તો ક્યારનુંયે ભાગી ગયું હતું-

ફ્રેશ થઈને બહાર નીકળ્યો-

આંબાવાડી સર્કલ પાસેથી સિવિલ જવા માટે જમણી બાજુ વળવાને બદલે-કોણ જાણે કેમ એ વસ્ત્રાપુર તરફ-સી.એન. વિદ્યાલય તરફ વળી ગયો-

પોલિટેક્નિક ચાર રસ્તા સુધી આવ્યો, બંધ સિગ્નલ પર ઊભાં ઊભાં-એને અસમંજસ થવા લાગી...

"કેવું લાગશે? એને એવું નહીં લાગે ને કે હું સાવ ચાલુ-રોમિયોગિરી કરતો છોકરો છું...

જોકે, મુંબઈથી આવી છે-નવી નવી છે...

ખબર પૂછવા પણ જવાય જ ને-??? "જાતે જ વકીલાત કરી એણે..."

"ઇનફેક્ટ સારું લાગે-"

"પણ... આમ જોવા જાવ તો મારે શું?...એને એવું નહીં થાયને, કે હું એનું વધારે પડતું ધ્યાન રાખવાનો પ્રયત્ન કરું છું..."

વિચારોમાં ને વિચારોમાં સિગ્નલ ચાલુ થઈ ગયું-પાછળની ગાડીવાળાએ જોરદાર હોર્ન માર્યો ને સુજયના વિચારોની હારમાળા તૂટી.

આઈ.આઈ.એમ. જેમ નજીક આવતું ગયું-એમ સુજયના દિલની ધડકન જાણે તેજ થતી ગઈ.

"કેટલું સ્ટુપિડ? અઠ્ઠાવીસ વર્ષે આ કેવી ફિલિંગ થાય છે-"

મનોમન હસી પડ્યો એ!

એવું નહોતું કે સુજયના જીવનમાં કોઈ છોકરી જ નહોતી... ઘણી મિત્રો-ઘણી ગર્લફ્રેન્ડ...એના સરસ સ્વભાવ, અને દેખાવડા ચહેરા પર મરતી.

એમ.બી.બી.એસ.ના પહેલા વર્ષથી શરૂ કરીને-પ્લાસ્ટિક સર્જરીના છેલ્લા વર્ષ સુધીમાં લગભગ વીસ-બાવીસ છોકરીઓ એની પાસે પ્રણયારાધન કરી ચૂકી હતી.

પણ સુજયને રસ પડે એવી, આ પહેલી છોકરી હતી.

*

સુજય યાદ કરી રહ્યો હતો, એ બંનેની પહેલી મુલાકાત.

મિહિર અને રીમાના લગ્નમાં-રેવતી અને નિયતિ બંને આવેલાં. ઘનશ્યામરાય, કલ્યાણીની સાથે. એકના એક દીકરાના લગ્નમાં અજીતકાકાએ કોઈ કચાશ નહોતી રાખી.

ગરબા-

બીજે દિવસે, લગ્ન પહેલાંનું ડીનર-

ત્રીજે દિવસે યંગસ્ટરની લોકોટેલ પાર્ટી અને જેમ સેશન...

મિહિરના મિત્રના ફાર્મહાઉસમાં ખરેખરો ડિસ્કો ઊભો કરી નાખ્યો હતો. લાઇવ બેન્ડ બોલાવ્યું હતું-મિહિરે!

સોફ્ટડ્રિંક્સના અવનવાં મિશ્રણોની કૉકટેઈલ રેલાતાં હતાં...

... સાથે સાથે બેડરૂમના કબાટમાં રાખેલી સ્કોચ અને બકાર્ડી-તથા જીનની બાટલીઓમાંથી જુવાનિયાઓ પોતપોતાની વ્યવસ્થા કરતા જતા હતા!!

નિયતિ પાગલ થઈને નાચતી હતી. એના બ્લેક સ્વેગેટી ટોપ અને બ્લેક સ્વીટેડ સ્કર્ટની વચ્ચેથી ક્યારેક એનું પેટ અવારનવાર ડોકિયાં કરતું-તો ક્યારેક એની પીઠ.

આખીયે પાર્ટીનું ફોકસ નિયતિ પર હતું-એની કમ્મર, એના દેહવળાંકો-એના ઉછળતા અને ફેલાતા વાળ... એનું 440 વોલ્ટનું સ્મિત-

બે-ચાર જણાએ મિહિરને પૂછ્યુંયે ખરું.

"કોણ છે યાર?"

મિહિરે જવાબ આપતાં ચેતવણી પણ આપી જ દીધી.

"મારી કઝીન છે-અને સાંભળ, દૂર જ રહેજે... બાકી કરંટ મારશે"

નિયતિના સૌંદર્યથી અંજાઈ જનારા યુવકોમાં સુજય પણ હતો જ-પણ એને નિયતિની સેન્સ ઓફ હ્યુમર, એની ધમાલ વધારે ગમી હતી.

એની બુદ્ધિ અને તેજસ્વિતા પર સુજય વધારે આફરીન હતો.

લગ્ન દરમિયાન નિયતિ અને સુજયની જોડી જામી હતી. મિહિરનાં જૂતાં ચોરવા આવેલી એની સાળીને લક્ઝરી બસમાં બપોરે બે વાગે બંધ કરીને...ખુલ્લા પગે તપાવવાની મજા લેવામાં પણ સુજય-નિયતિ ભેગાં જ હતાં.

જેમ સેશનની એ રાત દરમિયાન, ખૂણામાં શાંતિથી બેઠેલી ખુલ્લા આકાશી રંગનો બ્લ્યુ કુર્તો અને મોરપીચ્છ રંગની ચૂડીદાર પહેરેલી રેવતી સુજયને ગજબની આકર્ષક લાગી હતી.

પણ એ જે રીતે બેઠી હતી... એકલી-નાચતાં-કૂદતાં-ઘેલાં થતાં ટોળાંને જોતી, કોઈ સમ્રાજ્ઞીની અદાથી-સુજયની હિંમત નહોતી પડી, એની સાથે વાત કરવા જવાની.

ત્યાં જ, મોરપીચ્છ રંગના સિલ્કના દુપટ્ટાને સંભાળતી ઊઠીને,એ સોફ્ટ ડ્રિંક્ના કાઉન્ટર તરફ જતી હતી ત્યારે તક સાધીને સુજયે એને આંતરી હતી.

"હું-લાવી આપું? વોટ ડુ યુ વોન્ટ?"

રેવતીએ આંખોમાં પ્રશ્નાર્થ સાથે સુજય સામે જોયું હતું-

વેંતથી વધુ ઊંચો-જાડી મૂછો-ગોરો રંગ ને કાળી આંખો.

એના સ્મિતમાં ગજબની ઉષ્મા-ગજબનું સૌજન્ય હતું.

"સુજય-આઈ એમ ડૉ. સુજય શાહ.

"હેલો!" રેવતીએ ઔપચારિકતા પૂરી કરી-અને આગળ વધવા ગઈ.

સુજય વળી ફંટાયો...

"શું જોઈએ? લાવો-હું લાવી આપું."

એણે ખાલી ગ્લાસ લગભગ આંચકી લીધો.

"હં?! કોકોનટ વોટરમાં પેલું ડ્રિંક છે ને... શું નામ?"

"કોકોનટ કે જ્યુઅલ્ટી..."

સુજય હસ્યો.

રેવતીએ નોંધ્યું-કે એની દાંતની રાક્ષીઓ બંને તરફ સહેજ વધારે ઊપસેલી હતી...એનું સ્મિત એનાથી વધારે આકર્ષક બનતું હતું.

"કેઝ્યુઅલ્ટી" હસી રહ્યો હતો સુજય, "અમારી લાઈનનો શબ્દ છે ને-એટલે યાદ રહી જાય-જરા જલદી..."

એણે રેવતીને કહ્યું.

"યુ રીલેક્સ. હું લઈ આવું-"

નાચતાં-કૂદતાં ટોળાંને જોઈને-એમને વીંધીને પેલી તરફ જવાનો વિચાર રેવતીને પણ કંઈ બહુ જરૂરી ન લાગ્યો-

"ઓ.કે." એણે સ્વીકારી લીધું.

અને જઈને પાછી પોતાની સીટ પર બેસી ગઈ.

થોડીવારે સુજય ડ્રીંક લઈને આવ્યો-

"થોડી બકાર્ડી નાખી છે-" સુજય હસ્યો.

રેવતી ચોંકી. એની આંખો પહોળી થઈ.

"કમ-ઓન. જસ્ટ જોકિંગ..." સુજયે કહ્યું અને, રેવતીની બાજુમાં બેસી ગયો.

રેવતીએ છતાં, એકવાર ડ્રીંક સૂંઘી જોયું-

"અરે, નથી ભઈ-બીલીવ મી." સુજયે કહ્યું. અને, બંને હસી પડ્યાં.

સુજય રેવતી સાથે વાતો કરવાનો પ્રયત્ન કરતો રહ્યો-

અને, રેવતી-માત્ર સવાલોના જવાબો આપતી... સામે, નાચતાં ટોળાંને જોતી રહી.

સુજય વાતો કરતો હતો એ દરમિયાન જ નિયતિ એને શોધતી આવી...

"ઓ! સુજ! અહીં શું કરે છે? કમ ઓન."

"આવું-હમણાં..."

"ડોન્ટ બી અ સ્પોઈલ સ્પોર્ટ... આવને! ને મારો ફેવરિટ નંબર વાગે છે"

બેન્ડની ધૂન પર એલ્વિસ પ્રેસ્લીનું "રિટર્ન... ટુ ધ સેન્ડર-એડ્રેસ સનનોન..." શરૂ થયું-

સુજય કંઇ સમજે એ પહેલાં નિયતિ એને ખેંચીને લઈ ગઈ.

રેવતી મુસ્કુરાઈ.

ડાન્સ કરતાં કરતાં સુજય નિયતિને ખૂબ સાવધાનીપૂર્વક રેવતી વિશે પ્રશ્નો પૂછતો રહ્યો-

પણ નિયતિ, ધમાલ...મસ્તીના મૂડમાં હતી. અડધા જવાબ આપ્યા ને અડધા મજાકમાં ઉડાડી દીધા...

*

લગ્નના દિવસે નિયતિએ ઓફવ્હાઇટ રંગનો ચોલીસેટ પહેર્યો હતો-ઝાકમઝાળ. જાજરમાન...કોઈ વેડિંગ

કલેક્શનની મોડેલની જેમ એ ગાડીમાંથી ઊતરી સભાનતાપૂર્વકની બેખબરી સાથે-અને, પાછળ રેવતી ઊતરી.

મુઠ્ઠીમાં ન સમાય એવો કમ્મરથી નીચે-નિતંબ સુધી પહોંચતો કાળો ચોટલો-જેના પર ફૂલોની સાપની જેમ ગોળ ગોળ વીંટાળેલી હતી. કાનમાં કુંદનનાં ઝૂમખાં-જેની સેર કાન ઉપર થઈને પાછળ એવી રીતે ખોસી હતી કે આખો કાન ઢંકાઈ જાય. નાકમાં સાત હીરાની ઝગમગતી ચૂંક ને હાથ ભરાઈ જાય એટલી બંગડીઓ...

શ્યામ ગુલાબી રંગની જરી વગરની કાંજીવરમ સિલ્કમાંથી એનું રેશમિયા બદન જોનારને સળગાવી મૂકવા પૂરતું હતું... શ્યામગુલાબી-રાણી રંગનો મોટો કોરા કંકુનો ચાંદલો-અને આંખમાં તાતી તલવાર જેવી કાજળની ઘેરી ધાર...

...સુજયને થયું કે એનું હૃદય ધડકતું બંધ થઈ ગયું છે.

સુજયની સામે જોઈને એણે સ્મિત કર્યું ને પોતાના રસ્તે આગળ વધી ગઈ. નિયતિ દોડીને એની પાસે આવી.

“હાય બડી!”

“હાય બ્યૂટીફૂલ!” સુજયે કહ્યું.

“એ! ધેટ્સ ધી લાસ્ટ થીંગ આઈ એક્સપેક્ટ. તું મને આવી બધી કોમ્પ્લીમેન્ટ ના આપ.”

“કેમ બડી? હું પણ પુરુષ છું-મને પણ સુંદર છોકરીઓ ગમે હં!”

“હાઆઆઆ... એ તો મેં જોયું-જે રીતે તમે રેવતીને જોઈને પલળી ગયા તે.”

“ઓ! કમ ઓન!” સુજય ઝંખવાયો. ગજબની શાર્પ હતી આ છોકરી!

“શું છે બડી? સેટિંગ કરવું છે? મને વાંધો નથી તને જીજાજી બનાવવાનો-”

“ચૂપ રહે-કોઈ સાંભળશે તો-”

સુજય માટે આ છોકરી અઘરી હતી.

“તો? તો તાત્કાલિક તને રૂપિયો-નારિયેળ આપીને, અહીં જ મિહિર જોડે જ તારી જનમટીપ નક્કી...” ખડખડાટ હસી નિયતિ-

“તારા મોંમાં ઘી-ગોળ” સુજયને કહ્યું હતું-“પણ આ... ઓલ ઇન્ડિયા રેડિયો પર ભરોસો મૂકવો-કે નહીં?”

સુજય અસમંજસમાં હતો-

નિયતિ “ચલ બડી!” કરીને એને લઈને ચાલી-ને સુજય લગભગ પાછળ ઘસડાયો.

આખીયે વિધિ દરમિયાન એ, એક યા બીજા બહાને રેવતીની નજીક જવાનો પ્રયાસ કરતો રહ્યો-પણ,

પેલી!!

માછલીની સિફતથી સરકતી રહી-

ને, સુજય એને આંખથી આખેઆખી ઘટક ઘટક પીતો રહ્યો જાણે!

સુજય આઈ.આઈ.એમ.ની નજીક પહોંચ્યો-દૂરથી બે-ત્રણ ટોળાં જોયાં-જેમાં છોકરીઓ પણ હતી.

ગપ્પાં મારતાં-વાતો કરતાં - બધા રવિવારની સાંજે ગલ્લે ચા પી રહ્યાં હતાં.

થોડે દૂર ગાડીઓની કતાર હતી. અમુક છોકરાઓ ગાડીઓ પર ચઢીને બેઠા હતા.

તો અમુક ગાડીઓના દરવાજા ખુલ્લા હતા અને ગ્રુપના થોડા જણ ગાડીમાં, તો થોડા બહાર મુડા પર બેઠા હતા...

સરસરી નજર ફરી વળી બધે-પણ, રેવતી ક્યાંયે દેખાઈ નહીં.

સુજયે વિચાર્યું-"અંદર જઈને જોઈ લઉં..." પછી, માંડી વાળ્યું-

બે-ચાર મિનિટ લાલ ઈંટોના ગેટ પાસે ઊભો રહ્યો-અસમંજસમાં!

એનું મન એને લગભગ ધકેલી રહ્યું હતું અંદરની તરફ, અને એની બુદ્ધિ કહેતી હતી કે મુઠ્ઠી વાળીને ભાગ-

પણ, ડૉ. સુજય શાહની બુદ્ધિએ છેવટે મનની જીદ આગળ હથિયાર નાખી દીધા.

એણે મુખ્ય બિલ્ડિંગની જમણી તરફના પાર્કિંગ લોટમાં પાર્કિંગ કર્યું-અને, ડી-6 તરફ આગળ વધી ગયો.

ડોમ-સીક્સ...ગોળ ગોળ બારીઓ-ગોળ સ્વાઈરલ જેવી બનાવેલી સીડીઓવાળાં હોસ્ટેલના ગોળ મકાનોમાંનું એક.

સુજય એની સામે આવીને ઊભો રહ્યો. "ઉપર જવું કે નહીં..." એની ડૉક્ટરી, એનું ડહાપણ-એનું સૌજન્ય, અને સરળતા એને રોકી રહ્યાં હતાં-

પણ...

એ સડસડાટ સીડી ચઢી ગયો.

રેવતીના રૂમ પાસે પહોંચ્યો-

પણ, તાળું હતું.

એક રીતે નિરાંતનો શ્વાસ લીધો-એણે. "હા...શ!" એણે વિચાર્યું-"કેટલું ખરાબ લાગે-પહેલી ઈમ્પ્રેશન જ સ્ટુપિડ જેવી પડી જાત..."

એ નીચે ઊતરવા જ જતો હતો ત્યાં બાજુની રૂમનો દરવાજો ખૂલ્યો.

"હેલો" એક શ્યામળી, ઊંચી છોકરીએ ડોકિયું કર્યું-"કોણ જોઈએ? રેવતી?"

"હેં! હા-યસ." સુજયને પકડાઈ ગયા જેવી ફીલિંગ આવી...

"એ તો ...કદાચ, ચાલવા ગઈ હશે."

“વેરી ગુડ.” સુજયની મનની વાત હોઠ પર આવી ગઈ-

મધુ...કોણ જાણે શું સમજી?

પણ, હસી પડી.

પછી કહ્યું...“કંઈ મેસેજ છે? તમારું નામ?”

“હેં! સુજય હજી ગૂંચવાયેલો હતો-

“સુજય-સુજય શાહ!”

“ઓ.કે.” મધુએ કહ્યું-બે-ચાર ક્ષણ બંને ઊભાં રહ્યાં, પછી સુજય સીડી ઊતરવા લાગ્યો...અને, પાછળ મધુએ હસીને બારણું બંધ કર્યું અને એ એને સંભળાયું-

સુજય પોતાની જાતને ગાળો આપતો પાર્કિંગ સુધી પહોંચ્યો.

“કેવી બેવકૂફ જેવી સ્થિતિ થઈ?” એ મનોમન ભાંડતો હતો. “મૂરખ-સ્ટુપિડ...” બાઈકને કીક મારીને બહાર નીકળ્યો-ત્યારે બરાબર સામેના રસ્તા પરથી ઝડપભેર ચાલી આવતી આકૃતિને એણે ઓળખી.

એ રેવતી જ હતી.

પણ, હવે ઊભા રહેવાનો કોઈ અર્થ નહોતો-સુજય મનોમન અકળાતો વળી ગયો... જમણી તરફ-

સો ફૂટ પણ નહીં ગયો હોય-અને એક બૂમ સાંભળી સુજય-એ સુજય...”

એણે બ્રેક મારી.

ઊભો રહ્યો-

ને, પાછળ વળીને જોયું.

*

પાંચ

ગાડીઓ પર બેઠેલા નબીરાઓ-ટોળે વળીને બેઠેલા ઊંચા અવાજે ચર્ચા કરતાં ઇન્ટલેક્ચ્યુઅલ્સ!

મુડા પર બેસીને ચા પીતા સ્ટુડન્ટ્સ-

કોણે બૂમ પાડી?

અવાજ પુરુષનો હતો.

બે-એક ક્ષણ ઊભા રહીને જોયા પછી, ફરી કીક મારવા જ જતો હતો, ત્યાં એના ખભે એક ધબ્બો પડ્યો.

“અરે! સુજયને આશ્ચર્ય પણ થયું-ને આનંદ પણ! “અતુલીયા-તું?”

અતુલ સુજયની સ્કૂલમાં એની સાથે, મુંબઈ ભણતો હતો. જિનિયસ

છોકરો હતો.

“તું અહીં ક્યાંથી? સુજયે પૂછ્યું.

“આજે જ આવ્યો-સવારથી તારા ફોન ટ્રાય કરું છું. કેટલા મેસેજ મૂક્યા-ક્યાં હતો સવારથી?”

આઈ.આઈ.એમ.માં પ્રોફેશનલ્સને ક્યારેક વિઝિટિંગ ફેકલ્ટી તરીકે બોલાવે છે. મેં એમ.બી.એ. સીડનીમાંથી કર્યું-પણ મારી કંપનીમાં જે મારા બોસ છે તે અહીંના ગ્રૅજ્યુએટ છે. એમનો બહુ આગ્રહ હતો કે હું અહીં આવીને-મારા અનુભવો શેર કરું...”

“ઓ...”

સુજયની નજર હજી પેલી આકૃતિ પરથી હઠતી નહોતી.

એ અતુલના મળવાથી ખુશ નહોતો-એવું નહોતું. અતુલ એના બાળપણનો મિત્ર હતો-એનો સારો દોસ્ત હતો-

પણ અત્યારે... અત્યારે એનું સમગ્ર અસ્તિત્વ પેલી ધીમે ધીમે નજીક આવતી જતી સ્ત્રીઆકૃતિમાં અટવાયેલું હતું.

“ચાલ-ચા પીએ.” અતુલે કહ્યું.

“ઓ યસ.” સુજયે કહ્યું અને બાઇક વાળી લીધી.

બંને જણા મુડા પર બેઠા.

પેલી આકૃતિ સાવ નજીક આવી ગઈ હતી. આમતેમ જોઈ એણે રસ્તો ક્રોસ કર્યો-એને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે સુજય નામનો એક, તો... શ્વાસ ખીંટીએ ટાંગીને એની રાહ જુએ છે.

એણે તો એટલી જ ઝડપે આઈ.આઈ.એમ.ના મુખ્ય દ્વાર તરફ જવા માંડ્યું.

અતુલની વાતોમાં સુજયનું જરાય ધ્યાન નહોતું.

અતુલે કહ્યું પણ, "એ સુજલા-ક્યાં ધ્યાન છે તારું?"

પણ, સુજય જવાબ આપવાની સ્થિતિમાં પણ નહોતો!!

"અરે...અરે... ગઈ!" સુજયે લગભગ આશા મૂકી દીધી, કે રેવતી હવે ફરીને આ તરફ જોશે.

આમ પણ, એ ગેટથી થોડે દૂર, જમણી તરફ બેઠો હતો. એ તરફ જોવાનું કોઈ લોજિકલ કારણ નહોતું જ.

પણ...

ભલું થજો એક સાઇકલસવારનું-કે એ ગેટમાંથી સડસડાટ બહાર આવતાં રેવતીને અથડાયો.

બંને પડ્યાં...

ને સુજય, અતુલને ત્યાં જ પડતો મૂકીને દોડ્યો...

શું થાય છે એ સમજાય તે પહેલાં સુજય અતુલની નજર સામે નહોતો...

રેવતી પાસે પહોંચીને સુજયે એને ઊભી કરી. સાઇકલસવાર હજી જમીન પર જ હતો.

અથડામણના આઘાતમાંથી બહાર આવે એ પહેલાં, સુજયને જોઈને રેવતીના ચહેરા પર આશ્ચર્ય ફેલાયું.

"વાગ્યું નથી ને?" સુજયે પૂછ્યું.

"ના-ના. ખાસ નહીં." રેવતીએ કપડાં ખંખેર્યાં-હાથપગ ચેક કર્યા.

અતુલ પણ હવે અહીં આવી પહોંચ્યો હતો.

સાઇકલસવાર ધીમેથી ઊઠ્યો.

"સોરી" એણે કહ્યું.

"અરે, ક્યા સોરી! લગ જાતા તો? સુજય ભડક્યો.

"કંઈ નહીં-ઠીક છે-જાઓ."

"અરે શું, જાઓ? આવી રીતે સાઇકલ ચલાવવી હોય તો સર્કસમાં જાઓ. ત્યાં પૈસા પણ મળશે. આવા સ્ટંટ કરવાના..." સુજય હજી ચિડાયેલો જ હતો.

અતુલને હસવું આવી ગયું.

"ઈટ્સ ઓ.કે...તમે...જાઓ." રેવતીએ કહ્યું.

પેલો સાઇકલસવાર ફરીથી સાઇકલ પર બેઠો. "તમને નથી વાગ્યું ને?" રેવતીએ પૂછ્યું.

"કમનસીબે નથી વાગ્યું-વાગ્યું હોત તો સારું થાત...પાઠ શીખત." સુજયે ફરી પોતાની પિપુડી વગાડી.

હવે, રેવતીના ચહેરા પર પણ સ્મિત આવી ગયું. એણે પેલાને જવાનો ઇશારો કર્યો-પેલો ફરી 'સૉરી' કહીને ગયો.

"મારો ક્લાસમેટ છે એ-" રેવતીએ કહ્યું. "અને વાંક મારો હતો-કારણ કે મેં એને જોયો જ નહીં... મારું ધ્યાન ક્યાંક બીજે હતું." એણે ઉમેર્યું-"સાવ નજીક આવ્યો ત્યારે મેં જોયો એને..."

"અને, સાઇકલમાં તો હોર્ન પણ નથી હોતું." અતુલે મજાક કરી.

રેવતી ફરી મુસ્કુરાઈ.

"તમે? અહીં ક્યાંથી?

"આ-" સુજયે બતાવ્યું. "મારો ફ્રેન્ડ આવ્યો છે મુંબઈથી. એને મળવા આવ્યો હતો."

અતુલની આંખો આશ્ચર્યથી પહોળી થઈ. એણે સુજયની સામે જોવાનો પ્રયત્ન કર્યો-પણ સુજયે બેધ્યાન હોવાનો ડોળ ચાલુ રાખ્યો.

"ઓ!" રેવતીએ ઔપચારિક સ્મિત આપ્યું.

"મારું નામ અતુલ રાવલ છે." હવે અતુલે દોર હાથમાં લીધો "હું હિન્દુસ્તાન કમ્પ્યુટર્સમાંથી આવું છું-"

"અચ્છાઆઆ..." રેવતીના અવાજમાં જરા ઉત્સાહ આવ્યો-"તમે જ કાલે અમારો ફર્સ્ટ ક્લાસ લેવાના છો?"

"ક્લાસ" અતુલ હસ્યો-"નોટ રિયલી!" પછી, ગર્વથી સુજય સામે અર્થસૂચક જોયું.

"અનુભવોની વાત કરીશ થોડી... એમ.બી.એ. ભણવું અને બજારમાં જઈને નોકરી કરવી... બિઝનેસ મેનેજ કરવો, માર્કેટિંગ કરવું-આ બંને જુદી બાબતો છે, સાવ..."

રેવતી ખૂબ ધ્યાનથી સાંભળતી હતી. "કાલે હું મારા અનુભવો કહીશ-સ્ટુડન્ટ્સને."

"વેરી ઇન્ટરેસ્ટિંગ! રેવતીએ કહ્યું, "મજા આવશે."

"આશા રાખું-" અતુલે કહ્યું. પછી સુજય સામે જોયું-"આવો ચા પીએ."

"અ!!" રેવતી અચકાઈ-"ના-ના... મારો એક ફોન આવવાનો છે...મુંબઈથી..."

સુજયને ફાળ પડી.

રીમા સાથે સવારે થયેલી આખી વાત એને જાણે યાદ આવી ગઈ.

"બોયફ્રેન્ડ?" અતુલે શરારતી અવાજમાં પૂછ્યું-

પણ, જવાબની તલબ સુજયને વધારે હતી.

"ના-ના" રેવતી શરમાઈ. "સિસ્ટર."

સુજયે નિરાંતનો શ્વાસ લીધો.

રેવતીએ ચાલુ રાખ્યું.

"મારી જોડિયા બહેન છે, મુંબઈમાં. નિયતિ-દર બે-ત્રણ દિવસે ફોન કરે છે... ત્રણ દિવસથી ફોન નથી...એટલે આજે આવવો જોઈએ."

"બહુ ઇન્ટરેસ્ટિંગ છોકરી છે હં, અતુલ!" સુજયે વાતચીતમાં ઝંપલાવ્યું.

"કોણ? અતુલે ખૂબ અર્થસભર નજર નાખી, સુજય તરફ.

એણે જે રીતે બારોબાર ગપ્પું માર્યું હતું, પોતાને મળવા આવ્યાનું-અતુલ સમજી ગયો હતો કે કંઈ ગરબડ છે...હવે એને સુજયના ટાંટિયા ખેંચવાની મજા પડવાની હતી...

"કોણ?" એણે ફરી પૂછ્યું-

"હેં!" સુજય સમજતો હતો, આ સવાલ... અતુલનો ઇશારો રેવતી તરફ જ હતો...

"નિયતિ-રેવતીની ટ્વિન બહેન છે... બહુ મજાની છોકરી છે હં!"

"એ...મ!" અતુલે જરા મજાકિયા અવાજે પૂછ્યું-

અને કદાચ, સહેજ ગંધ રેવતીને પણ આવી જ.

"ચાલો-હું નીકળું..." રેવતીએ કહ્યું.

અને, વાત વધારે ન વણસે એ માટે, 'બાંધી મુઠ્ઠી લાખની' કરીને સુજયે પણ કહી દીધું-"ઓ.કે. બાય!"

રેવતી અતુલને "બાય-સી.યુ." કરીને નીકળી.

સ્ટ્રીટ લેમ્પને કારણે જાંબુડિયા અંધારામાં ઝાડના લાંબા લાંબા પડછાયા પડતા હતા. રેવતી જે ઝડપે ચાલતી આવતી હતી-એ જ ઝડપે અંદર ચાલવા લાગી.

એ જેવી પચાસેક મીટર દૂર ગઈ કે તરત જ અતુલે સુજયને ધબ્બો માર્યો-

"મને? મને મળવા આવ્યો'તો કેમ? મજનૂની ઓલાદ. હિંમત તો છે નહીં!"

"અરે...અરે... સાંભળ તો ખરો" સુજય હસતો જતો હતો...

"સાંભળે શું? રાજેન્દ્રકુમાર ને મનોજકુમારની ફિલ્મો જોઈજોઈને તારો રોમેન્સ પણ એ જ ટાઇમના હીરો જેવો થઈ ગયો છે-"

"કશું રોમેન્સ જેવું નથી..."

"એ તારે એને કહેવું'તું ને? અતુલે કહ્યું, "તું એને પ્રપોઝ કરીશ ત્યાં સુધીમાં તો એ બે બચ્ચાંની મા થઈ જશે-ધીમી ગતિના સમાચાર... ઇડિયટ!"

"ચૂપ રહે તું-" સુજયે કહ્યું, "એમ કંઈ રસ્તા વચ્ચે હાથ પકડીને-ઘૂંટણિયે પડીને પ્રપોઝ કરી નંખાય?"

"તો શું? વાર કેટલી લાગે?"

"બહુ વાર લાગે-ડોબા. આ કંઈ તમારી શરદીની ગોળીની એડફિલ્મ નથી... ગળાની નીચે ગોળી ઊતરે એ પહેલાં તો માણસને સાજો બતાવે..." સુજય હસ્યો.

"એ! અમારી પાસે 30 જ સેકન્ડ હોય છે, શું? એમાં અમે અમારી વાત કેટલી ઈફેક્ટિવ રીતે કહીએ છીએ એ જોવાનું છે."

"તે?"

"તે એમ...કે આમ ને આમ કરોડો કલાકો એના ઘરના આંટા મારવાનું ના પોસાય. ફટ દઈને કહી દેવાનું "આઈ લવ યુ... શું?"

"ને પછી, એક તમાચો ખાઈને ઘરભેગા થવાનું..."

"બે બચ્ચાંની માને જોઈને નિસાસા નાખવા કરતાં તો તમાચો સારો...ઇડિયટ!"

"તું ઇડિયટ!"

બંનેને અચાનક ખ્યાલ આવ્યો કે એ બંને ભયાનક મોટા અવાજે બોલતા હતા અને, સમગ્ર લોકોનું ધ્યાન એ બે જણા તરફ જ હતું...

"જમ્યો છે?" સુજયે પૂછ્યું.

"ના" અતુલે કહ્યું, "હજી તો સાત વાગ્યા હશે માંડ..."

"ચાલ-બેસ." સુજયે મોટરસાઇકલને કીક મારી.

અતુલ પાછળ બેસી ગયો.

"સાચવજે હં! મારી એક જ બૈરીનો એક જ વર છું હું..."

અને, સુજયે મોટરસાઇકલ મારી મૂકી.

*

છેલ્લા ત્રણ દિવસથી નિયતિ રોજ રાત્રે મોડી આવતી.

એના ગ્રુપના ચાર જણાના બર્થ-ડે જુલાઈના પહેલા અઠવાડિયામાં જ આવતા... એટલે જુલાઈ ફર્સ્ટ વીક પાર્ટીઓનું વીક હતું.

ગઈકાલે શનિવાર હતો-સેટર ડે નાઇટ. નિયતિ સવારે ચાર વાગ્યે ઘરે આવી હતી.

સવારે ઊઠી ત્યારે સાડા દસ થયા હતા. તારાબહેનનું મગજ ફાટ ફાટ થતું હતું.

ઘનશ્યામરાયે નિયતિને ડ્રોઇંગ રૂમમાં આવતાંવેંત જ છાપાંની પાછળથી તારાબહેનના કોપભવનમાં હોવાનો

ઇશારો કરી દીધો... એટલે, નિયતિ લાડકી થઈને તારાબહેનના ખોળામાં સૂઈ ગઈ-

તારાબહેને જોરદાર ધક્કો માર્યો-

"ખસ. કેટલા વાગે આવી?"-"શરમ આવે છે તને?" તારાબહેન ગર્જ્યાં, "જુવાનજોધ છોકરી થઈને આખી રાત બહાર રખડે છે તે."

"દાદી..." નિયતિ બોલતાં બોલતાં ફરી ખોળામાં માથું મૂકવા ગઈ-તારાબહેને હડસેલી દીધી...

"આઘી રહીને વાત કર. મને બહુ ગુસ્સો આવ્યો છે-ને ઘનિયા, તમારે બંને જણાએ કંઈ કહેવાનું છે કે નહીં?" તારાબહેને ઘનશ્યામરાયને અને કલ્યાણીને પણ સંડોવવાનો પ્રયત્ન કર્યો.

"બા, એવું છે ને કે..."

"તું ચૂપ જ રહે...તું એના પક્ષમાં દલીલ કરવાનો, મને ખબર જ હતી. તેં જ ફટવી છે. તારે માથે છાણાં થાપવાની આ. જોજે તું."

"દાદી...છાણાં તો ડર્ટી છે. તબલાં વગાડું તો ચાલશે ને? નિયતિએ જબરદસ્તી હાથ ખસેડીને તારાબહેનના ખોળામાં માથું મૂક્યું-

"દાદી, માથું બહુ દુ:ખે છે-દબાવી આપોને."

"તેલ નાખ તારાં ઝટિયાંમાં... કોરા વાળ રાખે, ઉજાગરા કરે-માથાં ના દુ:ખે તો થાય શું?"

"નાખી આપોને-મમ્મીને તમારા જેવું તેલ નાખતાં નથી આવડતું."

"તે ક્યાંથી આવડે?" તારાબહેન પોરસાયાં. "અમે તો અસલી ઘી ખાધું છે. તમારી જેમ ભેળસેળિયા જમાનામાં નથી જીવતાં-"

નિયતિએ ઘનશ્યામરાયને આંખ મારી. ઘનશ્યામરાય છાપાંની પાછળ હસ્યા ને, કલ્યાણીએ રસોડામાંથી ડોકિયું કર્યું-

"કલ્યાણી...જરા તેલ હૂંફાળું કરીને લાવજો..." તારાબહેને હુકમ કર્યો-

- ને રવિવારની સવાર દાદી ને પૌત્રીના પ્રેમાલાપમાં ક્યાં વીતી ગઈ એની ખબર જ ન પડી.

વળી, સબ ટી.વી. પર સાવિત્રીની 'સિરિયલ" જોતાં તારાબહેને ટહુકો કર્યો

"જોયું-કેવી પતિવ્રતા છે તે?"

નિયતિ હસી... અને, દાદીને જવાબ આપ્યો.

"પતિ તો હોવો જોઈએ કે નહીં?!"

"કહેને તારાં મા-બાપને-તારા માટે છોકરો ગોતે... હું તો આમ ને આમ મરી જવાની છું...બેમાંથી એકેયના પતિને જોયા વિના..." તારાબહેને બળાપો કાઢ્યો.

"હોતું હશે? તમારે તો મારાં છોકરાં સાચવવાનાં છે-હું પાર્ટીમાં જાઉં ત્યારે... સવારે ચાર વાગ્યે આવીશ ને-ત્યારે પણ..."

"ચૂપ રહે ચિબાવલી." તારાબહેને મીઠો છણકો કર્યો.

નિયતિ અને તારાબહેનની આ જુગલબંધી રોજ ચાલતી. બંનેને ઘડીભર એકબીજા વિના ન ચાલતું-

ઉપર ઉપરથી એને વઢતાં, ધમકાવતાં તારાબહેનને ખબર તો હતી જ-બલ્કે વિશ્વાસ હતો, કે એમની દીકરીઓ ક્યારેય સંસ્કારનો ઉંબરો નહીં ઓળંગે.

રાત્રે નિયતિએ રેવતીને ફોન કર્યો ત્યારે મધુએ ફોન લીધો અને કહ્યું કે રેવતી ચાલવા ગઈ છે.

બીજીવારના ફોને રેવતી મળી.

ને, મળી એટલે તરત એણે નિયતિને ખખડાવી.

"ત્રણ દિવસે ટાઇમ મળ્યો તને?"

"તને તો ખબર છે-" નિયતિએ સફાઈ આપવા માંડી. "જુલાઈ ફર્સ્ટ વીકમાં મારે ચાર પાર્ટી હોય છે."

"હા હવે-એમાં બહેનને ભૂલી જવાની?"

"અરે, ના યાર-એક્ચ્યુલી અમે તને મીસ કરી... ગયે વર્ષે કેટલી મજા આવેલી 'શામિયાના'માં યાદ છે?"

"મીસ તો હું પણ તને કરું જ છું." રેવતી જરા લાગણીશીલ થઈ ગઈ. દાદી બહુ યાદ આવે છે-"

"એ પણ તને બહુ જ યાદ કરે છે." નિયતિએ કહ્યું, ને ઉમેર્યું-"સવારે દાદી સાથે જરા દાંડિયા થયા..."

"શું કામ સતાવે છે, એમને?" રેવતી ચિડાઈ જરા-"બિચારાં-બૂઢાં થઈ ગયાં છે, હવે."

"એ જ તો-એ પણ એમ જ કહેતાં હતાં" નિયતિએ કહ્યું.

"એમને મરતાં પહેલાં-"

"ચૂપ" રેવતીએ વચ્ચે જ ટોકી.

"અરે સાંભળ તો ખરી-" નિયતિએ આગળ ચલાવ્યું. "એમને મરતાં પહેલાં જમાઈ જોવા છે..."

"બતાવી દઈએ" રેવતી મુસ્કુરાઈ.

"હેં!" નિયતિ ચોંકી-"શું કહે છે?"

"મેં એક સરસ છોકરો જોયો છે."

"કઈ દુકાનમાં?" નિયતિએ પૂછ્યું.

"ડફોળ, દુકાનમાં નહીં-હૉસ્પિટલમાં..."

“બિચારો! બીમાર છે?”

“ના-ડૉક્ટર છે. તારી પણ દવા કરશે.” રેવતીએ કહ્યું.

“ફીમાં?” નિયતિ હજી મજાકમાં મૂડમાં જ હતી.

પણ, રેવતી સિરિયસ હતી.

એને નિયતિ માટે સુજય એકદમ ફીટ બેસતો મુરતિયો લાગતો હતો.

“અ... ડૉ. સુજય યાદ છે? ડૉ. સુજય શાહ?”

“મિહિરનાં લગ્નમાં હતો એ? મહેન્દ્ર અંકલનો સન?”

“હા-હા એ જ-” રેવતીને લાગ્યું કે નિયતિને કદાચ રસ છે.

“એ છોકરો? કોને માટે?

“કોને માટે, શું? તારે મારે-ડિયર સિસ્ટર!”

નિયતિ ખડખડાટ હસી પડી...પછી કહ્યું, “એને પૂછી જોજે પહેલાં-એ તો તારા ચક્કરમાં હતો, લગ્ન વખતે!”

“ડોન્ટ ટેલ મી.”

“આઈ હેવ ઓલરેડી-”

નિયતિની નજર સામે હજીયે સુજયની એ પ્રંશસાથી ભરી ભરી નજર અને રેવતી માટેની અદમ્ય ઝંખના દેખાતી હતી.

રેવતી વિચારમાં પડી ગઈ-

એની સ્મૃતિમાં નાનામોટા બે-ચાર પ્રસંગો અને વાક્યો ઘૂમરી ખાઈ ગયાં.

“ખેર, તું વિચારજે-” રેવતીએ પૂરું કરવાનો પ્રયત્ન કર્યો. “સારો છોકરો છે. મને ગમ્યો છે.”

“તો તું જ પરણી જા.” નિયતિએ કહ્યું-ખડખડાટ હસીને, ત્યારે એને નહોતી ખબર કે એ મજાક નહોતી, ભવિષ્યવાણી હતી.

અને, રેવતી ફોન મૂકીને રૂમ તરફ આવતાં પોતાનું અને સુજયનું વર્તન તપાસતી રહી.

રૂમ ખોલવાનો અવાજ સાંભળીને મધુએ દરવાજો ખોલ્યો.

“હાય!” મધુએ રેવતીને જોઈને કહ્યું,

“હાય!” રેવતીએ જવાબ આપ્યો.

“તને મળવા કોઈ આવેલું-ડૉ. શાહ. ડૉ. સુજય શાહ. યંગ, હેન્ડસમ મેન!”

"હા-મળ્યા મને." રેવતીએ કહ્યું.

"રિલેટિવ?"

"ના-"

"ફ્રેન્ડ?"

"નોટ રીયલી-" રેવતીએ કહ્યું અને બારણું ખોલીને અંદર દાખલ થઈ.

એના પગમાં એક એન્વેલપ અથડાયું. એણે ઉપાડ્યું-ખોલ્યું અને અંદરથી એક કોરો કાગળ નીકળ્યો.

જેના પર એ દિવસની તારીખ લખી હતી, એક ખૂણે-

રેવતીએ ઉથલાવી-પલટાવીને જોયું. કાગળ સાવ કોરો હતો.

માત્ર, આજની તારીખ 7 જુલાઈ, 2001 અને બાકી આખેઆખો કોરો.

પત્ર નહીં-માત્ર કાગળ.

કોરો કાગળ.

"કોણ નાખી ગયું હશે આ?" રેવતી ગૂંચવાઈ,

"ને, અર્થ શું, આનો?"

સુજય?-એનું મન શક્યતા તપાસવા લાગ્યું-

ત્યાં બારણે ટકોરા પડ્યા.

રેવતીએ દરવાજો ખોલ્યો.

મધુ હતી.

"સમીર શોધતો હતો-તને... બે વાર આવીને ગયો... કંઈ નોટ પણ મૂકીને ગયો છે, આઈ થીંક-" મધુએ કહ્યું.

ને, રેવતી સ્તબ્ધ, મંત્રમુગ્ધા-અર્ધદગ્ધા બારસાખ ઉપર જડાઈ ગઈ જાણે!

*

૯

રેવતીએ 'નોટ' જોઈ-પેલો કાગળ, જેમાં એક અક્ષર પણ લખેલો નહોતો. એના રૂમમાં દાખલ થતાં જ મળ્યો!

એક ખૂણે તારીખ લખેલી હતી-માત્ર.

7 જુલાઈ-2002!

"કોણ હશે આ?"

સુજય?"

મનોમન એની દલીલ શરૂ થઈ.

જાત સાથે વાત કરવાની એની ટેવ જૂની હતી!

"પણ, સુજય શા માટે આવું કરે?-"

નિયતિએ કરેલી ટિપ્પણી ફરી એકવાર મનમાં ઘૂમરાઈ ગઈ.

"સમીર..." રેવતીએ ફરી એક નવી શક્યતા તપાસી. "પણ સમીર... આવું...??? અને આ કોરા કાગળનો અર્થ શો?"

"હશે-જે હશે તે-"

એણે કાગળ ટેબલ પર મૂક્યો-ઉપર દેવી દુર્ગાનું પેપરવેઇટ મૂક્યું-અને પછી બાથરૂમ તરફ આગળ વધી ગઈ.

*

સુજય અને અતુલ મોટરસાઇકલ પર નીકળ્યા-

અતુલ ખડખડાટ હસતો હતો-ને, સુજયના ખભા અને પીઠ પર તબલાં વગાડી વગાડીને ગાતો હતો-

"પ્યાર તો... હોના... હી... થા..."

સુજયને પોતાના ગાલ-પોતાના કાન ગરમ ગરમ થતા અનુભવાઈ રહ્યા હતા.

"ક્યાં આ ડફોળ-અતુલિયાની સામે બધી પોલ ખૂલી ગઈ... મુંબઈ જઈને બિન્દાસ બફાટ કરવાનો-" સુજય મનોમન ગણતરીઓ માંડતો હતો.

"ગમે તેમ કરીને એને રોકવો પડે-બાકી ભેંસ ભાગોળે, છાશ છાગોળે... ને આ મારે ઘેર ધમાધમ કરાવશે..."

બંને જણાં આંબાવાડી સર્કલ પાસે થઈને સેન્ટર પોઇન્ટ બિલ્ડિંગથી ડાબી બાજુ સી.જી. રોડ તરફ વળ્યા.

"ક્યાં લઈ જાય છે-એ?" અતુલ ગર્જ્યો.

"જમવા-"

"પણ ક્યાં?"

"બેસ્ટ જગ્યાએ-"

"ઓ ભાઈ-મારે ઘાસફૂસ નથી ખાવું-સમજ્યો? ગુજ્જુભાઈ? સાનુ જરા ચિકન-વિકન ખિલાઓ... દારૂ-બારૂ તો તેરે બેકાર-ફાલતૂ શહેર મેં મિલેગા નહીં..."

"કિસને કહા?"

"અચ્છાઆઆઆ..." અતુલ એકદમ મજાકના મૂડમાં હતો-અને ધીરે ધીરે એનો રંગ સુજય પર ચડતો જતો હતો.

સુજયે સી.જી. રોડ પર 'શીબા'ની સામેની તરફ મોટરસાઇકલ પાર્ક કરી.

"ઊતર" એણે અતુલને કહ્યું.

"યહાં?" "અહીં શું મળશે?"

"બધું! જે માગીશ તે-"

"પણ-પેલી તો નહીં મળે ને? હેં?"

"શટ અપ..." સુજય જરા ચિડાયો-ખડખડાટ હસતો અતુલ અને અન્યમનસ્ક સુજય 'શીબા'માં દાખલ થયા, બેઠા.

મેનુકાર્ડ આવ્યું-

સુજયે અતુલ તરફ ધકેલ્યું-

"ઓર્ડર આપ."

અતુલ હજી તોફાનના જ મૂડમાં હતો-એણે ઓર્ડર આપવા માંડ્યો-

"એક લંબે બાલવાલી-ન ગોરી ન સાંવલી..."

"અતુલ... ઈનફ..."

"ઓ.કે. બાવા ઓ.કે." અતુલે ડાહ્યા થઈને ઓર્ડર આપ્યો-

પછી સિરિયસ થઈને, એકદમ આત્મીયતાથી પૂછ્યું-

"ગલ ક્યા હૈ યાર? મામલા જમા નહીં અભી તક?"

"ના યાર-"

"કોણ છે?"

"ફેમિલી ફ્રેન્ડની દીકરી છે-"

"ઓયે! તો ક્યા પ્રોબ્લેમ હૈ?"

"પ્રોબ્લેમ કંઈ નથી યાર-પણ એવું કેવી રીતે પુછાય?"

"કેવી રીતે? એટલે શું વળી? તું ખૂબ દેખાવડો છે-ડૉક્ટર છે-સારા ઘરનો છોકરો છે-કોઈ વ્યસન નથી... એની પાસે ના પાડવાનું કોઈ કારણ જ નથી.

"પણ..."

"તું જિંદગીભર આ તારા પણ. ...માંથી ઊંચો નથી આવવાનો-જસ્ટ ગો, એન્ડ બ્રેક ધ આઇસ-"

"એ ભાઈ-આ માર્કેટિંગ નથી-જિંદગી છે."

"પણ કહીશ નહીં તો એને ખબર કેવી રીતે પડશે- અને ખબર નહીં પડે તો..."

અતુલ વિચારમાં પડી ગયો-"પ્રાજી-તૂસી સિરિયસ તો હો?"

"ટુ હન્ડ્રેડ પરસેન્ટ..."

"હા-જોકે, તારે વિશે તો એવો સવાલ જ નથી આવતો, બાકી તારે ક્યાં ખોટ હતી-કેમ? આમ, ઓફિશિયલી તારું પહેલું લફરું? કેમ?"

"આમ-ને તેમ, અનઓફિશિયલી કે ઓફિશિયલી-પહેલું જ..." સુજય જરા શરમાયો.

"ક્યા બાત હૈ-?? છોકરી નસીબદાર છે, એમાં ના નહીં... આવો ભણેલો-ગણેલો, દેખાવડો, કાચો-કુંવારો..."

"બસ-બસ!" સુજયે વાત વાળી, બાકી આ પંજાબી પટ્ઠો તો ભાષાને ચિકનની જોડે જ ચાવી જતે-

"શું કરું-એમ કહે ને?"

"જઈને કહી દે, યાર... સિમ્પલ..."

"ને ના પાડે તો?"

"તો ઉઠાવીને લઈ જા-દિલવાલે દુલ્હનિયાં લે જાયેંગે..."

"હું કંઈ પૃથ્વીરાજ ચૌહાણ નથી-સમજ્યો? મને સાચી-સારી અને વાજબી સલાહ આપ."

"જો ભઈ-મને તો આવી સમજ પડે છે-બાકી તો તું... સત શ્રી અકાલ... જથ્થામાં ભરતી થઈને ગુરુદ્વારામાં સેવા આપ..."

"મને લાગે છે-એને ડીનર પર ઇન્વાઈટ કરું?"

"બોલાવી લે-કાલે જ!"

"કાલે નહીં-આવતા રવિવારે..."

"તું તો યાર, રાજકપૂર-નરગીસથી પણ પહેલાંના જમાનામાં જીવે છે-"

"જેવો છું તેવો-"

"અરે, આ ઇન્ટરનેટનો જમાનો છે... આઈ.ટી.નો જમાનો-બાવીસમી સદી..."

"સદી બદલાય, ટેક્નોલોજી બદલાય, પ્રેમ ના બદલાય-ડોબા! પ્રેમ તો લવલેટર્સ જેવો છે-વર્ષો પછી વાંચો ને તોય એટલા જ તાજા લાગે-ગઈકાલે આવ્યા હોય, એવા..."

"ગીત ગાયા પથ્થરોંને-" અતુલ હસ્યો-"ક્યા બાત હૈ, યાર? તું તો આખો રોમૅન્ટિક થઈ ગયો છે-"

"હા-ખરેખર! રેવતીને જોતાં જ મને સમજાઈ ગયેલું કે આ જ છે... ધીસ ઈઝ ધ ગર્લ... માય ડ્રીમ ગર્લ..."

અતુલ મુગ્ધ થઈને સુજય સામે જોઈ રહ્યો. સુજય જાણે સ્વગત બોલતો હતો-જાત સાથે વાત કરતો હતો...

અતુલ એને બાળપણથી ઓળખતો-અડધી ચડ્ડી પહેરીને સ્કૂલે જતા ત્યારથી. સુજય પહેલેથી જ સિરિયસ પ્રકારનો છોકરો હતો. 15-16 વર્ષે છોકરીઓને જોઈને સિસકારા ભરતા છોકરાઓમાં એ ક્યારેક નહોતો ભળતો.

બે-ચાર બહેનપણીઓ હશે-એમના ઘર સુધી જતો-આવતો. માત્ર નિર્દોષ મિત્રતા... છોકરીઓનાં મા-બાપ પણ સુજય પર વિશ્વાસ મૂકતાં. પાર્ટીઓમાં જતાં-આવતાં સુજયની ગાડી છોકરીઓથી ભરાતી-કારણ કે કન્યાઓને લેવા-મૂકવાની જવાબદારી જો સુજય લે તો જ એમનાં મા-બાપ આવવા દે!

બીજા છોકરાઓ જ્યારે સેક્સનાં પુસ્તકો વાંચતા-બ્લ્યૂ ફિલ્મો જોતા કે મધુરમ, કૃષ્ણ, લાઇટ હાઉસની મોર્નિંગ શોની મલયાલમ ફિલ્મો જોવા જતા ત્યારે સુજય સમર સેટ મોમ કે ચેખોવ-મોપાંસાની વાર્તાઓ વાંચતો...

બાળપણથી જ, સાવ નોખી માટીનો છોકરો હતો, એ!

બાકીના છોકરાઓ પોતાના ભવિષ્ય કે કારકિર્દી વિશે ગૂંચવાતા-ત્યારે સુજયને પાકી ખબર હતી કે એને ડૉક્ટર બનવું છે-

એમ.બી.બી.એસ. પાસ થયા પછી-માગાં આવવા માંડ્યાં ત્યારે પણ સુજયે કહ્યું-સ્પષ્ટ... "હજી વાર છે-મારે આગળ કોસ્મેટિક સર્જરી ભણવું છે-પ્રાઇવેટ ક્લિનિક શરૂ કરવું છે.-લગ્ન વિશે એ પછી જ વાત..."

અતુલ વિચારી રહ્યો-"આજે સુજય સર્જન થઈ ગયો હતો. ક્લિનિક શરૂ કરવાને છ-બાર મહિનાની વાર હતી-ને ત્યારે ઈશ્વરે એને લાયક છોકરી પણ મોકલી આપી... નસીબદાર છે ને?"

*

બંને જમીને નીકળ્યા-પાન ખાધું-સી.જી. રોડ પર ચાલતા રહ્યા-એ પછી અતુલને મૂકવા આઈ.આઈ.એમ. ગયો ત્યારે લગભગ સાડા અગિયાર થયા હતા.

કોઈ શક્યતા નહોતી-છતાં, સુજયને અમસ્તી જ જાણે કોઈની તલાશ હતી...

અતુલે મજાક કરી, “કલ સવેરે આ જા. તેનું ભી પઢા દૂંગા-સાથ સાથ બૈઠ કે મેરા લેક્ચર સુન લીઓ.”

“કાલે તો સોમવાર-ઇમરજન્સી...”

“ઠીક હૈ ફીર-મૈં તો શામ કી ફ્લાઈટ સે જાઉંગા-સારું થયું, તું મળ્યો. યા-મજા આવી. ખરેખર...”

ભેટ્યા, બંને-

“ઓલ ધ બેસ્ટ-નક્કી થઈ જાય તો જણાવજે. હું અને પરવીન બંને પાર્ટી લેવા અહીં આવી જઈશું-” પરવીન એની પત્ની હતી. ઇન્ડિયન એક્સપ્રેસમાં પત્રકાર હતી...

“જરૂર...” સુજયની આંખના ખૂણામાં સહેજ ભીનાશ આવી-

બંને છૂટા પડ્યા.

હાથ મિલાવ્યા.

ને, સુજયે મોટર સાઇકલ સિવિલ તરફ મારી મૂકી.

અતુલ અંદરની તરફ જવા લાગ્યો.

સાડા અગિયારે પણ સહેજ ગરમી હતી. બફારો ખાસ્સો હતો-

“આજકાલમાં વરસાદ આવવો જોઈએ...” અતુલ મનમાં ને મનમાં વિચારતો હતો. “આ વખતે વરસાદ પછી પરવીનને લઈને જસતપુર જવું છે.” જસતપુર એનું ગામ હતું-અંબાલા પાસે.

કોણ જાણે કેમ-આજે સુજયને મળીને એને ઘર, બાળપણ અને ગામ યાદ આવી ગયું... વગર વરસાદે જાણે ભીની માટીની ગંધ એનાં નસકોરાંને ભરી ગઈ!!

*

સિવિલ તરફ જતાં સુજય હજી મનોમન રેવતી વિશે જ વિચારતો હતો...

ખરેખર તો, અતુલની સાથે બેઠો હતો ત્યારે, જમતાં-કે સી.જી. રોડ પર ચાલતાં ચાલતાં-એના મનમાં રેવતીનો વિચાર ચાલ્યા જ કરતો હતો.

“અજબ ફીલિંગ છે-બીજું કંઈ સૂઝતું જ નથી-” સુજય એકલો જ મલકાઈ પડ્યો.

“આઈ થીંક, અતુલ સાચું જ કહેતો હતો-આ પાર-કે પેલે પાર... આ રવિવારે બોલાવીને કહી જ નાખું...” સુજયના વિચારોની ગતિ મોટરસાઇકલ કરતાં પણ તેજ હતી.

“કે પછી આમ જ, પહેલાં જરા દોસ્તી કરું, એને મને ઓળખવાની, સમજવાની તક આપું... અને... કદાચ એ જ મને...” મલકાઈ ગયો એ!

"મમ્મીને કહું, એના ઘરે જ વાત કરે-સીધેસીધી! લગ્નની જ!"... સુજયે વળી એક નવી શક્યતા તપાસી જોઈ. "પણ એને એમ થાય કે... કોને ખબર?"

ગૂંચવણમાં-મૂંઝવણમાં... સિવિલ ક્યારે પહોંચ્યો-મોટરસાઇકલ ક્યારે પાર્ક કરી, ક્યારે તાળામાં ચાવી નાખીને રૂમનો દરવાજો ખોલ્યો-એને પોતાને જ ખબર ન પડી...

પહેરેલે કપડે ધબ્બ દઈને પલંગમાં પડ્યો, ત્યારે એને ગાલીબનો શેર યાદ આવી ગયો...

"ઇશ્કને હમકો નિકમ્મા કર દીયા, ગાલિબ.
વર્ના હમ ભી આદમી થે કામ કે!"

*

સોમવારે સવારે સાડા સાતે ઊઠીને રેવતી રોજિંદાં કામોથી પરવારી-રૂમની સફાઈ કરી સાડા આઠે નીચે ઊતરી... ત્યારે બધા જ સ્ટુડન્ટ્સ મુખ્ય હોલ તરફ જતા હતા.

આજે અતુલ મહેરાનું લેક્ચર હતું-કોમન હોલમાં. બંને વર્ષનાં, ચારે સેમિસ્ટરના વિદ્યાર્થીઓ માટે... ફરજિયાત હતું આ ભાષણ.

રેવતી પણ ધીમે પગલે એ તરફ ચાલી નીકળી.

ખુલ્લા આકાશી બ્લ્યુ રંગનો સ્ટેન્ડ પટ્ટી ગળાનો ઢીલો કુર્તો-અને સફેદ ચુડીદાર સાથે મહેશ્વરી બોર્ડરની સફેદ ઓઢણી હતી, જેમાં સ્કાય બ્લ્યૂ બોર્ડ હતી... કપાળ પર મોટો આકાશી બ્લ્યૂ ચાંદલો-અને કાનમાં એક એક મોતીની સફેદ બુટ્ટી...

સવારના સાડા આઠ વાગ્યે પણ ગરમી શરૂ થઈ ગઈ હતી-વરસાદ પહેલાંના બફારાની અસર વર્તાતી હતી ચારે તરફ.

અમુક વિદ્યાર્થીઓ ઢીલાં શર્ટસ, ને જિન્સમાં હતાં-તો અમુક તો શોર્ટસ અને ટી-શર્ટમાં હતા.

આઈ.આઈ.એમ.માં કોઈ બંધનો નહોતાં. માત્ર ફોર્મલ કલાસ હોય ત્યારે જ ઔપચારિક કપડાં-ફોર્મલ કલોથ્સ અને ટાઈ ફરજિયાત રહેતાં. બાકી જેને જે પહેરવું હોય તેની છૂટ રહેતી... ખરું પૂછો તો અમુક પ્રકારે બેદરકાર રહેવાની ફેશન હતી, અહીં-"કેમ જાણે કપડાંનું કોઈ મહત્ત્વ નથી, જે છે તે આ બુદ્ધિ-અને આ મગજનું મહત્ત્વ છે' એવું કહેવાનો પ્રયત્ન હોય-આખો!

રેવતી ફટાફટ ચાલવા લાગી. અમસ્તો જ વાળેલો એનો ઢીલો અંબોડો ધીમે ધીમે સરકવા લાગ્યો હતો-તે પકડીને ખોલીને-એક મિનિટ ઊભા રહી એણે ફરી વાળ્યો.

ઉતાવળમાં ચીપિયો ભરાવવાનું ભૂલી ગઈ હતી, આજે... એટલે પેન્સિલ ખોસી દીધી, ચીપિયાની જગ્યાએ-

અને મેઈન બિલ્ડિંગના ગ્રે, કોટા સ્ટોનના પગથિયાં ચડવા લાગી.

"હલ્લો-ગુડમોર્નિંગ..." પાછળથી અવાજ આવ્યો... રેવતી ફરી... અતુલ મહેરા ઝડપથી પગથિયાં ચઢીને નજીક આવ્યો.

"હલ્લો, મિ. અતુલ મહેરા!" રેવતીએ ઔપચારિક સ્મિત કર્યું-"ગુડમોર્નિંગ."

"મને તમારું નામ જ નથી ખબર-"

"રેવતી. રેવતી આચાર્ય." એણે કહ્યું. "ફર્સ્ટ યર, ફર્સ્ટ સેમિસ્ટર..."

"સુજય તમારાં ખૂબ વખાણ કરતો હતો."

રેવતીએ માત્ર સ્મિત કર્યું, જવાબમાં! અને, બંને જણાં બાકીનાં પગથિયાં ચડવા લાગ્યાં.

"મારો બાળપણનો મિત્ર છે-સુજય... ખાસ ફ્રેન્ડ..."

"અચ્છા!" રેવતીને સમજાતું નહોતું, કે આ સુજય વિશે કેમ વાત કરતો હતો-

"વેરી નાઈસ પરસન-અચ્છો માણસ, પ્રેમાળ, સાચો ને સરળ... આ જમાનામાં આવો માણસ મળવો અઘરો છે..."

"હમ" રેવતી હજીયે એની સાથે પગથિયાં ચઢતાં મનમાં ગૂંચવાતી હતી.

પગથિયાં ચઢીને કોરીડોરમાં થઈને મેઈન હોલના દરવાજે પહોંચ્યા, ત્યાં સુધી અતુલ સુજયનાં, એના સ્વભાવનાં, એના કુટુંબનાં એની સરળતાનાં, એની બુદ્ધિ અને હોશિયારીનાં વખાણ કરી ચૂક્યો હતો.

મૂળ માર્કેટિંગનો માણસ-આજે એની તમામ આવડતને કામે લગાડવા માગતો હતો, પણ આ છોકરી..." "અતુલે વિચાર્યું, "જબરી છે-એક શબ્દ બોલતી નથી!"

હોલના દરવાજે આવીને અતુલે કહ્યું-

"ઓકે - રેવતી... મળીએ-મુંબઈ આવો તો ફોન કરજો."

"જરૂર..."

બંને છૂટાં પડ્યાં.

રેવતી, વિદ્યાર્થીઓ બેઠાં હતાં તે તરફ ગઈ ને, અતુલ સ્ટેજ તરફ.

જતાં જતાં અતુલ મનમાં ને મનમાં વિચારતો હતો-

"સુજયની વાત તો સાચી છે-કંઈ સમજાતું નથી. "હા" છે કે "ના"-મારી બેટી બોલતી જ નથી કંઈ...

*

રેવતી ડાબી તરફ વળીને વિદ્યાર્થીઓ બેઠા હતા, ત્યાં આવી... એણે એક સરસરી નજર મારી.

મધુ-એના કલાસના બે-ત્રણ જણા જોડે બેઠી બેઠી તડાકા મારતી હતી... પછી થોડી ખુરશીઓ ખાલી હતી.

એની પાછળની હરોળમાં રેવતીના કલાસના થોડા વિદ્યાર્થીઓ-થોડા બીજા વર્ષના વિદ્યાર્થીઓ બેઠા હતા-

અને, એના પછીની હરોળમાં થોડા અજાણ્યા ચહેરા હતા-કદાચ, પ્રોફેસર્સ, અથવા ગેસ્ટ!!

આઈ.આઈ.એમ.ના જૂના સ્ટુડન્ટનું એક યુનિયન ચાલતું... જે આવા કાર્યક્રમોની જાણ પત્રોથી કરતું, એટલે મહેમાનો પણ આવતા-જેમને રસ હોય એવા મહેમાનો!

એણે અચાનક પાછળ જોયું, છેલ્લી હરોળની છેલ્લી ખુરશીમાં...

... સમીર બેઠો હતો.

ઓપન કોલરનું ક્રોકોડાઈલનું સફેદ ટી-શર્ટ અને સ્કાય બ્લ્યુ જીન્સ... પગમાં સેન્ડલ...

ખુરશી પર પાછળ માથું નાખીને-બે હાથ પહોળા કરી બંને તરફની ખુરશી પર ફેલાવીને-શરીર ઢીલું કરીને એ લગભગ સૂતો હતો... આંખો બંધ હતી એની.

રેવતી એક ક્ષણ જોઈ રહી... એ પહોળા ખભા, ફેલાયેલા હોવાથી જરા વધારે પહોળા લાગતા હતા... છાતીના વાળ ટી-શર્ટના બંને બટન ખુલ્લા હોવાથી સ્પષ્ટ દેખાતા હતા. એક દિવસની વધેલી દાઢી, દાઢીની બરાબર મધ્યમાં ખંજન... અને મંદિરમાં કોતરેલાં શિલ્પ જેવું નાક... બંધ આંખો...

“શા માટે-શા માટે એણે મારી સાથે આવું કર્યું? આવી મજાક હોય? ...” રેવતીને ફરી એકવાર એ કડવાશ યાદ આવી ગઈ... એ ઊંધી ફરી ગઈ... અને બે પગથિયાં નીચે ઊતરી-એક ખાલી હરોળની બે-ત્રણ ખુરશીઓ છોડીને બેસી ગઈ, એકલી! ચૂપચાપ!

અતુલ મહેરાનું ભાષણ શરૂ થવાને હજી વાર હતી-પંદરેક મિનિટની.

વિદ્યાર્થીઓ આવતા જતા હતા-ખુરશીઓ ભરાતી જતી હતી.

અચાનક એના શ્વાસ એક ચિરપરિચિત લાગતી સુગંધથી ભરાઈ ગયા. જ્યોર્જિયો હા... જ્યોર્જિયો જ હતું આ!

અરમાની રેવતીના મનપસંદ કોલોનમાંથી એક! રેવતીએ નજર ફેરવી... એ જોવા કે કોણ છે જેણે એનું ફેવરિટ કોલોન ... જ્યોર્જિયો લગાડ્યું છે?

પણ, ત્યાં જ-એની બાજુ સીટ પર આવીને કોઈ બેઠું-અને પેલું જ મહેકતું કોલોન... એના શ્વાસ તરબતર થઈ ગયા.

એણે બાજુમાં જોયું-

પેલી કથ્થાઈ-બ્લ્યુ આંખોની જોડી એની સામે એકીટશે જોઈ રહી હતી.

રેવતી પોતાની આંખ હટાવી લેવા માગતી હતી-એણે કહેવું હતું-“ગેટ અપ પ્લીઝ!”

અથવા... અથવા... ઊભા થઈને ત્યાંથી જતા રહેવું હતું-પણ...

પેલી બે આંખો-

સંમોહન હતું-કે વશીકરણ?

પોતાનું ફેવરિટ કોલોન, પેલી બે આંખો એનો એ રોમન શિલ્પ જેવો ચહેરો... રેવતીનું દિમાગ ચકરાઈ જવા જેવો કોલાજ બનતો હતો-

રેવતીએ ઝટકા સાથે એ સંમોહન તોડ્યું-અને ઊભી થવા ગઈ...

સમીરનો હાથ લંબાયો-

એણે હાથ પકડીને એને બેસાડી દીધી.

હાથ પકડીને? રેવતીનું મગજ ફાટફાટ થતું હતું-ને છતાં...

કશુંક એવું હતું જે એની બુદ્ધિ-એના ગુસ્સા, એના અભિમાનની પેલે પાર હતું-કશું અલૌકિક... અપાર્થિવ... સુગંધી...સંમોહક...

સામે અતુલ મહેરા સ્ટેજ પર ગોઠવાઈ ગયા હતા.

આઈ.આઈ.એમ.ના ડિરેક્ટર એની ઓળખાણ આપતા હતા...

રેવતીને જાણે કંઈ ખબર જ નહોતી પડતી-કોણ શું બોલતું હતું?

શા માટે બોલતું હતું?

એ અહીં શું કરતી હતી?

એ કોણ હતી?

એનું નામ શું?...

કથ્થાઈ-બ્લ્યુ આંખોના પ્રવાહમાં તણાતી અથડાતી-કુટાતી એ જાણે વહેતી હતી-પૂરઝડપે...

એ ફરી ઊભી થઈ-

હાથ હજી સમીરના હાથમાં જ હતો.

ઊભી થતાં જ હાથ ખેંચાયો-રેવતી આપોઆપ જ ફસડાઈ પડી-સમીરની બાજુમાં... એ કથ્થાઈ-બ્લ્યુ આંખો લુચ્ચું હસતી હતી.

રેવતીનો ગુસ્સો સાતમા આસમાને હતો-

એણે નીચે નજરે આસપાસ જોયું... ખાતરી કરવા, કે આ બધું કોઈ જોતું નથી ને?

બધા જ સ્ટુડન્ટ્સની નજર સામે-સ્ટેજ તરફ હતી...

એણે ફરી એક બળપૂર્વકનો ધક્કો માર્યો-પોતાની જાતને...

ત્રીજીવાર એ ઊભી થવા જતી હતી ત્યારે-

સમીરે એનો હાથ પકડી લીધો-

અને, બે સીટની વચ્ચે-નીચેના ભાગમાં લઈ લીધો. સિનેમા થિયેટરની સીટ પર બેઠેલાં બે પ્રણયીઓની જેમ રેવતી અને સમીર હાથ પકડીને હોલમાં બેઠા હતાં.એનો હાથ પકડીને સામે જોવામાં મગ્ન સમીર, રેવતી, હાથ છોડાવવા-મથતી રહી... ધીરે ધીરે... કોઈને ખબર ન પડે એમ...

સીટની વચ્ચે જ-નીચેના ભાગમાં મથામણ કરતી રેવતી...

ને સમીર-

જાણે કશું બન્યું જ નથી-એમ, અતુલ મહેરાનું લેકચર સાંભળવા લાગ્યો હતો.

રેવતીના શરીરમાંથી જાણે વીજળીનો પ્રવાહ વહેતો હતો-ધસમસતો...

એનું આખું શરીર ગરમ ગરમ થઈ ગયું હતું અને, ગાલ રાતાચોળા...

આંખોમાં પાણી ધસી આવ્યું હતું... ડૂમો ભરાઈ ગયો હતો-

પેલા કોલોનની સુગંધથી જાણે શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી...

અને હાથ... એનો ડાબો હાથ... સમીરની ગિરફ્તમાં હતો-આંગળીઓમાં આંગળીઓ પરોવીને-જડકાયેલો...

સમીરના હાથ પરના વાળ એના રોમરોમને સ્પર્શતા હતા... અને એના ડાબા હાથમાં જાણે જીવ આવી ગયો હતો...

સમીરની પહોળી હથેળી, લાંબી આંગણીઓ અને મજબૂત-પૌરુષી હાથની પકડમાં સપડાયેલી રેવતીની લાંબી કમળની દાંડી જેવી આંગળીઓ... એની હથેળીમાં પરસેવો વળતો હતો...

*

સાત

મંગળવારે સવારે...

નિયતિ કૉલેજ જવા નીકળી, ત્યારે એને કલ્પનાયે નહોતી કે એના જીવનમાં કોઈ અણધારી-અણચિંતવી ઘટના બનવાની છે.

રોજની જેમ સવારે 7 વાગ્યે એણે ગાડી કમ્પાઉન્ડની બહાર કાઢી... અને વાલકેશ્વરથી નીચે ઢાળ ઉતારી વિલ્સન કોલેજથી આગળ સીધા મરીન ડ્રાઈવ તરફ લીધી.

સેન્ટ ઝેવિયર્સ કોલેજ જવાનો બીજોયે રસ્તો હતો... જે ઓપેરા હાઉસ થઈને મેટ્રો સિનેમા પાસેથી સીધો એને એની કોલેજ લઈ જાય. ઝડપથી પહોંચાડતો, પણ નિયતિને આ દરિયકિનારાની લગોલગ જતો રસ્તો ખૂબ ગમતો... વહેલી સવારે આછા તડકામાં કોલેજ જતી વખતે આ રસ્તે ગાડી ચલાવવી એને ગમતી...

ખાસ કરીને આવા વરસાદી દિવસોમાં-ચોમાસાના દિવસોમાં મરીન ડ્રાઈવની સવાર અને સાંજ અદ્ભુત રહેતી.

દરિયો તોફાની અને ભરતી ખૂબ વધારે રહેતી... મારપછાડ કરતાં મોજાં... આવીને રસ્તાની ધારે બાંધેલી પાળ પર પછડાતાં... અને એની છાલક ક્યારેક તો ડબલ ડેકર બસમાં ઉપરની બાજુ બેઠેલા મુસાફરને પણ ભીંજવે, એટલી જોરદાર રહેતી!

ગાડીમાં એ રસ્તો પસાર થતાં નિયતિને ખૂબ મજા આવતી...

ફરફર કરતો પવન... ગાડીના ચારે તરફથી ખોલી નંખાયેલા કાચમાંથી ધસી આવતો...

નિયતિ ક્યારેક જાતે ગાતી... ગણગણતી...

ક્યારેક મોટા અવાજે સંગીત વગાડતી-સડસડાટ ગાડી ચલાવીને એ કોલેજ પહોંચતી ત્યારે અચૂક એનો મૂડ સારો જ થઈ જતો.

*

આજે સવારે એ ઊઠી-ત્યારે કલ્યાણીએ એને કહ્યું કે “રાત્રે રેવતીનો ફોન હતો. ખબર નહીં કેમ-મને એનો અવાજ...” કલ્યાણી આમ પણ ઓછું બોલતી!

નિયતિને માની આંખોમાં જોઈને લાગ્યું કે વાત કંઈ ગંભીર છે.

માળા કરતાં દાદીમા તરફ જોઈને એણે આગળ વાત કરવાનું ટાળ્યું કારણ કે તારાબહેન આ ચર્ચા સાંભળે તો આખી વાત એને અમદાવાદ મોકલવી જ નહોતી જોઈતી ત્યાંથી શરૂ થાય. એણે વિચાર્યું કે કોલેજ જતાં જતાં એ રેવતીને ફોન કરશે... એની સાથે વાત કરશે... “સાવ ડફોળ જેવી છે.” નિયતિ વિચારતી હતી. માને કોણ જાણે બધું શું કહ્યું હશે? મને ફોન કર્યો હોત તો...”

વિચારોમાં ને વિચારોમાં ચર્ચગેટ સ્ટેશન પર જાઝ બાય ધ બે...થી લેફ્ટ લેવાને બદલે સીધી નીકળી ગઈ-છેક

સિગ્નલ પર પહોંચીને એને ખ્યાલ આવ્યો.

"ખેર, એસ.ટી.ડી. બૂથ ક્યાં મળશે અત્યારે? સવારે, સવારે..."

ત્યાં જ એની નજર પડી-એક પારસી બેકરી ખોલી રહ્યો હતો-એની બેકરીની બહાર એસ.ટી.ડી. બૂથ હતું-નિયતિએ ફટ કરતીકને ગાડી વાળી... બૂથ પાસે જઈને પાર્ક કરી.

પારસીએ પ્રશ્નાર્થભરી નજરે એની સામે જોયું-

"એસ.ટી.ડી." નિયતિએ કહ્યું.

"વેઈટ" પારસીએ કહ્યું-"હું પૂજા કરી લેવસ-પછી એસ.ટી.ડી. ખોલસ."

"પહેલું લેક્ચર ગયું..." નિયતિએ મનોમન વિચાર્યું-અને બેચેનીથી પારસીની ફ્રી થવાની રાહ જોવા લાગી.

પારસી કાકાએ અગરબત્તી કરી, દુકાનમાં ફેરવી-અશો જરથોસ્ત્રની તસવીર પાસે ભરાવી અને એસ.ટી.ડી.ની લોક કરેલી સિસ્ટમ ચાલુ કરી... કેબિનમાં મૂકેલી મશીન પર લાલ ડિજિટલ આંકડા આવ્યા. 7 ને 45.

નિયતિ બૂથમાં બેસીને નંબર જોડ્યો-ખાસ્સી રીંગ વાગી... પછી ફોન ઊપડ્યો-

"ડોમ નંબર સીક્સ..." નિયતિએ કહ્યું-

ફોન ટ્રાન્સફર થયો. ડોમ સિક્સમાં લાંબી લાંબી રીંગો વાગવા લાગી. પછી કોઈએ ફોન ઉપાડ્યો-

"રેવતી આચાર્ય..."

"એક મિનિટ"... અને કોઈએ રેવતીના નામની બૂમો પાડી... થોડી ક્ષણોની બેચેની પછી નિયતિએ રેવતીનો અવાજ સાંભળ્યો...

"હલો..."

"રેવતી-ઈડિયટ"

"નીતુ!"

"શું થયું છે?"

"શેનું?"

"કેમ આવી રીતે બધાંને ગભરાવે છે? મા કેટલી ચિંતા કરે છે- ખબર છે?"

"શેની?"

"તારી-સ્ટુપિડ..."

"મારી? કેમ?"

"જો સાંભળ-હું એસ.ટી.ડી. બૂથ પરથી ફોન કરું છું. મારી પાસે કરોડો રૂપિયા નથી-જલદી જલદી કહે-શું થયું છે?"

"કશું નહીં..." પણ, આ વખતે રેવતીના અવાજમાં ગજબની પીડા હતી-એક દબાયેલું ડૂસકું હતું, કદાચ.

"રે-શું થયું છે? કહે તો-હજી રેગિંગ ચાલુ છે?"

"ના."

"કોઈ પજવે છે? ગમતું નથી-ઘર યાદ આવે છે? તબિયત સારી નથી? પૈસા જોઈએ છે? કંઈ પ્રોબ્લેમ છે? ભણવાનું બહુ હાર્ડ છે?" નિયતિએ ચિંતાતુર અવાજે સવાલોની ઝડી વરસાવી.

"તું... તું અહીં આવ!" રેવતીએ કહ્યું.

"હું? પણ કેમ?"

"બસ-આઈ નીડ યુ. મને... તારી જરૂર છે... એટલે!"

"ઓ.કે." નિયતિએ નક્કી કરી લીધું-મારી બે ટેસ્ટ છે-પતાવીને શનિવારે રાત્રે નીકળીશ. ચાલશે? કે વહેલી આવું?"

"ચાલશે-ટેસ્ટ નહીં છોડતી..." રેવતી નિયતિના ધાર્યા કરતાં મજબૂત હતી... કદાચ.

"તો-સન્ડે સવારે પહોંચીશ."

"શેમાં આવશે?" રેવતીએ કહ્યું-એને અચાનક સારું લાગવા માંડ્યું-"લેવાં આવું?"

"ના રે!" નિયતિ હજીયે રેવતીના અવાજનો તાગ લેવાની કોશિશ કરતી હતી.

"શું હતું-જેને લીધે આ સામાન્ય રીતે સ્વસ્થ રહેતી છોકરીનો અવાજ હલબલી ગયો હતો-"

આખી જિંદગી પોતે જેનો આધાર લેતી આવી હતી, એ પોતાની બહેન-એની મિત્ર-એની ખાસોખાસ સહેલી-ક્યારેક એની મા... પણ... આજે આટલી અસ્વસ્થ કઈ બાબતે હતી... શું હતું જેને લીધે એનું આખેઆખું સમતુલન ખોરવાઈ ગયું હતું...

*

સમીરે પકડેલો રેવતીનો હાથ, બે ખુરશીની વચ્ચે-નીચેની તરફ હતો.

રેવતી વચ્ચે હાથ છોડાવવાની મથામણ કરી રહીહતી... અને સાથે સાથે ચારે તરફ ચોરનજરે જોઈ રહી હતી કે, કોઈ જોતું નથી ને?

સમીર, જાણે કશું જ બન્યું નથી એમ-અતુલ મહેરાનું ભાષણ સાંભળતો હતો! એના ચહેરા પર કોઈ ભાવ જ નહોતા.

અને, રેવતી શરમનું કોકડું... ગૂંચવણોનું પોટલું બનીને પોતાની જાતને છોડાવવાનો પ્રયત્ન કરતી હતી-અથાક!

ત્યાં અચાનક, અતુલે કોઈ સરસ વાત કહી-ભાષણમાં રસ લઈ રહેલા સમીરે બેધ્યાનપણે તાળી પાડી... ને તાળી પાડવા માટે એણે રેવતીનો હાથ છોડ્યો...

સમીરને કલ્પના પણ નહોતી એવી વીજળીની ઝડપથી રેવતી ઊભી થઈ-અને, સમીરને ધક્કો મારીને બહાર નીકળી ગઈ! પાછળની હરોળની એક ખાલી સીટમાં ગોઠવાઈ ગઈ.

માત્ર, ચાર-છ ક્ષણોમાં બનેલી આ ઘટના માટે સમીર તૈયાર નહોતો-

એણે પાછળ વળીને જોયું. તો, એક માત્ર ખાલી સીટમાં રેવતી બેસી ગઈ હતી, અને, સીધું, સામે સ્ટેજ તરફ જોઈ રહી હતી...

સાથે સાથે હળવે હાથે પોતાનો ડાબો હાથ પંપાળી રહી હતી-હાથ છોડાવવાની સ્ટ્રગલમાં લાલચોળ થઈ ગયેલા હાથમાં ક્યાંય એને પોતાના જ નખ પણ વાગ્યા હતા... એના ચહેરા પરની મોટી મોટી બે માછલીઓ પાણીમાં ડૂબી ગઈ હતી!

એ રડું રડું થઈ ગઈ હતી-

અતુલ મહેરાએ એના ભાષણમાં જે કહ્યું, ને માર્કેટિંગના નામે જે ભરડ્યું તે-રેવતીને હરામ બરાબર જો કંઇ પલ્લે પડ્યું હોય તો...!!

એ તો એ જ ક્ષણે ઉઠીને બહાર જવા માગતી હતી... એને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડવું હતું... એણે મહાપરાણે કાબૂ રાખ્યો પોતાની જાત પર-ને નજર સામે રાખીને કોણ જાણે શું વિચારતી રહી!!

*

અતુલ મહેરાએ પોતાના ભાષણ પછી એને વીંટળાઈ વળેલી સ્ટુડન્ટ્સની ભીડમાં રેવતીને શોધવાનો પ્રયત્ન કર્યો-પણ રેવતી તો ક્યારનીયે ભાગીને એના રૂમના બારણા પાછળ ભરાઈ ગઈ હતી...

*

હજી તો અતુલની આભારવિધિ પૂરી થાય-એ પહેલાં રેવતી ઊઠીને દોડતી કોરીડોરમાંથી પસાર થઈને, ધડાધડ પગથિયાં ઊતરી ગઈ...

દોડતી દોડતી એ વોકપાથ પરથી થઈને પોતાના ડોમ બિલ્ડિંગમાં ઘૂસી. સડસડાટ ગોળાકાર સીડીઓ ચઢીને હાંફતી હાંફતી રૂમનું તાળું ખોલી, અંદર દાખલ થઈ-

અને બારણું ધડાકાભેર બંધ કરી, બારણાને જ પીઠ ટેકવી ઊભી રહી ગઈ!

ચહેરા પર પસીનાના ઝીણાં ઝીણાં બુંદ જામ્યાં હતાં... હોઠની ઉપર, ચિબુક ઉપર અને કપાળ પર એ બુંદ મોતીની જેમ ચમકતાં હતાં. આંખો જાણે બહાવરી થઈ ગઈ હતી.

એનો સ્કાયબ્લ્યુ કૂર્તો પરસેવે રેબઝેબ હતો... એના વાળ વિખરાઈ ગયા હતા. તાંબા જેવો સુરેખ ચહેરો તપીને લાલ થઈ ગયો હતો, આંખોમાં પાણી હતું ને એના સહેજ પહોળા, રતુંબડા હોઠ થરથર ધ્રૂજતા હતા... રેવતીએ દુપટ્ટાથી પરસેવો લૂછ્યો-

એને એ નહોતું સમજાતું કે આ છોકરો, સમીર... શું ઈચ્છતો હતો? ઈરાદો શું હતો એનો?

એ રેવતીને સતાવતો હતો... એને ડરતી જોઈને-ઝંખાવતી જોઈને મજા પડતી હતી એને, પરપીડનનો આનંદ લેતો હતો... કે પછી...

આ "કે પછી..." નો વિચાર રેવતીને ડરાવતો હતો... ભૂતાવળની જેમ રાત-દિવસ એની આસપાસ નાચતો રહેતો એ વિચાર એને વિચલિત કરી નાખતો.

એવું નહોતું કે રેવતી ક્યારેય કોઈ છોકરાના-પુરુષના પરિચયમાં નહોતી, એવુંયે નહોતું કે એણે દેખાવડા-અભિભૂત કરી નાખે એવા પુરુષો નહોતા જોયા, આ પહેલાં...

પણ આ??

આ કંઈક જુદો હતો... એનામાં "કશુંક" એવું હતું-જેને રેવતી નકારી નહોતી શકતી!

દરિયાનાં મોજાંની જેમ-ફરફરતા પવનની જેમ-પહાડ પરથી ગબડી રહેલા પથ્થરની જેમ... એ છોકરો... એ સમીર... એ રોમન શિલ્પ જેવો છોકરો...

રેવતીની જિંદગી તબાહ કરી નાખવાના નિર્ધાર સાથે ધસી આવતો હતો... શું કરું... ઓહ ગોડ... શું કરું?"

રેવતી આખેઆખી ધ્રૂજતી હતી-

ત્યાં જ કોઈએ બારણું ઠોક્યું.

રેવતી એમ જ ઊભી રહી.

સ્થિર, જડવત્!

ફરી દરવાજો ઠોક્યો-જરા જોરથી, રેવતીનું કાળજું ધડકવા માંડ્યું.

"શું માંડ્યું છે-આ છોકરાએ?

આમ-કેમ ચાલશે? હું ભણવા આવી છું અહીં... દાદીને ખબર પડશે તો? બાપુ શું વિચારશે?..."

રેવતીએ ધાડ દઈને દરવાજો ખોલ્યો.

... મધુ હતી.

"આર યુ ઓ.કે.?"

"યસ... ઓહ... યસ..."

"મિ. મહેરા શોધતા હતા તને-"

"હેં! હા..."

"ઓળખે છે તને?"

"હેં! હા...હા... એટલે, ના..."

"રેવતી! નજીક આવી મધુ, સાવ નજીક. પછી નાક એના હોઠ પાસે લઈ જઈને સૂંઘવાનો અભિગમ કર્યો... હસી પડી.

"હેંગ ઓવર છે કે શું?"

રેવતી શરમાઈ ગઈ!

મધુએ એના ખભે હાથ મૂક્યો-

"ચિંતા કરવા જેવું કંઈ નથી ને?-"

"હેં! ના...ના..."

"હું જાઉં?"

"હા" ને મધુ ગઈ!

રેવતીએ નિરાંતનો શ્વાસ લીધો-બારણું બંધ કર્યું-હજી તો દુપટ્ટો ફગાવીને બાથરૂમ તરફ જાય, ત્યાં જ-ફરી બારણે ટકોરા પડ્યા...

"હવે?" રેવતીને ફરી ચિંતા પેઠી.

"રેવતી - તારો ફોન..." એક અવાજે બહારથી જ કહ્યું.

રેવતીએ બારણું ખોલ્યું-

જઈને ફોન લીધો.

"હલો"

"સુજય - છું! હાય!"

"હાય."

"ડિસ્ટર્બ કર્યાં તમને?"

"ના... ના... ખરેખર તો સોમવારે આ ટાઈમે હું રૂમમાં હોઉં જ નહીં-કલાસમાં હોઉં-પણ આજે જુદું શેડ્યુલ હતું-બ્રેક પડ્યો... એટલે રૂમ પર આવી!"

ખબર નહીં કેમ. રેવતીએ આટલી બધી માહિતી વગર માગ્યે આપી દીધી, સુજયને!

"હેં!" સુજય પણ બઘવાયો-"અચ્છા!"

"કેમ છો તમે?-ગઈકાલે આવીને વગર મળ્યે જતા રહ્યા..." રેવતીને સમજાતું નહોતું કે શું વાત કરવી.

"કેમ? મળ્યા તો ખરાં-બહાર... પેલો એક્સિડન્ટ... અતુલ મહેરા..."

"ઓહ હા!" રેવતીને પોતાની જ બેવકૂફી પર હસવું આવી ગયું...

"બોલો..." શું વાત કરવી આગળ...

"હા-એક્ચુલી મેં એટલા માટે ફોન કર્યો કે આપણે લંચ પર જઈએ."

"ઉફ!" ડીનર કહેવાનું હતું-પણ લંચ કહેવાઈ ગયું...

"લંચ!?" રેવતી ગૂંચવાઈ-પણ... મારે તો કલાસીસ હોય...

"તો ડીનર?" સુજયે ફેરવી તોળ્યું. મનોમન રાજી થયો-

ભોળાનો ભગવાન છે... છે, ને છે જ!!

"પણ... કેમ?"

"કેમ?" સુજય વળી ગૂંચવાયો-"કેમ... એટલે... એમ..." પછી અચાનક ઉમેર્યું..." વેલકમ ડીનર-મારા શહેરમાં તમે નવાં આવ્યાં ને-"

"તમે?"

"આઈ મીન-તું!"

"વેલ..." રેવતી વિચારવા લાગી.

"ઓ.કે."

"તો-હું તમને-તને, લેવા આવીશ, રવિવારે-સાંજે, સાત વાગ્યે."

"હેં-હા... ઓ.કે."

"ક્યાં જઈશું?" સુજય કોઈ પણ ભોગે વાત લાંબી ચલાવવા માગતો હતો-ને રેવતી વાત પતાવવા ના ચક્કરમાં હતી.

"ગમે ત્યાં-યુ નો બેટર. તમારું શહેર છે ને?"

"આ! ઓ.કે." સુજય હસ્યો-"પણ તને શું ભાવે છે? આઈ મીન સાઉથ ઈન્ડિયન, પંજાબી, ફાસ્ટફૂટ... ચાઈનીઝ, કોન્ટીનેન્ટલ..."

રેવતી હસી... આખા કોરીડોરમાં એનું હાસ્ય રણક્યું...

સુજયને લાગ્યું કે આ ક્ષણ અહીં જ થંભી જાય... આંખો મીંચી લીધી એણે!

"તમે જે ખાશો-તે મને ભાવશે, ને, જ્યાં લઈ જશો ત્યાં ફાવશે-" ફરી હસી રેવતી... "ઓ.કે.?"

"હવે?" હવે શું વાત કરવી-સુજય થોડી ક્ષણો ચૂપચાપ ઊભો રહ્યો-પછી એણે કહ્યું-

"આવતા રવિવારે-સાંજે વાત વાગ્યે-રાઈટ?"

"ધેટ્સ રાઈટ!" રેવતીએ કહ્યું-અને સુજયને થયું.

"ખલ્લાસ! હવે ફોન મુકાઈ જવાનો-"

પણ ના, હજી એનું નસીબ સારું હતું!

"કેમ છે બધાં? અજીતકાકા, મીનાકાકી, રીમા-ને ટેણિયું?"

"ઓ! ફાઈન! તમારી રાહ જોતાં હતાં-ગઈકાલે-"

"હા-ગઈકાલે જરા બીઝી થઈ ગઈ-આવતા રવિવારે જઈ આવીશ..."

વળી પાછો સુજય ગભરાયો-

"આ આવતા રવિવારનું કેન્સલ કરવાના મૂડમાં છે કે શું?"

એણે ડરતાં ડરતાં કહ્યું,

"પણ રવિવારે તો-"

"હા, વી વીલ ગો આઉટ-હું સવારના ભાગમાં જઈ આવીશ..."

"તો તો કદાચ ત્યાં પણ મળીશું! હું પણ આવીશ."

"વેરી ગુડ-તો ત્યાંથી જ નીકળી જઈશું?"

"સત્યાનાશ-" સુજયને પોતાના અતિઉત્સાહનો પારાવાર પસ્તાવો થયો.

"પેલી રીમાની બચ્ચી-લોહી પી જશે-ને, ભેગી થાય તો?" સુજયે મનોમન ગણતરીઓ માંડી...

ને પછી ફેરવી તોળ્યું-

"હું તો કદાચ ન યે આવું-મારે તો હૉસ્પિટલ અને પેશન્ટસ પર આધારને?"

"ઓહ હા! નો પ્રોબ્લેમ-" રેવતીએ કહ્યું.

"સાંજના પ્રોગ્રામમાં પણ ચેઈન્જ હોય તો કહી દેજો-ડોન્ટ વરી."

"સાંજના પ્રોગ્રામમાં ચેઈન્જ નહીં થાય-"

"ગુડ! તો મળીએ?"

"યાહ!"

“આવજો-આવજો”ની ઔપચારિકતા પછી ફોન મુકાયો ત્યારે સુજય કોઈ અજબ નશામાં હતો-સુરુરમાં!

જિંદગી હાથવેંતમાં હતી-હવે.

“આ રવિવારે સાંજે-કોઈ પણ હિસાબે એને કહી નાખવું... કોઈ પણ હિસાબે. આ પાર કે પેલે પાર.”

સુજય વિચારતો વિચારતો દાદરા ઊતર્યો-એના રૂમની ઉપર રહેતો અશ્વિન પટેલ એની સામેથી પસાર થયો પણ, આટલી નાનકડી સીડીમાંયે - એણે અશ્વિનને જોયો જ નહીં! એટલું જ નહીં, અશ્વિને એને પકડીને ઊભો રાખ્યો-ત્યારે એને ખ્યાલ આવ્યો, કે પોતે કોઈ ભળતા જ મૂડમાં-કોને ખબર, ક્યાં જઈ રહ્યો હતો!

“એ ઘનચક્કર! ક્યાં જાય છે?”

“હેં!”

“જમવું નથી?”

“ના-ભૂખ નથી!” સુજયનો આત્મા ઓડકાર ખાતો હતો-તૃપ્તિના!

“ચસક્યું છે કે શું?” અશ્વિને કહ્યું-

“ઉપર રવિને બતાવી દે હોં-” રવિ સાઈકીઆટ્રીના છેલ્લા વર્ષમાં હતો!! બંને હસી પડ્યા...

પછી, સુજયે કહ્યું... “નથી જમવું-તું જમી આવ.”

અશ્વિન ખભા ઉલાળતો નીચે ઊતરી ગયો.

અને સુજય, સીડીમાં જ ઊભો રહીને હવે શું કરવું-એનો વિચાર કરવા લાગ્યો!

*

સમીર...

રેવતીના ગયા પછી-ત્યાં જ ઊભો હતો. અન્યમનસ્ક જેવો!

“કેવી રીતે થઈ ગયું આવું?-” એને જ નહોતું સમજાતું...

“ઈડિયટ!” એણે જાતને ગાળ આપી.

“એકવાર થપ્પડ મારી એ ભૂલી ગયો છે? જાહેરમાં થપ્પડ ખાવાનો ઈરાદો છે કે શું? ગધેડા!” એણે મનોમન નક્કી કર્યું કે આ છોકરીથી દૂર રહેવું... એને વતાવવી નહીં જ.

એ પછી-

ત્યાંથી નીકળીને, પગથિયાં ઉતરી-મેઈન બિલ્ડિંગની સામે-મેદાનમાં આવીને ઊભો...

“શું કરવું?-ક્યાં જવું?” એને કંઈ સૂઝતું નહોતું.

ખરાબ નહીં-કઈ ચુંબકીય શક્તિથી કયા ઈરાદે-કયા કારણે...

એના પગ ડોમ સિક્સ તરફ વળ્યા. રેવતીના ડોમ પાસે જઈને, ગોળાકાર સીડી ચઢીને સમીર એના રૂમ સુધી જઈને ઊભો રહ્યો-ક્યારે, કઈ રીતે... એને જ ખબર નહોતી!

કોણ જાણે કયા બળે, કઈ હિંમતથી એણે રેવતીના રૂમનું બારણું ખખડાવ્યું...

*

કપડાં બદલતી રેવતી હવે અકળાઈ! આ પંદર મિનિટમાં ત્રીજી વાર બારણું ખખડ્યું-

"ઉફ!" રેવતી કંટાળી. "કોણ છે?"

શું જવાબ આપે સમીર? એને ભાગી જવાનું મન થયું-પણ પગ જાણે ત્યાં જડાઈ ગયા હતા...

રેવતીએ દરવાજો ખોલ્યો-"કોણ છે?" જવાબ કેમ નથી આપતા?"

અને, સમીરને જોઈને એ સ્તબ્ધ થઈ ગઈ.

સમીર એને જોઈને-કહેવું અઘરું હતું...

લાંબા-નિતંબને ઢાંકતા ખુલ્લા વાળ, તાજો ધોયેલો ચહેરો... તગતગતી તંબાવરણી ચામડી...

હવે બાકીના કલાસમાં નહીં જવાના ઈરાદાથી કપડાં બદલીને પહેરી લીધેલું સફેદ ગાઉન... જેના ઓવરલેપ થતા ફ્લેપમંથી દેખાતો એના સ્તનોનો તાંબાવરણો ઢોળાવ... પેલાં... ત્રણ તલનું ઝૂમખું... અને વિસ્મયમાં પહોળી-હેઝલ રંગની પાણીદાર આંખો...

"હે ભગવાન-આ છોકરી છે કે તલવારની ધાર!!!" સમીર અવાક-અબોલ ઊભો રહ્યો-થોડીવાર...

એને વિચાર આવ્યો કે એ અંદર ધસી જાય, દરવાજો બંધ કરીને રેવતીને ભીંસી નાખે, એના ગળા પર, એના સ્તનોના તાંબાવરણા ઢોળાવ પર ચુંબનો કરીને એને અકળાવી નાખે... ગૂંગળાવી નાખે...

હમણાં જ-એ ક્ષણે જ એને બે હાથની વચ્ચે ઊંચકીને લઈ જઈને સામે પડેલા પગંલમાં નાખે અને એને ફૂલોના ઢગલાની જેમ કોમળતાથી ૠજુતાથી સ્પર્શે... એના લાંબા વાળની ખુશ્બુમાં ડૂબી જાય પોતે...

રેવતી પણ ચૂપચાપ એને જોતી રહી-અને પછી...

અચાનક અંદર ગઈ-

સ્ટડી ટેબલ પર મૂકેલો પેલો કાગળ લઈ આવી-

જો એણે સમીર સામે ધરીને, આંખમાં આંખ નાખીને, એણે બેધારી તલવાર જેવા અવાજમાં પૂછ્યું ન હોત તો સમીર હજી કોણ જાણે કેટલીયે કલ્પનાઓ કર્યા કરત!

"આ... આ કોણે લખ્યું છે?" રેવતીએ પૂછ્યું.

“આમાં ક્યાં કંઈ લખ્યું છે?” સમીરે ભોળા બાળક જેવા અવાજમાં કહ્યું...

રેવતી ચિડાઈ-

“ટૂંકમાં, આ મારા રૂમમાં કોણ નાખી ગયું?”

“હું-” સમીરની નજર હજી પેલી પાણીદાર માછલીઓ પરથી હટતી નહોતી...

“કેમ?”

“...” એક શરારતી-દિલધડક સ્મિત આવી ગયું, સમીરના ચહેરા પર.

“કેમ? પૂછ્યું મેં-સાંભળ્યું?” રેવતીનો ચહેરો લાલ થતો જતો હતો-એના પોતાના રૂમમાં ઊભા રહીને-બારણા પાસે ઊભેલા સમીરને ધમકાવવામાં એને જરાય ડર નહોતો લાગતો!

“વાંચ-તો સમજાશે, કેમ?”

“આ-?? આમાં શું વાંચું? આ તો કોરો છે...”

“એ જ કહું છું-” સમીર નજીક આવ્યો-

“આ કોરો છે-મારી જિંદગીની કિતાબની જેમ... તારા ઓટોગ્રાફ કરી દે એના પર... રેવતી સમીર મહેતા...”

“શું? શું કહ્યું?” રેવતીને ફરી સાંભળવું હતું-ફરી... ફરી

સાંભળવું હતું... પણ પલક ઝપકાવતાં લાગે એનાથી ઓછી વારમાં સમીર ત્યાંથી ચાલી ગયો-

રેવતી પાછળ દોડી-

પણ...

સમીર ગયો...

અને, ગુંબજ જેવાં ગોળ મકાનોમાં એનો અવાજ રેવતીને ફરી ફરીને ગુંજતો સંભળાતો રહ્યો-

રેવતી સમીર મહેતા...

રેવતી સમીર મહેતા...

રેવતી સમીર મહેતા...

*

આઠ

મંગળવારે...

સવારથી જ આકાશ ગોરંભાયેલું હતું. વરસાદ ગમે ત્યારે તૂટી પડવાનો હતો.

અને મુંબઈનું ચોમાસું એકવાર તૂટી પડે એટલે ચાર-પાંચ કલાકથી ઓછું તો વરસે જ નહીં!

સવારે નિયતિ ઘરેથી નીકળી, ત્યારે કલ્યાણીએ રેવતીના ફોન વિશે, એના મૂડ વિશે... અછડતી વાત કરી, જે નિયતિને વિચલિત કરી ગઈ હતી...

એ ઘરેથી નીકળી ત્યારે એને ચોમાસાની વહેલી સવારનો આ વૈભવ જોવાનો કોઈ મૂડ નહોતો. સામાન્ય રીતે આવી વરસાદી સવારે કોલેજ જતાં એ મરીનડ્રાઈવ પર ઊભી રહેતી-ભરતીનો દરિયો પાળ તોડીને નીકળી જવા માગતો હોય એમ, ધડામ...ધડામ...પછડાતો અને ફીણ ફીણ થઈને વીખરાતો... એ જોવું એને ખૂબ ગમતું...

તો વળી, હિન્દુ જીમખાના પહેલાં ટોળે વળતાં કબૂતરોની સભામાં હાજરી પુરાવતી, ક્યારેક!

મરીન ડ્રાઈવ પર હિન્દુ જીમખાના પહેલાં પ્રિન્સેસ સ્ટ્રીટ જતાં ફ્લાયઓવરની નીચે સવારના ભાગમાં ઢગલેઢગલા કબૂતરો ટોળે મળતા.

વહેલી સવારે ચાલવા નીકળતા એકલદોકલ લોકો કે કોઈ નાનાં બચ્ચાંને લઈને આવેલી મા, ચણા ખરીદીને એમને ખવડાવતાં...

ત્યાંથી પસાર થતા રાહદારીઓ નજીક આવે કે આખુંયે ટોળું, ફડ-ફડ-ફડ-ફડ પાંખો ફફડાવતું ઊડી જતું... વળી, એક ગોળ ચક્કર મારીને પાછું ચણવા બેસતું. ખાસ કરીને, મંગળવારે, કબૂતરોને દાણા નાખવા આવનારા બે-ચાર શ્રદ્ધાળુઓ મળી રહેતા.

કબૂતરોને પણ કેલેન્ડરની ખબર હોય, એમ... મંગળવારે વધારે કબૂતરો જમા થતાં. નિયતિને આ જોવું ખૂબ ગમતું.

દરિયો... એનાં ફીણ... એના ધસી આવતાં મોજાં... એના પર રેલાતો વહેલી સવારનો કેસરિયો-સોનેરી તડકો... અને કબૂતરોનાં ટોળાં... એમનું ઉડવું...એમનું ઘૂઘરવું...

નિયતિ અહીં કલાકો ગાળી નાખતી!! અને, ઘણીવાર તો કોલેજનું પહેલું આખું લેકચર વરસાદી દિવસોમાં અહીં જ ઉજવાઈ જતું...

વરસાદ ધોધમાર-મુશળધાર-સાંબેલાધાર વરસતો હોય, ત્યારે બંને બહેનો ગાડી લઈને ડ્રાઈવ પર નીકળતી-

મરીન ડ્રાઈવ પર ગાડી મૂકીને દરિયાને ધારે ધારે પલળતી પલળતી ચાલતી. પાણી ઉડાડતી-બૂમો પાડતી નિયતિ... અને ઋજુતાથી પોતાના ચહેરા ઉપર પડતાં વરસાદના ફોરાંને વહાલ કરતી રેવતી!

પસાર થનારાને ઘડીભર થંભીને જોવાની ઈચ્છા થઈ જાય... એવું સાયુજ્ય હતું, એ બંનેનું!

રેવતી જે.જે.માં ભણતી ત્યારે કેટલીયે બપોર બંને રિધમ હાઉસમાં કે જહાંગીર આર્ટ ગેલરીનાં પ્રદર્શનો જોવામાં સાથે જ વિતાવતાં.

"સમોવર" રેસ્ટોરન્ટમાં રેવતીના આર્ટિસ્ટ મિત્રો સાથે નિયતિ ખોટેખોટી ફિલોસોફી ઠોકતી, ક્યારેક...

અને પછી ઘેર જઈને એ બધાની નકલ કરીને-કહેવાતા ધૂની, આર્ટિસ્ટોની પેરોડી કરીને રેવતીને ખૂબ હસાવતી!!

*

નિયતિ આજે પણ...

પડું પડું થતા આકાશની સામે જોઈ રહી.

"રેવતી કેમ આટલી ડિસ્ટર્બ હશે?" સામાન્ય રીતે એના મનમાં ચાલતા વિચારો કોઈનેય ખબર ન પડે એવી, ઊંડા મનની છોકરી-એવી તે કઈ પરિસ્થિતિમાં હશે...

નિયતિના મનમાં પણ ચોમાસાનાં વાદળો જેવા વિચારો ઘેરાયા હતા.

*

ફોન મૂકીને પારસીકાકાને પૈસા ચૂકવતી વખતે નિયતિની આંખમાં પણ, કદાચ ચોમાસું ઘેરાયું હશે...

જે જોઈને બૂઢાકાકાએ અશો જરથોસ્ત્રના ફોટા પાસે પડેલી અગરબત્તીની રાખ લઈને નિયતિના કપાળ પર ટીકો કર્યો-

"બધું સારું થશે-ફિકર કેમ કરસ?"

નિયતિ ક્ષણેક એની સામે જોઈ રહી-પછી ઝળઝળિયાંથી ભરેલી આંખો સાથે સ્મિત કરીને આ ગાડીમાં બેઠી...

ચર્ચગેટ સ્ટેશનથી ડાબી બાજુ વળતો રસ્તો તો એ ચૂકી ગઈ હતી. હવે એ પછીના ડાબી બાજુ વળતા રસ્તા પર વળી, કાલાઘોડા પાસે થઈ-મંત્રાલયની સામેથી પસાર થઈને ચવ્હાણ થિયેટર પાસે થઈને એ જ્યારે મેટ્રો સિનેમાની સામે આવેલી એની કોલેજ પર પહોંચી ત્યારે આજનું ચોમાસું જામી ગયું હતું-

બહાર પણ, ને ગાડીમાં પણ!!

નિયતિને જાણે પેટમાંથી રડવું આવતું હતું. કેમ કર્યું અટક્તું જ નહોતું!

એ આમ આવી રડકૂસ છોકરી નહોતી. કોઈ પણ પરિસ્થિતિમાં ઢીલી થાય, એ એની ફિતરત જ નહોતી... પણ આજે! કોણ જાણે કેમ...

એને રહી રહીને ડૂસકાં આવતાં હતાં!

*

કોલેજ આવી ગઈ હતી!

એણે ગાડી પાર્ક કરી-

ડેશ બોર્ડમાંથી વેટ ટીશ્યુ કાઢી એણે ચહેરો સરખી રીતે લૂછ્યો... આંખો બરાબર સાફ કરી... બે-એક ક્ષણ આંખો બંધ કરીને બેઠી! જાતને સ્વસ્થ થવાનો સમય આપ્યો. પછી રિઅર વ્યૂને પોતાના તરફ ફેરવી ચહેરો જોયો, હોઠ પર લિપસ્ટિક ફેરવી, વાળ પર હાથ ફેરવ્યો, અને પછી ગાડીમાંથી ઉતરી! મંગળવાર હતો. ખાસ કોઈ લેકચર્સ ફ્રી નહોતાં. એનું પહેલું લેક્ચર શરૂ થઈ ગયું હતું. સેન્ટ ઝેવિયર્સ કોલેજના બિલ્ડિંગના મધ્યમાં આવેલા ચોકમાં થોડાઘણા, રડ્યા ખડ્યા વિદ્યાર્થીઓ-છોકરીઓ અને છોકરાઓ, છૂટાછવાયા બેઠા હતા.

નિયતિ આવી-કૉલેજના મુખ્ય દ્વારથી પ્રવેશી, એણે આમતેમ જોયું.

કોઈ જ પોતીકો ચહેરો ના દેખાયો. એકાદ-બે ઓળખીતા ચહેરાઓને સ્મિત કરી હાથથી ઔપચારિક અભિવાદન કરીને એ લાઈબ્રેરી તરફ આગળ વધી ગઈ.

આ અઠવાડિયામાં બે વિષયની ટેસ્ટ હતી... પુસ્તકો ઉથલાવવાના વિચારથી એ લાઈબ્રેરીમાં આવી...

મન એટલું અસ્વસ્થ હતું કે વાંચવાની ઈચ્છા તો હતી જ નહીં-પણ એને જે એકાંત જોઈતું હતું એ લાઈબ્રેરીમાં જ મળે એમ હતું...

બાકી તો એટલા બધા જણ એને ઓળખતા કે એકલા પડવું-અને એ પણ આ કેમ્પસમાં... શક્ય જ નહોતું!

લાઈબ્રેરીમાં એણે સરસરી નજર ફેરવી...

નજર ફરતી ફરતી આવીને નિલય પર અટકી! એક લાંબા ટેબલની આસપાસ પડેલી પાંચ-છ ખુરશીમાંની એક પર બેસીને નિલય નીચું જોઈને-એકદમ સિરિયસલી કશું વાંચતો હતો. સાથે સાથે પોતાની સામે પડેલી એક નોટબુકમાં કશું નોંધતો હતો.

નિયતિને એકદમ સારું લાગ્યું. નિલયને જોઈને એને લાગ્યું કે વાતાવરણમાં જાણે એક સ્વસ્થતા પ્રવેશી ચૂકી છે... હવે આખી વાત જરા ઓછી તકલીફદાયક લાગવા માંડી એને, અચાનક.

લાઈબ્રેરીની મોટી મોટી બારીઓમાંથી બહાર લીલાં ઝાડ પર અને રસ્તા પર પડતો વરસાદ દેખાતો હતો. ઈલેકિટ્રકના થાંભલાઓ પર પંખીઓ બેસીને પાંખો ફફડાવતાં હતાં...

નિયતિ આવીને નિલયની બાજુમાં પડેલી ખુરશી ખેંચીને બેસી ગઈ.

નિલયે ઊંચું જોયું-

“હાય!”

“હાય - ક્યારે આવી?”

“હમણાં-”

“પહેલું લેક્ચર મીસ કર્યું ને?”

"હા યાર!"

"ઊઠી નહીં હોય-વહેલી... આળસુની પીર!"

"ના યાર, ફોન કરવા રોકાઇ હતી."

"ફોન? કોને?"

"બહાર ચાલ-મારે તારી સાથે વાત કરવી છે..."

"હમણાં?"

"હા-હમણાં..."

નિલયે ચોપડી બંધ કરી-પોતાની નોટબુક બંધ કરી-બધું વ્યવસ્થિત ગોઠવ્યું-અને, પછી ઊભો થયો.

"ચાલ." એણે ખુરશી પાછી ટેબલની નજીક અંદરની તરફ ધકેલીને વ્યવસ્થિત મૂકી. નિયતિએ ધક્કો મારીને પાછળ ખસેડેલી ખુરશી પણ, એણે જતાં જતાં વ્યવસ્થિત ગોઠવી.

બંને બહાર નીકળ્યાં...

ચાલતાં ચાલતાં મેઈન બિલ્ડિંગની વચ્ચેના ચોકમાં આવ્યાં...

"ક્યાં બેસીએ?"

"તું કહે-" નિલયે કહ્યું.

"કેન્ટીન?"

"ચાલ..."

એ બંને કોલેજની કેન્ટીનમાં દાખલ થયાં.

એક ખૂણાનું ટેબલ જોઈ, નિયતિ, એ તરફ આગળ વધી.

નિલય પણ આવીને એની સામે ગોઠવાયો.

"બોલ-" નિયતિ નિલયની સામે જોઈ રહી. ઘઉંવર્ણો ચહેરો-ખૂબ તેજસ્વી આંખો-એક અત્યંત પ્રેમાળ, હૂંફાળું સ્મિત અને કુલ મળીને સતત સ્વસ્થ રહેતો એક ગંભીર માણસ!

નિલયમાં એવું કશું જ નહોતું જે પ્રથમ નજરે કોઈને પણ આકર્ષે-એનો દેખાવ ખૂબ સામાન્ય હતો. સાદો ચહેરો, ઊંચો-સપ્રમાણ દેહ.

સામાન્ય રીતે એ જીન્સ અને સફેદ કે આછા રંગનાં શર્ટ પહેરતો.

બાંય વાળીને કોણી સુધી ચડાવેલી હોય, પગમાં સ્નીકર્સ અથવા ચંપલ.

નિલયના પિતા બહુ જાણીતા ઈકોનોમિસ્ટ હતા. એમના લખેલા ઈકોનોમિક્સના પુસ્તકો, એમ.એ. અને એમ.બી.એ.ના વિદ્યાર્થીઓ ભણતા.

નિલય પણ, નિયતિની સાથે એમ.એ. કરતો હતો... ઈકોનોમિક્સમાં નહીં, પોલિટિકલ સાયન્સમાં. બી.એ.માં ગોલ્ડમેડલ મળ્યો હતો એને-બોમ્બે યુનિવર્સિટીનો ટોપર હતો...

નિયતિનો પ્રોબ્લેમ સોલ્વર હતો-કેટલીક વાતો, જે રેવતીને ડીસ્ટર્બ કરે એવી હોય-એને કહેવા જેવી ન હોય... એમાં નિયતિ નિલયની મદદ લેતી...

આમ, નિયતિ અને નિલય, સાવ જુદી, વિરુદ્ધ પ્રકૃતિના લોકો હતાં. પણ નિલય અને નિયતિની દોસ્તી કોણ જાણે, કયા બળે-છેક ફર્સ્ટયર કોલેજના પહેલાં સોશિયલથી જામી હતી તે આજ સુધી અતૂટ-અકબંધ હતી.

“બોલ”-નિલયે કહ્યું! કેન્ટીનમાં બેસીને.

“હું અમદાવાદ જાઉં છું.”

“ગુડ!” નિલયે કહ્યું. “મને હતું જ-કે તું કંઈ લાંબુ રહી નહીં શકે-તારી બહેન વિના! પણ હજી તો અઠવાડિયું માંડ થયું છે-”

“આઈ નો-પણ, મારે જવું છે-”

“તે જા... એમાં આટલી ગંભીર કેમ છે?”

“એક પ્રોબ્લેમ છે-”

“બોલ-”

“મારે સોમ-મંગળવારે મારી થિસીસ સબમીટ કરવાની છે-એક જ અઠવાડિયું છે મારી પાસે. ઈન્ફેક્ટ ચાર જ દિવસ.

“તે?” નિલયે શંકાથી એની સામે જોયું-

“મેડમ, મારી પાસે તારી થિસીસ કમ્પ્લીટ કરાવવાની આશા હોય તો...”

“તો?”

“તો-તો...મારી પાસે સમય નથી... સમજી?”

“આવું શું કરે છે?”

“અરે વાહ! તું આવું શું કરે છે?”

“સારું-નથી કરવાનોને?”

“ના-”

"તો મને પપ્પા પાસેથી ત્રણ વીકનું એક્સટેન્શન અપાવ." નિલયના પપ્પા નિયતિના પ્રોફેસર હતા.

"ઓ-એ તો એનાથી યે અઘરું કામ છે?"

"બેમાંથી એક તો કરીશ-"

"ના-ત્રીજું કામ કરીશ."

"શું?"

"સુબોધની મલ્ટીનેશનલ પરની રેડી થિસીસ છે, કદાચ." સુબોધ, નિલયનો મોટો ભાઈ હતો.

"પણ એ તો-ચાર વરસ જૂની હશે ને?"

"આંકડા જ અપડેટ કરવાનાં ને? બાકી આ દેશમાં સ્થિતિ કંઈ ખાસ બદલાઈ નથી... ને આવનારાં દસ વર્ષ સુધી બદલાય એવી કોઈ આશા...

"બસ-બસ. ભાષણ નહીં-મને થિસીસ જોઈએ..."

"કાલે લેતો આવીશ-અહીં લાઈબ્રેરીમાં ઈકોનોમિસ્ટના અંક હશે-અને નહીં તો પપ્પાની જ એક બુક છે મલ્ટીનેશનલ્સ પર... એ બે રીફર કરી લેજો-મેડમ!"

"થેંક્સ"-નિયતિએ કહ્યું-"તને ખબર છે ને..."

"હું બહુ સ્વીટ છું." નિલયે કહ્યું-"જૂની વાત છે."

અને, નિયતિ એકદમ હળવી થઈને-ખડખડાટ હસી પડી.

નિલય એની સામે એકીટશે જોઈ રહ્યો. સુંદર, સુરેખ ચહેરો-સુંદર રીતે પાછળ બાંધેલી પોનીનો જથ્થો-ડાર્ક ગ્રે કલરનાં સ્વેગેટી ટોપની નીચે લેટેસ્ટ કટનું જીન્સ... જે સાઈડથી કાપેલું હતું... નિયતિના સુરેખ પગ એમાંથી વારંવાર ડોકિયાં કરતાં.

હસતી વખતે આખેઆખી દેખાતી મોતીના દાણા જેવી દંતપંક્તિ, ને ચમકતી તેજસ્વી આંખો!!

"આ છોકરી કોના નસીબમાં લખી હશે..." નિલય એની સામે જોતાં વિચારી રહ્યો-

"એ મિસ્ટર!" નિયતિએ એના ચહેરા સામે હાથ હલાવ્યો-"ક્યાં ધ્યાન છે તારું?"

"હેં!" નિલય ચોંક્યો-"બીજું કંઈ હતું?"

"ના-" નિયતિએ કહ્યું-

"તો જા-બે કોફી અને સેન્ડવીચ લઈ આવ."

"યસ સર!" નિયતિ હસતી હસતી ઉઠી અને કાઉન્ટર તરફ ગઈ.

એના મોડેલ જેવા સપાટ નિતંબ, પાતળી કમ્મર, પીઠ પર ઝૂલતી પોની અને પર્મ કરેલા ગૂંચળા જેવાં સર્પીલા

વાળ...

નિલયને નિયતિ ગમતી, ખૂબ ગમતી! પણ આ મગજની ફરેલી-તોફાની છોકરીને કંઈ કહેવા જતાં આ સુંદર દોસ્તી પણ ખોવી પડે-કદાચ!

નિલય મનોમન ડરતો હતો. એટલે એણે ક્યારેય નિયતિની સાથેની દોસ્તીની મર્યાદાઓને ઓળંગીને આગળ વધવાનો પ્રયત્ન નહોતો કર્યો.

નિલય છેલ્લા બે-અઢી વર્ષથી એવા યોગ્ય સમયની શોધમાં હતો. જ્યારે એ નિયતિને પોતાના મનની વાત કહી શકે, પણ, નિયતિ-આ આખીયે વાતથી બેખબર, નિયતિ... એની પોતાની દુનિયામાં મસ્ત બનીને જીવતી હતી...

*

કોફી અને સેન્ડવીચની ટ્રે લઈને આવતી નિયતિનું ધ્યાન સહેજ બીજે ગયું એમાં, નિયતિનો પગ અચાનક ખચક્યો, હીલ કોફી અને સેન્ડવીચની ટ્રે જોડે એ વાંકી થઈ, એનું સમતુલન ગયું. ફંગોળાઈ-અને સીધી કોફી અને સેન્ડવીચ જોડે-નિલયની ઉપર પડી.

નિલયના લેમન યેલો શર્ટ પર ગરમ કોફી ઢોળાઈ-સેન્ડવીચ ઊડી... ને દસ ફૂટ દૂર પડી... નિયતિનું મોઢું, પથ્થરના ટેબલની ધાર જોડે અથડાયું... ગાલ છોલાયો-

કોઈ કશું સમજે, એ પહેલાં આ બધું બન્યું-નિલયનું બેલેન્સ નિયતિ એના પર પડવાને કારણે ગયું... એની ખુરશી ઉલળી અને નિલય ખુરશી સોતો નીતે પડ્યો.

નિયતિ ટેબલ પર પછડાઈ અને, એ પણ નીચે પડેલા નિલયની ઉપર પડી, વાંકો વળી ગયેલો નિલયનો હાથ ખુરશીની પીઠ નીચે-એના ઉપર ખુરશી, ખુરશી ઉપર પોતે અને પોતાના ઉપર નિયતિ...

એટલું ઓછું હોય-તેમ, પથ્થરનું ટેબલ નિયતિના અથડાવાના કારણે હલબલ્યું... અને ત્રણ પાયાના ટેબલનું બેલેન્સ ગયું.

એટલે ખુરશી, નિલય, નિયતિ અને એના ઉપર પેલું સો એક કિલોનું પથ્થરનું ટેબલ...

નિયતિએ પડ્યા પછી-દસેક ક્ષણે... આ બધું બન્યા પછી, ચીસ પાડી... અને, દસ-બાર ક્ષણની અવધિમાં બનેલી આ ઘટના પછી આખીયે કેન્ટીનમાં હાજર તમામ લોકો એમની આસપાસ એકઠાં થઈ ગયાં.

માંડ માંડ બધાએ મળીને બધું ઊભં કર્યું-અને, નિલય ઉઠ્યો ત્યારે એનો વળેલો હાથ સીધો કરતાં એણે કાન ફાડી નાખે એવી દર્દનાક ચીસ પાડી...

...એનો જમણો હાથ-જે ખુરશી નીચે દબાયો હતો, એમાં ફ્રેકચર હતું, કદાચ...

નિયતિ સીધી અને લઈને એમના ફેમિલી ડોક્ટર પાસે ગઈ... ત્યાંથી ઓર્થોપેડિક સર્જન પાસે-ત્યાં પ્લાસ્ટર કરાવીને નિલયને એના ઘરે મૂક્યો ત્યારે બપોરના અઢી વાગ્યા હતા...

તે દરમિયાન નિયતિએ પચાસેક વાર “સૉરી” કહ્યું હતું-

વીસેક વાર નિલયનો હાથ પંપાળ્યો હતો અને, દસ-બાર વખત પૂછ્યું હતું...

"બહુ દુઃખે છે?"

નિલય, થોડાક અસહ્ય દુખાવા સાથે આ આખીયે ઘટનાની મજા લેતો હતો...

નિયતિ સાથે આટલો બધો સમય, અને એની આટલી બધી કાળજી, સહાનુભૂતિ... નિલયને મનોમન મજા પડી રહી હતી!!!

વરસાદ સતત ચાલુ હતો-

આ વરસાદમાં નિલયને સંભાળી નહીં, સાચવીને ડૉક્ટરોને ત્યાં, ત્યાંથી પાછળ ગાડીમાં બેસાડીને ફેરવતી નિયતિ...

એને ખવડાવવીને-પ્રેમથી... કાળજીપૂર્વક ઘરે લાવીને દાદરા ચડાવીને રૂમ તરફ લઈ જતી નિયતિ નિલયના મમ્મી દર મંગળવારે સિદ્ધિ વિનાયક જતાં. ઘરમાં કોઈ નહોતું!

છેવટે, નિલયને ઘરે મૂકીને નિકળતી વખતે નિયતિએ ફરી એકવાર કહ્યું...

"સોરી!"

ત્યારે નિલયે ખબર નહીં કયા મૂડમાં કહી દીધું... "માય પ્લેઝર..."

અને નિયતેને કહ્યું, "ક્યારે જાય છે-અમદાવાદ?"

નિયતિએ પૂછ્યું: "જાઉં?" મજાકમાં?

"હું ના કહીશ તો નહીં જાય?"

"કહી જો-" નિયતિ હજી પણ મજાકના મૂડમાં જ હતી કે પછી...

નિલય દરવાજાની બારસાખમાં ઊભો હતો ત્યાંથી આગળ આવ્યો, ઊંબરો ઓળંગ્યો અને નિયતિની એકદમ નજીક આવ્યો...

"સાંભળ, હું જ્યારે-જે કહીશ ને-ત્યારે એ મારું ફાઈનલ સ્ટેટમેન્ટ હશે! સમજી?"

"ના-ખરેખર નથી સમજી!"

"એટલે જ-જા, ડબ્બી! અને જલદી પાછી આવ."

"મારી થિસીસ..."

"થઈ જશે-કાલે શોધી રાખીશ...જા-ભાગ!!"

અને, નિયતિ દાદરા ઊતરી ગઈ. પણ ઊતરતાં ઊતરતાં એણે એકવાર પાછળ જોયું-

નિલય બારસાખને ટેકે-હાથમાં સફેદ પ્લાસ્ટર સાથે... ખૂબ હેતાળ સ્મિત કરતો એને જોઈ રહ્યો હતો...

નિયતિને કશુંક થયું!

"કશુંક..."

શું?

એને પણ ન સમજાયું... પણ પછી એ ધડધડ કરતી દાદરા ઊતરીને ભાગી...

*

ગાડીમાં આવી.

ગાડી ચાલુ કરી... અને જોયું, તો આગળ ડેશબોર્ડ પર નિલયની ડાયરી રહી ગઈ હતી-એનાં કેટલાંક પુસ્તકોની સાથે!

પહેલાં થયું કે...

"જઈને આપી આવું..."

પછી, માત્ર કુતૂહલ વૃત્તિથી-નિયતિએ ગાડી વાળી દીધી.

અને, ઘર તરફ નીકળી ગઈ.

*

નિલયની ડાયરી-

નિલય વર્ષોથી ડાયરી લખતો.

કોલેજમાં ઘણાં મિત્રો જાણતા. એ ખૂબ સારી કવિતાઓ લખતો. કોલેજના ફંકશનમાં નિલયનું કાવ્યપઠન એક અગત્યની આઈટમ રહેતી.

પણ, -

નિયતિ જ્યારે એની કવિતા વાંચવા માગતી-નિલય ટાળી જતો.

મજાકના ઓઠા હેઠળ... "તને કવિતામાં શું સમજ પડે છે?"

અથવા -

"પર્સનલ કવિતાઓ છે-તને ના અપાય...!!"

આજે

એ ડાયરી-આખેઆખી ડાયરી, નિલયની અંગત ડાયરી... નિયતિ પાસે હતી.

અને,

થોડીક અંચઈ સાથે-પણ અત્યારે એને એ પાછી આપવામાં કોઈ રસ નહોતો.

એણે ગાડી પૂરપાટ ઘર તરફ મારી મૂકી...

નિયતિ કોલેજથી ઘરે પહોંચી-ત્યારે બપોર વીતવા આવી હતી... મુંબઈનું ચોમાસું મુશળધાર વરસતું હતું...

ગાડી કમ્પાઉન્ડમાં પાર્ક કરીને-બિલ્ડિંગના મેઈન દરવાજાથી દાખલ થતાં સુધીમાં તો નિયતિ સરાબોર પલળી ગઈ!

ઘરે પહોંચી-ને, કલ્યાણી દરવાજો ખોલે ત્યાં તો એને છીંક આવી... ખલ્લાસ! તારાબહેન બગડ્યાં!!

"જોયું? ગમે ત્યાં રખડે-ગમે તે ખાય... ને પછી વરસાદમાં પલળે... ઓ બહેન... હેરાન થઈશ-ને હેરાન કરીશ..."

સામાન્ય રીતે તારાબહેનની આવી કમેન્ટ પર, તોફાની જવાબો આપતી નિયતિ, એમની સામે ઉદાસીન નજરે જોઈને, પોતાના રૂમ તરફ આગળ વધી ગઈ.

તારાબહેન વિચારમાં પડી ગયાં...

"શું વાત છે? આજે આ વાવાઝોડું કેમ સાવ ચૂપચાપ છે?"

*

નિયતિ એના રૂમમાં ગઈ-કપડાં બદલ્યાં અને અરીસા સામે જોતી-ઊભી રહી...

પોતાનો ચહેરો એને અરીસામાં અજાણ્યો લાગ્યો... એક જ ચહેરો-એક જ મુખાકૃતિ અને છતાં-કેટલો જુદો સ્વભાવ...

કેટલી જુદી ફિતરત... કેટલી ગભરુ, કેટલી સરળ હતી રેવતી!! અને પોતે?

સાવ જુદી, કોઈ પણ પરિસ્થિતિનો બહાદુરીથી મુકાબલો કરી શકે એવી-મજબૂત મનોબળ ધરાવતી-હિંમતવાળી છોકરી!!

એક જ માના ઉદરમાંથી, એક જ દિવસે જન્મેલી, એક જ ઘરમાં ઊછરેલી, બે વ્યક્તિઓ આટલી જુદી હોઈ શકે?!!

એના વિચારો હજી આગળ ચાલત, પણ એ પહેલાં તારાબહેન હાથમાં ટુવાલ લઈને દાખલ થયાં... એને અરીસામાં એકીટશે જોતી જોઈ-

"બહુ રૂપાળી લાગે છે-ચાલ, આમ આવ..."

એને પાસે ખેંચીને એના વાળ લૂછ્યા... એમના હાથ પર આંસુનાં બે ટીપાં પડ્યાં. તારાબહેન ચોંક્યાં-

"બેટા, શું થયું?"

નિયતિએ માથું ધુણાવીને "ના" પાડી.

તારાબહેને ચિબુકથી પકડીને એનો ચહેરો પોતાની તરફ ફેરવ્યો.

"શું વાત છે-બેટા?"

નિયતિ એકદમ એમને ભેટી પડી.

"દાદી, મારે અમદાવાદ જવું છે..."

તારાબહેન કોણ જાણે શું સમજ્યાં... પણ એકદમ વહાલથી નિયતિની પીઠ પર હાથ ફેરવતાં એમણે કહ્યું.

"હાઆઆ... તે જાને! હમણાં ઘનુ આવે-એટલે આપણે એને કહીએ-ટિકિટનું!"

નિયતિ દાદીને વધારે જોરથી ભેટી.

"ક્યારે જવું છે-તારે?"

"શનિવારે!"

"ભલે-કલ્યાણી! જમવાની તૈયારી કરો. અને શિવુબહેનને કહેજો શુક્રવારે થોડો નાસ્તો બનાવે-રેવતી માટે! આ જોગમાયા જાય છે તો લેતી જાય..."

દાદીને ભેટેલી નિયતિએ સામે, રૂમને દરવાજે આવીને ઊભેલી કલ્યાણીની સામે જોઈને આંખ મારી!

કલ્યાણી એકદમ મમતાળું હસીને રસોડા તરફ ગઈ...

"ખરી છે આ! યેનકેન પ્રકારેણ ધાર્યું કરે છે-મારી બેટી!"

કલ્યાણી મનમાં થોડા સંતોષ સાથે કામે વળગી...

અને, નિયતિ-

રાત પડવાની રાહ જોવા લાગી.

નિલયની ડાયરી વાંચવા માટે!

*

નવ

રેવતી સમીરના ગયા પછી ત્યાં જ-બારસાખમાં જડાઈને ઊભી હતી...

એ વખતે લગભગ બપોરનો એક-દોઢ વાગ્યો હશે-લગભગ બધા જ અતુલ મહેરાના લેક્ચર પછી સીધા લંચમાં ગયા હતા.

મધુ પણ રૂમ પર આવી, ફ્રેશ થઈને કદાચ પાછી લંચ માટે મેસમાં ગઈ હતી.

આખા ડોમમાં કદાચ, રેવતી એકલી જ હતી.

એ પણ કપડાં બદલી-ફ્રેશ થઈને લંચ માટે જવાનો વિચાર કરતી હતી, ત્યાં જ સમીર આવ્યો...

... અને પછી, જે બન્યું-તે ઘટનાએ રેવતીની ભૂખ-તરસ-ઊંઘ બધું ઉડાડી મૂક્યું!!

"સમીરે જે કહ્યું તે શું હતું? સત્ય? મજાક? લગ્નની દરખાસ્ત?"

રેવતી ગૂંચવાતી-અકળાતી પોતાના રૂમમાં બેઠી હતી...

એને ખરેખર સમજાતું નહોતું કે આ માણસ, જેનું નામ સમીર હતું, એ શું કહી ગયો?

આખો દિવસ-રેવતી રૂમની બહાર પણ ન નીકળી... પલંગ પર પડી પડી છતને તાકતી કોણ જાણે શું અંટસંટ વિચારો કરતી રહી...

સમીર...નિયતિ... સુજય...મા... દાદી... અને અતુલ મહેરા-મધુ સહિતના કેટલાંયે પાત્રો એના વિચારોની દુનિયામાં ડોકિયાં કરી કરીને પાછાં વળતાં રહ્યાં... પણ રેવતી ન સૂઈ શકી - ન જમવા ગઈ-કે ન કંઈ વાંચવામાં મન પરોવી શકી...

ખરેખર તો છેલ્લા ચાર-પાંચ દિવસની ઘટનાઓએ એના મનને વિચલિત કરી નાખ્યું હતું.

એ સમીર પ્રત્યે આકર્ષાઈ હતી. એ વાત ચોક્કસ! પણ આ આકર્ષણ જ હતું કે એનાથી વધારે કંઈ હતું એનો નિર્ણય એ નહોતી કરી શકતી.

આમ પણ, રેવતી જરા અંતર્મુખ અને શાંત હતી. કોઈ પણ પરિસ્થિતિ વિશે તરત જ અભિપ્રાય બાંધવો એનો સ્વભાવ નહોતો જ.

સમીર સાથેની આખીયે ઘટનાને એ ઠરવા દેવા માગતી હતી... જરા ઊભરો શમે તો તળિયે પડેલાં મોતી કે પથ્થર જોઈ શકાય એવું એ માનતી, અને અવારનવાર નિયતિને સમજાવતી પણ!

સમીર અત્યંત દેખાવડો-ખૂબ મોહક અને કોઈ પણ યુવતીને આકર્ષે એવો હતો, એમાં જરાય ના નહીં... પણ...

એ કેટલો ગંભીર બની શકે-અથવા આ આખીયે બાબત, જે એ હમણાં અહીં કહી ગયો એ વિશે એ કેટલો ગંભીર હતો-એ સમજવું રેવતી માટે અનિવાર્ય હતું.

રેવતીએ ફોન કરીને નિયતિને અમદાવાદ બોલાવી લેવાનું નક્કી કર્યું... નિયતિને અમદાવાદ બોલાવવા પાછળ એના બે ઇરાદા હતા. પહેલો, એ એને સમીરને મેળવવા માગતી હતી. રેવતી ઇચ્છતી હતી કે નિયતિ સમીરને મળે, એને ઓળખે અને...

... જોકદાચ કોઈ નિર્ણય લેવાનો વારો આવે તો પોતાને એમાં મદદ કરે...

બીજો ઇરાદો એ હતો કે નિયતિ, સુજયને મળે-બંને એકબીજાની નજીક આવે, એકબીજાંને ઓળખે-સમજે... અને, જો ગોઠવાય તો!!!

“હમણાં-સાંજે જ ફોન કરી દઉં. અને બંને... બંનેની વર્ષગાંઠ પણ એક દિવસ એટલે જલદી એમ કહી દઉં!” અને મેરેજ એનિવર્સરી પણ... રેવતી મનોમન મુસ્કુરાઈ રહી હતી.

સાથે સાથે જાતને ટપારતી પણ હતી-“આટલી ઝડપથી કલ્પનાઓને ન દોડાય. સુજય તો ઠીક છે, પણ સમીર...”

રેવતીનું મન સમીર વિશે ખૂબ અજમંજસમાં હતું. “આ છોકરો ગજબનાક છે, એની ના નહીં-પણ એ મને ખરેખર પ્રેમ કરે છે એની સાબિતી શું? અરે! પ્રેમ કરે છે-એની પણ કબૂલાત ક્યાં એણે કરી છે?” રેવતીની દલીલો ચાલ્યા કરતી હતી... મનોમન.

“આ આખીયે વાત મજાક ન હોય એને માટે-અને હું મૂરખ સાબિત થાઉં તો?”

એ ડરતી હતી-મનોમન.

આખો દિવસ કમરામાં પડ્યાં પડ્યાં એણે પોતાની જાત સાથે જ ગોઠડી કર્યા કરી...

કેટલા સાંધા માર્યા-ને કેટલા ટાંકા ઉખાડ્યા...

“આજે થયો સોમવાર-નિયતિ આવતા રવિવારે આવશે. આખું અઠવાડિયું ખેંચવાનું છે-

આ જ કેમ્પસમાં-એ મને ભટકાશે નહીં, એવું તો શક્ય જ નથી... શું કરું?

એવોઈડ કરું એને?... પણ, સાચો હોય તો? એને કેટલું ખરાબ લાગે... તો?”

રેવતી સતત વિચાર્યા કરતી હતી... અને વિચારોના કેન્દ્રમાં, સ્વાભાવિક રીતે જ સમીર હતો.

“એ કોણ છે-એનાં મા-બાપ કોણ છે-કશું જાણ્યા, સમજ્યા વિના ઊંડા પાણીમાં ન ઊતરતી-રેવતી!!” એનું મન વારંવાર એને સાવધાન કરતું હતું...

... પણ, રેવતી જેનું નામ-એ તો ગળાબૂડ પાણીમાં ઊતરી ચૂકી હતી... ભીંજાઈ ગઈ હતી નખશિખ...

એણે માત્ર જાતને ડૂબતી બચાવવાની હતી હવે... અને એ માટેનાં તરફડિયા મારતાં-બપોરથી સાંજ પડી હતી, આજે!!

*

સમીર, રેવતીના રૂમમાંથી પાછો વળીને કલાસમાં જવાને બદલે પોતાના રૂમમાં ગયો.

“ધબ્બ” કરીને પલંગ પર પડ્યો. બે-ચાર મિનિટ પડી રહ્યો-પછી ઊઠ્યો, રૂમને જોડાયેલી નાનકડી ગેલરીમાં ગયો-થોડીવાર ઊભો રહ્યો-વળી અંદર આવ્યો-ખુરશીમાં બેઠો... ખુરશી પલંગની નજીક લીધી... પગ પલંગ પર મૂક્યા-જાતને જરા લંબાવી... વળી, ઊભો થયો...

ટૂંકમાં, એને ચેન નહોતું પડતું!

“આ... શું થતું હતું?” કેમ વારંવાર એ છોકરીની પાસે જવાનું-એને પોતાના બાહુપાશમાં ભીંસી નાખવાનું-એને ચુંબનો કરવાનું મન થતું હતું... કેમ એની તાંબાવરણી ચામડી, એની તરલ આંખો-એની સુરાહીદાર ગરદન, એના વાળ, એની કમ્મર... એની નજર સામે ઘૂમરાઈ જતાં હતાં? સમીરના વિચારો રહી રહીને રેવતીની દિશામાં જ વળી જતા હતા, અથવા, એ સિવાય કોઈ વિચાર જ નહોતો આવતો એને!!

સમીર-ખૂબ દેખાવડો હતો. અત્યંત આકર્ષક, પૌરુષી આકર્ષણથી સભર... મેનલી!

એને પોતાના સ્કૂલના દિવસોથી, પંદર-સોળ વર્ષથી આ વાતની ખબર પડી ગઈ હતી!

એની ક્લાસની-મિની સ્કર્ટ પહેરતી, બે ચોટલાવાળીને રિબિન નાખતી છોકરીઓથી શરૂ કરીને-“ગુડ બોય” કહેતી ટીચર્સ સુધી... બધાંને-સમીરના પૌરુષમાં ઓછોવત્તો રસ પડતો... જે એને સમજાતું હતું... ધીમે ધીમે!

એના પપ્પાના મિત્ર, પરેરા અંકલના ઘરે કેરીનો કરંડિયો આપવા ગયેલા સમીરને મિસિસ પરેરાએ બાહુપાશમાં લઈને પહેલું ચુંબન કર્યું ત્યારે સમીર સાડા સોળ વર્ષનો હતો... માત્ર.

પોતાના ટોપની ઝીપર ખોલીને સમીરનો હાથ પોતાનાં સ્તનો પર મૂકી આપતાં મિસિસ પરેરાએ કહ્યું હતું... “ઓલ યોર્સ, એન્જોય...” સમીરને ત્યારે, સમજાયું જ નહોતું કે એણે ખરેખર કરવાનું છે શું?

પણ, સમયની સાથે-ઉંમરની સાથે, વધતા જતા પૌરુષી આકર્ષણની સાથે-સમીરને ઘણું સમજાયું હતું...

છોકરીઓ એની આસપાસ પતંગિયાની જેમ ઉડાઉડ કરતી રહેતી.

રેસ્ટોરન્ટમાં, ફિલ્મના થિયેટરમાં, કોઈ લગ્ન સમારંભમાં કે કોઈ બસ, ટ્રેન, વિમાનમાં...

સમીરને એકવાર જોયા પછી કોઈ યુવાન છોકરી કે સ્ત્રી, એની પરથી પોતાની નજર હટાવી શકે, એવું ભાગ્યે જ બનતું!!

સમીર એના દેખાવ પર, એની દેહય દૃષ્ટિ પર, એના પૌરુષસહજ આકર્ષણ પર મુસ્તાક હતો...

એટલું જ નહીં, એને હવે એ વાતને ચલણી સિક્કાની જેમ વાપરતાં પણ આવડી ગયું હતું-સિનેમા, ટ્રેનની ટિકિટોથી શરૂ કરીને-બૅન્કમાં-રેસ્ટોરન્ટના વેઇટિંગમાં કે બીજી કેટલીયે જગ્યાઓએ એનું સ્મિત-કામ કરી જતું!! ને એ કરાવતો પણ ખરો!!

સમીરના સ્કૂલ-કૉલેજના દિવસોમાં એને ગર્લફ્રેન્ડ્ઝની કમી નહોતી.

ફ્લર્ટિંગ, ડેટિંગ, રોમેન્સિંગ અને ગુજરાતીમાં જેને લફરાંબાજી કહીએ એ સમીરનો ફેવરિટ ટાઇમપાસ હતો.

પણ સાથે સાથે એને એના ધ્યેયની, એના ગોલની પાકી ખબર હતી...ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં એ કૉલેજમાં, ક્લાસમાં ટોપ કરતો રહ્યો...આઈ.આઈ.એમ.માં એડ્મિશન લીધું-અહીં પણ એની ગણના જિનિયસ વિદ્યાર્થીઓમાં થતી...

ફ્લર્ટિંગ-કે ડેટિંગ એને માટે ફુરસદના સમયનો શ્રેષ્ઠ ઉપયોગ હતો-પણ ફુરસદનો સમય હોય તો જ!! ભણવાનું રખડાવીને સમીરે કોઈ છોકરીને એક મિનિટનો પણ સમય આપ્યો નહોતો, ક્યારેય!!

પતંગિયાની જેમ એની આસપાસ ઉડાઉડ કરતી છોકરીઓ, સમીરના એક સ્મિત પર સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર રહેતી.

કૉલેજની ફૂટબોલ ટીમનો બેસ્ટ પ્લેયર, ક્રિકેટ ટીમમાં ઉત્તમ બોલર, ભણવામાં હોશિયાર, દેખાવડો-અને ચાલાક, વાક્પટુ સમીર ઇચ્છે ત્યારે-ધારે તે છોકરી પાસે ગમે તે કરાવવા શક્તિમાન હતો.

પણ...

મિસિસ પરેરાવાળો પ્રસંગ એણે એની માને યથાવત્ કહી દીધો ત્યારે એની માએ એને બેસાડીને સમજાવ્યો હતો-

અને, એક સોનેરી વાત કહી હતી જેને સમીરે જીવનનો સિદ્ધાંત બનાવ્યો હતો.

માએ સમીરને કહ્યું હતું:

"બેટા, જિન્સી આવેગ-શરીરની ભૂખ કુદરતી છે. એમાં કશું જ ખોટું-અજુગતું નથી... યોગ્ય ઉંમરે એ થવું પણ જોઈએ... પણ બે પગાં અને ચોપગાં વચ્ચેનો ફર્ક એ છે કે આપણે એને મન સાથે પણ જોડીએ છીએ...

...પ્રેમ કરવો-મનથી પહેલાં... ને તનથી પછી...તન અને મન જ્યાં ભેગું હોય ત્યાં જ ખરેખરા અર્થમાં સંબંધ બંધાય...

અને, સંબંધ-પ્રેમસંબંધ-જ્યાં ત્યાં, ગમે ત્યારે-ગમે તેમ બાંધે એ માણસ નહીં, કૂતરાં કહેવાય...જાનવર કહેવાય બેટા!!!

જે સ્ત્રીને શરીર સોંપીએ, અથવા જેના શરીરને સ્વીકારીએ એની સાથે સંપૂર્ણ સ્વીકારની તૈયારી રાખવાની...જવાબદારીની પણ-

નહીં તો મારો ઉછેર-મારા સંસ્કાર લાજે, બેટા..."

અને...

સાડા સોળ વર્ષ-

સ્ત્રીના શરીરનો પહેલો અનુભવ પામેલો સમીર... માની આ વાત એકદમ સમજી ગયો હતો...એટલું જ નહીં, એણે એને એક સિદ્ધાંત તરીકે...એક નિયમ તરીકે સ્વીકારી હતી.

અને એટલે જ, આટઆટલી છોકરીઓ એની આસપાસ હોવા છતાં-

સમીર વિશે ક્યારેય કોઈ અજુગતી વાત સંભળાતી નહોતી...

સમીરથી જલનારા-સમીરના આ કન્યાવૈભવથી ખાક થનારા તમામ છોકરાઓ, ક્યારેક જાહેરમાં-તો ક્યારેક ખાનગીમાં... કાન પકડીને એક વાત સ્વીકારતા કે "સમીરીયો ચેમ્પિયન છે... ક્યારેય કંટ્રોલની બહાર નથી જતો...મારો બેટો!!"

દારૂ-ચરસ-સિગરેટ-અને સ્મેક સુધ્ધાં...એવું કશું જ નહોતું, જે સમીરે "ટ્રાય" ના કર્યું હોય!!

અને છતાં, કદી કોઈ વ્યસનમાં ફસાયો નહોતો...સમીરની આખી પર્સનાલિટીમાં, એના વ્યક્તિત્વમાં કશું એવું હતું-જે સામાન્ય માણસની સમજ બહારનું હતું...કશું અપાર્થિવ...કશું અલૌકિક...

જે એને આ તમામ પ્રલોભનોથી દૂર રાખતું-અને છતાં, ક્યારેય કોઈ ભૌતિક આનંદોથી વંચિત નહોતું રહેવા દેતું!!

*

આટઆટલી છોકરીઓ, સ્ત્રીઓ સાથે જાતજાતની રીતે સમય ગાળી ચૂક્યા પછી-એમને નજીકથી ઓળખ્યા પછી-પણ, સમીરને આવું ભયાનક જિન્સી આકર્ષણ ક્યારેય નહોતું થયું...

રેવતીને જોતાંની સાથે એના લોહીમાં એક ઊભરો આવતો-એના આખા શરીરનું લોહી ત્રણ-ચાર ગણી ઝડપે એની શિરાઓમાં ફરવા માંડતું-મગજમાં ધમધમ થવા લાગતું...

રેવતીને પકડીને-ભીંસીને...એને ચુંબનો કરીને ગૂંગળાવી નાખવાની એક રોકી ન શકાય એવી ઇચ્છા એની નસ નસમાં ફરી વળતી...

આવું-આ પહેલાં ક્યારેય નહોતું થયું!

આ છોકરી-રેવતીને આખેઆખી, કાચેકાચી ખાઈ જવાની રાક્ષસી ઇચ્છા થતી, સમીરને...એને જોતાંવેંત!!

*

"શું કરું?" સમીર વિચારી રહ્યો હતો...બેચેન-રેસ્ટલેસ બનીને એના કમરામાં આંટાફેરા મારતો.

"આજે જે બન્યું એ પછી એ છોકરી મારે વિશે શું ધારતી હશે- કોને ખબર?"

સમીરને હવે જાત પર શરમ આવતી હતી.

"આવું કેવી રીતે થઈ ગયું? એ મને ક્યારેય માફ નહીં કરે...આવું બાલિશ, બેવકૂફ જેવું વર્તન...પચીસ વરસનો ગધેડો થયો-આવી રીતે કાગળો નાખી આવે છે-હાથ પકડે છે... મૂર્ખ... બેવકૂફ!!" સમીર મનોમન ગાળો ભાંડતો હતો-જાતને.

અરીસામાં પોતાનો જ ચહેરો એને ગધેડા જેવો લાગતો હતો-બે લાંબા કાન...લાંબું મોં...મોટા મોટા દાંત...

એ હસી પડ્યો-

"હવે? સમીર મહેતા-હવે શું?" એણે અરીસામાં જોઈને પૂછ્યું-"જાતે જ પગ પર કુહાડી મારી છે-તારી ઇમ્પ્રેશન તો ફિનિશ્ડ થઈ ગઈ...હવે બીજીવાર તારી સાથે વાત કરવાની તો હિંમત નહીં કરે. પણ સામે જોશે તોય..."

સમીર કોઈ પણ ભોગે-કોઈ પણ રીતે રેવતીને જીતવા માગતો હતો.

આ છોકરી વિના જીવવું-અશક્ય હતું એને માટે...

"શું કરું?" સમીર વિચારી રહ્યો હતો.

"મા!"

એને મા યાદ આવી.

"ફોન કરીને કહી દઉં માને કે સંબંધ બાંધી શકાય એવી છોકરી...એવી અદ્‌ભુત છોકરી મળી છે મને-"

એ ઝટકા સાથે ઊઠ્યો-

મોઢા પર પાણી છાંટ્યું-વાળમાં આંગળીઓ ફેરવી, અરીસામાં એક નજર નાખી, અને જાતને જ કહ્યું..."કેચ યુ લેટર!!"

રૂમને તાળું માર્યા વિના-

અમસ્તો આગળિયો વાસ્યો...

અને, બહાર નીકળી ગયો.

*

સાંજ થઈ નહોતી..."ચાર વાગ્યા હશે..." સમીરે વિચાર્યું. પુષ્કળ ધૂળ ઊડતી હતી ચારે તરફ...ડમરી!

ચોમાસાના દિવસો સાવ નિકટ આવી ગયા હતા, એની નિશાની હતી કદાચ આ...

ઝાડ-પાન પવનમાં સખત રીતે ઝૂલતાં હતાં...પવન હતો-પણ ધૂળને કારણે બધું ઝાંખું-ડલ થઈ ગયું હતું...

બફારો તો હતો જ-"આજે રાત્રે જ વરસાદ તૂટી પડશે, કદાચ" વિચારતો વિચારતો સમીર એસ.ટી.ડી. ફોન તરફ આગળ વધ્યો.

આઈ.આઈ.એમ.માં લગભગ બધા જ વિદ્યાર્થીઓ-બહારગામના હતા. એટલે એસ.ટી.ડી. ફોનની સગવડ કેમ્પસમાં જ હતી...

એણે દૂરથી જ જોયું કે ફોન કેબિનમાં કોઈ હતું...એટલે થોડે દૂર આસોપાલવનાં વૃક્ષોની કતાર પાસે મૂકેલા બાંકડા ઉપર એ બેઠો-ફોન કેબિનમાંથી ફોન કરનાર બહાર નીકળે, એની રાહ જોઈને...

શરૂઆતમાં તો સમીર, લગભગ રોજ ઘરે ફોન કરતો!!!

મા- સમીરની મા, સીમા...સમીરની જિંદગીનું સૌથી અગત્યનું પાસું હતું...સમીરને બાળપણથી ક્યારેય મા વિના રહ્યાનું યાદ નથી. બહારગામ-પરદેશ, બધે જ સીમા સમીરને સાથે લઈને જવાય તો જ જતી...કેટલીયે વાર પતિની સાથે પરદેશ જવાની તક એણે સમીરને એકલો ન મૂકવા માટે જતી કરેલી!!

સમજણો થયો ત્યારથી, સીમાએ સમીર માટે તમામ સગવડો-તમામ લાડ-તમામ મોં માગ્યાં ફરમાનો પોતાની ફરજ સમજીને પૂરાં કર્યાં હતાં.

સમીરના પપ્પા-પંકજભાઈ મહેતા ઘણીવાર કહેતા કે, "આ દીકરો નહીં-દુશ્મન બનીને આવ્યો છે...ઘરમાં..." મજાકમાં!!

બાકી, પંકજભાઈ પણ સમીર વિના બહુ લાંબુ ન રહી શકતા.

માતા-પિતાનું એક માત્ર સંતાન સમીર...એમના બંનેના જીવનનું કેન્દ્ર હતો...એમની તમામ પ્રવૃત્તિઓ હજી પણ-સમીરને કેન્દ્રસ્થાને રાખીને થતી...

અમદાવાદ રહેતા સમીરને આવતા-જતા કોઈની સાથે ગરમ ગરમ ઢોકળાં, એલ્યુમિનિયમ ફોઈલમાં પેક કરીને મુંબઈથી મોકલવા સુધીની જહેમત સીમા લેતી!!

...જાતે ઍરપોર્ટ જઈને પણ...!!

બે-ત્રણ દિવસે એકવાર સમીરનો ફોન ન આવે, તો મા-અને પંકજભાઈ બંને વિચલિત થઈ જતાં.

અને સમીર માટે પણ-

એને પહેલી દોસ્ત, એની પહેલી મિત્ર, એના વિશ્વાસનું એકમાત્ર સ્થાન-એની મા... સીમા હતી... એવી કોઈ વાત નહોતી, જે સમીરે સીમાથી છુપાવી હોય.

જિંદગીની પહેલી સિગરેટ, દારૂનો પહેલો પેગ-કે પહેલી ડેટની વાત એણે એની મા સાથે માણ્યાં હતાં.

સીમાએ એની સાથે ગ્લાસ ભરીને બેસતાં-પ્રેસિડેન્ટ હોટેલના "લાઇબ્રેરી" બારમાં એને કહ્યું હતું-

"જો બેટા, દારૂ ખરાબ નથી-એની અસર ખરાબ છે, કદાચ... અને દૂધ પણ-બહુ પીઓ-પચે એનાથી વધારે... તો ઝાડા-ઊલટી થઈ જ જાય. કશું પણ-મર્યાદામાં રહીને કરવાની મજા છે!!" સમીર માટે માની એક એક વાત, એના જીવનનો એક એક સિદ્ધાંત હતી!!

*

બેઠાં બેઠાં પંદર મિનિટ જેવું થયું હતું...

ટેલિફોનની કેબિનમાં હજી કોઈ વાત કરતું હતું. સમીર બેઠો બેઠો કંટાળ્યો હતો. ધૂળ પણ ખૂબ ઊડતી હતી. એની આંખો-વાળ બધું ધૂળ ધૂળ થઈ ગયું હતું.

"એસ.ટી.ડી. પર પંદર મિનિટ?

સોમવારે-વાગ્યે? ચાલુ ભાવમાં? કોણ છે-" સમીર ઊઠ્યો...અને કેબિન તરફ ચાલવા લાગ્યો.

સામાન્ય રીતે અગિયાર વાગ્યા પછી-ક્વાર્ટર રેટમાં લાંબી વાત કરનારાઓની અહીં કતાર જામતી...મા-બાપ, ગર્લફ્રેન્ડ...સાથે બધાં જ રાત્રે-સસ્તા ભાવે લાંબી વાત કરવાનું પસંદ કરતા...

પણ આ વળી કોણ હતું-જે પંદર મિનિટથી એસ.ટી.ડી.માં ઘૂસીને વાતો કરતું હતું...

સમીર એસ.ટી.ડી. કેબિન પાસે પહોંચ્યો-હજી હાથ લંબાવીને કેબિનનો દરવાજો ખોલવા જાય એ પહેલાં અંદરથી દરવાજો ખૂલ્યો...

... ફરી એકવાર-

એના શ્વાસ થંભી ગયા.

જીન્સ અને ધાબુ પ્રિન્ટનું ટોપ પહેરીને રેવતી ઊભી હતી...

સમીર ડઘાયેલો-બઘવાયેલો રેવતી સામે જોઈ રહ્યો.

એની આંખો ભીની હતી, કે પછી સમીરને એવું લાગ્યું? રેવતીએ એને જોયો, ક્ષણેક અટકી પછી સમીરને એમ જ ઊભેલો છોડી કેબિનમાંથી બહાર નીકળી ચાલવા લાગી.

સમીર ત્યાં જ ઊભો ઊભો એને જોતો રહ્યો-

ચપોચપ જીન્સમાં દેખાતી એના નિતંબની પરફેક્ટ ગોળાઈ-એની પાતળી કમ્મર-કમ્મર પર થઈને નિતંબની નીચે પહોંચતો એનો ઢીલો ચોટલો-સુરેખ પિંડીઓ...

અને ટોપના ખૂબ લો બેક ગળાને લીધે દેખાતી પીઠ-તાંબાવરણી...લીસ્સી...

કેબિનમાં આટલી બધી વાર બંધ રહેવાને લીધે એને પરસેવો થયો હશે-એટલે પીઠ ઉપર જામેલાં પરસેવાનાં નાનાં નાનાં ટીંપાં મોતીની જેમ ચમકતાં હતાં...

"ઉફ! આ છોકરી મને પાગલ કરી નાખશે-"

ખાસ્સું ચાલ્યા પછી રેવતીને શું સૂઝયું કે ચપ કરતીકને પાછળી વળી અને ટેલિફોન બૂથના બંધ બારણા આગળ આવીને ઊભી રહી ગઇ.

સમીર ફટ કરીને નજર તોડીને કેબિનમાં ઘૂસી ગયો...ક્રેડલ પરથી રિસીવર લીધું.

નંબર લગાડતાં પહેલાં એના મનમાં એક વિચાર આવ્યો..."કુવિચાર..." સમીરે જાતને જ કહ્યું, પણ એ જાતને રોકી ના શક્યો-

એણે નંબર લગાડતાં પહેલાં "રિડાયલ"નું બટન દબાવ્યું!!

રેવતીએ જોડેલો નંબર ફરી જોડાયો. સમીરે એ વાંચ્યો.

એના ફોટો મેમરી ધરાવતા મગજમાં એ નંબર છપાઈ ગયો...

મુંબઈનો-સાઉથ બોમ્બે-ટાઉનનો નંબર છે... ચોપાટી-ગામદેવી, વાલકેશ્વર તરફનો!!

મુંબઈમાં ઊછરેલા સમીરે તરત શોધી કાઢ્યું. પછી એણે કોલ ડ્યુરેશન જોયું-તેર મિનિટ અડતાલીસ સેકંડ!!

"કોણ હશે?" સમીરનું એન્જિનિયર દિમાગ ચકરાવે ચડ્યું..."બોયફ્રેન્ડ?" એને લાગ્યું કે જમીન ફાટશે-પોતે એમાં સમાઈ જવાનો...નક્કી!!

"આજે જે બન્યું-અને છેલ્લા ચાર દિવસથી જે બધું બને છે-એ કહેવા જ એણે ફોન કર્યો હશે...નક્કી!!"

રેવતીના જીવનમાં કોઈ બીજું હોય-એ કલ્પના પણ સમીર માટે મરી જવાથી વધુ હતી!!

આ બધા વિચારો ચાલતા હતા એ દરમિયાન રિડાયલ કરેલો નંબર જોડાયો-અને, વાલકેશ્વરના એ ઘરમાં રીંગ વાગી!!

સમીરના ખ્યાલ બહાર...

કલ્યાણીએ ફોન ઉપાડ્યો.

"હલો...હલો..."

સમીર ચોંક્યો!

"તો ફોન લાગી ગયો હતો...હવે?"

"હલો...હલો..." સામેથી કલ્યાણીનો અવાજ આવતો હતો.

"કોણ?" સમીરથી અનાયાસે પુછાયું.

"તમે કોણ?"

"સમીર!"

"સમીર?" સમીર કોણ?"

"તમે કોણ?"

"કલ્યાણી!"

"કલ્યાણી-"

"આઈ એમ મિસિસ કલ્યાણી આચાર્ય...તમારે કોનું કામ છે-ભાઈ?"

સમીરે "ફટ" કરીને ફોન મૂકી દીધો.

હવે એણે આખી વાત એનાલિસિસ કરવા માંડી.

"કલ્યાણી...આચાર્ય..." એણે ચોકઠાં ગોઠવવા માંડ્યા...રેવતી આચાર્ય..." એટલે મા? અથવા મોટી બહેન? અથવા...ભાભી...

"બોયફ્રેન્ડ નહીં...યા...હુ...!"

એને નાચવાનું મન થયું...

બૂમાબૂમ કરીને મોટા અવાજે ગીતો ગાવાની ઇચ્છા થઈ આવી...

અને, એણે પોતાના ઘરનો નંબર જોડ્યો...

"હલો!" સીમા હતી!

"મોમ..."

"સેમ!"

"હાય જાન!"

"હાય બાબુ! કેમ છે?"

"તું કેમ છે?"

"ઓ.કે.! કેમ આજે અત્યારે?"

"મિસિંગ યુ-"

"ઓ, કમ ઓન...માય બેબી!! શું હતું?"

"આઈ એમ ઈન લવ-મોમ!"

સમીરે કહ્યું-

અને, પછી ત્રાડ પાડી-સામે છેડે સીમાના કાન ફાડી નાખે એવી...ભયાનક...કેમ્પસમાં ગુંજે એવી!

"આ...ઈ એ...મ ઈ...ન લવ...મોમ!"

*

દસ

સમીરે પાડેલી ત્રાડ... કેમ્પસમાં ગુંજી!

સીમાએ તો એ ત્રાડ મુંબઈ સાંભળી હોત... વગર ટેલિફોને પણ!

“મોમ...આઈ એમ ઈન લવ!” સમીરે કાન ફાડી નાખે એટલા મોટા અવાજે સીમાને કહ્યું...

સીમાને આ બૂમ સંભળાઈ. એની સાથે જ... એના આખા શરીરમાં રોમાંચની ઝણઝણાટી પ્રસરી ગઈ.

એનો દીકરો...

ડાયપર પહેરતો... હાથપગ ઉછાળતો...

ત્રણ પૈડાંની સાઇકલ ચલાવતો...

પહેલા દિવસે સ્કૂલે જતી વખતે મોટા અવાજે, ધ્રૂસકે ધ્રૂસકે રડીને સ્કૂલ ગજાવતો...

અમદાવાદ જતી વખતે ઍરપોર્ટ પર માને વળગીને, ભીની આંખે...

“ઓ માય ગૉડ!”

એનો દીકરો મોટો થઈ ગયો હતો!

લગ્ન કરવા લાયક થઈ ગયો હતો.

એક બીજી સ્ત્રી... હવે એનાં એકચક્રી શાસનમાં ભાગ પડાવવા આવવાની હતી.

બલ્કે... આવી ચૂકી હતી!!

સીમાએ પણ એટલા જ ઉત્સાહમાં લગભગ રાડ જ પાડી!

“વા...ઉ!”

સમીરે કહ્યું... “મોમ, શી ઈઝ વેરી બ્યુટીફૂલ! ખૂબ... ખૂબ... ખૂબ સુંદર છે એ!”

“મારાથી પણ વધારે?”

“હોઈ શકે, તારાથી વધારે સુંદર સ્ત્રી... આ વિશ્વમાં...? મોમ, તું સૌથી સુંદર છે-મારી જિંદગીની સૌથી સુંદર સ્ત્રી!!”

“નામ શું છે?”

“રેવતી!” સમીરે કહ્યું, “મુંબઈની જ છે!”

“યાહ!” સીમાને બધું જાણવું હતું, હમણાં જ-“શું કરે છે? ત્યાં? અમદાવાદમાં?”

“ભણે છે-મોમ! મારી સાથે...”

“આઈ.આઈ.એમ.માં?”

બહાર ઉડતી ધૂળ અને ભયાનક પવનને કારણે એસ.ટી.ડી. બૂથનો દરવાજો ધડામ, ધડામ પછડાતો હતો. બહાર ડમરી જોરદાર હતી.

“યસ મોમ!” સમીરે કહ્યું.

“હું આવું ત્યાં?”

“મોમ!” સમીરને સીમાના ઉત્સાહથી ખાસ આશ્ચર્ય ન થયું. “તું? અહીં? કેમ મોમ?” એણે અમસ્તુ જ પૂછ્યું.

“મારું બેબી!” સીમાએ કહ્યું, “મારે એ છોકરીને મળવું છે-જોવી છે... કોણ છે એ... જે મારી પાસેથી મારા દીકરાને ઝૂંટલી લેવાની છે...”

“મોમ-પણ હજી હું જ એને બરાબર નથી મળ્યો-”

“એટલે?”

“એટલે... એટલે... એમ કે, મેં...એને હજી કહ્યું નથી...”

“તો?”

“કહીશ-મોમ!”

“ક્યારે?” સીમાને ઉતાવળ હતી.

“રવિવારે-” સમીરે ફેંકી! એને ખબર નહોતી...

કે બહાર ઊભેલી રેવતી આ સાંભળતી હતી...

સીમાને કહેવાતી બધી જ વાતો રેવતીએ સાંભળી...

એણે સમીરની ત્રાડ સાંભળી, “મોમ... આઈ એમ ઈન લવ...”

અને, આગળ જતા એના પગ અટકી ગયા. એનું મન પાછા વળીને સમીરની વાત સાંભળવા આતુર થઈ ગયું... એનું સમગ્ર શરીર કાન બનીને કેબિનની બહાર ગોઠવાઈ ગયું!

અને-

મા-દીકરા વચ્ચે થતી બધી જ વાતો-ઓફકોર્સ, સમીર તરફની, એણે સાંભળી...

સાંભળી, એટલું જ નહીં, એને એના તમામ સવાલોનો જવાબ મળી ગયો.

આખી બપોર-એના મનમાં ચાલેલી ગડમથલનો ઉકેલ એને એક ઝટકામાં મળી ગયો હતો!!

*

નિયતિ હજી ઘરે નહોતી આવી. કલ્યાણી એની રાહ જોઈને બેઠી હતી... સાંજના સાડા સાત થયા હતા. ઘનશ્યામરાય ઘરે આવ્યા... આમ પણ સોમવારે સાંજે એ વહેલા આવતા.

જમીને બંને, કલ્યાણી અને ઘનશ્યામરાય બાબુલનાથ દર્શને જતાં. શરૂઆતનાં વર્ષોમાં તો તારાબહેન માટે શરૂ કરાયેલો આ કાર્યક્રમ હતો... પછીથી પગની તકલીફને કારણે તારાબહેન ન જઈ શકતાં, પણ-

ઘનશ્યામરાય અને કલ્યાણીએ આ નિયમ ચાલુ રાખ્યો હતો.

ઘરની, કુટુંબની કે વ્યવહારની કેટલીક વાતો કરવા માટે બંનેને આ શ્રેષ્ઠ સમય મળતો... જ્યારે તારાબહેનની હાજરી ન હોય.

એવું નહોતું, કે કલ્યાણી તારાબહેનથી કંઈ છુપાવતી-કે ઘનશ્યામરાયને કશું કહેવા માટે જ, આ સમય વાપરતી.

પણ... તારાબહેનને ન જણાવીને, એમને દુઃખી ન કરવાના ઇરાદાથી પણ કલ્યાણી કેટલીક વાતો ઘનશ્યામરાયને બાબુલનાથ જતાં-આવતાં કહેવાનું પસંદ કરતી.

ઘરમાં બંને સૂતાં એક જ કમરામાં, પણ... ઘનશ્યામરાય આવતાં જ લગભગ સાડા આઠ-નવ વગાડતા, નાહીને જમતાં સાડા નવ થઇ જતા, અને પછી કલાકેક ટી.વી. જોતા.

દસ વાગ્યાના સ્ટાર ન્યૂઝ-બિઝનેસ અપડેટ...વગેરે.

વહેલી સવારે સાથે ચ્હા પીવાનો મા-દીકરાનો નિયમ હતો. એટલે સવારે સાડા છથી સાડા સાત-તારાબહેન જોડે ગાળતા...

પછી નહાઈ-પૂજા કરીને નાસ્તો કરી ઑફિસ જવા નીકળતા...નવ-સાડા નવે.

એટલે...

ટૂંકમાં-

બાબુલનાથ ચાલીને જવાનો સમય પતિ-પત્ની માટે સૌથી સરસ, એકાંતનો સમય હતો.

બંને જમીને ઘરેથી નીકળ્યાં. થોડે સુધી ચૂપચાપ ચાલતાં રહ્યાં...

પછી ઘનશ્યામરાયે કહ્યું,

“આજે રમણકાકા આવ્યા હતા.”

“હં...”

“રેવતી માટે વાત લઈને-” ઘનશ્યામરાયે દાણો દબાવી જોયો.

“હં!...”

"કુંડળી માગતા હતા-આમ તો મારી પાસે ઑફિસમાં જ હતી, પણ..." એમણે વાત અધૂરી છોડી.

"મેં તમને કહ્યું છે ને, રેવતીની કુંડળી..."

"હા-મને ખબર છે. મેં એટલે તો આપી નહીં ને!" ઘનશ્યામરાયે કહ્યું.

"મને ખરેખર એ છોકરીની ચિંતા થાય છે-" હવે કલ્યાણી ધીમે રહીને મૂળ વાત પર આવી.

"જો કલ્યાણી, કહેનારા કહ્યા કરે-"

કલ્યાણીએ વચ્ચે જ વાત કાપી. "કહેનારા? એ કહેનારામાંના નથી. તમે જાણો છો..."

"હા ભઈ, શંભુભાઈએ કહેલી કોઈ વાત આજ લગી ખોટી નથી પડી...પણ..."

કલ્યાણીએ ભરાયેલા અવાજે કહ્યું, "બધું જ એમણે કહ્યું હતું એવું થાય છે. એમણે કહ્યું હતું, કે બાવીસ વર્ષે તમારાથી દૂર જશે-"

"પણ એમણે એવું પણ કહ્યું હતું કે ભણવાનું પૂરું નહીં કરે-"

"તે હજી પૂરું ક્યાં કર્યું છે?" કલ્યાણીનું મોઢું રડું રડું હતું.

ઘનશ્યામરાય હસી પડ્યા. થોડુંક આશ્ચર્ય પણ થયું એમને...!

આમ તો કલ્યાણી મક્કમ અને મજબૂત મનોબળ ધરાવતી સ્ત્રી હતી. કોણ જાણે કેમ, આ જ્યોતિષાચાર્ય શંભુભાઈની વાત આવતાં જ તદ્દન અભણ-અંધશ્રદ્ધાળુ બૈરાંની જેમ વર્તવા માંડતી!

જોકે, એ સાવ ખોટી પણ નહોતી. ઘનશ્યામરાય જ્યારે ડબલરૂમની ચાલીમાં રહેતા ત્યારે, એમના એક મિત્ર એમને શંભુભાઈ પાસે લઈ ગયેલા. શંભુભાઈ આમ તો સરકારી નોકરી કરતા-અને જ્યોતિષ એમનો શોખ હતો.

બાંધી આવકમાં માંડ માંડ પૂરું કરતા ઘનશ્યામરાયની કુંડળી જોઈને એમણે "રાજયોગ" ભાખ્યો હતો. ઘનશ્યામરાયથી એમની સામે જ હસી પડાયું હતું...એ પછી કલ્યાણી આવી હતી... પરણીને!

પુત્રનો "વંશ" ઝંખતાં તારાબહેન-કલ્યાણીને લઈને શંભુભાઈ પાસે ગયાં ત્યારે એમણે જોડિયાં સંતાન-પુત્રીઓ ભાખી હતી... અને પુત્રસંતાનની આશા નહીં રાખવાનું તારાબહેનને મોઢે કહ્યું હતું!!

એક પછી એક, બધું જ સાચું પડતું ગયું! અને કલ્યાણીને શ્રદ્ધા બંધાતી ગઈ.

હવે એવી સ્થિતિ હતી, કે-શંભુભાઈને પૂછ્યા વિના, કલ્યાણીનું ચાલે તો...પાણી પણ ન પીએ!!

રેવતી અને નિયતિ જન્મ્યાં, ત્યારે કલ્યાણી એમની પાસે ગઈ હતી. શંભુભાઈએ કલ્યાણીને એકલાં કાળજું કઠણ કરીને-પછીથી, આવવાનું કહ્યું, ત્યારે જ... કલ્યાણીને ફાળ પડી હતી.

રેવતી-નિયતિના જન્મ પહેલાંની ગર્ભાવસ્થા વખતે શંભુભાઈએ સ્પષ્ટ તો નહોતું ભાખ્યું...પણ એમ જરૂર કહેલું, કે "આ સંતાન સાથે માયા બાંધવા ઉતાવળાં ના થશો!"

અને, પાંચમે મહિને કલ્યાણીને કસુવાવડ થઈ-ત્યારે, આ વાક્યનો મર્મ સૌને સમજાયો હતો!

એટલે, જ્યારે એમણે કાળજું કઠણ કરવાની વાત કરી, ત્યારે... કલ્યાણીને ફાળ પડે એ સ્વાભાવિક હતું.

તક જોઈને-પાંચમે મહિને, કલ્યાણી એકલી... શંભુભાઈ પાસે ગઈ...ત્યારે એમણે બંને છોકરીઓની કુંડળી ખોલી.

એમણે કલ્યાણીને કહ્યું,"જો-બેટા, હું રૂપિયા લેતો નથી-એટલે સાચું-મોઢે જ કહું છું!... તારી, આ છોકરી, કલ્યાણી...શું નામ?"

"રેવતી..." કલ્યાણીને થથરતા અવાજે કહ્યું...

"હા-રેવતી...નામ રાશિ પરથી નથી."

"હા-રાશિ તો ન-ય છે... વૃશ્ચિક!"

"હં-તો આ રેવતી-એને સાચવજે!"

"એટલે?" કલ્યાણીનું કાળજું ધકધક કરતું હતું-"ઘાત...??"

"હા-આમ તો ઘાત જ કહેવાય... પણ એના ઉપર નહીં-કુટુંબ પર."

"હેં!"

"કુટુંબના સંસ્કાર પર, કુટુંબની પરંપરા પર, કુળના નામ પર..."

"શંભુભાઈ-ફોડ પાડીને કહો..."

"જો બેટા, જ્યોતિષમાં અમુક વાતો કહેવાનો નિષેધ છે-પણ છતાં, તને કહી રાખું છું કે બાવીસમે વર્ષે આ છોકરી તારાથી દૂર જશે...ભણવા... પણ ભણવાનું પૂરું નહીં કરે-અને, તારા કુટુંબ પર-તારા ઘર પર આફત નોતરશે!"

"કેવી આફત?"

"એ મને નથી ખબર!"

"શંભુભાઈ-"

"કલ્યાણી, બેટા... મેં તને કહ્યું ને, જ્યોતિષી છું હું-ભગવાન નથી!"

"પણ... આનો કોઈ ઉપાય?"

"ઉપાય?" કડવું હસ્યા હતા શંભુભાઈ.

"જ્યોતિષી હોવું એ શાપ છે બેટા, તમે અનિષ્ટ ભાખી તો શકો છો-નિવારી નથી શકતા!!"

"તોય!-કોઈ જાપ-કોઈ મંત્ર-કોઈ ગ્રહની વીંટી..."

“બેટા-બે બધાં મન મનાવવાના ઉપાય છે. સાઇકોલોજિકલ આધાર! ઈશ્વરમાં શ્રદ્ધા રાખ-તેં કોઈનું નથી બગાડ્યું, તો એય તારું બગાડતાં પહેલાં સુધારી લેશે!!”

*

કલ્યાણી ભારે મને-ઉચાટ સાથે ઘરે આવી હતી. રાત્રે એણે ઘનશ્યામરાયને વાત કરી હતી.

ઘનશ્યામરાયે હસી પડતાં, એને માથે હાથ ફેરવીને કહ્યું હતું, “સાચી વાત છે શંભુભાઈની. આપણે આપણા લાલજીમાં-અને સંસ્કારોમાં ભરોસો રાખવાનો!! બસ!”

*

રેવતીની એકવીસમી વર્ષગાંઠ સાથે જ કલ્યાણીને એની ચિંતા શરૂ થઈ ગઈ હતી.

ઘનશ્યામરાય એને સમજાવતા, પણ, કલ્યાણીને શંભુભાઈની વાતમાં અખૂટ વિશ્વાસ હતો.

આઈ.આઈ.એમ.નો ટેસ્ટ આપતાં-એડ્મિશન મળ્યા પછી અમદાવાદ જતાં... ડગલે ને પગલે, કલ્યાણી ઘનશ્યામરાયને એ વાત યાદ કરાવતી, પણ ઘનશ્યામરાય ભગવાનમાં ભરોસો રાખવાની વાતો કરીને કલ્યાણીને હસી કાઢતા...

*

પણ આજે...

આજે રેવતીનો ફોન હતો.

સાંજે-

કલ્યાણીએ એની સાથે ખાસ્સી વાત કરી.

લગભગ પંદર મિનિટ.

અને, એને રેવતીના અવાજમાં એક અજબ થડકારો-એક અજબ પ્રકારની ભીનાશ વરતાઈ. કલ્યાણી, મા હતી એની.

રેવતી એના જ ઉદરમાં આળોટીને મોટી થઈ હતી...

...એનું પગલે પગલું ઓળખતી કલ્યાણી.

અને, એમાંય આ શંભુભાઈની ભવિષ્યવાણી પછી તો કલ્યાણી રેવતીનો જરા સવિશેષ ખ્યાલ રાખતી...એને વધારે ઘરકૂકડી બનાવવામાં પણ કલ્યાણી ઓછે-વત્તે અંશે જવાબદાર હતી જ!

આજે, રેવતીનો ફોન આવ્યો ત્યારથી કલ્યાણીનું મન ચકરાવે ચડ્યું હતું.

એણે નક્કી કર્યું હતું કે, આજે ઘનશ્યામરાય સાથે બાબુલનાથ જતાં એ વિશે વાત કરવી... અને બને તો

અમદાવાદ આંટો મારી આવવો.

*

બાબુલનાથ બંને ચાલતાં જતાં. ખાસ્સી ચાલીસ-પિસ્તાલીસ મિનિટ ચાલવામાં થતી...

ઘરેથી નીકળ્યાં કે તરત ઘનશ્યામરાયે રમણકાકાની વાત કાઢી...

“તો, રેવતી માટે માગાં આવવાં માંડ્યાં છે!” કલ્યાણીએ વિચાર્યું, “રમણકાકાને કહેજો. પહેલાં છોકરાની કુંડળી આપે-આપણે શંભુભાઈને...”

આજે કોણ જાણે કયા મૂડમાં હતા, ઘનશ્યામરાય-એકદમ ચિડાઈ ગયા.

“શંભુભાઈ-શંભુભાઈ! છોકરી મારી છે કે શંભુભાઈની!!?”

કલ્યાણી અવાક્ થઈને એમને જોઈ રહી. ઘનશ્યામરાય સ્વસ્થ-ગંભીર માણસ હતા. વાતવાતમાં મગજ ક્યારેય ગુમાવતા નહીં...પણ આજે?

કલ્યાણીએ એમનો હાથ પકડી લીધો, “શું વાત છે? કંઈ ટેન્શન છે?”

“તું વારેવારે એકની એક વાત કરીને મને ટેન્શન કરાવે છે...”

“પણ... તમે સમજો તો ખરા...”

“તું સમજ-દીકરી છે આપણી-આપણે મોટી કરી છે... ભણાવી છે, સંસ્કાર આપ્યા છે... પછી રોજરોજ એની એ વાત...”

ઘનશ્યામરાયને પણ, ઊંડે ઊંડે શંભુભાઈએ ભાખેલી વાત ક્યારેય ખોટી નથી પડી-એનો ભય તો હતો જ!

“સારું-નહીં કરું, એની એ વાત. બસ? તમે ટેન્શન ના કરશો. પ્લીઝ!”

અને-

કલ્યાણીએ વાત ત્યાં જ બંધ કરી.

*

વાત તો બંધ થઈ ગઈ, પણ કલ્યાણીના મનમાં ઘોળાતો ભય-એને રેવતી માટે થતી ચિંતા બંધ કેવી રીતે થાય?

અને, એટલે જ-

બીજે દિવસે સવારે-મંગળવારે, કલ્યાણીએ કૉલેજ જતી નિયતિને અછડતી વાત કરી દીધી.

કલ્યાણીને અમુક રીતે નિયતિમાં વિશ્વાસ હતો. એ છોકરી કળે-બળે પોતાનું ધાર્યું કરશે.

... અને બન્યું પણ એમ જ!

*

નિયતિએ તારાબહેન પાસે, ઘનશ્યામરાયને નિયતિના અમદાવાદ જવાની વાત કરાવી...

... આખું યે ચોકઠું એટલું જડબેસલાક ગોઠવાયું કે કોઈને કશી યે ગંધ ન આવી.

જોકે, ઘનશ્યામરાયને સહેજ-ક્યાંક એમ લાગ્યું કે, "કલ્યાણીની ગઈકાલે શરૂ થઈને-અધૂરી અટકેલી વાત સાથે આ ઘટનાને સંબંધ છે!" પણ પછી એમણે એને મનનો વહેમ માનીને હસી કાઢી...

*

કેબિનની બહાર ઊભેલી રેવતી સમીરની વાતો સાંભળતી હતી...

... અને એમાં પણ, જ્યારે એણે પોતાનું નામ-સમીરના મોઢે સાંભળ્યું, ત્યારે એને થયું કે-

...આસમાન નીચે છે-અને પોતે વાદળો પર સવાર થઈને ઊડતી ઊડતી ક્યાંક જઈ રહી છે...સમીર સફેદ ઘોડા પર સવાર થઈને, દૂ...રથી આવે છે... એને ફૂલની જેમ ઊંચકીને ઘોડા પર બેસાડે છે...

*

અને અચાનક, ધડાક દઈને એસ.ટી.ડી. બૂથનો દરવાજો ખૂલ્યો.

દરવાજો બહારની તરફ ખૂલતો હતો, એટલે દરવાજાને અડીને ઊભેલી રેવતીને-સ્વાભાવિક રીતે જ, દરવાજો અથડાયો.

એક્રેલિકના બનેલા દરવાજાની લાકડાની ફ્રેઈમ એને માથામાં વાગી... રેવતીને કળ વળી ગઈ... અને, બારણાના ધક્કાથી એ બહારની બાજુ પડવા જેવી થઈ.

સમીર જરા ઉત્સાહમાં હતો-એટલે એણે બારણાને ધક્કો પણ પગથી-લાતથી મારેલો... જોરદાર.

એને સ્વપ્નેય કલ્પના નહોતી કે એની લાત સીધી એની પ્રિયતમાને-રેવતીને વાગશે!!

બારણું ધડાકા સાથે ખૂલ્યું. રેવતીને ફ્રેઈમ અથડાઈ અને એ પડવા જેવી થઈ ગઈ, રેવતી પડે એ પહેલાં-

મોટો હનુમાન કૂદકો મારીને એને બચાવવાનો સમીરે પ્રયત્ન કર્યો...

પણ, લગભગ સાડા સાત ફૂટનું અંતર કૂદવું એને માટે અશક્ય હતું એટલે એનું પણ સમતોલન ગયું...

રેવતી પડી.

એની ઉપર સમીર પડ્યો.

સમીરના પગ એસ.ટી.ડી. બૂથના ખુલ્લા બારણાની અંદર હતા... અને અર્ધું શરીર રેવતીની ઉપર...

એનો ચહેરો રેવતીના ટોપના ખુલ્લા ગળા પર હતો... અને રેવતીની ચામડી... તાંબાવરણી ચામડી... એના હોઠથી માત્ર દોઢ ઇંચ દૂર!!

ફરફર કરતો પવન વાતો હતો... ધૂળ પુષ્કળ ઊડતી હતી...આંખો માંડ ખુલ્લી રહે એવી સ્થિતિ હતી...હજી વાતાવરણમાં બફારો તો હતો જ...

કેબિનમાં બંધ રહેવાને કારણે સમીર પરસેવે રેબઝેબ હતો-

રેવતીના ગળા અને છાતીની વચ્ચેની ખુલ્લી ચામડી સમીરના હોઠથી દોઢ ઇંચ દૂર હતી...

સમીર માટે હવે જાતને રોકવી અશક્ય હતી. એનું સ્વર્ગ-એનું સપનું-એની એષણા... એનાથી માત્ર દોઢ ઇંચના અંતરે હતી...હાંફતી...છૂટવા મથતી...છટપટતી...

કોણ જાણે શું થઈ ગયું સમીરને...અને, એણે ઝનૂનપૂર્વક રેવતીને ભીંસી નાખી. એના ગળા પર-એની ગરદન પર...એના કાનની બૂટ નીચે...એની છાતી પર...એનાં સ્તનોનો ઢોળાવ જ્યાંથી શરૂ થતો હતો એ ઢાળ પર...પેલા ત્રણ તલના ઝૂમખા સુધી ઇંચે ઇંચ પર સમીરના હોઠ ફરી વળ્યા.

શ્વાસ બંધ થઈ જાય એવી સમીરની આકરી ભીંસ...નીચે ગરમ પથ્થરનો વૉકપાથ અને, સમીરનું ઝનૂન...રેવતીને થયું કે "મોત અહીં જ આવશે, કદાચ!"

ધૂળ અને ડમરીને કારણે બધા રૂમો બંધ હતા. ખાસ કોઈ અવર-જવર પણ નહોતી... રેવતીનું ધ્યાન ચારે બાજુ એ જોવામાં હતું કે આ આખુંયે દશ્ય કોઈની નજરે ન પડે!!

ને સમીર, દુનિયાથી બેખબર ખુદ પોતાના અસ્તિત્વથી પણ, અજાણ બનીને રેવતીમય થઈને... ચુંબનો કરે જતો હતો.

એના ગળા પર, એની ગરદનથી નીચે...કાનની બૂટ પાસે...

રેવતી દાઝતી હતી-નીચે ગરમ જમીનથી અને ઉપર સમીરના દાહક ઝનૂનથી...

અજબ પેશન, અજબ મોહ, અજબ આસક્તિથી રેવતીને આખેઆખી ખાઈ જવાના ઝનૂનથી સમીર એને વહાલ કરી રહ્યો હતો...

અને પ્રત્યેક ચુંબને, પ્રત્યેક સ્પર્શે સમીરને ગજબની ઠંડક, ગજબની તૃપ્તિનો અનુભવ થતો હતો... છેક એના આત્મા સુધી એ સંતૃપ્તિની ઠંડક પહોંચતી હતી.

*

અગિયાર

સમીરને ધક્કો મારીને રેવતી ઊઠી. ગરમ ગરમ જમીન પર હાથ ફેલાવીને આકાશ તરફ જોતો સમીર કોણ જાણે કયા નશાના ખુમારમાં પડી રહ્યો. રેવતી દોડતી પોતાના રૂમ તરફ ભાગી. એને કશું જ દેખાતું, કશું જ સમજાતું નહોતું. ફક્ત સમીરનો બે ઇંચ દૂર રહેલો ચહેરો અને આઉટ ફોકસ થઈ ગયેલી આંખોમાં દેખાતા સમીરની ચામડીના અણુએ અણુ એની નજરમાં ફિક્સ થઈ ગયા હતા.

રેવતી એના કમરામાં આવી. પલંગ પર આડી પડી. એવું નહોતું કે રેવતીના જીવનમાં ક્યારેય કોઈ છોકરો આવ્યો નહોતો, કે રેવતીને પુરુષમિત્રો નહોતા. પણ એ બધા રેવતીથી ડરતા. એક હાથનું અંતર રાખતા. નિયતિ તો હજીય ધબ્બા મારીને કે ખભે માથું ઢાળીને વાત કરતી એના મિત્રો સાથે, એને એવો છોછ નહોતો, પણ રેવતી, મજાલ છે કોઈની કે એને અડકે?

સમીરે જે રીતે એને સ્પર્શી, જે રીતે એનાં સંવેદનોને ઝંઝોડી નાખ્યાં એ રીતે તો ક્યારેય, કોઈ પુરુષે રેવતી વિશે વિચારવાની પણ હિંમત નહીં કરી હોય, કદાચ.

ઠરેલ-સમજદાર-એક હાથનું અંતર રાખનારી-ઠાવકી રેવતી...

ક્યાં ગઈ એ?

આ તો સમીરના સ્પર્શે ભીંજાઈ ગયેલી પહેલા વરસાદ પછીની જમીન જેવી...

અચાનક, રેવતીને માટીની સુગંધ આવી-પહેલા વરસાદ પછી માટીમાંથી ઊઠતી મહેક-

એણે દોડીને ગેલરીનો દરવાજો ખોલ્યો. ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો-

આઈ.આઈ.એમ.નાં લાલ માટીનાં મકાનો ઝાડ, પાન ધોવાઈ રહ્યાં હતાં.

વૉક-પાથ પરથી પાણીની નાનકડી ધારા વહી રહી હતી.

લૉનમાં ઠેકઠેકાણે નાનાં નાનાં ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં.

મેઈન બિલ્ડિંગ તરફ જતો રસ્તો પણ પાણીથી ભરાઈ ગયો હતો...

અને, પહેલા વરસાદની એ માટીની ગંધ રેવતીના શ્વાસ બંધ કરી રહી હતી.

"જગતનું કોઈ પર્ફ્યુમ આની તોલે ના આવે!"

રેવતીએ વિચાર્યું-

"આકાશ જાણે પીગળીને વહેવા માંડ્યું છે..."

સમીર સાથે ગાળેલી એ ક્ષણો રેવતીની અંદર થીજી ગઈ હતી. રેવતી પોતાની જાતને નખશિખ બદલાયેલી અનુભવી રહી. એને સમજાતું નહોતું કે આખીય વાતમાં એણે શું કરવું જોઈએ? સમીરનો મોહ, એની આસક્તિ રેવતીને એક સ્ત્રી તરીકે ગમતી, જ્યારે રેવતી નામની એ છોકરીનું અભિમાન એને રોકતું હતું.

"આમ, સાવ જંગલી રીતે-પૂછ્યા-ગાછ્યા વિના...ઓહ ગોડ... સમજે છે શું એના મનમાં? એક થપ્પડ મારી દીધી હોત ને... તો સમજણ પડી જાત..."

રેવતીની અંદર અચાનક આળસ મરડીને જાગેલી એક બીજી રેવતીએ એની સાથે દલીલ કરી...

"તો? મારવી'તી ને? કેમ ના મારી તેં? થપ્પડ? હેં?"

રેવતી પાસે દલીલો નહોતી-અને, વાત તો સાચી હતી... રેવતી કશું જ નહોતી કરી શકી-સમીરના એ ધસમસતા પૂર જેવા સ્પર્શને રોકવા...

એનો મોહ, એની આસક્તિ, એનું જંગલી ઝનૂન રેવતીને હજીયે દઝાડી રહ્યું હતું.

રેવતી ઊભી થઈ. એણે અરીસામાં જોયું. વિખરાયેલા વાળ, ચોળાયેલું ટોપ અને ગળા પર પડી ગયેલાં લાલ-ભૂરાં ચાઠાં... "ઉફ, ખરો માણસ છે" રેવતી અરીસામાં જોઈ રહી બે ઘડી. શું આ જ હતો, એનો રાજકુમાર? આ જ હતો એ માણસ, જેને માટે વિધાતા એને મુંબઈથી અમદાવાદ સુધી ઘસડી લાવી હતી? આની સાથે જિંદગી જીવવાની હતી એણે...

આ માણસ?

જે પહેલા વરસાદની જેમ ધોધમાર તૂટી પડ્યો હતો-એનો મોહ, રેવતી માટેની એની આસક્તિ પછી જાણે રેવતીના શરીરમાંથી પણ માટીની ગંધ... "ઉફ! ખરો માણસ છે."

"જિંદગી જીવવાની વાત... જરા વધારે પડતી છે-" રેવતીને પોતાને જ લાગ્યું કે એ જરા ઉતાવળ કરી રહી છે.

"શું જાણે છે તું?-આ સમીર નામના માણસ વિશે... એના ઘર વિશે, સ્વભાવ વિશે, કેરેક્ટર વિશે..." એણે અરીસામાં જોઈને જાતને જ પૂછ્યું.

"આ છોકરો-જેનું નામ સમીર મહેતા છે-એને તું ઓળખતી નથી-જાણતી નથી..."

હવે એને ઉતાવળ આવી ગઈ. નિયતિ છેક ક્યારે આવશે?

ત્યાં સુધી?

ત્યાં સુધી આ માણસના ધસમસતા પૂર જેવા પ્રેમને-કેવી રીતે ખાળીશ હું?

"અને...

અને-

જો એ માત્ર મોહ, માત્ર આસક્તિ જ નીકળી તો?"

"એની જિંદગીમાં તારા જેવી બીજી બે-ચાર..." રેવતીએ એ એ વિચારને ત્યાં જ અટકાવી દીધો. એને માટે એ વિચાર પણ અસહ્ય હતો.

"સમીર..." એના મનની જમીન પર એ નામ પહેલા વરસાદની જેમ વરસી રહ્યું હતું-ને જમીનમાંથી ગંધ

ઊઠતી હતી... ભીની માટીની, સમીરના કોલોનમાંથી ઊઠતી હતી એવી-તીવ્ર-મોહક ગંધ...

"નિયતિ..." રેવતીના મનમાં વીજળીની જેમ ફરી વિચાર ચમક્યો-

"નિયતિને અહીં બોલાવી જ લઉં! એ જ મને સાચી દિશા બતાવશે. દૂધનું દૂધ-ને પાણીનું પાણી!"

રેવતી જરા લાગણીશીલ હતી-જ્યારે નિયતિ ગજબની પ્રેક્ટિકલ-સ્પષ્ટ છોકરી હતી. જિંદગીની દરેક બાબતને કાંદાના પડની જેમ છોલી છોલીને અલગ અલગ કરી શકતી.

રેવતીને નિયતિમાં ખૂબ વિશ્વાસ હતો.

બંને બહેનો-મુશ્કેલીના સમયમાં-તકલીફમાં કે અંગત પ્રશ્નોમાં, એકબીજા પર ગજબ ડીપેન્ડ કરતી.

"જરાક વરસાદ અટકે કે જઈને ફરી ફોન કરી દઉં. નિયતિને અહીં બોલાવી લઉં! એ જ આવીને વાતનો તોડ કાઢશે-ચપટી વગાડતાંમાં!!"

રેવતી બેચેન થઈને વરસાદ અટકવાની રાહ જોવા લાગી.

પણ, વરસાદ!

અટકવાનું નામ જ નહોતો લેતો.

આટલા દિવસ ધરતીને તરસાવવાનું પ્રાયશ્ચિત્ત કરતો હતો એ વરસાદ...

સાંજે પાંચ વાગ્યે- લગભગ અંધારું થઈ ગયું હતું-

સાંબેલાધારે વરસાદ વરસતો હતો-આઈ.આઈ.એમ.નાં મકાનોને, ઝાડને, અને...

સમીરને ભીંજવતો-

રેવતીના ધક્કો મારીને દોડી ગયા પછી, સમીર કોણ જાણે કયા નશામાં ગરમ ગરમ જમીન પર હાથ ફેલાવીને-આકાશ તરફ ચહેરો કરીને ત્યાં જ-પડી રહ્યો હતો...

ક્યારે વરસાદ શરૂ થયો, કેટલો વરસાદ પડે છે-એની જાણે એને કંઈ ખબર જ નહોતી-

ધોધમાર વરસતા વરસાદમાં સમીર ભીંજાતો-તરબોળ થતો ત્યાં જ પડી રહ્યો હતો.

પહેલા વરસાદમાં ભીંજાવા નીકળેલા કેટલાક વિદ્યાર્થીઓએ એને જોયો.

કોઈને ખાસ નવાઈ ન લાગી -

કારણ કે સમીર હતો એવો જ, ધૂની...

છતાં, એ જે રીતે પડ્યો હતો-એ જોઈને એક-બે મિત્રોએ પાસે જઈને એને જગાડ્યો...

સમીર જાગ્યો અને એનું પહેલું વાક્ય સાંભળતાં એના મિત્રો ખરેખર બઘવાયા.

આટલા ધોધમાર વરસાદમાં તરબોળ થઈ ગયેલો, કોણ જાણે ક્યારથી પલળી રહેલો સમીર જાગતાંની સાથે પૂછી બેઠો-

"અરે! વરસાદ પડે છે?"

- ચહેરા પર જામેલાં પાણીનાં ટીપાં હાથ ફેરવીને લૂછ્યાં...

અને, જાણે કંઈ જ ન બન્યું હોય તેમ, ત્યાંથી ચાલવા લાગ્યો.

એને જગાડનારા મિત્રોને હવે ખરેખર નવાઈ લાગી-"આ...આ... ગાંડો છે કે શું? ધોધમાર વરસાદમાં જમીન પર સૂતેલો-ને પાછો પૂછે છે-વરસાદ પડે છે...!!!" બધા એને જતો જોઈ રહ્યા.

સમીર...

એના શરીર સાથે ચોંટી ગયેલું શર્ટ.

રોમન શિલ્પ જેવું શરીર-

પાતળી કમ્મર-પહોળા ખભા... અને નશાના ખુમારમાં ડૂબેલી બે કથ્થાઈ-બ્લુ આંખોની જોડ...બેફીકર ચાલ...

એ પોતાના પહેલા પ્રેમના નશામાં ગળાડૂબ-તરબોળ હાલતમાં પોતાના ડોમના પગથિયાં ચડ્યો-

આગળો ભરાવેલું બારણું ખોલ્યું-અને બારણું ખુલ્લું જ છોડીને ભીના કપડે ધબ્બ કરતો પલંગમાં પડ્યો-

અડધા પગ નીચે-અને શરીર પલંગ પર...એ હજીયે તંદ્રામાં જ હતો... રેવતીનો સ્પર્શ, એની સુગંધ, એની તાંબાવરણી ચામડીમાંથી ઊઠતી ઝાળ અને...પેલું...તલનું ઝૂમખું...

*

રેવતીએ ઘેર ફોન કર્યા પછી કલ્યાણી એટલી ચિંતામાં હતી કે એને પેલો સમીર નામના શખ્સનો વચ્ચે ઘૂસેલો એક ફોન જરાય યાદ જ નહોતો-

જો યાદ રહ્યો હોત-

એણે કોઈ ગણત્રી માંડી હોત તો કદાચ, કદાચ, એ કોઈ તાળો મેળવી શકી હોત!

પણ, રેવતીના લગભગ પંદર મિનિટ ચાલેલા ફોનમાં એણે કશું જ ન કહ્યું હોવા છતાં કલ્યાણી એટલું તો સમજી જ ગઈ હતી કે રેવતી મજામાં નથી-

એની સાથે-એની આસપાસ કંઈક એવું બની રહ્યું છે જે એને ગોઠતું નથી...

એની દીકરી-એની કૂખમાં આળોટીને મોટી થયેલી રેવતીને કલ્યાણી બરાબર ઓળખતી. અને શંભુભાઈની ભવિષ્યવાણી પછી તો રેવતીનું પગલે પગલું કલ્યાણી માટે મહત્ત્વની બાબત હતી. આજે રેવતીનો અવાજ સાંભળીને વિચલિત થઈ ગયેલી કલ્યાણીએ મનોમન નક્કી કર્યું કે કાં તો પોતે અને કાં તો નિયતિએ અમદાવાદ જવું જ રહ્યું.

નિયતિને બીજે દિવસે કૉલેજ જતાં કલ્યાણીએ ઇશારો કર્યો-ને નિયતિએ રેવતીને ફોન કર્યો-

રેવતીનો અવાજ સાંભળીને નિયતિ પણ-

જરાક અસ્વસ્થ તો થઈ જ! એણે એ જ પળે નક્કી કર્યું કે પોતે, અમદાવાદ જશે.

શનિવારે નીકળીને રવિવારે સવારે પોતે અમદાવાદ પહોંચી જશે.

તારાબહેન પણ એ દિવસે, મંગળવારે બપોરે પલળીને ઘરે આવેલી નિયતિની વાત વગર દલીલ-કોણ જાણે કેમ, પણ તરત જ માની ગયાં...

ને, કલ્યાણીને “હાશ” થઈ. કલ્યાણી કરતાંય વધારે “હાશ” થઈ ઘનશ્યામરાયને.

ઘનશ્યામરાય આમ, માણસ ભલા અને ક્યારેય કોઈ બાબતમાં ઈશ્વર સિવાય કોઈનાથી ડરતા નહીં.

પણ, શંભુભાઈની ભવિષ્યવાણીઓ જે રીતે સતત સાચી પડતી ગઈ - એ રીતે, ઘનશ્યામરાયના મનમાંય, રેવતીના 21મા વર્ષની એક નાનકડી શંકા સતત શ્વાસ લેવા માંડી હતી...

એ કોઈને કહેતા નહીં. ખાસ કરીને કલ્યાણીને તો નહીં જ!

પણ, નિયતિ પર એમને અથાગ વિશ્વાસ હતો. એમને ખાતરી હતી કે નિયતિ કોઈ પણ પરિસ્થિતિનો તોડ કાઢવા સક્ષમ છે.

*

બાબુલનાથ જતાં, કલ્યાણીએ શરૂ કરેલી વાત તો જાણે અધૂરી જ રહી...

પણ, મંગળવારે નિયતિએ અમદાવાદ જવાની જે રઢ લીધી, એનાથી ઘનશ્યામરાય થોડું સમજ્યા, થોડું ના સમજ્યા-

ને છતાં,

એમણે શનિવારે રાતની, ગુજરાત મેલની ટિકિટ મંગાવી લીધી...

*

મંગળવારે ઘરમાં બધું થાળે પાડીને, કલ્યાણીના જીવને ટાઢક થાય એમ વર્તીને તારાબહેનને પટાવીને નિયતિએ વાત પૂરી તો કરી નાખી...

... પણ તો ય એનો જીવ જુદા જ ઉચાટમાં હતો-

રોજ બબ્બે વાગ્યા સુધી ટી.વી.રૂમમાં બેસી રહેતી નિયતિએ પોણા દસ વાગ્યે બગાસાં ખાવા માંડ્યાં...

તારાબહેને પૂછ્યુંયે ખરું-

“એલી! પોણા દસ વાગ્યામાં કેમ ઊંઘ આવે છે?”

“કેમ? ગુનો છે?”

“ના રે-આ તો મેં કીધું કે સૂરજ કંઈ બાજુ ઊગ્યો-રાતરાણીને ઊંઘ આવે છે?”

“દાદી, રાતે સૂરજ ના ઊગે, ચાંદામામા ઊગે... ને રાતરાણીને ઊંઘ ના આવે? બિચારીને...”

નિયતિ ઊઠી-કલ્યાણીને વહાલ કરીને... તારાબહેનને ભીંસી નાખી, એક પપ્પી કરીને પોતાના રૂમ તરફ ગઈ ત્યારે એનું મન નિલયની ડાયરી વાંચવા ઉતાવળું હતું...

નિલયની ડાયરી, બધા માટે એક કુતૂહલ હતી, કૉલેજમાં. ખાસ કરીને નિયતિ જેટલીવાર એ હાથમાં લેતી...એટલી વાર નિલય એને ટોકતો-

“ઓય! મૂકી દે! કોઈની ગર્લફ્રેન્ડ, કોઈની ડાયરી-ક્યારેય ના અડાય...”

“આ? તારી ગર્લફ્રેન્ડ છે?” નિયતિ મજાક કરતી.

“હાસ્તો-મારી સૌથી જૂની. ને સૌથી વિશ્વાસુ ગર્લફ્રેન્ડ...” નિલય કહેતો.

મહા કુતૂહલવૃત્તિ ધરાવતી નિયતિને હંમેશાં એ ડાયરી વાંચવાની જિજ્ઞાસા રહેતી. પણ નિલયની નજર બચાવી, એ ડાયરી ઉઠાવવી શક્ય જ નહોતી.

આજે જે ગરબડ થઈ, એ પછી-ડૉક્ટરોની દોડાદોડી અને ફ્રેક્ચરની પાટાપિંડીમાં નિલય એ ડાયરી ભૂલમાં નિયતિની ગાડીમાં ભૂલી ગયો...

ને, નિયતિ માટે તો એ ઘટના દુનિયાની આઠમી અજાયબી એના હાથમાં આવી પડવા જેવી જ હતી.

નિયતિએ રૂમનો દરવાજો બંધ કર્યો-પલંગમાં ઊંધી પડી અને પેલી ડાયરી ઉઠાવી...

...પહેલું પાનું ખોલ્યું.

એનું દિલ ધકધક કરી રહ્યું હતું. એક દિલચસ્પ ઘટના-એક માણસ, એક આખેઆખી જિંદગી એની સામે ખૂલી રહી હતી...

આ ડાયરી વાંચ્યા પછી-નિલયને એ આખેઆખો, નખશિખ ઓળખી લેવાની હતી...

એણે પહેલું પાનું ખોલ્યું-

એક કવિતા હતી-

બીજું-ત્રીજું...

નિયતિ પાનાં ઉથલાવતી ગઈ. અનિયમિત લખેલી એ ડાયરી થોડાં અવતરણો, કવિતાઓ અને સારા અંગત નિબંધોના ફકરા હતા...

વચ્ચે કોઈ ખાસ દિવસોએ, ખાસ ઘટનાઓ હતી-અને એ ઘટનાઓ વિશે નિલયે પોતાની લાગણી ધસમસતી વહેતી મૂકી હતી...

નિયતિ જેમ જેમ પાનાં ઉથલાવતી ગઈ-તેમ તેમ, નિલય એની સામે ઊઘડતો ગયો-

પાને પાને, શબ્દે શબ્દે-ને અક્ષરે અક્ષરે...

એક અજાણ્યો-પણ ખૂબ વહાલસોયો, પ્રેમાળ નિલય એની સામે ખૂલતો ગયો...

ને, એ ધસમસતી લાગણીઓના પ્રવાહમાં નિયતિ વહેતી ગઈ... વહેતી ગઈ...

તા. 29 જુલાઈ.

આજે કૉલેજ ખૂલશે "એ" પણ આવશે. વીસ દિવસથી એને જોઈ નથી. જાણે મેં મારો પોતાનો ચહેરો જ ના જોયો હોય, એવી ફીલિંગ થાય છે-

"એ" આવશે-અને અટકી ગયેલા સમયને હળવેથી ધક્કો મારીને પાછો વહેતો કરી નાખશે...

*

"તા. 14 ઑગસ્ટ.

ઈન્ડિપેન્ડેન્ટ્સ ડેની પાર્ટીમં આજે એ અદ્ભુત લાગતી હતી. કેસરી શર્ટ-સફેદ સ્કાર્ફ ને ગ્રીન સ્કર્ટ...

ક્યારેક "એને" અડકવાનું-એની નજીક જવાનું મન થઈ જાય છે...

પણ, ડર લાગે છે-

"એ" મારી જિંદગી છે-અને જો જિંદગી મારાથી રિસાય તો?

રાત્રે બે વાગે એને ઉતારવા ગયો ત્યારે મારી બાજુની સીટમાં ઘસઘસાટ ઊંઘતી હતી-બાળક જેવી નિર્દોષ-મને એક નાનકડી પપ્પી કરવાનું મન થયું..."

નિયતિએ અનાયાસે ગાલ પર હાથ ફેરવ્યો...એ હસી પડી...

*

તા. 28 સપ્ટેમ્બર.

આવતી કાલે "એની" વર્ષગાંઠ છે-આખો દિવસ રખડ્યો. "એને" લાયક કશું જ ન મળ્યું-

"એને માટે કશું ખાસ-કશું શ્રેષ્ઠ લેવું છે..."

હું મારી જાતથી વધુ શું આપું?

ડાયરીના પાને પાને-નિલયના મનની વાત છલકાઈ છલકાઈને નિયતિને ભીંજવતી હતી-

ઈન્ડિપેન્ડન્ટ્સ ડેની પાર્ટીના ડ્રેસની વાત-પોતાના જન્મદિવસની તારીખ...

અને એવી કેટલીયે વાતો હતી, એ ડાયરીમાં-

નિલયે ક્યાંયે નિયતિના નામનો ઉલ્લેખ નહોતો કર્યો-ને છતાં, નિયતિ માટે સમજવું અઘરું નહોતું-

જરાયે અઘરું નહોતું...પણ સ્વીકારવું?

સ્વીકારવું ખરેખર અઘરું હતું.

"આ નિલય?" નિયતિનું મન વમળમાં ઘુમરી ખાતું હતું-

"જેની સાથે મેં રાત-દિવસ ગાળ્યા છે-મારો દોસ્ત, મારો મિત્ર...

એના મનમાં આટઆટલી વાતો ભરી હશે?"

નિયતિ રાતભર સૂઈ ન શકી. સવારે "કૂકડે કૂક"નું અલાર્મ બોલે તે પહેલાં જ એ જાગી ગઈ-

સાડા છ વાગે તો એ નહાઈ-ધોઈને તૈયાર થઈ ગઈ.

કોઈ દિવસ નહીં ને આજે-

કલ્યાણી પૂજા કરતી હતી, ત્યાં જઈને ઊભી રહી... મંદિર સામે હાથ જોડી, આંખો મીંચી...

અને, આંખો મીંચતાં જ-એને ગઈકાલે બારસાખને અઢેલીને ઊભેલો હેતાળ સ્મિત કરતો નિલય દેખાયો-

એ ચોંકી.

એણે આંખો ઉઘાડી નાખી અને નાનકડા લાલજીની મૂર્તિ સામે જોઈ રહી...

"ઈશ્વર પણ આ જ સંકેત આપે છે? કોને ખબર?" એનું મન વળી ગૂંચવાડે ચડ્યું.

એણે ગાડી બિલ્ડિંગના કમ્પાઉન્ડની બહાર કાઢી ત્યારે ફક્ત પોણા સાત થયા હતા.

તારાબહેને કેટલીયે બૂમાબૂમ કરી, ત્યારે માંડ દૂધ પીધું એણે-ખાવાની રુચિ જ નહોતી-ભૂખ મરી ગઈ હતી, ઊંઘ ઊડી ગઈ હતી...

એને સમજાતું નહોતું કે આ પરિસ્થિતિમાં એણે શું કરવું જોઈએ?

નિયતિ સામાન્ય રીતે વિચલિત થાય એવી છોકરી નહોતી... કે જિંદગીમાં પહેલીવાર એણે કોઈ છોકરાના મનની વાત જાણી હોય એવુંય નહોતું.

નિયતિના રૂપ અને બુદ્ધિના કેટલાયે ચાહકો સ્કૂલના દિવસોથી શરૂ કરીને આજ સુધી, નિયતિને "પ્રપોઝ કરી ચૂક્યા હતા.

પણ, નિલય?

નિલય સાવ જુદો જ હતો-નિયતિને એના જુદાપણાની, એના ગુણોની, એની શુદ્ધતાની ખબર હતી.

એ નિલયને ખોવા નહોતી માગતી-ને છતાં, આમ-આવી રીતે-સાવ અચાનક ઊઘડી ગયેલા પ્રકરણથી એ ખાસ્સી ગૂંચવાઈ ગઈ હતી.

*

રોજની જેમ, એણે ગાડી મરીન ડ્રાઇવ તરફથી જ કાઢી... ચોમાસાનો દરિયો હજી તોફાની હતો. પણ આકાશ પ્રમાણમાં સ્વચ્છ હતું.

ચોવીસ કલાક પડીને થંભી ગયેલા વરસાદને કારણે ડામરના રસ્તા ધોવાયેલા-સ્વચ્છ લાગતા હતા.

મરીન ડ્રાઇવની પાળીઓ, ઝાડ-પાન, હિન્દુ જીમખાનાની આગળની તરફના બાંકડા બધું જ ધોવાયેલું-ચોખ્ખું ચોખ્ખું લાગતું હતું...

નિયતિએ ગાડી પાર્ક કરી-ને ચાલવા માંડ્યું..."રેવતી! રેવતી અહીં હોત તો? વાતનો તરત ફેંસલો આવત..."

નિયતિ વિચારતી જતી હતી.

જિંદગીની નાની-મોટી કેટલીયે બાબતોમાં બંને બહેનો એકબીજા માટે ફેંસલા કરતી આવી હતી.

"આજે, જિંદગીના સૌથી મહત્ત્વના ફેંસલા વખતે જ...રેવતી નથી..."

નિયતિના વિચારો એકસરખા ચાલતા હતા-અને પગ પણ એટલા જ ઝડપથી ચાલતા હતા...

"અમદાવાદ જાઉં છું ને? ત્યારે જ વાત કરીશ. ઉતાવળ શું છે?" નિયતિએ વિચાર્યું-"નિલય ક્યાંયે ભાગી નથી જવાનો-મારે પણ સમય લેવો જોઈએ."

એણે પાછા ફરવા માટે પગ ઉપાડ્યા અને વળીને ગાડી તરફ ચાલવા માંડ્યું. એ જ વખતે એને વિચાર આવ્યો.

"ડાયરી? ડાયરીનું શું કરીશ હું? મારી પાસે હતી એવી ખબર પડશે તો એ સમજી જ જશે કે મેં વાંચી છે-"

આ એક તદ્દન નવી સમસ્યા ઊભી થઈ. એ નહોતી ઇચ્છતી કે હમણાં નિલયને એવી ખબર પડે કે બધું જાણે છે–

એ એનું વર્તન સામાન્ય રાખવા માગતી હતી કમ-સે-કમ નિર્ણય ન લે ત્યાં સુધી.

"તો? હવે? ડાયરીનું શું કરવું?"

એ ગાડી પાસે આવી ગઈ હતી-એને, ફેમિલી ડૉક્ટર યાદ આવ્યા. "એમના દવાખાને મૂકી દીધી હોય તો?" નિયતિએ વિચાર્યું.

"પણ ના, એ વાંચે તો?"

લાંબું વિચારતાં એને વિઠોબા, એમની કૉલેજનો પ્યુન યાદ આવ્યો-

નિયતિ મારમાર કરતી કૉલેજ પહોંચી. સ્વાભાવિક રીતે જ, હજી ખાસ કોઈ આવ્યું નહોતું-

નિયતિ વિઠોબાને શોધવા લાગી. શોધતી શોધતી એ લાઇબ્રેરીમાં પહોંચી. વિઠોબા ગઈ કાલે રિટર્ન આવેલાં પુસ્તકો ઠેકાણે પાડતો હતો.

"વિઠોબા, એ વિઠોબા..." નિયતિએ બોલાવ્યો-એ નજીક આવ્યો.

"ક્યા હૈ?"

નિયતિએ એના હાથમાં ૫0ની નોટ મૂકી.

"કશાલા?" પેલાને નવાઈ લાગી.

"આ ડાયરી છે-"

"મી કાય કરું?" પેલાએ નિયતિને પૂછ્યું.

"કંઈ નહીં કરવાનું-તારે ખાલી આ ડાયરી નિલયને આપવાની. ઓળખે છે ને? નિલયને?"

"હો-પ્રોફેસર રાવ ચા મુલગા"

"આ ડાયરી એને આપવાની-અને કહેવાનું કે એ લાઇબ્રેરીમાં ભૂલી ગયેલો."

"પણ કેમ?"

"હું કહું છું-એટલે." નિયતિને પંચાત ગમી નહીં.

"ઝઘડા ઝાલા?" પેલાએ વધુ ચંચુપાત કર્યો.

"ના" નિયતિએ વાત ટૂંકાવી-50ની બીજી નોટ પકડાવી, "મારું નામ નહીં લેવાનું."

"હો-" પેલાએ નોટ ખિસ્સામાં સરકાવી.

"અને સાંભળ-જો એને જરા સરખી પણ ગંધ આવીને...તો...તારા રૂમમાંથી બધાને કવાર્ટરીયા વેચે છે એ કહી દઈશ. સમજ્યો?" નિયતિએ પોતાની માહિતીકિતાબ ખોલીને એક નાનકડું હથિયાર પણ ઉગામી લીધું.

"ના-ના! તું બેફિકર રહે." પેલાએ કીધું, "એને જરાય ખબર નહીં પડે..."

નિયતિ નિરાંતનો શ્વાસ લઈને બહાર નીકળી.

આસપાસ જોયું.

થોડાઘણા સ્ટુડન્ટ્સ આવવા લાગ્યાં હતાં.

બે-ચાર ઓળખીતા ચહેરા સામે સ્મિત કરતી એ ક્લાસરૂમ તરફ આગળ વધી ગઈ...

*

વિઠોબા હજી તો નિયતિના ગયાનો શ્વાસ લઈને સવાર સવારમાં મળી ગયેલી સો રૂપિયાની ટીપનો આનંદ માણે એ પહેલાં જ -

એના ખભે કોઈએ હાથ મૂક્યો. લાઇબ્રેરીયન કે કોઈ પ્રોફેસર હશે એમ માનીને એ પાછળ ફર્યો-

તો-

નિલય ઊભો હતો-

હાફ સ્લીવનું આસમાની શર્ટ-જિન્સ અને હાથમાં પ્લાસ્ટર-

વિઠોબા ડઘાયો.

"લાવ, ડાયરી લાવ..."

"કઈ ડાયરી?"

"નિયતિએ હમણાં આપી તે જ વળી..." નિલય હસતો હતો.

"પણ..."

"હું એને નહીં કહું કે મને ખબર છે-બસ?"

"તમારા પગે પડું-એ ખરેખર મારી કમ્પ્લેન્ટ કરશે, જો એને..."

"એને ખબર નહીં પડે-"

"આઈ શપથ...??" વિઠોબાએ પૂછ્યું-

"આઈ શપથ" નિલયે કહ્યું-"મારી માના સોગંદ. હું તને તકલીફમાં નહીં મૂકું-બસ?"

વિઠોબાએ ડાયરી આપી.

નિલય ડાયરી લઈને ક્લાસરૂમ તરફ નીકળી ગયો.

વિઠોબાએ આ ડાયરીની આપ-લેની રમત કંઈ સમજાઈ નહીં...

પણ, નિલય સમજી ગયો હતો-નિયતિ એ જે રીતે એને હાથોહાથ ડાયરી પાછી આપવાનું ટાળ્યું એ રીતે બહુ સ્પષ્ટ હતું કે એણે ડાયરી વાંચી હતી.

એ બધું જ જાણતી હતી-

ને છતાં, કોઈ પ્રતિભાવ આપવા નહોતી માગતી...

ખેર...

નિલયે પણ ગાંઠ વાળી-

"હવે હું રાહ જોઈશ... ક્યાં સુધી ટાળશે?" નિલયે નક્કી કર્યું - "આવી છોકરી માટે તો જિંદગીભર પણ રાહ જોવી મંજૂર છે..."

નિલય ક્લાસમાં પ્રવેશ્યો ત્યારે નિયતિ ક્લાસમાં જ હતી...એની બાજુની બેંચ પર જગ્યા ખાલી હોવા છતાં,

નિલય એની આગળની બેંચ પર બેસી ગયો.

ન નિયતિએ કંઈ કહ્યું-ન નિલયે કોઈ વાત કરી-

પણ નિલયના હાથમાં નિયતિએ પેલી ડાયરી જોઈ લીધી.

"હાશ-વિઠોબાએ કામ તો કરી નાખ્યું" નિયતિએ મનોમન વિચારી લીધું-ને પછી, રોજની જેમ-નિલયની પીઠ પર ધબ્બો માર્યો.

"કેમ? મારી બાજુમાં બેસતાં કાંટા વાગે છે?"

નિલય પાછળ ફર્યો-

નિયતિ સામે જોયું...એક અજબ નજરથી, નજાકતથી-

નિયતિ આકંઠ ભરાઈ ગઈ એવું કંઈક હતું એ નજરમાં...

અને, એક પણ શબ્દ બોલ્યા વિના એ આગળ ફરી ગયો.

નિયતિ સ્તબ્ધ થઈ ગઈ.

"વિઠોબાએ લોચો માર્યો હશે?"

અને, એ જ વખતે એમના ઇંગ્લીશના પ્રોફેસર મિસિસ રાયચંદ દાખલ થયાં-એટલે વાત ત્યાં જ અટકી.

નિયતિ આખું લેક્ચર મનોમન ગૂંથણ કરતી રહી...ને નિલય-નિયતિના આ ગૂંચવાડા પર હસતો રહ્યો...

બંને, લેક્ચર પૂરું થવાની રાહ જોઈ રહ્યાં હતાં.

*

બાર

સુજય રેવતી સાથે વાત કર્યા પછી એક અજબ નશામાં હતો.

રેવતીએ એની સાથે ડીનર પર જવાની "હા" પાડી...

સુજય માટે આખીયે વાત સ્વપ્ન સમાન હતી. એને અતુલ મહેરાએ પણ ચાવી ચડાવી હતી-એટલે એના મનમાં નક્કી જ હતું કે હવે તો એને પૂછી જ નાખવું.

સુજયને છેલ્લા દોઢ વર્ષથી રેવતી ગમતી, એના ભાઈ- અજીતકાકાના દીકરા મિહીરનાં લગ્નમાં એ રેવતીને પહેલીવાર મળ્યો, ત્યારથી જ...

પણ એ ક્યારેય એ વાત કહી નહોતો શક્યો. પહેલાં ભણવાના બહાના હેઠળ એ માગાં ટાળતો હતો, પણ રેવતીને મળ્યા પછી, છેલ્લા દોઢ વર્ષમાં આવેલાં માગાં એણે ફક્ત રેવતી માટે ટાળ્યાં હતાં એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નહોતી.

અને એમાંયે જ્યારે અજીતકાકાએ એને સમાચાર આપ્યા, કે રેવતી અમદાવાદ આવે છે-ત્યારે તો એને વિશ્વાસ થઈ ગયો કે રેવતી એને જ માટે અમદાવાદ આવે છે!

અજીતકાકાને અષ્ટમપષ્ટમ સમજાવીને રેવતીને લેવા એ સ્ટેશને ગયો-

ને, એ પછી પણ-

એણે રેવતીને મળવાના જે નાના-મોટા એક બે પ્રયત્નો કર્યા, એમાં એને સમજાતું નહોતું કે રેવતીના મનમાં શું હતું?

અતુલનું આમ અચાનક મળી જવું એને માટે આશીર્વાદ સમું સાબિત થયું. કારણ કે એને આવા જ પ્રકારના કોઈ પ્રોત્સાહનની જરૂર હતી...

સાત-સાત વર્ષથી અમદાવાદમાં ભણતો સુજય, એના મિત્રોમાં ખાસ્સો પોપ્યુલર હતો-

દેખાવડો, સમજદાર, ભણવામાં ખૂબ હોશિયાર અને છતાં જરાય અભિમાની નહીં એવો સુજય ઘણાનો મિત્ર હતો. પણ, સુજયના મિત્ર કહી શકાય એવા ખાસ કોઈ નહોતા.

મુંબઈની મેડિકલ કૉલેજના છેલ્લા મેરીટ લીસ્ટમાં પણ, એક માર્ક માટે જ્યારે સુજયને એડમિશન ન મળ્યું ત્યારે એના પિતા ડૉ. મહેન્દ્ર શાહ ખૂબ અપ-સેટ થઈ ગયેલા...

સુજયે આખી વાતને બહુ જ સહજતાથી સ્વીકારી હતી. એને કોઈ સમજાવે એને બદલે એ એના પિતાને સમજાવતો હતો.

"મેડિકલ એક જ કેરિયર ઓછી છે? સો રસ્તા છે જિંદગીમાં-સફળ થવાના."

પણ, મહેન્દ્રભાઈ માટે એકનો એક દીકરો જો ડૉક્ટર ન બને તો જિંદગીભરનું સપનું રોળાઈ જાય એવી સ્થિતિ હતી...

અજીતભાઈ મુંબઈ છોડીને થોડા વખત પહેલાં જ અમદાવાદ શિફ્ટ થયા હતા.

એમણે સૂચવ્યું કે અમદાવાદની મેડિકલ કૉલેજમાં પ્રયત્ન કરવો-અને, સુજયને એડ્મિશન મળી ગયું હતું.

અમદાવાદની મેડિકલ કૉલેજમાં એમ.બી.બી.એસ. કર્યા પછી, એમ.એસ. કરવા માટે મુંબઈમાં પ્રયત્ન કરવાનું જ એણે ટાળ્યું. જાણીતી કૉલેજ, જાણીતું વાતાવરણ, જાણીતા પ્રોફેસર્સ...

અને, એ હજીયે અમદાવાદમાં જ ભણતો હતો.

એની નાની બહેન શ્વેતા, પરણીને બેંગ્લોર સેટલ થઈ ગઈ હતી. એના પિતા ડૉ. મહેન્દ્ર શાહ ચાઇલ્ડ સ્પેશ્યાલીસ્ટ, બાળકોના ડૉક્ટર હતા, અને હજી પ્રેક્ટિસ કરતા...

સુજયનાં મમ્મી રંજનાબહેનને સુજયનાં લગ્નની ગજબ હોંશ હતી-સુજયની માગાં નકારવાની વાત એમને સહેજે ગમતી નહીં. એ વારંવાર મીનાકાકી, અજીતકાકાનાં પત્નીને સુજયને સમજાવવાનો આગ્રહ કરતાં-અને મિહીરની પત્ની રીમાના આવ્યા પછી તો વળી, એનેય કહ્યાં કરતાં.

મિહિરનાં લગ્નના દોઢ જ વર્ષમાં એને ત્યાં બાળક પણ આવી ગયું-એટલે તો વળી રંજનાબહેન વધુ અપ-સેટ થઈ ગયાં.

મિહિર તો સુજયથી નાનો હતો-એનાં લગ્નયે થઈ ગયાં ને બાપ પણ બની ગયો...

ને એમનો દીકરો? હજી તો છોકરી જોવાનીયે “ના” પાડતો હતો.

રંજનાબહેન સુજયનાં લગ્ન માટે કંઈ પણ, કંઈ પણ કરવા તૈયાર હતાં...

બાધા-આખડી, જ્યોતિષી-ગ્રહ, વિધિઓ-કંઈ બાકી નહોતું રાખ્યું એમણે-

બસ, કોઈ રીતે સુજય માને...

ને કોઈ રીતે લગ્ન કરવા રાજી થાય એટલે ...બસ.

એમને સ્વપ્નેય કલ્પના નહોતી કે એમનો દીકરો તો ક્યારનોય છોકરી પસંદ કરીને બેઠો હતો...

અને, છોકરી પણ જેવી તેવી નહીં... એના દિલની આરપાર ઊતરી ગયેલી તેજ તર્રાર જેવી છોકરી...

અને, એ છોકરી સાથે સુજય ડીનર પર જવાનો હતો-

રવિવારે સાંજે.

સુજય પોતાનું ભવિષ્ય, પોતાની જિંદગી દાવ પર લગાડીને બેઠો હતો...

અને, રવિવારે સાંજે એ દાવની હાર-જીતનો ફેંસલો થવાનો હતો...

સુજયનું સમગ્ર અસ્તિત્વ રવિવારની સાંજની ખીંટી પર ટિંગાઈને ઝૂલતું હતું...

અને છતાં, સુજયની ધીરગંભીર પ્રકૃતિ એને રોકતી હતી. એ હજીયે અસમંજસમાં હતો-

"રેવતી ના પાડશે તો?"-નો ભય હજીયે એના મન પર એવો જ તોળાતો હતો... છતાં, એણે આ વખતે નક્કી કર્યું હતું કે એ એને પૂછશે-

"ઇસ પાર યા ઉસ પાર..."

*

સમીર જિંદગીના સૌથી આહ્‌લાદક અનુભવ પછી રેવતીમય થઈ ગયો હતો...

એના જીવનની દિશા જ જાણે બદલાઈ ગઈ હતી.

એણે આમ તો સીમાને ફોન પર કહ્યું હતું કે, પોતે રેવતીની સાથે રવિવારે વાત કરવાનો છે-

પણ... એ ફોનની થોડી જ ક્ષણો પછી બનેલા પ્રસંગે એની આખી કેમેસ્ટ્રી બદલી નાખી હતી. જે રીતે એ રેવતીને સ્પર્શ્યો, જે રીતે એણે ઝનૂનપૂર્વક એને પ્રેમ કર્યો-એ પછી, સમીર રવિવાર સુધી રાહ જોઈ શકે એમ નહોતો...

એને તરત જ જઈને રેવતી સાથે વાત કરવી હતી. એને તરત જ રેવતી પાસે લગ્નની "હા" પડાવવી હતી-

એનું ચાલે તો, ચાલે તો-

આવતીકાલે સવારે જ, લગ્ન કરવાં હતાં.

રેવતીને પ્રેમ કર્યા પછી, સમીરની તલપ, એની અસલામતી વધી ગઈ હતી...

રેવતી માટેની એની ઝંખના કોઈ વર્ષોથી તરસ્યા માણસને વરસાદનાં વાદળ જોઈને થતી ઉતાવળ જેવી હતી...

સમીર બને એટલી ઝડપથી, રેવતીને પોતાની કરી લેવા માગતો હતો-

જિંદગીની એક પણ પળ એના વિના જીવવા નહોતો માગતો, હવે!

*

સમીર પોતાના રૂમમાં, પોતાના પલંગમાં ભીનો- કપડાં બદલ્યા વિનાનો તરબોળ પડ્યો હતો. બહાર વરસાદ વરસતો હતો-

સમીર રેવતી વિશે વિચાર્યા કરતો હતો...

"શું કરું?" વિચારો કોઈ રીતે એનો પીછો નહોતા છોડતા. "શું કરું જેનાથી આ આખીયે વાત ઝડપથી પતે?"

સમીર વિચારતો હતો...

"જો "એ" ભણવાનું બહાનું કાઢશે તો? તો તો... બે વર્ષ- ઓ, માય ગોડ! બે વર્ષ કેમ રહેવાશે? અને એમાંયે મારી તો પરીક્ષા પતશે-એટલે મારે તો પાછા જવું પડશે, મુંબઈ... ના... ના... એવું તો કેમ ચાલે..."

સમીરનું મગજ ચકરાવે ચઢ્યું હતું-સીમાને કહીને રેવતીને ઘરે ઑફિસિયલ માંગું મોકલાવવાનું પણ એકવાર

એણે વિચારી લીધું...

પણ, એ બધા-

એ બધા તો સમય માગી લે એવા રસ્તા હતા.

વળી, હજી સુધી-ખરા અર્થમાં, સીરીયસલી એણે રેવતીને ક્યાં પૂછ્યું હતું કે એની મરજી, એની ઇચ્છા શું હતી?

પોતે ગધેડાની જેમ, બેવકૂફની જેમ વર્ત્યો હતો-હમણાં સુધી.

રેગિંગ, પછી એનો હાથ ચૂમવાની શર્ત-પછી રેવતીનો લાફો-પછી એના રૂમ પર કોરો કાગળ નાખી આવવો-અને એ પછી કહેવું કે તું... તું રેવતી સમીર મહેતાના નામની સહી કર...

એટલું ઓછું હોય તેમ-

આ ટેલિફોન બૂથની બહારનું જંગલિયતભર્યું વહાલ-

કોઈ પણ સેન્સીબલ, બુદ્ધિશાળી છોકરી માટે "ના" પાડવાનાં પૂરતાં કારણો હતાં-આ બધાં.

સમીરના શરીરમાં એક લખલખું પસાર થઈ ગયું. એક તો ક્યારનો ભીનો ભીનો પડી રહ્યો હતો એની ઠંડી, અને પછી આ વિચારો...

છવ્વીસ વર્ષની સમીરની જિંદગીમાં સમીર ક્યારેય-ક્યારેય કોઈ છોકરી માટે આવો ઘેલો નહોતો થયો...

એ ઊભો થયો-

ભીનાં કપડાં કાઢ્યાં, ખૂણામાં નાખ્યાં-

પછી કબાટમાંથી બ્લુ ચેક્સનું શર્ટ કાઢ્યું, પહેર્યું-બાંય વાળી...

ને, સ્કાય બ્લુ જિન્સ ચડાવ્યું. વાળમાં આંગળાં ફેરવ્યાં.

ભીના હોવાને કારણે વાળ વધારે કાળા, વધારે ઘુંઘરાળા લાગતા હતા...

એની કથ્થાઈ-બ્લુ રંગની અજબ શેડની આંખોમાં અત્યારે એક તરલતા હતી... હજીયે રેવતીના સ્પર્શના, એની સુગંધના નશામાંથી એ પૂરેપૂરો બહાર નહોતો આવ્યો...

એને ખબર જ નહોતી કે એ શું કરવા માગતો હતો.

દિશાહીન, વિચારવિહીન દશામાં એ બહાર નીકળ્યો-બારણાને તાળું મારવાને બદલે, અમસ્તો આગળિયો વાસી દીધો.

અને ફ્લોટર્સમાં પગ નાખી સડસડાટ સીડી ઊતરવા લાગ્યો.

ધોધમાર વરસાદ અટકી ગયો હતો. ઝાડપાન ધોવાઈને એકદમ સ્વચ્છ, લીલાંછમ લાગતાં હતાં-વૉકપાથ અને

બધાં જ બિલ્ડિંગો એકદમ ચોખ્ખાં, ચમકદાર લાગતાં હતાં-

માંડ સાંજના સાત વાગ્યા હતા, પણ અંધારું ખાસ્સું હતું... વાદળ હજીયે ઘેરાયેલાં હતાં-વરસાદ ગમે ત્યારે તૂટી પડવાનો હતો.

એ મેઇન બિલ્ડિંગ પાસે થઈને લાલ ઈંટોના ગેટ તરફ ચાલ્યો-બહાર ચ્હાના ગલ્લા પર પહેલા વરસાદમાં પલળવા નીકળેલાં ટોળાંઓ ચ્હા અને ગોટા-સમોસાં ઝાપટતાં હતાં. બે-ચાર ગ્રુપમાં બેઠેલાં આ ટોળાંઓ સિવાય, પલળવા નીકળેલા અમદાવાદીઓ સ્કૂટરો પર, મોટર સાઇકલો પર સડસડાટ પસાર થતાં હતાં...

એ થોડીવાર ગેટની બરાબર વચ્ચે અનિર્ણાયક ઊભો રહ્યો... ક્યાં જવું, શું કરવું-એને કંઈ સમજાતું નહોતું...

*

સુજયને ધોધમાર તૂટી પડેલા પહેલા વરસાદમાં રેવતીને મળવા જવાની ઇચ્છા થઈ આવી હતી-

પણ, વળી પાછું-પેલું... "કેવું લાગશે?" ના વિચારે એ અટકી પડ્યો.

પોતાના રૂમની બાલ્કનીમાંથી ધોધમાર વરસતા આકાશને જોતો એ રેવતીને યાદ કરતો રહ્યો અને, એની પાસે જઈ શકવાની હિંમત ન હોવાને કારણે મનોમન પોતાને જ ગાળો ભાંડતો રહ્યો...

એમ ને એમ લગભગ સાત વાગી ગયા. દરમિયાનમાં એક-બે મિત્રો જમવા માટે બોલાવવા આવ્યા, એકાદ મિત્ર બહાર જવા માટે બોલાવવા આવ્યો...

... પણ સુજય, બધાને ટાળીને બાલ્કનીમાં ઊભો ઊભો ધોધમાર વરસતા આકાશને પોતાના એકાંત, અને રેવતીના સ્મરણને, વ્હીસ્કી અને સોડાના મિશ્રણની જેમ ચુસ્કી લઈ લઈને પીતો રહ્યો...

*

નિયતિને બોલાવી લેવાનું નક્કી કરી લીધા પછી, રેવતી ખાસ્સી રિલેક્સ થઈ ગઈ હતી...

એને સમીરનો સ્પર્શ કે એની સાથે ગાળેલી ક્ષણો નહોતી ગમી... એવું તો નહોતું જ!

સાવ પહેલી જ વાર, એના રૂમના દરવાજે ઊભેલો-રેડ-બ્લુ ચેક્સનું શર્ટ પહેરેલો એ બેફિકર, મોહક છોકરો એની અંદર, છેક ઊંડે સુધી ઊતરી ગયેલો... એને ગમી ગયેલો...

પણ એ ગમવું-કે, એ તોફાનોને "પ્રેમ"નું નામ આપી દેવાની ઉતાવળ કરે એમાંની રેવતી નહોતી-

કલ્યાણીનો ઉછેર, તારાબહેનના સંસ્કાર અને શિખામણો... રેવતી કોઈ નિર્ણય પર કૂદી પડે એવી છોકરી જ નહોતી

અને છતાં,

સમીરની સાથે ગાળેલી એ પાંચ-સાત મિનિટનો સમય, રહી રહીને એની અંદર એક અજબ ઝણઝણાટી જગાડી દેતો હતો...

"સમીર મહેતા..." એ વિચારી રહી "ગજબનો છોકરો હતો- એની ના નહીં-કોઈ પણ છોકરી, એની નજીક આવે તો એના ચુંબકીય વ્યક્તિત્વમાં ખેંચાઈને એની મોહજાળમાં આવી જાય એમાં ના નહીં... પણ... હું?"

રેવતીનું મન કેટલાયે વિચારોના વમળમાં હતું-ઘુમરી ખાતું-ડૂબતું-તરતું - બચવાનાં બાથોડિયાં ભરતું...

એના ખુલ્લા વાળ, સહેજ ભીના હતા હજીયે-

જમીન પર સૂવાથી ધૂળવાળા થઈ ગયેલા વાળ એણે આવીને ધોયા, સદ્યસ્નાતા રેવતી, અત્યંત સુંદર લાગતી હતી. એકદમ પીળા, ક્રીમ યલો કલરના બાંધણીના કફ્તાનમાં એનો શ્યામ રંગ સોનેરી ઢાળ ચડાવેલો લાગતો હતો-

આમે, તાંબાવરણી ચામડી નહાયા પછી એકદમ ચમકતી થઈ જતી-

રેવતીએ અરીસામાં જોયું-

એના ગળા પર, એની છાતીના ઢોળાવ પર સમીરના ઝનૂની પ્રેમની નિશાનીઓ ઊપસી આવી હતી-

પહેલાં એને બહાર જવાનો વિચાર આવ્યો-પછી આ લાલભૂરાં ચાઠાં જોઈને એણે એ વિચાર માંડી વાળ્યો-

ભૂખ સખત લાગી હતી-મેસમાં જવાની હિંમત નહોતી. કદાચ, સમીર ભટકાઈ જાય તો...

આજે-આ પળે, રેવતીની એની સાથે આંખો મિલાવવાની હિંમત નહોતી...

ઘણા દિવસ થયા અજીતકાકાને ત્યાં નહોતી ગઈ-રેવતીને અચાનક અજીતકાકાને ત્યાં જવાનો વિચાર આવ્યો.

"એમને પણ સારું લાગશે"-રેવતીને વિચાર આવ્યો-"ને જમી

પણ લઈશ."

એ ઊઠી-

કબાટ ખોલ્યું-ઉપર જ પડેલાં ક્થ્થાઈ કલરનાં ચૂડીદાર કુર્તો કાઢ્યાં. ગળા ઉપર આછી એમ્બ્રોયડરી કરેલાં એ કથ્થાઈ ચૂડીદાર કુર્તો રેવતીના શરીર પર ચપોચપ ગોઠવાઈ ગયાં.

પીળા રંગની કથ્થાઈ ફૂલોવાળી ઓઢણીના છેડે કોડીઓ ટીંગાડેલી હતી-એ ચાલતી ત્યારે પેલી કોડીઓ આપસમાં ટકરાઈને અવાજ કરતી...

રેવતીએ આછા ભીના વાળને એક અંબોડામાં લપેટી લીધા-અને એના રેશમી વાળ સરકી ના જાય એટલા માટે કોડીઓવાળો એક ચીપિયો ખોસી દીધો-

આંખમાં આંજણ કરીને એ બહાર નીકળી ત્યારે એક વાર એના ચહેરા પર સ્મિત આવી ગયું-

"સમીરનો કોઈ વાંક નથી હં-જો, નિયતિ અહીં હોત તો જરૂર કહેત." રેવતીને વિચાર આવી ગયો.

એ એના ડોમ સિક્સના પગથિયાં ઊતરી-અને ગેટની દિશામાં ચાલવા લાગી.

*

અત્યાર સુધી ગેટ પર અનિર્ણયની દશામાં ઊભેલા સમીરે આખરે નક્કી કર્યું કે એ રેવતીના રૂમ પર જઈને એને ડીનર પર લઈ જશે-

અને, રવિવાર સુધી રાહ જોવાને બદલે, આજે જ એને લગ્ન વિશે સીધેસીધું સિરીયસલી પૂછી નાખશે-

સમીર, રેવતીના ડોમ તરફ ચાલવા લાગ્યો-પણ રસ્તામાં એને સીમા સાથે વાત કરી લેવાની ઇચ્છા થઈ ગઈ-

જિંદગીનું આટલું અગત્યનું કામ કરવા જતાં પહેલાં મા સાથે વાત કરી લેવા સમીર એસ.ટી.ડી. બૂથ તરફ ગયો-

એણે બૂથનો દરવાજો બંધ કર્યો, ને રેવતી વૉકપાથ પર વળી-

સમીર જ્યારે મુંબઈ ફોન લગાડવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે રેવતી ચાલતી ચાલતી ગેટ સુધી પહોંચીને રિક્ષા શોધતી હતી-

સમીરનો ફોન લાગ્યો.

રીંગ વાગી.

સીમાએ ફોન ઉપાડ્યો-

"હાય મોમ" સમીરે કહ્યું-

"ઓ, હાય ડાર્લિંગ-શું ખબર છે?"

"બસ-ખબર આપવા જ ફોન કર્યો છે-"

"મુહૂર્ત જોવડાવું ને?-નક્કી કરી નાખ્યું તેં? ક્યારે આવું અમદાવાદ? કે તમે બંને આવો છો-અહીં?"

"આટલી બધી ઉતાવળી ના થા, મોમ-હું... આજે-અત્યારે એની સાથે વાત કરવા જાઉં છું-"

"તેં તો રવિવારનું કહેલું ને?"

"હા મોમ-મેં કહેલું-બટ... મોમ, મારાથી નહીં રહેવાય. આઈ કાન્ટ લીવ વિથાઉટ હર-"

"ધેટ્સ લાઇક માય સન-પ્રેમ તો આમ જ કરાય. વિચારીને, ગોઠવીને પ્રેમ ન કરાય. જા, જઈને પૂછી નાખ-"

"એ હા પાડશે ને-મોમ?"

"મારા દીકરાને કોણ ના પાડે? અરે, એ તારી રાહ જોઈને જ બેઠી હશે- કદાચ!"

સમીરને પણ ઘડીભર વાત સાચી લાગી-

"ચાલ મોમ-મૂકું છું ફોન... પછી ફોન કરીશ."

"મને કહેજે શું થયું તે-"

"તને નહીં કહું તો કોને કહીશ?-આઈ વીલ ગેટ બેક વીથ ધ ગુડ ન્યૂઝ..."

"ફાસ્ટ..."

"યસ."

અને, ફોન મૂકીને-પૈસા ચૂકવીને સમીર લગભગ દોડ્યો-રેવતીના ડોમ તરફ

એકશ્વાસે સીડી ચઢીને રેવતીના રૂમના દરવાજા પાસે આવ્યો-

પણ, ત્યાં તાળું હતું.

રેવતી રૂમમાં નહોતી...

સમીર ત્યાં જ ઊભો રહ્યો-

અન્યમનસ્ક જેવો.

"હવે?"

*

રિક્ષામાંથી ઊતરીને રેવતી સીડી ચઢતી હતી-ત્યાં જ કોઈએ પાછળથી પૂછ્યું-

"ઊંચકી લઉં?" રેવતીએ પાછળ જોયું-સુજય એની તરફ ઊપસેલી રાક્ષી સાથે મુસ્કુરાતો ઊભો હતો.

મોરપિચ્છ રંગના પોલીખાદીના શર્ટમાં એ સાવ જુદો જ લાગતો હતો-કોઈ મૉડેલ કે એક્ટર જેવો વધારે, કોઈ ડૉક્ટર જેવો તો જરાયે નહીં!

સુજયની આંખોમાં અચાનક મળી ગયેલી રેવતીને જોઈને ઊભરાતો આનંદ છાનો નહોતો રહેતો-

અગાશીમાં ઊભો રહીને કંટાળેલો સુજય છેવટે બહાર નીકળવાનું નક્કી કરીને નીકળ્યો તો ખરો-

પણ ક્યાં જવું એ નક્કી ન કરી શકતાં, મોટર સાઇકલ આપોઆપ અજીતકાકાના ઘર તરફ વળી ગઈ...

મોટર સાઇકલ પાર્ક કરીને સીડી ચઢતાં એણે રેવતીને જોઈ. એને એના નસીબ પર, એની આંખો પર વિશ્વાસ ન આવ્યો-

ધીમે ધીમે સીડી ચઢતી રેવતીને એણે પાછથી-હળવેથી પૂછ્યું-"ઊંચકી લઉં?" અને, રેવતીએ ચોંકીને પાછળ જોયું-બંને હસી પડ્યાં.

"તમે?"

"તમે?" સુજયે ચાળા પાડ્યા.

ફરી હસી પડ્યાં, બંને-

અને સુજયે રેવતીને કહ્યું-"ઘરનું જમવાનું મન થઈ ગયું-"

"મને પણ..." રેવતીએ કહ્યું.

બંને સાથે સાથે સીડી ચઢવા લાગ્યાં-ચોથે માળે પહોંચ્યાં ત્યારે ત્યાં તાળું લટકતું હતું-

થોડીવાર જોઈ રહ્યાં બંને-

અને પછી, એકબીજા સામે જોઈને હસી પડ્યાં.

"ચાલો- આપણા નસીબમાં ઘરનું જમવાનું નથી લાગતું..." રેવતીએ કહ્યું.

"પણ, સાથે જમવાનું તો નસીબમાં છે."

"હાસ્તો-હવે તો તમારે મને જમાડવી જ પડશે."

સુજય સમજી નહોતો શકતો કે નસીબે એના હાથમાં મુકી દીધેલી આ સોનામહોરનું શું કરવું?

"ઑફ કોર્સ-" સુજયે કહ્યું, "બોલો, ક્યાં જઈશું?"

"તમારું શહેર છે-તમે જ્યાં લઈ જાવ ત્યાં..." રેવતી હમણાં-તરત આઈ.આઈ.એમ. પાછી નહોતી ફરવા માગતી... અને ભૂખ તો સખત લાગી જ હતી.

રેવતીએ સુજયની સાથે જમવાનું સ્વીકારી લીધું.

સુજય અને રેવતી નીચે ઊતર્યાં-

મોટર સાઇકલ પર બેસતાં પહેલાં રેવતીએ જોઈ લીધું કે પાછળ પકડવા માટે કોઈ સગવડ નથી-

એકાદ ક્ષણ, વિચારીને રેવતી મોટર સાઇકલ પર બે તરફ બેસવા ગઈ... ચૂડીદાર અને કમીઝમાં વિચિત્ર લાગશે... એવું વિચારીને વળી એકબાજુ બેઠી-

અને, સુજય-

એની આ અસમંજસ જોઈને મનોમન મુસ્કુરાતો રહ્યો...

રેવતી બેઠી તો ખરી-

પણ સુજયને પકડવાની એનામાં હિંમત નહોતી. એક-બે બ્રેક વાગ્યા પછી, ધીમે રહીને એણે સુજયનું શર્ટ પકડ્યું...

સુજયની પીઠમાં રેવતીની આંગળીઓ અડકી, અને જાણે આખા શરીરમાં સિતાર બજી ઊઠી...

ધૂનમાં ને ધૂનમાં સુજય મોટર સાઇકલ ચલાવતો જ ગયો-નહેરુનગર ચાર રસ્તા-સેટેલાઈટથી આગળ... હાઈ-વે સુધી...

અને, હાઈ-વે પર પહોંચ્યા પછી છેવટે રેવતીથી ન રહેવાયું...

"આપણે મુંબઈ નથી જવું હં-ઘરનું જમવા માટે..."

સુજયને ત્યારે જ ખ્યાલ આવ્યો કે પોતે ધૂનમાં ને ધૂનમાં છેક હાઈ-વે પર નીકળી આવ્યો હતો.

નજીકમાં જ એક સરસ રેસ્ટોરન્ટ જોઈ, એટલે એણે મોટર સાઇકલ ઊભી રાખી દીધી.

"આ મારી ફેવરિટ જગ્યા છે" એણે અમસ્તી જ ફેંકી.

"બધી ગર્લફ્રેન્ડને અહીં જ લઈ આવો છો?" રેવતીએ પૂછ્યું-

"હવે લાવીશ-અત્યાર સુધી તો ગર્લફ્રેન્ડ જ ક્યાં હતી?"

રેવતીએ સાંભળ્યું- ન સાંભળ્યું કરીને ચાલવા માંડ્યું.

અને, એની પાછળ જતાં સુજયે વિચારવા માંડ્યું કે આજે મળેલી તકનો ઉપયોગ કરી લેવો કે રવિવાર સુધી રાહ જોવી?

"આજે તો આવી-પછી રવિવારે ના પાડી દે તો?" સુજય ડર્યો-અને હિંમત કરીને એણે આજે જ- રેવતીને પ્રપોઝ કરવાનું નક્કી કરી લીધું.

*

એસ.ટી.ડી. બૂથમાંથી નીકળીને રેવતીના રૂમ પર પહોંચેલા સમીરે તાળું જોયું-

અન્યમનસ્ક જેવો થોડીવાર ત્યાં જ ઊભો રહ્યો. અને પછી, એણે મધુના રૂમનો દરવાજો ખખડાવ્યો.

મધુએ દરવાજો ખોલ્યો-

"હાય સેમ!"

"હાય-રેવતી નથી?"

"તાળું છે-એટલે નહીં જ હોય-" મધુ શરારતી હસી-"ખાસ કામ છે?"

"ના-જસ્ટ!" સમીર પગથિયાં ઊતરી ગયો.

લાઇબ્રેરી, મેસ-બગીચો-

અરે, યુનિવર્સિટીનો વૉકિંગ ટ્રેક અને અટીરા તરફના રસ્તા સુધ્ધાં એ જોઈ વળ્યો. રેવતી ક્યાંયે નહોતી-

"ક્યાં ગઈ હશે?" સમીર ચ્હાના ગલ્લે બેસી પડ્યો. સિગરેટ મંગાવી.. સળગાવી.

એને સમજ નહોતી પડતી કે રેવતીના આવવા સુધી શું કરે!

એ રેવતીને મળ્યા વિના ઊંઘી નહોતો શકવાનો એ નક્કી હતું-

*

ડીનર પૂરું થતાં સુધી-

સુજય અને રેવતી વચ્ચે ઇધર-ઉધરની વાતો થતી રહી.

બાળપણની, અજીતકાકાની, અમદાવાદની, નિયતિની અને એનાં તોફાનોની

સુજય મૂળ વાત પર આવવા તલપાપડ હતો.

રેવતી કદાચ એની છઠ્ઠી ઇન્દ્રિયથી કશુંક સમજતી હોય એમ, વાતને ટાળતી હતી.

છેવટે-

ખૂબ હિંમત એકઠી કરીને સુજયે પૂછી જ નાખ્યું-

"તેં લગ્ન વિશે કંઈ વિચાર્યું છે?"

"હજી-ખાસ નથી વિચાર્યું-" રેવતીએ નીચી નજરે જવાબ આપ્યો- પણ, એની તસુએ તસુ ચામડીમાં સમીરના સ્પર્શથી જાગેલી એ કંપારી ફરી વખત ધબકી ઊઠી-

સમીરની આંખોનું એ ઝનૂન ફરી વખત બેચેન કરી ગયું-એને.

"અને આમેય" રેવતીએ ઉમેર્યું, "ઉતાવળ શું છે? બે વરસ તો ભણીશ હજી"

સુજય આગળ કંઈ બોલે એ પહેલાં જ, રેવતીએ કહ્યું-"નીકળીએ? સાડા દસ થયા છે!"

"ચાલો-" સુજયે કહ્યું-પણ એની વાત અધૂરી રહ્યાનો વસવસો ખૂંચી ગયો એને.

મોટર સાઇકલ પર પાછાં જતાં સુજયને રેવતીનો સ્પર્શ થરથરાવી રહ્યો હતો-વરસાદ પડી ગયાને કારણે હવા ઠંડી હતી. અને એમાંયે હાઈ-વે...

સુજયે મોટર સાઇકલ ઊભી રાખી, અને પોતાનું જેકેટ કાઢ્યું-

"લે! પહેરી લે..."

"અ...ના, ના..." રેવતી અચકાઈ.

"પહેરી લે-ડૉક્ટર છું હું-બધા કહેશે કે પહેલાં માંદી પાડે છે, પછી દવા કરે છે."

રેવતી હસી પડી-ને એણે જેકેટ પહેરી લીધું-

લગભગ પોતે જ એને ભેટી શક્યો હોય એટલી ઝણઝણાટી થઈ ગઈ સુજયની રગરગમાં-

રેવતી પણ, જરા ખૂલી હતી-

એટલે, સુજયને આરામથી પકડીને બેઠી.

બંને આઈ.આઈ.એમ. પાસે આવ્યાં. સુજયે મોટર સાઇકલ ગેટ પાસેથી અંદર લીધી-

"અત્યારે અંદર નહીં જવા દે-હું ચાલી જઈશ..."

"અરે પણ-"

"ધેટ્સ ઓ. કે." રેવતીએ કહ્યું.

ચ્હાના ગલ્લે એકલો બેઠેલો સમીર આ બંનેને જોઈ રહ્યો હતો-

આવજો-

થેંક યુની ઔપચારિકતા પૂરી થયા પછી, સુજયે ફરી હિંમત કરી.

"આ તો બોનસ હતું હોં-મૂળ પગાર બાકી છે."

"સમજી નહીં-" રેવતીએ કહ્યું.

"રવિવારનું ડીનર કેન્સલ નહીં થાય-"

"ઓ!" રેવતી હસી પડી. "ના રે- જરાય કેન્સલ નહીં થાય- ઇનફેક્ટ હું હમણાં કહેવાની જ હતી કે રવિવારે મળીએ-"

સુજયના મનમાં તો ઓલરેડી શરણાઈ વાગી રહી હતી...

એને ત્યાંથી જવાનું મન જ નહોતું થતું.

પણ, રેવતીના "ગુડ નાઇટ" પર ચોંકીને એણે મોટર સાઇકલને કીક મારી.

રેવતી જેકેટ પાછું આપવા જતી હતી ત્યાં જ એણે કહ્યું-"રવિવારે!"

રેવતી અંદરની તરફ જવા લાગી અને સુજય આંબાવાડી તરફ આગળ વધી ગયો.

મોટર સાઇકલ પર જતા સુજયના મનની અંદર જાણે જિંદગીનો સંચાર થઈ ગયો હતો. એને આવનારી સોનેરી પળો હાથવેંતમાં લાગતી હતી. એણે મોટે મોટેથી ગાવા માંડ્યું પછી આમતેમ જોઈને ચૂપ થઈ ગયો...

રેવતી અંદરની તરફ જતી હતી. સહેજ ઠંડીને કારણે એણે સુજયનું જેકેટ ચપોચપ ભીડી દીધું હતું. હાથની અદબ વાળીને નીચું જોઈને એ ઝડપથી ચાલતી હતી, ત્યાં જ ઝાડ પાછળથી એક ઓળો નીકળીને એની સામે આવીને ઊભો...

વિખરાયેલા વાળ અને બુઝાયેલી આંખો સાથે સમીરના ચહેરા પર એક અજબ ગુસ્સો હતો. એક ચીડ હતી અને આટલી બધી રાહ જોયાનો કંટાળો પણ...

"ક્યાં ગઈ તી?" સમીરે પૂછ્યું.

"અ... જ... જ. જમવા." રેવતીએ કહ્યું. એ ગૂંચવાઈ ગઈ હતી. એને સમજાયું નહિ કે આ માણસ જે ચાર-પાંચ

કલાક પહેલાં એને બેફામ પ્રેમ કરતો હતો એ અત્યારે આવો કેમ હતો?

“કોણ હતું એ?”

“સુજય.”

“કોણ સુજય?”

“ડૉ. સુજય.”

“શું થાય તારો?”

“કંઈ નહીં.”

“તો કેમ ગઈ”તી એની સાથે?”

રેવતી અપલક જોઈ રહી-આ માણસને. અને પછી, જવાબ આપ્યા વિના આગળ વધી ગઈ. સમીર પાછળ દોડ્યો.

એણે રેવતીનો હાથ પકડ્યો અને પોતાના તરફ ફેરવી.

“જો, મને નથી ગમતું આ બધું...”

“શું આ બધું?”

“અ... અ... આ બધું.” સમીર પાસે જવાબ નહોતો. પણ એ કોઈ ને કોઈ રીતે રેવતીને સમજાવવા માગતો હતો કે એ કેટલો અસલામત, કેટલો એકલો રહ્યો હતો-આખી સાંજ.

રેવતી એની નજીક આવી અને એની આંખોમાં જોઈ રહી.

“સમીર, દરેક વસ્તુનો એક સમય હોય છે. સમય પહેલાં કે પછી કશું જ નથી બનતું. આપણી વાતનો સમય નથી આવ્યો હજી. આપણે બંનેએ વિચારવાની જરૂર છે, બંનેએ-સમજે છે તું?”

અને રેવતી સડસડાટ ડોમ સીક્સ તરફ આગળ વધી ગઈ. અંધારામાં એકલો ઊભેલો સમીર આ છોકરીની પરિપક્વતા અને સમજદારી પર વારી ગયો. ફરી એક વાર સમીરે ગાંઠ વાળી-

“પરણું તો આને જ.”

*

તેર

રેવતી જ્યારે પોતાના રૂમમાં દાખલ થઈ ત્યારે રાતના સાડા અગિયાર વાગ્યા હતા. સમીરના સાવ વિચિત્ર વર્તન પર વિચાર કરતી રેવતી એમ જ, કપડાં બદલ્યા વગર પલંગ પર પડી.

"શું ઇચ્છતો હતો આ છોકરો? આમ પઝેસિવ થઈને જો એ રેવતીને બાંધવા માંડે તો કેટલી તકલીફ પડે! હજી ક્યાં કશું નક્કી છે? મેં ક્યાં એને પરણવાનું વચન આપ્યું છે? અને તો ય આવું વર્તે છે?"

રેવતીનું મન સતત ગૂંચવાઈ રહ્યું હતું. એને એક વિચાર આવ્યો કે જો એની પાસે મોબાઈલ હોત તો તે અત્યારે જ નિયતિને ફોન કરત... "આ વખતે મુંબઈ જાઉં તો મોબાઈલ ખરીદી લેવો છે..." રેવતીએ વિચાર્યું... આજે સુજય સાથે ગાળેલો ટાઈમ ખરેખર અદ્ભુત હતો. ઘણા દિવસે રેવતી આવી રીતે બહાર નીકળી. સુજયની કંપની પણ ઇન્ટરેસ્ટિંગ હતી. "સારો છોકરો છે, અમારી ગાંડીને ખરેખર સંભાળશે... હી ઇઝ સો કેરિંગ એન્ડ નાઈસ..." રેવતી વિચારતી હતી.

*

રેવતીના સડસડાટ ચાલી ગયા પછી અંધારામાં એકલો ઉભેલો સમીર હજીય જાણે રેવતીની સુગંધ, રેવતીનું અસ્તિત્વ પોતાની આજુબાજુ અનુભવી રહ્યો હતો. રેવતીની બે આંખો સમીરની અંદર ઉતરીને સમીરને ફંફોસી રહી હતી. સમીર જેણે આજ સુધી માત્ર દોસ્તીની પરિભાષા, અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધમાં ઉકેલી હતી એ સમીર રેવતીને દિલોજાનથી ચાહવા લાગ્યો હતો.

"સમીર, દરેક વસ્તુનો એક સમય હોય છે. સમય પહેલાં કે પછી કશું જ નથી બનતું. આપણી વાતનો સમય નથી આવ્યો હજી. આપણે બંનેએ વિચારવાની જરૂર છે, બંનેએ-સમજે છે તું?" આ કહીને સડસડાટ ચાલી ગયેલી રેવતી સમીરના મન અને મગજમાં ઉતરી ગઈ હતી. હવે રેવતી વિના જીવી શકવાનો કોઈ સવાલ જ નહોતો...

સમીર હજી ત્યાં જ ઉભો હતો. ડઘાયેલો, બઘવાયેલો... અન્યમનસ્ક જેવો...

"હવે?" સમીરે વિચાર્યું. "મોમ! મોમને ફોન કરું. એને અહીં જ બોલાવી લઉં. આ છોકરી કોઈનીય નજરમાંથી બચે એમ નથી. શું નામ કહ્યું એણે? સુ...મિત? ના ના, સુ...રેશ? ના ના... સુજય! કોણ જાણે કોણ હશે આ સુજયનો બચ્ચો? મારી રેવતીને આવી રીતે અડધી રાતે મૂકવા આવે છે..."

આવા ને આવા વિચારોમાં એણે ક્યારે મોટરસાયકલ કાઢી. ક્યારે કેમ્પસની બહાર નીકળ્યો અને ક્યારે સેન્ટર પોઈન્ટના ચોવીસ કલાક ચાલતા એસ.ટી.ડી. બૂથ પાસે પહોંચ્યો એની એને પોતાને જ ખબર નહોતી... આંબાવાડી સેન્ટરપોઈન્ટ પાસે મોટર સાયકલ પાર્ક કરતા એણે નક્કી કર્યું કે "આ વખતે મોબાઈલ માંગવો છે ડેડ પાસે..."

બિચારા પંકજભાઈ તો મોબાઈલ ખરીદી લાવ્યા હતા. અમદાવાદ આવતી વખતે એમણે સમીરને એ ફોન આપ્યો... સમીર હસી પડ્યો. એણે ફોન પંકજભાઈના હાથમાં પાછો મૂક્યો.

"નો ડેડ, નો રિમોટ કંટ્રોલ... હું પાંચસો કિલોમીટર દૂર હું શું કરું છું, અને ક્યાં છું એવું વારેવારે પૂછવા માટે

આ ફોન તમે મને આપો છો... બટ આઈ વોન્ટ માય ફ્રીડમ... એન્ડ મોબાઈલ ફોન ઇઝ કિલીંગ અ ફ્રીડમ..."

સીમા પણ હસી પડી હતી. પંકજભાઈ સહેજ ઉદાસ થઈ ગયા. પંકજભાઈની આંખો ભીની થયેલી જોઈને સમીર પંકજભાઈને ભેટી પડ્યો.

"ડેડ! ડોન્ટ મીસ અન્ડરસ્ટેન્ડ મી... પણ મારે જવાબ આપવો અઘરો પડે એવી કોઈ સ્થિતિમાં નથી મુકાવું, અને તમે જાણો છો, તમારી અને મોમ સાથે હું જુઠુ નથી બોલતો. સો બેટર ઇઝ આસ્ક નો ક્વેશ્ચન્સ, એન્ડ ગેટ નો લાઈસ."

આ સમીરનો સ્વભાવ હતો સીધું સત્ય કહેવાનો!

સીમા અને પંકજભાઈ બંને આ જાણતા.

*

સમીરે નક્કી કર્યું કે આ વખતે એ પેલો મોબાઈલ પાછો માંગી લેશે.

મોટરસાયકલ પાર્ક કરીને સમીર સેન્ટર પોઈન્ટ કોમ્પ્લેક્સના એસ.ટી.ડી. બૂથ તરફ આગળ વધી ગયો. જાણે ઉંઘમાં ચાલતો હોય એમ એણે ફોન ઉપાડ્યો અને ઘરનો નંબર ડાયલ કર્યો.

*

ટ્રીન... ટ્રીન... પંકજ મહેતાના ઘરની ઘંટડી રણકી ઉઠી.

સીમાએ નાઈટલેમ્પ કર્યો. ઘડિયાળમાં જોયું સાડા બાર!

"હલો, બોલ સેમ." સીમાનો અવાજ સખત ઉંઘરેટો હતો.

"સ્લિપીંગ મોમ?"

"નો, ડેન્સિંગ... સ્ટુપિડ બોય, સાડા બાર વાગે એક પચાસ વર્ષની સ્ત્રી શું કરતી હોય."

"મોમ, મને મોબાઈલ જોઈએ છે."

એક ઝટકા સાથે બેઠી થઈ ગઈ સીમા, "એ કહેવા માટે ફોન કર્યો છે?"

"હેં? હા... ના, ના..." સમીરને સમજાતું નહોતું કે એણે ખરેખર કહેવાનું શું હતું. એણે તો માત્ર માની સાથે વાત કરવા જ ફોન કર્યો હતો. માનો અવાજ સાંભળીને એને એક અજબ પ્રકારની શાતા વળી હતી. અત્યાર સુધી જે વલવલાટ, જે અકળામણ એને કોરી ખાતા હતા એ સીમાનો અવાજ માત્ર સાંભળવાથી શાંત થઈ ગયા હતા.

એ મા-દીકરાનો સંબંધ જ એવો હતો. સીમા અને સમીર એકબીજાને એટલું સમજતા, જેટલું ભાગ્યે જ કોઈ મા-દીકરો એકબીજાને સમજી શકતા હોય.

"શું વાત છે, સેમ? એણે ના પાડી?"

"મેં પૂછ્યું જ નથી."

"કેમ? તું તો કહેતો હતો કે હમણાં... આજે જ..."

"કંઈ થયું નહીં મા. એ કોઈની સાથે બહાર ગયેલી. પાછી આવી ત્યારે એ છોકરાને જોઈને હું અકળાઈ ગયો. આઈ બિહેવ લાઈક અ સ્ટુપિડ... એ જતી રહી."

"ઝગડો થયો?"

"હજી તો ઝગડો થાય એવા સંબંધ ક્યાં થયા છે?"

"એ પહેલાં જ આવું કરીશ તો એને ખોઈ બેસીશ દીકરા..." સીમાના અવાજમાં અજબ માર્દવ-અજબ મમતા ઉંડેલાઈ ગઈ... "બેટા, એક વાત સમજી લે, કોઈ પણ સ્ત્રીને બંધાવું ગમે છે. પણ ગૂંગળાવું નથી ગમતું. તું એને ચાહતો હોય તો એને તકલીફ થાય એવું કંઈ નહીં કરતો. આજે, હમણાં શરૂઆતની વાત નથી કરતી... જીવનભરની વાત કરું છું... બેટા, સ્ત્રીનું નામ ક્ષમા છે, પ્રેમ છે, મમતા છે, વ્હાલ છે પણ... આ બધું ધીમે ધીમે ઉઘડે છે... તું એકદમ એક રાતમાં જે રીતે એની પાસે વર્તવાની અપેક્ષા રાખતો હોઈશ, એવું તો એ નહીં વર્તે, ખાસ કરીને જો સારા ઘરની છોકરી હશે તો સમય લાગશે એને નિર્ણય લેવામાં. અને એ સમય આપ એને..."

"આ શું અડધી રાત્રે મા-દીકરો ફિલોસોફી ઝુડવા બેઠા છો?" પંકજભાઈની ઉંઘ પણ ઉડી ગઈ. "પ્રેમમાં પડ્યો છે તારો દીકરો?"

"મોમ, આઈ નીડ યુ હીયર... મારી પાસે આવ મા..."

સીમાએ છલછલાઈ આવેલી આંખોથી પંકજભાઈની સામે જોયું.

"મારે અમદાવાદ જવું છે."

"ક્યારે?" પંકજભાઈ બેઠા થયા અને સીમાની પીઠ પર હાથ ફેરવ્યો.

"શનિવારે રાત્રે. મારી ટિકીટ કરાવો."

"થઈ જશે. લાવ મને ફોન આપ." પંકજભાઈએ ફોન લીધો. "બેટા, પાપા બોલું છું..."

"હાય પોપ!" સમીરનો અવાજ ગળગળો થઈ ગયો હતો.

"તારી મા આવે છે શનિવારે રાત્રે, હું પણ આવું?"

"ના. હમણાં એકલી મોમ!"

"બેટા, ઇફ યુ નીડ મી, હું પણ આવી શકું હોં...તારાથી વધારે અગત્યનું અને તારાથી વધારે મહત્ત્વનું અમારે માટે કાંઈ નથી..."

"મને ખબર છે ડેડ." અમદાવાદમાં એસ.ટી.ડી. બૂથમાં ઉભેલો સમીર અને મુંબઈમાં વૈભવશાળી બેડરૂમમાં અવાજ વગરના એ.સી.માં બેઠેલા પંકજભાઈ, બંનેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા હતા.

સીમા પણ એકદમ ઇમોશનલ થઈ ગઈ હતી.

એક પળ એકલો નહોતો છોડ્યો એણે પોતાના દીકરાને. આજે એના જીવનની સૌથી અગત્યની પળે, સૌથી સંવેદનશીલ પળે એ એકલો હતો. એ એને નહોતી વહાલ કરી શકે એમ કે નહોતી એને પોતાની નજીક ખેંચીને એનો વિષાદ ઓછો કરી શકે એમ...

સીમાએ એ જ પળે નક્કી કરી લીધું.

"એક સાડી, બે કંગન અને વીંટી લઈને જઈશ. હા પાડે કે તરત જ સગાઈ કરી નાખીશ..."

*

કલ્યાણીએ નાસ્તાના ડબ્બાઓ ભરવા માંડ્યા હતા. નિયતિએ પોતાનું પેકિંગ કરવા માંડ્યું હતું. તારાબેન વારે વારે નિયતિને સૂચનાઓ આપતા હતા. ઘરનું વાતાવરણ કોણ જાણે કેમ એકદમ ગમગીન અને ભારે થઈ ગયું હતું. કોઈએ કોઈને કંઈ નહોતું કહ્યું અને છતાં, એક બીજા સાથેના સ્ટ્રોંગ બોન્ડને પરિણામે બધા જ એકબીજાના મનમાં ચાલી રહેલી વાત જાણે સમજતા હતા!

ઘનશ્યામરાય કંઈ બોલતા નહોતા. ચૂપચાપ ટી.વી. જોઈ રહ્યા હતા. કલ્યાણી ધીમા અવાજે નિયતિને જાતજાતનું સમજાવી રહી હતી.

"જરા આજુબાજુ કોણ રહે છે એ જોજે... કેવા લોકો છે, કેવું વાતાવરણ છે એનો જરા તાગ લેજે. ખાલી મોજમસ્તી કરવામાં સમય ના બગાડતી, સમજી?"

"હં..." નિયતિએ જવાબ આપ્યો.

"એ છોકરીના અવાજમાં ગજબનો ખાલીપો હતો. એકલી પડી ગઈ હશે... તું જઈને જરા એને હિંમત આપજે... સમજી?"

"હં." નિયતિએ જવાબ આપ્યો.

તારાબેન ક્યારના આંટાફેરા કરતા હતા. વારેવારે નિયતિ પાસે આવતા અને પાછા વળી જતા. છેવટે, એમણે નિયતિને હાથ પકડીને ખાટલા પર બેસાડી દીધી.

"જો, એને ત્યાં ના ભણવું હોય ને તો પાછી લેતી આવજે. મૂઆ પૈસા... આપણી છોકરીને એવું દુ:ખી થઈને પારકે ગામ ભણવાની કોઈ જરૂર નથી સમજી તું?" પળભર તારાબેન સામે જોઈ રહી નિયતિ. પછી એમના ગળામાં હાથ નાંખી, વળગી પડી.

"દાદી, તમે એટલા ક્યૂટ લાગો છો..."

"છે? મૂઈને કોઈ સિરીયસનેસ છે?" તારાબેને બળાપો કાઢ્યો. નિયતિએ તારાબેનને બોખા ગાલ ઉપર એક પપ્પી લઈ લીધી. "પૂચ" અવાજ સાથે...

છેવટે સાડા આઠ થયા... નિયતિએ ટી.વી. જોઈ રહેલા ઘનશ્યામરાયની બાજુમાં બેસીને એમના ખભા પર માથું મૂક્યું.

"આઈ એમ ગોઈંગ ટુ મીસ યુ ડેડ..."

આટલી ભારે પળોમાં પણ ઘનશ્યામરાય હસી પડ્યા. "એમ? તો ના જા." ઘનશ્યામરાયે નિયતિને ચીડવી...

"ડેડ... યુ આર બેડ..." નિયતિએ કહ્યું. "સાડા આઠ થયા. ચાલો હજી તો મારે વચ્ચે થોડું શોપિંગ કરવાનું છે..."

"હજી વળી શું ખરીદવાનું બાકી છે?" તારાબેન ટહુક્યા.

"થોડો હલવો લેવાનો છે અજિતભાઈના ઘર માટે..." કલ્યાણીએ જવાબ આપ્યો. "વળી, ટ્રાફિક પણ હશે ને?"

"ચાલો ચાલો નીકળીએ..." ઘનશ્યામરાયે કહ્યું અને છતાં નીકળતા, આવજો આવજો કરતા... નવ વાગી ગયા.

*

એક અદ્યતન ઝાકઝમાળ મોબાઈલ શૉપની સામે આવીને ઘનશ્યામરાયની ગાડી ઉભી રહી. નિયતિ ઘનશ્યામરાય અને કલ્યાણી ઉતર્યા. અંદર દાખલ થયા.

કલ્યાણીની જીદ હતી કે આ વખતે રેવતીને મોબાઈલ આપવો. જેથી એનો સંપર્ક થઈ શકે. એના પરિણામ રૂપ અત્યારે એ લોકો મોબાઈલ શૉપમાં ઉભા હતા...

નિયતિ જાતજાતના મોબાઈલ જોઈ રહી હતી. સીમકાર્ડ અમદાવાદ જઈને ખરીદવાનું હતું...

બે-ત્રણ બીજા લોકો પણ ત્યાં શોપિંગ કરી રહ્યા હતા. એક યુગલ હતું, સાથે એક બીજા ભાઈ ઉભા હતા...

સેલ્સમેને એક ફોન કાઢ્યો. નિયતિની અને પેલા યુગલમાંની સ્ત્રીની નજર એકસાથે ફોન પર પડી.

"બસ, આ બતાવો તો જરા." નિયતિએ કહ્યું.

"મને પણ બતાવજો જરા."

"પણ મૅડમ... આમને મોડું થાય છે, ટ્રેન પકડવાની છે."

"અમારે પણ ટ્રેન પકડવાની છે..."

"પહેલાં એમને બતાવી દો..." નિયતિ એના સ્વભાવ મુજબ અકળાઈ.

"અમારે ખરેખર ટ્રેન પકડવાની છે ગુજરાત મેલ!" એણે પેલા યુગલમાંની સ્ત્રીને કહ્યું.

"મારે પણ ગુજરાત મેલમાં જ જવાનું છે બેટા." પેલા યુગલમાંની સ્ત્રીએ કહ્યું.

"એમ? અમદાવાદ જાવ છો?" કલ્યાણીએ વાતચીત આગળ વધારી.

"હા." સ્ત્રીએ કહ્યું.

"આ..." કલ્યાણીએ નિયતિને દેખાડી."મારી દીકરી છે. અમદાવાદ જાય છે."

"મારો દીકરો અમદાવાદ રહે છે."

"એમ?" કલ્યાણીએ કહ્યું.

"મોમ, આપણે અહીંયા મોબાઈલ ખરીદવા આવ્યા છીએ... મારી..." નિયતિએ સુધાર્યું... "અમારી ટ્રેન જતી રહેશે!"

બધા હસી પડ્યા.

"ચલો ચલો, જલદી કરો..." પંકજભાઈએ કહ્યું.

છેવટે નાનકડા રૂપકડા બે એકસરખા નોકિયા મોબાઈલ ખરીદવામાં આવ્યા અને બંને કુટુંબો પોતપોતાની ગાડીઓમાં ગોઠવાયા.

"જોજે, મેં જે કહ્યું એ યાદ રાખજે." કલ્યાણીની સૂચનાઓ ગાડીમાં પણ ચાલુ જ હતી.

નિયતિ મોબાઈલના ફંકશન્સ જોવામાં બીઝિ હતી. એણે હું, હામાં જવાબો વાળ્યા. એને ખબર હતી કે એ જે જાણતી હતી તે એની માને ખબર નહોતી. જ્યારે કલ્યાણી એમ માનતી હતી કે નિયતિ અમસ્તી માત્ર એણે કહ્યું એટલા ખાતર અમદાવાદ જાય છે...

...અને, ઘનશ્યામરાય માનતા હતા કે નિયતિ અમદાવાદ જશે એનાથી બીજું કંઈ નહીં થાય, તો પણ, કલ્યાણી અને રેવતી બંનેને સારું લાગશે...

*

ટ્રેન ઉપડી ત્યાં સુધી પંકજભાઈ સીમાને સૂચનાઓ આપતા હતા.

"છોકરી સારી હોય તો બહુ ચીકણાશ ના કરીશ. તને તારો છોકરો વહાલો છે... પણ, એને છોકરી ગમતી હોય તો બહુ દેખાવની ચિંતા નહીં કરવાની... ભગવાને આપણને બધું આપ્યું છે. પૈસાવાળા ના હોય તો ય વાંધો નહીં... જો તને એટિટ્યૂડ પ્રોબ્લેમ બહુ છે. કદાચ નાના ગામની છોકરી હોય, બહુ સોફેસ્ટિકેટેડ ના હોય તો આપણે શીખવાડીશું, પણ, તું બહુ માથાકૂટ ના કરતી..."

બધું ચાલતું રહ્યું... છેવટે સીમાએ પંકજભાઈનો હાથ પકડયો...

એની આંખો ભીની હતી.

"સમજુ છું તમારી વાત! આપણા માટે આપણા દીકરાની ખુશીથી વધારે કંઈ નથી... હું આ વાત યાદ રાખીશ!"

ટ્રેન ધીમે ધીમે સરકવા લાગી ત્યારે એ-1માં નિયતિની અને એ-૨માં સીમાની આંખો ભીની થઈ ગઈ હતી!

નિલયની આંખ ઉઘડી. શનિવારની સવારે એના ઘડિયાળ પર એની નજર પડી...

"ઓહ માય ગોડ સાડા સાત! પેલી કાગડી હમણાં આવશે... કોઈ દિવસ મોડી નથી પડતી..." નિલય લગભગ ડરેલો, ગભરાયેલો ઉભો થયો. સીધો બાથરૂમમાં ગયો. બ્રશ મોંઢામાં નાંખ્યું અને એક હાથે ટી-શર્ટ કાઢયું. એને પ્લાસ્ટર સાથે રોજિંદા કામોમાં બહુ તકલીફ પડતી... પણ કોઈની મદદ ન લેવી એમ માનતો નિલય પોતાના

કામો જાતે જ કરતો...

શાવર ચાલુ થયો... નિલયે હાથ અદ્ધર કર્યો. પ્લાસ્ટર ન પલળે એનું ધ્યાન રાખતા એણે નહાવા માંડ્યું... બ્રશ હજી મોંઢામાં ચાલુ જ હતું!

શાવરના પાણીની સાથે સાથે નિલયના મનમાં પણ વિચારો ઢોળાવા લાગ્યા.

"વાંચી હશે એણે ડાયરી? વાંચી જ હોય! કેટલાય વખતથી એની નજર હતી આ ડાયરી પર... હવે શું કરશે? ત્રણ દિવસથી કશું બોલતી નથી. ડાયરી વાંચી હોય તો રિએક્ટ તો કરે જ. રિએક્શન ન આપવા એ નિયતિનો સ્વભાવ જ નથી... અને એમાંય આવી બૉમ્બ બ્લાસ્ટ જેવી ડાયરી વાંચ્યા પછી કશું જ ન બોલી? કંઈક ગરબડ છે. શું કરું? કેવી રીતે વાત કરું એની સાથે?"

સામાન્ય રીતે તદ્દન સ્વસ્થ અને અનઆંદોલિત રહેતો નિલય છેલ્લા બે દિવસથી ગૂંચવાડે ચઢી ગયો હતો. એના માન્યામાં નહોતું આવતું કે આ ડાયરી વાંચ્યા પછી નિયતિએ એનો ઉલ્લેખ સુદ્ધાં નહોતો કર્યો. વળી, ડાયરી નિલયને કૉલેજના પ્યૂન વિઠોબાએ આપી હતી. "લાઈબ્રેરીમાં રહી ગઈ છે" એવું કહીને! એટલે નિયતિએ ડાયરી વાંચી છે, એ વિશેની વાત નિલય તો કાઢી શકે એમ હતો જ નહીં...

ગજબ ગૂંચવાડામાં નાંખી દીધો હતો એ છોકરીએ એને! ગઈ કાલે નિયતિની મલ્ટિનેશનલ્સની થીસીસ પણ સબમીટ થઈ ગઈ. નિલયના મોટોભાઈ સુબોધની જૂની થીસીસમાં આંકડા બદલીને નિલયે જ નિયતિને નવી થિસીસ કરવામાં મદદ કરી હતી. એ તો સારું થયું કે નિલયનો હાથ ભાંગેલો હતો, બાકી... નિયતિ નિલય પાસે આ થીસીસ ટાઈપ પણ કરાવી લેત! અને નિલય ખૂબ જ વિલિંગ્લી, ઇચ્છાપૂર્વક પોતાનું શોષણ થવા દેત!

*

નિલય નાહીને માથુ જ ઓળતો હતો, ત્યાં નીચે ગાડીનો હોર્ન સંભળાયો. નિલયે બારીને ધક્કો માર્યો... અને બૂમ પાડી.

"જસ્ટ મિનિટ!" અને ટેબલ પર મૂકેલો દૂધનો ગ્લાસ ઉપાડી મોંઢે માંડ્યો. નિલય નીકળવા જ જતો હતો કે સુબોધે છાપાની પાછળથી એની મજાક કરી...

"નસીબદાર છે યાર! આવી રૂપાળી ડ્રાઈવર બધાને નથી મળતી..."

"એને માટે હાથ તોડાવો પડે, બીગ બ્રધર..." નિલયે નીકળતા-નીકળતા જવાબ આપ્યો.

"તું કહે તો ટાંટિયો તોડાવી નાંખુ, આ છોકરી માટે..."

"આઈ એમ સોરી, એના પર તો સોલ્ડનો ટૅગ છે... સૌથી ઉંચી કિંમત આપીને મેં બીડીંગમાં લઈ લીધી એને..."

"કહું મમ્મીને?" સુબોધે મજાક કરી. "મારા ઠેકાણા નથી, અને નાનો ભાઈ પૈણું પૈણું કરે છે..."

"હવે એમાં તો એવું છે ને બીગ બ્રધર, દરેકે પોતાની વ્યવસ્થા જાતે કરવાની. સેલ્ફ સફિશ્યન્સીનો જમાનો છે..."

"આઈ વીલ કીલ યુ..." સુબોધ ઉભો થવા ગયો...

"બાય, હેવ અ નાઈસ ડે!" નિલયે બારણું બંધ કર્યું અને સડસડાટ નીચે ઉતરી ગયો.

*

ડાયરી વાંચ્યા પછી એ ડાયરી વિઠોબા પાસે પાછી અપાવીને નિયતિએ બહુ ડહાપણનું કામ કર્યું હતું. આમ પણ નિયતિ પ્રમાણમાં બહુ પ્રેક્ટિકલ હતી. કોઈ પણ પરિસ્થિતિમાં ઠરવા દેવી, વાતને તળિયે બેસવા દેવી તો જ સ્પષ્ટ જોઈ શકાય એમ નિયતિ માનતી.

એણે ડાયરી વાંચી હતી. નિલયના મનની વાત એનાથી સહેજે ય અજાણી નહોતી. બલ્કે, હવે નિલય એની સામે વિશાળ આકાશની જેમ આખેઆખો ખૂલી ગયો હતો.

નિલય એને નહોતો ગમતો એવું નહોતું. એના બાળપણનો મિત્ર આટલો સમજદાર, આટલો પ્રેમાળ અને ઇન્ટેલિજન્ટ છોકરો નિયતિ માટે તદ્દન યોગ્ય હતો. પણ છતાં... નિયતિ આખી વાતને સમય આપવા માગતી હતી. બલ્કે, સમય લેવા માગતી હતી.

એણે આ ત્રણ દિવસ દરમ્યાન નિલય સાથે ડાયરી કે ડાયરી વિષયક કોઈ ચર્ચા કરી ન હતી. પોતાના વર્તનમાં પણ સહેજે ય ફેરફાર ન થાય એ માટે એ અત્યંત સાવધાન થઈ ગઈ હતી અને છતાં, એ સ્ત્રી હતી. એક છોકરી...

એના મનોભાવો ક્યારેક, બહુ અછળતા. પણ એની આંખમાં ડોકાયા હતા. જેનાથી નિલય પણ અજાણ નહોતો. વચ્ચે પડેલા રૂમાલને કોણ પહેલા ઉંચકીને લે અને દોડી જાય. એની રમત ચાલતી હતી બંને વચ્ચે!

*

"હાય ડોબી!" ગાડીમાં બેસતાની સાથે નિલયે નોર્મલ થવાનો પ્રયાસ કર્યો.

"હાય લૂલા...!" નિયતિએ જવાબ વાળ્યો.

"આપ કી ઇનાયત હૈ..." સાજા હાથે નિલયે સલામ ભરી...

"આજે એક પણ કલાસ ભરવાની ઇચ્છા નથી."

"ક્યારે હોય છે?"

"જાને હવે..."

"તું જા... અમદાવાદ... ગુજરાત મેલ કોલીંગ..." નિલય હસ્યો.

"તને યાદ છે?" નિયતિને આશ્ચર્ય થયું.

"બે દિવસ તારા વિના કેમ જશે, એની મને ખબર છે સ્વીટહાર્ટ..." નિલયના હોઠ પર શબ્દો આવી ગયા. એણે હોઠ પર જીભ ફેરવી. થૂંક ગળે ઉતાર્યું. એની સાથે શબ્દો પણ ઉતારી દીધા.

“અરે! હું તો કેટલાય દિવસથી રાહ જોઉં છું કે તું બે દિવસ જાય અને મને શાંતિ થાય...”

“ખરું કહે છે?” નિયતિની આંખોમાં અચાનક જ એક તરલતા, એક ભીનાશ ધસી આવી. “હું તને હેરાન કરું છું?”

“ચક્રમ...” નિલયે નિયતિના માથામાં ટપલી લગાવી. “ગાંડી છે?”

“નીલ, ખબર નથી કેમ, પણ રેવતી મજામાં નથી. આઈ એમ વરીડ ફોર હર. આઈ થીંક શી ઇઝ ઇન લવ!”

“તને કોણે કહ્યું?”

“ફોન પર વાત થઈ. ખૂબ ગૂંચવાયેલી, ખૂબ વિચિત્ર મનોદશામાં છે એ...”

“તું જાય છે ને? બધુ ઠીક થઈ જશે.”

“નીલ, કોઈના પર વિશ્વાસ કેવી રીતે થાય? તમારી આખી જિંદગી કોઈની સાથે જીવવાનું નક્કી કેવી રીતે કરી શકો?” નિયતિ જાણે પોતાના મનની વાત નિલયને પૂછતી હતી.

“સ્ટુપિડ! એમાં નક્કી કરવાનું હોય નહીં, થઈ જાય. ભગવાને બનાવેલા આટલા બધા લોકોમાંથી કેમ કોઈ એક જ, તમને ગમે છે? કેમ કોઈ એક જ માણસ તમારા મન અને તમારા મગજનો કબજો લઈ લે છે. કેમ કોઈ એક જ માણસ...”

“પણ એ એક માણસ કોણ? એવું કેવી રીતે નક્કી થાય નીલ?”

“થઈ જાય... મનને થોડું ઢીલું છોડવાનું અને થોડોક વિશ્વાસ કરતા શીખવાનું...” નિલયે નિયતિના હાથ પર હાથ મૂક્યો.

નિયતિનું સ્ટિયરિંગ સ્હેજ કંપ્યું. નિયતિએ નીલની તરફ જોયું. પછી તરત નજર વાળી લીધી...

“હું... આજે રાત્રે જાઉં છું...”

“આઈ નો સ્વીટી.”

“નીલ...”

બસ, એ પછી કૉલેજ સુધી કોઈ કશું ન બોલ્યું.

લેક્ચરમાં, લેક્ચર પછી કેન્ટિનમાં નિલય નિયતિ સામે જે નજરે જોતો હતો, એ નજર નિયતિની આરપાર પસાર થતી હતી. નિયતિના રોમ રોમને છેદીને એ નજર નિયતિને મીણની જેમ ઓગાળી રહી હતી...

ટીપે ટીપે પીગળતી નિયતિ નિલયને જાણે વિનંતી કરતી હોય... એમ કેન્ટિનમાં ગઝલ વાગી રહી હતી...

“આજ જાને કી જીદ ના કરો...

યૂં હી પહેલૂ મેં બેઠે રહો...

આજ જાને કી જીદ ના કરો...”

*

શનિવારે બપોરે નિલયને ઘરે ઉતારીને ઘરે જતી નિયતિ જાણે પોતાના શરીરનો, પોતાના મનનો, પોતાના હોવાનો એક ભાગ ત્યાં જ ઉતારી આવી હતી...

આખી બપોર એ એમ જ પડી રહી.

તારાબેન બૂમો પાડતા હતા. પૅકિંગ કરવા માટે, બહારથી તૈયાર અમુક વસ્તુઓ લાવવાની હતી અને બીજા કામો માટે...

પણ નિયતિનું મન એવું તો ચકરાવે ચઢ્યું હતું કે નિયતિને કંઈ સૂઝતું જ નહોતું, કંઈ સંભળાતું જ નહોતું.

હજી એ નિલયની ડાયરીમાં લખેલા એ કવિતાઓના ટુકડા નિયતિને વંચાઈ રહ્યા હતા...

સોળમી સપ્ટેમ્બરના પાના પર લખ્યું હતું...

“સતત રહું છું પ્રવાસમાં, છે તારા તરફ ગતિ
તોય કેમ એક વાર પણ, હું મળતો તને નથી?
મારી કથા સ્હેજ જુદી પડે છે, તારા થકી
તું લખે છે રોજ, એને મારા વતી...”

19મી ઑક્ટોબર કહેતી હતી...

“કશું જ યાદ નથી, અથવા બધું જ યાદ છે
સમજાતું નથી મારી નજરને, આ કેવી ફરિયાદ છે
જોવડાવે છે રાહ મને જ, કે તું ય જુએ છે
બેચેન હું છું તો છું, શાંત ક્યાંય તું યે છે...”

નિયતિનું મન, શરીર જાણે કાન બની ગયું હતું. ટેલિફોનની ઘંટડી વાગવા સિવાય એને કશાયનો ઇંતઝાર નહોતો... અને છતાં, એને ખાતરી હતી કે નિલય ફોન નહીં કરે!

*

છેક નીકળતી વખતે આઠ વાગે નિયતિએ ફોન કર્યો...

“હાય!” નિલયનો અવાજ એકદમ શાંત, એકદમ સંયત હતો.

“હાય!” નિયતિએ કહ્યું “અને બાય!”

“તું જાય છે નહીં આજે?” નિલયે ભૂલી ગયાનો ડોળ કર્યો.

“મને હતું જ કે તું ભૂલી જઈશ.” નિયતિએ જુઠ્ઠાણું સ્વીકારી અને સામે જુઠ્ઠાણું ચલાવ્યું.

“ચલ મજા કરજે...”

“એ તો કરીશ જ. તને પૂછવાની છું?”

“ડોબી, તારી બેનને સાચવજે... એની સાથે વાત કરજે. એન્ડ હેલ્પ હર...”

“યાહ!” નિયતિએ કહ્યું... થોડી ક્ષણોની શાંતિ પછી... બંને પક્ષે અપેક્ષાઓની ઘડિયાળ ટક્... ટક્ ... થઈ રહી હતી. છતાં, પહેલ નિયતિએ કરી.

“મૂકું? મળીએ!”

“ઓ.કે.!” નિલયે કહ્યું... છતાં, બંનેને ફોન મૂકતા બીજી ત્રણ-ચાર મિનિટ થઈ ગઈ!

નિયતિએ ફોન મૂકીને નિસાસો નાંખ્યો.

“ગાંડી છોકરી! આઈ લવ હર.” નિલયે ફોન મૂકીને કહ્યું.

*

રવિવારે સવારે ગુજરાત મેલ જ્યારે કાળુપુર રેલવે સ્ટેશન પર આવી ત્યારે નિયતિ અને સીમા બંને જણા બેબાકળી નજરે પોતપોતાના વહાલાઓને શોધી રહ્યા હતાં.

બંને જણા સામાન ઉતારીને સ્ટેશન પર ઉભા રહ્યાં. નિયતિએ સીમાને વેવ કર્યું.

“ગુડમોર્નિંગ!”

“ગુડમોર્નિંગ બેટા!”

“કોઈ નથી આવ્યું હજી? લેવા આવવાનું છે કોઈ?”

“હા, મારો દીકરો આવશે ને...”

“મારી બહેન આવવાની છે.”

“ક્યાં રહે છે?”

“આઈ.આઈ.એમ.”

“વોટ?”

“હા.” નિયતિએ કહ્યું. “એ આઈ.આઈ.એમ.માં ભણે છે.”

“મારો દીકરો પણ આઈ.આઈ.એમ.માં ભણે છે.” સીમાના અવાજમાં આશ્ચર્ય છલકાતું હતું...

“ઓહ ગોડ! દુનિયા કેટલી નાની છે નહીં?”

“શું નામ તારી બહેનનું?”

“રેવતી…”

સીમાના કાનમાં નામ ગૂંજતુ રહ્યું… જે સમીરે એને ફોન પર કહ્યું હતું. એ જ નામ આવી રીતે એને રેલવે સ્ટેશન પર સવારે સાડા છ વાગે સાંભળવા મળશે એવી એને કલ્પના નહોતી!

“રેવતી… રેવતી… રેવતી…”

*

ચૌદ

રેવતી સવારે સાડા છ વાગ્યે કાલુપુર રેલવેસ્ટેશને હાંફળી-ફાંફળી પહોંચી. ત્યારે ગુજરાત મેલના યાત્રીઓ ઉતરીને બહાર આવવા માંડ્યા હતા. રિક્ષાવાળાને પચાસની નોટ આપી. રિક્ષાવાળો છૂટા પૈસા પાછા આપે એ પહેલાં રેવતી ત્યાંથી ભાગી... દોડતી બબ્બે પગથિયાં સાથે કૂદતી રેવતી રેલવેસ્ટેશન તરફ દોડવા માંડી. રેવતી લગભગ માનસિક રીતે તૈયાર થઈ ગઈ હતી. નિયતિની રાડારાડ અને બૂમાબૂમ માટે...

"મને ખાતરી હતી! હું છેક મુંબઈથી તારે માટે અહીંયા આવી. પણ તું વહેલી ઉઠીને આવી ન શકે. તને સમજ નથી પડતી? ક્યારની અહીં ઉભી છું..." નિયતિ કકળાટ કરી મૂકશે એવી ખાતરી હતી રેવતીને...

રેવતીને ઉઠતાં તો મોડું થયું જ હતું, પણ... આજે આઈ.આઈ.એમ.પાસે રિક્ષા પણ ક્યાંય સુધી ન મળી... રેવતીને છેક પાંજરાપોળ સુધી ચાલતા જવું પડ્યું. એમાં સખત મોડું થયું હતું. પણ, મોડી મોડી તો ય રેવતી પહોંચી. જ્યારે સમીર ત્રણ વાર વાગેલો અર્લામ બંધ કરીને હજી ય ઘોરતો હતો. સમીર આમેય રાતના ખૂબ મોડો સૂતો હતો. મમ્મી સાથે શું વાત કરવી, એની ગડમથલમાં એને મોડી રાત સુધી ઉંઘ નહોતી આવી અને એમાં સવારે સાડા છ વાગે સ્ટેશન પહોંચવાની એની હામ નહોતી રહી...

રેવતી દાખલ થઈ ત્યારે એની અપેક્ષા વિરુદ્ધ બૂમાબૂમ કરવાને બદલે નિયતિ દોડીને એને વળગી પડી... નિયતિની આંખોમાં પાણી હતા...

"કેટલી પાતળી થઈ ગઈ છે? ખાવા નથી આપતા તારી હૉસ્ટેલવાળા કે શું?" નિયતિએ રેવતીની સામે જોઈને કહ્યું.

દરવાજા તરફ જોઈ રહેલી સીમાએ નિયતિની લગભગ પ્રતિકૃતિ જેવી રેવતીને જોઈ. હાંફળીફાંફળી દરવાજા તરફ દોડી રહેલી નિયતિના વાળ રિક્ષામાં વિખરાઈ ગયા હતા. ઉંઘરેટો અને છતાં સુંદર તાજો ચહેરો સીમાની આંખોમાં વસી ગયો જાણે!

બ્લ્યુ જીન્સ અને ઉપર સફેદ રંગનું શર્ટ પહેરેલી રેવતીના વાળ એના નિતમ્બને ઢાંકતી કુર્તી જેવા શર્ટની ધારથી નીચે જતા હતા. એની આંખોમાં પણ નિયતિને જોઈને આવેલી ચમક અદ્‌ભુત હતી. નિયતિથી થોડીક નીચી-થોડીક વધુ નમણી અને સહેજ ભીને વાન રેવતી પહેલી જ નજરે સીમાની આંખોમાં વસી ગઈ!

"તો આ છે એ છોકરી! રેવતી! મારા દીકરાની પસંદ અદ્‌ભુત છે. જોતાની સાથે આ છોકરી કોઈપણ માણસના મનમાં વસી જાય એવી છે." સીમાએ વિચાર્યું.

પોતાની બેગમાં પડેલા કંગન અને વાન્ઝાઝમાંથી લીધેલી લાલચટક રિયલ જરીની બાંધણી એને યાદ આવી... સીમાએ રેવતીને મનોમન એ બાંધણી ઓઢેલી કલ્પી લીધી. લાલચટક ચાંલ્લો, નીચી નજરો અને માથા પર જરીના થપ્પાવાળી બાંધણી... સીમાના ચહેરા પર સ્મિત આવી ગયું!

*

નિયતિ અને રેવતી હજી ય ભેટીને ઉભા હતા. બંનેની આંખો ભીની હતી. રેવતીના હાથ નિયતિની પીઠ પર ફરતા હતા... નિયતિ કોઈ રીતે છૂટી પડવા તૈયાર નહોતી... અત્યંત લાગણીભરી થોડી ક્ષણો એમ જ પસાર

થઈ. સીમા અનિમેષ જોતી રહી બંને બહેનોને...

બે બહેનોનો પ્રેમ પૂરો થયો. એટલે નિયતિને સીમા યાદ આવી.

"આન્ટી, તમે કેવી રીતે જશો?" નિયતિએ પૂછ્યું.

"આઈ ડોન્ટ નો." સીમા હવે અકળાવા લાગી હતી...

"ડફોળ, ઉંઘણશી, ખરો છોકરો છે. ફોન કરીને બોલાવી છે અને લેવા તો આવ્યો નથી" નિયતિ અને રેવતી જવાની તૈયારીમાં હતા. નિયતિએ સીમાને કહ્યું,

"આન્ટી, અમે લોકો પણ આઈ.આઈ.એમ. જ જઈએ છીએ... વ્હાય ડોન્ટ યુ જોઇન અસ?"

"પણ એ આવ્યો કેમ નહીં..." સીમાની અકળામણ હજી ય યથાવત્ હતી. "આટલી બધી બેજવાબદારી હોય?"

"આન્ટી, ઉઠ્યો જ નહીં હોય... કદાચ ભૂલી ગયો હોય, અથવા રિક્ષા ના મળી હોય... અથવા..."

"તમને નકામી તકલીફ આપવી..." સીમાએ હજી એક પ્રયત્ન કરી જોયો...

"અમને? અમને શું તકલીફ પડવાની... રિક્ષા બે જણને લઈ જાય કે ત્રણ જણને..." નિયતિએ કહ્યું.

"ઓ.કે." સીમાએ હથિયાર નાખી દીધા. સમીરના આવવાની આશા એણે લગભગ છોડી દીધી હતી.

રેવતીએ સીમાનો સામાન ઉંચકવા માંડ્યો.

"રહેવા દે બેટા, હું લઈ લઈશ." સીમાએ એની લેધરની ઓવર નાઈટર સીમાના હાથમાંથી લઈને ટ્રોલી કરી નાખી અને વ્હીલ કરીને ચાલવા માંડ્યું. ચાલતા ચાલતા સીમા રેવતીના ચહેરા તરફ ખૂબ ધ્યાનથી જોઈ રહી હતી. રેવતી અજાણપણે પણ એવું સમજી હતી કે આ સ્ત્રી એનામાં ખૂબ રસ લઈ રહી છે. એને કારણ સમજાતું નહોતું પણ સીમાની આંખો, સીમાના હાવભાવ અને સીમાનું વર્તન ચાડી ખાતું હતું કે સીમા રેવતીને એકએક પડ ખોલીને જોવા માગે છે, વાચવા માગે છે. એની નાનામાં નાની હિલચાલ સીમા નોંધતી હતી...

શક્ય છે કે સીમાને પણ આની સમજ નહોતી. અજાણપણે જ રેવતી એને જે રીતે સ્ટેશન પર ભટકાઈ ગઈ, એ રીતે સીમાને જાણે યોગાનુયોગ થયો હોય એવી લાગણી થઈ... એને થયું કે રેવતીને ભગવાને જ મોકલી છે, પોતે સમીરને મળે, એ પહેલા રેવતીને મળી. એ વાતે એને ખાસ્સી ઉત્સાહિત કરી નાખી હતી. એને લાગતું હતું કે એનો અમદાવાદનો ફેરો સફળ થઈ ગયો. આટલી રૂપાળી અને મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ વહુ એ દિવો લઈને શોધવા જાય તો ય કદાચ ન મળે... જેને બદલે આ તો ઇશ્વરને જ એને રેલવેસ્ટેશન પર મોકલી આપી હતી...

"શું નામ છે તમારા દીકરાનું?" સવાલ નિયતિએ પૂછયો હતો. પણ જવાબ સીમાએ રેવતીને આપ્યો, એની આંખોમાં જોઈને

"સમીર... સમીર મહેતા નામ છે એનું. લાસ્ટ સેમિસ્ટરમાં ભણે છે."

ધડામ્...! એક અવાજ આવ્યો... સીમાની ટ્રોલીમાં રેવતીનો પગ ભરાયો હતો.

સમીરનું નામ સાંભળીને વિચલીત થઈ ગયેલી રેવતીનું ધ્યાન અચાનક જ ચૂક્યું અને રેવતીએ કાળુપુર રેલવેસ્ટેશનની ધૂળ પોતાના કપડાં અને ચહેરા પર લગાડી લીધી...

નિયતિ જોરથી હસી પડી. સીમા ઝંખવાઈ ગઈ... આવતા-જતા બે-ચાર લોકો ઉભા રહ્યા.

નિયતિએ રેવતીને હાથ પકડીને ધીમે રહીને ઉભી કરી. ઉભી કરતા કરતા એના કાનમાં બબડી...

"હાઇલ્લા... આ તો તારી સાસુ છે..." અને ફરી જોરથી હસી. રેવતીએ નિયતિનો હાથ જોરથી દબાવ્યો. નખ વાગી જાય એવી રીતે...

"શટ અપ." રેવતીને કંઈ સમજાતું જ નહોતું... એણે કેવી રીતે બોલવું જોઈએ, શું બોલવું જોઈએ. શું કરવું જોઈએ, કંઈ એના મગજમાં નહોતું ઉતરતું.

"વાગ્યું તો નથી ને બેટા?" સીમાએ રેવતીને પૂછ્યું... રેવતીએ ડોકુ ધુણાવીને ના પાડી.

બધા બહાર નીકળ્યા. આકાશ ઘેરાયેલું હતં. વરસાદ ગમે ત્યારે તૂટી પડે એમ હતો. રિક્ષાવાળાઓ એમને ઘેરી વળ્યા...

"પાલડી?"

"વસ્ત્રાપુર?"

"સેટેલાઇટ?"

"આંબાવાડી?"

-ના પ્રશ્નોના મારા વચચ્ચેથી માંડ જગ્યા કરીને ત્રણેય જણા એક રીક્ષામાં ગોઠવાયા. રેવતીનો ઘૂંટણ હજી દુખતો હતો. ચૂપચાપ એક અક્ષર બોલ્યા વિના રેવતી રિક્ષાની બહાર જોઈ રહી હતી અને નિયતિ ચપડચપડ કરીને સીમા જોડે વાતો કરી રહી હતી... અમદાવાદની, અમદાવાદના શોપિંગની... અમદાવાદની ગર્મીની... અને અમદાવાદની બોરિંગ લાઈફની...

આઈ.એમ.એમ.ના ગેટમાંથી રિક્ષા અંદર દાખલ થઈ...

સીમાએ રેવતીને પૂછ્યું નહોતું કે આઈ.આઈ.એમ.માં ભણતી હોવા છતાં એ કેમ સમીરને ઓળખતી નહોતી...

અને રેવતીએ સીમાને એવું દેખાવા દીધું કે સમીરનું નામ સાંભળીને એના શરીરમાં પગથી માથા સુધી સિતાર વાગી રહ્યા હતા...

હજી ગયા અઠવાડિય જ ટેલિફોન બૂથ પાસે બનેલો કિસ્સો... અને એના નિશાન રેવતી ભૂલી નહોતી. એની ગરદનની નીચે પડેલા ભૂરા ચાઠા આછા થઈ ગયા હતા પણ હજી યે હાજર હતા...

આ એ સમીર હતો જેના નામ માત્રથી રેવતીના આખા શરીરમાં કરોડો સ્પંદનો જાગતા. આ એ સમીર હતો જેણે ચાલુ લેક્ચરમાં રેવતીનો હાથ પકડી રાખ્યો હતો, આ એ સમીર હતો જેણે રેવતીને જિંદગીની એક જુદી

જ દિશાની બારી ઉઘાડીને એ તરફનું આકાશ બતાવ્યું હતું...

"રેવતી સમીર મહેતા" એ મર્દાના હની-સ્મુધ અવાજ હજી ય રેવતીના કાનમાં ગૂંજતો હતો. બલ્કે, સીમાને મળ્યા પછી જરા વધારે જ જોરથી ગૂંજવા માંડ્યો હતો.

*

સમીરની આંખો ખૂલી ત્યારે ઘડિયાળ સાત ને વીસ બતાવતી હતી... સમીરે ઘડિયાળ ઉપાડી, કાન પાસે લીધી... હલાવી જોઈ...

બધું બરાબર હતું. બારીમાંથી ઘેરાયેલું આકાશ દેખાતું હતું. આકાશ ઘેરાયેલું હોવાના કારણે હજી દિવસ જાણે પૂરો ઉગ્યો ન હોય એવી લાગણી થતી હતી. આ ચોમાસુ ઘેરાયેલા વાતાવરણને કારણે અને આગલી રાતના ઉજાગરાના કારણે સમીર ઘોરતો રહ્યો...

"માય ગોડ!" સમીર એની સાટીનની જયપુરી રજાઈ ફેંકીને ઉભો થયો.

"માય મધર વિલ કીલ મી..." એ કૂદકો મારીને એ બાથરૂમમાં ગયો. નળ ચાલુ કરીને ધડાધડ પાણીની છાલકો મોંઢા પર મારવા લાગ્યો, કોગળો કર્યો, અરીસામાં જોઈને વાળમાં આંગળા ફેરવ્યા અને ખીંટી પર લટકતું જેકેટ રાતના ચોળાયેલા ટી-શર્ટ પર પહેરી લીધું.

બાયમાં હાથ નાખતા નાખતા સ્લીપરમાં પગ નાખ્યા અને રૂમની બહાર નીકળ્યો. અમસ્તો આગળિયો વાસ્યો અને ધડાધડ પગથિયા ઉતરવા લાગ્યો.

સમીર ડૉમથી નીચે ઉતર્યો કે સામે એક રિક્ષા આવીને ઉભી રહી. સીમા અને "બે રેવતી" એ રિક્ષામાંથી ઉતર્યા!

સમીરે આંખો ચોળી... હજી ઉંઘ નહોતી ઉડી એની કે શું? "બે રેવતી?" સમીરને પોતાની આંખ પર વિશ્વાસ નહોતો...

એ આગળ વધ્યો. સીમાની પાસે જઈને પગે લાગે એ પહેલાં સીમાએ એનો કાન પકડ્યો.

"કેમ? માને લેવા સ્ટેશન પર નથી અવાતું?"

"હું બસ નીકળતો જ હતો."

"શા...બાશ! આજે શું કામ આવતો હતો? કાલે જ આવવું હતું ને? હું રાહ જોતી બેસી રહેત, આવતી કાલ સુધી... એમાં શું?"

"આઈ એમ સોરી મોમ..."

"નવું નથી કંઈ! ખરેખર તો તું ટાઈમસર પહોંચે ત્યારે નવાઈ લાગે..." સીમાએ કાન ખેંચ્યો... સમીરને નજીક ખેંચીને છાતી સરસો લઈ લીધો... સીમાનું માથું બરાબર સમીરની છાતી પર આવતું હતું...

"માય બેબી... કેટલી ચિંતા થતી હતી તારી, ખબર છે? સ્ટેશનથી અહીં સુધીમાં સો વિચાર આવી ગયા

મને...” પછી એકદમ ધીમેથી ફક્ત સમીર જ સાંભળે એમ ઉમેર્યું... “એ તો સારું થયું કે મારી વહુ મળી ગઈ મને...”

મા-દીકરો બંને એકદમ શરારતી હસી પડ્યા... જોકે સીમાની આંખોમાં પાણી હતા!

“મોમ... યુ આર ગ્રેટ... પણ આ બે રેવતી...”

“યસ” હવે નિયતિનો વારો હતો. “બાય વન, ગેટ વન... ફ્રી!”

“સારી સ્કીમ છે” સમીરે કહ્યું. બધા હસી પડ્યા.

“આઈ એમ નિયતિ... રેવતીની બહેન છું.” નિયતિએ હાથ લંબાવ્યો.

“સમીર” સમીરે ઉષ્માથી હાથ પકડી લીધો.

“રેવતી બહુ વાતો કરે છે તમારા વિશે.” નિયતિએ કહ્યું.

“એમ?!” સમીર રેવતી તરફ ફર્યો...“તે બધાને કહી દીધું?”

“સમીર!” રેવતી લાલ લાલ થઈ ગઈ હતી આખ્ખી!

બધા હસી પડ્યા, ખડખડાટ.

“તો શાંતિથી મળીએ?” નિયતિએ કહ્યું. “મારે તમારી સાથે ઘણી વાત કરવાની છે.” અને સમીરને આંખ મારી...

“ગુડ! મારે પણ...” સમીરે નિયતિનો હાથ છોડી દીધો. નિયતિએ પોતાનો સામાન ઉઠાવ્યો અને બીજા હાથે રેવતીનો હાથ પકડ્યો.

“ચલો ડાર્લિંગ...” નિયતિએ કહ્યું.

“ચલો” સમીરે કહ્યું અને બધા ફરીથી એકવાર હસી પડ્યા.

*

રવિવારની સવારે સુજયે આંખ ઉઘાડી ત્યારે એને એમ લાગતું હતું કે જાણે દુનિયા આખી માત્ર એના જ સુખની રાહ જોઈ રહી છે... એણે બારીની બહાર જોયું... સવા આઠ-સાડા આઠનો સમય હશે કદાચ... પણ, આકાશ ઘેઘૂર ઘેરાયેલું હતું. આઠ વાગવા છતાં સૂરજ મહારાજ ક્યાંય દેખાતા નહોતા...

“દિવસભર આટલું જ રોમેન્ટિક વાતાવરણ રહે તો કેટલું સારું!” સુજયે વિચાર્યું. “કુદરત પણ આજે આપણો સાથ આપતી લાગે છે!”

સુજયે કોઈ પણ હિસાબે આજે રેવતીને પ્રપોઝ કરવાનું નક્કી કર્યું હતું. ઇસ પાર યા ઉસ પારના ઝનૂનથી સુજય આજે રાતના ડિનર વખતે રેવતીને લગ્નની દરખાસ્ત કરવાનો હતો.

નિયતિ કે સીમાના આગમનથી અજાણ ડૉક્ટર સુજય બ્રશ કરવાથી શરૂ કરીને નાહી-ધોઈને તૈયાર થયો ત્યાં

સુધી મનોમન સંવાદો ગોઠવતો રહ્યો. એ કઈ રીતે વાતની શરૂઆત કરશે, કઈ રીતે મૂળ વાત પર આવશે, કઈ રીતે વાતને સીધી રીતે રેવતીની સામે મૂકશે, રેવતી શું જવાબ આપશે, એ બધા સવાલોના જવાબો એ એક પછી એક જાણે પરીક્ષા આપવાની હોય એમ અંકોડા બંધ ગોખતો અને ગોઠવતો રહ્યો...

"રેવતી આમ કહેશે તો હું આમ કહીશ, અને એ આમ કહેશે... તો હું... આમ કહીશ..." આવા જાતજાતના અપેક્ષિત પ્રશ્નો અને એના જવાબો આજે સુજયનો પીછો છોડતા નહોતા...

હૉસ્પિટલના વોર્ડના રાઉન્ડ વખતે પણ એને પોતાનું બેધ્યાનપણું સમજાતું હતું. એના બે-ચાર મિત્રો અને નર્સે પણ એને ટોક્યો.

"ડૉક્ટર સુજય, તમારું ધ્યાન ક્યાં છે?" દર્દીનો ચાર્ટ હાથમાં લઈને શૂન્યમાં તાકી રહેલા સુજયને મેટ્રને પાછો ધરતી પર ઘસડી આણ્યો!

સુજય આજે અજિત કાકાના ઘરે જવાનો હતો, પરંતુ એને ખરેખર ભય લાગ્યો કે જો એ અજિતકાકાને ત્યાં જશે તો કદાચ આજનું ડિનર ગોટાળામાં પડી જશે. એણે રૂમ પર રહેવાનું જ મુનાસિબ સમજ્યું!

એને આખો દિવસ પડ્યા રહેવું હતું... રેવતીના વિચારો કરવા હતા અને આવનારી ક્ષણોના રંગીન સપના જોવા હતાં!

સુજયે જીવનમાં કોઈ દિવસ આવી લાગણી નહોતી અનુભવી! પ્રેમમાં પડવું એટલે શું, એની કેટલીય વાતો સાંભળી અને વાંચી હતી, પણ આ છોકરી-રેવતીને જોયા પછી સુજયનું સમગ્ર અસ્તિત્વ રેવતીમય થઈ ગયું હતું!

"રેવતી જો હા પાડે તો આજે જ મમ્મી-પપ્પાને ફોન કરીને કહી દઈશ..."સુજય ઢગલો સપના જોઈ રહ્યો હતો.

મેસમાંથી જમીને-રૂમ પર આવીને સુજયે જસ્ટ લાઈક ધેટ, રેડિયો ચાલુ કર્યો...

રેડિયોમાં ગીત વાગતું હતું...

"પહેલા નશા... પહેલા ખુમાર... નયા પ્યાર હૈ... નયા ઈંતજાર... કર લૂં મૈં ક્યા અપના હાલ... ઐ દિલે બેકરાર... મેરે દિલે બેકરાર... કર લૂં મૈં ક્યા અપના હાલ?"

*

નાહીને બાલ્કનીમાં બેઠેલી રેવતી અને નિયતિ અલકમલકની વાતો કરી રહ્યા હતા. રવિવારની સવાર હતી. રેવતીને કલાસ નહોતા. નિયતિ આખા ગામની પંચાત કરતી હતી. ચપડ... ચપડ... ચપડ... ચપડ... બોલી રહી હતી. રેવતી એની સામે જોઈ રહી હતી. અપલક...

રેવતી વિચારી રહી હતી કે ખરેખર આ છોકરી એના પ્રશ્નનું સોલ્યુશન લાવી શકશે ખરી? કે પછી એ સોલ્યુશન સાથે લઈને આવી હતી સીમાના સ્વરૂપમાં!

સીમા જે રીતે એને જોઈ રહી હતી અને રેવતીએ સમીરને ફોન પર જે રીતે એની મા સાથે વાત કરતો

સાંભળ્યો હતો... એ પછી રેવતીને સમીરની સચ્ચાઈ વિશે કોઈ શંકા નહોતી.

સમીર એને છેતરતો નહોતો. એને પરણવા માગતો હતો. કદાચ... એને ખરેખર ચાહતો હતો!

પણ... પોતે શું વિચારતી હતી? શું એ સમીરને ખરેખર ચાહવા માંડી હતી? પોતાની આખ્ખી જિંદગી સમીર સાથે જીવી શકાય એવું લાગતું હતું એને?

રેવતીનું મગજ ચકરાવે ચઢ્યું હતું... નિયતિની વાતોમાં એનું ખાસ ધ્યાન નહોતું. સીમા આવી હતી એટલે હવે મળવાનું તો થશે અને મળવાનું થશે તો સીમા કદાચ...

"હે ને?" નિયતિએ પૂછ્યું... કોઈ વાતના રેફરન્સમાં... પણ રેવતીને ક્યાં ખબર હતી કે નિયતિ શું કહી રહી હતી? એ તો પોતાના જ દોરાઓ ઉકેલવામાં અને લપેટવામાં જ વ્યસ્ત હતી.

"હેં!" રેવતીએ પૂછ્યું ચોંકીને.

"ક્યાં ધ્યાન છે તારું?" નિયતિએ પૂછ્યું.

"મારું? મારું ધ્યાન... અ...અ... અહીં જ છે... અહીં જ છે." રેવતીએ કહ્યું. હજી યે બેધ્યાનપણે.

નિયતિએ રેવતીને ચીબુકમાંથી પકડી. એની આંખોમાં આંખો નાખી અને એકદમ નજીક આવીને તોફાની-હસ્કી અવાજમાં કહ્યું.

"ડિયર સિસ્ટર, સીમા નામની લક્ષ્મી, છેક મુંબઈથી અમદાવાદ સુધી તને ચાંલ્લો કરવા આવી છે. કારણ વગર મોંઢુ ધોવા ના જઈશ..."

"એટલે?" રેવતીએ અજાણ્યા હોવાનો ડોળ કર્યો.

"એટલે! એટલે એમ ડિયર સિસ્ટર... કે સમીર અફલાતૂન છોકરો છે. બહુ લાંબો વિચાર કરવામાં એ ક્યાંક મને ના પરણી જાય..."

"સ્ટુપિડ." રેવતીએ કહ્યું.

"ખરેખર કહું છું, તારે ના પરણવું હોય તો એને ઓફર આપ... આઈ એમ ઇન્ટરેસ્ટેડ..."

"તું ખરેખર ત્રાસ છે હોં..." રેવતીએ કહ્યું. "તને બોલાવી હતી એવું વિચારીને કે તું અહીંયા આવીને મારી વાત સાંભળીશ, મારી મૂંઝવણમાં મને મદદ કરીશ... પણ તું તો..."

"મૂંઝવણ?!!!" નિયતિએ રેવતીના બે ગાલ પર બે હાથ મૂક્યા."સ્વીટહાર્ટ, મૂંઝવણ ક્યાં છે? કાચ જેવું, અરીસા જેવું, મીનરલ વોટર જેવું સ્પષ્ટ છે બધું... હી લવઝ યુ. તું કહેતી નથી, પણ... યુ ઓલ્સો લવ હીમ... એની મા છેક મુંબઈથી તને જોવા અહીંયા આવી છે... ભણેલો ગણેલો છોકરો છે. એની માને જોઈને સમજાય છે કે પૈસાવાળો પણ હશે જ... માણસને બીજું શું જોઈએ? પરણી જા ચૂપચાપ અને સુખી થઈ જા..."

"અરે પણ... મારું ભણવાનું?"

"ભણવાનું?" ખડખડાટ હસી પડી નિયતિ. એની મોતી જેવી દંતપંક્તિ, પરવાળા જેવા હોઠ અને તોફાની

આંખોમાં તાકીને જોઈ રહી રેવતી. ખૂબ હસી નિયતિ. પછી રેવતીની સામે જોઈને કહે, "ભણી ચૂકી તું... આ છોકરો તને ભણવા નહીં દે. એનું ચાલત ને તો આજે બપોરે મંદિરમાં જઈને લગન કરત તારી સાથે... એની આંખોમાં, એના આખા વર્તનમાં એ બેચેની દેખાતી હતી... યુ આર વેરી લકી... ખરેખર કહું છું, કોઈ આટલું બધું ચાહે એ નસીબની વાત છે!"

"નિતુ..." રેવતીનો અવાજ જાણે કોઈ ઉંડી ગુફામાંથી આવતો હોય એટલો ક્ષિણ અને એટલો મહિન હતો... "તું ખરેખર આવું માને છે?"

"ખરેખર, તારા સોગંદ." નિયતિએ કહ્યું. "બહુ વિચાર ના કરીશ.તું નસીબદાર છે... હું જઈને તરત જ મમ્મી-પપ્પાને વાત કરીશ..."

રેવતી કંઈ જવાબ આપે એ પહેલાં એના રૂમના દરવાજે ટકોરા પડ્યા. નિયતિ ઉભી થઈ... એણે ઘડિયાળ જોઈ અને પછી રેવતી સામે તોફાની નજરે જોઈને કહ્યું... "જી...જ્જાજ્જીજી લાગે છે..."

"શટ અપ" રેવતીએ કહ્યું.

નિયતિ ખડખડાટ હસતી બારણું ખોલવા ગઈ.

બારણુ ખોલ્યું. તો સામે સમીર ઉભો હતો. નિયતિનું હાસ્ય વધુ ખડખડાટ થઈ ગયું... સમીરને જોઈને કોઈ કાર્ટૂન જોતી હોય એમ હસવા માંડી એ!

પછી પાછળ ફરીને રેવતી સામે જોયું...

"જોયું, મેં નહોતું કહ્યું?" હજી યે નિયતિ ખડખડાટ હસતી હતી...

"શું કહ્યું હતું તે?" સમીરે પૂછ્યું. હવે એના ચહેરા પર પણ નાનકડું સ્મિત પ્રગટ્યું હતું...

"કહી દઉં?" નિયતિએ રેવતીને પૂછ્યું.

"મારી નાખીશ." રેવતીએ કહ્યું.

"હું બચાવી લઈશ." સમીરે કહ્યું.

"પ્રોમિસ?" નિયતિએ પૂછ્યું સમીરની આંખોમાં જોઈને.

"પ્રોમિસ" સમીરે હાથ લંબાવ્યો.

નિયતિએ પોતાનો હાથ લંબાવીને સમીર સાથે મિલાવ્યો.

"મેં એમ કહ્યું કે..." નિયતિએ ફરી એકવાર રેવતીની સામે જોયું. "મેં એમ કહ્યું કે... બારણું ખોલીશ ત્યારે... જીજાજી હશે!"

રેવતી પવનની જેમ ધસી આવી. એ નિયતિને પકડે એ પહેલાં સમીરે નિયતિનો પકડેલો હાથ ખેંચ્યો. એને ખેંચીને પોતાની પાછળ લઈ લીધી. રેવતી જે સ્પિડમાં ધસી હતી એ સ્પિડમાં કંટ્રોલ શક્ય નહોતો. નિયતિ ખસી ગઈ એટલે રેવતી સીધી સમીર પર જઈ પડી...

રેવતી એકદમ ફોર્સમાં ધસમસતી સીધી જ સમીરની છાતી સાથે ટકરાઈ. સમીરે બીજો હાથ, જે ખાલી હતો એનાથી રેવતીને લપેટી લીધી.

...અને પછી, સહેજ ડોકુ પાછળની તરફ નમાવીને નિયતિને કહ્યું,

“થેંક્યું...”

“વેલકમ...” નિયતિએ કહ્યું, સમીરની પાછળથી...

અને, રેવતી સમીરની છાતીમાં માથું નાખીને નખશિખ શરમાતી રહી!

રેવતીના આખા શરીરમાં કોઈ દિવસ નહોતી થઈ એવી ઝણઝણાટી થઈ રહી હતી. એનું સમગ્ર અસ્તિત્વ જાણે બરફ બની ગયું હતું જે સમીરના તાપમાં પીગળી રહ્યું હતું અને સમીરને વળગીને ઉભેલી રેવતીની આસપાસ એક વર્તુળ રચાતું જતું હતું... લાગણીનું વર્તુળ, સ્વીકારનું વર્તુળ, સંબંધોનું વર્તુળ... અને થીજી ગયેલ સમયનું વર્તુળ...

*

પંદર

“જીજુ, માત્ર આટલા માટે જ અહીં આવ્યા હતા કે કંઈ કામ હતું?” નિયતિએ પૂછ્યું.

સમીર ચોક્યો. રેવતીને લાગ્યું કે એની ભાવસમાધિ ભંગ થઈ ગઈ.

“મમ્મીએ તમને બેને લન્ચ પર ઈન્વાઈટ કર્યા છે.”

“બેને કે પછી...” નિયતિ હસી. સમીરે એનો હાથ પકડીને આગળ ખેંચી.

“બેને કહ્યું એટલે બંનેને સમજવાનું... હા, સાંજે હું એને એકલીને લઈ જવાનો છું, ત્યારે તું મારી માને કંપની આપજે.”

“જાવ, જાવ, હું કંઈ નવરી નથી... અમારે પણ લોકલ બોયફ્રેન્ડ્સ છે.” નિયતિનું આ કહેવું અને અચાનક રેવતીને સુજય યાદ આવ્યો.

“ઓહ, ગોશ...!” રાત્રે તો ડીનરનું કમીટમેન્ટ હતું.

“હવે...? ખેર, સમીરને જવા દો... રાત્રે સુજય સાથે નિયતિને મોકલી આપીશ...”

રેવતીએ આ વિચાર્યું ત્યારે એને કલ્પના પણ ન્હોતી કે સાંજે એક ભયાનક ઘટના બનવાની છે. એવી ઘટના, જે એની જિંદગી પલટી નાખશે. એની સાથે સાથે કેટલીય જિંદગીઓના ટેબલ ટર્ન થઈ જવાના હતા... આજે સાંજે...!

હવે રેવતી સમીરથી છૂટી પડી. “ચા પીશ...?” રેવતીએ પૂછ્યું. “મેં બનાવી છે.” નિયતિ ટહૂકી.

“જો યાર... પરણવું એ મારી એક માત્ર ઈચ્છા છે. એ પૂરી થઈ જાય, પછી તું કહે એ પી જઈશ.” સમીરે નિયતિને ચીડવી.

“જા ને, કોઈ દિવસ ચા નહીં બનાવું, તારા માટે.”

”પ્રોમિસ?” સમીરે પૂછ્યું.

“હા, હા... પ્રોમિસ...” નિયતિએ કહ્યું.

“ચાલો, એક ઘાત ગઈ...” સમીરે ફરી ચીડવી પછી રેવતીની ચીબુક પકડીને ઊંચી કરી. “મારી મા તને મળવા માગે છે-ઓફિશિયલી... તને તૈયાર થતા કેટલી વાર લાગશે?” સમીરે પૂછ્યું.

“સવારના પહોરમાં તમારી મમ્મીએ એને જોઈ લીધી છે. લઘરી, ઊંઘરેટી અને પ્લેટફોર્મ પર ધડામ દઈને પડેલી...” નિયતિએ સમીરને ધબ્બો લગાવ્યો. “હવે શું જોવાનું બાકી છે. આટલી મિસમેનેજ્ડ મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ વહુ એમને બીજી નહીં મળે...”

“ચૂપ, નિયતિ...” રેવતી હજુય શરમાતી હતી. એણે માંડ સમીર સામે જોયું. “મારા મમ્મી-પપ્પાને પૂછી લઈએ?”

"હું છું ને, રેપ્રેઝેન્ટેટીવ... હું પરમિશન આપું છું તને..." નિયતિએ જરા મોટા હોવાનો ડોળ કર્યો. ચશ્મા ઠીક કરવાનો અભિનય કર્યો અને ભારે અવાજમાં કહ્યું, "છોકરો ખોટો નથી... થોડું મન મનાવવું પડે, એવું ખરું પણ, બહેન, જીવનમાં ઓગણીસ-વીસ તો બધાને કરવું જ પડે. હશે!"

"ચલ એય..." સમીરે કહ્યું. "હું એકવીસ-બાવીસ છું, ઓગણીસ-વીસ નહીં... તારા મા-બાપ આખા મુંબઈમાં, મહારાષ્ટ્રમાં કે મલેશિયા સુધી દીવો લઈને શોધવા જાય ને તોય મારા જેવો જમાઈ નહીં મળે..."

"જોઈશું" નિયતિએ ખભા ઉલાળ્યા. "આ તો પહેલો જમાઈ છે. સમજ્યા ને? હજી એક આવવાનો બાકી છે..." નિયતિની નજર સામે નિલયનો સ્નેહાળ અને સરળ ચહેરો તરવરી રહ્યો. "આવીને ફોન પણ નથી કર્યો મેં. રાહ જોતો હશે?" નિયતિ વિચારી રહી.

"બહુ સારું." સમીરે કહ્યું. "મારું ગોઠવાઈ જાય એટલે તારું પણ કંઈ ને કંઈ કરી જ નાખીશું. ચિંતા ના કર."

રેવતીના મનમાં સુજયનું સ્મિત અને એની સરળતા તરવરી રહી. "નિયતિનું એની સાથે નક્કી થઈ જાય, તો મા-બાપુની ચિંતા ટળે... બંને દીકરીઓ મુંબઈમાં... અમે એમનું પણ ધ્યાન રાખી શકીએ, ને એ અમારું! આજે નિયતિને જ મોકલી આપું, સુજય સાથે ડીનર પર. વોટ અ સરપ્રાઇઝ! રેવતીના ચહેરા પર સ્મિત આવી ગયું...

*

રેવતી જ્યારે બેબી પિન્ક કલરની સિલ્કની બાંધણી અને શોકીંગ પિન્ક કલરની સિલ્કની બાંધણીનો બ્લાઉઝ પહેરીને સમીરના રૂમ પર પહોંચી ત્યારે સીમા એને ઘડીભર જોતી રહી ગઈ... સીમાએ એની નજીક જઈને એના માથે હાથ મુક્યો.

"હું સો-દોઢસો છોકરીઓ જોત ને તોય તારા જેવી છોકરી કદાચ ન શોધી શકત... મારા છોકરાના ટેસ્ટની દાદ આપવી પડે. વોટ અ બ્યુટી!!"

"હું પણ એવી જ દેખાઉં છું." નિયતિએ કહ્યું. "સેઈમ ટુ સેઈમ, ખાલી મારામાં થોડી બુદ્ધિ વધારે છે!"

"એવું ખાલી તું જ માને છે." સમીરે કહ્યું અને બધા હસી પડ્યા.

સીમાએ પોતાની બેગમાંથી વાંઝાસમાંથી ખરીદેલી લાલ બાંધણી અને જડાઉ કંગન કાઢ્યા...

"ઓછામાં ઓછા લાખ રૂપિયાના હશે!" નિયતિએ મનમાં હિસાબ લગાવ્યો. "અને સાડી પણ... વીસેક હજારની તો હશે જ... સવા લાખનો હાથી છે!" નિયતિના ચહેરા પર સ્મિત આવી ગયું.

"આપણે મમ્મી-પપ્પાને પૂછી લઈએ તો...?" રેવતી હજીય અચકાતી હતી.

"હું જઈને તરત તારા મમ્મી-પપ્પાને મળીશ... કાલે જ... અને લગ્નનું મુહૂર્ત કઢાવીશ." રેવતી સીમા સામે જોઈ રહી. એને અનેક સવાલો હતા. એનું ભણતર, એના મા-બાપની ઈચ્છા, તારાબહેનની મરજી... પણ કોણ જાણે કેમ, એના તરફ અનિમેષ તાકી રહેલી સમીરની પેલી બે કથ્થઈ બ્લ્યુ આંખોની જોડીએ એને ફરી એક વાર સંમોહિત કરી લીધી.

સીમાએ એના માથે બાંધણી ઓઢાડી ત્યારે નિયતિની આંખો છલછલાઈ આવી, "કેટલી રૂપાળી લાગે છે!" નિયતિએ કહ્યું. એને પહેલી વાર સમજાયું કે એની બહેનના અવિરત-અવિભાજ્ય પ્રેમના પ્રદેશમાં હવે કોઈ બીજું પ્રવેશી રહ્યું હતું, અને એ બીજું... હવે વધુમાં વધુ હક્કો ભોગવવાનું હતું... રેવતી અનાયાસે સીમાના પગમાં પડી ગઈ. સીમાએ ઉભી કરીને એને છાતી સરસી ચાંપી દીધી.

"દીકરી થઈને આવે છે તું... વહુ નહીં." સીમાએ કહ્યું. એની આંખમાં પણ પાણી હતાં... "મારી જિંદગી તારા હાથમાં સોંપું છું..." એણે સમીરનો હાથ રેવતીના હાથમાં મૂક્યો.

રેવતીનો હાથ પકડતા સમીરે અનુભવ્યું કે, એનો હાથ પરસેવાથી ભીનો થઈ ગયો હતો. રેવતીની આંખોમાં પણ પાણી હતાં. સમીરે રેવતીનો હાથ પકડ્યો, મજબુતીથી અને રેવતીની આંખોમાં જોયું...

"મારું સપનું સાચું પડી ગયું... મારાથી વધુ નસીબદાર કોણ હશે?" સમીરે વિચાર્યું...

"મા અને બાપુ સમીરને મળીને ખૂબ ખુશ થશે... જમાઈ નહીં, દીકરો થઈને રહેશે સમીર..." રેવતીના મનમાં પરમ સંતોષ લગભગ બેભાન થઈ જવાની કક્ષાએ હતો...

"હવે ઈમોશનલ સીન પૂરો થયો હોય તો જમવા જઈએ?" નિયતિએ કહ્યું. "આ બે જણાનું તો પેટ ભરાઈ ગયું હશે... પણ આપણે તો ભૂખા છીએ ને?"

"ઓફ કોર્સ." સીમાએ કહ્યું અને બધા ભીની આંખે હસી પડ્યા...

સીમા અને નિયતિ નીચે ઉતરી ગયા. સમીર અને રેવતી સીડીમાં ઉતરતા હતા ત્યારે સમીરે રેવતીને કંઈ સમજાય એ પહેલા નજીક ખેંચી અને એક ચુંબન કરી લીધું... રેવતીની આંખો પહોળી થઈ ગઈ, પણ બંધ હોઠમાંથી માત્ર "ઉહહ...!" એટલો જ અવાજ નીકળી શક્યો...

કોણ જાણે કેમ સમીરના નાનકડા સ્પર્શથી પણ રેવતી પીગળવા લાગતી, ઓગળવા લાગતી... સમીરની આંખોમાં એના શરીરના એક એક સ્પંદનમાં કશુંક એવું હતું જે રેવતીને વિવશ કરી નાખતું. રેવતીનું સ્ત્રીત્વ એના રોમ રોમથી પોકારી ઉઠતું... એ સમીરમય થઈ જતી!

*

સુજય મેસમાંથી જમીને રૂમ પર આવીને જે આડો પડ્યો તે પડ્યો. કોણ જાણે ક્યારે એની આંખો મીંચાઈ ગઈ. બે દિવસની ઈમરજન્સીએ એને થકવી નાખ્યો હતો. એની આંખ ખૂલી ત્યારે સાંજના પોણા છ થયા હતા.

"શીટ..." ઝાટકા સાથે બેઠો થયો. હજી તો નાહવાનું, શેવિંગ કરવાનું... બધું જ બાકી હતું... ફૂલ પણ ખરીદવાના હતા રેવતી માટે... "ઓહ, માય ગોડ... હવે?" સુજયે મશીનની ઝડપથી કામ કરવા માંડ્યું. શેવ કર્યું, નાહ્યો અને ઓરેન્જ-ગ્રે કલરના કોમ્બિનેશનનું ચેક્સવાળું શર્ટ પહેર્યું. નીચે કાર્ગો ટ્રાઉઝર... વાળ ઓળ્યા, ચશ્મા પહેર્યા પછી કાઢી નાખ્યા અને લેન્સ પહેર્યા...

અરીસામાં જોયું. "રેવતી, મારી સાથે પરણીશ?" એણે અરીસાને પૂછ્યું. "આટલું ડ્રાય?" અરીસાએ સામે પૂછ્યું.

"સીધો સવાલ છે યાર... ઘુમાવી ફરાવીને શું પૂછવાનું?"

"મૂરખા." અરીસાએ કહ્યું. "શું કામ પરણે એ તને?"

"કારણ કે હું એને પ્રેમ કરું છું, અનહદ... બેહદ... ખૂબ... અતિશય..."

"મૂર્ખ... તો કહે એને. એવું કહેવું પડે, કોઈ સમજી ના જાય.!" અરીસો હસતો હતો, સુજયની સામે. "તારામાં બુદ્ધિ ઓછી છે એની ખબર હતી, પણ આટલી ઓછી છે એની ખબર નહોતી."

"કહીશ ને! પણ કેવી રીતે કહું?"

"અરે રે... જેમ મને કહ્યું એમ એને કહેવાનું."

"ચીડાઈ જાય તો...?" સુજયનું મન હજી જાણે કોઈ અવઢવમાં હતું.

"નસીબ તારા." અરીસો ચીડાયો અને સુજયનો સંવાદ પૂરો થયો.

નીકળતી વખતે સુજયે ફરી એક વાર અરીસામાં જોયું અને જાતને જ કહ્યું, "ઓલ ધ બેસ્ટ, યાર, ડરતો નહી હં...!"

"સીવીલ હૉસ્પિટલથી નીકળીને મોટરસાઈકલ પર આઈ.આઈ.એમ. પર પહોંચતા વાળ બગડી જશે." સુજયને વિચાર આવ્યો અને એ પગથિયાં ઉતરવાને બદલે ચડી ગયો.

એણે બરાબર એની ઉપરનો રૂમ ખખડાવ્યો.

"કમ ઈન..." અંદરથી અશ્વિનનો અવાજ આવ્યો. સુજય બારણું ધકેલીને દાખલ થયો.

"પટેલિયા, તારી ગાડી આપને."

"ક્યા બાત હૈ!" અશ્વિન ખુરશી ધકેલીને ઉભો થયો. ભીંત પર લટકાવેલી ચાવી ઉઠાવી અને સુજયના હાથમાં આપતા કહ્યું, "પરણવા જાય છે? વરરાજા જેવો લાગે છે." અશ્વિનની સેન્સ ઓફ હ્યુમર ટીપીકલ પટેલ સેન્સ ઓફ હ્યુમર હતી. ત્રણ-ત્રણ પેઢીથી મેડિકલ પ્રેક્ટીસમાં પડેલ અશ્વિનના પિતા અને એના દાદા જાણીતા ડૉક્ટર હતા. અશ્વિન ઓર્થોપેડિક્સમાં ઈન્ટર્નશિપ કરતો હતો. આણંદ જવા આવવાની સરળતા પડે એટલે એ ગાડી અહીં રાખતો... અશ્વિન ગાડી આણંદ જવા પૂરતી વાપરતો. અમદાવાદમાં એની ગાડી મિત્રોના હવાલે રહેતી. અશ્વિન ભાગ્યે જ પૂછતો કે કોને, ગાડી કેમ જોઈએ છે?...

અશ્વિને ચાવી આપતાં સુજયને કહ્યું, "મુરખા, તને તેં દિવસે સીડીમાં જોઈને જ મને સમજાયું હતું કે તને ટૂંક સમયમાં જ ગાડીની જરૂર પડવાની છે... હાથ-બાથ પકડજે ને તક મળે તો કિસ કરી લેજે..."

"શટ અપ... બધાને તારા જેવા સમજે છે?" સુજયના કાન લાલ થઈ ગયા હતા.

"તારું શું થશે?" અશ્વિને નજીક આવીને એના ખભે હાથ મૂક્યો. "રાજ કપૂર, દેવ આનંદ અને દીલીપકુમારનો જમાનો પૂરો થઈ ગયો... હવે તો સીધું પૂછી લેવાનું... ચલતી હૈ ક્યા નૌ સે બારા...?" અશ્વિન ખડખડાટ હસ્યો અને સુજય એના હાથમાંથી ચાવી ઝૂંટવીને ભાગ્યો.

એક તો મોડું થઈ ગયું હતું અને એમાં આ જડબુદ્ધિ પટેલિયા સાથે કોણ આરગ્યુ કરે? કોણ એને સમજાવે કે રેવતી જુદી હતી... સુજય માટે રેવતી આરાધ્ય હતી, પૂજય હતી... એનું સપનું હતી... જે એણે દોઢ-દોઢ વરસથી પંપાળ્યું હતું. મિહિરના લગ્નમાં રેવતીને જોયા પછી સુજય જે રાત જાગતા કાઢી નાખે એને બાદ કરતાં એક પણ રાત એવી ન્હોતી, જ્યારે રેવતી એના સપનામાં ન આવી હોય...

સીવીલ હૉસ્પિટલના કમ્પાઉન્ડમાંથી ગાડી બહાર કાઢીને સુજય જે ઝડપથી ડફનાળા ક્રોસ કરી ગયો, એ જોયું હોત તો મહેન્દ્રભાઈ અને રંજનાબહેને સુજયને જીવનભર ગાડી ન અપાવવાનો નિર્ણય કરી લીધો હોત...

*

"જા ને... આવું શું કરે છે?" રેવતી નિયતિને સમજાવી રહી હતી.

"જા ભઈ જા... કમીટમેન્ટ તું કરે ને જવાનું મારે...?"

"પણ બહુ સરસ છોકરો છે. તું ઓળખે પણ છે. મિહિરના લગ્નમાં

તો હાથમાં હાથ લઈને ફરતી હતી... હવે એક ડીનર કરવાનો તને કંટાળો આવે છે?"

"કંટાળો નથી આવતો યાર, તું સમજ... એણે તને જમવા બોલાવી છે. એને તું બહુ ગમે છે... તું અમદાવાદ આવી ત્યારે એણે કદાચ મનમાં કંઈ વિચાર્યું હોય... હવે તેં તો તારું સેટીંગ કરી લીધું. એ બિચારો... મને શું કામ જમાડે.?"

"નિતુ! તું સમજ, આ એણે એક અઠવાડિયા પહેલાથી નક્કી કર્યું છે. હું નહીં જાઉં તો એને બહુ ખરાબ લાગશે."

"રે! એક વાત સમજ... એને આખી જિંદગી ખરાબ લાગે ને એને બદલે એક સાંજ ભલે ખરાબ લાગતું. તું જઈને એને સાચું કહી દે..."

"પણ... તું આજે જઈ આવ. હું એને શાંતિથી સમજાવીશ." રેવતી હજીય ઈચ્છતી હતી કે એક વાર નિયતિને સુજય મળી લે. એના મનમાં સુજય નિયતિ માટે પરફેક્ટ મેચ હતો...

નિયતિ જાણતી હતી, સુજયનું રેવતી માટેનું આકર્ષણ...

એણે મિહિરના લગ્નમાં સુજયને રેવતીમાં ખોવાઈ જતો જોયો હતો...

રેવતી નિયતિને મનાવી રહી હતી... નિયતિ માનતી હતી કે સુજય સાથે રેવતીએ જ જવું જોઈએ અને એને સત્ય સમજાવી દેવું જોઈએ. રેવતી નિયતિને મોકલવા કટિબદ્ધ હતી...

*

સુજય આંબાવાડી સર્કલ પાસે આવ્યો અને એના હાર્ટબીટ વધી ગયા... એણે ફૂલો ખરીદ્યાં... એમાં એને વીસ મિનિટ લાગી!!!

રેવતીને શું ગમશે અને શું નહીં? એ વિચારતા... સુજયને સમજાયું કે એ રેવતી વિશે કશું જ નહોતો જાણતો...

એણે થોડાં ગુલાબ, થોડી ગુલછડી અને થોડા ઓરચીડ લીધાં. ગાડીની પાછળની સીટમાં બધા સરસ રીતે ગોઠવી દીધા...

"એને પૂછીને આપીશ..." સુજયએ વિચાર્યું. એ આજે કોઈ ભૂલ નહોતો કરવા માગતો. "બધું પરફેક્ટ થવું જોઈએ. મૂડ સચવાઈ રહેવો જોઈએ... અને, હિંમત પણ..." એણે વિચાર્યું.

આંબાવાડી સર્કલથી આગળ વધતાં વળી એણે ગાડી ઉભી રાખી અને ચોકલેટના પેકેટ્સ પણ લીધાં. ચોકલેટની દુકાનની બિલકુલ બાજુમાં એક જ્વેલર શોપ હતી. સુજય ત્યાં દાખલ થયો. મોડું થાય છે, એવી સભાનતા સાથે આમતેમ જોવા લાગ્યો. અચાનક એની નજર એક ડાયમન્ડ જડેલા સુંદર 'એસ'ના પેન્ડેન્ટ પર પડી...

કોણ જાણે કયા પેશનમાં એણે એ 'એસ' ખરીદી લીધો...

સાડા અગિયાર હજાર રૂપિયાનું એ નાનકડું પેન્ડેન્ટ જીવનભર રેવતીના ગળામાં જડાઈ જવાનું હતું એની સુજય-રેવતી કે નિયતિ- કોઈનેય ખબર નહોતી...

*

છેવટે ખૂબ દલીલો કર્યા પછી નિયતિ તૈયાર થઈ... પણ રેવતીને એના ભયાનક ઈરાદાની ખબર નહોતી... નિયતિએ નક્કી કર્યું કે એ સુજયને નિયતિ નહીં... પણ રેવતી બનીને મળશે...

નિયતિએ એ જ વખતે મનમાં ગાંઠ વાળી, "આ બીકણ તો કોઈ દિવસ કહેશે નહીં. ને પેલો કારણ વગર લટક્યા કરશે... આજે વાતમાંથી વાત કાઢીને હું એને કહી દઈશ..."

નિયતિ ખૂબ સ્વાભાવિક રીતે રેવતીનો સલવાર-કૂર્તો માંગીને તૈયાર થઈ.

"હું તો ત્રણ દિવસ માટે આવી છું. બે જીન્સ ને ચાર શર્ટ છે મારી પાસે... ડીનર પર જવાય એવું ફોર્મલ કંઈ નથી..."

રેવતીનો ઓલીવ ગ્રીન કલરનો ફૂલ સ્લીવનો કૂર્તો, સફેદ ચુડીદાર અને ડાર્ક ઓલીવ ગ્રીન કલરની ઓઢણી ઓઢીને નિયતિ જ્યારે તૈયાર થઈ ત્યારે અરીસામાં જોઈને એક ક્ષણ નિયતિ પોતે પણ જરાક અસમંજસમાં પડી ગઈ... એણે પોતાના પર્મ કરેલા વાળ, અંબોડામાં ગૂંથી લીધા... લો બનની સાથે એણે વાળમાં રેવતીની જેમ જ ચાંદીનો ચીપિયો ખોસ્યો. આંજણ કર્યું અને ઓલીવ ગ્રીન કલરનો ચાંલ્લો કર્યો...

"કંઈ બાકી તો નથી ને?" નિયતિએ ફરી એક વાર અરીસામાં જોયું...

અને પછી, રેવતીને કહ્યું,"તેં મને બહુ વાર બચાવી છે, એટલે આજે તને બચાવું છું... પણ એક વાત યાદ રાખજે કે, આ સુજયને સમયસર જગાડી દેવો જરૂરી છે..."

"તને જોશે એટલે જાગી જ જશે..." રેવતી હસી.

"તું જાણતી નથી રે! મિહિરના લગ્નમાં..." નિયતિ આગળના શબ્દો ગળી ગઈ.

"જાણું છું. મિહિરના લગ્નમાં એ તારી સાથે બહુ ફ્રેન્કલી હતો... અને હું એટલે જ તને મોકલું છું... એ સારો

છોકરો છે, સમજદાર, લાગણીશીલ અને ડૉક્ટર છે... તારે બીજું શું જોઈએ? આપણે એમના ફેમિલીને પણ ઓળખીએ છીએ..."

"એય...! તારું નક્કી થયું એટલે તાત્કાલિક મારું ગોઠવવાની જરૂર નથી. હું મારી વ્યવસ્થા કરી શકું છું." નિયતિએ રેવતીનો કાન ખેંચ્યો... અને મનોમન ફરીવાર નિલયને યાદ કરી લીધો...

નિયતિ જ્યારે આઈ.આઈ.એમ.ના ડોમના પગથિયાં ઉતરીને વૉક પાથ પર થઈને ગેટ પર પહોંચી ત્યારે સુજય એની રાહ જોતો ગાડીની બહાર ઉભો હતો.

ઓરેન્જ-ગ્રે કલરના ચેક્સનું શર્ટ, ગ્રે કાર્ગો ટ્રાઉઝર્સ અને હાથમાં ફૂલો લઈને ઉભેલા સુજયને જોતાં જ નિયતિને સમજાઈ ગયું કે એ રેવતીને પ્રપોઝ કરવાના ઈરાદાથી આવ્યો હતો...

ગેટથી ગાડી સુધી પહોંચતા સુધીમાં નિયતિએ નિર્ણય લઈ લીધો કે એ રેવતી બનીને સુજયને મળશે... નિયતિ બનીને નહીં!

જો કદાચ સુજયને ખ્યાલ આવી જાય, તો આખી વાત મજાકમાં ખપી જશે અને જો ન આવે તો સુજયની મનની વાત જાણીને આજે જ અહીં જ એનો ફેંસલો થઈ જશે... નિયતિ પ્રમાણમાં પ્રેક્ટીકલ હતી. એને લાગ્યું કે કોઈને માત્ર ન કહી શકવાની પોતાની નબળાઈને કારણે રેવતી સુજયની લાગણીઓનો અનાદર કરી રહી છે...

અને, સુજય જેવા સરળ માણસને વધુ ગૂંચવાય એ પહેલાં આમાંથી કાઢી લેવો જોઈએ...

"હાય..." નિયતિ નજીક પહોંચી.

"હાય..." સુજયે કહ્યું, અને ઘણી મહેનત પછી છેવટે પસંદ કરાયેલા ઓરચીડ નિયતિના હાથમાં આપ્યાં.

"બહુ રાહ જોઈ?" નિયતિએ પૂછ્યું, અને ફૂલો લીધાં. "નાઈસ ફ્લાવર્સ!"

"તારે માટે તો જીવનભર રાહ જોઉં!" સુજયે મનોમન કહ્યું, "ના, ના હમણાં જ આવ્યો." એણે જવાબ આપ્યો.

સુજયે ગાડીનો દરવાજો ખોલ્યો અને નિયતિ અંદર ગોઠવાઈ. સુજય દરવાજો એકદમ શિવલરીથી બંધ કરીને ફરીને બીજી તરફ ગયો. ડ્રાઈવીંગ સીટ પર ગોઠવાયો...

"ક્યાં જઈએ છીએ?" નિયતિએ પૂછ્યું.

"તાજ." સુજયે એની સામે જોયા વિના કહ્યું. એની નજર રસ્તા પર હતી, અને ધ્યાન સમગ્રપણે નિયતિમાં...

એના ખિસ્સામાં પડેલું 'એસ' લખેલું પેન્ડેન્ટ વારે વારે એને હૃદય પાસે સ્પર્શી રહ્યું હતું અને એના ધબકારા જાણે એ પેન્ડેન્ટમાં સમાઈ રહ્યા હતા. સુજયે રેડિયો ચાલુ કર્યો... અને, એકદમ ટાઈમલી જાણે સુજયના મનની વાત કહેવા માટે જ રેડિયો મિર્ચીએ મૂક્યું હોય એમ ગીત ગૂંજી ઉઠ્યું...

"જાને મૈંને ક્યા સુન લિયા, તુને તો કુછ ભી કહા નહીં... મેરે દીવાનેપન કી હાય... દવા નહીં..."

*

“જાને મૈંને ક્યા સુન લિયા, તુને તો કુછ ભી કહા નહીં... મેરે દીવાનેપન કી હાય... દવા નહીં...”

સમીર જ્યારે રેવતીના રૂમમાં દાખલ થયો ત્યારે રેવતીના રૂમમાં રેડિયો વાગતો હતો... સમીરે સાથે સાથે ગાવા માંડ્યું...

“તુને દેખા મુઝે ઐસે કિ તબિયત મચલ ગઈ... વરના તેરે સર કી કસમ આદમી મૈં બુરા નહીં...”

રેવતી ઑફ વ્હાઈટ કલરના સાટીનના હાઉસકોટમાં હજી માંડ નાહીને નીકળી હતી... એના વાળ હજી ખાસ્સા ભીના હતા... સમીર સાથે ડીનર પર જવાનું હતું એણે... સીમા પોતાના કઝીન ભાઈને ત્યાં જમવા ગઈ હતી. ત્યાંથી સીધી સ્ટેશન જવાની હતી...

સીમાએ બહુ આગ્રહ કર્યો પણ રેવતીએ સમીરના સગાંવ્હાલાંને ઓફિશિયલી મળતા પહેલાં પોતાના માતાપિતાની પરમિશનનો આગ્રહ રાખ્યો. એટલે સીમાએ એને માન આપ્યું... અને સમીર તો આજના દિવસે રેવતીને છોડીને આવવાનો ન્હોતો! એટલે સીમા એકલી જ ગઈ!

સમીર રેવતીને ડીનર પર લઈ જવાનો હતો... અને સીમા મુંબઈથી જે વીંટી લાવી હતી એ સરપ્રાઈઝ ગીફ્ટ તરીકે આજે રેવતીની આંગળીમાં પરોવી દેવાનો હતો...

સમીર રેવતીના રૂમમાં દાખલ થયો ત્યારે બારણું ખોલીને રેવતી એક ક્ષણ એને જોતી રહી ગઈ... સફેદ લખનવી ઘુંટણ સુધીનો કૂર્તો, સફેદ અલીગઢી અને કાળા ઘુંઘરાળા વાળ... કૂર્તાના પહેલા બે બટન બેધ્યાનપણે ખુલ્લા જ રહી ગયા હતા... એમાંથી સમીરની છાતીના વાળ દેખાતા હતા... એનું સ્મિત, એક દિવસની વધેલી દાઢી, એમાં મધ્યમાં પડતું ખંજન અને એની કથ્થાઈ બ્લ્યુ આંખો...

સમીર દાખલ થયો એની સાથે જ રેવતીના રૂમમાં ‘વેવિટાર’ પરફ્યુમની તીખી ગંધ દાખલ થઈ... ઓલ્ડ સ્પાઈસ આફ્ટર શેવ અને વેવિટારની મિશ્ર ગંધ કોઈક પ્રોહિબિટેટ કોકટેલ જેવો નશો સાથે લઈ આવી હતી...

રેવતી દરવાજો ખોલીને વચ્ચે જ ઉભી રહી ગઈ... ડઘાયેલી! મંત્રમુગ્ધ!

સમીરે ગાતા ગાતા રેવતીને ધક્કો માર્યો અને ખસેડીને રૂમમાં દાખલ થયો. પલંગ પર પડેલો રેવતીનો ભીનો ટોવૅલ એણે ગોળ ગોળ વાળીને છૂટો ફેંક્યો... રેવતીએ નીચે પડેલો એ ટોવૅલ ઉપાડ્યો. સમીરને એક લુક આપી અને ટોવૅલ ખુરશી પર સુકવી દીધો...“તોછડો!!” રેવતીએ મનોમન વિચાર્યું...

એ હજી ગાઈ રહ્યો હતો... “જાનેમન યે તેરી બેરૂખી હૈ, અદા નહીં... મેરે દીવાનેપન કી હાય... દવા નહીં...”

ગાતા-ગાતા આગળ વધીને ટોવૅલ સૂકવતી રેવતીને એણે પાછળથી કમરમાંથી પકડી અને એનો ચહેરો રેવતીની સુરાહીદાર ગરદન પર ગોઠવી દીધો... સમીરના શ્વાસ રેવતીને વિચલિત કરી રહ્યા હતા...

સફેદ લખનવી કૂર્તો અને અલીગઢીમાં સમીર કોઈ રાજકુમાર જેવો લાગતો હતો... એના પરફ્યુમની સુગંધ રેવતીના નસકોરામાંથી થઈને એના મગજ સુધી પહોંચી ગઈ હતી...

નિયતિ ગઈ પછી નાહીને હમણાં જ બહાર નીકળેલી રેવતી હજી હાઉસકોટમાં હતી...

કોણ જાણે કયા નશાની અસર હેઠળ સમીરે રેવતીના હાઉસકોટનો રેપ અરાઉન્ડ પટ્ટો છોડી કાઢ્યો... એના

હાથ હાઉસકોટની અંદર રેવતીના સપાટ પેટ અને કમર સુધી પહોંચી ગયા. રેવતી કોણ જાણે કઈ અભાન અવસ્થામાં સમીરને વશ થઈ ગઈ હતી...

સમીરનું પરફ્યુમ, એની આંખો... એની પૌરુષી હથેળીઓનો રેવતીના શરીર ઉપર થઈ રહેલો એક જાદુઈ સ્પર્શ...

પળો જાણે ત્યાં જ થીજી ગઈ.

સમીરે વીંટી કાઢી. રેવતીનો હાથ પકડ્યો અને એના ડાબા હાથની લાંબી પાતળી આંગળીમાં એ સાત ડાયમન્ડની અદ્‌ભુત વીંટી પરોવી દીધી... રેવતી હજી તો વીંટી જુએ, કંઈ સમજે, એ પહેલા સમીરે એને સીધી કરી. નજીક ખેંચી... એને બાહુપાશમાં લઈને ચુંબન કરી દીધું...

રેવતી જાણે પોતાનું સમગ્ર અસ્તિત્વ સમીરના બે હોઠમાં સમાઈ ગયું હોય એમ સમીરને તદ્દન વશ... તદ્દન વિવશ... તદ્દન પરવશ... થઈને... સાવ લસ્ત થઈ ગઈ... એનાથી એટલું જ બોલાયું, "સમીર, પ્લીઝ!"

"પ્લીઝ, હા કે પ્લીઝ, ના?..." સમીરના હોઠ રેવતીની ચીબુક પર થઈને એની ગરદન પર થઈને... એના સ્તનો સુધી પહોંચી ગયા હતા... રેવતી જાણે ગંગાના ધસમસતા પ્રવાહમાં હાથ-પગ હલાવ્યા વિના વહી રહી હતી... એના કાને માત્ર વહેતા પાણીનો અવાજ આવતો હતો અને એના શ્વાસ ગુંગળાઈ રહ્યા હતા...

બહાર ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો... રેવતીના રૂમની ખુલ્લી બાલકનીનું બારણું વારંવાર અથડાઈ રહ્યું હતું અને વરસાદનાં ઝાપટાં પલંગ સુધી આવીને રેવતી અને સમીરને ભીંજવી રહ્યાં હતાં.

રેવતી સરાબોર ભીંજાઈ રહી હતી. સમીરના સ્પર્શમાં અને વરસાદમાં...

*

ગાડી ઝટકા સાથે ઉભી રહી અને નિયતિની તંદ્રા તૂટી... સુજય પોતાની સીટમાંથી ઉતર્યો અને એણે નિયતિનો દરવાજો ખોલ્યો...

"પ્લીઝ મેમ!"

બહાર ઝરમર વરસાદ વરસવાનો શરૂ થયો હતો. આકાશ એટલું ઘેરાયેલું હતું કે કોઈ પણ ક્ષણે ધોધમાર વરસાદ તૂટી પડવાનો હતો...

નિયતિ સુજય સામે જોઈ રહી... એકીટસે... એ બ્લેન્ક થઈ ગઈ હતી... વહી રહેલી ક્ષણોથી અને આવનારી ક્ષણોથી બેખબર નિયતિ ગાડીમાંથી ઉતરી અને તાજની કોરીડોરમાં પ્રવેશી ત્યારે રેવતી સમીરની છાતીમાં માથું ખોસીને એક અદ્‌ભુત ક્ષણને ફરી ફરીને વાગોળી રહી હતી...

સમીરે રેવતીના વાળમાં હાથ ફેરવ્યા અને કહ્યું,"ચા નહીં પીવડાવો, મિસીસ મહેતા?" અને રેવતીએ ચહેરો ઊંચકીને સમીર સામે જોયું...

"લગ્ન જ્યારે થાય ત્યારે... તું અત્યારે આ ક્ષણથી મારી પત્ની છે..." સમીરે કહ્યું, "કોણ જાણે કેમ મારા આખા શરીરમાં, મારા મનમાં, મારા આત્મામાં એક ગજબનાક તૃપ્તિનો અનુભવ ફરી વળ્યો છે... તું મારી છે, એ

વાત મને ખૂબ શાંત કરી નાખે છે... સંતુષ્ટ કરી નાખે છે..."

બહાર હજી વરસાદ ધોધમાર ચાલુ હતો... વરસાદ અને વાદળનો ગડગડાટ બેસી ગયેલા ચોમાસાની જાણ કરી રહ્યા હતા... આ કમરામાં પણ ચોમાસું મુશળધાર વરસી ગયું હતું, થોડીક ક્ષણો પહેલાં જ!

સમીરની છાતી પર રેવતીની આંખમાંથી બે ટીપાં પડી ગયાં...

"મા અને દાદીને આવી ખબર પડે તો?" રેવતીના સંસ્કાર રહી રહીને એને ઢંઢોળી રહ્યા...

*

સોળ

ગાડી ઝટકા સાથે ઉભી રહી અને નિયતિની તંદ્રા તૂટી... સુજય પોતાની સીટમાંથી ઉતર્યો અને એણે નિયતિનો દરવાજો ખોલ્યો...

"પ્લીઝ મેમ!"

બહાર ઝરમર વરસાદ વરસવાનો શરૂ થયો હતો. આકાશ એટલું ઘેરાયેલું હતું કે કોઈ પણ ક્ષણે ધોધમાર વરસાદ તૂટી પડવાનો હતો...

નિયતિ સુજય સામે જોઈ રહી... એકીટસે... એ બ્લેન્ક થઈ ગઈ હતી... વહી રહેલી ક્ષણોથી અને આવનારી ક્ષણોથી બેખબર નિયતિ ગાડીમાંથી ઉતરી અને તાજની કોરીડોરમાં પ્રવેશી ત્યારે રેવતી સમીરની છાતીમાં માથું ખોસીને એક અદ્‌ભુત ક્ષણને ફરી ફરીને વાગોળી રહી હતી...

*

સુજય પોતાની સીટમાંથી ઉતર્યો અને એણે નિયતિનો દરવાજો ખોલ્યો...

"પ્લીઝ મેમ!" નિયતિ નીચે ઉતરી...

નિયતિને ખબર હતી કે હવે એક ગરબડવાળો એપિસોડ શરૂ થવાનો છે. સુજય આ બધી ધાંધલધમાલ કરીને એને અહીં એટલા માટે જમવા લાવ્યો હતો કે એ એને પ્રપોઝ કરી શકે...અને એ પણ નિયતિને નિયતિ નહીં, રેવતી સમજીને લાવ્યો હતો.

નિયતિને સમજાતું નહોતું કે એને સુજયને સત્ય કહેવું કે નહીં, કહેવું હોય તો હમણાં જ કહેવું કે આખી વાત પૂરી થાય પછી કહેવું...

નિયતિ એના સ્વભાવની વિરુદ્ધ પહેલીવાર ગૂંચવાઈ રહી હતી. સુજયની આંખોમાં રહેલી પ્રમાણિકતા અને સપના એને એક તરફથી રોકી રહ્યા હતા. જ્યારે બીજી તરફ એનું મન એને ધક્કો મારી રહ્યું હતું કે એ સુજયને સત્ય કહી દે...

નિયતિ ગાડીમાંથી ઉતરીને સુજય સામે જોઈ રહી... એકીટશે. એ બ્લેન્ક થઈ ગઈ હતી...

સુજયે ફરી એકવાર એનું ધ્યાન તોડ્યું.

"હલો...! ક્યાં ધ્યાન છે તારું?"

"વરસાદ ક્યાંયનો પણ હોય, કેટલો સુંદર હોય છે નહીં?"

"અમારા ડૉક્ટરો માટે ચોમાસું એટલે કમાણીની સીઝન..." સુજય હસી પડ્યો. એની એક ઉપસેલી રાક્ષી એના ચહેરાને અજબ ભોળપણ અને વહાલસોયો બનાવતી હતી...

"જઈશું?" સુજયે પૂછ્યું.

"ઓહ યેસ! સખત ભૂખ લાગી છે મને..."

બંને તાજ તરફ ચાલવા લાગ્યા. કોરિડોરમાં પ્રવેશીને રેસ્ટોરન્ટ તરફ આગળ વધતા સુજયે પૂછ્યું.

"શું ખાઈશ?"

"ખાવાનું." નિયતિએ કહ્યું. કોણ જાણે કેમ સુજયે ઝટકાથી એના તરફ જોયું. સુજયને નવાઈ લાગી. આ રેવતીની સેન્સ ઑફ હ્યુમર નહોતી! રેવતી આમેય ઓછું બોલતી. જૉક મારવો એનો સ્વભાવ નહોતો... મનોમન વિચારતા સુજયે ખભા ઉછાળ્યા... જે નિયતિથી અજાણ્યું ન રહ્યું અને એણે તરત જ મનોમન પોતાનું બિહેવિયર ચેક કર્યું. એ જ ક્ષણે નક્કી કર્યું કે હવે પોતે સજાગ રહીને રેવતી થઈને વર્તશે...

બંને જણા રેસ્ટોરન્ટમાં જઈને બેઠા. સુજયે ઓર્ડર કર્યું, પછી એ નિયતિ તરફ એટલે કે એના માનવા પ્રમાણે રેવતી તરફ એકીટશે જોઈ રહ્યો... નિયતિની આંખો ઝૂકી ગઈ... બીજો કોઈ પણ પ્રસંગ હોત તો નિયતિએ કદાચ સુજયને પૂછ્યું હોત.

"કેમ મિસ્ટર? છોકરી નથી જોઈ આખી જિંદગીમાં?"

પણ આ નિયતિ નહોતી રેવતી હતી અને રેવતી આવા પ્રસંગે આંખો ઝૂકાવવા સિવાય બીજું કશું ન કરે...

સુજયે નિયતિની આંખોમાં જોતા જોતા પોતાની વાત શરૂ કરી. એ ગાંઠ વાળીને આવ્યો હતો. "ઇસ પાર યા ઉસ પાર...પણ હવે લટકતા નથી રહેવું..."

નિયતિ જાણતી હતી, ધારતી હતી અને માનતી હતી એમ જ સુજયે ધીમે રહીને પોતાના મનની વાત શરૂ કરી...

"રેવતી, જો મને ગોળ ગોળ વાત કરતા નથી આવડતું. જિંદગી આખી હું સરળ સીધું જીવ્યો છું. સીધી વાત કરી છે, સીધા સવાલોના સીધા જવાબો આપ્યા છે"

"ટૂંકમાં તું સીધો છોકરો છે..." નિયતિ મુસ્કુરાઈ... ફરી એકવાર સુજયને સહેજ નવાઈ લાગી.

"આ રેવતી બોલે છે??"

છતાં, એણે વાત ન તૂટે એટલે દોર સાંધી લીધો. સુજયની આંખો નિયતની આંખોમાં સીધું જોઈ રહી હતી. કોણ જાણે કેમ નિયતિ પણ પોતાની અંદર ઉતરતી આ આંખો અને આંખોની સચ્ચાઈ મહેસૂસ કરી રહી હતી... એણે ફરી એકવાર નક્કી કર્યું કે હવે સુજયને જ બોલવા દેશે...

"જો રેવતી, મારા માતા-પિતા ઇચ્છે છે કે હું લગ્ન કરી લઉં. જેટલી વાર મુંબઇ જાઉં એટલી વાર મારી મા છોકરીઓનાં ફોટા અને લિસ્ટ લઈને મારી પાછળ પાછળ ફરે છે... અત્યાર સુધી તો ભણવાના બહાને હું આખી ઘટના ટાળતો રહ્યો... એવું નહોતું કે મારે લગ્ન નથી કરવા... પણ મને, મારે યોગ્ય છોકરી, આઈ મીન... જીવનસાથીની તલાશ હતી..."

"કેટલી પ્રસ્તાવના કરે છે? પોઈન્ટ પર આવ..." નિયતિ મનોમન વિચારી રહી... એના ચહેરા પર એક નાનકડું સ્મિત તો આવી જ ગયું.

સુજયે એ સ્મિત જોયું. કદાચ એને પણ લાગ્યું કે એની પ્રસ્તાવના જરા લાંબી થઈ ગઈ છે...

"જો રેવતી, તને મેં મિહિરના લગ્નમાં જોઈ ત્યારથી હું બીજી કોઈ છોકરી વિશે વિચારી નથી શકતો. મારા મનમાં તારા સિવાય કોઈ વિચાર નથી આવતો... અને... અને..." સુજય અટક્યો.

"બોલ... બોલ... બોલ..." નિયતિએ મનોમન કહ્યું. "બોલી નાખ ડાક્ટર બોલી નાખ..." નિયતિ હવે ઉતાવળી થઈ હતી.

"હું તારી સાથે લગ્ન કરવા માગું છું. જો તું મને એને યોગ્ય સમજતી હોય, તો હું મારા મમ્મી-પપ્પાને વાત કરું. મમ્મી જઈને તારા ઘરે વાત કરશે..."

નિયતિએ સીધું સુજયની આંખોમાં જોયું, ધારદાર... આરપાર ઉતરી જાય એવું...

"કેટલું હૃદયથી બોલે છે આ છોકરો, હું જ્યારે એને જવાબ આપીશ ત્યારે એને માટે અઘરું બનશે, વાત સ્વીકારવાનું, અને છતાં, એને કહેવું તો પડશે જ ને...નાઉ ઓર નેવર..." નિયતિએ વિચાર્યું... નિયતિ હજી કંઈ બોલવા મોંઢુ ખોલે એ પહેલા ટેબલ પર મૂકાયેલા એના હાથ પર સુજયે હાથ મૂક્યો. આમ તો નિયતિને કંઈ ન થવું જોઈએ, એના સ્વભાવ અને ફિતરત મુજબ. પણ, નિયતિના આખા શરીરમાંથી એક લખલખું પસાર થઈ ગયું. કેમ જાણે એ જ રેવતી હોય!

પોતાના હાથ પર મુકાયેલો સુજયનો હાથ હટાવી દેવા નિયતિ હાથ ઉંચો કરે એ પહેલાં સુજય ફરી બોલવા લાગ્યો.

"જો, તું ભણે છે હું સમજું છું. તારી અને મારી ઉંમર વચ્ચે થોડોક તફાવત છે. હું થોડા મહિનામાં મારું પ્રાઈવેટ ક્લિનીક શરૂ કરીશ... હું તારી રાહ જોઈશ. હું પોતે માણસની કારકિર્દીની અને એના સપનાની કિંમત સમજું છું અને ઇચ્છું છું કે તું તારું ભણવાનું પૂરું કરે. તારી પોતાની કારકિર્દી, તારી પોતાની આઈડેન્ટિટી બનાવે..."

થોડીક ક્ષણો એક વજનદાર શાંતિ બંનેની વચ્ચે થઈને વહેતી રહી. નિયતિના હાથ પર મુકાયેલો સુજયનો હાથ એમ જ રહ્યો. નિયતિ ચૂપચાપ નીચું જોઈને, તો ક્યારેક ઉત્કંઠાપૂર્વક એકીટશે જોઈ રહેલા સુજયની સામે જોતી રહી... મનોમન વિચારતી રહી.

"ખબર નથી કે રેવતીના નસીબમાં શું છે? એક કેટલો શાંત અને ધીર ગંભીર સમજદાર છોકરો... અને બીજો નવલકથાના હીરો જેવો. સપનાઓની દુનિયામાંથી ઉતરી આવેલો રાજકુમાર, એક સચ્ચાઈ અને બીજું નખશિખ સપનું...આ જેને પરણશે એને સુખી કરશે એમાં કોઈ શંકા નથી... કેમ કહું એને?"

રેવતીના મનમાં ધમાસણ વિચારો ચાલતા હતા એ જ વખતે સુજયે નિયતિના હાથ પરથી પોતાનો હાથ ઉઠાવી લીધો. ખિસ્સામાં હાથ નાંખીને પેલું 'એસ'નું પેન્ડન્ટ કાઢ્યું, ટેબલ પર મૂક્યું, બૉક્સ ખોલીને!

"વીંટી લેવાની ઇચ્છા હતી, પછી આ ખરીદી લીધું... વીંટી કદાચ તું ન સ્વીકારે, અથવા ના પાડે તો જીવનભર તને અને મને તકલીફ આપે. પણ આ પેન્ડન્ટ હું તારા માટે લાવ્યો છું. તું મારી સાથે લગ્ન કરવાની હા પાડે તો પણ... અને ના પાડે તો પણ..."

નિયતિની આંખો છલછલાઈ આવી.

"મૂર્ખ, સહેજ વહેલો મળ્યો હોત તો? રેવતીને..." નિયતિ ભીની આંખે સુજય સામે જોઈ રહી... થોડીક ક્ષણો એમ જ જોઈ રહ્યા પછી એણે ટેબલ પર મૂકેલા સુજયના હાથ પર પોતાનો હાથ મૂક્યો. સુજયનું હૃદય ધબકારો ચૂકી ગયું. આ એ ક્ષણ હતી જેની એણે બે વરસથી રાહ જોઈ હતી... આ એ પળ હતી જ્યાં એની જિંદગી જીવી જવાની હતી. આ એ પળ હતી જ્યાં એની મહોબ્બત જવાન થવાની હતી...

"સુજય, તું ખૂબ સારો છોકરો છે. કોઈ પણ છોકરી તારા જેવા છોકરાને પરણીને સુખી જ થાય એમાં શંકા નથી... પણ..."

સુજયનું હૃદય ફરી એક ધબકારો ચૂકી ગયું.

"પણ??? શું હતું આ પણ..." સુજય માથા પર તલવાર લટકતી અનુભવી રહ્યો હતો. "ના નહીં પાડતી રેવતી... મારું હૃદય આ જ ક્ષણે ધબકતું બંધ થઈ જશે..."

"...પણ, સુજય હું રેવતી નથી..."

"વૉટ??" સુજય ધ્યાનથી જોઈ રહ્યો નિયતિના ચહેરા સામે... "આહ, માય ગોડ..."

"ગેરસમજ નહીં કરતો. આજે હું કોઈ મજાકના કે છેડછાડના મૂડમાં નથી આવી. ખૂબ સમજી-વિચારીને એક દોસ્તને મળવા આવી છું અને કશું પણ વધારે વીંખાય કે ચૂંથાઈ જાય એ પહેલા મળવા આવી છું... જો સુજય, તું તો જાણે જ છે કે મિહિરના લગ્નના ટાઈમથી મને ખબર છે કે તને રેવતી માટે..." ક્ષણેક અટકી નિયતિ, પાણી પીધું. જાણે શબ્દો શોધતી હોય એમ એક ક્ષણ જોઈ રહી સુજય સામે...

"વો હી રાસ્તે, વો હી મંઝિલે, મગર અપને અપને મકામ પર, કભી હમ નહીં, કભી તુમ નહીં... જ્યારે હું ઇચ્છતી હતી કે તું રેવતીને પ્રપોઝ કરી દે, ત્યારે તે સમય લીધો અને આજે જ્યારે તે હિંમત કરી છે ત્યારે..." નિયતિ હજી ય ગભરાતી હતી સુજયનું હૃદય તોડતા. કહેવાનું તો હતું જ, કહેવું જ પડવાનું હતું, અને છતાં...

"અને જ્યારે મેં હિંમત કરી છે ત્યારે શું?" સુજયે પૂછ્યું. આમ તો એ ન સમજે એટલો નાનો નહોતો. નિયતિનું અહીં આવવું, આટલી ગંભીરતાપૂર્વક એની સાથે વાત કરવી, એના સ્વભાવ વિરુદ્ધ શબ્દો શોધવા અને ગોઠવવા...સુજયને વાત દીવા જેવી સ્પષ્ટ સમજાઈ રહી હતી, છતાં એને સાંભળવું હતું. નિયતિના મોંઢે, સ્પષ્ટ!

"અને જ્યારે મેં હિંમત કરી છે ત્યારે શું?" સુજયે પૂછ્યું.

"ત્યારે, રેવતી કોઈ બીજાની જિંદગીમાં પ્રવેશી ચૂકી છે...શી લવઝ સમ બડી એલ્સ! એ છોકરાની મમ્મી આજે જ મુંબઈથી અમદાવાદ આવી. આજે જ સવારે રેવતીને એણે એમના ઘરની પુત્રવધૂ તરીકે સ્વીકારી લીધી... આઈ એમ સોરી સુજય...આઈ એમ વેરી સોરી."

ખડખડાટ હસી પડ્યો સુજય... નિયતિ જોતી રહી એની સામે. ઝળઝળિયાના પડદાની આરપાર...

"તને ખબર છે, તું ગંભીર થાય છે ને તો જરાય સારી નથી લાગતી..." સુજયે કહ્યું. "નિયતિ, ડૉન્ટ ફીલ સોરી... મેં મારું કામ કર્યું, કુદરતે એનું કામ કર્યું... નહીં હોય રેવતી મારા નસીબમાં... શું કહે છે? જમી લઈએ?"

"સુજય!!!" નિયતિ ડઘાઈ ગઈ. સુજયની સ્વસ્થતા જોઈને એને ખરેખર નવાઈ લાગી. એને એમ હતું કે સુજય

કદાચ તૂટી જશે, દુઃખી થઈ જશે, અપસેટ થઈ જશે. પણ... આ તો સાવ જુદી રીતે વર્તી રહ્યો હતો!

સુજયનું ખડખડાટ હાસ્ય નિયતિને સંભળાયું. પણ, જે આંસુ કે તકલીફ સુજયે છાતીના ડાબા ખૂણે ઉંડે દાટી દીધા, એ કદાચ નિયતિ ન જોઈ શકી, એ સમયે!

*

બહાર હજી વરસાદ ધોધમાર ચાલુ હતો... વરસાદ અને વાદળનો ગડગડાટ બેસી ગયેલા ચોમાસાની જાણ કરી રહ્યા હતા... આ કમરામાં પણ ચોમાસું મુશળધાર વરસી ગયું હતું, થોડીક ક્ષણો પહેલાં જ!

"મા અને દાદીને આવી ખબર પડે તો?" રેવતીના સંસ્કાર રહી રહીને એને ઢંઢોળી રહ્યા...

સમીરની છાતી પર રેવતીની આંખમાંથી બે ટીપાં પડી ગયાં... સમીર ચોંક્યો. એણે રેવતીને આંખો પર હાથ ફેરવ્યાં. આંખો ભીની હતી. છાતી પર માથું મૂકીને સૂતેલી રેવતીને એણે બેઠી કરી. પોતાની સામે બેસાડી. જાણે કોઈ ઢીંગલીને ગોઠવતો હોય એમ... પછી, પોતે પલાંઠી વાળીને બેઠો અને રેવતીની ચીબુક પકડી, એની આંખમાં આંખો નાંખી...

"જો, હું એવું નહીં કહું કે મને તારું શરીર નથી આકર્ષતું... તું સુંદર છે, કોઈ પણ પુરુષને પરાસ્ત કરી નાખે એટલી સુંદર... ખરું પૂછું તો પહેલીવાર તને જોઈ ત્યારે તારી સુંદરતા જ મારા સુધી પહોંચી હતી...હું બીજા છોકરાઓ જેવો નથી એમ નથી કહેતો, પણ એક વાત સમજ... હું તને ચાહું છું. બેફામ! મારી જાતને ચાહું છું એનાથી પણ વધારે. તું મારા હોવાનો મારી જિંદગીનો ભાવ છે હવે, હવે એટલે? તારી સાથે શરીરથી જોડાયા પછી નહીં, તારી સાથે આત્માથી જોડાયા પછી... રેવતી, આપણે બધા મૂર્ખ છીએ, શરીરને જોઈએ છીએ પણ આત્માને અનુભવતા નથી. સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે આત્મા શરીરમાં વસે છે અને આત્માથી આત્મા સુધી પહોંચવા માટે શરીરનો ઉપયોગ કરવો પડે છે. તું સમજે છે મારી વાત?"

રેવતી આશ્ચર્યચકિત વિસ્ફારીત આંખોથી એની સામે જોઈ રહી હતી.આ એ જ સમીર હતો જે થોડી ક્ષણો પહેલાં રેવતીમય થઈને, તદન આસક્ત થઈને, તદન પુરુષ બનીને વર્તી રહ્યો હતો. એ આત્મા પરમાત્માની વાત કરતો હતો?

"આ માણસના કેટલા પાસાં હજી મારે ઓળખવાના છે, સમજવાના છે, કોણ જાણે?!" રેવતી વિચારી રહી.

રેવતીના આશ્ચર્ય અને વિસ્ફારીત આંખોની સામે સમીર હજી ય અવિરત બોલી રહ્યો હતો.

"મને મારી માએ કહેલું કે જે વસ્તુમાં વિરોધ નથી હોતો એ વસ્તુ કરવામાં કોઈ રસ પણ નથી રહેતો. ચોરીનાં ફળ જેટલાં મીઠાં લાગે છે એટલાં ખરીદેલા નથી લાગતા. પાડોશીની પત્ની જેટલી મધુર લાગે છે એટલી પોતાની પત્ની નથી લાગતી. આ ફળ ચોરીનું છે. એ વર્જ્ય છે. સેક્સ માટે આપણે એવી સ્થિતિનું નિર્માણ કર્યું છે. સેક્સને ચોરીનો એવો પોશાક પહેરાવ્યો છે, એક એવા ખોટા પરિવેશમાં છુપાવી છે કે ફળસ્વરૂપ સેક્સથી તીવ્રરૂપે આપણે આકર્ષાયા છીએ..."

રેવતી જાણે સમીરની ભાષામાં, એની વાણીમાં, એની કથ્થઈ-બ્લ્યુ આંખોની સંમોહિનીમાં વહી રહી હતી, ફરી એકવાર! સમીરનો અસ્ખલિત વાણી પ્રવાહ રેવતીના મન અને મગજ ઉપર જાણે એક જાદુની છડી ફેરવી રહ્યો હતો... રેવતી એક નવા જ સમીરને પોતાની સામે ઉઘડતો અનુભવી રહી હતી... એ મંત્રમુગ્ધ, અર્ધદગ્ધ

સાંભળી રહી હતી. રેવતી માટે આ સમીર સાવ અજાણ્યો હતો...

"બર્ટાન્ડ રસેલે લખ્યું છે, જ્યારે હું નાનો હતો ત્યારે વિક્ટોરિયન યુગ હતો. સ્ત્રીઓના પગ પણ જોઈ શકાતા નહોતા. જમીન પર ઢસડાય એવાં વસ્ત્રો સ્ત્રીઓ પહેરતી. એમાં જો કોઈ સ્ત્રીના પગનો અંગૂઠો ય દેખાય તો પુરુષો આતુર આંખે એ જોયા કરતા ને કામવાસના જાગૃત થઈ જતી. રસેલ કહે છે, હવે તો સ્ત્રીઓ લગભગ અર્ધનગ્ન અવસ્થામાં ફરે છે, એમના પગ હવે સારી રીતે જોઈ શકાય છે, પણ એની કોઈ અસર થતી નથી થતી!" રસેલ લખે છે કે, આનાથી એ સિદ્ધ થાય છે કે જે વસ્તુને આપણે જેટલી છુપાવીએ છીએ તે વસ્તુ માટે તેટલું જ કુત્સિત આકર્ષણ ઉભું થાય છે...તું અલભ્ય, અપ્રાપ્ય હતી મારા માટે, ત્યાં સુધી મને તારા સિવાય કોઈ વિચાર જ નહોતો આવતો. મારા મન અને મગજમાં ફક્ત તને કઈ રીતે પામવી, એ સિવાય કશું જ ઉદ્ભવતું નહોતું..."

"અને હવે..." રેવતીની આંખો હજી વિસ્ફારિત હતી... સમીર હસ્યો. એ જ મુગ્ધ કરી નાખનારો, સંમોહક સ્મિત!

"અને હવે? હવે શું? હવે તો તેં મને પામી લીધી..."

"ફરી એ જ વાત?" સમીરના ચહેરા પર સ્મિત અકબંધ હતું. "સાથે સૂઈ જવું... કોઈ શરીરને ભોગવી લેવું એ પામી લેવું નથી રેવતી! પામવું એ બહુ જુદી બાબત છે. સંભોગથી સંબંધ તરફ... એ એક લાંબી યાત્રા છે. સંબંધ એ અંતિમ ધ્યેય છે. સંભોગ એ પ્રથમ પગથિયું છે અને જેઓ પ્રથમ પગથિયાંને ઓળખવાનો ઇનકાર કરે, તે બીજા પગથિયે પણ પહોંચી શકશે નહીં. તેઓ સંબંધ સાચવી શકશે નહીં. એ જરૂરી છે કે પહેલું પગથિયું હોશપૂર્વક, સમજણપૂર્વક અને જાગરૂકતાથી ભરવું જોઈએ. સંભોગ એ આખરી લક્ષ્ય નથી. સંભોગ એ તો શરૂઆત છે. સંબંધ મજબૂત કરવા માટે વધુ ને વધુ પગથિયાં જરૂરી છે. એ પગથિયાં સત્યના, વિશ્વાસના, સમજદારીના અને એકબીજાને ઓળખવાના પગથિયાં છે..."

રેવતી આશ્ચર્યચકિત હતી. આ માણસ જે થોડી પળો પહેલા સ્પર્શ અને શરીર સિવાય કોઈ ભાષા નહોતો સમજતો, એ માણસ અચાનક સાધુની જેમ, જ્ઞાનીની જેમ બોલી રહ્યો હતો. એનો એક એક શબ્દ અગત્યનો હતો. એનો એક એક શબ્દ જીવનનાં એકએક પાસા ખોલતો હતો. એનો એક એક શબ્દ રેવતીને ઢંઢોળીને કહી રહ્યો હતો... કે "તેં ભૂલ નથી કરી! રેવતી, તેં આ છોકરાની જીવનસાથી તરીકે પસંદગી કરીને કોઈ ભૂલ નથી કરી..."

*

સુજયનું ખડખડાટ હાસ્ય નિયતિને સંભળાયું. પણ, જે આંસુ કે તકલીફ સુજયે છાતીના ડાબા ખૂણે ઉંડે દાટી દીધા, એ કદાચ નિયતિ ન જોઈ શકી, એ સમયે!

બંને જણા લગભગ ચૂપચાપ જમતા રહ્યા. થોડી ઘણી ઇધર-ઉધરની વાતો, સુજયના જૉક્સ એના પર નિયતિનું થોડું હસવું, થોડું મુસ્કુરાવું અને ડીનર પૂરું થયું...

"આટલી સુંદર સાંજ, આટલો સરસ સમય સાથે ગાળીને તે મારા પર ઉપકાર કર્યો છે..." નિયતિ ચોંકી.

"દારૂ તો પીધો નથી, આ ગાંડો શું બોલે છે?" સુજય હજી યે મુગ્ધ અવાજે બોલી રહ્યો હતો...

"આજની સાંજ હું ક્યારેય નહીં ભૂલું. આજે તને અહીં જમાડીને, સુંદર સાંજ ગાળીને હું ત્રણ શબ્દો કહેવા માગું છું... એ ત્રણ શબ્દ જે સાંભળીને તું ડઘાઈ જઈશ. ચોંકી ઉઠી જઈશ, નવાઈ પામીશ..."

નિયતિના મગજમાં ઘંટડીઓ વાગવા લાગી...

"હાય, હાય...! ક્યા ત્રણ શબ્દ? આઈ... લવ... યુ..." નિયતિ ધબકત્તા હૃદયે રાહ જોવા લાગી સુજયના ધડાકાની...

"હે ભગવાન, હવે આ કંઈ અક્કલ વગરની વાત ન કરે તો સારું." નિયતિએ મનોમન પ્રાર્થના કરી.

સુજય હજી પણ એક જોરદાર એક્સપ્રેશન સાથે બોલી રહ્યો હતો.

"અને એ ત્રણ શબ્દ છે... પે... ધ... બિલ..." સુજય ખડખડાટ હસી પડ્યો. આખી સાંજમાં પહેલીવાર નિયતિ સ્વભાવિક રીતે ખડખડાટ હસી પડી.

"યુ આર ટુ મચ." નિયતિએ સુજયને મારવા હાથ ઉંચો કર્યો. એ હજી હસી રહી હતી. સુજયે એનો હાથ પકડ્યો. સુજયનો ચહેરો અચાનક તરલ અને ગંભીર થઈ ગયો... નિયતિએ સુજયની સામે જોયું.

"તો આ હતો સાચો સુજય...મ્હોંરા વગરનો, દુભાયેલો, રેવતીને ખોઈ બેઠેલો... હારેલો સુજય!"

હવે નિયતિ પણ ગંભીર હતી. નિયતિના હાથને સીધો કરીને સુજયે એના હાથમાં પેલા પેન્ડન્ટનું બોક્સ મૂકી દીધું.

"આ લઈ જજે... અને રેવતીને આપી દેજે." નિયતિ એક પણ અક્ષર બોલ્યા વિના સુજયની સામે જોતી રહી. "પ્લીઝ! અને કહેજે કે... અને કહેજે કે... આ તું લાવી છે એના માટે."

"પણ!?" નિયતિ હજી અસમંજસમાં હતી.

"પ્લીઝ, આ મેં એના માટે ખરીદ્યું છે. એના ગળામાં જોઈશ તો મને આનંદ થશે... પ્લીઝ?!"

"એસ... સુજયનો કે સમીરનો?! રેવતીના ગળામાં લટકશે તો ખરો... પણ, કોણ શું સમજશે? કોને ખબર!"

નિયતિ વિધિની આ વક્રતા પર મનોમન મૂંઝાઈ રહી.

*

સત્તર

સીમા જ્યારે મુંબઈ ઉતરી, ત્યારે પંકજભાઈ એને લેવા સ્ટેશન આવ્યા હતા...

ઉતરીને સીમા સ્ટેશન પર પંકજભાઈને ભેટી પડી. પંકજભાઈને આશ્ચર્ય થયું. એવું તે શું હતું કે પોતાની પચાસ વર્ષની પત્ની સીમા, લગ્નના અઠ્યાવીસ વરસે આમ સ્ટેશન પર એમને ભેટી પડી...

"અદ્ભુત છોકરી છે..."

"મને હતું જ..." પંકજભાઈએ કહ્યું. "તારો છોકરો કશું ઓગણીસ-વીસ તો પસંદ કરે જ નહીં."

"મારી એકલીનો?"

"હા. આમ તો તારી એકલીનો જ... તારે લીધે તો એ આપણા કુટુંબનો ભાગ છે. બાકી મેં તો..."

"બસ! આટલા આનંદના પ્રસંગે એ વાત કરવી છે?"

પંકજભાઈને પણ થયું કે એમણે એક અણગમતી વાત છેડી છે. બંને જણા ઘર સુધી ગાડીમાં એકદમ ચૂપ રહ્યા એ પછી. પંકજભાઈને અફસોસ થયો કે એમણે 'આ' વાત નહોતી છેડવી જોઈતી...

સમીરના જન્મની એક એવી વાત હતી જે સીમાને વિચલીત કરી મૂકતી. પંકજભાઈ ઘણો પ્રયત્ન કરતા કે આ વાત ભૂલી જવાય, ફરી ન નીકળે, પણ એમના મનમાં રહેલી કેટલીક ઉંડી વાતો... સમીરના જન્મની 'એ' વાતને ખેંચી જ કાઢતી અને જ્યારે જ્યારે 'એ' વાતની ચર્ચા નીકળતી ત્યારે સીમા ભયાનક વિચલીત થઈ જતી.

આજે પણ 'એ' વાત નીકળી એટલે સીમાનું મન ક્ષુબ્ધ થઈ ગયું હતું... રેવતીને મળ્યાના, એને સાડી ઓઢાડ્યાના, એને પુત્રવધૂ તરીકે પસંદ કર્યાના... બધા આનંદો વિખરાઈ ગયા હતા.

ખરેખર તો એને પંકજભાઈને કેટલું બધું કહેવાનું હતું... પણ ગાડીમાં બંને જણા તદ્દન ચૂપ થઈ ગયા!

ઘરે પહોંચીને પંકજભાઈએ જ વાતની શરૂઆત કરી.

"સોરી! મારી ભૂલ થઈ ગઈ."

"ઈટ્સ ઓ.કે."

"નો. ઇટ્સ નોટ ઓ.કે... પ્લીઝ મને કહીશ કે એ છોકરી કેવી છે, તે શું કર્યું, શું વાતો કરી અને હવે એના મા-બાપને ક્યારે મળવાનું છે..."

"એના મા-બાપ મુંબઈમાં જ રહે છે, વાલ્કેશ્વરમાં..."

"ધેટ્સ ગુડ! આજે જ મળી લઈએ."

"આજે જ?"

"અજાણી ન થા, મેં ના કહ્યું હોત તો પણ તું આજે જ મળવાની હતી. હું ઓળખું છું તને અઠ્યાવીસ વરસથી..."

"અને તો ય... 'પેલી' વાત કાઢ્યા વિના નથી રહેવાતું." સીમાએ મનોમન કહ્યું. પછી પંકજભાઈ સામે જોઈને હસી પડી... "હા, આજે જવું છે. આ એમનો ફોન નંબર છે. લગાડો અને સમય લઈ લો..."

પંકજભાઈએ નંબર લીધો અને લગાડ્યો.

કલ્યાણીએ ફોન ઉપાડ્યો.

"હલો."

"હું પંકજ મહેતા બોલું છું... મારો પોતાનો બિઝનેસ છે..."

"હા પણ..." કલ્યાણી ગૂંચવાઈ. "એ તો ઑફિસ ગયા છે. ઑફિસનો નંબર આપું? મોબાઈલ?"

"ના, ના. મારે જરા જુદું કામ હતું. એક મિનિટ. હું મારી વાઈફને આપું. સીમા નામ છે એનું." પંકજભાઈએ ફોન સીમાને આપ્યો. "મ.મ...ને નહીં ફાવે. તું જ વાત કર..."

ખડખડાટ હસીને સીમાએ ફોન લીધો.

"નમસ્તે કલ્યાણીબહેન... મારું નામ સીમા છે. મારો દીકરો સમીર રેવતીની સાથે આઈ.આઈ.એમ.માં અમદાવાદ ભણે છે..."

કલ્યાણીને ફાળ પડી.

તો આ જ બાવીસમું વર્ષ હતું... શંભુભાઈએ ભાખેલું ભવિષ્ય ફોનમાંથી બોલી રહ્યું હતું? પણ વાત તો કપાય એમ હતી નહીં...

"અ... હા. બોલોને..."

"હું અમદાવાદ ગઈ હતી, ખાસ તમારી દીકરીને મળવા..."

"હું સમજી નહીં..."

"આજના જમાનામાં છોકરાંઓ આપણને ક્યાં કશું સમજવા દે છે? એ લોકોએ તો નક્કી કરી નાંખ્યું છે, આપણે માત્ર હા પાડવાની અને ખુશ થવાનું... અમે તમને મળવા માગીએ છીએ..." સીમાએ પોતાના સ્વભાવ પ્રમાણે સીધી વાત કરી.

કલ્યાણી બે-ચાર પળ એમ જ ચૂપચાપ ઉભી રહી. શું જવાબ આપવો, એનો વિચાર કરતી...

એના મનમાં સો વિચારો આવીને નીકળી ગયા.

તો આ કારણ હતું, નિયતિને અમદાવાદ બોલાવવાનું... એટલે એનો અવાજ તે દિવસે મને દૂર અને અજાણ્યો લાગ્યો... મારી દીકરી, મારી કોખમાં આળોટીને મોટી થયેલી મારી રેવતી, મારી પહેલા કોઈ બીજાને પોતાના

મનની વાત કહી ચૂકી છે... અને એવી સ્ત્રી જેનો મેં ચહેરો પણ નથી જોયો. એ મને સલાહ આપે છે કે આપણે તો હા પાડવાની. કલ્યાણીનું મન સહેજ પાછું પડતું હતું. જેમાં બે કારણો મહત્ત્વના હતા: એક, શંભુભાઈની ભવિષ્યવાણી અને બે... ઘનશ્યામ રાય અને તારાબહેનનાં સ્વભાવ. નિયતિ પણ અહીં નહોતી. હવે શું કરવું? કલ્યાણી વિચારે ચઢી હતી.

"સાતેક વાગે ફાવશે?" સીમાએ પૂછ્યું. કલ્યાણીનો વિચાર તૂટ્યો.

"હેં? હા. હા." ના પાડવાનો કોઈ અર્થ નહોતો. કલ્યાણી સીમા સાથે વધુ વાત નહોતી કરવા માગતી.

"તો અમે સાત વાગે પહોંચીશું. અમે સમીરના ફોટા પણ લેતા આવીશું. મેં તો રેવતીને જોઈ છે. ખૂબ સુંદર છે તમારી દીકરી, સાક્ષાત્ લક્ષ્મી છે..." સીમા બોલે જતી હતી, કલ્યાણી કંઈ જ સમજતી નહોતી. એના મનમાં વિચારોના ઘોડા પૂરજોશમાં દોડતા હતા...

ઘનશ્યામરાયને કઈ રીતે કહેવું? તારાબહેનને શું સમજાવવા? સાંજે શું બનાવવું? વગેરે વગેરે વિચારોથી ઘેરાયેલી કલ્યાણીએ આવ જો આવ જો કરીને ફોન મૂક્યો ત્યારે એના મનમાં એક અજબ વિષાદ અને ગૂંચવણની લાગણી હતી.

ફોન મૂકીને કલ્યાણીએ પહેલો ઘનશ્યામરાયને મોબાઈલ કર્યો... મોબાઈલ સ્વીચ ઑફ હતો. ફોન મૂકીને કલ્યાણી પોતાના રૂમમાં ગઈ. વોર્ડરોબમાં સૌથી ઉપર પડેલી સાડી ઉપાડી. કપડા બદલ્યા અને બહાર જવા નીકળી ગઈ. આજે પહેલીવાર એણે તારાબહેનને કશું જ નહોતું કહ્યું. ઉંઘતા તારાબહેન જાગે ત્યારે જ એમને ખબર પડવાની હતી કે કલ્યાણી ઘરમાં નથી!

કલ્યાણી ઘનશ્યામરાયની ઑફિસ પહોંચી, ત્યારે મિટિંગ ચાલતી હતી. કલ્યાણી બહાર રિસેપ્શન પર બેસી રહી, વીસેક મિનીટ!

એ વીસ મિનિટ દરમ્યાન કલ્યાણીએ સો ટાંકા માર્યા અને ઉખેળ્યા. એના મનમાં વિચારોની શ્રૃંખલા કોઈ રીતે અટકતી નહોતી...

ઘનશ્યામરાય મિટિંગ પતાવીને બહાર આવ્યા ત્યારે કલ્યાણીને એમણે રિસેપ્શન પર જોઈને એમનું મોંઢું પહોળું થઈ ગયું...

"તું? કેમ અચાનક? બધુ ઠીક તો છે ને..."

"કેમ? અમારાથી ઑફિસ ન અવાય? અહીં સુધી આવી હતી એટલે ચા પીવા આવી ગઈ..." રિસેપ્શન પર બેઠેલી રિસેપ્શનિસ્ટ અને સ્ટાફના બીજા માણસોની સામે કલ્યાણીને પોતાના મનની ગૂંચવણ છતી નહોતી થવા દેવી... એ પર્સ લઈને ઉભી થઈ અને કોન્ફરન્સ રૂમમાંથી પોતાની કેબિન તરફ જતા ઘનશ્યામરાયની સાથે સાથે એમન કેબિનમાં દાખલ થઈ ગઈ.

"બોલ." ઘનશ્યામરાયે કેબિનમાં દાખલ થતાંની સાથે પોતાની ઉત્સુકતા છુપાવવાનું છોડીને સીધો સવાલ પૂછયો. કલ્યાણીએ પણ હવે વાતને ગૂંચવવામાં માલ નથી એમ સમજીને ઘનશ્યામરાયને કહ્યું...

"તમારી દીકરીએ પરણવાનું નક્કી કર્યું છે."

“નિયતિએ? વેરીગુડ. મને હતું જ કે એ છોકરી મને ચિંતા નહીં કરાવે. પોતાને યોગ્ય છોકરો ગોતી જ કાઢશે. કોણ છે? શું કરે છે? મુંબઈનો છે? આવી ગઈ નિયતિ અમદાવાદથી?”

“હું નિયતિની નહીં, રેવતીની વાત કરું છું...” કલ્યાણીના ચહેરા પર બરફની ઠંડક હતી.

ઘનશ્યામરાય એક પણ અક્ષર બોલ્યા વિના એની સામે જોઈ રહ્યા.

“એમ મારી સામે ન જુઓ, આટલા વરસમાં તમારી ઑફિસ તમારા કહ્યા વિના કે તમને પૂછ્યા વિના આવી છું... હું પણ એટલી જ ડઘાયેલી અને ગૂંચવાયેલી છું, જેટલા તમે...”

“તો?”

“તો એમ કે આજે સાંજે એ લોકો ઘરે આવવાના છે.”

“આજે?” ઘનશ્યામરાયનો અવાજ લગભગ ફાટી ગયો. “પણ એટલી ઉતાવળ શું છે?”

“એમનો ફોન હતો. છોકરાની મમ્મી અમદાવાદ જઈ આવી. રેવતીને મળી આવી... હવે તો એ લોકો ફક્ત લગ્નની તારીખ જ નક્કી કરવા માગે છે... એટલું જ બાકી છે, ખરેખર તો...”

ઘણીવાર સુધી બંને જણા કંઈ બોલ્યા વિના બેસી રહ્યા. આવું નિયતિ સાથે થયું હોત તો ઘનશ્યામરાયને નવાઈ ન લાગત. પણ રેવતી સાથે આવું થવું એ બંને માટે બહુ નવાઈની ઘટના છે. મા કે નિયતિને સાથે લીધા વિના ઘરની બહાર પગ ન મૂકનારી છોકરી લગ્નનો ફેંસલો કરી ચૂકી? કોઈને પૂછ્યા ગાછ્યા વિના? મા-બાપ બંને ડઘાયેલા હતા.

જોકે બંનેને વિશ્વાસ હતો કે રેવતીનો નિર્ણય ખોટો નહીં હોય...

ખાસ્સી ક્ષણોની ચૂપકિદી પછી ઘનશ્યામરાયે મૌન તોડ્યું.

“કેટલા વાગે આવવાના છે?”

“સાત વાગ્યાનું કહ્યું છે.”

“ભલે, હું પહોંચી જઈશ. છોકરો આવવાનો છે?”

“ના, એ તો અમદાવાદ છે.” કલ્યાણીએ કહ્યું.

“ઓહ!”

“અમદાવાદમાં ભણે છે, આઈ.આઈ.એમ.માં રેવતીની સાથે.”

“ભલે. ઇશ્વરની જેવી ઇચ્છા.” ઘનશ્યામરાયે કહ્યું પછી બેલ મારીને પટાવાળાને બોલાવ્યો. પટાવાળો આવ્યો એટલે ચ્હાનું કહ્યું...

“રહેવા દો ને હવે.”

“હોતું હશે, આજે પહેલી વાર આટલા વરસોમાં વગર બોલાવીએ તું મારી ઑફિસે આવી છે. ખરેખર તો મારે

એ છોકરાનો આભાર માનવો જોઈએ...” ઘનશ્યામરાય હસ્યા.

“તમે પણ...” કલ્યાણી શરમાઈ. હવે બંને હળવા થઈ ગયા હતા અને સાંજની તૈયારી વિશે વિચારવા લાગ્યા હતા...

ચ્હા પીને સાંજની તૈયારીની વાતચીત કરીને કલ્યાણી ઉઠતી હતી, ત્યારે ઘનશ્યામરાયે કહ્યું.

“બાને તું કહીશ, કે હું કહું?”

“તમે જ કહેજો.” કલ્યાણીએ કહ્યું.

“ભલે.” ઘનશ્યામરાયે કહ્યું... પછી સહેજ અટકીને ઉમેર્યું, “તને વાંધો ના હોય તો શંભુભાઈ પાસે થતી જઈશ?”

કલ્યાણી સહેજ હસી, કારણ કે ઘનશ્યામરાયે ન કહ્યું હોત તો પણ કલ્યાણી શંભુભાઈ પાસે જવાની જ હતી. કલ્યાણી ત્યાંથી નીકળી... અને સીધી શંભુભાઈ પાસે પહોંચી...

*

ઘણું વિચાર્યા પછી નિયતિએ રેવતીને બધું સાચ્ચું જ કહી દીધું. પેન્ડન્ટ પણ આપી દીધું. એમ જ કહીને કે આ સુજયે આપ્યું છે. એને લાગ્યું કે આવા પ્રસંગે ખોટું બોલવાથી વધારે ગૂંચવાડા થશે અને કોઈક દિવસે જો રેવતીને સત્ય હકીકત ખબર પડશે, તો એ મને ક્યારેય માફ નહીં કરે...

“પણ હું આ કેવી રીતે સ્વીકારી શકું?” રેવતીએ કહ્યું.

“એટલું તો તારે કરવું જ જોઈએ, એ છોકરા માટે...”

“... અને સમીર?”

“સમીર? સમીરનું શું?” નિયતિ કેટલીક બાબતોમાં બહુ પ્રેક્ટિકલ હતી. જિંદગીને રેવતી કરતાં સાવ જુદા નજરીયાથી જોતી. એને માટે સમીર કોઈ બહુ મોટી ઘટના નહોતો...

“એને ખબર પડે તો?”

“વોટ ડુ યુ મીન ખબર પડે તો? એને કહેવાનું... જો રેવતી પતિ-પત્ની વચ્ચે નવ્વાણુ ટકા કોમન હોય ત્યાં સુધી વાંધો નહીં, પણ તારો પોતાનો એક ટકો જાળવી રાખજે. સાવ સમર્પિત ના થઈ જતી... જિંદગી તારી છે. કોઈ સાથે જોડાય એનો અર્થ એવો નહીં કે એ તમારા માલિક થઈ જાય...”

“બાપ રે, આજે મારો લેક્ચર સાંભળવાનો દિવસ છે, એમને?” રેવતીએ મજાક કરી.

“આઈ એમ નોટ જૉકિંગ.” નિયતિએ કહ્યું.

“ઓ.કે.ઓ.કે...” રેવતીએ ગળામાંની ચેઈન કાઢી અને નિયતિને આપી. “લે તું જ ભરાવી દે.બસ?”

પેન્ડન્ટ ચેઈનમાં ભરાવતી વખતે નિયતિને સુજયની બે આંખો દેખાઈ. ‘થેંક્યુ’ કહેતી બે આંખો અને નિયતિની

આંખો છલછલાઈ ગઈ...

કોઈ કારણ વગર એ છોકરાએ એનો પહેલો પ્રેમ ખોયો હતો... શું વાંક હતો એનો?

*

રેવતી અને નિયતિ મોબાઈલ ફોનની શૉપ સામે ઉભા હતા... રિક્ષાના પૈસા આપીને બંને દાખલ થયા ત્યારે ત્યાં સમીર પણ ઉભો હતો...

"અમે જ્યાં જઈએ ત્યાં આવવાનું?" નિયતિએ પૂછ્યું.

"એવું તો હું પણ કહી શકું." સમીરે કહ્યું. "પહેલા હું આવ્યો છું."

"અમે તો મોબાઈલનું કાર્ડ લેવા આવ્યા હતા." રેવતીએ કહ્યું.

"તે હું ફૂટબોલ રમવા નથી આવ્યો..." સમીર હસી પડ્યો બાળક જેવું... રેવતી મુગ્ધ થઈને એને જોઈ રહી...સમીરની નજર અચાનક રેવતીના ગળા પર પડી.

"અરે વાહ, તારી બહેન તને બહુ બધી ગિફ્ટ આપે છે..."

"બહેન?" નિયતિએ પૂછ્યું. રેવતીએ ઝટકાથી નિયતિ સામે જોયું. રેવતીની નજરમાં એક અજબ ડર, એક અજબ અનુનય હતો...

"હાસ્તો. 'એસ'નું પેન્ડન્ટ બીજું કોણ આપે? કાં તો સમીર અને કાં તો સમીરની સાળી..."

"એવા વહેમમાં રહેવાની જરૂર નથી, જીજુ... મારી બહેનને 'એસ'પરથી ઘણા બૉયફ્રેન્ડ પણ છે."

"એકને તો હું પણ ઓળખું છું...સુરેશ? ના ના... સુમિત? ના ના... સુજય... સુજય... સુજય...તે દિવસે રાત્રે તને ઉતારવા આવેલો ને?"

બંને બહેનોની નજર એક થઈ. રેવતીની નજર ઝૂકી ગઈ... નિયતિએ ખડખડાટ હસીને સમીરના ખભા પર ધબ્બો માર્યો...

"જાસૂસ છો કે જીજાજી?" અને પછી મોબાઈલના ફંકશન્સ અને પ્રિપેઈડ કાર્ડના નંબર ચેક કરવામાં ત્રણેય જણા ગૂંથાઈ ગયા. સુજયની વાત અભરાઈએ ચઢી ગઈ... પણ, સમીરના મનમાં... રેવતી મનમાં આખી ય વાત કોણ જાણે કેમ ગૂંચળું વાળીને બેઠી હતી... એને ભય હતો કે ગૂંચળું વાળીને બેઠેલો આ નાગ કોઈપણ એક દિવસ માથું ઉંચકશે, ફેણ ચઢાવશે અને ફૂંફાડો મારશે તો?

*

સીમા અને પંકજભાઈ કલ્યાણીના ઘરમાં દાખલ થયા એની દસ જ મિનિટ પહેલા તારાબેન અને ઘનશ્યામરાયની આર્ગ્યુમેન્ટ પૂરી થઈ હતી. તારાબહેન આવી રીતે છોકરાના મા-બાપને બોલાવી લેવા બદલ ખૂબ નારાજ હતા. "જોયા જાણ્યા વિના કૂવામાં કૂદી પડવાની વાત" સામે એમનો મોટો વિરોધ હતો. ઘનશ્યામરાયે પોતાની રીતે આખી વાત ખૂબ ટેક્ટફુલી હેન્ડલ કરી. તારાબહેનને સમજાવ્યા એટલું જ નહીં,

ઘરના વડીલ તરીકે આ મિટીંગમાં હાજર રહેવા રાજી કરી લીધા.

... અને જ્યારે, સીમા અને પંકજભાઈ કલ્યાણીબહેનના ઘરમાં દાખલ થયા ત્યારે એમને જોઈને તારાબહેને એટલો તો હૂંફાળો આવકાર આપ્યો કે ઘનશ્યામરાય ને કલ્યાણી પણ ડઘાઈ ગયા!

સીમા અને પંકજભાઈએ જ્યારે સમીરનો ફોટો બતાવ્યો ત્યારે તારાબહેનથી બોલ્યા વિના ના રહેવાયું.

"ફિલમના હિરો જેવો લાગે છે... થૂ... નજર ના લાગે કોઈની..."

...કલ્યાણી અને ઘનશ્યામરાયે નિરાંતનો શ્વાસ લીધો. તારાબહેન પાસ કરે તો આ ઘરમાં બીજા પ્રશ્નો નહોતા રહેતા... એવું બંનેને લાગ્યું...

*

રેવતી, નિયતિ અને સમીર મોબાઈલ શૉપમાંથી બહાર નીકળ્યા. ફક્ત એક જ ડીજીટના ફરકવાળા બે મોબાઈલ નંબર હવે રેવતી અને સમીર પાસે હતા. રેવતીના ટેલિફોનના નંબરમાં છેલ્લે ઝીરો હતો. જ્યારે સમીરના નંબરમાં એક...

રેવતી પોતાના ઘરે જોડે એ પહેલા સમીરે એને કહ્યું.

"સ્વીટહાર્ટ, મારો નંબર ડાયલ કર..."

"કેમ?" રેવતીએ પૂછ્યું.

"સ્ટુપિડ" નિયતિએ રેવતીને એક લગાવી."હાઉ રોમેન્ટિક, જીજુની ઇચ્છા છે કે તારા ફોનમાંથી સૌથી પહેલો ફોન એમનો ડાયલ થાય..."

"એક્ચ્યૂલી મારા સિવાય કોઈ નંબર જ ડાયલ ન થાય એવી મારી ઇચ્છા છે..."

"એવું તો શક્ય નથી." નિયતિ હસી. "આજથી મા-દીકરી શાકના ભાવથી શરૂ કરીને લગ્નની તૈયારી સુધીની બધી વાત મોબાઈલ પર કરશે..."

"યાહ?" સમીરે કહ્યું. "તો... તો... બે દિવસમાં પ્રિપેઈડ ખલાસ થઈ જશે..."

"થઈ જાય તો થઈ જાય..." રેવતીએ કહ્યું. "મોબાઈલ લીધા પછી મારી મમ્મી સાથે વાત કરવી એ મારી પહેલી પ્રાયોરિટી છે..."

"મારી પણ..." મોબાઈલ અને પ્રિપેઇડ કાર્ડ લઈને સમીરે પહેલો ફોન સીમાને જોડ્યો.

"મોમ..." સમીરે રાડ પાડી! "ક્યાં છે તું?"

"ક્યાં હોઉં? તારા સાસરે..." સીમાએ કહ્યું. ઘનશ્યામરાયની અને કલ્યાણીની નજર મળી અને છૂટી પડી ગઈ...

"સમીર છે?" તારાબહેને પૂછ્યું. સીમાએ ડોકું હલાવીને હા પાડી."લે, તારા વડસાસુ જોડે વાત કર..." સીમાએ

પોતાનો મોબાઈલ તારાબહેનને આપ્યો.

“હાય તારા!” સમીરે કહ્યું.

“હાય.” તારાબહેને કહ્યું. ઘનશ્યામરાય અને કલ્યાણીની આંખો પહોળી થઈ... “ક્યારે આવે છે મને મળવા?”

“આ શનિ-રવી?” સમીરે કહ્યું.

“નક્કી?” તારાબહેને પૂછ્યું.

“પ્રાણ જાય પર વચન ન જાયે...” સમીરે કહ્યું.

“મારી દીકરીને લેતો આવીશ કે નહીં?” તારાબહેને પૂછ્યું.

“એક શરતે...”

“શું શરત?”

“અમારી ઑફિસિયલી સગાઈ કરી નાખવાની...અને લગ્નનું મુર્હૂત જોવડાવવાનું... બોલો, આપો છો વચન?”

રેવતી અને નિયતિ બંને સમીર સામે જોઈ રહ્યા હતા.

“આ કોની સાથે વાત કરે છે?” નિયતિએ પૂછ્યું.

“તારા દાદી જોડે...” ફોન પર હાથ રાખીને સમીરે કહ્યું... રેવતી અને નિયતિ એકબીજા સામે જોઈ રહ્યા...

“ખરો છે આ છોકરો...” રેવતી વિચારી રહી...

“નસીબદાર છે રેવતી...” નિયતિ વિચારી રહી...

તારાબહેને સહેજ વિચાર્યું... પછી, બધાની સામે એક નજર નાંખી...અને પછી સત્તાવાહી અવાજે ટેલિફોનમાં કહ્યું... “આવી જા...તારી સગાઈ કરી નાખીશું...” અને પછી સીમાને પાછો આપ્યો.

“ઘનુ, આવતા રવિવારે રેવતી અને સમીરની સગાઈ છે. બધા સગા-વહાલાને ફોન કરી દે. કલ્યાણી તમે પણ તૈયારી કરવા માંડો...” પછી સીમા સામે જોઈને ઉમેર્યું...“અમારામાં સગાઈ છોકરાવાળાને ત્યાં થાય... અમે આવીશું. રૂપિયો ને નાળિયેર લઈને આવતા રવિવારે...”

સૌ એકબીજા સામે જોઈ રહ્યા. સમીરનો ફોન હજી ચાલુ હતો. તારાબહેનની વાત એણે સાંભળી, ફોન ડિસકનેક્ટ કર્યો અને રસ્તા વચ્ચે રેવતીને ભેટી પડ્યો... એને ઉંચકી લીધી અને ગોળ ગોળ ફેરવી નાંખી...

“આવતા રવિવારે આપણા અડધા લગ્ન છે...” એણે કહ્યું.

“અડધા લગ્ન?” નિયતિએ પૂછ્યું.

“સગાઈ... માય ડિયર સાળી...” સમીરે કહ્યું...

નિયતિ અને રેવતી ફક્ત એકબીજાની સામે જોઈ રહ્યા... વિચારી શકવાની તો એમની કોઈ જ ક્ષમતા જ

નહોતી રહી... આ છોકરાની ઝડપ અને રેવતીને લપેટતા જવાની એની ક્ષમતા ઉપર નિયતિ મુગ્ધ થઈ ગઈ!

*

"સગાઈ કરવી હોય કે નક્કી કરી રાખવું હોય તો વાંધો નથી, પણ લગ્ન દોઢ વરસ પહેલાં નહીં કરતા..." શંભુભાઈએ હજી બપોરે જ કલ્યાણીને કહ્યું હતું... કલ્યાણીના કાનમાં હજી એમના શબ્દો ગૂંજતા હતા...

"જો બેટા... થનારને કોઈ ટાળી શકતું નથી. આપણે પ્રયત્ન એવો કરવાનો કે આપણી દીકરીને ઓછામાં ઓછી તકલીફ પડે... મને આ લગ્ન થાય એવી કોઈ શક્યતા દેખાતી નથી." કલ્યાણીની આંખોમાં એક અજબ પ્રકારનો ખાલીપો હતો... અને સીમાની આંખો સપનાથી તર-બ-તર થઈને છલકાઈ ઉઠી... એ ઉઠીને કલ્યાણીને ભેટી, તારાબહેનના પગે પડી અને સાથે લાવેલા સૂકા મેવા અને મિઠાઈના પેકેટો કલ્યાણીના હાથમાં મૂકી દીધા...

"તાજમાં પાર્ટી રાખીશું." પંકજભાઈએ કહ્યું.

"જેમ તમે ઠીક સમજો તેમ..." ઘનશ્યામરાયે કહ્યું...

કલ્યાણીની આંખો હજીય ભાવિના એ વણઉકેલાયેલા અક્ષર ફંફોસતી હતી...

*

રેવતી અને નિયતિ ઘેલા થઈને રસ્તા પર નાચતા સમીરને જોઈને ખડખડાટ હસી રહી હતી...

*

અઢાર

રેવતી અને નિયતિ ઘેલા થઈને રસ્તા પર નાચતા સમીરને જોઈને ખડખડાટ હસી રહી હતી... રેવતીને સમજાતું નહોતું કે એવા તે એણે ક્યા પુણ્ય કર્યા હતા કે જિંદગી આટલી સરળ, આટલી સુખમય બનીને ગોઠવાઈ રહી હતી એની આજુબાજુ! સીમાબહેને એવું તે શું કહ્યું હશે કે મા-બાપુ અને દાદી સહિત બધા સંમત થઈ ગયા... રેવતીને ખરેખર આશા નહોતી કે આ બધુ આટલી આસાનીથી અને આટલી સરસ રીતે ગોઠવાઈ જશે. તારાબહેને સગાઈની હા પાડીને માત્ર કલ્યાણીબહેન અને ઘનશ્યામરાયના મન પર જ નહીં, રેવતીના મન પરથી પણ બોજ ઘટાડી નાખ્યો હતો. સમીર સાથે ગાળેલી સાંજ પછી રેવતી માટે બહુ અઘરું હતું... એને વારંવાર એવું લાગતું હતું કે ન કરે નારાયણ ને કોઈક કારણસર આ લગ્ન ન થયા તો... પરંતુ, હવે તો મા-બાપ, દાદી અને સમીરના માતા-પિતાના આશીર્વાદ સાથે આવતા રવિવારે સવારે રેવતી અને સમીરની સગાઈ હતી. જે રીતે રેવતી સમીરને ઓળખતી હતી, એ રીતે જોતા એક વાત તો નક્કી હતી કે સમીર લગ્ન માટે બહુ લાંબી રાહ નહોતો જોવાનો... રેવતીને એકવાર વિચાર આવ્યો... "મારું ભણવાનું પૂરું નહીં થાય..."

"સગાઈ કરવી હોય કે નક્કી કરી રાખવું હોય તો વાંધો નથી, પણ લગ્ન દોઢ વરસ પહેલાં નહીં કરતા..." શંભુભાઈએ હજી બપોરે જ કલ્યાણીને કહ્યું હતું... કલ્યાણીના કાનમાં હજી એમના શબ્દો ગૂંજતા હતા...

"જો બેટા... થનારને કોઈ ટાળી શકતું નથી. આપણે પ્રયત્ન એવો કરવાનો કે આપણી દીકરીને ઓછામાં ઓછી તકલીફ પડે... મને આ લગ્ન થાય એવી કોઈ શક્યતા દેખાતી નથી."

કલ્યાણી જ્યારે ઘનશ્યામરાયની ઑફિસમાંથી શંભુભાઈ પાસે ગઈ ત્યારે એમણે કહ્યું હતું... કલ્યાણીને સમજાતું નહોતું કે આમાંથી સાચું શું? સમીર જે રીતે ઉતાવળ કરતો હતો, તારાબહેને જે રીતે રીતે હા પાડી હતી... આ ઘર, આ વર બધું જ સારું હતું... "તો પછી આ લગ્ન ન થવાનું કારણ શું? શું શંભુભાઈ આ વખતે ખોટા પડશે?" કલ્યાણીને વિચાર આવ્યો એની સાથે જ બીજો વિચાર આવ્યો... "ખોટા પડે તો સારું..." પરંતુ કલ્યાણીનું મન ઉંડે ઉંડે જાણતું હતું કે શંભુભાઈની ભવિષ્યવાણી આજ સુધી ખોટી નથી પડી... રવિવારની સગાઈ કલ્યાણીના માથે તલવારની જેમ તોળાઈ રહી હતી... સીમા અને પંકજભાઈના ગયા પછી એણે વિચાર્યું કે ઘનશ્યામરાયને આ વિશે વાત કરવી કે નહીં? પણ...

તારાબહેન અને ઘનશ્યામરાય એટલા ઉત્સાહથી આમંત્રિતોનું લિસ્ટ અને બીજી તૈયારીઓમાં ગૂંથાઈ ગયેલા કે કલ્યાણીને આખીય વાત અસ્થાને લાગી. અત્યારે આ લોકોને શંભુભાઈની ભવિષ્યવાણી કહીને પણ કોઈ ફાયદો નહોતો. કલ્યાણી બહાર પડેલી કોકરી સમેટવામાં અને બીજી વસ્તુઓ ઠેકાણે પાડવામાં લાગી ગઈ. પણ એના મનમાંથી શંભુભાઈએ કહેલી વાત કોઈ રીતે જતી નહોતી...

રેવતીના જન્મ પછી કલ્યાણી જ્યારે પહેલીવાર કુંડળી બતાવવા ગઈ ત્યારે શંભુભાઈએ એને થોડા વખત પછી એકલા આવવાનું કહેલું. ડરતા ડરતા તક જોઈને-પાંચમે મહિને, કલ્યાણી એકલી... શંભુભાઈ પાસે ગઈ...ત્યારે એમણે બંને છોકરીઓની કુંડળી ખોલી.

એમણે કલ્યાણીને કહ્યું,"જો-બેટા, હું રૂપિયા લેતો નથી-એટલે સાચું-મોઢે જ કહું છું!... તારી, આ છોકરી, કલ્યાણી...શું નામ?"

"રેવતી..." કલ્યાણીને થથરતા અવાજે કહ્યું...

"હા-રેવતી...નામ રાશિ પરથી નથી."

"હા-રાશિ તો ન-ય છે... વૃશ્ચિક!"

"હં-તો આ રેવતી-એને સાચવજે!"

"એટલે?" કલ્યાણીનું કાળજું ધકધક કરતું હતું-"ઘાત...??"

"હા-આમ તો ઘાત જ કહેવાય... પણ એના ઉપર નહીં-કુટુંબ પર."

"હેં!"

"કુટુંબના સંસ્કાર પર, કુટુંબની પરંપરા પર, કુળના નામ પર..."

"શંભુભાઈ-ફોડ પાડીને કહો..."

"જો બેટા, જ્યોતિષમાં અમુક વાતો કહેવાનો નિષેધ છે-પણ છતાં, તને કહી રાખું છું કે બાવીસમે વર્ષે આ છોકરી તારાથી દૂર જશે...ભણવા... પણ ભણવાનું પૂરું નહીં કરે-અને, તારા કુટુંબ પર-તારા ઘર પર આફત નોતરશે!"

"કેવી આફત?"

"એ મને નથી ખબર!"

"શંભુભાઈ-"

"કલ્યાણી, બેટા... મેં તને કહ્યું ને, જ્યોતિષી છું હું-ભગવાન નથી!"

"પણ... આનો કોઈ ઉપાય?"

"ઉપાય?" કડવું હસ્યા હતા શંભુભાઈ.

"જ્યોતિષી હોવું એ શાપ છે બેટા, તમે અનિષ્ટ ભાખી તો શકો છો-નિવારી નથી શકતા!!"

"તોય!-કોઈ જાપ-કોઈ મંત્ર-કોઈ ગ્રહની વીંટી..."

"બેટા-બે બધાં મન મનાવવાના ઉપાય છે. સાઇકોલોજિકલ આધાર! ઈશ્વરમાં શ્રદ્ધા રાખ-તેં કોઈનું નથી બગાડ્યું, તો એય તારું બગાડતાં પહેલાં સુધારી લેશે!!"

કલ્યાણી આજે જાણે આ આખીય વાત ફિલમની પટ્ટીની જેમ ફરી એકવાર પોતાની નજર સામે જોતી હતી... અને વિચારતી હતી કે શંભુભાઈની વાત જો સાચી પડશે તો શું થશે...

એક તો નિયતિ ય અહીંયા નહોતી. કલ્યાણી વાત કરે તો ય કોની સાથે? નિયતિ કાલે રાત્રે નીકળીને પરમ દિવસે આવવાની હતી. નિયતિ વિનાનું ઘર આમેય ખાલી લાગતું. એનો અવાજ, એના ખડખડાટ હાસ્યો, એના તોફાનો, ઘરને સતત જીવતું, ધબકતું રાખતા. વળી, એની પ્રેક્ટિકાલિટીના કારણે ઘરની કોઈ પણ સમસ્યા કે મૂંઝવણની વાત એની સાથે આસાનીથી થઈ શકતી. આજે આ ક્ષણે કલ્યાણી નિયતિને ખૂબ મીસ કરી રહી

હતી.

*

બારીની બહાર છેલ્લા દોઢ દિવસથી વરસતો એકધારો વરસાદ જોતો નિલય ઉભો હતો. સુબોધે આવીને એક ધબ્બો લગાવ્યો...

“કેમ આજે કૉલેજ નથી જવું?”

“જોઉં છું... બહુ ઇચ્છા નથી.” નિલયે બારી બહાર જોતા જ જવાબ આપ્યો. “આજે બહુ અગત્યના લેક્ચર્સ નથી અને વરસાદ પણ નથી. થાય છે કે ઘરે જ રહીને વાંચુ.”

“કે પછી આજે કૉલેજ જવાનું કોઈ મોટીવેશન નથી...”

“એટલે?” નિલયે પૂછ્યું.

“ઓહ! મારા ભોળાભાઈને ખબર જ ના પડી. હું જોઉં છું કે શનિવારથી તારો મૂડ બહુ સારો નથી.” સુબોધે મજાક કરતા કહ્યું...

“ના, ના, ભઈ... એ અમદાવાદ જાય એટલે મારો મૂડ થોડો ખરાબ થાય?”

“પણ મેં ક્યાં કહ્યું કે અમદાવાદ ગઈ એટલે તારો મૂડ ખરાબ છે.” ખડખડાટ હસી પડ્યો સુબોધ... “ડોબા, ઓલ સેઈડ એન્ડ ડન. હું તારો મોટોભાઈ છું, સમજ્યો?”

“હા, તે?”

“તે એમ કે તારી ડ્રાઈવર જે દિવસથી ગઈ છે, એ દિવસથી તારો જીવ મુંબઈમાં નથી...”

“એવું નથી યાર... એ રેવતીના કોઈ પ્રોબ્લેમ માટે અરજન્ટલી ગઈ, એટલે મને ચિંતા થઈ.”

“અને પાછો ફોન પણ નથી કર્યો નહીં?” સુબોધના ચહેરા પર એક શરારતી સ્મિત હતું. જેના પર નિલયનું ધ્યાન નહોતું. એણે સાવ અન્યમનસ્ક પણે કહ્યું.

“હા યાર... જોને ત્રણ દિવસ થયા. એક પણ ફોન નથી.” ખડખડાટ હસી પડ્યો સુબોધ...

“ડબ્બા... એમ કહે કે તું મીસ કરે છે, એને...”

“હા તે? કરું જ છું...”

“ગાંડા... તો કેમ કહી દેતો નથી, એને!”

“શું કહું?” નિલયના ચહેરા પર એક અજબ ગંભીરતા, એક અજબ ખાલીપો હતો. “તું નથી ઓળખતો, એને?” એણે સુબોધને પૂછ્યું.

“હા, ઓળખું છું. પણ તને એક વાત કહું? એ તને ચાહે છે...”

"હાસ્તો! એટલે ત્રણ ત્રણ દિવસથી ફોન નથી કર્યો..."

"મને તો એમ કે તું ઇન્ટેલિજન્ટ છે." સુબોધે કહ્યું અને નિલયને ટપલી મારી.

"છોડ યાર..."

બહાર વરસાદ એકધારો ચાલુ હતો. આજે ઘણા દિવસ બંને ભાઈઓ મન ખોલીને વાતો કરતા હતા. સુબોધ અને નિલયનું ખૂબ બનતું... બંને ભાઈઓ ઓછા, અને દોસ્તો વધારે હતા... સુબોધ એની નોકરીમાં બીઝી રહેતો હતો. એટલે ઘણા વખતથી બંને જણા સાથે બેઠા નહોતા. આજે સવાર સવારમાં મમ્મી-પપ્પા બહાર જતા રહ્યા, એમાં બંને ભાઈઓ એકલા પડ્યા... અને આવી વાત કરવાનો સમય મળી ગયો. સુબોધ પણ આજે ઑફિસ જવાના મૂડમાં નહોતો. આમેય આવા વરસાદી વાતાવરણમાં મુંબઈગરાઓ એક-બે રજાઓ પાડી જ નાખતા હોય છે. એ દોડતા-ભાગતા, હાંફતા શહેરમાં વરસાદની મોસમ એક ગજબ રોમેન્સ લઈને આવતી હોય છે... લગાતાર ચાર ચાર પાંચ પાંચ દિવસ સુધી સહેજ પણ ન રોકાતો વરસાદ બહુ બધા લોકોને સહેજ આળસુ, સહેજ પ્રમાદી બનાવી દે છે...

સુબોધ રસોડામાં ગયો. એણે સરસ ગરમાગરમ કૉફી મૂકી. ટ્રેમાં કૉફીના કપ લઈને આવ્યો ત્યાં સુધી નિલય બારીની બહાર જોતો એ જ સ્થિતિમાં ઉભો હતો.

"મારું માન... એ ચાહે છે તને, ખરેખર કહું છું..." સુબોધે નિલયના હાથમાં એક કૉફીનો કપ પકડાવ્યો.

"એમ? તને કહ્યું એણે?"

"અમુક વાતો કહેવી નથી પડતી લિટલ બ્રધર... વંચાય છે, દેખાય છે, અનુભવાય છે..."

"સમજાતું નથી, આ વર્ષે તો એમ.એ. પણ પૂરું થઈ જશે, પછી કયા બહાનાસર મળીશ એને?"

"એટલે જ કહું છું, કહી દે એને..."

"શું કહું? ત્રણ દિવસથી એક ફોન કરવાની તો ફુરસદ નથી. મારી વાત શું સાંભળશે? અને ખરું કહું?!" નિલયનો ચહેરો એકદમ ગંભીર થઈ ગયો. "કદાચ એ ના પાડી દે, તો દોસ્તી ખોવાની તૈયારી નથી મારી..."

"એ ના નહીં પાડે... તારા જેવા છોકરાને કોઈ ના કેવી રીતે પાડી શકે?"

"બસ હવે, શહીદ કરી નાખ મને..." નિલયના ચહેરા પર માંડ સ્મિત આવ્યું. સુબોધ કંઈ કહેવા જાય એ પહેલા જ ફોનની રિંગ વાગી.

"જાઓ, તમારી પ્રિયતમાનો ફોન છે..."

કૉફીનો કપ પાસે પડેલા ટેબલ પર મૂકી નિલય હસતો હસતો ફોન ઉપાડવા ગયો.

"હલો..."

"કેમ ડબા! મીસ કરે છે ને મને?" નિયતિનો રણકતો, ખણખણીત અવાજ ગૂંજી ઉઠ્યો.

"હા, યાર!" નિલયથી કહેવાઈ ગયું. "ક્યારે આવે છે?"

"કાલે રાત્રે નીકળીશ..." નિયતિના અવાજમાં પણ અચાનક એક માર્દવ, એક ભીનાશ ઉમેરાઈ ગઈ.

"આવી જા યાર... નથી ગમતું તારા વિના!" નિલય આજે જાણે નક્કી કરી જ લીધું હતું... ઇસ પાર યા ઉસ પાર...

થોડીક ક્ષણો બંને તરફ ખામોશી છવાઈ ગઈ... નિયતિ અને નિલય બંને એ ખામોશીની એક એક ક્ષણ, એક એક પળ... સમજી શકતા હતા, અનુભવી શકતા હતા...

નિયતિ નિલયની મનઃસ્થિતિ જાણતી હતી. ડાયરી વાંચી હતી એણે. અને નિલય પણ જાણતો હતો કે એ ડાયરી નિયતિ વાંચી ચૂકી છે. આજે નિલયના મનમાં કોણ જાણે કેમ એક અજબ જેવો ખુમાર હતો. સુરુર...

હલકો હલકો નશો... જેમાં, ચારે તરફ નિયતિ હતી અને નિયતિ સિવાય કોઇ નહોતું.

ખાસ્સી ક્ષણોની ચૂપકિદી પછી નિયતિએ મૌનને એક હળવો ધક્કો મારીને તોડી નાખ્યું...

"રેવતીની સગાઈ નક્કી થઈ છે."

"અરે વાહ! કોની સાથે?"

"સમીર મહેતા, મુંબઈનો છે. રેવતીની સાથે ભણે છે આઈ. આઈ. એમ. માં"

"અંહ!" નિલયે ઉદ્‌ગાર કર્યો. "તો આજ વાત કરવા બોલાવી હતી તને..."

"હા એવું કહેવાય." નિયતિએ કહ્યું. "આવતા રવિવારે સગાઈ છે."

"સરસ." નિલયે કહ્યું, પછી કંઈક વિચારીને ઉમેર્યું "તારે નથી પરણવાનું?"

"પરણવું છે ને..." નિયતિએ પણ આજે નિલયને છૂટ આપવા માંડી હતી... પોતાના મનના દરવાજા ખુલ્લા મૂક્યા હતા. આમંત્રણ નહોતું આપ્યું, પણ... જે દિવાલ પોતાની આસપાસ એ હંમેશા ચણી રાખતી. એમાંની ડોકાબારીઓ આજે એણે નિલય માટે ખોલી હતી... અને નિલય પણ અભાનપણે કે સભાન પણે નિયતિના મનના એ અજ્ઞાત વિસ્તારમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

"ચલ બૉસ, તારો રોમેન્સ લાંબો ચાલશે... હું નીકળું..." સુબોધે આવીને નિલયને કહ્યું. નિલયે હાથથી આવજો કર્યું. સુબોધે નિલયના ખભે હાથ મૂકીને કહ્યું, "કહી નાખજે આજે... ટેલિફોન પર તને મારી નહીં શકે..." પછી હસતા હસતા ઉમેર્યું... "રશ્મે દુનિયા ભી હૈ, મોકા ભી હૈ, દસ્તૂર ભી હૈ..." અને હસતો હસતો નિલયના માથે ટપલી મારીને નીકળી ગયો...

હવે નિલય એકલો હતો, આખા ઘરમાં! અને સામે છેડે નિયતિ... નિલયે કોણ જાણે કેમ, નક્કી કરી લીધું કે આજે એ પોતાના મનની વાત નિયતિને કહી દેશે...

"ડબા, ક્યાં ખોવાઈ ગયો?"

"વિચારું છું..."

"શું?" નિયતિએ પૂછ્યું.

"એ જ કે તારી સાથે પરણનારો કોણ હશે?"

"કેમ? હું એટલી બધી ખરાબ છું?"

"ના, તું એટલી સારી છે..." નિલયનો અવાજ તર-બ-તર થઈ ગયો.

"નિયતિ, તને કંઈ પૂછું?"

"અ...હા... પૂછ..." નિયતિનું હૃદય ગળામાં આવી ગયું. ધક્ ધક્ થવા માંડ્યું. કોણ જાણે કેમ આજે જિંદગીમાં પહેલીવાર નિયતિનું રોમ રોમ શ્વાસ લઈ રહ્યું હતું. એની આંખોમાં, એના હોઠ પર, એના હૃદયમાં એક અજાણ પ્રતીક્ષા આવીને ગોઠવાઈ ગઈ...

"ખોટું તો નહીં લગાડે ને?" નિલયે પૂછ્યું... "રિસાઈ નહીં જાતી હોં મારી સાથે..."

"નહીં રિસાઉં..."

"તા. 14 ઑગસ્ટ.

ઈન્ડિપેન્ડેન્ટ્સ ડેની પાર્ટીમં આજે એ અદ્‌ભુત લાગતી હતી. કેસરી શર્ટ-સફેદ સ્કાર્ફ ને ગ્રીન સ્કર્ટ...

ક્યારેક 'એને' અડકવાનું-એની નજીક જવાનું મન થઈ જાય છે...

પણ, ડર લાગે છે-

'એ' મારી જિંદગી છે-અને જો જિંદગી મારાથી રિસાય તો?

રાત્રે બે વાગે એને ઉતારવા ગયો ત્યારે મારી બાજુની સીટમાં ઘસઘસાટ ઊંઘતી હતી-બાળક જેવી નિર્દોષ-મને એક નાનકડી પપ્પી કરવાનું મન થયું..."

નિલયની ડાયરીમાં લખાયેલા એ શબ્દો નિયતિને હોન્ટ કરી રહ્યા... એને પ્રતીક્ષા હતી, નિલયના શબ્દોની!

"નહીં રિસાઉં" એણે ફરી કહ્યું.

"જો નિયતિ, મને ગોળ ગોળ વાત કરતા નથી આવડતી... તને મારે એક સવાલ પૂછવો છે..."

"પૂછ."

"હું તારે માટે એક દોસ્ત છું, કે દોસ્તથી વધારે કંઈ?"

"શું જાણવું છે તારે?" નિયતિના અવાજમાં કોણ જાણે ક્યાંથી એક નખશિખ શરમાળ સ્ત્રી આવીને બેસી ગઈ...

"મારે?" નિલયે પૂછ્યું. "મારે તો ઘણું જાણવું છે. પણ હમણાં મને આટલી જ વાતનો જવાબ આપ..."

નિયતિએ ખાસ્સી ક્ષણોની ચૂપકિદી પછી માંડ જવાબ આપ્યો...

"મેં તારી ડાયરી વાંચી છે..."

"જાણું છું..."

"તો?"

"તો?!!"

"શું ઇચ્છે છે?" નિયતિનો અવાજ કોઈ એક કોમળ ધ્રુજારીથી કંપતો હતો. એ જાણતી હતી કે આ ક્ષણ એના આખા ય જીવનની દિશા બદલી નાંખનારી ક્ષણ સાબિત થવાની છે.

"તને... તને ઇચ્છું છું... તને ઝંખુ છું... તને ચાહુ છું. પરણીશ મને?" નિલયે સીધી સાદી ભાષામાં સરળ સવાલ પૂછી નાખ્યો.

"હેં?" નિયતિ પાસે જવાબ નહોતો, કદાચ!

"જવાબ આપ મને." નિલયે તકાદો કર્યો.

"હા" નિયતિએ કહ્યું. "તને નહીં પરણું તો કોને પરણીશ? બીજો કોઈ બબૂચક છે નવરો?"

"નવરો મરાઠીમાં કે ગુજરાતીમાં?" નિલયે પૂછ્યું અને બંને ખડખડાટ હસી પડ્યા... "આવી રીતે કોઈ છોકરાએ કોઈ છોકરીને પ્રપોઝ નહીં કર્યું હોય, નહીં?"

"એના કરતા એમ કહે કે આટલી ઇન્સ્ટન્ટલી, આટલી ઝડપથી દુનિયાની કોઈ છોકરીએ હા નહીં પાડી હોય."

"તે ક્યાંથી પાડે? બીજી કોઈ છોકરી પાસે તો ચોઈસ હોય ને..."

"એટલે?" નિયતિએ નિલયને પૂછ્યું.

"એટલે અહીં આવ, પછી બતાવીશ." નિલયે કહ્યું. "રવિવારે સગાઈ કરવી છે તારે?"

"એટલે શું?"

"એટલે એમ કે જો તારે પણ રવિવારે સગાઈ કરવી હોય તો મારા મા-બાપને મોકલુ તારા ઘેર..."

"જાને...મને કહેતા તો પાંચ વરસ લાગ્યા. હવે મા-બાપને કહેતા બીજા પાંચ લગાડજે... ત્યાં સુધીમાં મારો દીકરો બે-ત્રણ વરસનો થઈ જશે..."

"એટલે? આપણે લગ્ન પહેલા બાળકો જોઈએ છે?"

"શટઅપ" નિયતિએ કહ્યું.

"સારું સારું... એસ.ટી.ડી. પર પૈસા ન બગાડ. જલદી પાછી આવ." નિલયે કહ્યું. ગુડબાય અને મીસ યુની આપ-લે પછી ફોન મૂકાયો ત્યારે નિલયના હોશ ઉડી ગયા...

નિલયે ફોન મૂકીને ફરીને જોયું તો મિ. એન્ડ મિસીસ પરીખ, નિલયના માતા-પિતા નિલયની સામે જોઈને હસી રહ્યા હતા.

“જઈ આવીએ નિયતિને ત્યાં?” નિલયની મમ્મીએ પૂછ્યું. નિલયનો આઘાત ઉતરે એ પહેલા નિલયના પપ્પા ઉભા થયા, નિલય પાસે જઈ માથે હાથ મૂક્યો.

“ગુડ ગર્લ... આઈ લક હર. મંગળા... નિયતિના મમ્મીને ફોન કરો. આજે સાંજે જ આપણે એના ઘેર જઈએ છીએ...”

“આજે જ!” નિલયની આંખો ફાટી ગઈ હતી.

“હા, આજે જ. સુબોધનું તો ઠેકાણું નથી, કમ સે કમ એક વહુ તો સમયસર ઘેર લઈ આવું...” નિલયની મમ્મીએ કહ્યું અને પોતાની બાજુમાં પડેલો કોડલેસ ફોન ઉપાડી નિલયને પૂછ્યું... “બોલ નંબર બોલ...”

*

મંગળાબહેન સાથે વાતચીત કર્યા પછી નિયતિના મમ્મી કલ્યાણીબહેનની ખુશીનું કોઈ માપ નહોતું... એમને નિલય હંમેશા ગમતો... નિયતિના બધા હા હા, હી હી કરતા દોસ્તોમાંથી એક નિલય જ કલ્યાણીબહેનને ગમતો... પ્રોફેસર પિતા, ભણેલી-ગણેલી મા અને સંસ્કારી ખાનદાનનો આ છોકરો, કલ્યાણીબહેનની નજરમાં ક્યારનો ય હતો. પણ... છન છન કરતી એમની ગાંડી દીકરીને કોઈ પણ કંઈ પૂછે કેવી રીતે?

આજે મંગળાબહેનનો ફોન આવ્યો ત્યારે કલ્યાણીબહેનને લાગ્યું કે ઇશ્વરે એમની પ્રાર્થના સાંભળી છે, અને એમની દીકરી માટે એમને જેવા જોઈતા હતા એવા જ જમાઈ મોકલી આપ્યા...

દેવના દીકરા જેવો સમીર અને આટલો સમજદાર નિલય...

કલ્યાણીબહેન ગદ્‌ગદ્ થઈને દેવમંદિર પાસે જઈને ઉભા રહ્યા... એમણે અનાયાસે હાથ જોડ્યા અને આંખો મીંચી દીધી.

“હે ઇશ્વર, આ સુખ તેં આપ્યું છે... હવે અમ્મર થઈને રહે, એટલું કરજે મારા વહાલા...” કલ્યાણીબહેનની આંખમાંથી આંસુની ધાર નીકળી ગઈ. હર્ષના, સુખના, સંતોષના આંસુ હતા એ!

આમ અચાનક કલ્યાણીબહેનને દેવમંદિર પાસે ઉભેલા જોઈ તારાબહેન નજીક આવ્યા.

“શું વાત છે કલ્યાણી? કેમ અહીં ઉભી છે અટાણે?” કલ્યાણીએ ઠાકોરજી સામે ચાંદીની વાટકીમાં મૂકેલો પેંડો ઉપાડ્યો અને તારાબહેનના મોંઢા સામે ધર્યો...

“બા... નિયતિ માટે પ્રોફેસર પરીખને ત્યાંથી માંગુ આવ્યું છે...”

“કોણ? પેલો નિલય?” તારાબહેને પૂછ્યું...

“હા બા.”

“વિચાર નહીં કરતી... હા જ પાડી દે. આવો છોકરો આપણી ઘનચક્કર છોકરી માટે નહીં મળે...”

“હા બા.” કલ્યાણીએ કહ્યું. તારાબહેને મોંઢુ ખોલ્યું. કલ્યાણીએ એમને પેંડો ખવડાવ્યો અને પછી ધીમે રહીને ઉમેર્યું... “એ લોકો પણ આ રવિવારે સગાઈ કરવાનું કહે છે. શું કરીએ?”

“એમણે ના કહ્યું હોત તો મેં કહ્યું હોત... તારી ગાંડીનો ભરોસો છે કંઈ? આજે હા કહે છે ને કાલે ના પાડી દે... એના કરતાં વહેલામાં વહેલી તકે... બેયનો પ્રસંગ ઉકેલી નાખ...”

“બા...!”

“ફોન લગાડ ઘનુને... ને કહે એને કે બબ્બે લક્ષ્મીએ પોતાના ઠેકાણા ગોતી લીધા છે. તારાથી નસીબદાર બાપ વળી બીજો કયો હશે? દીકરીના બાપને ઠેકાણે શોધતા જૂતા ઘસી નાખવા પડે... સ્વમાન કોરે મૂકવું પડે. પણ, તારી દીકરીઓએ તો તારું માથું ઉંચું રહે એવું કર્યું છે... બેય જણીઓ પોતાની મેળે એવા ઘર ગોતી લાવી, જે કદાચ તું ય ના ગોતી શકત, કહે એને... લગાડ ફોન...” તારાબહેન હજી બોલતા હતા... પણ કલ્યાણીના કાનમાં શંભુભાઈની વાણી ગૂંજતી હતી...

“જો બેટા... થનારને કોઈ ટાળી શકતું નથી. આપણે પ્રયત્ન એવો કરવાનો કે આપણી દીકરીને ઓછામાં ઓછી તકલીફ પડે... મને આ લગ્ન થાય એવી કોઈ શક્યતા દેખાતી નથી.”

*

ઓગણીસ

સુજય રવિવારે સાંજે રેવતી બનીને ગયેલી નિયતિને ઉતારીને હૉસ્ટેલ પર પહોંચ્યો ત્યારે અશ્વિન પટેલ અને ટોળું હોસ્ટેલના કમ્પાઉન્ડમાં અડિંગો જમાવીને બેઠા હતા... સુજયે આવીને ગાડી પાર્ક કરી કે તરત એ લોકોએ ગાવા માંડ્યું...

"ના ના કરતે પ્યાર તુમ હી સે કર બેઠે... કરના થા ઈનકાર, મગર ઇકરાર તુમ હી સે કર બૈઠે..."

સુજય અન્યમનસ્ક જેવો ગાડી લોક કરીને એ લોકો તરફ ધ્યાન પણ આપ્યા વિના ત્યાંથી નીકળ્યો. અશ્વિને એને બૂમ પાડીને ઉભો રાખ્યો...

"એ સુજલા... સીધે સીધો ક્યાં જાય છે? આંખ છે કોડા? અમે દેખાતા નથી?" સુજય ત્યાં આવીને ઉભો રહ્યો. એણે અશ્વિનના હાથમાં ચાવી આપી અને કહ્યું.

"થેંક્સ યાર."

"શું થયું?" અશ્વિને પૂછ્યું. સુજયનો ચહેરો, એની ચાલ, એનું અન્યમનસ્કપણું ચાડી ખાતું હતું કે બધુ બરાબર નથી. અશ્વિને સુજયના ખભા પર હાથ મૂક્યો.

"વોટ હેપન્ડ યાર?"

"ના પાડી?" રવિએ પૂછ્યું.

"નોટ રિયલી..." સુજયે કહ્યું. "એ આવી જ નહીં."

"એટલે?" અશ્વિને પૂછ્યું.

"લાંબી વાર્તા છે." સુજયે કહ્યું. "પછી ક્યારેક. આઈ થીંક મારે થોડીવાર એકલા રહેવું છે." કહીને સુજય પોતાના રૂમ તરફ આગળ વધી ગયો. ઘડીભર પહેલા સખત તોફાની મૂડમાં તાળીઓ પાડતા અને ગીતો ગાતા ટોળાને પણ સુજયની ઉદાસીનો જાણે ચેપ લાગ્યો. ત્યાં પણ એક અજબ બેચેન ખામોશી છવાઈ ગઈ... સૌ એકબીજાની સામે જોઈ રહ્યા...

સુજય પોતાના રૂમમાં ગયો. અરીસા સામે જોઈને ઉભો રહ્યો. પોતાના પ્રતિબિંબની આંખમાં આંખ નાખી ઘડીભર જોતો રહ્યો અને પછી ખડખડાટ હસી પડ્યો. હસતો રહ્યો... હસતો રહ્યો... હસતો રહ્યો.

...અને એની આંખમાં પાણી આવી ગયા...

"શું વાંક હતો મારો? શા માટે મારી સાથે આવું થયું? કેમ? કેમ? રેવતી... રેવતી... આઈ કાન્ટ લિવ વિધાઉટ યુ... કેમ જીવીશ હું તારા વિના..." કોણ જાણે આ અને આવું કેટલુંય અસમબ્ધ બોલતો રહ્યો સુજય... પછી થાકીને બેડમાં સૂતો. આંખો બંધ કરી દીધી. બંધ આંખોના બંને ખૂણેથી આંસુની ધાર નીકળીને એના કાન પાસે થઈને ઓશિકાને ભીંજવતી રહી, ક્યાંય સુધી...

*

નિયતિ ફોન ડિસકનેક્ટ કરીને જ્યારે અંદર આવી ત્યારે રેવતી બેસીને કશું લખી રહી હતી. નિયતિએ રેવતીને ફોન પાછો આપ્યો.

"લે, તારો ફોન."

રેવતીએ ફોન લીધો અને નિયતિ સામે જોયું. એને નિયતિ અચાનક જ જાણે બદલાયેલી લાગી. એને લાગ્યું કે નિયતિમાં ધરમૂળથી ફેરફારો થયા છે. એની આંખોમાં અચાનક જાણે સપના અંજાઈ ગયા છે...

"શું થયું?" રેવતીએ પૂછ્યું.

"ક.ક...ક...કંઈ નહીં." નિયતિએ કહ્યું.

"અચ્છાઆઆઆ..." રેવતીએ કહ્યું. "કહેવું છે કે નહીં મને? બાકી મને સો રસ્તા આવડે છે પૂછવાના..."

"શું પૂછીશ?"

"એ જ કે થયું શું?"

"શું કામ કહું?" નિયતિએ મજાક કરી.

"ટૂંકમાં તે હા પાડી કે ના?" રેવતીએ પૂછ્યું. એક દિલધડક શરારતી સ્મિત સાથે...

"તને? તને કોણે કહ્યું?" નિયતિએ પૂછ્યું.

રેવતીએ કહ્યું "કોઈએ નહીં. હું પણ થોડી ઘણી બુદ્ધિ ધરાવું છું. તું જે રીતે પેલા નિલયડા સાથે વાત કરતી હતી, અને જે રીતે તારો ચહેરો લાલ થતો હતો એ પછી મને સમજણ ન પડે એમ તું માને છે?"

"લુચ્ચી..." નિયતિએ કહ્યું અને રેવતીને વળગી પડી. "હી લવઝ મી. હી પ્રપોઝડ..."

"તે શું કહ્યું?"

"હા પાડી."

"જીવનમાં પહેલું અક્કલનું કામ કર્યું." રેવતીએ કહ્યું.

"ચલ હઠ." નિયતિએ કહ્યું અને રેવતીને મારવા દોડી... બે જણા રૂમમાં ગોળ ગોળ દોડતા હતા ત્યાં જ રૂમનો દરવાજો ખૂલ્યો અને દરવાજો ખોલીને દાખલ થયેલા સમીર સાથે નિયતિ ભટકાઈ. નિયતિ બેલેન્સ સાચવવા ગઈ, એમાં એના હાથ સમીરના ગળામાં લપેટાઈ ગયા... પોતાનું અને નિયતિનું બેલેન્સ સાચવવા ગયેલો સમીર પડ્યો, સાથે નિયતિ પણ પડી... અને રેવતી દૂર ઉભી ઉભી ખડખડાટ હસતી રહી...

"શેની ટોમ એન્ડ જેરીની રમત રમો છો, આ ઉંમરે?" સમીરે ઉભા થતાં રેવતીને પૂછ્યું. સમીરનો ચહેરો, એક દિવસની વધેલી દાઢી અને દાઢીમાં પડતા ખંજન સાથે અત્યંત સોહામણો લાગતો હતો. સ્કાય બ્લયુ રંગના શર્ટ સાથે એની આંખોનો રંગ જાણે મેચ કરતો હતો! એના પરફ્યુમની સુગંધ આખા કમરામાં ફેલાઈ ગઈ હતી... "સુધરી જા... સુધરી જા. કાલે ઉઠીને તારે માટે છોકરો જોવા જઈશું, તો શું કહીશું, હજી પકડ-દાવ રમે છે?" એણે નિયતિનો કાન પકડ્યો...

"આઆઆ..." નિયતિએ ચીસ પાડી.

"એવી જરૂરત જ નહીં પડે... એણે છોકરો પસંદ કરી લીધો..." રેવતીએ કહ્યું.

"શું વાત કરે છે? શું નામ?" એણે નિયતિ સામે જોઈને પૂછ્યું.

"નિયતિ" નિયતિએ કહ્યું.

"ડોબી તારું નહીં, છોકરાનું!"

"નિલય" રેવતીએ કહ્યું. "બહુ સરસ છોકરો છે, નિયતિના પ્રોફેસરનો છોકરો છે, ખૂબ સમજદાર અને પ્રેમાળ છોકરો છે. અમે એને અને એના કુટુંબને વરસોથી જાણીએ છીએ... આઈ લાઈક હીમ... વેરી મચ!"

"એય..." સમીરે રેવતીનો હાથ પકડ્યો. "મારા સિવાય તને કોઈ ગમે કેવી રીતે?" સમીર રેવતીની નજીક આવી ગયો. એની કથ્થઈ બ્લ્યુ આંખોમાં એક ગજબનો નશો તરવરી રહ્યો...

"અને, મારા સિવાય કોઈને નિલય ગમે તો ખરો..." નિયતિએ સમીર સાથે હાથ મિલાવ્યા...

"સાળીસાહેબા આ તમારી ટિકીટ." સમીરે નિયતિના હાથમાં ટિકીટ આપી.

"થેંક્સ." નિયતિએ કહ્યું. "એટલે મને ભગાડવાનો ઇરાદો પાક્કો, એમ ને?"

"હાસ્તો. તમે જશો તો થોડી ઘણી અમારી સગાઈની તૈયારી થશે. અમે તો શનિવારે સવારે પહોંચીશું." સમીરે કહ્યું. "જો જે હોં... ગરબડ ના થવી જોઈએ. લોર્ડ સમીર મહેતાને પ્રોબ્લેમ પસંદ નથી..."

"ચલ ચલ..." નિયતિએ કહ્યું. "હું કંઈ નોકર છું? અને કોને ખબર રવિવારે કદાચ મારી પણ સગાઈ હોય..." નિયતિ આ બોલી, ત્યારે એને ખબર નહોતી કે આ વાત ઉપર ઇશ્વરનું તથાસ્તુ લખાઈ ચૂક્યું હતું...

*

ઘનશ્યામરાય અને કલ્યાણીને મળીને પાછા આવતા પંકજભાઈ અને સીમા એક અક્ષર પણ બોલ્યા વિના ઘરનો રસ્તો કાપી રહ્યા હતા. આટલો આનંદ પ્રસંગ હોવા છતાં એ બંને વચ્ચે એક અજબ ચૂપકિદી, એક અજબ બોજ હતો... બંનેના ચહેરા જાણે કોઈ ભૂતકાળની ઘટનાને વાગોળતા વાગોળતા ઉદ્વિગ્ન થઈ ગયા હતા. સીમા ઇચ્છતી હતી કે પંકજભાઈ એ વિસારે પડી ગયેલી વાત વિશે એક અક્ષર પણ ન ઉચ્ચારે... જ્યારે પંકજભાઈ ઇચ્છતા હતા કે એ પોતાના મનમાં ચાલી રહેલી ગડમથલ સીમાને કહીને શાંત થઈ જાય...

પંકજભાઈ મોકો શોધી રહ્યા હતા વાત કરવાનો અને સીમા મોકો ટાળી રહી હતી. એ વાત ન નીકળે એવા તમામ પ્રયત્નો કરી રહી હતી...

"આવતી કાલથી ત્રણ-ચાર દિવસ હું જરા બીઝી રહીશ." સીમાએ કહ્યું.

"યા, આઈ નો." પંકજભાઈએ કહ્યું.

"હવે કાર્ડ છપાવવાનો તો સમય નથી. બધાને ફોનથી જ ઇનવાઈટ કરી દઈશું... તમે કાલે ને કાલે જઈને તાજનો ક્રિસ્ટલરૂમ બુક કરાવી આવજો. બાકી હું જોઈ લઈશ. મેનુ વગેરે પછી નક્કી કરીશું. અને હા, બહુ

બિઝનેસ એસોસિયેટ ભેગા ના કરશો... એમની પાર્ટી પછીથી રાખીશું. આ ઘરનો પ્રસંગ છે. એટલે ઘરની જેમજ ઉજવાવો જોઈએ... અને હા, રેવતીની સાડી વગેરે તો હું લઈ આવીશ... તમે ત્રિભોવન ભીમજીમાં ફોન કરી દે જો... સગાઈની વીંટી છોકરાઓ શનિવારે પસંદ કરશે..."

આ બધી દુન્યવી ક્ષુલ્લક વાતચીત પાછળ સીમાનો કોઈ એક ઇરાદો હોય તો એ પેલી અણગમતી ચર્ચા રોકવાનો છે.

"સીમા, મારે તારી સાથે એક અગત્યની વાત કરવી છે." પંકજભાઈના અવાજમાં રહેલી ગંભીરતા સીમાએ ઓળખી લીધી. એનું કાળજું ધક્ ધક્ કરવા લાગ્યું. જે વાત એણે છેલ્લા અઢી દાયકાથી પોતાની છાતીમાં દબાવી દીધી હતી એ વાત આજે ફરી નીકળવાની હતી... એ ઇચ્છતી હતી કે પંકજભાઈ એ વિશે કોઈ ચર્ચા ન કરે, પણ સાથે સાથે પંકજભાઈને પણ ઓળખતી હતી... અને એટલે જાણતી હતી કે એ વાત કર્યા વિના નહીં રહે...

સીમાએ પોતાની મોટી પાણીદાર આંખો પંકજભાઈ તરફ ફેરવી.

"બોલો." એની આંખોમાં ઝળઝળિયાં હતા.

"જો સીમા, વાત ટાળવાથી વાત ટળશે નહીં." પંકજભાઈએ સીમાના હાથ પર પોતાનો હાથ મૂક્યો... "સમજે છે ને તું?" એમણે પૂછ્યું.

"હા. સમજું છું." સીમાએ જવાબ આપ્યો. બહુ અન્યમનસ્ક અને ઠ્ડો જવાબ હતો એ... પરંતુ, એ જાણતી હતી કે એનાથી પંકજભાઈને બહુ ફેર નહીં પડે.

"સીમા, તને નથી લાગતું કે આપણે એમને કહી દેવું જોઈએ?" પંકજભાઈએ પૂછ્યું, સીમાની આંખોમાં જોઈને!

સીમાને એ નજર વાગી ગઈ... એણે આંખોમાં આવેલા આંસુ લૂછી નાખ્યા.

"એનાથી શું થશે? કોઈ ફાયદો થશે? કોઈ ફેર પડશે? કહો ને મને..." સીમાના અવાજમાં ભારોભાર દુઃખ અને ગુસ્સો હતા.

"એમને પછીથી ખબર પડે તો? કેવું લાગે? આપણે એમને છેતર્યા, એવું લાગે..." પંકજભાઈના અવાજમાં પણ દુઃખ હતું, પણ સચ્ચાઈનો એક રણકો પણ હતો જે સીમાને સ્પર્શી ગયો...

એણે પંકજભાઈનો હાથ પકડીને પોતાના બંને હાથમાં લીધો અને પછી એમની સામે જોયું.

"કેવી રીતે ખબર પડશે? આપણા સિવાય કોણ જાણે છે?"

"એટલે? નહીં કહેવાનું? સીમા, તને નથી લાગતું કે આપણે..."

"ના, મને કંઈ નથી લાગતું..." સીમાના અવાજમાં અચાનક જ તીવ્રતા આવી ગઈ. એણે પંકજભાઈની વાત વચ્ચેથી કાપી નાખી... "મને કંઈ નથી લાગતું... મને એક જ વાત લાગે છે, અને એ વાત એ છે કે અત્યારે સુખના પ્રસંગે ફાલતુ વાતો કરીને બધાનો મૂડ ખરાબ કરી નાખીશું. જે વાત ન કહેવાથી કોઈ ફરક નથી પડવાનો, એ વાત કહેવાનો આગ્રહ તમને શું કામ છે? એ મને નથી સમજાતું... શા માટે મારા સુખની આડે

આવો છો?"

"સીમા... તને એવો ભય તો નથી ને... કે સાચી વાત જાણ્યા પછી એ લોકો સગાઈ તોડી નાખશે?"

"શા માટે ગમે તેમ બોલો છો? પ્લીઝ, આ વાત અહીં જ પૂરી કરો. મારે કોઈને કંઈ નથી કહેવું... અને તમે પણ, સમીરના સાસરાવાળામાંથી કોઈને પણ આ વાત કરી છે, તો તમને મારા સોગંદ..."

"સીમા!" પંકજભાઈના અવાજમાં ભારોભાર ખેદ હતો. સીમા એ ખેદને સાંભળીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી... ગાડીમાં શરૂ થયેલું એ રૂદન અડધી રાત સુધી ચાલ્યું. પંકજભાઈએ બહુ સમજાવી, બહુ મનાવી, પણ સીમાનું રૂદન કેમે ય અટકતું નહોતું... છેવટે, પંકજભાઈએ સમીરનો મોબાઈલ જોડ્યો.

ઘરનો નંબર જોઈને સમીરે ઘડિયાળ જોઈ. "અત્યારે?" એના મનમાં વિચાર આવ્યો... "હાય મોમ!" એણે ફોન ઉપાડીને કહ્યું...

"બેટા... તારી મા સાંજથી રડે છે." પંકજભાઈએ કહ્યું.

"અરે! શું થયું?" સમીરના અવાજમાં ચિંતા આવી ગઈ. "બધું બરાબર તો છે ને?"

"કોને ખબર? લે તું વાત કર." પંકજભાઈએ સીમાને ફોન આપ્યો.

"હલો..." રડમસ અવાજે સીમાએ ફોન ઉપાડ્યો.

"હલો" એટલા જ રડમસ અવાજે ચાળા પાડ્યા. "જાનેમન, જાનેબહાર, ગુલે ગુલઝાર, મેરા પ્યાર... બાર બાર લગાતાર... મારી કોયલ કેમ રડે છે?" સમીરે કહ્યું. સમીરનો અવાજ સાંભળીને માંડ માંડ ઘટેલી રૂદનની તીવ્રતા ફરી વધી ગઈ. સીમા હિબકા ભરીને રડવા માંડી...

"મા..." હવે સમીરના અવાજમાં ગંભીરતા હતી. "શું થયું છે મા? તને રેવતી નથી ગમી? એના સાસરાવાળાએ કંઈ કહ્યું? તારી આંખોમાં આંસુ લાવે એવી છોકરી સાથે મારે નથી પરણવું..." સમીરે કહ્યું. "મોમ, ડોન્ટ ક્રાય... પ્લીઝ... ડોન્ટ ક્રાય..." સીમા હજી રડી રહી હતી. "હવે તું રડે તો તને મારા સોગંદ છે..." સમીરે કહ્યું અને સીમાએ અચાનક ડૂસકું રોકી લીધું.

"નહીં રડુ બેટા..."

"ધેટ્સ લાઈક અ ગુડ મોમ!" સમીરે કહ્યું. "હવે મને કહે, તને શું થયું?"

"ખબર નહીં... મારા દીકરાના પ્રેમમાં ભાગીદાર થઈને કોઈ છોકરી આવે છે, એ વિચાર રડાવી ગયો મને, કદાચ..." સીમાએ કહ્યું. "બેટા. ગઈ કાલ સુધી ડાયપર પહેરતો, તોતડું બોલતો, ઘૂંટણિયે ચાલતો મારો દીકરો... આજે પરણી જશે... એ વિચારે મારું હૈયું ભરાઈ આવ્યું..."

"મોમ! યુ આર ટુ ઇમોશનલ..." સમીરે કહ્યું. "બહુ લાગણીશીલ છે તું..."

"જેવી છું એવી... તારી મા છું..."

"તે તો છે જ ને... તારા સિવાય કોની કૂખે જનમી શકે આવું વર્તન..." સમીર બોલ્યો અને સીમાનું માંડ

રોકાયેલું રૂદન ફરી એકવાર છૂટી પડ્યું... કેટલીય લાડ અને મળામણા પછી સીમા માંડ શાંત થઈ. સમીરે ફોન મૂક્યો ત્યારે રાતના અઢી વાગ્યા હતા...

*

પોતાના રૂમના પલંગ પર ખુલ્લી આંખે જાગતો પડેલો સુજય વિચારી રહ્યો હતો. "રેવતીએ લીધુ હશે એ પેન્ડેન્ટ? પહેર્યું હશે એ પેન્ડેન્ટ? કેવું લાગતું હશે એની સુરાહીદાર ગરદન પર... પેલા ત્રણ તલના ઝૂમખાંને જ્યારે અડતું હશે એ પેન્ડેન્ટ ત્યારે..." એ ઝટકા સાથે ઉભો થયો અને બહાર રૂમની સાથે જોડાયેલી એક નાનકડલી ગેલેરીમાં આવ્યો. બફારો ભયાનક હતો. આજે આખો દિવસ વરસાદ નહોતો પડ્યો. કોઈ પણ ક્ષણે વરસાદ તૂટી પડે એવી સંભાવના હતી. આકાશમાં એકેય તારો કે ચાંદો દેખાતો નહોતો... સુજયે આકાશ તરફ જોયું અને ઇશ્વરને પૂછ્યું...

"મેં તો ક્યારેય કોઈનુંય નથી બગાડ્યું... મારી સાથે કેમ આવું થયું? મેં ક્યારેય તારી પાસે કંઈ નથી માંગ્યું... પહેલીવાર તારી પાસે માંગ્યું અને તે મારી સાથે આવું કેમ કર્યું..."

સુજયનો ઇશ્વર સાથેનો આ સંવાદ કેટલી વાર ચાલ્યો, એની સુજયને પોતાને નહોતી ખબર... પણ, અચાનક તૂટી પડેલા ધોધમાર વરસાદે સુજયને જાણે જવાબ આપી દીધો...

"સમયથી પહેલા અને નસીબથી વધારે કોઈને, ક્યારેય કશું નથી મળતું..." વિધાતાની ગતિવિધિથી અજાણ સુજય, ગેલેરીમાં ઉભો ઉભો ધોધમાર પડતા વરસાદને જોઈ રહ્યો હતો અને વિચારી રહ્યો હતો કે "નસીબ એકવાર લખાયા પછી બદલાતું હશે ખરું?"

સુજય આવા આવા વિચારો કરતો કંટાળીને ક્યારે સૂઈ ગયો, એની એને પોતાને ખબર ના પડી... પણ સવારે એનો ફોન જોર જોરથી વાગી રહ્યો હતો. સુજયે દોડીને મોબાઈલ ઉપાડ્યો...

"હલો..." સુજયે કહ્યું... સાથે જ એણે પોતાના રાઈટિંગ ટેબલ પર પડેલી ઘડિયાળ જોઈ, પોણા દસ થયા હતા. "હલો" એણે ફરી કહ્યું.

"હલો..." સામે નિયતિ હતી...

"ઓહ હાય!" સુજયે કહ્યું.

"હાય..." નિયતિએ કહ્યું... પછી ખાસ્સી ક્ષણો પછી શું વાત કરવી, એ બંનેમાંથી કોઈને ન સૂઝયું... ધીમે રહીને નિયતિએ કહ્યું...

"પેલું પેન્ડેન્ટ મેં રેવતીને આપ્યું છે. એણે પહેર્યું છે... અને જાણે છે કે એ તે આપ્યું છે..."

"પણ શું કામ?" સુજયે કહ્યું.

"કારણ કે તારી એટલી લાગણી એના સુધી પહોંચાડવી એ મારી ફરજ હતી. દોસ્ત છું તારી, એટલું તો કરું ને?" નિયતિએ કહ્યું. "હું આજે જાઉં છું... આવતા રવિવારે રેવતીની સગાઈ છે."

"હં" સુજયે કહ્યું.

“સુજય...” નિયતિનો અવાજ ભીનો થઈ ગયો... “તું બહુ સારો છોકરો છે... કોઈ સરસ છોકરી જોઈને પરણી જજે... તારામાં એક સ્ત્રીને સુખી કરવાના તમામ ગુણો છે... તું એક સરસ હસબન્ડ મટિરીયલ છે...”

“યા...” સુજયે કહ્યું. એને સમજાયું નહીં, એણે શું બોલવું?

“મુંબઈ આવીશ તો મને મળીશ ને?” નિયતિએ પૂછ્યું.

“જરૂર.” સુજયે કહ્યું... અને પછી સામાન્ય ઔપચારિકતાઓથી ફોન મૂકાયો. પણ, ફોન મૂકાયા પછીનો ખાલીપાએ બંને પક્ષોને કોરી ખાધા... ફોન મૂકીને નિયતિએ આંખો લૂછી...

...અને, મનોમન ઇશ્વરને પ્રાર્થના કરી...

“હે ભગવાન... આ માણસની બધી ઇચ્છાઓ પૂરી કરજે.” ત્યારે નિયતિને ખબર નહોતી કે ઇશ્વરે, સાક્ષાત્ ઇશ્વરે એની પ્રાર્થના સાંભળી હતી... અને, તથાસ્તુ પણ કહી દીધું હતું...

*

શુક્રવારે રાત્રે ટમેટોઝમાં પાર્ટી પૂરી કરીને સમીર અને રેવતી ધોધમાર વરસતા વરસાદમાં માંડ માંડ રેલવે સ્ટેશન પહોંચ્યા... રેવતીને એકવાર એવું લાગ્યું કે ગુજરાત મેલ મીસ થઈ જશે... સમીર મિત્રો સાથે તોફાનમસ્તીમાંથી ઉંચો જ નહોતો આવતો... દસ ને દસની ટ્રેન માટે એ લોકો પોણા દસે સી.જી.રોડથી નીકળ્યા, ત્યારે ગલી ગલીએ ટ્રાફિકજામ હતો. અદ્ધરશ્વાસે અને ચિંતાતુર ચહેરે રેવતી લગભગ દોડતી રેલવે સ્ટેશનમાં દાખલ થઈ... એ સેકન્ડ એ.સી.ના કમ્પાર્ટમેન્ટમાં જતી હતી ત્યારે સમીરે એનો હાથ પકડ્યો. દસ ને પાંચ થઈ હતી... રેવતીએ નવાઈથી એની સામે જોયું... સમીર એને હાથ પકડીને ફર્સ્ટ એ.સી.ના કમ્પાર્ટમેન્ટ તરફ લઈ ગયો...

ફર્સ્ટ એ.સી.ના કમ્પાર્ટમેન્ટમાં ચઢ્યા. ત્યારે રેવતી ડઘાઈ ગઈ... પહેલીવાર એ ફર્સ્ટ કલાસ એ.સી.માં ટ્રાવેલ કરતી હતી. વૈભવશાળી કેબિન અને સુંદર સજાવટ જોઈને રેવતી વિચારમાં પડી ગઈ. એ ટ્રેનમાં ચઢી ત્યાં સુધી એને ખબર જ નહોતી કે સમીરે ફર્સ્ટ એ.સી.ની ટિકીટો કરાવી હતી...

સમીરે જ્યારે કુપેની કેબિન બંધ કરી ત્યારે રેવતીનું કાળજું ધક્ ધક્ કરવા લાગ્યું. સમીરની આંખોમાં ઉતરી આવેલી રેવતી માટેની આસક્તિ બ્લ્યુ લાઈટના અંધારામાં પણ રેવતી વાંચી શકતી હતી...

પહેલીવાર પોતાના રૂમમાં કરેલું સમપર્ણ રેવતીને હજીય ક્યાંક છાને ખૂણે ગુનાહિત ભાવના આપી રહ્યું હતું. એનો ઉછેર, એના સંસ્કાર અને એનું ગુજરાતીપણું... લગ્ન પહેલા આવી પહોંચેલી આ પળોને બીજું કંઈ નામ ન આપતાં વારે વારે ભૂલ જ કહેતું હતું... અને, અત્યારે ફર્સ્ટ એ.સી.ની બંધ કેબિનમાં સમીરની આંખોમાં એ તે દિવસનો નશો અને ખુમાર જોઈ રહી હતી...

સમીર રેવતીની નજીક આવ્યો... સાવ નજીક... એના શ્વાસ રેવતીના ચહેરા પર અથડાઈ અથડાઈને પાછા ફરે, એટલો નજીક!

“સ...સ... સમીર!” રેવતી એટલું જ બોલી શકી.

“હં” સમીરે કહ્યું. એનું નાક, રેવતીના ગાલ, રેવતીની ચીબુક પર થઈને એની ગરદન તરફ લપસી રહ્યું હતું...

રેવતીના શ્વાસ ભારે થઈ રહ્યા હતા. એની આંખો બંધ થઈ ગઈ હતી. સમીર બંધ આંખે રેવતીના ચહેરાને પોતાની બે હથેળીઓમાં લઈને હોઠની નજીક લાવ્યો... રેવતીના થથરતા હોઠ પર એણે એક ખૂબ મૃદુ ચુંબન કર્યું...

"સમીર પ્લીઝ... વારંવાર આ..."

"શશશ..." સમીરે રેવતીના હોઠ પર આંગળી મૂકી... "આ રાત... આ માહોલ, આ નશો, આ તારું અને મારું હોવું, એકબીજામાં ઓગળી જવું, એકબીજાના શ્વાસ બનીને મહેકી ઉઠવું..."

"પણ સમીર..." રેવતી વધુ કંઈ બોલે એ પહેલા એના હોઠ સમીરના બે હોઠે બંધ કરી દીધા હતા. રેવતી ફરી એકવાર ગળાડૂબ પાણીમાં ઉંડે ને ઉંડે સરકી રહી હતી. એનું આખું શરીર જાણે સમીરની આંગળીઓના ટેરવા પર નાચતું હતું... એનું રોમ રોમ સજીવ થઈ ગયું હતું...

એની અંદર એક મન હતું... એક આત્મા હતો. જે એને કહેતો હતો...

"રોકાઈ જા રેવતી... અટકી જા... થંભી જા..." અને એનો મોહ, એની આસક્તિ, એનો પ્રેમ અને સમીરને વશ થઈ ગયેલું એનું સ્ત્રીત્વ બંધ તોડીને ધસમસતા પૂરના પાણી જેમ બેય કાંઠે છલોછલ વહેવા માંડે... એમ એને લઈને વહી રહ્યું હતું...

એના સંસ્કારની, એની ગરિમાની, એના ઉછેરની, એક પછી એક ભેખડો તૂટીને એ પૂરના પાણીમાં વહી રહી હતી... રેવતી બંધ આંખે નખશિખ સમર્પિત થઈને સમીરનો એક એક સ્પર્શ માણી રહી હતી...

એક કન્યા સ્ત્રી બની રહી હતી!

*

વીસ

બૉમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર રેવતીને ફર્સ્ટ એ.સી.ના કૂપેમાંથી ઉતરતી જોઈ નિયતિએ આંખ મારી. બંને હસી પડ્યા. એક શરારતમાં, બીજી શરમમાં. નિલય અને નિયતિ એમને લેવા આવ્યા હતા. સમીર અને નિલય મળ્યા અને બધા ગાડીમાં ઘર તરફ નીકળ્યા...

સમીરે સીમાને માંડ માંડ સમજાવી હતી, સ્ટેશન નહીં આવવા માટે! એનું ચાલત તો એ વર-કન્યાને લેવા માટે બૅન્ડવાજા સાથે આવત, પણ ઘરે તૈયારી લગ્નથી યે વધારે હતી.

સમીર ઘરે પહોંચ્યો અને એણે ગાડીમાંથી ઉતરી બારીમાંથી માથું અંદર નાંખ્યું...

"આવો ને ઉપર..."

નિયતિએ ડોકું ધુણાવ્યું...

"ના, ના. વી આર ઓલરેડી લેટ, રેવતીએ ટ્રાયલ આપવા જવાનું છે."

"પણ મેં તો પાસ કરી દીધી..." સમીરે કહ્યું.

નિયતિ હસી..."એટલે જ ટ્રાયલ આપવાની છે, એના ઘાઘરા-ચોલીની... કાલે સવારે આપશે નહીં, નહીં તો..."

"અને મને પણ મોડું થાય છે." નિલયે કહ્યું.

"સારું સારું." સમીરે કહ્યું. "આ પાટો છોડાવવાનો છે કે નહીં?"

નિલયને પૂછ્યું.

"આ?" નિલય હસ્યો... સ્નિગ્ધ, પ્રેમાળ... "આ તો મારા પ્રેમની પહેલી નિશાની છે. આ કંઈ છોડાવાતો હશે?"

"તો સગાઈની વીંટી કઈ આંગળીમાં પહેરીશ?"

"ભગવાને બે હાથ આપ્યા છે ને? અને આ હાથમાં ય આંગળીઓ તો છુટ્ટી જ છે. શી કેન ચૂઝ વન..." નિલયે કહ્યું અને બધા હસી પડ્યા. નિયતિએ યુ ટર્ન કરીને ગાડી કાઢી લીધી. નિલયને ઉતારીને રેવતી-નિયતિ ઘરે પહોંચ્યા, ત્યારે પોણા નવ થઈ ગયા હતા. ઘનશ્યામરાય અને કલ્યાણી ચિંતા કરતા હતા.

"કેટલી વાર? હજી બધી તૈયારી બાકી છે..." તારાબેન ટહુક્યા.

"બધું થઈ જશે..." નિયતિએ એમના ગળામાં હાથ નાંખ્યો. "તમે આવો છે ને બ્યુટિપાર્લર?"

"ચલ હટ, ડોબી" તારાબેને કહ્યું... "મારે વળી શું કામ છે બ્યુટિપાર્લર?"

"આઈ નો. યુ આર વેરી બ્યુટિફુલ" નિયતિએ કહ્યું. "મારી પહેલા જો નિલય તમને મળ્યો હોત તો કદાચ તમને જ પરણી જાત." નિયતિએ તારાબેનના બોખા ગાલે બકી કરી. બધા હસી પડ્યા.

"હટ મૂઈ. આ છોકરીને અક્કલ જ નથી. કાલ ઉઠીને લગન થશે, પણ જીભ તો જુઓ, ખચર ખચર ચાલે છે

કાતરની જેમ...”

*

ધામધૂમથી સગાઈ થઈ ગઈ. ‘નક્ષત્ર’માંથી લીધેલી સાત ડાયમંડની વીંટી રેવતીની આંગળી પર અને સુંદર ગોલ્ડન બેન્ડમાં એક હીરો જડેલી સાદી પણ ખૂબ જ એસ્થેટિક વીંટી નિયતિની આંગળીમાં ચમકવા લાગી.

તારાબેન અને કલ્યાણી પગે લાગવા વાંકી વળેલી દીકરીઓને ગળે વળગાડીને ખૂબ રડ્યા. ઘનશ્યામરાયે પણ છાને ખૂણે આંખ લૂછી લીધી.

આવનારા દરેક મહેમાન ઘનશ્યામરાયના, તો ક્યારેક વળી રેવતી-નિયતિના નસીબ પર ઈર્ષ્યા કરતા હતા. બબ્બે જમાઈ એકસાથે ભણેલા-ગણેલા, દેખાવડા અને કુલીન કુટુંબના... ઘનશ્યામરાયનું તો નસીબ જાગી ઉઠ્યું. ફરીને જોવાનું નહીં રહે. ખરેખર દીકરીઓએ દીકરાની ખોટ પૂરી... જાતજાતના ને ભાતભાતના ઉદ્‌ગારોની વચ્ચે ક્યાંક ખડખડાટ હાસ્યો તો ક્યાંક શિખામણોના ટોપલાની વચ્ચે, ક્યાંક વહાલ તો ક્યાંક વ્યવહારની વચ્ચે તાજની પાર્ટી પણ પૂરી થઈ ગઈ. રાત્રે બધા પોતપોતાના ઘરે જતા હતા ત્યારે રાજાબાઈ ટાવરની ઘડિયાળમાં બારમાં પાંચ હતી.

રવિવારની રાત પૂરી થવામાં હતી અને સોમવારનું સવાર આવવા માટે ઉતાવળું હતું...

*

સાંજે સાત વાગ્યે રીમાનો ફોન આવ્યો ત્યારે સુજયને બહુ નવાઈ લાગી. આમ એ અને રીમા ખૂબ મસ્તી-તોફાન કરતા. કોઈ પણ હદ સુધીની મજાક કે મશ્કરી મિહિરની હાજરીમાં કે ગેરહાજરીમાં સુજય કરતો અને રીમા હસી પણ કાઢતી.

પણ આજે રીમાના અવાજમાં ચિંતા હતી. એક અજબ પ્રકારની કન્સર્ન...

“આપણે સાંજે ડીનર પર જઈએ?” રીમાએ પૂછ્યું.

“આપણે? ડીનર પર?” સુજયને સમજાયું નહીં.

“મિહિર એના કામ માટે પૂના ગયો છે. ત્યાંથી પાછો આવતા રેવતી-નિયતિની સગાઈ અટેન્ડ કરીને આવવાનો છે, અઠવાડિયાથી ઘરમાં એકલી એકલી કંટાળી ગઈ છું, મને બહાર લઈ જાવ ને...”

“ચોક્કસ! ઇન્ફેક્ટ આપણે બધા જઈએ... હું, તું, મીનાકાકી, અજિતકાકા અને તારો ડેવિલ...”

“ના, ના... રિપુંજય તો રહેશે મમ્મી પાસે, આપણે બે જ જણા જઈએ... આઈ નીડ અ બ્રેક.” રીમાએ કહ્યું. “મારે થોડી વાત પણ કરવી છે.”

“શું હશે?” સુજયને ફાળ પાડી... “મિહિર સાથે તો કંઈ... સારું...” એણે કહ્યું. “મળીએ... સાડા સાતે લેવા આવું?”

“હા, લગભગ, રિપુને જમાડીને નીકળીશ, એટલે પછી મમ્મીને તકલીફ નહીં...” રીમાએ કહ્યું.

રીમા અને સુજય રજવાડુંમાં આવીને બેઠા. ત્યારે રાજસ્થાની સેન્ડ સ્ટોન પર આછી આછી બત્તીઓ ઝગમગી રહી હતી. આછા અંધારામાં બરાબર વચ્ચેના ચોકમાં પેટ્રોમેક્સ સળગાવીને ધોધમાર અજવાળામાં એક રાજસ્થાની સ્ત્રી એના ઘેરા અવાજે ગાઈ રહી હતી...

મહારો ગાવ કાઠા પારે... જ્યાં દૂધ કી નદીયાં બહે. જ્યાં કોયલ ટહુકો ગાયે... મહારે ઘરઆંગણ આના ભૂલો ના...

સાથે સાથે બે સ્ટીલના ગ્લાસ ઉપર પગ મૂકીને માથા ઉપર સાત ઘડા લઈને એક ઘાટલું શરીર ધરાવતી છોકરી નાચી રહી હતી. આસપાસ ખાટલા પર બેઠેલા લોકો નૃત્ય અને સંગીત માણી રહ્યા હતા. મચ્છરથી બચવા ધૂપ ફરી રહ્યો હતો. સુજય અને રીમા આવીને એક ખૂણે બેઠા. સુજય અન્યમનસ્ક જેવો એકીટશે નૃત્ય અને સંગીત તરફ જોઈ રહ્યો હતો. રીમાએ અચાનક એના ખભે હાથ મૂક્યો, સુજયે ચોંકીને પાછળ જોયું. રીમાની આંખોમાં આછા ઝળઝળિયા હતા કે પછી આછી બત્તીઓને કારણે આંખો તકતકતી હતી?

"સુજયભાઈ..." રીમાએ કહ્યું. "હું ઇચ્છતી હતી કે આજની સાંજે તમે એકલા ન રહો."

"કેમ? આજે રેવતીની સગાઈ છે એટલે?"

"એમ તો નહીં પણ..."

"દયા આવે છે મારી?"

"સુજયભાઈ!"

"રીમા રેવતી એટલી સુંદર છે કે કોઈ પણ છોકરો એના પ્રેમમાં પડી શકે. એની સમાજદારી, ઠરેલપણું અને સ્ત્રીત્ત્વ કોઈ પણ પુરુષને રેવતીને પોતાની પત્ની બનાવવા લલચાવી શકે. મને નથી લાગતું કે મને કોઈ સિમ્પથીની જરૂર છે."

"હું સિમ્પથી નથી આપતી સુજયભાઈ... કે નથી તમારી દયા ખાતી. સમજું છું, જરૂર પણ નથી... પણ આજની સાંજે મારે તમને એકલા નહોતા છોડવા."

"શું થઈ જાત? હું કંઈ રડવાનો નહોતો કે નહોતો દારૂ પીને દેવદાસ થવાનો" સુજયે કહ્યું.

"એટલે જ એકલા નહોતા છોડવા... રડનારા કે દારૂ પીને દેવદાસ થઈ જનારા કોઈક રીતે પોતાની જાતને એક્સપ્રેસ કરે છે, સુજયભાઈ! તમારા જેવા લોકો જે કહે નહીં, બોલે નહીં, એમની તકલીફ સો ગણી વધારે હોય છે..."

"સમજદાર છે તું... પણ જરાક દોઢડાહી." સુજયે કહ્યું.

એણે ભલે આ વાત ટાળી, પણ રીમાની આ વાતથી એની આંખમાં હલકી ભીનાશ ઝળકી. એને પણ ખબર હતી કે આજની સાંજે એકલા રહેવાથી એને કેટલી તકલીફ પડવાની હતી. આજે રેવતીની સગાઈ હતી... એની ડ્રીમગર્લ કોઈ બીજાની જિંદગીમાં પરમેનેન્ટલી પ્રવેશી જવાની હતી.

"થેંક્સ...થેંક્સ ફોર એવરીથીંગ." સુજયે રીમાને મોરેના એપાર્ટમેન્ટ પાસે ઉતારી અને કહ્યું...

"થેંક્સ ફોર કોલીંગ મી દોઢડાહી."

"એ તો તું છે જ..." સુજયે કહ્યું... અને બંને જણા ભીની આંખે હસી પડ્યા. રીમાએ સુજયના હાથ પર હાથ મૂક્યો અત્યંત વહાલ અને સહાનુભૂતિથી!

"ઉપર આવો ને, કૉફી પીને જજો." રીમાએ કહ્યું.

"ફરી ક્યારેક." સુજયે કહ્યું અને બાઈક વાળી લીધી...

આંબાવાડીથી સિવીલ હૉસ્પિટલ સુધી સુજયની આંખો લગાતાર વહેતી હતી. હૉસ્ટેલ પર આવીને સુજય સીધો પલંગમાં પડ્યો. કશું જ વિચારવાની, કશું જ સમજવાની સુધ કે તૈયારી નહોતી બચી. આંખો મીંચી દીધી એણે અને આંખોની સામે રેવતીનો એ સુંદર અવિસ્મરણીય ચહેરો તરવરી ઉઠ્યો.

*

બંને બહેનો નાઈટ શૂટ પહેરીને પલંગમાં પડી. ત્યારે પોતપોતાના નશામાં ચૂર હતી. નિયતિ નિલય વિશે વિચારી રહી હતી, જ્યારે રેવતી સમીર વિશે!

આટલું બધુ સુખ વણકલ્પ્યું, વણ માંગ્યું આવી મળશે એવું બેમાંથી કોઈએ નહોતું વિચાર્યું...

"તે સાંભળ્યું, તારી સાસુ શું કહેતી હતી તે?" નિયતિએ રેવતીને પૂછ્યું.

"હા." રેવતીએ કહ્યું. "એ લોકોને લગ્ન માટે બહુ રાહ નથી જોવી."

"તો? તારે શું કરવું છે?" નિયતિએ કહ્યું. "પરણી જવું છે?"

રેવતી વિચારમાં ગરકાવ હતી, એની નજર સામે હૉસ્ટેલના રૂમમાં અને ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાં સમીર સાથે ગાળેલો સમય તરવરી ઉઠ્યો. એનું રોમ રોમ જાણે ફરી એક વખત સમીરના સ્પર્શમાં તરબતર થઈ ગયું.

"હા, મારે પરણી જવું છે." રેવતીએ કહ્યું.

"હાસ્તો. ફર્સ્ટ કલાસના કૂપેમાં સાથે આવ્યા પછી કંઈ બહુ રાહ ના જોવાય." નિયતિના અવાજમાં અજબ પ્રકારની શરારત હતી.

"ને તું? તું નથી પરણવાની હમણાં?"

"અફકોર્સ નોટ, હજી તો નિલયને ભણવું છે. એ સરખું કમાતો, સેટલ ના થાય ત્યાં સુધી પરણવાનો સવાલ જ નથી આવતો."

"યા... સાચી વાત છે." રેવતીએ કહ્યું.

"તારું એમ.બી.એ. કમ્પલિટ નહીં કરે." નિયતિએ જરા વિચિત્ર ટોનમાં પૂછ્યું. રેવતીએ એની સામે જોયું.

"પરણીને પણ ભણાય જ ને?" રેવતીએ કહ્યું.

રેવતી જાણતી હતી કે આ બધી પોકળ દલીલો હતી. સમીરની આસક્તિ, સમીરનું ગાંડપણ, એની ઘેલછા

રેવતીને બહુ લાંબો સમય દૂર નહીં રહેવા દે અને વારંવાર થતાં આ સંસ્કારભંગના પ્રસંગો રેવતીના મનને બહુ ગિલ્ટ આપતા હતા.

સીમાબહેન જ્યારે કલ્યાણીને કહેતા હતા કે, "મારે લગ્નમાં બહુ રાહ નથી જોવી..." ત્યારે રેવતીએ પણ મનોમન નક્કી જ કરી લીધું કે હવે એ પણ સમીરની આ ઘેલછા અને આસક્તિ સામે હથિયાર નહીં નાખે. હવે જે થશે તે લગ્ન પછી...

*

રેવતીના થર્ડી બાય ફોર્ટીના મોટા ફોટોગ્રાફની સામે આછી બ્લ્યુ લાઈટમાં એકીટશે જોઈ રહેલો સમીર પોતાના બંને હાથને કોણીથી વાળીને માથાની નીચે ઓશીકાની જેમ મુકીને સૂતો હતો. એના પહોળા ખભા, પાતળા મલમલના લખનવી કુર્તામાંથી દેખાતી પહોળી છાતીનો સુરેખ આકાર, ખુલ્લા બટનમાંથી દેખાતા છાતીના વાળ, કોઈ પણ કોઈ પણ સ્ત્રીને પરાસ્ત કરી દેવા માટે પૂરતા હતા. એની કથ્થઈ બ્લ્યુ આંખો અત્યારે રેવતીના ચહેરા પર મંડાયલી હતી.

"કેમ રહેવાશે? આ છોકરી વિના! અઘરું છે, હવે લગ્નની રાહ જોવી..." સમીરને રેવતીના શરીરની રેખાઓ સાંભળી આવી એની પાતળી કમર, ફ્લેટ પેટ, ઉંડી નાભિ, પગ, સુરાહીદાર ગરદન અને પેલું તલનું ઝૂમખું...

"ઉફ્!" સમીર ઉભો થઈ ગયો. ગમે તે થાય આવતા મહિને આ છોકરી સાથે પરણી જવું પડે...

એ સીમા અને પંકજભાઈના બેડરૂમના દરવાજે જઈને ઉભો રહ્યો. દરવાજો નોક કર્યો. સીમા હજી સૂતી નહોતી. કોણ જાણે ક્યાં વિચારોની ગડમથલમાં પણ એ જાગતી હતી.

"આવ બેટા!" એણે કહ્યું.

સમીર દાખલ થયો. સીમા સહેજ પંકજભાઈ તરફ સરકી... સેવન બાય સેવનના એ બેડમાં સમીર સીમાની બાજુમાં સૂઈ ગયો. એણે એક હાથ માના પેટની આસપાસ લપેટ્યો. માથુ ખભા પર મૂક્યું અને એક પગ માના પગ પર નાખ્યો. એના ગૂંચળાવાળા વાળમાં આંગળી ફેરવતા સીમાએ કહ્યું...

"માય બેબી! ઉંઘ નથી આવતી?"

"ઉંહું..." સમીરે કહ્યું.

"કેમ? શું પ્રોબ્લેમ છે?" સીમાએ પૂછ્યું.

"મોમ, મારે પરણી જવું છે..." સમીરે કહ્યું અને સીમા એટલી તો જોરથી હસી કે હમણાં જ સૂતેલા પંકજભાઈની આંખ ખૂલી ગઈ...

"કોણ છે? શું છે?" પંકજભાઈએ પૂછ્યું.

"તમારા લાડકાને હમણાં જ પરણવું છે... આ ઘડીએ... પણ બેટા, ડબલ બેડ તો હવે સવારે જ મળશે, દુકાન ખૂલે એટલે!" સીમાએ કહ્યું. "આપણે એને લઈ પણ આવીએ તો સૂવડાવીશું ક્યાં?" સીમાએ મજાક કરી.

"મોમ!" સમીર ચિડાયો. "તને બધી વાતમાં મજાક સૂઝે છે."

"ના, ના, આઈ એમ સિરીયસ!" સીમાએ કહ્યું. "હું કાલે જ જઈને વાત કરું, અને તને પરણાવી દઉં, બસ?"

"એ લોકો માનશે?"

"એ તું મારા પર છોડ." સીમાએ કહ્યું.

"હવે સૂઈ જાવ, મા-દીકરો ગાંડપણ કર્યા વિના..." પંકજભાઈએ મોટુ બગાસું ખાધુ... "સાડા બાર થયા છે."

"મોમ, કૉફી પીવા જઈએ?"

"આર યુ બોથ મેડ?" પંકજભાઈએ પૂછ્યું.

"યેસ, અબાઉટ ઇચઅધર." સીમાએ કહ્યું અને પછી સમીરના માથામાં આંગળીઓ ફેરવી. "દસ મિનિટ... હું તૈયાર થઈ જાઉં."

"સીમા...! યુ મીન તું ખરેખર જાય છે?" પંકજભાઈએ નવાઈ પામતા પૂછ્યું.

"હાસ્તો, તમને કોઈ શંકા છે?"

"હતી, હવે નથી... પહેલા શંકા હતી કે તમે બંને ગાંડા છો, હવે ખાતરી થઈ ગઈ... પ્લીઝ ઘરની ચાવી લઈને જજો, હું બારણું નહીં ખોલું..." પંકજભાઈએ કહ્યું અને પડખું ભરીને સૂઈ ગયા.

"મોમ, આટલા નિરસ માણસ સાથે તેં સત્યાવીસ વરસ કેવી રીતે કાઢ્યા?" સમીરે શરારતી અવાજમાં પૂછ્યું.

"અઠ્યાવીસ!" પંકજભાઈએ બંધ આંખે જ કહ્યું... "ડિસેમ્બરમાં ઓગણત્રીસ પૂરા થશે અને રાત્રે એક વાગે કૉફી પીવા જવું એ કોઈ રસિકતા નથી... જાવ જતા હોવ તો... ખોટી માથાકુટ કર્યા વિના." અને પકંજભાઈ સૂઈ ગયા.

*

ઓબેરોયના કૉફી શૉપમાં દરિયાકિનારે બેસીને મરીન ડ્રાઈવનો ઉછળતો દરિયો જોતા સમીરે માને બધી વાત કરી. રેવતીના રૂમમાં પહેલીવાર રેવતી સાથે માણેલી પળોથી શરૂ કરીને ફર્સ્ટ એ.સી.ના કૂપે કમ્પાર્ટમેન્ટ સુધી...

"મોમ, અમદાવાદમાં સાથે રહીને રેવતીથી દૂર રહેવું શક્ય નહીં બને, તું પ્લીઝ મારા લગ્ન નક્કી કર. એ છોકરી મને સમર્પિત તો થઈ જાય છે, પણ હું એની આંખોમાં જોઈ શકું છું કે એના સંસ્કાર, એનો ઉછેર, એની માનસિકતા એને આ વાતની રજા નથી આપતા. એ બહુ ગિલ્ટીફીલ કરે છે... અને મને લાગે છે કે મારે એને સહેજપણ તકલીફ નથી આપવી. મારી ઇચ્છાઓ એના પર ઠોકી નથી બેસાડવી."

"ધેટ્સ લાઈક માય સન!" સીમાએ કહ્યું. "હું કાલે જ રેવતીની સાડી અને બીજું બધું પહોંચાડવાના બહાને જઈશ અને આ વાત કરીશ."

"મોમ, પ્લીઝ મોમ... આવતા મહિના સુધીમાં મારા લગ્ન કરાવી દે, રિજસ્ટર તો રજિસ્ટર..."

"અરે! મારા એકના એક દીકરાના લગ્ન રજિસ્ટરથી! લગ્ન ધામધૂમથી થશે, તારો જોરદાર વરઘોડો કાઢીશું...

અને બેન્ડવાજા સાથે વાજતેગાજતે ફૂલોથી બનેલી રેડ કાર્પેટ પર મારી વહુ ચાલીને આવશે...” સીમાએ કહ્યું.

“મોમ, યુ આર ગ્રેટ...”

“ઓલ્વેઝ” સીમાએ કહ્યું અને બંને હસી પડ્યા.

*

ઘનશ્યામરાય, તારાબેન અને કલ્યાણી ત્રણે જણા ઉંડા વિચારોમાં ગરકાવ હતા. સામે સીમા બેઠી હતી. એ લોકોના જવાબની અપેક્ષામાં...

“પરણ્યા પછી ભલે ને ભણે... અમને કોઈ વાંધો નથી. પણ જુઓ, બે જણા ત્યાં અમદાવાદમાં એકલા રહે છે, જુવાન છે અને મારો સમીર થોડો બેવકૂફ અને મોંઢે ચઢાવેલો છે... ધાર્યું કરે એવો છે. એના કરતા ભલે ને પરણી જાય બે જણા... આમેય સાથે રહેવાનું છે અને આમેય સાથે રહેવાનું છે... તો પછી વાંધો શું?” સીમાએ કહ્યું.

“કોઈ પણ હિસાબે લગ્ન દોઢ વરસ પહેલા નહીં કરતી.” કલ્યાણીને શંભુભાઈના શબ્દો યાદ આવતા હતા અને સામે એમની ભવિષ્યવાણી...

“આ છોકરી ભણવાનું પૂરું નહીં કરે.” કલ્યાણી અને ઘનશ્યામરાયના ચહેરા પર અસમંજશ હતી. થોડી મિનિટો બધા એમ જ ચૂપચાપ, શાંત બેસી રહ્યા. પછી સીમા ઉભી થઈ.

“સારું ત્યારે! મને વિચાર કરીને કહેજો... મને ઉતાવળ નથી. આ તો મને વિચાર આવ્યો એટલે થયું કે તમારા કાને વાત નાંખુ... ટેઈક યોર ઓન ટાઈમ...” અને સીમા જવા લાગી.

“એક મિનિટ!” તારાબહેને કહ્યું... એ અત્યાર સુધી કશું જ નહોતા બોલ્યા. ચૂપચાપ બધું સાંભળતા હતા. પણ જ્યારે સીમા ઉભી થઈ અને કલ્યાણી-ઘનશ્યામરાય કોઈ જવાબ ન આપી શક્યા ત્યારે તારાબહેનને લાગ્યું કે એમણે બોલવું પડશે.

“એક મિનિટ!” એમણે કહ્યું. “તમે મૂહુર્ત જોવડાવો, મને લાગે છે કે તમારી વાત સાચી છે. પછીથી છોકરાઓને ઠપકો આપવો એના કરતા આપણે જ વડીલ તરીકે સમજીને આખી વાત એવી રીતે ગોઠવીએ કે એમને કંઈ કહેવું જ ના પડે.” સીમા ઘડીભર જોઈ રહી એમની સામે!

“આ બાઈ જમાનાથી કેટલી આગળ હતી.” સીમાએ તારાબહેનને કહ્યું.

“ભલે. તો હું મૂહુર્ત જોવડાવીને...”

“અમને જણાવો, બને એટલું ઝડપથી...” તારાએ કહ્યું.

“પણ બા બધી તૈયારી...” કલ્યાણીથી બોલ્યા વિના ના રહેવાયું...

“થઈ પડશે બધું યે...” તારાબહેને વીટો વાપર્યો... “ઘનુડા, લાગી જા આજથી જ... આપણે આવતે મહિને રેવતીના લગ્ન લઈએ છીએ...”

અને સીમા તારાબહેનને પગે લાગીને, થોડું વિજયનું, થોડુંક સુખનું સ્મિત લઈ ઉતરી ગઈ.

“સોળમી સપ્ટેમ્બર, એ જ તારીખ કાઢી હતી. બ્રાહ્મણે લગ્નની...રેવતી અને સમીરનાં લગ્નની!! એ પછીના સાત મહિના સુધી કોઈ મૂહુર્ત નહોતું, એમ સમીરે કહ્યું હતું અને પછી આંખ મીંચકારી હતી!

રેવતી સામે જોઈને-નિયતિ હસતી હસતી અંદર ચાલી ગઈ હતી. કલ્યાણી અને ઘનશ્યામરાયે હા ભણી હતી. થોડું સમજીને-થોડું સમય વરતીને.

કલ્યાણી હજીયે ડરતી હતી. શંભુભાઈના શબ્દો એને કોરી ખાતા હતા.

અમદાવાદમાં સમીર અને રેવતી ખુશ હતા. દોઢ મહિનામાં એમના લગ્ન થવાના હતા. બારમી સપ્ટેમ્બરે રેવતીના ફર્સ્ટ ક્વૉર્ટરની પરીક્ષાઓ પતવાની હતી અને સોળમીએ એ શ્રીમતી રેવતી સમીર મહેતા બની જવાની હતી...

આથી વધુ સુખ... મળી શકે ખરું... રેવતી રોજ વિચારતી, સમીરના ખભે માથુ મૂકીને, સમીરનો હાથ હાથમાં પકડીને, એની કથ્થઈ બ્લ્યુ આંખોમાં જોઈને...

એને લાગતું કે આખું આકાશ એના પાલવમાં સમાઈ ગયું છે... એણે કેલેન્ડરમાં ચોકડી મારવા માંડી હતી. ઘટતા દિવસો અને વધતી ઇન્તેજારી પૂરી થવામાં હતી...

*

એકવીસ

સાતમી સપ્ટેમ્બરે રેવતીની પરીક્ષા શરૂ થઈ અને ઘનશ્યામરાયના ઘરે કાઉન્ટડાઉન. 12મીએ સાંજની ફ્લાઈટમાં રેવતી આવવાની હતી. સીમા દિવસમાં છ-છ ફોન કરતી. કેટરર, મેનુ, સંગીત-સંધ્યા, કપડાં, દાગીના, કંકોત્રી, કાર્ડ, સરનામા, લિસ્ટ, કોણ જાણે બીજું શું શું... બધા જ ઉત્સાહમાં હતા. તો સીમા અને પંકજરાયના ઘરમાં પહેલો અને છેલ્લો પ્રસંગ હતો.

સાતમી સપ્ટેમ્બરે પહેલું પેપર આપતી રેવતી પોતાના લગ્ન વિશે જ વિચારી રહી હતી. સમીર પણ એની સાથે જ 12મી સપ્ટેમ્બરની ફ્લાઈટમાં જવાનો હતો. સીમા અને પંકજભાઈએ કેટલો સમજાવ્યો, પણ એ રેવતીને એકલી મુકીને મુંબઈ જવા તૈયાર નહોતો...

"વહુઘેલો..." સીમાએ કહ્યું.

"હાસ્તો." સમીરે કહ્યું. "એને એકલી મુકીને તો નહીં જાઉં..."

"અને અહીંની બધી તૈયારી?" સીમાએ પૂછ્યું.

"તું છે ને મોમ..." સમીરે કહ્યું.

"બાકી બધું તો હું કરી લઈશ... તારા સૂટનું માપ મારાથી નહીં અપાય."સીમાએ કહ્યું.

"તો રેડિમેડ કુર્તો લઈ લેજે..." સમીરે કહ્યું... "હું વહેલો નહીં આવું એટલે નહીં આવું."

"સારું ભઈ સાબ સારું..." અને ફોન મુકયો.

રવિબજારના શટ્ર્સ, મનીષ મલ્હોત્રા અને લીના દરૂને ત્યાં ટ્રોઝોં બનવા લાગ્યા. થીમ વેડિંગની તૈયારી થવા લાગી. બધુ પરફેક્ટ અને પ્રોપર થવું જોઈએ, એવો સીમાનો આગ્રહ હતો. નિયતિ પણ સીમાની સાથે જોડાજોડ અને દોડાદોડ હતી. દોઢ મહિનામાં એક અદ્ભુત લગ્ન નિપટાવવાનું હતું!

*

"તારી એકલીની બહેન પરણે છે, દુનિયામાં!" નિલય પણ અકળાયો... નિયતિ એવી તો વ્યસ્ત થઈ ગઈ હતી આ લગ્નમાં કે એને કંઈ સૂઝતું જ નહોતું. રેવતીના કપડાના વોડડ્રોપ તૈયાર કરવાથી શરૂ કરીને સમીરના રૂમનું ઇન્ટિરિયર પણ નિયતિ જ ચેઇન્જ કરાવી રહી હતી. દરેક નાની નાની ઝીણી ઝીણી વાતોમાં રેવતીની પસંદ રેવતીના ટેસ્ટનો ખ્યાલ રહે એવો સીમાનો પ્રયાસ હતો... સીમાએ અદ્ભુત રૂમ કરાવ્યો હતો, સમીર અને રેવતીનો. બાથરૂમ તોડાવીને નવો કરાવ્યો હતો અને સાથે સાથે શોપિંગ, કેટરિંગ અને બીજી તૈયારીઓની દોડાદોડ તો યથાવત્ જ હતી...

12મી સપ્ટેમ્બરની સવાર!

અમદાવાદના સરદાર વલ્લભભાઈ એરપોર્ટ પર રેવતી અને સમીર ઉતર્યા ત્યારે બંને કોઈ અજબ લાગણી અનુભવી રહ્યા હતા...

રેવતીનું હૃદય જરાક જોરથી જ ધડકતું હતું અને સમીર આવનારી પળોના એક્સાઈટમેન્ટમાં ખુશખુશાલ હતો...

*

રૂમ, બાથરૂમ, શૉપિંગ જોઈને સમીર સીમાને વળગી પડ્યો...

"ઓહ મોમ, ઓહ મોમ! યુ આર ગ્રેટ, યુ આર વન્ડરફુલ, યુ આર અમેઝીંગ... યુ આર સિમ્પલી..."

"બસ હવે. નાસ્તો કરી લે. પછી ફટાફટ તારા કુર્તાનું માપ આપી આવીએ... ચાર દિવસમાં ટ્રાયલ આપશે અને પાંચમે દિવસે ડિલીવરી..."

"જરૂરી છે?" સમીરે પૂછ્યું.

"અફકોર્સ જરૂરી છે." સીમાએ કહ્યું. "ચલ, ફટાફટ."

"સારું સારું." સમીરે કહ્યું અને ફોન તરફ વળ્યો.

"મહેરબાની કરીને રેવતીને ફોન ના કરતો." સીમાએ કહ્યું. "હજી તો હમણાં છૂટા પડ્યા છો..."

"ચાર કલાક થઈ ગયા મોમ!" સમીરે કહ્યું અને હસી પડ્યો.

સીમાના એક્સ્પ્રેશન જોઈને એણે કહ્યું... "ઓ.કે. ઓ.કે. હું પાંચ મિનિટમાં તૈયાર થઈ જઉં... પ્લેનમાં ખાધુ છે, મને ભૂખ નથી." અને બાથરૂમ તરફ વળ્યો.

"ભયાનક છોકરો છે." સીમાએ કહ્યું.

"તે જ ફટવ્યો છે..." પાછળથી પંકજભાઈએ આવતા કહ્યું.

સમીર બાથરૂમમાં હતો એ દરમ્યાન સીમાની એકદમ નજીક આવ્યા એના ખભે હાથ મુકયો. સીમાએ ઘડીભર પંકજભાઈની આંખોમાં જોયું અને કોઈ અકથ્ય ભયથી આંખો ફેરવી લીધી... એ નીચું જોઈ ગઈ.

"સીમા..." પંકજભાઈએ કહ્યું... "મને લાગે છે આપણે સમીરને..." સીમાએ એમનો હાથ ખભા પરથી ઝાટકી નાંખ્યો.

"બસ! શરૂ કરી દીધું ને તમે? શું પ્રોબ્લેમ છે, આપણે એ જ વખતે નક્કી કર્યું હતું કે આપણે આ વાતનો ઉલ્લેખ નહીં કરીએ."

"પણ એ વખતે એવું પણ નક્કી કર્યું હતું કે સમીરને સમય આવ્યે આપણે આ વાત કહી દઈશું."

"પણ એ સમય નથી આવ્યો હજી." સીમાએ કહ્યું.

"તારે માટે તો એ સમય કદાચ ક્યારેય નહીં આવે."

"નહીં આવે તો નહીં આવે... તમને શું ઉતાવળ છે એ વાત કહેવાની... અને કહીને શું મળશે, સુખ? કોને? મને? તમને? કે સમીરને? આ વાત અહીં જ પડતી મૂકો. અને લગ્નની તૈયારીના સુખમાં કારણ વગર પ્રશ્નો

ઉભા ન કરો." સીમાએ કહ્યું અને મોંઢુ ફેરવીને રસોડા તરફ જતી રહી.

પંકજભાઈની આંખો ભીની હતી. સમીરે બાથરૂમનો દરવાજો ખોલ્યો. પંકજભાઈની ભીની આંખ અને સીમાનું ઉખડેલો મૂડ જોઈ સમીરે પૂછ્યું.

"શું થયું ડેડ?"

"યોર મોમ વોટ એલ્સ?" પંકજભાઈએ કહ્યું. "નાનકડું પણ કોમ્પ્રોમાઈઝ તારી માને ન ચાલે... તને તો ખબર છે ને એ મિસ પરફેક્ટ છે એ..."

"પણ શું કામ છંછેડો છો એને... જેમ કરવું હોય તેમ કરવા દો ને." સમીરે કહ્યું.

"એમ જ કરવાનું છે... હું તો માત્ર કહેવા ગયો કે..." પંકજભાઈએ કહ્યું.

"ચાલ બેટા મોડું થાય છે." સીમાએ કહ્યું અને બારણું ખોલી લિફ્ટના દરવાજા પાસે જઈને ઉભી રહી. સમીર ખભા ઉછાળીને એના બદલાયેલા આ મૂડ સાથે એડજેસ્ટ કરવાનો પ્રયત્ન કરતો લિફ્ટના દરવાજા પાસે ગયો.

"કમ ઓન મોમ... ચીલ આઉટ!" સમીરે કહ્યું.

"ઓહ યેસ! આઈ એમ ફાઈન..." અને બંને જણા એક પણ અક્ષર બોલ્યા વિના લિફ્ટમાં નીચે ઉતરી ગયા.

કોણ જાણે એ કઈ વાત હતી કે સીમાને આટલું વિચલીત કરી ગઈ. પંકજભાઈને લાગતું કે એ વાત સમીરને કહી દેવી જોઈએ અને સીમાને લાગતું હતું કે એ વાત કહેવાથી એના અને સમીરના સંબંધો પર અસર પડશે. એ ડરી જતી, અસલામત થઈ જતી. અચાનક નાની વીસ વરસની નાની બાળકી જેવું વર્તન કરવા લાગતી... સમીર એના જીવનનું સૌથી મોટું સુખ હતું. સીમાને કોણ જાણે કેમ એવો ભય હતો કે એ વાત સમીરને કહેવાનું પરિણામ સારું નહીં આવે.

*

થાકીને કલ્યાણીબહેન બેડરૂમમાં દાખલ થયા. ઘનશ્યામરાય ક્યારના ય આડા પડી ગયા હતા. કલ્યાણી કપડા બદલીને પથારીમાં પડી. બંને પતિ-પત્ની છત તરફ જોઈને મનોમન કોઈ વિચારમાં ગર થતા.

"હેં? આ લગ્ન થશે?" કલ્યાણીએ પૂછ્યું.

"ગાંડી છે?" ઘનશ્યામરાયે કહ્યું... "લગ્નને ચાર દિવસ બાકી છે અને પૂછે છે કે લગ્ન બાકી છે?"

"કોણ જાણે કેમ મને અમંગળની શંકાઓ તો થયા જ કરે છે..."

"સૂઈ જા નિરાંતે, કંઈ નથી થવાનું... સૌ સારા વાના થશે. કાલે વહેલા ઉઠીને કેટરરને ત્યાં વાનગીઓ ચાખવા જવાનું છે, હજી ફૂલોનું ડેકોરેશન પણ કરવાનું છે..." ઘનશ્યામરાયે કહ્યું અને કલ્યાણીએ આંખો તો મીંચી... પરંતુ એની આંખો સામે શંભુભાઈનો ચહેરો તરવરતો હતો... અને મનમાં એક જ વિચાર ચાલતો હતો...

"જેની ભવિષ્યવાણી ક્યારેય ખોટી નથી પડી. એ માણસ ખોટો પડશે?" જોકે મનોમન કલ્યાણી ઇશ્વરને પ્રાર્થના કરી રહી હતી કે શંભુભાઈ ખોટા પડે તો સારું.

*

નિલયને એના ઘરની નીચે ઉતાર્યો ત્યારે નિયતિએ મોબાઈલની ઘડિયાળમાં પોણાબાર ને પાંચ જોઈ...

"આજે મને મારી મા ચીરી નાખવાની છે..."

"કેમ જાણે કોઈ દિવસ રાત્રે ઘરે મોડી જતી જ ના હોય..." નિલયે કહ્યું.

"રાત્રે શું, સવારે પણ ઘરે ગઈ છું, પણ ત્યારે માથા ઉપર બહેનના લગ્ન નહોતા."

"ખરેખર, તારી બહેનના લગ્ન તમારા બધાના માથા પર ચડી ગયા છે. ગાંડા જેવા થઈ ગયા છો બધા..."

"બહેન નથી ને તારે, એટલે નહીં સમજાય, દીકરીના લગ્નમાં સો જવાબદારી હોય..."

"બહેન નથી, પણ અમારો સુબોધ છોકરી જેવો જ છે, આવડો મોટો થયો, પણ પોતાના માટે એક છોકરી પણ શોધી નથી શક્યો..."

"જા, જા... તને પણ મેં શોધ્યો, બાકી તું ય કંઈ છોકરી શોધી શકે એવો તો નથી જ..."

"એમ?" નિલયે કહ્યું... "સારું હવે, ઘરે જા, બાકી તારી મા તને ચીરી નાખશે." એણે ભાર દઈને કહ્યું...

"નો ગુડનાઈટ કીસ?" નિયતિએ પૂછ્યું. નિલયે નિયતિના વાળમાં આંગળી પરોવી, એને નજીક ખેંચી, આંખોમાં આંખો નાખી, અને એના હોઠ પર હોઠ મૂકી દીધા.

પ્રેમની અશબ્દ અભિવ્યક્તિમાં બંને જણા ખાસ્સી સેકંડો સુધી વહ્યા કર્યા પછી નિયતિ અચાનક ઝટકાથી છૂટી પડી. એનો હાથ નિલયની પીઠ પર હતો અને નિલયનો હાથ એના વાળમાં ગૂંચવાઈ ગયો હતો.

નિલયને હળવો ધક્કો મારીને નિયતિએ કહ્યું, "ગુડનાઈટ!"

"ગુડનાઈટ" નિલયે કહ્યું અને નિયતિના માથા પર ટપલી મારી..."ડોબી!"

... અને નિયતિએ હોઠ પર જીભ ફેરવતા ગાડીનો યુ ટર્ન લીધો. ઘર સુધીના પહોંચવાના આખા રસ્તે નિયતિના શરીરમાં એક અજબ પ્રકારની સિરહન થતી રહી... એ નિલયને, એના સ્પર્શને, એના હોઠને, એના સંયમને, એની સમજદારીને વાગોળતી ઘરે પહોંચી ત્યારે એકને વીસ થઈ હતી...

*

તારીખ 14 સપ્ટેમ્બરની સાંજ!

ઘનશ્યામરાયના ઘરમાં રેવતીને પીઠી ચોળાઈ ચૂકી હતી.મહેંદીવાળી બાઈ રેવતીને મહેંદી લગાવી રહી હતી. રેવતીને આવનારી કાલની સાંજ રહી રહીને થરથરાવી જતી હતી... સમીર પોતાના કમરામાં લગાવેલા રેવતીના ફોટા સાથે વાતો કરી રહ્યો છે. સીમા એ જોઈને હસી અને આગળ વધી ગઈ. હસતી હસતી સીમા ડ્રોઈંગરૂમમાં આવી, ડ્રોઈંગરૂમમાં આવેલી બાલ્કની લગભગ ટેરેસ જેવડી મોટી હતી.એમાં નાંખેલી શણની ખુરશીમાં બેસીને પંકજભાઈ સિગરેટ પી રહ્યા હતા અને આકાશ તરફ જોઈને કોણ જાણે ક્યા વિચારમાં પડી ગયા હતા.

સીમાએ આવીને એમને ઢંઢોળ્યા...

"ચલો... ચલો... રેવતીના ઘેર જમવા જવાનું છે..."

"હં? હા... હા..." પંકજભાઈ ચોંક્યા.

"શું વિચાર કરો છો?" સીમાના ઉત્સાહી ચહેરામાં એક ગાંભીર્ય ઉતરી આવ્યું."ફરી એ જ વિચાર કરો છો?"

"શું કરું? એ વિચાર મારો પીછો નથી છોડતો." પંકજભાઈના અવાજમાં ગુનેગાર જેવી લાગણી હતી. "મને હજી યે લાગે છે કે તું સમીર સાથે વાત કરી લે તો સારું..."

"શું કામ? શું કામ? પ્લીઝ છોડી દો, એ વાત. અને તૈયાર થઈ જાવ. વિચાર તમને નથી છોડતો, એવું નથી, તમે જ વિચારને નથી છોડતા."

"એમ તો એમ... પણ મને હજી ય એમ લાગે છે કે આપણે સમીરને એ વાત કહી દેવી જોઈએ..."

"કહી દેવી જોઈએ... કહી દેવી જોઈએ... કહી દેવી જોઈએ... શું કામ એ વાત પાછળ પડી ગયા છો..." કોણ જાણે કેમ એ વખતે સીમાના અવાજમાં પીડા, ચિંતા, અસલામતી અને કેટલીય તકલીફ ભળી ગઈ... એનો અવાજ ઉંચો થઈ ગયો. એની આંખોમાં પાણી આવી ગયા. ભરાયેલા કંઠે અને ડુમાયેલા અવાજે એણે પંકજભાઈને હાથ જોડ્યા. "હું તમને હાથ જોડું... લગ્ન થઈ જવા દો. પછી તમારે જેમ કરવું હોય એમ કરજો. હું તમને નહીં રોકું, બસ?"

પંકજભાઈ ઘડીભર સીમા સામે જોઈ રહ્યા પછી એમણે સીમાના જોડેલા હાથ પકડ્યા. એને નજીક ખેંચી અને છાતી સરસી ચાંપી દીધી... કેટલાય દિવસથી ભરી રાખેલું સીમાનું રૂદન વહી નીકળ્યું... છાતી ફાટી જાય એવા અવાજે સીમા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પંકજભાઈ એના માથામાં અને પીઠ પર હાથ ફેરવતા રહ્યા અને સીમા ધ્રુસકે ધ્રુસકે રડતી રહી...

સીમાનો ઉંચો અવાજ અને રૂદન સાંભળીને આવી પહોંચેલા સમીરને આશ્ચર્ય થયું. હજી હમણાં તો સાડી પસંદ કરતી મા અચાનક કઈ બાબતે ઉશ્કેરાઈ ગઈ? કેમ રડી? એના મનમાં સવાલો ફેણ ઉંચકવા માંડ્યા. છેલ્લા થોડા દિવસમાં એણે મા-બાપ વચ્ચે આ ત્રીજી કે ચોથી વાર આર્ગ્યુમેન્ટ થતી જોઈ હતી.

કોઈ પણ બાબત હોય આ ઘરમાં ખુલ્લી ચર્ચાતી... સમીર નાનકડો હતો ત્યારે પણ સીમા અને પંકજભાઈ કદી બંધબારણે પણ ઝઘડ્યા નથી... આ ઘરમાં ચર્ચા થાય, મતભેદ થાય તો એ ખુલ્લેઆમ થતા...અને, છેલ્લા થોડા દિવસમાં આ ત્રીજી કે ચોથીવાર સમીરના આવવાથી વાત પર પડદો પડી ગયો હતો... કંઈક એવું હતું કે જે એના મા-બાપ એનાથી છુપાવતા હતા...

"રાત્રે વાત." સમીરે નક્કી કર્યું અને પછી જઈને માને ખભેથી પકડી.

"તું રડ નહીં, મોમ! તું ના પાડીશ તો નહીં પરણું... પણ તું રડ નહીં..."

સીમા હસી પડી.

"સ્ટુપિડ." એણે સમીરને એક લગાવી. "ચલો જલદી બધા તૈયાર થાવ, આપણી ત્યાં રાહ જોવાતી હશે..."

અને એ પોતાના રૂમ તરફ તૈયાર થવા જતી રહી.

"શું થયું ડેડ?" સમીરે પૂછ્યું.

"કંઈ નહીં સનીબોય...તારી માનો ટેમ્પરામેન્ટ, બીજું શું?" અને હસતા હસતા પોતાના રૂમ તરફ જતા જતા કહ્યું... "મેં સૂટ પહેરવાની ના પાડી, એટલે એની ફટકી..."

સમીરે સાંભળી તો લીધું. પણ... એણે માન્યું નહીં. રાત્રે એ વિશે વાત કરવાનું નક્કી કરીને સમીર પણ એના રૂમમાં તૈયાર થવા ગયો...

*

મહેંદી અને લગ્ન પહેલાંનું ડીનર પૂરી કરીને સમીર, સીમા અને પંકજભાઈ ઘરે આવ્યા. ત્યારે મોડી રાત થઈ ગઈ હતી. અરેન્જમેન્ટ અને મેનુ વિશે સામાન્ય વાતચીત અને ચર્ચા કરીને રેવતી-નિયતિ કેટલા સુંદર લાગતા હતા, એ વિશેની બેઝિક નોટ્સની આપ-લે કરીને બધા પોતપોતાના રૂમમાં ગયા. પંકજભાઈ નાહ્યા, એમણે કપડા બદલ્યા અને પથારીમાં પડ્યા. સીમા પણ કપડા બદલી હેન્ડલોશન લગાવતી પથારીમાં આવી...

"આઈ એમ સોરી ફોર ટુડે." સીમાએ કહ્યું.

"અરે ઠીક છે." પંકજભાઈએ કહ્યું.

"ના, ખરેખર મને લાગ્યું કે આઈ વોઝ અ રોંગ..."સીમાએ કહ્યું અને પંકજભાઈ કંઈ કહેવા જાય એ પહેલાં તો બારણે ટકોરા પડ્યા...

"કમીન બેટા..." સીમાએ હંમેશની આદતની જેમ કહ્યું. સમીર બારણું ખોલીને અંદર દાખલ થયો અને પાસે પડેલી નાનકડી ફોલ્ડિંગ ચેર લઈ બેઠો. એના ચહેરા પર કઈ અકળ, કંઈ જુદા જ ભાવ હતા. કોણ જાણે કેમ સીમાનું કાળજું ધક્ધક્ થવા લાગ્યું હતું. થોડીક ક્ષણોની ચૂપકીદી પછી સમીરે બંનેની તરફ પોતાની નજર નોંધી...

"મોમ, ડેડ..." સમીરના અવાજમાં ક્યારેય નહીં સાંભળેલું ઉંડાણ અને ગાંભીર્ય હતું. "શું વાત છે?" સમીરે પૂછ્યું.

"કોઈ વાત નથી." સીમાએ કહ્યું, પણ એના અવાજમાં ડર હતો, ગભરામણ હતી. પકડી ગયાની, ઉઘાડા પડી ગયાની લાગણી હતી...

"એકબીજા સામે ખોટું નહીં બોલવાની આ ઘરની પરંપરા છે મોમ... મને કહી દો કે શું થયું છે..."

"કંઈ નહીં, કશું નથી થયું..." સીમાએ કહ્યું.

"ડેડ!" સમીરે પંકજભાઈ તરફ જોયું સીધું એમની આંખોમાં... અને પછી... "મારા સોગંદ છે તમને... મને કહો કે એ શું વાત છે, જે તમે મારાથી છુપાવો છો..."

"ક...ક... કોઈ વાત નથી. તું જા અને સૂઈ જા. સવારે વહેલા ઉઠવાનું છે." સીમાએ કહ્યું.

સીમાને તદ્દન નિગલેટ કરીને સમીરે ફરી પંકજભાઈને પૂછ્યું...

"એ કઈ વાત હતી, જે તમે મને કહી દેવાનું કહેતા હતા અને મોમ નારાજ થઈ ગઈ... મેં બાથરૂમમાં અને ગેલેરીમાં બંને વખત તમારી વાત સાંભળી હતી... મને કહી દો ડેડ, મારાથી કશું જ ના છુપાવશો. કોઈ પૈસાનો પ્રોબ્લેમ છે? હેલ્થનો કોઈ..."

"ના ના... એવું કંઈ નથી." સીમાએ કહ્યું... એનો અવાજ અનાયાસે ઉંચો થઈ ગયો. ભયાનક ડર અને પીડા હતી એના અવાજમાં!

"મોમ! હું તને સૌથી વધારે વહાલો છું ને?" સીમાની આંખોમાંથી આંસુ નીકળવા માંડ્યા હતા. એણે ડોકુ હલાવ્યું...

"તો તમને મારા સોગંદ છે, મને કહો ડેડ... મને કહો મોમ કે શું વાત છે જે મને કહેવી કે નહીં, એ વિશે તમે ડિબેટ કરી રહ્યા છો... એવું શું છે? જે મને કહેવું કે નહીં, એવું વિચારવું પડે... આ ઘરમાં કોઈએ ક્યારેય કોઈથી કંઈ છુપાવ્યું નથી... પ્લીઝ ડેડ... પ્લીઝ મોમ..."

ત્રણેયની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. ખાસ્સી ક્ષણો સુધી આંસુમાં તરબતર વાતાવરણ એ કમરાની દિવાલોને ભીંજવતી રહી... એ.સી.નો એકદમ ધીમો ઘરઘરાટ વાતાવરણને બોજલ બનાવતો રહ્યો. પછી ધીમે રહીને પંકજભાઈએ ચૂપકિદી તોડી...

"બેટા સમીર..."

"પ્લીઝ પંકજ..." સીમાએ કહ્યું.

"ઈટ્સ ઓ.કે. સીમા..." પંકજભાઈ કહ્યું અને સીમાનો હાથ પકડી લીધો. એનો હાથ કંપી રહ્યો હતો...

"બેટા સમીર..." એમણે ફરી શરૂ કર્યું, થૂંક ગળે ઉતારી, થોડીક ક્ષણો વાત કઈ રીતે કહેવી એ વિશે વિચારતા રહ્યા અને પછી કહ્યું...

"કોઈ ગેરસમજ નહીં કરતો. કોઈ કન્ફ્યુઝન, કોઈ તકલીફ ઉભી નહીં કરતો. એક સાદી વાત છે, જે તારે જાણવી જોઈએ. એનાથી આપણા સંબંધોમાં કોઈ ફરક નથી પડતો..."

"ડેડ, પ્લીઝ... મૂળ વાત પર આવો..."

સીમાની આંખોમાંથી આંસુ હજી ય વહી રહ્યા હતા...

"તું અમારો દીકરો નથી બેટા... આઈ મીન અમારું લોહી નથી... આઈ મીન... અમે તને દત્તક લીધો છે."

"ક્યારે?" સમીરે પૂછ્યું...

"તું દોઢ મહિનાનો હતો ત્યારે..."

"ક્યાંથી?"સમીરે પૂછ્યું.

"રાજકોટ પાસે એક આશ્રમ છે, જનમંગલ... ત્યાંથી..." થોડીક ક્ષણો સમીર એમ જ બેસી રહ્યો. ચૂપચાપ.

એકેય અક્ષર બોલ્યા વિના...અને પછી ઉભો થઈને એના કમરામાં જતો રહ્યો... સામાન્ય રીતે રૂમનો દરવાજો ઉઘાડો રાખતો સમીર આજે રૂમ બંધ કરીને અંદર ભરાઈ ગયો...

“હવે?” સીમાએ પંકજભાઈને પૂછ્યું... પંકજભાઈએ પોતાના હાથમાં પકડેલો એનો હાથ થપથપાવ્યો અને કહ્યું...

“સૌ સારા વાના થશે... શાંતિથી સૂઈ જા.”

... પણ એ ઘરમાં ત્રણ અજંપ જીવો આખી રાત જાગતા રહ્યા... સવારની પ્રતિક્ષામાં કે રાત પૂરી થવાની અપેક્ષામાં!

* * *

છલ

(ભાગ-2)

છલ



કાજલ ઓઝા- વૈદ્ય

બાવીસ

રેવતીના ઘરે લગ્નની તડામાર તૈયારીઓ ચાલતી હતી. નિયતિને શ્વાસ લેવાની ફુરસદ નહોતી. કલ્યાણીબહેનના ઘરમાં દીકરો નહોતો, પણ નિયતિએ જાણે એમનો દીકરો બનીને આ લગ્ન ઉકેલવાની જવાબદારી પોતાના માથે લઈ લીધી હતી... નિલય પણ ઘરનો દીકરો બનીને જોડે જોડે દોડતો હતો. કલ્યાણી લગ્નની આ તૈયારીના માહોલમાં પણ વચ્ચે વચ્ચે વિચારોમાં સરકી જતી હતી... શંભુભાઈની ભવિષ્યવાણી કોણ જાણે કેમ કલ્યાણીને રહી રહીને ઉંઘમાંથી જગાડી દેતી હતી.

સમીરના ઘેર લગ્નની તૈયારીનો માહોલ બરાબર જામ્યો હતો. નિયતિના હાથમાં મહેંદી લગાડીને જમીને સૌ પાછા આવ્યા ત્યારે જે વાત થઈ, એ પછી એ ઘરમાં ત્રણ અજંપ જીવો આખી રાત જાગતા રહ્યા, સવારની પ્રતિક્ષામાં કે પછી રાત પૂરી થવાની અપેક્ષામાં...

*

સીમા જ્યારે સવારે ઉઠી ત્યારે સમીરના રૂમનો દરવાજો ખુલ્લો જોઈ, એને હાશ થઈ. અમસ્તો કોઈ દિવસ દરવાજો બંધ ન કરતો આ છોકરો ગઈકાલે રાત્રે જ્યારે દરવાજો બંધ કરીને સૂઈ ગયો, ત્યારે સીમાના મનમાં એક ન સમજાય એવો ખાલીપો, એક ન સમજાય એવી મૂંઝવણ આખી રાત એને જગાડતી રહી... સામાન્ય રીતે સીમા વહેલી ઉઠતી. એની ઉંઘ પૂરી થાય એ માટે એ રાત્રે પણ વહેલા જ સૂવાનું પસંદ કરતી. ક્યારેક મોડું તો, ઉંઘ પૂરી થાય પછી જ એ પથારી છોડતી. પરંતુ મહિનાના પચ્ચીસ દિવસ એ સાડા છ વાગે ઉઠી જતી. જાગ્યા પછીનું સીમાનું રૂટિન પણ બહુ વ્યવસ્થિત, બહુ નાપીતોળીને બનાવાયેલું હતું.

સૌથી પહેલા બ્રશ અને નિત્યક્રમ પતાવીને સીમા ગરમ પાણી પીતી, લીંબુ અને મધ નાખીને. એ પછી એક્સરસાઇઝ... બરાબર પિસ્તાલીસ મિનિટ સુધી, એ પછી વીસ મિનિટ અથવા વધારે ધ્યાન કરતી... એ પછી નાહી-પૂજા કરીને એ નાસ્તો કરવા આવતી ત્યારે સાડા આઠનો ટકોરો ન પડે એવું ભાગ્યે જ બનતું.

બ્રેકફાસ્ટમાં પણ એક ટૉસ્ટ કે કોનફ્લેક્સ, ઠંડા દૂધ સાથે... અને જો શિયાળો હોય તો ખજૂર, જોકે મુંબઈમાં શિયાળો શિયાળો જ નથી, એવું પંકજભાઈ વારંવાર કહેતા...

આજે સવારે સીમા ઉઠી ત્યારે ધોધમાર વરસાદ પડતો હતો. સીમાએ ગેલેરીનું બંધ બારણું ખોલ્યું. આખી રાત ધોધમાર વરસેલા વરસાદને કારણે વાતાવરણ જરા ઠંડું થઈ ગયું હતું. વૃક્ષો નાહી-ધોઈને લીલાછમ બનીને ઉભા હતા. રસ્તાઓ સ્વચ્છ લાગતા હતા. આવતી-જતી ગાડીઓ છપાક કરીને પાણી ઉડાડતી અને પછી થોડીવાર માટે બધું શાંત થઈ જતું. સીમા થોડીક વાર અમસ્તી જ ગેલેરીમાં ઉભી રહી. ઝરમર ઝરમર વરસાદ ચાલુ હતો. એ પછી એ પોતાના કમરામાંથી બહાર આવી ત્યારે સમીરના રૂમનો દરવાજો ખુલ્લો હતો. સીમાને હાશ થઈ. ગઈ કાલે રાત્રના પ્રસંગ પછી આજે સમીરને બધી જ રીતે સારા મૂડમાં રાખવાનું એણે નક્કી કરી લીધું હતું.

નિત્યક્રમ પતાવીને આજે એક્સરસાઇઝ છોડીને સીમા રસોડા તરફ વળી. સમીરને સીમાના હાથની રવા-ઇડલી બહુ ભાવતી. સીમાએ નક્કી કર્યું કે પોતે અફલાતૂન બ્રેકફાસ્ટ બનાવશે. સમીર જાગે ત્યારે એને એક પ્લેઝન્ટ સરપ્રાઇઝથી સવાર એવી તો સુંદર શરૂ કરાવશે કે ગઈ કાલ રાતનો ઓથાર એના મન પર ના રહે.

રસોડામાં જતા પહેલા એકવાર એણે સમીરના રૂમમાં જઈ, એને જોઈ લેવાનું વિચાર્યું, પછી એને થયું કે કદાચ સમીર જાગી જશે, એટલે એ ચૂપચાપ રસોડા તરફ વળી ગઈ.

વહેલી સવારે માંડ સૂતેલા પંકજભાઈ પણ ઘસઘસાટ ઉંઘતા હતા. સીમા રસોડામાં પહોંચી, અને એણે બ્રેકફાસ્ટની તૈયારી કરવા માંડી.

*

નિલય સવારે ઉઠ્યો, ત્યારે સુબોધ ઑફિસ જવાની તૈયારીમાં હતો, લગભગ નવ ને દસ થઈ હતી. સુબોધે નિલયને ખભે ધબ્બો માર્યો અને કહ્યું,

"મોંઢુ ધોઈને બહાર જજે."

નિલયે સુબોધ સામે થોડી ઉંઘરેટી, થોડી પ્રશ્નાર્થચિહ્ન ધરાવતી આંખોથી જોયું. સુબોધે નિલયના વાળમાં આંગળીઓ પરોવી.

"માય યંગર બ્રધર, ગઈ કાલ રાતના લિપસ્ટિકના નિશાન હજી તારા ચહેરા પર છે."

"તે? હશે. કેટલાક લોકોના નસીબમાં એ પણ ના હોય."

"પ્લીઝ હં... મને કોઈ રસ નથી આવો બધો. હું ભલો અને મારી નોકરી ભલી, મારે પરણવું જ નથી."

"જોઈશું એ તો... કેવો નથી પરણતો એ"

"પરણવાનો હોત તો ક્યારનો ય પરણી ગયો હોત, તારાથી મોટો છું, ઘોડે ચડવાનો પહેલો હક તો મારો છે."

"તો પરણોને, તમને કોઈએ ના પાડી છે?"

"ડાર્લિંગ, પરણવા માટે એક, ઓછામાં ઓછી એક છોકરી હોવી જોઈએ. જે મારી પાસે નથી."

"તું કહેતો શોધી આપું."

સુબોધે હાથ જોડ્યા. "ભઈસાબ, તું તારું કરને, મને મારી નોકરી કરવા દે એટલે બસ... આ તું સાડા નવે ઉઠે છે ને, એમાં મને ય આળસ ચઢી જાય છે..." અને એ બહાર જવા લાગ્યો.

સુબોધ બત્રીસ વરસનો થવા આવ્યો હતો. પણ એને લગ્નની કોઈ ઉતાવળ દેખાતી નહોતી. સુબોધ અને નિલય વચ્ચે ખાસ્સો સાત વરસનો ફેર હતો.

સુબોધ નિલયને બચ્ચાની જેમ ટ્રીટ કરતો, એને ખૂબ ચાહતો. બંને ભાઈઓ વચ્ચે મિત્રતા વધારે હતી. આટલા વરસમાં નિલયે સુબોધને ક્યારેય નહોતું પૂછ્યું, પણ આજે પહેલીવાર... નિલય ઉભો થયો, એણે સુબોધના ખભે હાથ મૂક્યો, એની આંખોમાં આંખો નાખી પૂછ્યું,

"બ્રધર, તારે કેમ નથી પરણવું?"

"બસ..." સુબોધે નજર હઠાવી લીધી. જાણે કંઈ છુપાવતો હોય એમ ઉમેર્યું... "નથી પરણવું યાર, ઇચ્છા જ

નથી થતી." અને ભરાઈ આવેલા અવાજે ઉમેર્યું, "બધાના નસીબમાં નિયતિ નથી હોતી, બચ્ચા..." નિલયની અંદર ઉંડે સુધી કાંઈ ખૂંચી ગયું. શું હતું એ એને ના સમજાયું, પણ એણે ગાંઠ વાળી કે એ સુબોધના મનનો તાર મેળવીને રહેશે. નિલય આગળ કંઈ બોલે એ પહેલા ફોનની રિંગ વાગી. સુબોધે પણ છુટકારાનો શ્વાસ લીધો.

"જાવ બ્રધર, તમારો ફોન છે."

નિલય ફોન તરફ ગયો તો ખરો, પણ એના મનમાં સુબોધનો એ અવાજ, એ આંખો અને એ એકસ્પ્રેશન ફીટ થઈ ગયા હતા. નિલયે ફોન ઉપાડ્યો:

"ડબ્બા, હજી ઉંઘે છે." એ નિયતિ હતી.

"ના ભઈ ના. હમણાં જ ઉઠ્યો. મારા જ્યેષ્ઠ ભ્રાતા સાથે ગોષ્ઠિ કરતો હતો."

"એ બધું પછી કરજે, મારે તારું અરજન્ટ કામ છે."

"મારું? મારું શું અરજન્ટ કામ છે તારે..."

"છે કહ્યું ને. એક કલાકમાં પરવારીને અહીંયા પહોંચ."

"એક કલાકમાં?"

"પચાસ મિનિટમાં."

નિલયને ખબર હતી કે દલીલ કરવાથી કંઈ નહીં વળે.

"સારું." એણે કહ્યું અને ફોન મૂકયો. સુબોધની સાથે ચાલતી વાત બીજે પાટે ચડી. નિલયે બાથરૂમ તરફ જવા માંડ્યું. સુબોધે મજાક કરી.

"સમન્સ આવ્યો છે? પહોંચવાનું હશે, નહીં?"

"હા, આપને વાંધો છે?" નિલયે કહ્યું.

"ના રે, જોરુ કા ગુલામ... મને શું વાંધો હોય. તું તારે પરણાવ, તારી સાળીને..." અને હસતો હસતો બહાર નીકળી ગયો... નિલય પણ બાથરૂમ તરફ વળ્યો. હવે એનું મન સુબોધમાંથી નીકળીને નિયતિ તરફ વળ્યું,

"શું હશે એવું કે આમ અરજન્ટલી બોલાવે છે..."

*

રીમાને ઉતારીને સુજયે બાઈક વાળી. સુજય બાઈક વાળીને સિવીલ હૉસ્પિટલ તરફ જવા લાગ્યો ત્યારે કોણ જાણે કેમ એની સામે રેવતીનો ચહેરો તરવરી રહ્યો હતો...

સુજય હજીય રેવતીના વિચારોમાંથી એની આસક્તિમાંથી બહાર નહોતો નીકળી શકતો. એને હજી યે ઉંડે ઉંડે રેવતીની ઝંખના હતી. કોણ જાણે કેમ એનું મન, એને રેવતીને ભૂલવા નહોતું દેતું... એનો આત્મા હજી યે

રેવતીમય, રેવતીના વિચારોથી ગદ ગદ હતો. સુજય હૉસ્પિટલ તરફ જતા જતા ભગવાનને મનોમન પ્રાર્થના કરી રહ્યો હતો કે રેવતી ખૂબ સુખી થાય. એને જીવનની એ બધી જ વસ્તુઓ મળે, જે એને પોતે નહોતો આપી શકવાનો...

લગ્ન કરવા માટે પોતાને વારંવાર પુશ કરતા એના મા-બાપને આ વખતે શું જવાબ આપીશ, એ વિચારીને સુજય ગૂંચવાઈ રહ્યો હતો. સુજયના મમ્મી રંજનાબહેન સુજયને પરણાવવા એટલા તો ઉતાવળા હતા કે ના પૂછોને વાત, અત્યાર સુધી તો સુજય ભણવાને બહાને, ઇન્ટર્નશિપને બહાને લગ્ન ટાળી રહ્યો હતો. રેવતીને મળ્યા પછી, એણે બે વર્ષ તો રેવતીની રાહ જોવામાં કાઢ્યા. હવે શું? હવે એ કઈ રીતે ના પાડશે એના મા-બાપને અને જો રંજનાબહેન એને પરણાવી જ દેશે તો શું એ આવનારી છોકરીને ન્યાય કરી શકશે? રેવતીએ એવો તો એના મન, મગજ પર કબજો જમાવ્યો હતો કે સુજય માટે બીજી કોઈ છોકરી વિશે વિચારવું પણ અઘરું હતું.

*

સમીર જાગીને બહાર આવ્યો, ત્યારે ટેબલ પર ગરમાગરમ બ્રેકફાસ્ટ અને સીમા બંને એની રાહ જોતા હતા. સમીરને પોતાની માને આમ બેઠેલી જોઈને એક ડૂમો ભરાઈ આવ્યો.

આ એ જ મા-બાપ હતા, જેમણે એને જીવથી ય વધારે ગણીને ઉછેર્યો હતો, આ એ જ મા-બાપ હતા, જેમણે એની કોઈ ઇચ્છા બાકી નહોતી રાખી. જેમણે એને આ ઘરમાં ક્યારેય એવું લાગવા નહોતું દીધું કે એ એમનો દીકરો નથી... સમીર જઈને સીમાને વળગી પડ્યો. મા-દીકરો બંને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા, બંનેના રડવાનો અવાજ સાંભળીને જાગેલા પંકજભાઈ આ દશ્ય જોઈને આંખો લૂછતા પોતાના રૂમ તરફ જતા હતા ત્યારે સમીર એમને પણ દોડીને વળગી પડ્યો. ઘરમાં એક કરુણમંગલ દશ્ય સર્જાઈ ગયું...

સમીર જ્યારે નાહી-ધોઈને ટેબલ પર આવ્યો ત્યારે એણે સીમાને કહ્યું:

“મા, તને નથી લાગતું કે આપણે આ વાત...”

“સમીર, આ વાત અહીંથી જ અટકે તો સારું.”

“મા, રેવતી મારી સાથે જિંદગી જોડવાની છે. એને આ કહેવું જોઈએ, એણે આ જાણવું જોઈએ, એવું તને નથી લાગતું?”

“એનાથી ખરેખર ફરક પડશે બેટા?”

“આપણને પડે કે નહીં, પણ એમને જરૂર પડશે. મા, આ વાતની પછી એમને ખબર પડે, એના કરતાં આપણે હમણાં જ...”

“તમે બાપ-દીકરો મારી વાત કેમ સમજતા નથી? છેક આરે આવેલી વાત કારણ વગર તૂટી જાય...”

સમીરે વચ્ચે જ વાત કાપી... “શું કામ તૂટી જાય મા? મને રેવતીમાં વિશ્વાસ છે, મારા પ્રેમમાં, મારા સંબંધમાં વિશ્વાસ છે. તું શું કામ ડરે છે?”

“ડરતી નથી, વાત કારણ ગૂંચવાય નહીં, એટલું જ ઇચ્છું છું.”

"કારણ વગર?" હસ્યો સમીર. "કારણ તો છે મા... કદાચ એ લોકો આ લગ્ન તોડી પણ નાખે તો હું એમને દોષ નહીં દઉં."

સીમાની આંખો ભરી ઉભરાઈ આવી.

"શું કામ આવું બોલે છે? શું કામ આવું વિચારે છે?"

"તે જ શીખવાડ્યું છે ને કે કોઈ પણ પરિસ્થિતિમાં સત્ય નહીં છોડવાનું, આજે જ્યારે તે શીખવાડેલા સિદ્ધાંતોની પરીક્ષાનો વારો છે, ત્યારે તું જ મને રોકે છે?"

સીમા એની સામે જોઈ રહી. આ છોકરાની ખેલદિલી અને સત્યને બિરદાવવું, કે એના આંધળા સાહસને અહીંથી જ રોકી દેવું, એ સીમાને નહોતું સમજાતું. સીમાએ છેવટે નસીબ પર જ નિર્ણય છોડવાનું નક્કી કર્યું...

અને એણે કહ્યું: "મને નથી સમજાતું. તું જ નક્કી કર..."

અત્યાર સુધી ચૂપચાપ ઉભેલા પંકજભાઈ આગળ આવ્યા. એમણે સમીરના ખભા પર હાથ મૂક્યો.

"બેટા, ઇશ્વર હંમેશા સત્યની સાથે રહે છે અને આપણે ઇશ્વરની સાથે રહેવું છે...હું આવું તારી સાથે?"

"ના." સમીરે કહ્યું. "આ મારો પ્રશ્ન છે."

સીમાએ ઝટકાથી એની સામે જોયું.

"ખોટું નહીં લગાડતી મોમ, પણ ખરેખર આ મારો પ્રશ્ન છે, અને મને એની સાથે એકલો જ લડી લેવા દે."

"વેરી ગુડ. મને તારા પર ગર્વ છે. માય સન..."

બાપ-દીકરો ભેટ્યા અને સમીરે ચપ્પલ પહેર્યાં...

"ક્યાં જાય છે?" સીમાએ પૂછ્યું, એ જાણતી હતી છતાં...

સમીર હસ્યો. સીમાની નજીક આવ્યો, એનો ચહેરો પોતાના બે હાથ વચ્ચે પકડ્યો. એની આંખોમાં આંખો નાખી અને કહ્યું:

"મોમ, જ્યાં પણ જઈશ, તને કહ્યા વિના નહીં જાઉં..." અને પછી સડસડાટ ઘરની બહાર નીકળી ગયો. સીમા ત્યાં જ બેસી ગઈ. પંકજભાઈએ એના ખભે હાથ મૂક્યો અને સીમા ફરી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

*

નિલય જ્યારે ઘનશ્યામરાયને ત્યાં પહોંચ્યો, ત્યારે વાતાવરણ વજનદાર હતું. ઘનશ્યામરાય, કલ્યાણી, રેવતી અને નિયતિ, ઘનશ્યામરાયના બેડરૂમમાં બેઠા હતા. કોઈ કશું બોલતું નહોતું. બધાના ચહેરા પર એક વજનદાર મૌન હતું. નિલયને એટલું સમજાઈ ગયું કે વાત બહુ ગંભીર છે. એ આવીને બેઠો. નિયતિએ ગળુ ખોંખારીને વાત શરૂ કરી...

"સમીર, અમને ખરેખર કોઈ ફરક નથી પડતો, અમે તને ઓળખીએ છીએ, તારા કુટુંબને ઓળખીએ છીએ.

છેલ્લા ત્રણ મહિના દરમ્યાન તારા માતા-પિતા અને તમને સૌને મળ્યા પછી...” એ સહેજ અચકાઈ. એણે નિલય સામે જોયું.

“તું ખરેખર એમનો દીકરો છે કે નહીં, એનાથી અમને કોઈ ફરક પડતો નથી. મારા મમ્મી-પપ્પા, હું અને રેવતી આ વાતને બહુ સ્વાભાવિક રીતે સ્વીકારી શકીશું. પણ હું એમ માનું છું કે દાદીને આ વાત ન કહેવી જોઈએ...” ફરી એક વજનદાર મૌન આખા રૂમમાં ઘુમરાઈ રહ્યું... થોડીવાર સુધી કોઈ કશું ના બોલ્યું. પછી જાણે ઉંડી ગુફામાંથી આવતો હોય એવો સમીરનો અવાજ આવ્યો.

“મને ફરક પડે છે... મને એ જાણવું છે કે હું કોનો દીકરો છું, શું કામ તરછોડાયો? મારું નામ શું? મારી જાત શું? મારા મા-બાપ શું...”

ઘનશ્યામરાયે નિલય સામે એક નજર નોંધી અને ફરી સમીર સામે જોયું...

“બેટા, અમને તો કંઈ વાંધો નથી કે તું તારી જાતની, તારી મૂળની, તારા અસ્તિત્વમાં નીકળે, પણ વિચાર બેટા, માત્ર એટલું વિચાર કે અમે... અમારાથી વધારે રેવતી લોકોને શું જવાબ આપીશું?”

નિલયને આ વાત સમજાઈ નહીં, પણ એ એટલું ચોક્કસ સમજ્યો કે એના આવતા પહેલા સમીરે કોઈ એવી વાત કરી છે કે જેનાથી આ ઘરનું વાતાવરણ વજનદાર બની ગયું છે... સમીરે ફરી મક્કમ પણ ઉંડા અવાજે વાત શરૂ કરી...

“હું સમજું છું, લગ્નના આગલે દિવસે લગ્ન રોકી દેવા, એ કેટલી અઘરી વાત બનશે, આપણા સૌ માટે. પણ હું તમને સત્ય કહું, તો આ લગ્ન મારે માટે હમણાં શક્ય નથી...”

રેવતી નીચુ જોઈને એકસરખુ રડી રહી હતી...

નિલયને ધીમે ધીમે સમજાવવા લાગ્યું. પણ જ્યાં સુધી પૂરેપૂરું ના સમજાય ત્યાં સુધી બોલ્યા વિના એ માત્ર વાત સાંભળવા માગતો હતો.

“જુઓ, હું પોતે જ મારે વિશે નથી જાણતો, હું રેવતીને એક ભવિષ્ય આપવાનું વચન કેવી રીતે આપી શકું?”

નિયતિએ સમીર સામે જોયું.

“ધારો કે તને તારા મમ્મી-પપ્પા મળી ગયા સમીર, એનાથી ખરેખર કોઈ ફેર પડશે? તું સમીર નહીં અને અસ્લમ હોઈશ, કે જ્હૉન હોઈશ, તો રેવતી તને પ્રેમ નહીં કરે?”

“સવાલ એ નથી નિયતિ, સવાલ એ છે કે સમીર પંકજભાઈ મહેતા નામનો એક માણસ હવે સમીર પંકજભાઈ મહેતા નથી રહ્યો. એ કોઈ બીજો છે અને એ બીજો કોણ છે, એ ન સમજાય ત્યાં સુધી હું મારું ભવિષ્ય કોઈ સાથે કેવી રીતે જોડી શકું?”

નિ:શબ્દ રડતી રેવતીના ખભે ચૂપચાપ હાથ ફેરવી રહેલા કલ્યાણીબહેને સમીર સામે વહેતી આંખે જોયું...

“અમે શું જવાબ આપીશું લોકોને?”

“હું આપીશ જવાબ, જવાબ બીજા કોઈએ નથી આપવાનો.”

"એવું કહેવું સહેલું છે બેટા..."

"તમે ચિંતા છોડી દો. મેં તમને કહ્યું ને, હું જવાબ આપીશ."

નિયતિએ સમીરની સામે જોયું. થૂંક ગળે ઉતાર્યું અને પછી કહ્યું:

"તે નક્કી જ કરી લીધું છે, તો પછી રાહ શેની જુએ છે? જતો રહે, અને તારે જેમ કરવું હોય એમ કર."

રેવતી હજી યે રડી રહી હતી. સમીરે રેવતી સામે જોયું.

"તારે કંઈ નથી કહેવું?" એણે રેવતીને પૂછ્યું.

રેવતીએ લાલચોળ આંખોથી સમીર સામે જોયું. બસ જોતી રહી અને નિ:શબ્દ રડતી રહી.

કોણ જાણે શું સમજીને પણ ઘનશ્યામરાયે કહ્યું:

"આપણે બધા થોડીવાર બહાર જઈએ... પ્રશ્ન એમના જીવનનો છે, અંતિમ નિર્ણય એ બે જણાનો જ હોઈ શકે."

સૌથી પહેલા ઘનશ્યામરાય ઉભા થયા, પછી નિયતિ, પછી નિલય અને છેલ્લા કમને કલ્યાણીબહેન ઉભા થયા. બધા બહાર ગયા. રેવતી અને સમીર એ કમરામાં એકલા, સાવ એકલા એકબીજાની સામે જોતા બેસી રહ્યા. પછી સમીર ઉભો થયો અને રેવતીની પાસે ગયો... એણે એના ખભે હાથ મૂક્યો. રેવતીએ એનો હાથ કાઢી નાખ્યો અને ફરિયાદથી, પ્રશ્નોથી, દુ:ખથી નીતરતી નજરે એની સામે જોયું...

"કેમ સમીર? કેમ..." અને એણે સમીરનું શર્ટ પકડી લીધું. એની છાતીમાં પોતાનું માથું નાખીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. સમીરે ક્યાંય સુધી મુક્કા મારતી, રડતી-કકળતી રેવતીની પીઠે માત્ર હાથ ફેરવ્યા કર્યો અને છેવટે માત્ર એટલું જ કહ્યું:

"હું પણ નથી જાણતો કેમ... પણ રેવતી, મને જવા દે. મને મારી શોધમાં જવું છે. મને મારી પોતાની તલાશ કરવી છે."

રેવતી કશું જ ન બોલી, અને એણે ધીમે ધીમે સમીરને છોડી દીધો. સમીર છોડીવાર એમ જ ઉભો રહ્યો અને પછી સડસડાટ રૂમની બહાર નીકળી ગયો. ડ્રોઈંગરૂમમાં ઘનશ્યામરાય, નિયતિ, નિલય અને કલ્યાણીબહેન એની રાહ જોઈને બેઠા હતા. સમીર ત્યાં એક ક્ષણ રોકાયો અને પછી ચપ્પલ પહેરીને સડસડાટ ઘરની બહાર નીકળી ગયો. સહુ સ્તબ્ધ, નિ:શબ્દ એને જતો જોઈ રહ્યા... કલ્યાણીબહેન જોરથી રડી પડ્યા. ઘનશ્યામરાયે પણ આંખો લૂછી લીધી અને નિયતિએ ભરપૂર તિરસ્કાર સાથે જતા સમીરની પીઠ પાછળ એને સંભળાય એટલા જોરથી કહ્યું:

"કાયર!"

સમીરે આ સાંભળ્યું. પણ પાછળ જોયા વિના સડસડાટ ઉતરી ગયો. આખી ય પરિસ્થિતિમાં નિલય ડઘાયેલો, ઠગાયેલો ત્યાં ને ત્યાં જ ઉભો રહ્યો, એને સમજાયું નહીં કે એણે શું કરવું જોઈએ. અંદરના રૂમમાંથી હજી યે રેવતીના રડવાનો અવાજ આવતો હતો.

*

ત્રેવીસ

'રેવતી... રેવતી...'

કોઈ બૂમ પાડતું હતું.

દૂ...રથી.

રેવતીની આંખો ખૂલી ગઈ.

અંધારાને કારણે જરા વાર લાગી - આંખોને ગોઠવાતાં, અંધારામાં સેટલ થતાં.

હલ્કા બ્લ્યુ રંગનો લેમ્પ જલી રહ્યો હતો - આછો પ્રકાશ હતો.

તદ્દન શાંતિ પથરાયેલી હતી. ચારે તરફ.

ઘડિયાળની ટક-ટક-ટક-ટક એકધારી ચાલતી હતી.

બાજુથી ખુરશીમાં નર્સ ઝોકાં ખાતી હતી.

'ક્યાં છું હું?'

રેવતીએ વિચારવું પડ્યું. 'ઓહ હા, હિન્દુજા હૉસ્પિટલનો કમરા નંબર એક હજાર આઠ! દસમે માળે...કૂદી પડી શકાય - મરી જવાય, નક્કી!'

રેવતીના મનમાં વિચાર ઝબકી ગયો. ઊભી થવા ગઈ - પણ, હાથમાં ખોસેલી સોય અને નળી નડી ગઈ.

ઊંધી લટકતી ગ્લુકોઝ અને સેલાઈનની બોટલ ટપકતાં ટીપાંની સાથે રેવતીના શરીરમાં શક્તિ ઉંડેલી રહી હતી - ટપક...ટપક...ટપક

રેવતી થોડીક વાર જોતી રહી, ટપકતાં ટીપાંઓને - એકીટસે, પછી આંખો મીંચી દીધી...

થાક લાગતો હતો. એકધારું જોયા કરવાનો, એકધારું વિચારવાનો. એકધારું જીવવાનો...

'કેટલા દિવસ થયા હતા. આ હોસ્પિટલના કમરા નંબર એક હજાર આઠમાં?

આઠ? દસ? બાર?

કોને ખબર?

કેટલા દિવસ થયા, અરીસામાં ચહેરો પણ નથી જોયો.

મા કહેતી હતી, ફિક્કી પડી ગઈ છું હું!'

ડૉક્ટર શાહ કહેતા હતા - 'નસીબદાર છો તમે અને તમારી દીકરી બંને! એટલું લોહી વહી ગયું હતું કે, એનું બચી જવું એક ચમત્કાર જ કહેવાય. એ તો ટ્વીનબહેન હતી અને બ્લડ તરત જ ક્રોસ મેચ થઈ ગયું, બાકી

આવી રીતે લોહી મળવું પણ અસંભવ જ છે!'

'શું કામ થયો આ ચમત્કાર? અહીં જીવવું કોને છે - સમીર વિના જીવવાનો અર્થ છે કોઈ?'

રેવતીની આંખો છલછલાઈ ઊઠી.

રોજ સવારે ડૉક્ટર શાહ આવતા - પ્લાસ્ટિકિયું સ્માઇલ અને જુનિયર ડૉક્ટરોનું ધાડું લઈને.

'ગુડ મોર્નિંગ, હાઉ આર યુ ફિલિંગ નાઉ?'

એક સરખો સવાલ, રોજેરોજ.

'બેટર' એકસરખો જવાબ - રેવતીનો.

બધુંયે એકધારું - એકસરખું - નિશ્ચિત.

ડિસઇન્ફેક્ટન્ટની વાસ. સ્પન્જ, તાવ અને બ્લડપ્રેશરનો ચાર્ટ...કાંડા પરના ઘાવનું ડ્રેસિંગ -

આંખો ખોલી રેવતીએ, હજીયે ડ્રીપ એકધારી ટપક્યાં કરતી હતી. ટપક...ટપક...

કશુંયે અચાનક - અણધાર્યું બનતું નથી.

'જેમ કે - જેમ કે...

સમીર... સમીરનું આવી પહોંચવું - અચાનક.

સમીર આવીને વળગી પડે મને. માફી માગે - જે થયું એ માટે મને કહી દે કે, 'મારી ભૂલ થઈ ગઈ. તને છોડીને ચાલ્યા જવું મારે માટે શક્ય જ નથી - રેવતી. મેં જોઈ લીધું ' રેવતી વિચારતી રહી.

'હું તારા વિના જીવી નહીં શકું...' એવું કહી દે સમીર...

આ દિવસો ભૂંસાઈ જાય, ઈરેઝ થઈ જાય -

બધું હતું એવું થઈ જાય, નોર્મલ. પહેલાં જેવું જ...

કાંડા પરનો જખમ પણ જાણે હતો જ નહીં.

હંમેશની જેમ - આંખો ખૂલે ને પોતે પલંગ પરથી નીચે પડી ગઈ હોય - મા-બાપુ, નિયતિ દાદી બધાં જ હસતાં હોય. શિવુકાકી વઢતાં હોય - સૌને, 'એક તો પડી ગઈ બિચારી, ને બધાં હસો છો...??' એક ખરાબ - બિહામણું સ્વપ્ન જાણે કે પૂરું થઈ જાય પણ -

સ્વપ્ન ક્યાં હતું આ?

આ તો કમરા નંબર એક હજાર આઠ હતો, હિન્દુજા હૉસ્પિટલનો.

કાંડા પર પાટો બાંધેલો જ હતો. એની નીચે જખમ હતો - ત્રણ ઇંચ લાંબો ને દોઢ ઇંચ ઊંડો. જેમ જેમ દિવસો વીતતા હતા એમ એમ જખમ રૂઝાતો હતો અને સમીરના પાછા નહીં ફરવાની હકીકત વધુ ને વધુ

કોરતી હતી ઊંડે ઊંડે... શારડીની જેમ...

...જેવી રીતે બ્લેડ ફરતી હતી કાંડા પર, મજબૂતીથી -

હજીયે યાદ છે એ અનુભવ - રેવતીને.

આંખો મિંચાઈ એ પહેલાં એણે લોહીનું ખાબોચિયું જોયું હતું. બાથરૂમની ફર્શ પર.

પોતે જ બ્લેડથી ચીરો મૂક્યો હતો ડાબા કાંડા પર. જમણા હાથે જરા પ્રેશર આપતાં ફાવે એટલે ખાસ ડાબું કાંડું પસંદ કર્યું હતું.

'બાપુ' - રેવતીના પિતા, ઘનશ્યામરાય આચાર્ય તો દાઢી રાખતા. ભાઈ હતો નહીં, એટલે જાતે જ જઈને બ્લેડ લઈ આવી હતી.

બધું જ નક્કી હતું. બાથરૂમમાં નહાવા ગઈ. કડી જરા ઢીલી જ બંધ કરી હતી.

ચીરો મૂક્યો - ઊંડો ખોતર્યો અને લોહી ધસી આવ્યું. લાલચોળ, ટપ...ટપ...ટપ.ટપ...

બાથરૂમની ટાઇલ્સ લાલ લાલ ટીપાંથી ઢંકાતી ગઈ.

રેવતી એ ખસી-ખસીને જુદી જુદી જગ્યાએ ટીપાં પાડ્યાં. જાણે વ્હાઇટ પ્લેઇન કપડા ઉપર લાલ રંગનાં પોલ્કા કોટની ડિઝાઇન. પછી -

ધીમે ધીમે ટીપાં મોટાં થવા માંડ્યાં - સમીરને ખૂબ ગમતાં પોલ્કા ડોટ્સનાં વસ્ત્રો -!!!!

રેવતીએ જખમ જરા વધારે ખોતર્યો - બ્લેડ ઘસી - ઝનૂનપૂર્વક.

જાણે સમીરનો વિચાર ખોતરી કાઢવો હોય એમ! લાલ રંગનું એક નાનકડું ખાબોચિયું ભરાવા માંડ્યું...

એ ટબમાં સૂઈ ગઈ અને બેભાન થવાની રાહ જોવા લાગી.

ફર્શ પર ખાબોચિયું મોટું ને મોટું થતું ગયું.

રેવતી એકીટસે જોતી હતી થાક્યા વગર.

ફેલાતો જતો લાલ-લાલ રંગ.

પછી જુદા જુદા રંગોનાં ચક્રો બનવા માંડ્યાં. આંખ સામે પ્રકાશનાં ધાબાં - આંખો ઘેરાવા માંડી - હાથ પગ શિથિલ થઈ ગયા...

આમ જ આવતું હશે મોત?

રેવતીએ સમીરનો ફોટો કાઢ્યો.

શરારતી સ્મિત અને દિલધડક ચહેરો - આંખોમાં કેદ કરી લીધો એ ચહેરાને જાણે, અને છાતીસરસો ચાંપી આંખો બંધ કરી દીધી. એવા વિશ્વાસ સાથે કે હવે નહીં ખૂલે!

*

રેવતી જ્યારે હૉસ્પિટલમાંથી ઘરે આવી ત્યારે કોણ જાણે કેમ આખા ય ઘરમાં એક વજનદાર મૌન હતું. બને ત્યાં સુધી કોઈ કોઈની સાથે વાત નહોતું કરતું. તારાબહેન પોતાના રૂમમાંથી ભાગ્યે જ બહાર આવતા. કલ્યાણી પણ પોતાનું કામ પરવારીને માળા કરવા બેસી જતી. ઘનશ્યામરાય સવારે ઑફિસ જતા અને સાંજે મોડા પાછા આવતા. એકમાત્ર નિયતિ હતી, જે રેવતી સાથે સતત રહેતી. કોઈને કોઈ બાબતે, કોઈને કોઈ વિષય પર એની સાથે વાતો કર્યા કરતી, પણ છતાં ય રેવતીને એટલું સમજાતું હતું કે એની વાતો ક્યાંક પુષ્કળ પીડા હતી, પુષ્કળ દુઃખ, પુષ્કળ તકલીફ હતી...

પંકજભાઈ અને સીમા એક વાર રેવતીને જોવા હૉસ્પિટલ આવ્યા હતા, એ પછી શરમથી કે દુઃખથી એમણે રેવતીને મળવાનું ટાળ્યું હતું. નિલય રોજ આવતો. થોડીવાર બેસતો. આડી-અવળી વાતો કરીને ચાલી જતો. રેવતી હૉસ્પિટલથી ઘરે આવ્યા ને આજે બરાબર એક મહિનો થઈ ગયો હતો. કલ્યાણીએ એક પણ વાર એના માથે હાથ ફેરવ્યો નહોતો, કે નહોતી જરૂર વગર એની સાથે વાત કરી. તારાબહેન એક પણ વાર એના રૂમમાં નહોત આવ્યા. ઘનશ્યામરાય પણ માત્ર એની ખબર પૂછી, ચાલી જતા. આજે ઘણા દિવસે રેવતીને લાગ્યુ કે એણે આ વિશે વાત કરવી જોઈએ. પોતાનો આપઘાતનો પ્રયત્ન મા-બાપને નહોતો ગમ્યો? પણ એ શું કરી શકે? આવી રીતે જિંદગીના અડધા રસ્તે તમે જેને જિંદગી સોંપી હોય, એ તમને મૂકીને ચાલી જાય, તો તમે કરી શું શકો? રેવતીએ આજે જમતી વખતે એ વિશે વાત કરવાનું નક્કી કર્યું હતું. નિયતિ ક્યાંક બહાર ગઈ હતી. એ ઘરમાં આવતાની સાથે જ સીધી જ રેવતી પાસે આવી.

“હાય સિસ...” નિયતિ બને એટલી નોર્મલ રહેવાનો પ્રયત્ન કરતી પણ એના અવાજમાં પણ ક્યાંક એક જૂઠ હતું, એક છળ જે રેવતીને સંભળાતું એના પ્રત્યેક શબ્દમાં, એના પ્રત્યેક વર્તનમાં, એક હસતા-રમતા કુટુંબને કોણ જાણે કોની નજર લાગી ગઈ હતી... નિયતિએ અંદર આવીને કહ્યું:

“હાય સિસ...”

“હાય” રેવતીએ ભાવવિહિન જવાબ આપ્યો.

“શું વાંચતી હતી?”

“કંઈ નહીં. તું ક્યાં ગઈ હતી?” એણે હાથમાંનું પુસ્તક બાજુએ મૂક્યું. એ નહોતી ઇચ્છતી કે પુસ્તકની વાત... એ પૂછવા માગતી હતી એ વાતને રોળી નાખે. નિયતિએ રેવતીને જવાબ આપ્યો.

“કંઈ નહીં, અમસ્તી જ બહાર ગઈ હતી, થોડું કામ હતું.” એ ઉઠવા જ જતી હતી કે રેવતીએ એનો હાથ પકડયો.

“નિતુ...” રેવતીએ કહ્યું અને નિયતિએ ચોંકીને એની સામે જોયું. એનો અવાજ અને એનો ચહેરો નિયતિને જુદા લાગ્યા.

“હું” નિયતિએ કહ્યું...

“શું વાત છે?” રેવતીએ પૂછ્યું.

"શું?" નિયતિના અવાજમાં એક ડર હતો. "શું વાત છે?" નિયતિએ સહેજ કંપતા અવાજે પૂછ્યું. એને પણ ખબર હતી કે જે ઘડી એ ટાળી રહી હતી. એ આવી ચૂકી હતી...

"નિતુ, તું શું છુપાવે છે મારાથી? શું થયું છે, મને કહે... પ્લીઝ મને કહે..."

"કંઈ નથી થયું, શું થયું છે?"

"મા-બાપુ મારી સાથે સરખી રીતે બોલતા નથી. દાદી તો મને જોવા પણ નથી આવતા... મારો એટલો મોટો ગુનો છે?" રેવતીની આંખો છલકાઈ ગઈ. "ખરેખર કહે, કે મારો શું ગુનો છે, આમાં? આ સમીરનો નિર્ણય હતો. મેં એને રોક્યો હતો, સમજાવ્યો હતો, પણ એ..."

"જાણું છું." નિયતિએ કહ્યું. "મારું તો નામ જ નિયતિ છે... નસીબ, ડેસ્ટિની, વિધાતા... સૌથી બળવાન, અને છતાં આજે સૌથી કમજોર... રેવતી, મને સમજાતું નથી કે તને કઈ રીતે કહું... પણ મા-બાપુ બહુ દુ:ખી છે."

"સમજી શકું છું. પણ હું ય શું કરું? આમાં હું તો ક્યાંય..."

નિયતિ ઉભી થઈ. રેવતીની નજીક આવી... એના ખભે હાથ મૂક્યો અને વિચારવા લાગી કે રેવતીને એ વાત કઈ રીતે કહેવી, જેણે આખા ઘરને એક સમસ્યામાં ધકેલી દીધું છે...

*

રાત્રે ઘનશ્યામરાય આડા પડ્યા ત્યારે કલ્યાણી એમની તરફ જોઈ રહી, ચૂપચાપ. એક પણ અક્ષર બોલ્યા વિના...

"શું છે?" ઘનશ્યામરાયે પૂછ્યું.

"તમે નથી જાણતા?"

"તો શું કરું? મને પણ નથી સમજાતું..."

"કંઈક ને કંઈક ઉપાય તો કરવો જ પડશે ને..."

"મને તમારી સાથે આ વાત કરતાં મરવા જેવું લાગે છે, પણ છતાં ય આ વાતને ક્યાંક તો પૂરી કરવી પડશે ને... આજે મહિનો થયો, સમીરના કોઈ સમાચાર નથી. એના મા-બાપ પણ થાક્યા છે. આજે જ સીમાબહેનનો ફોન હતો. એ છોકરો ધરતીના પેટાળમાં ઉતરી ગયો છે કે આકાશમાં ઉડી ગયો છે. સીમાબહેને બધી જ તપાસ કરાવી લીધી... છેલ્લો સમીર સોળમીએ સાંજે જનમંગલ આશ્રમમાંથી નીકળ્યો હતો. એ વાતને આજે બરાબર એક મહિનો થયો... એના કોઈ ખબર નથી..."

ચિડાઈ ગયા ઘનશ્યામ રાય..."તો શું કરું? કહે મને."

"કહું?"

"હા, હા... બોલ. મારી તો બુધ્ધિ આમેય બહેર મારી ગઈ છે, મને કંઈ સૂઝતું નથી... હવે તો તું કહીશ એમ જ કરીશ."

"હું રેવતી અને નિયતિ બંનેને લઈને અમદાવાદ જાઉં."

"અમદાવાદ? નામ ના લઈશ અમદાવાદનું..."

"જુઓ, ત્યાં અજિતભાઈનું ઘર છે, ઓળખીતાઓ છે. સારી હૉસ્પિટલો અને ડૉક્ટરો છે. કોઈકને કોઈક ઉપાય નીકળી આવશે..."

"મરી કેમ ના ગઈ..." બોલતા બોલતા ઘનશ્યામરાય રડી પડ્યા. કલ્યાણીએ એમની પીઠે હાથ ફેરવ્યો. "આપણી દીકરી છે, આપણું લોહી, આપણું ફર્જન છે, આપણે જ આવું બોલીશું તો લોકો તો..."

ઘનશ્યામરાય રડતા રહ્યા અને કલ્યાણી એમને અમદાવાદ જવાના ફાયદા સમજાવતી રહી.

*

સત્તરમી ઑક્ટોબરે સાંજની ફ્લાઈટમાં રેવતી, નિયતિ અને કલ્યાણી અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા, ત્યારે રીમા અને સુજય એમને લેવા આવ્યા હતા... નિયતિ અને સુજયે એકબીજા સામે જોયું... એક પણ અક્ષર બોલ્યા વિના એ બે જણા વચ્ચે ખાસ્સી વાત થઈ ગઈ. સુજયની આંખોમાં એક ગજબ આશ્વાસન, એક ગજબ સધિયારો હતો... રેવતીએ સુજયની સામે જોયું અને નજર ઝુકાવી લીધી. રીમાએ નજીક આવીને કલ્યાણીબહેનનો હાથ પકડી લીધો.

"કેટલા વખતે આવ્યા કાકી?" રીમાએ કહ્યું. અને કલ્યાણીની આંખોમાંથી આંસુના બે ટીપાં રીમાના હાથ પર ટપકી પડ્યા.

*

સત્તરમી ઑક્ટોબરની સવારે નિયતિ અને નિલય મળ્યા ત્યારે શું બોલવું, એ બેમાંથી કોઈને નહોતું સૂઝતું. નિલય ગંભીર થઈને ચૂપચાપ બેસી રહ્યો હતો. નિયતિ થોડી થોડીવારે એની સામે જોતી અને પછી શૂન્યમાં તાકતી, ચૂપચાપ બેઠી હતી.

"શું કામ ચિંતા કરે છે? બધું બરાબર થશે." નિલયે કહ્યું.

"કહેવું સહેલું છે, નિલય... રેવતીના શરીરમાં જે રીતે લોહી વહી ગયું છે, એ રીતે બહુ અઘરું છે. અહીંના ડૉક્ટરોએ તો હાથ ઉંચા કરી લીધા છે... એણે ચીરો મૂક્યા પછી પોણો કલાક લોહી વહ્યું છે. શી ઇઝ ટુ એનિમીક... એના શરીરમાં નવું લોહી બનતા બીજા છ મહિના લાગશે ત્યાં સુધી..." નિલયે નિયતિના હાથ પર હાથ મૂક્યો.

"શું કામ ચિંતા કરે છે, તમે જાવ છો ને અમદાવાદ, ત્યાં સુજય છે, એના ઓળખીતા કેટલાય ડૉક્ટરો હશે, મને વિશ્વાસ છે કે બધું ઠીકઠાક થઈ જશે."

"મા અને બાપુ બહુ દુ:ખી છે, ખાસ કરીને બાપુ તો..." નિયતિની આંખમાં પાણી આવી ગયા. નિલયે ફરી એનો હાથ મજબૂતીથી પકડ્યો.

"ડૉન્ટ વરી, સમય બધું ઠીક કરી દેશે. તમારું ઘર ફરી એકવાર હસતુ-રમતું, ખુશખુશાલ બની જશે." નિયતિ

રડી પડી... નિલયે એને રડતી જોઈ રહ્યો.

આ બધા દિવસો દરમ્યાન નિયતિ એક મજબૂત વ્યક્તિની જેમ વર્તી હતી... એના મા-બાપની પડખે ઉભી રહી હતી. એમને કોઈ તકલીફ, કોઈ મુશ્કેલી ન પડે, એનું એણે સતત ધ્યાન રાખ્યું હતું. ફક્ત નિલયને મળતી, ત્યારે એ નબળી થઈ જતી. બહાદુરીનું મ્હોરું ઉતારીને થોડીકવાર પોતાનું દુ:ખ, પોતાની પીડા પણ એ વહેંચી લેતી...

... અને એટલે જ રડતી નિયતિને નિલયે રોકી નહીં, રડવા દીધી...

*

અત્યારે પણ અમદાવાદ એરપોર્ટ પર એ વાત યાદ આવતા નિયતિની આંખો છલકાઈ ગઈ. સુજયે એ જોઈ લીધું. નિયતિએ આડું જોઈ આંખો લૂછી લીધી અને કહ્યું,

"ખાસ્સી ગરમી છે નહીં?"

"તું આવી છે ને, હવે મોસમ બદલાઈ જશે." સુજયે કહ્યું અને આટલા બોઝલ વાતાવરણ વચ્ચે પણ બધાના ચહેરા પર એક સ્મિત આવી ગયું. સુજયને મળીને નિયતિ જાણે અચાનક રિલેક્સ થઈ ગઈ. એને લાગ્યું કે સુજય આખી પરિસ્થિતિ સંભાળી લેશે...

અજિતભાઈના ઘરે પહોંચીને રેવતી આડેપડખે થઈ. એને હજી ખૂબ નબળાઈ લાગતી હતી. પ્રવાસનો થાક હતો અને વિચારો એનો પીછો નહોતા છોડતા.

ગેસ્ટરૂમમાં એ.સી. ચાલુ કરીને બારુણું બંધ કરીને રીમા બહાર આવી, ત્યારે સુજય, નિયતિ, કલ્યાણી, મીનાબહેન, મિહિર અને અજિતભાઈ ચૂપચાપ બેઠા હતા. સુજયના હાથમાં રેવતીના રિપોર્ટ્સ હતા. સુજય ધ્યાનથી એમને જોઈ રહ્યો હતો. સૌ સુજય સામે જોઈ રહ્યા હતા...

સુજયે રિપોર્ટ વાંચ્યા, વાળીને મૂક્યા અને ચૂપચાપ બેસી રહ્યો. નિયતિથી ન રહેવાયું.

"શું વાત છે?" એણે સુજયને પૂછ્યું.

"તમે ઘરના છો, એટલે ગોળ ગોળ વાત કરવાનો અર્થ નથી. આપણે સાંજે ગાયનેકોલોજીસ્ટ પાસે તો જઈશું જ, પણ મને નથી લાગતું કે એ હા પાડે..."

વાતાવરણનું વજન અચાનક વધી ગયું. કલ્યાણીની આંખો ફરી છલકાઈ ઉઠી. મીનાબહેને એના ખભે હાથ મૂક્યો.

"એટલે?" કલ્યાણીએ પૂછ્યું.

સૌની આંખોમાં એ જ સવાલ હતો...

"એટલે શું? આ રિપોર્ટ જોઈને એક ડૉક્ટર તરીકે શું કહે છે સુજય?"

સુજયે ઉંડો શ્વાસ લીધો, પછી સૌના ચહેરા પર એક સરસરી નજર ફેરવી, સહેજ અચકાયો અને પછી

બોલ્યો:

“નોટ પોસિબલ! આ રિપોર્ટ સાથે કોઈ પણ પ્રતિષ્ઠિત ડૉક્ટર રેવતીનું અબોર્શન નહીં કરે, અને ઉંટવૈદ પાસે જવાનો કોઈ અર્થ નથી. આપણે રેવતીને ખોવા નથી માગતા, રાઈટ? મને નથી લાગતું કે રેવતીનું અબોર્શન કોઈ રીતે શક્ય છે...”

સૌના ચહેરા પર કાજળ લીપાઈ ગયું. કલ્યાણી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. નિયતિ અને મીનાબહેન એને આશ્વાસન આપવા લાગ્યા. અજિતભાઈ અને મિહિર ગંભીર થઈ ગયા અને ત્યાં અચાનક એક ડૂસકું સંભળાયું... સૌની નજર ત્યાં ગઈ.

ગેસ્ટરૂમના દરવાજા પાસે ઉભેલી રેવતી રડતી રડતી ત્યાં જ બેભાન થઈ ગઈ. જે વાત આટલા દિવસથી રેવતીથી છુપાવાઈ રહી હતી, એ રેવતીએ સાંભળી લીધી હતી. રેવતી આઘાત અને તકલીફથી બેભાન થઈ ગઈ. રેવતીની આંખો મિંચાય અને એ જમીન પર પડે એ પહેલા વીજળીની જેમ સુજયે ઉભા થઈને એને ઝીલી લીધી. સુજયના હાથમાં બેભાન થઈ ગયેલી રેવતીને જોઈ નિયતિને વિચાર આવ્યો,

“હવેના દિવસોમાં રેવતીને કોઈ સંભાળી શકે, તો એ માત્ર સુજય છે...”

*

ચોવીસ

"બ્લડ લૉસ ખૂબ થયો છે... શરીરની પરિસ્થિતિ ખૂબ નાજુક છે. આવામાં એબોર્શન કરવા જઈએ અને ફરી બ્લીડિંગ શરૂ થઈ જાય તો પેશન્ટનો જીવ જાય... અમુક દવાઓથી અબોર્ટ કરવાનો પ્રયત્ન થઈ શકત. પણ... હવે મોડું થઈ ગયું છે..." ડૉક્ટરે કહ્યું.

શહેરના ત્રણ નામાંકિત ગાયનેકોલોજિસ્ટસનો અભિપ્રાય એક જ હતો.

"આટલું બધું લોહી વહી જવાના કારણે એ ખૂબ નબળી પડી ગઈ હતી. કદાચ એવું બને કે એનું શરીર અને એનું ગર્ભાશય આ બાળક જીરવી જ શકે નહીં. એવા સંજોગોમાં નોર્મલ મીસ કેરેજની શક્યતા રહે છે, પરંતુ અર્બોશનનો સવાલ આ સંજોગોમાં તો ઉભો નથી જ થતો..."

કલ્યાણીબેન અને મીનાબેનની ઉંઘ ઉડી ગઈ હતી. નિયતિ સમજી નહોતી શકતી કે એ શું કરી શકે, જેનાથી એના ઘરમાં એ સુખ અને શાંતિનું વાતાવરણ પાછું ફરે. રેવતી ચોવીસ કલાક રડ્યા કરતી. જાગીને બારી પાસે બેસતી, તો ક્યારેક આપઘાત કરવાના વિચારો કરતી...

નિયતિ અને કલ્યાણીબેનને માત્ર એટલો જ ભય હતો કે રેવતી ક્યાંક આ અપરાધભાવનામાં અને તકલીફમાં ખોટું પગલું ના ભરી લે...

શહેરના ડૉક્ટરોને કન્સલ્ટ કરતા કરતા પાંચ દિવસ થઈ ગયા હતા. કોઈને સમજાતું નહોતું કે આમાં શું થઈ શકે?

શહેરના સૌથી નામાંકિત ડૉક્ટર જેઓ ત્રણ ત્રણ પેઢીથી ગાયનેકોલોજિસ્ટ હતા અને જેમનું આખું કુટુંબ ડૉક્ટર હતું એમ કહી શકાય એવા સુજયના પણ પ્રોફેસર રહી ચૂકેલા ડૉ. અતુલ મુન્શી પાસે આજે બધા ગયા હતા.

અતુલભાઈએ એમના સૌમ્ય અવાજ અને મૃદુ સ્વભાવથી રેવતીને કાઉન્સિલ કરવાનો પ્રયત્ન કર્યો. પછી, કલ્યાણીબેનને કહ્યું:

"જુઓ બાળકને જન્મ આપવો એ હવે એકમાત્ર ઓલ્ટરનેટિવ બચે છે, સિવાય કે કુદરત આપણી સાથે હોય અને કુદરતી રીતે મીસ કેરેજ થઈ જાય. કલ્યાણીબેન, તમે તો ભગવાનમાં માનો છો, કુદરતમાં માનો છો... ભ્રુણ હત્યા એ પાપ છે અને એ પાપ અમે તો નથી જ કરતા. પણ હું તમને સલાહ આપીશ કે તમે પણ ન કરો. એના કરતાં આટલી સુંદર સમજદાર, ભણેલી-ગણેલી છોકરીને કોઈ સારો છોકરો જોઈ પરણાવી દો..."

ડૉક્ટરને ત્યાંથી સૌ પાછા ફર્યા. સુજય, મીનાબેન અને કલ્યાણી બેઠા હતા. નિયતિ બેચેનીમાં આમથી તેમ ચાલતી હતી... રેવતી નીચું માથું કરીને એક પણ અક્ષર બોલ્યા વિના નિ:શબ્દ રડી રહી હતી. "કેવી રીતે થઈ આવડી મોટી ભૂલ?" ...અને, "ભૂલ પણ કેવી? માણસ સુધારી ન શકે એવી..."

રેવતીના મનમાં રહી રહીને સમીર સાથે ગાળેલી ક્ષણો ઉભરાઈ ઉભરાઈને એને દઝાડતી હતી. માની આંખોમાં જોવાની હિંમત નહોતી એની. પિતાને ખબર હશે? એ પોતાના વિશે શું વિચારશે? અને દાદી? દાદી તો ક્યારેય માફ નહીં કરે, જે વાત લગ્ન પછી ફક્ત સુખ જ સુખ લઈ આવે, એ જ વાત થોડાક જ દિવસો

વહેલી બનીને રેવતીના જીવનમાં આંધાધૂંધી સર્જી ગઈ હતી. સમીર સાથે ગાળેલો સમય હાથ ફેલાવીને, મોંઢુ ફાડીને પોતાનો હિસાબ માંગી રહ્યા હતા. "સત્યો પણ કેવા જુદા જુદા હોઈ શકે છે?"

જે સત્ય રેવતીને સમજાવતો હતો સમીર શરીર વિશે કે સંબંધો વિશે - એ જ સત્યો આજે જૂઠા સાબિત થઈ રહ્યા હતા. જે વિશ્વાસ, જે પ્રેમ રેવતીને પોતાના જીવનનો આધાર લાગતો હતો એ જ વિશ્વાસ અને પ્રેમ આજે રેવતીને હાથતાળી દઈને છટકી ગયો હતો...

રેવતી વિચારતી રહી, "આને દગો કહેવાય?" સમીર ક્યાં જાણતો હતો મારા માતૃત્વ વિશે... એ તો પોતાના મૂળ શોધવા ગયો હતો. આવનારા ભવિષ્ય વિશે બેખબર માણસને નિર્દોષ કહેવો કે નિર્લેપ...

અચાનક રેવતીની નજર સામે એક પાણીનો ગ્લાસ દેખાયો. નિયતિ પાણી લઈને ઉભી હતી.

"લે રેવતી, પાણી પી લે અને પછી અંદર જઈને આરામ કર..." રેવતી આટલું સાંભળતાની સાથે જ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

"તમારા સૌનો આરામ હરામ કરીને હવે હું આરામ કરું...?" રેવતીના આંસુ વણથંભ્યા વહી જતા હતા. નિયતિ પણ રડી પડી. કલ્યાણીબેન, મીનાબેનની આંખમાં પણ પાણી આવી ગયા...

રેવતીને સૌથી મોટું ગિલ્ટ અથવા તકલીફ એ વાતની હતી કે એને ઘરમાં કોઈએ કશું નહોતું કહ્યું... ન કોઈએ એને બ્લેમ કરી, ન કોઈ વઢ્યું, ન કોઈએ આવી રીતે સંસ્કાર અને મર્યાદા ઓળંગવા બદલ એને ધમકાવી... રેવતી સમજી નહોતી શકતી કે એના આપ્તજનો સૌ એને આટલો બધો પ્રેમ કેમ કરે છે? રેવતી પોતે માનવા લાગી હતી કે પોતે આ પ્રેમને લાયક નથી. એણે એના માતા-પિતાનો, પરિવારજનોનો વિશ્વાસ તોડ્યો હતો. એમની પ્રતિષ્ઠાને બટ્ટો લગાડ્યો હતો...

"હવે? હવે શું થશે?" રેવતીએ પૂછ્યું.

"તારે ચિંતા કરવાની જરૂર નથી. તું માત્ર આરામ કર." નિયતિએ કહ્યું અને એને હાથ પકડીને ઉભી કરી. રેવતી મહા પરાણે ઉભી થઈ. એને હજી ઉઠતી-બેસતી વખતે ચક્કર આવતા હતા. ખોરાક લેવાતો નહોતો અને એમાં આ ચિંતા એને ખાઈ જતી હતી...

સુજયે આજે કેટલાય દિવસે પહેલીવાર ધ્યાનથી રેવતી સામે જોયું. એની આંખો નીચે કાળા કાળા કુંડાળા પડી ગયા હતા. ગાલ બેસી ગયા હતા. ચહેરા ઉપર લોહીના અભાવે એક પીળાશ, એક ફિક્કાશ આવી ગઈ હતી... રેવતીની આંખો સતત વહેતી રહેતી હતી...

એક સમયે અપ્રતિમ સુંદરી આજે સુજયને તૂટેલી-ભાંગેલી, હારેલી એક સ્ત્રી દેખાઈ... એક એવી સ્ત્રી જે "મા" બનવાની હતી, એક એવી સ્ત્રી જે છેતરાઈ હતી, એક એવી સ્ત્રી જેનો વિશ્વાસ એક કાગળની જેમ લીરેલીરા કરીને એના જીવન માંગતા ખોબામાં ધરી દેવામાં આવ્યો હતો અને જેમાં એ છોકરીનો કોઈ જ વાંક નહોતો.

*

"હું પણ નથી જાણતો કેમ... પણ રેવતી, મને જવા દે. મને મારી શોધમાં જવું છે. મને મારી પોતાની તલાશ કરવી છે."

રેવતી કશું જ ન બોલી, અને એણે ધીમે ધીમે સમીરને છોડી દીધો. સમીર છોડીવાર એમ જ ઉભો રહ્યો અને પછી સડસડાટ રૂમની બહાર નીકળી ગયો. ડ્રોઈંગરૂમમાં ઘનશ્યામરાય, નિયતિ, નિલય અને કલ્યાણીબહેન એની રાહ જોઈને બેઠા હતા. સમીર ત્યાં એક ક્ષણ રોકાયો અને પછી ચપ્પલ પહેરીને સડસડાટ ઘરની બહાર નીકળી ગયો. સહુ સ્તબ્ધ, નિ:શબ્દ એને જતો જોઈ રહ્યા... કલ્યાણીબહેન જોરથી રડી પડ્યા. ઘનશ્યામરાયે પણ આંખો લૂછી લીધી અને નિયતિએ ભરપૂર તિરસ્કાર સાથે જતા સમીરની પીઠ પાછળ એને સંભળાય એટલા જોરથી કહ્યું:

"કાયર!"

સમીરે આ સાંભળ્યું. પણ પાછળ જોયા વિના સડસડાટ ઉતરી ગયો. આખી ય પરિસ્થિતિમાં નિલય ડઘાયેલો, ઠગાયેલો ત્યાં ને ત્યાં જ ઉભો રહ્યો, એને સમજાયું નહીં કે એણે શું કરવું જોઈએ. અંદરના રૂમમાંથી હજી યે રેવતીના રડવાનો અવાજ આવતો હતો.

સમીર રેવતીને ઘરેથી નીચે ઉતર્યો ત્યારે એને ખબર નહોતી કે એની દિશા શું છે? એણે ક્યાં જવાનું છે? એની શોધની શરૂઆત ક્યાંથી થવાની છે? આ શોધ જે એણે આદરવાનું નક્કી કર્યું છે, એ પૂરી થવાની છે કે નહીં... વિચારોના વમળમાં અટવાયેલો સમીર ગૂંચવાતો-ગૂંગળાતો નીચે ઉતર્યો... એણે પોતાની જાતને એકઠી કરવાનો પ્રયત્ન કર્યો...

જે રેવતી એનો શ્વાસ અને પ્રાણ હતી, જે રેવતી વિના એ જીવી શકે એમ નહોતો, એને એમ લાગતું હતું કે રેવતી નહીં મળે તો જીવનનો અર્થ નહીં રહે. એ સમીર પોતાની રેવતીને છોડીને ચાલી નીકળ્યો હતો...

રેવતીના રડવાના અવાજે સમીરનો પીછો કર્યો... સમીરના કાનમાં હજીયે રેવતીનો ધ્રૂસકે ધ્રૂસકે રડવાનો અવાજ ગૂંજતો હતો. નિયતિની બૂમ "કાયર..." સમીર જ્યાં જાય ત્યાં પાછળ આવવાની હતી અને તેમ છતાં, સમીર ચાલી નીકળ્યો હતો... પોતાની દિશામાં, પોતાની શોધમાં...

સમીર જ્યારે ઘરે પહોંચ્યો ત્યારે સીમા અન્યમનસ્ક જેવી ચૂપચાપ બેઠી હતી. સમીર જે રીતે અને જે મૂડમાં ઘરેથી ગયો એ પછી સીમાને જાતજાતના વિચારો આવ્યા હતા. સમીરનો મોબાઈલ ઘરમાં જ વાગતો હતો. સીમા માટે આ બે-અઢી કલાક નર્કથી પણ બદતર હતા... અને છતાં, એ ચૂપચાપ ધીરજથી સમીરની પ્રતિક્ષા કરતી હતી, એને વિશ્વાસ હતો કે સમીર એને કહીને ગયો છે, "તને કહ્યા વિના નહીં જાઉં." એટલે એ નહીં જ જાય...

સમીર ઘરમાં દાખલ થયો અને સીમાના શ્વાસમાં શ્વાસ આવ્યો. એ ઉભી થઈ. સમીરને ભેટી પડી.

"ક્યાં ગયો હતો? મને કેટલી ચિંતા થતી હતી."

"રેવતીને ત્યાં ગયો હતો..."

"શું કહ્યું એ લોકો એ? તે બધું કહ્યું? એમને કંઈ વાંધો તો નથી ને?"

સમીર થોડીવાર નિ:શબ્દ એની મા સામે જોઈ રહ્યો.

"મોમ..." સમીરે ઉંડો શ્વાસ લીધો અને સીમાને પોતાની છાતી સરસી ચાંપી દીધી... "આ લગ્ન નહીં થઈ શકે."

"વોટ?" સીમાએ સમીરને ધક્કો માર્યો. પછી પોતે જ સોફા પર પછડાઈ. એની આંખોમાં પાણી આવી ગયા. "મેં કહ્યું હતું તને, ડહાપણ કરવાની જરૂર નથી. શું મળ્યું તને? એ લોકો પ્રમાણમાં ઓર્થોડોક્સ છે. આપણે માટે જે વાતનું કોઈ મહત્ત્વ નથી, એ વાતનો ઢંઢેરો પીટવાની શી જરૂર છે?"

"મોમ..." સમીરનો અવાજ હજી સંયત અને શાંત હતો. "લગ્ન એમને કારણે નથી અટક્યા."

"તો?" સીમાએ પૂછ્યું.

"હું ના પાડી આવ્યો છું." સમીરે કહ્યું...

"તું મૂરખ છે." સીમાએ કહ્યું. "આવી રીતે લગ્નના આગલા દિવસે ના પાડી આવ્યાનો અર્થ સમજે છે? એ છોકરીની જિંદગી બરબાદ થઈ જશે."

"કદાચ મને પરણીને બરબાદ થઈ જાત... કોને ખબર મા, હું જાઉં છું."

"ક્યાં?" સીમાને ફાળ પડી...

"મારી શોધમાં...પહેલા રાજકોટ અને ત્યાંથી આગળ, જો જવું પડે તો..."

"પણ બેટા આ..."

"મને જવા દે મા. આખી જિંદગી અજંપ-તરફડતો નહીં જીવી શકું... તમે તો મારા મા-બાપ છો જ. જે પ્રેમ, જે વ્હાલ, જે ઉછેર તમે મને આપ્યો છે, એ કદાચ મારા સગા-મા-બાપ પણ ન આપી શકત."

"તો પછી શું કામ..." સીમાનું ડૂસકું ગળામાં જ અટકી ગયું.

"બસ, ખરેખર તો મને પણ નથી સમજાતું કે હું શું કામ કશું એવું શોધવા જઈ રહ્યો છું, જે આજથી પચ્ચીસ વરસ પહેલા પણ મારું નહોતું... પણ મારે જવું છે મોમ, ને હું જઈશ..."

સમીરે કપડા ભરવા માંડયા. સીમા આગળ-પાછળ ફરતી રહી, સમજાવતી રહી, રોકતી રહી. પણ સમીર કશું જ સાંભળવા નહોતો માગતો. એણે સામાન પૅક કરી લીધો. પછી સીમાની નજીક આવ્યો. ખેંચીને એને પોતાની છાતી સરસી ચાંપી દીધી. સીમાના આંસુ સમીરની છાતી ભીંજવતા રહ્યા...

"પાછો આવીશ મા. તારી પાસે, તારા માટે. પણ મારી એક ઓળખાણ લઈને... મારા કેટલાય નિરુત્તર સવાલોના જવાબ લઈને... એક નવો સમીર બનીને, તારી પાસે પાછો આવીશ... જાઉં છું..."

સમીર સીડી ઉતરવા જ જતો હતો કે સીમાએ એના શર્ટનો કોલર પકડ્યો.

"હવે જાય જ છે તો એક મિનિટ ઉભો રહે..."

"કેમ?" સમીરે પૂછ્યું.

"તું જે શોધ કરવા જાય છે, એ અમુક કાગળો વિના અધૂરી છે. તારા દત્તકના પેપર્સ અને જનમંગલ આશ્રમનું તારું સર્ટિફિકેટ તો લઈ જા... એ વિના તું રેકોર્ડ્સ કેવી રીતે શોધીશ?" સીમા અંદર ગઈ.

સમીર એ ભાંગી ગયેલી - મનથી તૂટી ગયેલી સ્ત્રીના ઝૂકેલા ખભા જોતો રહ્યો.

“શું આને જ મા કહેતા હશે?” સમીરના મનમાં એક વિચાર આવી ગયો. “એક અનાથ બાળકને માતા-પિતાનો પ્રેમ, નામ, સન્માન અને શ્રેષ્ઠ ઉછેર આપ્યા પછી એ બાળક એને તરછોડી ગયેલા મા-બાપને શોધવાની જિદ લઈને, કેટલું બધું બરબાદ કરીને જઈ રહ્યો છે... અને છતાં, આ સ્ત્રી કંઈ જ કહેતી નથી...” સમીરની આંખોમાં પાણી આવી ગયા... એની તમામ ઇચ્છા અને મરજી વિરુદ્ધ સમીર ઘર છોડીને જઈ રહ્યો હતો. સમીર એણે કરેલા તમામ ઉપકારો, પ્રેમ અને એની પાછળ ગાળી નાખેલા સીમાના કેટલાય વરસોનો આ બદલો આપીને જઈ રહ્યો હતો અને છતાં સીમા એકપણ અક્ષર બોલ્યા વિના... એને પોતાના ઉપકારો યાદ કરાવ્યા વિના એની મદદ કરી રહી હતી! સમીરનું મન એકવાર પલળી ગયું. એણે વિચાર્યું, “આટલા બધા લોકોના મન દુભવીને જવું યોગ્ય છે?”

પણ કોણ જાણે કઈ અજાણી શક્તિ એને ખેંચી રહી હતી. એનો આત્મા પોકારી રહ્યો હતો. કંઈક હતું, જે એને બોલાવી રહ્યું હતું. કંઈક હતું, જે સમીરની પોતાની પણ સમજની બહાર હતું...

સીમા અંદરથી એક ફાઈલ લઈને આવી. એણે એ ફાઈલ સમીરને હાથમાં આપી.

“આમાં એ બધા લિગલ ડોક્યુમેન્ટ્સ છે, જેની તારે જરૂર પડશે.”

“થેંક્સ મોમ.” સમીરે કહ્યું અને માંડમાંડ રોકી રાખેલું રૂદન છૂટી જાય એ પહેલાં બેગ લઈને ઘરની બહાર નીકળી ગયો... એણે એ ફાઈલ ઉઘાડીને જોઈ નહોતી, માત્ર બેગ ખોલીને બેગમાં મૂકી દીધી અને સડસડાટ દાદરા ઉતરી ગયો...

*

રાત્રે સાડા અગિયાર વાગ્યે નિલયના ઘરના ફોનની રીંગ વાગી ત્યારે ફોનની બાજુમાં બેઠેલા સુબોધે બૂમ પાડી.

“નિલય ફોન છે.” છેલ્લા પાંચ દિવસથી ઘરમાં આ જ રૂટિન હતું. રાત્રે અગિયાર પછી નિયતિ ફોન કરતી અને અમદાવાદમાં બનેલી ઘટનાઓની રજેરજ માહિતી આપતી... નિલય એને સધિયારો આપ્યા સિવાય બીજું કંઈ કરી શકે એમ તો હતો નહીં. એ મુંબઈમાં બેસીને નિયતિની ચિંતા કરતો, એની સાથે વાત કરતો... એને સમજાવતો અને હિંમત રાખવાનું કહેતો.

એની થીસીસ સબમીટ થઈ ચૂકી હતી અને વાઈવાની તૈયારી ચાલતી હતી એટલે નિલય મુંબઈ છોડી શકે એમ નહોતો. નિયતિને એકલી મોકલતા આમ તો એનો જીવ નહોતો ચાલતો. પણ સમય અને સંજોગોને આધિન બંનેએ સમજદારીથી વર્તવાનું નક્કી કર્યું હતું...

નિયતિ અને નિલયની સમજદારી અને કોઈ પણ પરિસ્થિતિમાં જાળવી રખાતી સમતુલા ઉપર ગજબનું માન હતું...

*

સમીર જ્યારે સીડી ઉતરી ગયો, અને નિયતિએ એની પાછળ બૂમ પાડી,

"કાયર..." ત્યારે નિયતિનું આખું શરીર ધ્રૂજતું હતું. એનો ક્રોધ માઝા મૂકી ગયો હતો. એને સમીરનું ખૂન કરી નાખવાની ઇચ્છા થઈ આવી. એની આંખો લાલચોળ થઈ ગઈ હતી. મોંઢામાંથી લાળ ટપકતી હતી. ચપ્પલ પહેરીને નીચે ઉતરી જતા સમીરની પાછળ દોડવા જતી નિયતિને નિલયે જ પકડી લીધી હતી. નિલયના મજબૂત બાહુપાશમાં ખૂબ ધમપછાડા કર્યા પછી છેવટે જ્યારે નિયતિએ એની છાતી પર માથુ મૂકીને ડૂસકું છોડી દીધું, ત્યારે સૌએ નિરાંતનો શ્વાસ લીધો...

નિયતિનું ઝનૂન, એનો ઉશ્કેરાટ અને ક્રોધ જોઈને સૌ ડરી ગયા હતા... ખાસ કરીને કલ્યાણીબેન...

ઘનશ્યામરાય માથું નીચું કરીને બેસી ગયા હતા. કલ્યાણીબેન જોરથી રડી પડ્યા અને આ બધા દરમ્યાન ઘરમાં ચાલી રહેલા એક ગંભીર વાતાવરણને સમજતા, છતાં મુદ્દો નહીં સમજી શકતા તારાબેન પોતાના પૂજાના કમરામાંથી બહાર આવ્યા.

"શું થયું છે? મને કોઈ કહેશે?" તારાબેનના અવાજમાં ચિંતા અને પીડા બંને હતા... નિલય એમની નજીક આવ્યો એમનો હાથ પકડ્યો. એમને સોફા પર બેસાડ્યા અને ધીમે ધીમે સંયત અને સંતુલિત અવાજમાં આખીયે વાત એમને એવી રીતે કહી કે જેનાથી એમને ખાસ આઘાત ન લાગે, અને છતાં, વાતની ગંભીરતા સમજાય...

નિયતિને ખરેખર નિલય પર ગર્વ થઈ ગયો... પોતાની પસંદગી ખોટી નહોતી, એવો વિચાર નિયતિની આંખોમાં ઝળઝળિયા લઈ આવ્યો...

...અને સામે પક્ષે રેવતીની પસંદગી કેટલી ખોટી હતી, એ વિચારે ઘનશ્યામરાય અને કલ્યાણી બંને જીવ બાળતા બેસી રહ્યા...

તારાબેનને આખી ય વાત સમજાવ્યા પછી નિલયે એમને જે રીતે સંભાળી લીધા, રડી લેવા દીધા અને પછી સાચવીને એમના રૂમમાં આરામ કરવા મૂકી આવ્યો, એ જોતાં ઘનશ્યામરાયને દીકરાની ખોટ નહીં સાલે, એ વાત તારાબેનના મનમાં પણ ઘર કરી ગઈ... એ પળથી, એ ક્ષણથી નિલય એ ઘરનો જમાઈ મટીને દીકરો બની ગયો!

*

છેલ્લા પાંચ દિવસથી નિયતિ રોજ રાત્રે નિલયને ફોન કરતી...

આજે પણ, રીંગ વાગતાં જ, સુબોધે નિલયને કહ્યું,

"નિલય તારો ફોન..."

નિલયે આવીને ફોન ઉપાડ્યો.

"હલો..."

"ડૉક્ટરોએ હાથ ધોઈ નાંખ્યો." કોઈ જ પ્રસ્તાવના વિના નિયતિએ વાત શરૂ કરી. "નીલ, આઈ એમ સ્કેર્ડ... મને ડર લાગે છે, શું થશે રેવતીનું? કોને ખબર... મારી બહેન, જેનો કોઈ વાંક નથી, એ કારણ વગર પોતાના ભોળપણની કિંમત ચૂકવી રહી છે. હું શું કરું નીલ?"

"શાંતિ રાખ. ધીરજ રાખ... એ સિવાય કંઈ થઈ શકે એમ નથી. તું પણ સમજે છે ને?"

અત્યાર સુધી સૌને હિંમતભેર સહારો આપી રહેલી નિયતિ અચાનક જ ફોન પર ભાંગી પડી. એની આંખોમાં આંસુ ભરાઈ આવ્યા.

"નીલ... હું સાવ એકલી પડી ગઈ છું."

"આવું કરાય? અત્યારે તું જ એક છે જે સૌને સહારો આપી શકે. સૌને મદદ કરી શકે, તું જ ભાંગી પડીશ, તો મમ્મી અને રેવતી કોની સામે જોશે?" નિલયે કહ્યું. "હું આજે પપ્પા પાસે ગયો હતો. ખાસ્સું બેઠો... એમને અને એમના વિશ્વાસને રેવતીના આ પગલાથી આઈ મીન, જે કંઈ થયું એનાથી ખૂબ આઘાત લાગ્યો છે. એમણે રેવતીને માફ તો કરી દીધી છે, પણ એમના મનમાંથી દુ:ખ જતું નથી..."

"અને બા?" નિયતિએ ખચકાતા ખચકાતા પૂછ્યું.

"આપણા બધાના મા છે એ. બોલતા નથી, કશું પૂછતા ય નથી, પણ મને લાગે છે કે એ બધું સમજે છે. એમની પાસે પણ ગયો હતો. બે કલાક બેઠો. પણ કંઈ જ બોલ્યા નહીં. માત્ર રેવતીની ખબર પૂછી, અને તારી ખબર પૂછી..."

"શિવુકાકી આવે છે?" નિયતિએ પૂછ્યું.

"હા." નિલયે કહ્યું...

પછી વાત ઔપચારિકતાઓ પર અને રોજેરોજની વાતોમાં અટવાઈ ગઈ. બેમાંથી કોઈ એકબીજાને લાગણીભર્યા બે શબ્દ પણ કહી શક્યું નહીં અને છતાં બંને એકબીજાનો ખાલીપો, એકબીજાનો વિરહ સમજતા હતા. બંને જાણતા હતા કે એકબીજા વિનાનો એકેએક દિવસ બંનેને કેટલો ભારે પડે છે...

નિયતિએ ફોન મૂકયો અને ડૂસકે ડૂસકે રડી પડી... એ જ વખતે એના ખભા પર કોઈનો હાથ મુકાયો. નિયતિએ ફરીને જોયું તો એ સુજય હતો... નિયતિએ આંસુ લૂછવાનો, સ્મિત કરવાનો પ્રયાસ કર્યો, પણ સુજયે નિયતિને ખેંચીને પોતાની નજીક લઈ લીધી...

"બહાદુરીમાં પોતાનો જ શ્વાસ રૂંધતા જવું, એ બેવકૂફી છે નિયતિ." સુજયે કહ્યું. "રડી નાંખ. રડી નાખીશ તો મન હળવું થશે. તો બે વિચારો આવશે. આગળ કંઈ સૂઝશે. આમ ગૂંગળાયા કરીશ તો શું થશે?"

નિયતિ પળભર સુજય સામે જોઈ રહી અને પછી સુજયને વળગીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. નિયતિ ખાસ્સા સમય સુધી સુજયને વળગીને રડતી રહી અને સુજય હળવે હાથે એની પીઠ ઉપર હાથ ફેરવીને એના મનમાં ભરાયેલા ડૂમાને બહાર કાઢતો રહ્યો...

બે દોસ્તો, પોતપોતાની પીડાને પોતપોતાની રીતે વ્યક્ત કરતા રહ્યા... અને સમય માત્ર સાક્ષી બનીને આખીય વાતને ભીની આંખે જોતો રહ્યો!

*

પચ્ચીસ

સમયની મુઠ્ઠીમાં બંધ બે દુ:ખી જીવોને ખબર નહોતી કે સમયે શું વિચાર્યું હતું? ભાવિના ગર્ભમાં રેવતી માટે શું છુપાયેલું હતું... ખૂબ રડી લીધા પછી નિયતિ જ્યારે સ્હેજ કોન્શિયસ થઈને જ્યારે સુજયથી અળગી પડી, ત્યારે સુજયે એને પકડીને સોફા પર બેસાડી.

“બેસ.” સુજયે કહ્યું અને પછી નિયતિની આંખોમાં આંખો નાંખી. “મારી એક વાત માનીશ?” સુજયે પૂછ્યું.

“શું?” નિયતિએ સુજયની સામે જોયું. સુજયની આંખોમાં કશુંક સાવ જુદું રોજિંદા સુજયથી અલગ, કશુંક ખૂબ તેજસ્વી ચમકતું હતું. “શું?” નિયતિએ ફરી પૂછ્યું.

સુજય એકીટશે નિયતિની આંખોમાં જોઈ રહ્યો અને પછી જાણે કોઈ સાવ સાદી, સામાન્ય વાત કહેતો હોય એમ એણે નિયતિને કહ્યું,

“તને શું લાગે છે? રેવતી મારી સાથે પરણશે?”

“શું?” નિયતિને પોતાના કાન પર વિશ્વાસ ના પડ્યો. “શું? તું રેવતીને પરણવા માંગે છે?”

“હા. કેમ? તું નથી જાણતી?”

“પણ ત્યારની વાત જુદી હતી...”

“શું જુદું હતું? રેવતી આ જ હતી, હું પણ આ જ હતો. મારી રેવતી માટેની ઝંખના પણ આજ હતી... હું આજે આ ક્ષણે પણ રેવતીને ચાહું છું...”

“હું શું કહું?” નિયતિની આંખો છલછલાઈ ઉઠી.

“મને કશું ના કહીશ, રેવતીને કહે... એને કહે, વિનંતી કર કે મને પરણે...”

“તું જ કેમ નથી કહેતો?” નિયતિએ પૂછ્યું.

“એકવાર કહેવાની હિંમત કરી હતી... પણ, એ દિવસે તું ભટકાઈ ગઈ. મારામાં ફરી એ હિંમત નહીં આવે... પ્લીઝ, મારે બદલે, તું મારું એટલું કામ નહીં કરે?”

નિયતિને રેવતીના ગળામાં હજીયે ઝૂલતું રહી ગયેલું પેલું “એસ”નું ડાયમંડ પેન્ડન્ટ યાદ આવ્યું. કોણ જાણે ભાગ્યના સંકેતથી એ પેન્ડન્ટ રેવતીના ગળામાં બંધાયું હશે? કોણ જાણતું હતું કે એ “એસ” સુજયનો હતો, સમીરનો નહીં!

“તું કંઈ ધરતીનો છે યાર?” નિયતિએ સુજયને પૂછ્યું.

“હું તો પામર મનુષ્ય છે, તારી અપ્સરા જેવી બહેનને સમજાવ કે મારો ઉદ્ધાર કરે.” સુજયે કહ્યું અને નિયતિએ સ્મિતભર્યા ચહેરે અને ભીની આંખે એની છાતીમાં એક મુક્કો માર્યો...

“તું ખરો છે.” નિયતિએ કહ્યું અને પછી બંને હાથ સુજયના ગળામાં પરોવી એના ગાલ પર એક “પપ્પી” કરી.

"આઈ વીશ કે રેવતી તને ઓળખી શકી હોત..."

"બડી! હવે તું એને મારી ઓળખાણ આપ, પટાવને યાર... મારી લાઈફ બનાવી દે." સુજયે કહ્યું.

નિયતિ એની સામે જોઈ રહી. કેટલી મહાન વાતને કેટલી આસાનીથી કહી અને લઈ રહ્યો હતો આ માણસ... પ્રેમ આને જ કહેવાતો હશે...

સંપૂર્ણ સ્વીકાર એટલે જ પ્રેમ, એવું ક્યાંક વાંચ્યું તો હતું નિયતિએ... પણ આજે એ સંપૂર્ણ સ્વીકારનો પ્રેમ નજરે જોઈ રહી હતી નિયતિ...

"એય..." વિચારમાં પડી ગયેલી નિયતિને ઝંઝોડી નાખી સુજયે:

"કરીશને રેવતી જોડે વાત?"

"હા, જરૂર કરીશ."

"ક્યારે કરીશ?" સુજયે પૂછ્યું...

"બહુ ઉતાવળ છે, તો હમણાં જ ઉઠાડીને પૂછી લઉં..." નિયતિ પણ હવે હળવી થતી જતી હતી. એની બહેન, એની બહેનપણી, એની જાનના જીવનમાં આવેલો ઝંઝાવાત ધીમે ધીમે શમી રહ્યો હતો... અને, એક એવો માણસ જે આખી યે વાતને એટલી તો નજાકતથી, અને એટલા તો સન્માનથી સંભાળીને, સુલઝાવી રહ્યો હતો કે, હવે એની બહેનના જીવનનું સોનેરી પ્રભાત ઉઘડવાની તૈયારીમાં હતું...

આખી રાત નિયતિ સૂઈ ના શકી. ક્યારે રેવતી ઉઠે અને ક્યારે પોતે એની સાથે વાત કરે, એટલા જ વિચારે એ આખી રાત જાગતી રહી.

રેવતી ઉંઘની દવાઓ લઈને સૂતી. એટલે એને ઉઠતા નવ-સાડા નવ થઈ જતા. સુજયને હૉસ્પિટલની ડ્યૂટી હતી એટલે એ તો પોણા આઠે નીકળી ગયો... પણ જતા જતા, બાળકની જેમ સૂતેલી રેવતીને એકવાર જોવાનો મોહ ટાળી ના શક્યો...

ચહેરા પર બાળસહજ નિર્દોષતા લઈ ઘસઘસાટ ઉંઘતી રેવતીના ચહેરા પર એના વાળની બે લટો આવી ગઈ હતી... દવાને કારણે ભયાનક ઘેન રહેતું એને... એના વસ્ત્રો સહેજ અસ્તવ્યસ્ત થઈ ગયા હતા. એના ત્રણ તલનું ઝૂમખું અને સ્તનોની આછી ઝલક દેખાતી હતી. એના ગળામાં પાતળી ચેઈનમાં પરોવાયેલું "એસ"નું ડાયમંડ પેન્ડન્ટ સાઈડમાં સરકીને એના ખભા ઉપર આવી ગયું હતું... ખૂલી ગયેલા ખભા ઉપર એ પેન્ડેન્ટ ખૂબ સુંદર, ખૂબ સેક્સી લાગતું હતું... ગાલ ઉપર એક ફિક્કાશ, પીળાશને કારણે વધુ ગોરી લાગતી હતી. આંખોની નીચેના કાળા કુંડાળા રાતભર મળેલા આરામને કારણે સહેજ ઓછા લાગતા હતા...

સુજય એકીટશે રેવતીને જોઈ રહ્યો હતો ત્યાં પાછળથી નિયતિએ આવીને બે હાથે એની આંખો બંધ કરી દીધી...

"મેઈક અ વિશ..." નિયતિએ કહ્યું.

"રેવતી" સુજયે કહ્યું અને નિયતિના બંને હાથ પોતાની આંખ પરથી લઈ નિયતિની તરફ ફર્યો...

"મારી તો એક જ વિશ, રેવતી... રેવતી... રેવતી..."

"તો તું કેમ નથી કહેતો એને? ચૂપચાપ અહીં ઉભો ઉભો જોયા કરે છે એને બદલે જગાડીને કહી દે ને..."

"ના. હું નહીં કહું... કારણ કે તારી આ સ્વાભિમાની બહેન આને દયા સમજશે, મારો પ્રેમ નહીં અને હું રેવતીને જીતવા નથી માગતો. પામવા માગું છું, હું ઇચ્છું છું કે એ મારી સાથે પોતાની ઇચ્છામરજીથી પરણે. કોઈ ઉપકારના બોજતળે આવીને નહીં. એનો અને મારો સંબંધ સ્નેહથી બંધાય, સમજૂતીથી નહીં..."

"બાપ રે! ક્યા યહી પ્યાર હૈ?" નિયતિએ પૂછ્યું.

"હાં, હાં યહી પ્યાર હૈ..." કહીને નિયતિના ગાલ પર ટપલી મારી સુજય જ્યારે બહાર નીકળ્યો ત્યારે બેમાંથી એકેયને ખબર નહોતી કે, રેવતી જાગી ગઈ હતી...

*

સમીર જ્યારે રાજકોટના જનમંગલ આશ્રમમાં પહોંચ્યો, ત્યારે એને જોઈને સંસ્થાના કાર્યકરો સમજ્યા કે એ કોઈ પૈસાવાળા કુટુંબનો બાળક દત્તક લેવા માગતો યુવાન છે...

કાર્યકરોએ પહેલા એને આલ્બમ બતાવવાની અને આશ્રમ બતાવવાની ઉત્સાહભરી કામગીરી શરૂ કરી... પરંતુ, સમીરે જ્યારે પોતાના રેકર્ડસ એમને આપ્યા, ત્યારે સંસ્થાના કાર્યકરોનો ઉત્સાહ ઠંડો પડી ગયો...

"અમે જૂના રેકર્ડસમાંથી વિગતો નથી આપતા." વસુમતી ચૌધરી નામના સંસ્થાના સેક્રેટરીએ કહ્યું.

"કેમ?" સમીરે પૂછ્યું.

"નિયમ છે." વસુમતી બહેને કહ્યું.

"એવો કેવો નિયમ?" સમીરે કહ્યું જરા ઉશ્કેરાટમાં...

"ભાઈ, તમે ચોવીસ વરસ પહેલાના રેકોર્ડ માગો છો, અમારે માટે કાગળિયા ઉથલાવવા સહેલા નથી. સમય લાગે. વળી એટલો રેકોર્ડ કદાચ હોઈ પણ નહીં." વસુમતી બહેને ગલ્લાતલ્લા કર્યાં.

"પણ કોઈના રેકર્ડસ ખોવાઈ ગયા હોય, અને ફરી કાગળિયા કરાવવા હોય તો?" સમીરનો એમ.બી.એ. આત્મા બોલી ઉઠ્યો.

"તો અરજી આપવી પડે. પછી અમે જોઈએ, શક્ય હોય તો કાઢી આપીએ. બાકી માફી માગી લઈએ."

"એટલે?" સમીર ઉશ્કેરાયો. "કોઈને કોઈનો ભૂતકાળ જોઈતો હોય તો એના બદલામાં તમે માત્ર માફી માગો? એવું કેવી રીતે ચાલે? સંસ્થા ચલાવો છો, કંઈ મજાક છે? કોઈ બાળક દત્તક આપ્યા પછી એનો રેકોર્ડ ખોવાઈ જાય, એ કાયદેસર ગુનો બને છે."

"ભાઈ, મને કાયદો શીખવવા આવ્યા હો, તો પછી આવજો. અત્યારે હું જરા બીઝી છું..." કહીને વસુમતીબહેન પોતાના કામમાં પરોવાયા. સમીર જાણે બેઠો જ નથી એમ એને ઇગ્નોર કરીને વસુમતીબહેન પોતાનું રોજિંદું કામ કરવા લાગ્યા. પાંચ-સાત મિનીટ બેસી રહ્યા પછી સમીરનો ગુસ્સો ગયો.

"હું અહી બેઠો છું." એણે કહ્યું.

"મને ખબર છે." વસુમતી બહેને જવાબ આપ્યો. "તો?"

"તો શું? મને મારો જવાબ જોઈએ છે."

"મને લાગે છે મેં તમને જવાબ આપી દીધો. હા, તમે એને જવાબ તરીકે ના લેવા માગતા હો તો તમે બેસી શકો છો. આ સાર્વજનિક સંસ્થા છે. અમે અહીંયા કોઈને પણ જવાનું ના કહી શકીએ..."

"એટલે તમે મને વિગતો નહીં આપો, ખરું ને?"

"મેં એવું કહ્યું નથી." વસુમતીબહેને કહ્યું. "અરજી આપી દો. અમે જોઈશું."

અકળાતા અને ગુસ્સામાં સમીરે એક અરજી લખી. વસુમતીબહેનના ટેબલ પર પછાડી.

"લો, તમારી અરજી..." સમીરનો ક્રોધ માતો નહોતો. "પાછો ક્યારે આવું?"

"એક અઠવાડિયા પછી." વસુમતીબહેને કહ્યું.

"વોટ? એટલે એક અઠવાડિયા સુધી હું શું કરું?"

"એ હું કેવી રીતે કહું?" વસુમતીબહેને એની સામે પણ જોયા વિના કહ્યું.

"શીટ..." સમીરે ટેબલને લાત મારી. "આ નોનસેન્સ છે... બેવકૂફી છે આ..."

"ભાઈ, આશ્રમના પ્રાંગણમાં અપશબ્દો બોલવાની મનાઈ છે, બાળકો પર ખોટા સંસ્કાર પડે." વસુમતીબહેને કહ્યું અને પછી સમીરને બહાર જવાનો ઇશારો કર્યો. સમીર અકળાતો-ચીડાતો વસુમતીબહેનની ઑફિસની બહાર તો નીકળ્યો, પણ એનો ગુસ્સો ઓછો નહોતો થયો...

એણે ઑફિસની બહાર નીકળીને એક ઓટલાને બે-ચાર લાતો મારી. પછી થાંભલાને બે-ચાર મુક્કા માર્યા...

"સાલુ, આ દેશમાં કોઈને કામ જ નથી કરવું, બધાને આળસ કરવી છે. પૈસા ખાવા છે..."

"સાચી વાત છે." એક ખાખી યુનિફોર્મ પહેરેલો માણસ એની સામે ઉભો હતો... "સાવ સાચી વાત છે સાહેબ... પણ શું થાય? વજન મુકયા વિના ફાઈલ આગળ વધે જ નહીં ને..."

"એટલે?" સમીરે ચિડાઈને પૂછ્યું.

"વજન... વજન!" પેલાએ આંગળીઓ હલાવીને પૈસાનો ઇશારો કર્યો.

"અહીં પણ?"

"ક્યાંય પણ" પેલાએ કહ્યું.

"તમે કોણ છો?" સમીરે પૂછ્યું.

"મારું નામ કેશવ પરમાર છે. હું રેકર્ડ રૂમનો ઇન્ચાર્જ છું સાહેબ."

"ઓહ!" એણે કહ્યું અને પછી પેલાને પૂછ્યું, સીધું જ, "કેટલા આપવાના?"

"જે તમારી ખુશી, સાહેબ! એ પણ રેકોર્ડ મળી જાય પછી, પહેલા નહીં."

સમીર આ બેઈમાન માણસની ઇમાનદારી નવાઈથી જોઈ રહ્યો.

"ફાઈલ લાવ્યા છો સાહેબ?"

"હા." સમીરે કહ્યું અને બેગમાંથી ફાઈલ કાઢી. હજી જાણે એ ફાઈલ પર સીમાના હાથની મુલાયમ આંગળીઓને સ્પર્શી શકાતું હોય એમ સમીરે ફાઈલ પર હાથ ફેરવ્યો અને પેલા માણસના હાથમાં ફાઈલ મૂકી...

પોતાનો આખેઆખો ભૂતકાળ જાણે એ માણસના હાથમાં મુકતો હોય એમ સમીરના હાથ ધ્રુજી ગયા. હાથ જોડે ફાઈલ ધ્રુજી, અને ફાઈલમાંથી એક જાડું મોટું કવર પડ્યું.

સમીરે કવર ઉપાડ્યું...

એક હજાર રૂપિયાની સો નોટો હતી એમાં... એક લાખ રૂપિયા. સમીર ફાટી આંખે જોઈ રહ્યો.

આવી માને છોડીને શું શોધવા નીકળ્યો હતો એ?

"જે માએ સમીર સીધા હાથોહાથ પૈસા નહીં લે, એમ માનીને એક લાખ રૂપિયા જેવી રકમ એને સાવ કહ્યા વિના આપી દીધી. એ માથી વધારે કંઈ હશે જગતમાં?" સમીરને વિચાર આવી ગયો...

એને થયું કે એ આ કેશવના હાથમાંથી ફાઈલ ઝૂંટવી લે.

"નથી જાણવો મારે ભૂતકાળ... નથી જોવા મારા મા-બાપને, નથી પૂછવું એમને શા માટે તરછોડ્યો હતો મને... બસ, પાછો જતો રહું. માના ચરણમાં માથું નાખીને એને કહું કે મારી ભૂલ થઈ ગઈ. મને માફ કર."

પણ, ફરી એકવાર એનો આત્મા જાગી ઉઠ્યો...

"લે..." એણે હજાર રૂપિયાની એક નોટ કેશવ તરફ લંબાવી. કેશવની આંખો કવર જોઈને પહોળી થઈ ગઈ હતી. પણ, હજારની નોટ હાથમાં લઈ કેશવે પોતાના ખિસ્સા તપાસવા માંડ્યા. સો-સોની પાંચ નોટ બહાર કાઢી, એણે સમીરના હાથમાં મુકી.

"લો સાહેબ."

"શેના?" સમીરે પૂછ્યું.

"ભાવ જ છે સાહેબ. જૂના રેકોર્ડ જોઇ આપવાના પાંચસો રૂપિયા..."

"ગાંડો છે?" સમીર હસી પડ્યો. "હું ખુશીથી આપું છું, રાખ..."

"સાહેબ, પાંચસો ત્યાંય ભરવા પડશે ને?"

"ત્યાં? ક્યાં?" સમીરે પૂછ્યું.

"તમે અરજી આપી છે તે... પેલી કાલિકા પાસે..."

"તો?" સમીરે પૂછ્યું.

"અઠવાડિયા પછી તમને કાગળ લખશે, તમારા કાગળો મળી ગયા છે. આવીને લઈ જજો... સાચુ કહું સાહેબ..." જરાક ખૂલી ગયેલા કેશવે સમીરના ખભે હાથ મૂકી દીધો... "રેકોર્ડ તો બધા કમ્પ્યુટર ઉપર છે. જ્યારે જોઈએ ત્યારે બે મિનિટમાં મળે... પણ કાલિકાને ટેવ છે, કચકચ કરવાની..."

સમીરને હજી હસવું આવતું હતું... એણે બીજા પાંચસો રૂપિયા પણ એ માણસના હાથમાં મૂકયા અને પછી પોતે પણ એના ખભે હાથ મુક્યો.

"એ કાગળિયા મારા નામે તું જ લઈ લે જે. મારે શું કરવા છે? એક જ રેકોર્ડ બે-બે વાર શું કરવાનો?"

"ખરી વાત છે સાહેબ... પણ એના કરતાં હું અરજી જ ફાડી નાખું તો?" એણે વધુ પ્રેક્ટિકલ ઉપાય બતાવ્યો.

"ફાડી નાખજે. સૌથી સારું." સમીરે કહ્યું અને પેલી સો-સોની પાંચ નોટ ફરી એના હાથમાં આપીને મુઠ્ઠી બંધ કરી દીધી.

"આ શેના?" કેશવે પૂછ્યું.

"અરજી ફાડવાના..." સમીરે કહ્યું અને હસી પડ્યો. "ક્યારે આવું?" એણે પૂછ્યું.

"ચા પીને આવો સાહેબ, હું કાઢી રાખું છું. પ્રિન્ટ જોઈશે ને સાહેબ?" કેશવે પૂછ્યું.

"મળે તો." સમીરે કહ્યું.

"મળે કેમ નહીં સાહેબ... શોધવા નીકળો તો ભગવાન પણ મળી જાય..."

અને સમીર એની સામે જોઈ રહ્યો... "આ માણસ જાણે-અજાણ્યે આશા બંધાવતો હતો કે આશીર્વાદ આપતો હતો?"

*

"હાં, હાં યહી પ્યાર હૈ..." કહીને નિયતિના ગાલ પર ટપલી મારી સુજય જ્યારે બહાર નીકળ્યો ત્યારે બેમાંથી એકેયને ખબર નહોતી કે, રેવતી જાગી ગઈ હતી...

ઘેનની અસરને કારણે રેવતીની આંખો પર મોડે સુધી ભાર રહેતો. એની ઉંઘ ઉડી જતી, પણ તંદ્રા કાયમ રહેતી... એને ઉઠવાનું મન નહોતું થતું. વળી, ઉઠીને બહાર જવું, મા, મીનાકાકી અને રીમાની સામે બેસીને પોતાનો આ મનહુસ ચહેરો બતાવવો - રેવતીને ખૂબ ભારેખમ કામ લાગતું... બને ત્યાં સુધી એ એના જ રૂમમાં આંખો બંધ કરીને પડી રહેતી...

વિચાર્યા કરતી, સમીર વિશે, બની ગયેલી ઘટનાઓ વિશે, પોતાની ભૂલો વિશે, ખોટા નિર્ણય વિશે અને હવે આવનારા ભયાનક ભવિષ્ય વિશે...

મોટા ભાગે આંખો બંધ કરીને પડેલી રેવતીને ઉંઘતી માની સૌ કોઈ આ કમરામાં આવી જોઈને ચાલી જતા...

કોઈની પણ સાથે વાત ન કરવી પડે, આશ્વાસનો અને દિલાસા ન લેવા પડે, એને માટે આ શ્રેષ્ઠ ઉપાય રેવતીએ શોધી કાઢ્યો હતો.

જ્યારે જ્યારે આંખો બંધ કરીને એ પડી હોય, ત્યારે ઉંઘે જ છે, એમ નથી હોતું, એવી રેવતી સિવાય કોઈને ખબર નહોતી. જોનારા એમ માનતા કે દવાના ઘેન હેઠળ રેવતી દિવસના આઠ કલાક ઉંઘે છે. ડૉક્ટરે પણ કહ્યું હતું કે "જેમ આરામ કરશે, એમ ઝડપથી સાજી થશે. એના મન ઉપર કોઈ પ્રકારનો બોજો ન પડે તો એની રિકવરી ઝડપથી થશે..."

...અને એ જ કારણસર બને ત્યાં સુધી કોઈ રેવતીને ડિસ્ટર્બ ન કરતું...

*

સુજય જ્યારે રેવતીને એના રૂમમાં જોવા ગયો ત્યારે રેવતી તંદ્રામાં હતી. એને કોઈને હાજરી અનુભવાઈ. પણ, એ મા કે નિયતિ હશે, એમ માનીને એ કશું ન બોલી... પછી જ્યારે નિયતિનો અવાજ આવ્યો, ત્યારે રેવતીને સમજાયું કે એ સુજય હતો. બંનેની વાતચીત પણ એણે સાંભળી. પણ, આંખો ન ખોલી...

સુજય અને નિયતિના બહાર નીકળી ગયા પછી રેવતીએ આંખો ખોલી ત્યારે એની આંખોમાં આંસુ હતા...

"ઇશ્વર તમારા દરેક દુ:ખોમાં જાતે હાજર નથી થઈ શકતો, એટલે એ કોઈને મોકલી આપે છે, પોતાના ફરિશ્તા તરીકે..." આવું રેવતીએ ક્યાંક વાંચ્યું હતું, જે એને યાદ આવી ગયું...

અને છતાં, એક થડકારો, એક ગભરામણ થઈ ગઈ, "મા કે નિયતિ જ્યારે પૂછશે સુજય વિશે ત્યારે શું કહીશ હું?" રેવતીનું મન વિચારે ચડી ગયું.

"શું અધિકાર છે મને? મારા આ અપવિત્ર શરીરને કોઈને સોંપવાનો?" રેવતીના સંસ્કાર બોલી રહ્યા હતા...

વિચારોનું ધમાસાણ યુદ્ધ ફરી એકવાર શરૂ થઈ ગયું હતું.

રેવતીએ ફરી એકવાર આંખો બંધ કરી દીધી... અને, આંખોમાં ભરાયેલું પાણી આંખોની બંને તરફથી સરકીને એક-એક આંસુ કાનને અડતું, એના કાળા ભમર વાળમાં ખોવાઈ ગયું...

*

નિયતિ, કલ્યાણી, રીમા, મીનાકાકી, અજિતકાકા અને મિહિર ડાઈનિંગ ટેબલ પર કેટલીય મિનીટોથી ચૂપચાપ બેઠા હતા... જાણે બધાના મન ઉપર એક વજનદાર પથ્થર છુટ્ટો ફેંકયો હતો નિયતિએ...

મિહિર અને અજિતકાકા આખી વાતને પ્રેક્ટિકલી જોતા હતા. કલ્યાણી ગદ ગદ થઈ ગઈ હતી. મીનાકાકી અને રીમા સમજી નહોતા શકતા કે આ પરિસ્થિતિમાં ખરેખર સાચું છું ને ખોટું શું...

બધા પોતપોતાની રીતે ગડમથલ કરી રહ્યા હતા. બધાના મનમાં જાતજાતના વિચારો સપાટી પર આવતા અને ડૂબકી મારી જતા.

છેવટે ઘણીવારે અજિતકાકાએ મૌન તોડ્યું...

"જુઓ, આમાં કોઈ ગેરસમજને અવકાશ નથી. સુજય બધું જ જાણે છે. પોતે ડૉક્ટર છે. સમજે છે... આપણે કોઈને છેતરતા નથી. વળી, આ વાત એણે પોતે જ કરી છે... એટલે આપણે એને ફસાવ્યાનો પણ અફસોસ કરવાની કોઈ જરૂર નથી..."

"એ રેવતીને ચાહે છે, તમે લોકો સમજતા કેમ નથી?" નિયતિએ સહેજ ઉંચા અવાજે કહ્યું.

"શશશશ... રેવતી જાગી જશે." મિહિરને રેવતીની નાનકડી પણ તકલીફ હવે નહોતી જોવી... એ રેવતી માટે ખૂબ ચિંતિત રહેતો. એને આવડતું નહોતું, દેખાડતા કે કહેતા. પણ, રાત્રે બે-ચાર વાર ઉંઘમાંથી જાગીને એણે રેવતીને ઉંઘતી ન જોઈ હોય એવું આ પાંચ દિવસમાં નહોતું બન્યું, એની રીમાને ખબર હતી...

"પરંતુ... મહેન્દ્રભાઈ, રંજનબહેન" કલ્યાણી તો રડવા જ માંડી હતી...

"રડો નહીં." મીનાબહેને કહ્યું."સુજયને ઇશ્વરે મોકલ્યો છે અને આપણે કોઈનું નથી બગાડ્યું એટલે જ આપણું બગડતું અટક્યું છે..."

"ખરી વાત છે, મને તો આ પ્રસ્તાવમાં ન સ્વીકારવા જેવું કંઈ દેખાતું નથી...આપણે હા જ પાડી દેવી જોઈએ."

"આપણે?" ફરી નિયતિ બોલી. "હા, રેવતીએ પાડવાની છે..."

"ખરી વાત છે." મિહિરે કહ્યું.

"એને ક્યાં અધિકાર છે, હા કે ના પાડવાનો?" કલ્યાણીએ ભયાનક ચીડાયેલા અવાજે કહ્યું. "જેટલું થયું એટલું ઓછું છે? એક ભલા ઘરનો સારો છોકરો, બધું જાણ્યા પછી એને પરણવા તૈયાર થયો છે... માન-સન્માન સાથે... હવે, એણે હા કે ના નહીં કરવાની, ચૂપચાપ માંડવે બેસવાનું..."

"એવું કેવી રીતે ચાલે?" નિયતિએ કહ્યું. "એની જિંદગીનો સવાલ છે."

"જિંદગી?" કડવું હસી કલ્યાણી. "જિંદગી તો બરબાદ થઈ ગઈ, એની પણ અને આપણી પણ. હવે આ છોકરો ઇશ્વરની જેમ આવ્યો છે... સમજાવ તારી બહેનને કે કોઈ પ્રકારના લાંબા-ટૂંકા નખરાં કર્યા વિના ચૂપચાપ માંડવે બેસી જાય... બાકી..." થૂંક ગળ્યું કલ્યાણીએ, અને પછી ઉમેર્યું, "બધાય ને ઝેર ખાવાનો વારો આવશે..."

નિયતિ મા સામે જોઈ રહી. પોતાની ત્રેવીસ વરસની જિંદગીમાં નિયતિએ પહેલીવાર માનું આ સ્વરૂપ જોયું હતું. ભાગ્યે જ ઉંચા અવાજે બોલતી કલ્યાણી આજે ગળું ફાટી જાય એવા અવાજે બોલી અને રડી રહી હતી...

નિયતિને સમજાયું નહીં કે માના આ દુ:ખમાં આશ્વાસન આપવું કે બહેનની પડખે ઉભા રહીને એના જીવનનો મામલો એને એની જ રીતે સોલ્વ કરવા દેવો...

*

છવ્વીસ

નિયતિ મા સામે જોઈ રહી. પછી ધીમેથી ઉભી થઈ. એની પાસે ગઈ. એના ખભે હાથ મૂક્યો અને લગભગ જબરદસ્તીથી એનું માથું ખેંચીને પોતાના પેટ પાસે લઈ લીધું. નિયતિની કમરની આસપાસ હાથ વીંટાળી કલ્યાણી નાના બાળકની જેમ ધ્રૂસકે ચડી ગઈ. અજિતભાઈ, મીનાબેન, મિહિર અને રીમા મા-દીકરીનો આ કરુણ મંગલ સંબંધ જોઈ રહ્યા છે. નિયતિએ માને રડી લેવા દીધું. એની પીઠ પર હાથ ફેરવતી રહી અને બધી જ પીડા, બધું જ દુ:ખ, બધી જ તકલીફો નીકળી જવા દીધી...

પછી, રીમા પાણી લઈ આવી. પાણી પીને કલ્યાણી સ્વસ્થ થઈ એટલે નિયતિએ એને પૂછ્યું, "રેવતી સાથે વાત કરી લઈએ?"

"હેં! હા હા..."

"તને કંઈ વાંધો નથી ને?"

"મને? મને શું વાંધો હોય?" કલ્યાણીએ કહ્યું. "પણ તારા બાપુ?"

"એમની સાથે હું વાત કરીશ..." નિયતિએ કહ્યું.

"હું પણ વાત કરીશ." અજિતભાઈએ કહ્યું.

"રેવતી ઉઠી છે?" નિયતિએ પૂછ્યું.

"હા." રીમાએ કહ્યું. "હમણાં જ ફ્રેશ થઈને બહાર આવશે."

રેવતી એ જ વખતે બહાર આવી. બધાને આમ ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયેલા જોઈ, એને પરિસ્થિતિનો અણસાર આવી ગયો. જે સવાલ એને પૂછાવાનો હતો એ માટેની માનસિક તૈયારી એ અંદરથી કરીને જ આવી હતી. છતાં, જાણે કંઈ જાણતી જ નથી, એમ આવીને ટેબલ પર બેઠી. મીનાકાકી અંદર જઈને એનું દૂધ લઈ આવ્યા. નિયતિએ એની દવાઓ આપી...

પછી, ખૂબ હળવાશથી... કશીયે તિરાડ ન પડે એમ સંભાળીને અજિતકાકાએ વાત શરૂ કરી. "રેવતી, બેટા... અમારે તને કંઈ પૂછવું છે."

"જી." રેવતીએ કહ્યું. એની આંખો હજીયે નીચી હતી. એનું હૃદય ધડકી રહ્યું હતું. આવનાર સવાલના પરબિડીયાંમાં એની આખી જિંદગી બંધ હતી.

"બેટા..." અજિતકાકાએ ગળુ ખંખાર્યું. "આડી-અવળી વાત કરવાનો અર્થ નથી. સુજયને તું ઓળખે છે."

"જી." રેવતીએ કહ્યું.

"અમે એના કુટુંબને વરસોથી ઓળખીએ છીએ, તમે પણ વરસોથી એમને જાણો છો."

"જી." રેવતી નહોતી નજર ઉંચી કરી શકતી કે નહોતી વાત કરી શકતી.

"સુજય તારી સાથે લગ્ન કરવા માગે છે." અજિતકાકાએ જાણે એક બૉમ્બ શેલ છુટ્ટો ફેંક્યો.

"જી." રેવતી પાસે હજી યે કોઈ જવાબ નહોતો.

"શું જી... જી... કરે છે, જવાબ આપવો પડશે, બેટા. અને આ લગ્નમાં એક દિવસ પણ મોડું થાય એ કોઈની યે ભલાઈમાં નથી..."

"જી મા. સમજું છું."

"તો? શું જવાબ આપીએ એને?" થોડીક ક્ષણો સાવ શાંતિ છવાઈ ગઈ. સોપો પડી જાય એવી પરિસ્થિતિ...

પછી રેવતીએ નજર કરી. ઉંડો શ્વાસ લીધો અને ધીમેથી કહ્યું, "સમીર પાછો આવશે તો?"

આ સવાલની કોઈને ય અપેક્ષા નહોતી. કોઈએ આ દિશામાં વિચાર્યું જ નહોતું. આવી પડેલી મુસીબતને હેન્ડલ કરવામાં બધા એટલા બીઝી થઈ ગયા હતા કે સમીર પાછો આવશે એ વિચાર કોઈને આવ્યો જ નહોતો...

"કેટલા દિવસ થયા એને ગયે? એણે તને સંપર્ક કરવાનો પણ પ્રયત્ન નથી કર્યો..." કલ્યાણીબહેને કહ્યું. વાત ઉશ્કેરાટમાં જરા મોટા અવાજે જ કહેવાઈ હતી. રેવતીની આંખોમાં પાણી આવી ગયા. હવે મિહિર ઉભો થયો. રેવતીની પાસે જઈ, એણે એના ખભે હાથ મૂક્યો. પછી, ધીમે રહીને રેવતીને કહ્યું, "જો, અમે તમારા પર જબરદસ્તી નથી કરતા. તું જે ઇચ્છે, એ પ્રમાણે વર્તી શકે છે, પરંતુ, અમારો પણ વિચાર કર. તારા પિતા, તારી મા, તારા દાદીમા... આ બધાને તારી ચિંતા છે રેવતી."

"અને સાચી વાત કહું ને તો, પાછો આવે તો પણ એને તો નહીં જ પરણતી. જે માણસ આજે ચાલ્યો ગયો, એ કાલે નહીં જાય, એની કોઈ ખાતરી છે?" નિયતિએ કહ્યું. રેવતી એની સામે જોઈ રહી. થોડીવાર ફરી શાંતિ છવાઈ. પછી રેવતીએ કહ્યું, "હું એકવાર સુજયને મળીશ. પછી નક્કી કરીશ..." કલ્યાણીબેન કંઈ બોલવા જતા હતા, પણ નિયતિએ વાત અડધેથી કાપી.

"ઓ.કે." નિયતિએ કહ્યું. "આજે સાંજે જ... તુ અને સુજય ડીનર પર જઈ આવો. તને બહાર જવાનું ગમશે, અને સાથે વાત પણ થઈ જશે... ઘરની બહાર નીકળીશ, તો તને પણ સારું લાગશે." અને હસીને ઉમેર્યું, "અને અમને પણ!" બધાના ચહેરા પર આવી ગંભીર પળે પણ એક સ્મિત આવી ગયું અને પછી નિયતિ ઉભી થઈ...

"ક્યાં જાય છે?" કલ્યાણીબહેને પૂછ્યું.

"ફોન કરવા." નિયતિએ કહ્યું, "સુજયને..."

*

સમીર પોતાના હાથમાં મુકાયેલા કાગળો જોઈ રહ્યો.

એમાં એક નામ લખ્યું હતું, ગોમતી કરસનદાસ પટેલ. એ એની માનું નામ હતું. એની જન્મદાત્રી મા, જે એને અહીં મૂકીને ચાલી ગઈ હતી. ગામ બાંટવા. જૂનાગઢ પાસે આવેલું માણાવદર તાલુકાનું એક ગામ... એમાં એક

સ્ત્રી, નામ ગોમતી.

સમીરની સામે કેટલાય ચહેરા આવ્યા અને ભૂંસાયા. કોણ હશે આ ગોમતી? કેવી લાગતી હશે? પોતાના જેવી? કરસનદાસ એનો પતિ હશે કે પિતા? કુંવારી હશે કે પરણેલી? મને અહીં મૂકી ગયા પછી ફરી પરણી હશે? બીજા સંતાનો હશે એને? મારા ભાઈ-બહેન થાય...

હાથમાં કાગળ પકડીને સમીર અન્યમનસ્ક જેવો થોડીવાર ઉભો રહ્યો. પછી એણે કેશવને પૂછ્યું, "આ બાંટવા કેટલે દૂર થાય?"

કેશવે વિચાર્યું, "જુઓને સાહેબ, રાજકોટથી જેતપુર થઈને જૂનાગઢ, જૂનાગઢથી શાપુર, શાપુરથી વંથલી ને વંથલીથી બાંટવા... ત્રણ સાડા ત્રણ કલાક થાય સાહેબ... એશ.ટી. મળશે, અહીંથી."

એરકન્ડિશન્ડ ગાડીમાં ફરવા ટેવાયેલો સમીર બે ક્ષણ માટે કેશવ સામે જોઈ રહ્યો. ગુજરાત મેલના સેકન્ડ એ.સી.નો ડબ્બો અમદાવાદથી વોલ્વો બસમાં રાજકોટ અને હવે રાજકોટથી એસ.ટી.માં બાંટવા... ક્યાં લઈ જઈ રહ્યું હતું ભવિષ્ય એને? શું દિશા હતી એના જીવનની?

રેવતીને ફોન કરવાની, એક અદમ્ય ઇચ્છા જાગી આવી. પરંતુ, એ પછીનો વિચાર વધારે અગત્યનો હતો...

"શું કહીશ એને? કે મારી માનું નામ ગોમતી છે? અને હું એને શોધવા નીકળ્યો છું? બાંટવા જઈ રહ્યો છું..."

થોડું ગિલ્ટ અને થોડી અસમંજશે એને ફોન કરતો રોકી લીધો. એણે કેશવના ખભે હાથ મૂક્યો અને કેશવનું પૂછ્યું:

"ક્યાંથી મળશે આ એસ.ટી.?"

કેશવે એને બસસ્ટોપનો રસ્તો બતાવ્યો.

રાજકોટ એસ.ટી. સ્ટેન્ડ પર ઉભેલો સમીર આજથી થોડા દિવસ પહેલા હનિમૂન માટે સ્વીત્ઝર્લેન્ડ જવાનો પ્લાન બનાવતો હતો... યુરો રેલની ટિકિટ લઈ યુરોપ ફરવું કે આંદામાન આઈલેન્ડ જવું... કે પછી કોડાઈ કેનાલ જઈને આરામ કરવો... આ બધી ચર્ચાઓમાં અટવાયેલો સમીર ક્યાંથી ક્યાં પહોંચી ગયો હતો?

આજે રાજકોટના એસ.ટી. સ્ટેન્ડ પર ઉભો ઉભો બાંટવાની બસ આવવાની રાહ જોઈ રહ્યો હતો...

*

નિયતિએ ફોન જોડ્યો. સુજયના મોબાઈલ પર રીંગ વાગી.

"શું થયું?" સુજયે પૂછ્યું.

"એને તારી સાથે વાત કરવી છે. રાત્રે એને ડીનર પર લઈ જા." બંનેએ આડીઅવળી વાત છોડીને સીધો મુદ્દો છેડ્યો.

"ઓ.કે." સુજ્યે પૂછ્યું. "તું આવીશ?"

આટલી ગંભીર પરિસ્થિતિમાં પણ નિયતિ હસી પડી. "તું મૂરખ છે, એવું તને કોઈએ કહ્યું છે?"

"હા." સુજયે કહ્યું. "અરીસો રોજ કહે છે."

"ગાંડો... રેવતી સાથે વાત કરવા માટે મને લઈને જઈશ?"

"યાર તું મારો પ્રોબ્લેમ સમજતી નથી, બડી... હું એને જોતાં જ ગૂંચવાઈ જાઉં છું. મને સમજણ નથી પડતી કે શરૂ ક્યાંથી કરવું ને પૂરું ક્યાંથી કરવું? શી ઇઝ ટુ ગોર્જિયસ..."

"હવે આખી જિંદગી એની જ જોડે કાઢવાની છે. બેટર છે કે તું ટેવાઈ જા..." નિયતિ હસી. "તો? સાડા સાત?"

"લગભગ." અને ફોન મૂક્યો. "યા...હૂ..." એણે બૂમ પાડી અને આખો સોળ નંબરનો વોર્ડ નર્સ, મેટ્રન, મહેતર અને એના કલીગ ડૉક્ટરો સહિત સૌ એની સામે ફાટી આંખે જોઈ રહ્યા...

સુજયને એની પડી નહોતી. એને તો અત્યારે નાચવું હતું, ગાવું હતું, ચીસો પાડવી હતી. પાર્ટી આપવી હતી...

રેવતીએ એને મળવાનું તો કબૂલ્યું. હવે એને વિશ્વાસ હતો કે એ એને મનાવી લેશે... એને પોતાના પ્રેમમાં, રેવતી માટેના પોતાના સન્માનમાં, અને પોતાની સચ્ચાઈમાં શ્રદ્ધા હતી... સુજયે સાંજના સાડા સાતની રાહ જોવા માંડી...

*

એસ.ટી.માં ધક્કા ખાતો, બીડીની વાસ અને ટૂટેલી સીટો પર માંડ માંડ બેસી શકાય એવી પરિસ્થિતિમાં થોડુંક અકળાતો, થોડોક ગૂંચવાયેલો સમીર જ્યારે બાંટવાના બસસ્ટોપ પર ઉતર્યો, ત્યારે એના વાળ ધૂળ ધૂળ થઈ ગયા હતા. એના શર્ટમાંથી, એના શરીરમાંથી બીડી અને પરસેવાની વાસ આવતી હતી. એને સૌથી પહેલા નહાવું હતું. ચોખ્ખા કપડા પહેરવા હતા. શેવ કરવું હતું અને પર્ફ્યુમ લગાડવું હતું.

સમીરે આમતેમ નજર દોડાવી. ફાળિયા અને ધોતિયા બેઠા હતા. એક ગવન પહેરેલી સ્ત્રી ગવનને છાતી સુધી ઢાંકીને બાળક ધવડાવી રહી હતી. બીજી થોડી સ્ત્રીઓ ટોળે વળીને બેઠી હતી. કાળા અને ભૂરા સાલ્લા પહેરેલી સ્ત્રીઓનું એક વૃંદ ખૂણામાં બેસીને કલબલાટ કરી રહ્યું હતું. થોડા પુરુષો એનાથી થોડે દૂર હાથમાં ડાંગ લઈને, ફાળિયા બાંધીને ટોળે વળીને ઉભા હતા... આમાં કોને પૂછવું? સમીર થોડીવાર કંઈ સમજ્યા વિના ઉભો રહ્યો. પછી બસસ્ટોપ પર ઉભેલા એક પાટલૂન પહેરેલા માણસને એણે પૂછ્યું...

"અહીં કોઈ હોટેલ છે?"

"હોવે." પેલા માણસે કહ્યું.

"ક્યાં છે?" સમીરે પૂછ્યું.

"નાકની દાંડીએ સીધા સટ હાલ્યા જાવ. સામે એક ચોરો આવશે, ચોરો વટાવીને સીધા જજો, એટલે એક લીમડો આવશે, લીમડેથી જમણી બાજુ વળી જજો, એટલે હોટલ આવશે..." એણે સમીર સામે ઝીણી આંખે જોયું. "શે'રમાંથી આયા છો?"

"હા." સમીરે કહ્યું.

"ક્યાં કણેથી?"

"મુંબઈ." સમીરે કહ્યું અને જવાનો પ્રયત્ન કર્યો. પણ આ માણસ આસાનીથી છોડે એવો નહોતો.

"કેમ આવવું થયું?" એણે પૂછ્યું.

"કામ છે." સમીરે કહ્યું. પછી ચાલવા માંડ્યું.

"છીછ છીછ..." પેલા માણસે કહ્યું. સમીરે ચીડથી પાછળ જોયું. "હું અહીંની ગ્રામ પંચાયતમાં છું." પેલા માણસે કહ્યું, "સભ્ય! કંઈ કામ હોય તો કહેજો સાહેબ."

સમીરથી અનાયાસે હસી પડાયું. "જરૂર." એણે કહ્યું. "શું નામ તમારું?"

"મગન. મગન સોમા." પેલા માણસે જવાબ આપ્યો. "ગામમાં કોઈને પણ પૂછજો, મને બધા ઓળખે."

"ભલે." સમીરે કહ્યું. "થેંક્યુ." અને આગળ વધ્યો.

ગામમાં ચાલતા સમીર મુખ્ય બજારમાંથી પસાર થઈ રહ્યો હતો. ધૂળિયા પથરિલા રસ્તા ઠેરઠેર ટૂટેલી ડામરની સડકો બંને બાજુ નાની-મોટી દુકાનો - એમાં લટકતી વસ્તુઓ, કપડા અને દુકાનોની બહાર ઉભેલી લારીઓ... રેકડીઓમાં વેચાતી વસ્તુઓ... બંગડીઓ, રિબીનો, પિપૂડા અને કચકડાના રમકડાં...

સમીર બધું જોતો જોતો આગળ વધ્યો. ચોરો... ચોરા પછી લીમડો... અને લીમડાથી જમણી બાજુ વળીને જ્યારે પહોંચ્યો, ત્યારે એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ... સમીર માટે એ રેસ્ટોરન્ટ હતી. અંબિકા ભુવન, હિન્દુ લોજ... અહીં ચા-પાણી, ફાફડા-ગાંઠિયા અને જમવાનું મળતું હતું... રહી શકાય એવી હોટેલ નહોતી આ!

"હવે?" સમીર ફરી ગૂંચવાયો. એણે હોટેલના કાઉન્ટર પર જઈને એક માણસને પૂછ્યું. "અહીં રહેવાની સગવડ ક્યાં મળશે?"

પેલા માણસે એને પગથી માથા સુધી જોયો. "મકાન ભાડે જોઈં છી?" પેલા માણસે પૂછ્યું, શુદ્ધ કાઠિયાવાડીમાં...

"ના." સમીરે કહ્યું. "બે દિવસ રહેવું છે."

"એવું તો આંઈ કણે નો મળે. કોકને ઘેર જ ઉતારા કરવા પડે."

"પણ હું તો કોઈને ઓળખતો નથી." સમીરે કહ્યું.

"ભાઈ, અમારા સોરઠમાં ઓળખાણ નો હોય તો ય પ્રેમ હોય... અમારે મહેમાન એટલે ભગવાન... હાલો મારી ભેળા, મારે ઘેર રહેજો."

સમીર આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યો. સાવ અજાણ્યા માણસને આવી રીતે પોતાના ઘેર લઈ જનાર આ માણસને શું કહેવું? હિન્દુસ્તાનના ગામડાઓમાં હજી યે ભારતીયતાની મહેંક અકબંધ હતી, એ વાતે સમીરનું હૃદય ભરાઈ આવ્યું...

"ના ના, એમ તમને તકલીફ થોડી અપાય?" સમીરે આનાકાની કરવા માંડી.

"લે!" પેલા માણસે સમીરનો હાથ પકડી લીધો. "એમાં તકલીફ શું ભાઈ, તમે અમારા ગામમાં આવ્યા છો, તે કાંઈ કામે જ આવ્યા હશો ને, તમારું કામ થાય, પછી ઓછા તંબૂ નાંખીને રહેવાના છો... હાલો હાલો, હવે માન માગ્યા વિના..." આ માણસના અનઔપચારિક વ્યવહારને સમીર જોઈ રહ્યો, પછી એણે નક્કી કર્યું...

"ચાલો." અને પોતાની બેગ ઉપાડી પેલા માણસ સાથે ચાલવા માંડયો. માણસે કાઉન્ટર બંધ કર્યું. બીજા માણસને ત્યાં બેસવાની સૂચના આપી અને સમીરની બેગ ઉપાડવા લાગ્યો. "ના ના..." સમીરે કહ્યું.

"શું ના ના. લાવો હવે." પેલા માણસે કહ્યું અને સમીરના હાથમાંથી બેગ લગભગ ઝૂંટવી લીધી. "મણિયા... આ બેગ ઘેર પહોંચાડજે ને ભાભીને કહેજે કે મહેમાન જમવામાં છે... હાલો લ્યો..." એણે સમીરને કહ્યું અને બહાર ઉભેલી લાલ ચટક રંગની હેન્ડલ ઉપર ફૂમતા લગાવેલી, બે બાજુ અરીસા લગાવેલી, બુલેટ મોટર સાયકલને કીક મારી... "બેસો" એણે સમીરને કહ્યું. સમીર એક આજ્ઞાંકિત બાળકની જેમ બેસી ગયો.

"ક્યાં જવું છે?"

"તમારું નામ શું?" સમીરે પૂછ્યું.

પેલો માણસ હસી પડ્યો, "આ લે લે... મેં તમને હજી મારું નામે ય નો કીધું નઈ? મારું નામ પોપટ, પોપટ સૂરજી... ગોહેલ. આંઈ છેલ્લા પચાસ વરસથી અમારી હોટેલ છે. પેલા મારા બાપા બેસતા, હવે એ બહુ ઘરડા થઈ ગયા. આંખે ઝાંખપ વળી છે એટલે હું બેસું છું... પણ, આખા પંથકમાં આપણી હોટેલ એ વન - હાઈ કલાસ..."

સમીર પ્રેસિડેન્ટ અને તાજની મોટી મોટી લાઉન્જ વિશે વિચારતો હતો... આ માણસ એની ચાલીસ બાય ચાલીસની રેસ્ટોરન્ટને હાઈ કલાસ એ વન હોટેલ કહેતો હતો. સમીરના ચહેરા પર સ્મિત આવી ગયું.

"ક્યાં જવું છે?" પેલા માણસે ફરી પૂછ્યું.

"મને ખબર નથી." સમીરે કહ્યું. પોપટે મોટરસાયકલને બ્રેક મારી અને પાછળ વળીને સમીર સામે જોયું. "ખબર નથી? તો અહીં શું આવ્યા છો?"

સમીર ઘડીભર એની સામે જોઈ રહ્યો. "આને સાચું કહેવું કે ન કહેવું?" એના મનમાં વિચાર આવી ગયો... પછી, એણે પેલા માણસને કહ્યું, "મારે એક બહેનની તપાસ કરવાની છે, ગોમતી કરસન પટેલ..."

પેલા માણસનો ચહેરો બદલાઈ ગયો.

"તમારે શું થાય?" એણે પૂછ્યું.

"ઓળખીતા." સમીરે કહ્યું.

"શું કામ પડ્યું, એમનું?" પોપટે પૂછ્યું.

"કંઈ નહીં, અમસ્તુ મળવું છે." સમીરે કહ્યું.

"ઓ..." પોપટે કહ્યું અને મોટર સાઈકલને કીક મારી. "ક્યાંથી આવો છો?"

"મુંબઈથી, કહ્યું તો ખરું." સમીરે કહ્યું.

"ગોમતીને કેવી રીતે ઓળખો?"

"એટલે... મને... રાજકોટથી એમનું સરનામું મળ્યું..."

"અનાથઆશ્રમથી?" પોપટે પૂછ્યું... સમીર ડઘાઈ ગયો.

"એ સિવાય રાજકોટમાં ગોમતીનું સરનામું આપે એવું કોઈ નથી ભાઈ..."

"તમે ઓળખો છો?" સમીરે પૂછ્યું.

"હું નહીં, આખું ગામ ઓળખે છે." પોપટે કહ્યું.

"એટલે? એ હજી બાંટવામાં છે?"

"હજી એટલે? તમને ખબર જ નથી..." પોપટે પૂછ્યું. પોપટનો અવાજ અચાનક લુખ્ખો અને સૂકો થઈ ગયો હતો. એનો ઘડીભર પહેલા છલકાતો મહેમાન માટેનો પ્રેમ કોણ જાણે ક્યાં ઉડી ગયો હતો!

"ગોમતીને મળવા આવ્યા છો, નંઈ?"

"હા." સમીરે કહ્યું. એને પોપટના અચાનક બદલાયેલા વર્તાવથી નવાઈ લાગી. પોપટ તદ્દન ચૂપ થઈ ગયો.

પોપટે ગામની ગલીઓમાં પસાર થઈ, એક મકાન પાસે આવી મોટરસાયકલ રોકી. ત્યાં સુધી બેમાંથી કોઈ કંઈ બોલ્યું નહીં. મકાન પાસે મોટરસાયકલ રોકીને કહ્યું, "ઉતરો."

સમીર ઉતર્યો.

"આ મારું ઘર છે." પોપટે કહ્યું.

"પણ આપણે તો ગોમતીને ત્યાં..." મા કહેતા સમીરને હજીયે તકલીફ થતી હતી. સેંકડો સવાલો રહી રહીને ફેણ ઉચકતા હતા. એ ચૂપચાપ પોપટની પાછળ દોરાયો. ખડકી ખોલીને પોપટ નાનકડી ઝાંપલીમાંથી ચોકમાં દાખલ થયો. ચોકમાં ખાટલો ઢાળીને એક વૃદ્ધ બેઠા હતા.

"કોણ?" એમણે આંખો પર હથેળીની છાજલી કરી.

"હું, પોપટ." પોપટે જવાબ આપ્યો.

પોપટ ઘરમાં દાખલ થયો. સમીર પણ પાછળ પાછળ દાખલ થયો. એની બેગ પહોંચી ગઈ હતી. એણે ઓસરીમાં પડેલી બેગ જોઈ.

પોપટ સમીરને લઈને વૃદ્ધ પાસે આવ્યો.

"બાપુ, મેમાન છે." પોપટે કહ્યું. "મુંબઈથી આવ્યા છે."

"નમસ્તે." સમીરે કહ્યું.

"સુખી થાવ ભાઈ." વૃદ્ધે કહ્યું. થોડીક ક્ષણો પોપટ કંઈક વિચારતો રહ્યો અને પછી ઉંડો શ્વાસ લઈ વૃદ્ધને કહ્યું:

"ગોમતી ફોઈને ગોતે છે."

"શું?" વૃદ્ધે પૂછ્યું. "આટલા વરસે? ગોમતીને ગોતતું? કોણ આવ્યું છે? શું નામ તમારું ભાઈ?"

"સમીર."

"ગોમતી તમારે શું થાય? શું કામ પડ્યું એનું?"

"ગોમતી... ગોમતી મારી... મા થાય." સમીરે કહ્યું. "હું

ગોમતી કરસનદાસ પટેલની વાત કરું છું. રાજકોટ અનાથઆશ્રમમાંથી મને એમનું નામ મળ્યું છે..."

વૃદ્ધ ઘડીભર સ્તબ્ધ થઈ ગયા. પછી ઉભા થયા. પહેલા સમીરના માથે હાથ મૂક્યો અને પછી અત્યંત માર્દવથી એના ચહેરા પર હાથ ફેરવ્યો. જાણે કોઈ ફુલની કોમળતા અનુભવતા હોય, એટલી નજાકત અને વહાલથી એમણે સમીરનો ચહેરો ફીલ કર્યો...

"સ...મી...ર..." એમની ઝાંખપ વળેલી આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. "કેટલો મોટો થઈ ગયો? સાવ આવડો હતો..." એમણે હથેળી અને કોણીની વચ્ચેનો હાથ બતાવ્યો... "વેંત જેવડો. મૂકતા ય જીવ નહોતો ચાલતો મારો. મેં તો કીધું હતું કે હું રાખીશ. પણ ગામને જવાબ શું દેવો? મારા બાપાએ કુળદેવીના સોગંદ ઘાલ્યા અને મારે તને મેકી આવવો પડ્યો, બેટા... એ દિવસથી આજ સુધી એકે રાત એવી નથી ગઈ કે મેં તારું સપનું ના જોયું હોય, મને હતું કે તું આવીશ... કોણ જાણે કેમ મારો માહ્યલો કહેતો હતો કે તું આવીશ... ભલે આવ્યો બેટા. ગોમતીનો આત્મા ય હવે ગતે જશે!"

"આત્મા ગતે જશે? એટલે... ગોમતી હવે..."

"નથ રહી..." વૃદ્ધે કહ્યું અને સમીર ધબ દઈને ખાટલા પર બેસી ગયો. "ઓહ! ગોડ..." જે સ્ત્રીને સવાલો પૂછીને ગૂંગળાવી મારવાની વેરવૃત્તિ લઈને ખરું-ખોટું સંભળાવી દેવાનો ઇરાદો લઈને, જેને ઓળખવાની આશા લઈને સમીર અહીં સુધી આવ્યો હતો એ સ્ત્રી હવે નહોતી...

સમીરને આ ખડકી, આ ચોક એની સામેનું મકાન, આ વૃદ્ધ અને પોપટ બધા ગોળ ગોળ ફરતા લાગ્યા... એને ગભરામણ થવા માંડી. શ્વાસ રૂંધાતો હોય એવું લાગ્યું...

"હવે? હવે શું?" સમીરના મનમાં સવાલ ઉઠ્યો.

*

સત્યાવીસ

“હવે? હવે શું?” સમીરના મનમાં સવાલ ઉઠ્યો... “પણ તમે તો ગોહેલ છો. ગોમતી તો પટેલ...” એણે પોપટ સામે જોયું. “તમારી ફોઈ કેવી રીતે થાય?”

વૃદ્ધે નિ:શ્વાસ નાંખ્યો, “ભાઈ, અનાથઆશ્રમમાં લખાવાતા નામો, ભાગ્યે જ સાચા હોય છે...” સમીરને કોણ જાણે કેમ વિશ્વાસ નહોતો બેસતો. આટલી ઝડપથી સીધે સીધો ગોમતીનો પત્તો મળી જશે, એવી એને આશા નહોતી કદાચ... આમ સીધું પોપટનું મળવું... ને આ વૃદ્ધનું એને વિશે જાણવું... લોજિકલી બધું બરાબર બેસતું હતું. પણ, સમીરનું મન સ્વીકારવા તૈયાર નહોતું... એણે વૃદ્ધને પૂછ્યું, “પણ, અનાથઆશ્રમમાં કેમ...”

“કુંવારી હતી ગોમતી...” વૃદ્ધે કહ્યું. “મેં મારા બાપાને બહુ સમજાવ્યા, પહેલા તો ગોમતીને ઝેર જ આપવા માગતા હતા. પછી માંડ માંડ સમજાવ્યા, કઈ કેટલીયે દવાઓ કરી, દાયણો, અરે જૂનાગઢ દાકતર પાસે પણ જઈ આવ્યા, પણ બેટા, તારે આ દુનિયામાં આવવાનું હશે એટલે ગર્ભ ન પડ્યો, તે ન જ પડ્યો. પછી મારા બાપા માન્યા. ગોમતીની કૂખે દીકરો જન્મ્યો, પણ મારા બાપા એને રાખવા તૈયાર નહોતા. બહુ સમજાવ્યા મેં...” સમીર ઉતાવળો થઈ ગયો હતો હવે...

“પછી શું થયું?”

“બેટા, તું બેસતો ખરો.” વૃદ્ધે કહ્યું.

“તમે બોલો...”

“અરે મારા દીકરા...” વૃદ્ધે કહ્યું. “પછી શું થવાનું? અમે તને રાજકોટ અનાથઆશ્રમમાં મૂકી આવ્યા. મૂકી આવ્યા પછી બે-ચાર બહાનુ કરીને હું જોવા ય ગયો... પણ મારા બાપાને ખબર પડી ગઈ... લડી-ઝઘડીને જ્યારે હું છેલ્લીવાર ગયો, ત્યારે ખબર પડી કે તને મુંબઈના કોઈ ભાઈ એમની હાળે લઈ ગયા, નાનકડો-ટબૂકડા જેવડો હતો તું...”

સમીર જાણે કોઈ ત્રીજા માણસની વાત હોય એમ સાંભળી રહ્યો... એને ગોમતીને મળવું હતું, એની માને... એની જનેતાને જોવી હતી.

“કોઈ ફોટો છે?” સમીરે પૂછ્યું.

“કોનો?” પોપટે પૂછ્યું.

“ગોમતીનો.” સમીરે કહ્યું.

“મા કહે બેટા.” વૃદ્ધે કહ્યું. “તારી મા હતી એ...”

“ઓહ યેસ! એટલે જ મને રઝળતો મૂકી દીધો.”

“રઝળતો?” વૃદ્ધનો નિ:શાસો નીકળી ગયો. “બેટા, જે દિવસથી તું ગયો આ ઘરમાંથી એ દિવસ પછી એકે દિ મારી બહેને ધરાઈને ધાન નથી ખાધું. બિચારી ગાભાના ટુકડા લઈને ઢીંગલા-ઢીંગલી રમતી થઈ ગયેલી. મગજ ચસકી ગયું હતું એનું...”

"આખા ગામમાં ફરતી" પોપટ બોલ્યો. "ઘેર ઘેર જઈને પૂછે, મારા દીકરાને જોયો છે કોઈએ? બહુ તોફાની છે, રોજ ભાગી જાય છે..." પોપટને ડૂમો ભરાઈ આવ્યો હતો. "પારકાના છોકરાને તેડી તેડીને હેત કરે... કોકના છોકરાને ધમકાવીને ઘેર લઈ આવે. મંદિરના ઓટલે બેસી રહે. રાત પડે માંડ સમજાવીને ઘરે લાવીએ તો ઉંઘમાં ય ઉઠીને પડખામાં ગાભાનો ટુકડો લઈ ધવડાવવા બેસે..."

"મેં..." વૃદ્ધની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા હતા. "મેં સગા ભાઈએ એની ચોળીના બટન વાંસ્યા છે કેટલીય વાર... એને તો બિચારીને ભાન જ નહોતું, એના શરીરનું કે એના મગજનું..."

સમીરની નજર સામે જાણે ગોમતી ઉભી હતી, હાથ લંબાવીને, બાંહ પસારીને અને કહેતી હતી, "આવ બેટા આવ... એકવાર મને ભેટીને મા કહે..."

સમીર, પોપટ અને વૃદ્ધ સુરજી થોડીકવાર ચૂપચાપ બેસી રહ્યા. ત્રણમાંથી કોઈ કશું ય ન બોલ્યું. પછી સમીરે ફરી પૂછ્યું, "ફોટો છે?"

"છે." વૃદ્ધે કહ્યું. "અહીં ગામના મેળામાં પડાવેલો. મોટરમાં બેસીને... ઉભો રહે" અને એ ઉભા થયા. પોપટ એમને બાવડેથી ઝાલીને અંદર લઈ ગયો. થોડીવાર સમીર એમ જ એકલો જ ત્યાં ઉભો રહ્યો... મકાન, ફળિયું, ચોક, ઓસરી, રસોડું અને ઓરડાઓ... એને ક્ષણે ક્ષણ એવો ભાસ થતો રહ્યો કે ગમે ત્યાંથી ગોમતી બહાર નીકળશે અને એને કહેશે, "આવી ગયો બેટા..."

વૃદ્ધ અંદરના ઓરડામાંથી બહાર આવ્યો. એમના હાથમાં પૂંઠાની ફ્રેમમાં મઢેલો એક ફોટો હતો. એમણે સમીરના હાથમાં આપ્યો. "લે બેટા. તારે જ માટે સાચવ્યો છે..." વૃદ્ધે કહ્યું અને ફરી સમીરના માથે હાથ ફેરવ્યો. સમીરે ધ્રૂજતા હાથે ફોટો સવળો કરીને પોતાની નજર સામે લીધો.

કાળી મોટી આંખો... ઘૂંઘરાળા સમીર જેવા કાળા વાળ, નમણું આર્યન નાક, સુંદર ઘાટલી હોઠ, ગોઠવાયેલી બત્રીસી અને ગોરો એક પણ ડાઘ વિનાનો ચહેરો... સુંદર હતી ગોમતી! ક્યાંક સમીરની ઝલક હતી ગોમીતમાં કે પછી સમીરને પોતાના ચહેરામાં ગોમતીની ઝલક દેખાવા માંડી હતી.

"લાંબેથી આવ્યો છે બેટા... બીજી ઘણી વાતો કરવી છે. જા નાહી-ધોઈ ને પછી જમી લે. વાતો તો ખૂટે એમ નથી. છવ્વીસ વરસના વાણા વાયા છે. છવ્વીસ વરસની વાતો એમ કંઈ ઘડી પળમાં નહીં થાય." વૃદ્ધે કહ્યું.

સમીર આગળ સવાલો પૂછવા માંગતો હતો પણ એને વૃદ્ધની વાત સાચી લાગી. એણે અંદરની તરફ જવા માંડ્યું...

"અહીં, આ બાજુ..." પોપટે કહ્યું. "બાથરૂમ અહીં છે." ફળિયામાં થોડે દૂર બાંધેલો બાથરૂમ અને ટોયલેટ હતા. આજે પણ, ભારતના ગામડાંઓમાં ઘરમાં બાથરૂમ નથી હોતા, એ વાત અટેચ્ડ ટોયલેટ - બાથરૂમવાળા રૂમમાં જીવતા સમીરને પહેલીવાર ખબર પડી...

આ એની ધરતી હતી. એનું જન્મસ્થાન, એની માતૃભૂમિ...

અચાનક જ સમીરને આ ગામ, આ ઘર, આ પોપટ અને આ વૃદ્ધ પોતીકાં, સાવ નજીકના લાગવા માંડ્યા, આજ સુધી જેમને મળ્યો ય નહોતો એ લોકો અચાનક જાણે વરસોના સ્નેહી બની ગયા!

સમીર બેગમાંથી ટોવેલ અને સાબુ કાઢીને નહાવા ગયો. પોપટે બૂમ પાડીને ઘરમાં સૂચના આપી... "થાળીઓ

કાઢજો...”

*

રેવતી સાંજે સુજય સાથે જવા માટે આમ તો કમને જ પણ તૈયાર થઈ રહી હતી... કેટલાય દિવસે એણે સરખું માથું ઓળ્યું, આંખોમાં આંજણ નાંખ્યું. કાનમાં નાની નાની બુટ્ટીઓ પહેરી અને નિયતિએ કાઢેલું મરૂન કલરનું રો સિલ્કનું કૂર્તુ પહેર્યું... કાળા અને મરુન રંગની સિલ્કની બાંધણીનો દુપટ્ટો અને ઑફ વ્હાઈટ સલવાર સાથે રેવતી જ્યારે તૈયાર થઈને બહાર આવી, ત્યારે મિહિર એક ક્ષણ માટે એને જોઈ રહ્યો...

“સુજયનો વાંક નથી.” મિહિરે વિચાર્યું. આ સ્ત્રી માટે કોઈ કંઈ પણ કરી શકે. કલ્યાણી એની પાસે આવી “બેટા, જે કરે તે સમજી વિચારીને કરજે. મન શાંત રાખજે. અકળાઈને જાત ઉપર ગુસ્સો કાઢીને કોઈ નિર્ણય નહીં કરતી.” કલ્યાણીએ સલાહ આપી... અજિતકાકા એક પણ અક્ષર બોલ્યા વિના રેવતીની પાસે આવી, માથે હાથ ફેરવ્યો, ઘડીભર એને જોઈ રહ્યા અને ખૂબ ધીમા અવાજે એમણે કહ્યું, “ઇશ્વર તને સુખી કરે...”

ઘરમાં દરેક માણસ ઈમોશનલ થઈ ગયો હતો. રેવતી સુજય સાથે બહાર જવાની છે, એ વાત રેવતીના જીવન માટે કેટલી અગત્યની છે, એ સૌ સમજતા હતા. છતાં, રેવતીના નિર્ણયને કોઈ પણ રીતે જબરદસ્તી કે દુરાગ્રહ કરીને રેવતીને દુઃખ ન પહોંચાડવાનું જાણે સૌએ મનોમન નક્કી કર્યું હતું.

કલ્યાણી ઇચ્છત તો માત્ર રેવતીને હુકમ કરી શકત. પણ, કલ્યાણી આટલા વરસ ઘનશ્યામરાયની સાથે રહીને એક વાત શીખી ગઈ હતી... “સ્નેહ સ્વતંત્રતા આપે છે.” ઘનશ્યામરાય કાયમ કહેતા. “બાંધે એ સ્નેહ નહીં, એ તો બંધન. આપણને આપણા સંતાનોમાં એમના નિર્ણયમાં વિશ્વાસ હોવો જોઈએ અને કદાચ આપણું સંતાન ભૂલ કરે તો એ ભૂલ સાથે પણ એને સ્વીકારવાની જવાબદારી આપણી જ છે. એવું હંમેશા યાદ રાખવાનું...”

રેવતીએ ભૂલ કરી હતી, કદાચ!

અને છતાં, એના માતા-પિતાની સમજદારી અને ઉદારતા રેવતીને મનોમન ભીંજવી રહ્યા હતા...

નિયતિ રેવતીની નજીક આવી. એને ભેટી...

“ડિયર સીસ, હું માનું છું કે તારી જિંદગીનું એક નવું અને સોનેરી પ્રકરણ આજથી શરૂ થાય છે. સુજય ખૂબ સારો છોકરો છે. હું જાણું છું એને અને મને વિશ્વાસ છે એની સમજદારીમાં, એના પ્રેમમાં, એ તને ખૂબ સુખી કરશે. એવો મને વિશ્વાસ છે...”

રેવતીએ ખાલી આંખે નિયતિ સામે જોયું.

“શું ભાવ હતા એ આંખોમાં?” નિયતિ વિચારતી રહી. કોઈ કંઈ બોલે એ પહેલાં સુજય ઘરમાં દાખલ થયો...

“હેલો... એવરીબડી.” સુજયે કહ્યું. એની રાક્ષી દેખાઈ રહી હતી. એનું સુંદર સ્મિત અને ચહેરા પરનું તેજ આજે જુદું જ હતું. સ્કાય બ્લયુ કલરના ઓપન કોલરના ટી-શર્ટમાં એ ખૂબ સરસ લાગતો હતો. હમણાં જ નાહીને આવ્યો હતો. એના આફ્ટર શેવ અને પરફ્યુમની સુગંધ આખા ઘરમાં ફેલાઈ રહી હતી... “જઈએ?” સુજયે પૂછ્યું રેવતીને...

“બહુ ઉતાવળ છે...” મિહિરે કહ્યું અને બધા હસી પડ્યા. રેવતીના મ્લાન ચહેરા પર એક હલકું સ્મિત આવ્યું...

અને પછી, અજિતકાકાએ પોતાની ગાડીની ચાવી આપી. “ગાડીમાં જજો.” અજિતકાકાએ કહ્યું.

“ગાડી છે મારી પાસે.” સુજયે કહ્યું અને ફરી રેવતીને કહ્યું, “જઈએ?”

રેવતી ચૂપચાપ સુજયની પહેલા ઘરની બહાર નીકળી ગઈ. બહાર જતા સુજયને નિયતિએ બોલાવ્યો... “છીછ છીછ...” સુજયે પાછા વળીને જોયું. “ઓલ બ બેસ્ટ બડી...” નિયતિએ કહ્યું.

“થેંક્સ યાર.” સુજયે કહ્યું અને બહાર નીકળી ગયો...

*

નિલય કૉલેજના કેમ્પસમાંથી બહાર નીકળતો હતો અને એને અચાનક વિચાર આવ્યો... એણે ઘડિયાળ જોઈ. સાંજના સવા સાત - સાડા સાત થવા આવ્યા હતા. “નિયતિ ઘરે હશે?”

અને એના પગ અચાનક એસ.ટી.ડી. બૂથ તરફ વળ્યા. એણે જઈને અમદાવાદનો નંબર ઘુમાવ્યો.

“હેલો.” નિયતિએ કહ્યું. “તને કેવી રીતે ખબર કે હું તારો જ વિચાર કરતી હતી?”

“બસ, ખબર પડી ગઈ.” નિલયે કહ્યું. “કેમ છે તું?”

“હું?” નિયતિના અવાજમાં ઉત્સાહ છલકાતો હતો. “હું ખૂબ ખુશ છું. ઈન ધ સેવન્થ હેવન...”

“અરે વાહ! કેટલા દિવસે તારો આવો અવાજ સાંભળ્યો છે.” નિલયે કહ્યું. એની પૂછવાની હિંમત નહોતી થતી, છતાં પૂછી નાખ્યું, “રેવતીનો પ્રોબ્લેમ...”

“સોલ્વ!”

“એટલે?”

“એટલે એમ સ્વીટહાર્ટ કે સુજય રેવતીને પરણવા માગે છે...

“વોટ?” નિલયે પૂછ્યું.

“સુજય... મેં તને નહોતું કહ્યું, અહીં મારો એક ડૉક્ટર ફ્રેન્ડ છે... જેની સાથે હું રેવતીના નામે ડિનર કરી આવેલી...”

“ઓહ યેસ યેસ... તે?” નિલયે પૂછ્યું.

“એ રેવતીને પરણવા માગે છે...”

“એ જાણે છે...” નિલય હજી અચકાતો હતો.

“અફકોર્સ જાણે છે.” નિયતિએ કહ્યું, “બલ્કે અમે અમદાવાદના લોકલ ડૉક્ટર્સ માટે એના જ કોન્ટેક્ટ વાપર્યા છે...”

“આ તો બહુ સારી વાત છે.” નિલયે કહ્યું.

"એ રેવતીને પહેલા પણ ચાહતો હતો. પ્રપોઝ કરવા માગતો હતો, પણ..." નિયતિએ નિઃશ્વાસ નાંખ્યો. "દુનિયા આનું જ નામ હશે...રેવતી પેલા સ્ટુપિડ કાયરની સાથે પરણવા તૈયાર થઈ હતી અને આ સાચા-સારા માણસને એણે પરણવાની ના પાડી. પુરુષો બધા આવા જ હોય. જૂઠ્ઠો... કેવો લાગતો હતો ને કેવો નીકળ્યો..."

નિયતિનું ભાષણ હજી વધારે ચાલત, પણ નિલયે એને વચમાં જ અટકાવી. "તો હવે? શું નક્કી કર્યું છે?"

"રેવતી અને સુજય બહાર ગયા છે, આજે જ, હમણાં જ! અમે રેવતીને કહ્યું પણ એને એકવાર સુજયને મળવાની ઇચ્છા હતી, એકલા... એટલે બંને જણા બહાર ગયા છે..."

"અને સમીર..."

"કોણ સમીર?" નિયતિએ કહ્યું. "આપણે હવે એને ભૂલી જવાનો..."

"આપણ તો ભૂલી જઈશું, રેવતી ભૂલી શકશે એને?" નિલયે પૂછ્યું...

"ભૂલવો પડશે." નિયતિએ કહ્યું. "જે માણસ સ્ત્રીને સન્માન ન આપી શકે, એની જવાબદારી ના લઈ શકે, પોતે જેને પ્રેમ કરે છે, એનું શું થશે, એની ચિંતા કર્યા વિના એને આવી રીતે નિરાધાર-એકલી છોડીને જે ભાગી જઈ શકે, એને ભૂલી જવા સિવાય બીજું થઈ પણ શું શકે?"

"આ તું કહે છે, રેવતી નહીં." નિલયે કહ્યું. નિલય નિયતિના પ્રમાણમાં અત્યારે વધારે પ્રેક્ટિકલ થઈને વિચારી શકતો હતો. સામાન્ય સંજોગોમાં નિયતિ બહુ પ્રેક્ટિકલ છોકરી હતી. કોઈ પણ પરિસ્થિતિનો તોડ કાઢવો, એને માટે સામાન્ય બાબત હતી. પણ આજે, નિલયના સવાલથી એ પોતે પણ ગૂંચવાઈ ગઈ...

નિલયનો સવાલ રેવતીના સવાલની ખૂબ નજીક હતો...

એ બધા મળીને રેવતીના લગ્ન કરાવવા માગતા હતા, સૌ જાણતા હતા કે સુજય રેવતીને ચાહે છે, દિલોજાનથી ચાહે છે. સુજય રેવતીને ખૂબ ખુશ રાખશે એમાં પણ કોઈ શંકા નહોતી.

પણ... સમીર? સમીર એક એવો સવાલ હતો જે હજી ભૂંસાયો નહોતો. રેવતીના મનમાંથી યે નહીં, એના જીવનમાંથી યે નહીં, અને બાકીના સૌના જહેનમાંથી પણ નહીં જ!

નિયતિ વિચારવા લાગી... અને, રેવતીનો સવાલ એના મનમાં ફરી ફરીને પડઘાવા લાગ્યો. "સમીર પાછો આવશે તો?... સમીર પાછો આવશે તો?"

*

સુજય અને રેવતી રેસ્ટોરન્ટમાં દાખલ થયા. શાંત - સુંદર જગ્યા હતી આ! નિરમા ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટના કેમ્પસમાં આવેલી 'માધુર્ય' નામની જગ્યા હતી આ... સુજય અને એના મિત્રો વારંવાર આવતા અહીં... હાઈ-વે પર આવેલી આ જગ્યા એક તો શહેરથી દૂર હતી, એટલે અહીં ભીડ ઓછી રહેતી અને બીજું, સુજયને અહીં ખાવાનું બહુ જ ભાવતું.

રેવતી ઘણા દિવસે બહાર નીકળી હતી. મધ્ય સપ્ટેમ્બર ચાલતો હતો. નવરાત્રિ આવવાની તૈયારી હતી અને વાતાવરણમાં થોડીક ઠંડક, થોડીક ભીનાશ હતી. મોડો શરૂ થયેલો અમદાવાદનો વરસાદ હજીયે ઝરમરીયા

ઝાપટાં પાડી જતો હતો. સાંજે જ પડી ગયેલા વરસાદને કારણે આસપાસના ગાઢા વૃક્ષોની લીલી, ભીની વાસ વાતાવરણમાં હતી.

વરસાદી વાતાવરણને કારણે સાંજ જાંબુડિયા રંગની લાગતી હતી. રેવતીને ખૂબ સાચવીને, સંભાળીને સુજય ઉપર લઈ આવ્યો. બંને જણા સામસામે ગોઠવાયા... ખાસ્સી વાર સુધી કોઈ કશું ના બોલ્યું... પછી સુજયને લાગ્યું કે હવે એણે બોલવું જ પડશે...

"સારી જગ્યા છે..." સુજયે કહ્યું. "મને બહુ ગમે છે."

"હા." રેવતીએ કહ્યું. પછી થોડીક ક્ષણો ફરી ચૂપકિદી છવાઈ ગઈ. સુજય સમજી નહોતો શકતો કે વાત ક્યાંથી શરૂ કરવી... બંને જાણતા હતા, કે બંને શું વાત કરવા માટે અહીં આવ્યા છે, અને છતાં વાતની શરૂઆત કરવાની હિંમત બેંમાથી કોઈની નહોતી...

છેવટે સુજયને નિયતિ યાદ આવી. "બડી, સ્ટુપિડની જેમ બેસી ના રહીશ... કહી દેજે, જે કહેવાનું હોય તે." સુજયને જાણે નિયતિ સામે ઉભી રહીને ડોળા કાઢી - ધમકાવતી હોય, એવી લાગણી થઈ... એ હસી પડ્યો. રેવતીને નવાઈ લાગી. એણે આશ્ચર્યથી સુજય સામે જોયું...

"હું કેમ હસુ છું, એમ વિચારે છે ને?" સુજયે પૂછ્યું. "મને તારી બહેન યાદ આવી ગઈ... એણે મને કહ્યું હતું કે જે કહેવાનું હોય તે કહી નાખજે... સ્ટુપિડની જેમ બેસી નહી રહેતો!"

રેવતીના ચહેરા પર સ્મિત આવી ગયું. "ગાંડી છે." રેવતીએ કહ્યું.

"પણ બહુ સ્વીટ છે." સુજયે કહ્યું, "તને ખૂબ ચાહે છે."

"જાણુ છું." રેવતીએ કહ્યું. એની આંખોમાં પાણી આવી ગયા. "બધા જ ચાહે છે મને, પણ... મેં શું આપ્યું એમને? તકલીફ? પ્રશ્નો? સવાલો? બદનામી..." રેવતીના બે હાથ એકબીજા પર ગોઠવાયેલા હતા. એ નીચું જોઈને બોલી રહી હતી. સુજયે એની બે હથેળી પર પોતાનો હાથ ગોઠવી દીધો. રેવતીએ ઉંચું જોયું...

"રેવતી, હું સીધી સરળ વાત કરનારો માણસ છું. મને બહુ ગોળ ગોળ વાત કરતા નથી આવડતી. એક સીધો સવાલ પૂછું છું, મને સીધો જવાબ આપજે." રેવતીએ નજર ઉંચકીને સુજયના ચહેરા પર નોંધી. આવનારા સવાલ માટે. આમ તો, રેવતી સવારથી તૈયાર હતી. છતાં, એને એકવાર ફરી ડર લાગી ગયો...

"પરણીશ મને?" સુજયે પૂછ્યું.

રેવતી ચૂપચાપ સુજય સામે જોઈ રહી.

"કોઈ ઉતાવળ નથી. સમય લે, તારો નિર્ણય કર... જો રેવતી, હું તને ચાહુ છું, તારી પરિસ્થિતિનો ગેરલાભ લેવા નથી માગતો કે નથી તારા પર દયા કરતો. હું તને ચાહુ છું, તારી આસપાસની તમામ પરિસ્થિતિને એટલી જ ચાહુ છું. મારે માટે તારું શરીર એટલું અગત્યનું નથી... અફકોર્સ, તું સુંદર છે, મને ખૂબ ગમે છે, પણ... એનો અર્થ એ નથી કે મને તારો મોહ છે... રેવતી, હું તને, તારા મનને, તારા અસ્તિત્વને, તારા સ્ત્રીત્વને ચાહુ છું, મારે તારી સાથે જીવવું છે. તારી સાથે એક ઘરમાં રહેવું છે. તારી બાજુમાં એક પલંગ પર સૂવું છે. તારા હાથે રાંધેલી ગરમ ગરમ રોટલી ખાવી છે... તારી સાથે ઝઘડવું છે. બાળકોને ઉછેરવા છે... અને, સાથે સાથે ઘરડા થવું છે. સાથે સાથે ચશ્માં પહેરવા છે. એકબીજાનો હાથ પકડીને સિત્તેર વરસે પણ મોર્નિંગ વૉક

માટે જવું છે... આઈ લવ યુ રેવતી... આઈ વોન્ટ ટુ લીવ વીથ યુ..."

એકીશ્વાસે બોલી ગયો સુજય... અને પછી હાંફવા લાગ્યો... જાણે આટલું કહેતા એને શ્રમ પડ્યો હતો, કેટલાય મહિનાઓ, કેટલાય દિવસોથી મનમાં સંઘરી રાખેલી એક આખેઆખી કથા, એણે જાણે રેવતીને કહી દીધી હતી...

સુજયને પોતાની કોઈ કિંમતી મિલકત લૂટાઈ ગઈ હોય, એવી લાગણી થઈ. જે વાત એ એક રેશમી સપનાની જેમ મનમાં પંપાળ્યા કરતો હતો એ વાત આજે એણે કોઈ બીજાને સોંપી દીધી હતી અને હવે એના સપનાનો જીવવા-મરવાનો આધાર કોઈ બીજાની 'હા' અથવા 'ના' ઉપર આધારિત હતો... સુજય રેવતીની સામે તાકી રહ્યો... જવાબની આશામાં!

રેવતીએ સુજયના હાથ નીચેથી હળવેથી પોતાના હાથ સેરવ્યા. પછી સુજય સામે ભરેલી આંખે જોયું... "જાણે છે, શું કહે છે?"

"હા." સુજયે કહ્યું.

"આ બાળક તારું નથી."

"પણ તારું તો છે ને?" સુજયે કહ્યું. "તારા શરીરનો ભાગ છે એ. તારું સપનું, તારું સુખ, તારા આનંદની કોઈ એક એવી પળે આકાર લીધો છે આ બાળકે... કે એ મારે માટે તો સ્વાર્થી થઈને વિચારું તો સુખ જ લઈને આવ્યું છે..."

રેવતી જોઈ રહી સુજય સામે, કેટલો નિર્દોષ, કેટલો સાચો હતો આ માણસ!

સુજય બોલતો રહ્યો, "આ બાળક ન હોત, અને સમીર ચાલ્યો ગયો હોત તો તું પરણત મને? મારે માટે તો આ બાળક કડી છે રેવતી... મને અને તને જોડનારી કડી!"

રેવતી આશ્ચર્યચકિત થઈ ગઈ. "કોઈ આવી રીતે પણ વિચારી શકે?"

સુજય હજી બોલી રહ્યો હતો... "આ લગ્ન કરીને હું કોઈ ઉપકાર, કોઈ દયા નથી કરતો... એટલું સ્પષ્ટ રાખજે તારા મનમાં... આ લગ્ન હું એટલા માટે કરું છું કારણ કે હું તને ચાહું છું, તને રેવતી..."

રેવતી શાંત થઈ વિચારી રહી. "બે જણામાં કેટલો ફેર હતો? એક જે એને રડતી-કકળતી છોડી ગયો... માત્ર પોતાના સ્વાર્થ ખાતર અને એવું કહેતો ગયો કે પોતે નિર્દોષ છે... અને બીજો, જે બધો સ્વાર્થ છોડીને એને સ્વીકારી રહ્યો હતો અને છતાં પોતે સ્વાર્થી છે એમ કહીને રેવતીને સન્માન આપી રહ્યો હતો..."

રેવતીને પિતા યાદ આવી ગયા. ઘનશ્યામરાય હંમેશા કહેતા, "બેટા, જેને માટે સન્માન ન હોય, એની સાથે લગ્ન નહીં કરતી. પ્રેમ કરવો સરળ છે, પણ આદર કરવો અઘરો છે અને આખી જિંદગી એની જ સાથે જીવી શકાય જેને માટે ખૂબ આદર અને સન્માન હોય... જે તમને સન્માન આપે, જે તમારું, તમારા સ્ત્રીત્વનું ગૌરવ કરે. તમને પત્ની નહીં, અર્ધાંગિની સમજે!" અને પોતાના માતા-પિતાના સંબંધમાં એણે આ સતત જોયું હતું...

આ નિર્ણયની પળ હતી રેવતી માટે!

એણે એનું ભવિષ્ય આજ પળે અહીં જ નક્કી કરવાનું હતું. સુજય

ભલે એમ કહે, “તું તારો સમય લે.” પણ રેવતીએ નિર્ણય હમણાં જ કરવાનો હતો... જેની રેવતીને ખબર હતી... નાઉ ઓર નેવર! રેવતી સમજતી હતી આ વાતને...

અને એણે એ જ સ્થિતિમાં પડેલા સુજયના હાથ પર પોતાનો હાથ મૂક્યો.

“સુજય, તને પ્રેમ કરું છું એવું તો નહીં કહી શકું... પણ તારો ખૂબ આદર અને સન્માન કરું છું. તારી લાગણીની કદર કરું છું... અને ભવિષ્યમાં તને પ્રેમ કરવાનો પ્રયત્ન પણ કરીશ. આ મારી ઓનેસ્ટી છે. હવે આ સચ્ચાઈ સાથે જો તું મને પરણી શકવાનો હોય તો મારે ના પાડવાનું કોઈ કારણ નથી...”

સુજયે પોતાનો બીજો હાથ રેવતીના હાથ પર મૂકી દીધો. એની આંખોમાં ઝળઝળિયાં હતાં...

“આઈ લવ યુ રેવતી... આઈ લવ યુ વેરી મચ...” અને પછી એણે એના પેન્ટના ખિસ્સામાંથી એક નાનકડી ડબ્બી કાઢી, ખોલી, અને એમાંથી વીંટી કાઢી રેવતીનો હાથ પકડી, પહેરાવવાનો પ્રયત્ન કર્યો...

બંનેને ત્યારે જ ખ્યાલ આવ્યો કે સમીરે પહેરાવેલી ડાયમંડની વીંટી હજી યે રેવતીની આંગળી પર અકબંધ હતી...! બંને થોડીવાર એકબીજા સામે જોઈ રહ્યા. સુજય ફિક્કુ હસ્યો.

રેવતીએ એ વીંટી કાઢી અને ત્યાં જ બાજુમાં પડેલી એક ખાલી પ્લેટમાં મૂકી દીધી અને સુજય સામે હાથ લંબાવ્યો. સુજયે આંખમાં ઝળઝળિયાં સાથે રેવતીને વીંટી પહેરાવી...

...બંને જ્યારે માધુર્યથી ઘરે જવા નીકળ્યા, ત્યારે રાતના સાડા અગિયાર થયા હતા અને પેલી વીંટી ત્યાં જ ખાલી પ્લેટમાં જ પડી રહી હતી...

*

અઠ્યાવીસ

આ એની ધરતી હતી. એનું જન્મસ્થાન, એની માતૃભૂમિ...

અચાનક જ સમીરને આ ગામ, આ ઘર, આ પોપટ અને આ વૃદ્ધ પોતીકાં, સાવ નજીકના લાગવા માંડ્યા, આજ સુધી જેમને મળ્યો ય નહોતો એ લોકો અચાનક જાણે વરસોના સ્નેહી બની ગયા!

સમીર બેગમાંથી ટોવેલ અને સાબુ કાઢીને નહાવા ગયો. પોપટે બૂમ પાડીને ઘરમાં સૂચના આપી... "થાળીઓ કાઢજો..."

*

મોટા મોટા બાજરાના રોટલા, રીંગણાનું શાક, કઢી અને ફફળતા ભાત સાથે થાળીઓ પીરસાઈને આવી. બીજા કોઈ પણ પ્રસંગે સમીર આ ખાવાનું જોઈને ભડક્યો હોત, બાજરાના રોટલાની સાઈઝ જોઈને એને ખરેખર નવાઈ લાગી. પણ ભૂખ એટલી લાગી હતી કે ઘેર સત્તર નખરા કરતો સમીર એક અક્ષર બોલ્યા વિના જમવા બેસી ગયો. જમતા જમતા સુરજીએ એને મુંબઈ વિશે, એના ભણતર વિશે, એના મા-બાપ વિશે સવાલો પૂછયા, જેના સમીરે કાં તો એકાક્ષરી અને કાં તો ખૂબ ટૂંકા જવાબો આપ્યા...

પોપટ જમતા જમતા એકીટશે સમીરની સામે જોઈ રહ્યો હતો, કેમ જાણે એના ચહેરામાં કોઈ પરિચિત રેખાઓ શોધવાનો પ્રયત્ન કરતો હોય.

સમીર અને ગોમીતના ચહેરાના સરખાપણાએ એમના મોટા ભાગના સવાલોના જવાબો આપી દીધા હતા. સુરજીને ઝાંખી આંખે પણ સમીર ગોમતીનો દીકરો હોવા વિશે કોઈ શંકા નહોતી રહી...

પોપટ ઘણું કહેવા માગતો હતો, ઘણું પૂછવા માગતો હતો, પણ બાપની આમન્યા કે સમીરનો રૂઆબ એને ડારતો હતો... પોપટ માટે એક અજબ જેવો પ્રસંગ હતો આ, જેણે એને તરફડી તરફડીને મરતા જોઈ હતી, એવી એની ફોઈ ગોમતીનો દીકરો, એનો ભાઈ એને મળવા આવ્યો હતો...

સમજણી ઉંમરે એક ગાંડી ફોઈને જોયાના અણસાર હતા એના મનમાં! મંદિરના ઓટલેથી કેટલીય વાર એ રાતે ફોઈને ઘેર લાવ્યો હતો... કોકનું છોકરું ઉપાડીને ઘરે લઈ આવે ત્યારે એ રડતા કકળતા બાળકને એની મા સુધી પહોંચાડવાની જવાબદારી ઘણીવાર પોપટે અદા કરવી પડી હતી...

પોપટને ફોઈનું વ્હાલ, એના હાલરડાં અને એનો ગુસ્સો બધું જ યાદ હતું... ખોળામાં બેસાડીને ભરપૂર વહાલ કરતી ફોઈ જ્યારે ખિજાતી કે મગજ પરનો કાબૂ ગુમાવી બેસતી, ત્યારે વાસણો ફેંકતી, કપડા ફાડી નાખતી અને એને ગાય-ભેંસ કે બળદની જેમ ખૂંટે બાંધી રાખવી પડતી...

ખૂંટે બાંધેલી ફોઈની સેવા કરતા એણે બાપને અને માને બંનેને જોયા હતા... પોપટની માએ ગોમતીને કોળિયા ભરાવ્યા હતા. એના જાજરૂ-પેશાબ લૂછયા હતા...

ગોમતી એક માણસ નહીં, એક ઘટના, એક દંતકથા હતી, આ ઘરમાં!

અને છતાં જ્યારે આ ઘરમાં ગોમતીની વાત નીકળતી ત્યારે જાણે કરંડિયામાંથી સાપ નીકળી પડ્યો હોય એવો

સોપો પડી જતો. ગોમતીની સ્મૃતિ સૌના હૃદયમાં અકબંધ હતી, અને છતાં એને વિશે વાત ન કરવી એવો વણલખ્યો નિયમ હતો આ ઘરમાં...

પણ આજે વાત નહીં, એક જીવતો જાગતો માણસ આવી ગયો હતો, જે ગોમતીનો દીકરો હતો અને, એ બધી જ વાત સાંભળવી હતી જે પોપટે ક્યારેય એના બાપને પૂછવાની હિંમત નહોતી કરી...

પોપટ મનોમન પાછા હોટેલે નહીં જવાનું નક્કી કરીને જમી રહ્યો હતો. એણે નક્કી કર્યું હતું કે એ પણ આ બધી જ વાતો સાંભળશે... અને એને ખાતરી હતી કે આજે એનો બાપ એને રોકી નહીં શકે.

એને મનોમન ગર્વ થયો, સમીરને પોતાના ઘરે લઈ આવવા માટે

“ઇશ્વરે જ પોતાને પસંદ કર્યો હતો, સીધેસીધો જ સમીરને પોતાની પાસે મોકલી આપ્યો. કેવો નસીબદાર હતો... સમીર? કે પોતે?”

પોપટે એનું માથું હલાવ્યું. જાણે વિચારો ખંખેરી નાખવા માંગતો હોય એમ!

ત્રણ માણસો લગભગ મૂંગેમૂંગા જમી રહ્યા હતા, અને ત્રણેયના મનમાં કેટલાય સવાલો, કેટલીય વાતો રહી રહીને સપાટી પર આવતી હતી અને બેસી જતી હતી...

જમીને સમીર સુરજીની સામે બેઠો. સેંકડો સવાલો હતા એના હોઠ પર! ગોમતી વિશે, પોતાના બાપ વિશે, એ સુરજીની ઝીણી ઉંડી ઉતરી ગયેલી આંખોમાં જોઈ રહ્યો. સુરજીએ ફરી એકવાર એના માથે હાથ ફેરવ્યો. ફરી એ જ વાતનું રટણ કર્યું, “આવડો, સાવ ટબુકડા જેવડો હતો, કેવડો મોટો થઈ ગયો? વખત જતા કંઈ વાર લાગે છે?”

પોપટ હવે ફૂટનારા બૉમ્બની પ્રતીક્ષા કરી રહ્યો હતો. સામાન્ય રીતે જમીને પોપટ આડે પડખે થાય, તો સુરજી કકળાટ કરી મૂકતો.

“આમ ધંધો ના થાય, આ ઉંમરે વળી આડા શું પડવાનું...”થી શરૂ કરીને “અમે તો તારી ઉંમરે...”નું લાંબું લચક ભાષણ પોપટને સાંભળવું પડે. પરંતુ આજે જમીને સુરજીની સામે બેઠેલો પોપટ સુરજીને સધિયારો આપવા બેઠો હોય એવું લાગ્યું. આટલા વરસોના પડળ ઉખેળતા સુરજીનું વૃદ્ધ મન અને શરીર જો સાથ ન આપે, તો જુવાનજોધ દીકરાના ખભે માથું ઢાળીને રડી શકાય, એવા વિચારે સુરજીએ એને કાંઈ ના કહ્યું...

બે છોકરાઓ વિતેલા વરસોની ધૂળ ખંખેરવા બેઠા હતા. આંખોમાં ઉત્સુકતા અને હૃદયમાં સળવળતા સવાલોના સાપ લઈને...

ઘડીભર સુરજી સામે જોઈ રહ્યો સમીર... પછી, અચકાયા વિના સીધો ભાલો ફેંકતો હોય એમ સવાલ પૂછયો:

“મારો બાપ? આઈ મીન મારા પિતા કોણ હતા?”

આ ઉંમરે પણ સુરજીના ચહેરા પર લોહી ધસી આવ્યું. લમણાની નસો ધક્ ધક્ કરવા માંડી. એના આખા શરીર પરથી સ્પષ્ટ હતું કે સુરજી ઉશ્કેરાઈ ગયા હતા. એમનું વૃદ્ધ શરીર ધ્રૂજવા માંડ્યું, આંખો ફફડવા માંડી, હોઠ થરથરવા માંડ્યા. આખુંય ફળિયું ગાજી જાય એવા અવાજે એમણે બૂમ પાડી.

“નામ નહીં લેતો એ નાલાયકનું... સાધુના વેશમાં શેતાન હતો એ. તારી માને, મારી બહેનને ભોળવીને એના શિયળ સાથે રમી ગયો...” સુરજીનો અવાજ, એની મુખમુદ્રા અને એનું ઉકળતું લોહી જોઈને પોપટે સમીર સામે જોયું. આટલા વરસમાં પોપટે પિતાનું આવું સ્વરૂપ નહોતું જોયું કદાચ! એણે સમીરને શાંત રહેવા ઇશારો કર્યો. પણ સમીર જે વાત માટે એની જિંદગી દાવ પર લગાવીને આવ્યો હતો, એ વાત જાણ્યા વિના એને ચેન પડે એમ નહોતું. ક્ષણેક શ્વાસ લઈને સમીરે ફરી પૂછ્યું: “આ જ ગામનો હતો?”

સુરજીને સમજાઈ ગયું હતું કે આ છોકરો જે જાણવા આવ્યો હતો એ જાણ્યા વિના દમ લેવાનો નહોતો. એની આંખોમાં એક ગજબની જિજિવિષા હતી જે સુરજીને ઝાંખી આંખે પણ દેખાતી હતી...

સુરજીના પટારામાં બંધ આ છોકરાની જિંદગી અને એનો ભૂતકાળ આજે ફૂંફાડા મારતો હતો બહાર નીકળવા અને એના સાચા માલિક સુધી પહોંચવા...

“આ જ ગામનો હતો?” સમીરે ફરી પૂછ્યું...

સુરજી એની આંખોમાં જોઈ રહ્યા... પછી, જાણે હારી ગયા હોય એમ ધીમા અવાજે શરૂ કર્યું, “કોણ જાણે ક્યાંથી આવ્યો હતો... જાણે મારી બહેનની જિંદગી બરબાદ કરવા જ આવ્યો અને જતો રહ્યો. આકાશમાંથી ઉતર્યો ને પાતાળમાં ગરક થઈ ગયો...” સુરજીની આંખો દૂર આકાશમાં કશુંક જોઈ રહી હતી. જાણે વિતેલા વરસોની ફિલ્મ ત્યાં ચાલી રહી હોય એમ સુરજીએ આકાશમાં મીટ માંડીને ભીની આંખે વિતેલી વાત ફરી એકવાર જીવી જતા હોય એમ કહેવા માંડી...

*

“ગોમતી... બહેન હતી મારી. અમારી વચ્ચે ઉંમરનો ફેર બહુ ઝાઝો... એટલે, ગોમતી મારે માટે બહેન નહીં, દીકરી હતી. એની તમામ ઇચ્છાઓ, એના બધાય લાડ પૂરા કરવા એ જ જાણે મારું કામ હતું, મારા બાપા કરસનભાઈ બહુ ખિજાતા. મને કહેતા, “તેં જ બગાડી છે એને...”

ને ગોમતી હતી યે એવી... ધાર્યું કરતી, એની ઇચ્છા પૂરી ન થાય તો કાગારોળ મચાવી મૂકતી... ઓઢણી, બંગડી, ઝાંઝર કે કાનના લવિંગીયા, એણે માંગ્યું એ એને મળવું જ જોઈએ...

ગામની સૌથી રૂપાળી છોકરી હતી. બોલે તો ફૂલ ખરે, ને પગની પાનીમાં જાણે કંકુના ઢગલા... ત્રણ હાથ લાંબા વાળ, અંબોડો છોડે તો પાનીએ અડવામાં એક વેંત બાકી હોય. હરણ જેવી આંખો...” સહેજ અટકીને સુરજીએ ઉમેર્યું:

“આંખોનો રંગ અસ્સલ તારા જેવો, ભૂરી કહેવાય કે કથ્થઈ, એ જ ખબર ના પડે...હસે તો ત્રણેય ભુવનના તપ ડોલાવી દે. તું અહીં આવીને પહેલીવાર હસ્યો, ત્યારે મને અણસારો તો આવી જ ગયેલો...” સુરજી જાણે શ્વાસ લેવા માટે થંભ્યા. પછી, ઉંડો શ્વાસ છાતીમાં ભરી ને આગળ કહેવા માંડ્યું... “ગોમતી 14 વરસની થઈ ત્યારથી એના માંગા આવવા માંડ્યા હતા, સો સો એકર જમીન ધરાવતા મોટા મોટા જમીનદારોથી શરૂ કરીને ચૌધરી, ગોહિલ, પરમાર જેવા મોટા મોટા દરબારી ખાનદાનમાંથી ગોમતીને વરવા જુવાનિયાઓ એકપગે તૈયાર હતા. પણ હું મારા બાપાને સમજાવતો રહ્યો... કોણ જાણે મને એમ લાગતું કે ગોમતી બહુ નાની છે, હજી તો પાંચીકે રમે છે ને ઢીંગલીના લગન કરાવે છે. મારી અપ્સરા જેવી બહેન આટલી વહેલી જતી રહેશે, એ વિચારે મને ખૂબ ગભરામણ થતી.”

“પછી? ગોમતીના લગન થયા કે નહીં?” સમીરથી રહેવાયું નહીં, સુરજીના ચહેરા પર આવી ગંભીર વાતચીત દરમ્યાન પણ સ્મિત આવી ગયું...

“એ જ ઉતાવળ, એ જ અધિરાઈ, એ જ જિજ્ઞાસા...” સુરજી જાણે ગોમતીને જ જોઈ રહ્યા હતા પોતાની નજર સામે...

“લીંબડીના દરબારના યુવરાજ જોડે એનું સગપણ નક્કી કર્યું. એ જ જમાનામાં ઈંગ્લેન્ડ ભણીને આવેલા બેરિસ્ટર હતા યુવરાજ! લીંબડીમાં, ચોટીલામાં મોટા મોટા મહેલો હતા... મુંબઈમાં પણ ઘર. એ જમાનામાં બે ઘોડા અને ત્રણ ગાડી હતી ઘરમાં, અને યુવરાજને જોયા હોય તો જાણે દેવના દીકરા... રૂપરૂપનો અંબાર... પહેલીવાર અમારે ઘેર આવ્યા, ત્યારે ગોમતી ઘૂંઘટ કાઢીને આવી ને તરત જ યુવરાજે કહ્યું, “હું નથી માનતો આ બધી પ્રથામાં... ઘૂંઘટ ખોલી નાખો ગોમતી...” ઉઘાડે મોંઢે અને માથે બગ્ગીમાં એમની જોડાજોડ બેસીને ગોમતી જ્યારે ગામના મંદિરે દર્શન કરવા ગઈ, ત્યારે મને એમ થયું કે મારી બહેનની તો જિંદગી સુધરી ગઈ...

...પણ એ જ મંદિરે મારી ગોમતીનો કાળ લખાયેલો હતો! યુવરાજની ઇચ્છા હતી કે ગોમતી ભણે, બહુ નહીં તો લખતા-વાંચતા તો શીખે જ. અંગ્રેજી પણ શીખે તો સારું, અમારા ગામમાં તો કોઈ ભણેલું મળે નહીં, અંગ્રેજીનો તો સવાલ જ નથી થતો, એ જમાનામાં ચાર ચોપડી ગુજરાતીથી આગળ ભણવાની કોઈને જરૂરત જ નહોતી લાગતી. એવા સમયમાં ગામમાં એક સાધુ મહારાજ આવ્યા...”

એને યાદ કરતાં જાણે સુરજીના ચહેરા પર ફરી એકવાર લોહી ઉતરી આવ્યું...

“સાધુ શેનો, નાલાયક... કૂતરો એની જાતનો... અરે કૂતરાને રોટલો નાંખીએને તો ઘરની ચોકી કરે, આણે તો ઘરમાં જ મોંઢુ માર્યું...” ખા...ક થૂં... સુરજીએ જાણે મોંઢામાં આવી ગયેલી કડવાશ થૂંકી, પોપટની સામે જોયું અને કહ્યું,

“પાણી પા જે તો બેટા...”

પોપટ તરત જ ઉઠ્યો.

સુરજીને જાણે અહીંથી આગળ વાત કરતાં ખૂબ શ્રમ પડતો, આ એ દિવસો હતા જે સુરજીને ક્યારેય યાદ નહોતા કરવા. એની બહેનના કમભાગ્યના દિવસો, એની બહેનને માટે ગાંડપણનો, મોતનો સંદેશો લાવનારા દિવસો હતા એ! હવે, એ માણસને યાદ કરવાનો હતો જેની સ્મૃતિ માત્ર સુરજીને તકલીફ પહોંચાડતી હતી, અને છતાં, આજે એ માણસ, એનો ભૂતકાળ ફરી એકવાર જીવતો થવાનો હતો. કેટલાય વરસોથી સાપની જેમ કુંડળી મારીને સુરજીની છાતી પર બેઠેલો એ ભૂતકાળ આજે એને ડંખવાનો હતો... અને એ ડંખ, એ ઝેર સામે બેઠેલા છોકરાની રગરગમાં ઉતરી જવાનું હતું... અને છતાં, આ પરિસ્થિતિને કોઈ નિવારી શકે એમ નહોતું...

“મારી બહેન ખૂબ ભોળી હતી, પારેવડાં જેવી! ગામમાં આવેલા એ સાધુએ મારી બહેનને ઠગી લીધી!”

“શું નામ હતું એનું?” સમીરે પૂછ્યું.

“કોણ જાણે... અમે તો બાપજી બાપજી કહેતા. પણ, આત્માનંદ કે ધર્માનંદ કંઈ નામ હતું કે પછી અખંડાનંદ...”

"શીટ! આ માણસને નામ પણ યાદ નથી, ક્યાં શોધીશ એને હું..." સમીરના મનમાં વિચાર આવ્યો. "મળશે, એ પણ મળશે. શોધવા નીકળનારાને તો ભગવાન પણ મળી જાય છે." સમીરે સુરજીની સામે ફરી તાકીને જોયો અને પૂછ્યું,

"ગોમતી, આઈ મીન મારી મા ભણવા જતી એની પાસે!"

...અને સુરજીએ તૂટેલી વાતનો દોર સાંધ્યો.

"હા, અમને શું ખબર કે સાધુના વેશમાં શિકારી હશે! અમે તો વિશ્વાસે ગોમતીને ભણવા મોકલી... યુવરાજસાહેબની ઇચ્છા હતી કે ગોમતી ભણે, અને ગોમતીને ય બહુ ઉત્સાહ હતો, અમે રોજ અહીંથી જમવાની થાળી મોકલતા, ગોમતી થાળી લઈને જાય અને... પછી ભણવા બેસે. એમાં ક્યારે એણે મારી ફૂલ જેવી બહેન પર ભૂરકી છાંટી, કોને ખબર?"

"ગોમતીએ આઈ મીન મા એ લગ્ન કરવાની ના પાડી?"

"અરે ના પાડત, તો અમને ખબરે ય પડત... અને હું તો મારી બહેનના સુખ માટે માથે ઉભો રહીને એને બાવા જોડે પરણાવત... મારે માટે એના સુખથી વધારે બીજું કાંઈ નહોતું..."

"તો શું થયું?" ક્યારના ચૂપચાપ સાંભળતા પોપટે પહેલીવાર જીભ ખોલી...

સવાલ પોપટનો હતો કે સમીરનો, સુરજી હવે સત્યાવીશ વરસ પાછળના ભૂતકાળમાં ચાલી ગયા હતા. એમને હવે એ બધું જ સાંભર્યું હતું જે ભૂલવા માટે એમણે આટલા વરસ કાઢ્યા હતા!

"એક દિવસ ગોમતી આવીને અહીં મારી આ છાતીમાં માથું નાંખીને રડવા લાગી, બહુ પૂછ્યું, બહુ પટાવી, પણ કંઈ બોલે નહીં... ધીમે ધીમે સમજાવી સમજાવીને પૂછ્યું, ત્યારે એણે કીધું કે તું એના પેટમાં હતો..."

સમીરની આંખો પહોળી થઈ ગઈ... "એટલે..."

"એટલે કેટલા સમયથી ચાલતું હશે એ બધું મને નથી ખબર... હું મંદિરે ગયો, એ સાધુડા જોડે વાત કરી, તો મને કહે છે, "અમારાથી લગ્ન ન થાય, અમે તો સાધુ કહેવાઈએ... અમારે સંસારની માયા ન ખપે..." ફરી થૂંક્યા સુરજી, જાણે એ સાધુના મ્હોં પર થૂંકતા હોય એમ... ભારોભાર કડવાશ એમના રૂવે રૂવેથી નીતરતી હતી! આજે પણ જો સાધુ એને નજર સામે દેખાય, તો ચીરી નાખવાની તાકાત એમના બુઢ્ઢા હાડકામાં અચાનક આવી ગઈ હતી જાણે!

"પછી?" પોપટે પૂછ્યું, "એણે લગન નો કર્યાં, બાપુ?"

"ના. ખૂટલ નીકળ્યો મારો હાળો... મેં કીધું, કે કાલ સુધીમાં વિચારી રાખજે, બાકી આ તલવાર છે ને તારું માથું છે..."

"ને તો ય એણે હા નો ભણી, ખરું ને?" પોપટ પણ હવે એના રાજપૂતી લોહી ઉપર ઉતરી આવ્યો હતો... એનું પણ મગજ ફાટફાટ થતું હતું, એના કુટુંબની બહેન-દીકરી જોડે છળ કરી જનાર એક માણસ જેને ભલે એણે જોયો નહોતો, પણ આજે એનું માથું વાઢી નાખવા એના હાથ સળવળી રહ્યાં...

"હું તો કહીને ઘેર આવ્યો ને ગોમતીને સધિયારો આપ્યો. મેં કીધું કે તું કહીશ એ થશે..." સુરજીની આંખો અત્યારે પણ તરલ થઈ આવી હતી, પોતાની બહેનની સ્મૃતિમાં! "ત્યારે પહેલીવાર મારી બહેને મોંઢુ ખોલીને કીધું કે એ એને પ્રેમ કરતી હતી. યુવરાજ સાથેના લગન મંજૂર નહોતા એને... એને આ સાધુની ભાષા, એનું જ્ઞાન, એનું રૂપ મોહમાં નાંખી ગયું હતું... ગોમતીએ ધ્રૂસકે ધ્રૂસકે રડતા કીધું મને કે, "મારા લગન જો એમની સાથે નહીં થાય તો હું કૂવો હવાડો કરીશ..." બેજીવી બેન અને એની જિંદગી એક બાજુ, મારા બાપાનું વચન અને રજપૂતી આણ બીજી બાજુ... હું ધર્મસંકટમાં મૂકાઈ ગયો હતો ને તોય મેં ગાંઠ વાળી કે ગોમતી જેમ કહેશે એમ જ થશે. ભલે મારી બહેનના સુખ સાટે મારે માથું વાઢી આપવું પડે..."

"પછી?" સમીરે પૂછ્યું. "તમારા પિતાની જીદ આગળ કંઈ ન થયું, એમ ને?"

ખૂબ કડવું હસ્યો સુરજી... "મારા બાપને કહેવાનો વારો તો ત્યારે આવત, જ્યારે એ બાવો સવારે મંદિરે જડત."

"એટલે?" પોપટે પૂછ્યું.

"એટલે શું, રાત માથે લઈને એ નામરદ ઉચાળા ભરી ગયો. ખરું કહું છું, આવી તો મને ઓસાણે ય નહોતી, બાકી તો મેં ત્યાં જ વાઢી નાખ્યો હોત." સુરજીની આંખો વહેવા માંડી હતી. "પછીની વાત તો આખા ગામને ખબર છે. મેં મારા બાપાને બહુ સમજાવ્યા, પહેલા તો ગોમતીને ઝેર જ આપવા માગતા હતા. પછી માંડ માંડ સમજાવ્યા, કઈ કેટલીયે દવાઓ કરી, દાયણો, અરે જૂનાગઢ દાકતર પાસે પણ જઈ આવ્યા, પણ બેટા, તારે આ દુનિયામાં આવવાનું હશે એટલે ગર્ભ ન પડ્યો, તે ન જ પડ્યો. પછી મારા બાપા માન્યા. ગોમતીની કૂખે દીકરો જન્મ્યો, પણ મારા બાપા એને રાખવા તૈયાર નહોતા. બહુ સમજાવ્યા મેં..." સમીર ઉતાવળો થઈ ગયો હતો હવે...

"પછી શું થયું?"

"બેટા, હું કહું છું, ધીરજ ધર." સુરજીએ કહ્યું.

"તમે બોલો..."

"અરે મારા દીકરા..." સુરજીએ કહ્યું. "પછી શું થવાનું? અમે તને રાજકોટ અનાથઆશ્રમમાં મૂકી આવ્યા. મૂકી આવ્યા પછી બે-ચાર વાર બહાનુ કરીને હું જોવા ય ગયો... પણ મારા બાપાને ખબર પડી ગઈ... લડી-ઝઘડીને જ્યારે હું છેલ્લીવાર ગયો, ત્યારે ખબર પડી કે તને મુંબઈના કોઈ ભાઈ એમની હાળે લઈ ગયા, નાનકડો-ટબૂકડા જેવડો હતો તું..."

સુરજીએ ફરી એકવાર સમીરના માથા પર હાથ ફેરવ્યો. એમની આંખો ચૂવા માંડી હતી. કોણ જાણે કેમ, સમીરની આંખોમાં પણ ભીનાશ તરવરી આવી... પોપટ પણ રડુ રડુ થઈ ગયો હતો.

એ જ વખતે એક ડૂસકું સંભળાયું. સૌની નજર પાછળ ગઈ તો રસોડાના બારણાની આડશે બેઠેલી પોપટની પત્ની ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી...

જે સ્ત્રીને એણે કદી જોઈ નહોતી, જે સ્ત્રીને એ મળી નહોતી, એની વેદનાથી એક બીજી સ્ત્રીનું હૈયું ભરાઇ આવ્યું હતું, એક માની વેદના, બીજી માનું હૈયું ચીરીને આરપાર નીકળી ગઈ હતી... સુરજીએ સમીરના માથે

મૂકેલો હાથ હટાવ્યા વિના કહ્યું, "બેટા, જે દિવસથી તું ગયો આ ઘરમાંથી એ દિવસ પછી એકે દિ મારી બહેને ધરાઈને ધાન નથી ખાધું. બિચારી ગાભાના ટુકડા લઈને ઢીંગલા-ઢીંગલી રમતી થઈ ગયેલી. મગજ ચસકી ગયું હતું એનું..."

"આખા ગામમાં ફરતી" પોપટ બોલ્યો. "ઘેર ઘેર જઈને પૂછે, મારા દીકરાને જોયો છે કોઈએ? બહુ તોફાની છે, રોજ ભાગી જાય છે..." પોપટને ડૂમો ભરાઈ આવ્યો હતો. "પારકાના છોકરાને તેડી તેડીને હેત કરે... કોકના છોકરાને ધમકાવીને ઘેર લઈ આવે. મંદિરના ઓટલે બેસી રહે. રાત પડે માંડ સમજાવીને ઘરે લાવીએ તો ઉંઘમાં ય ઉઠીને પડખામાં ગાભાનો ટુકડો લઈ ધવડાવવા બેસે..."

"મેં..." વૃદ્ધની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા હતા. "મેં સગા ભાઈએ એની ચોળીના બટન વાંસ્યા છે કેટલીય વાર... એને તો બિચારીને ભાન જ નહોતું, એના શરીરનું કે એના મગજનું..."

સમીરની નજર સામે જાણે ગોમતી ઉભી હતી, હાથ લંબાવીને, બાંહ પસારીને અને કહેતી હતી, "આવ બેટા આવ... એકવાર મને ભેટીને મા કહે..."

સમીરને રડવું હતું, જોર જોરથી ચીસો પાડીને ધ્રૂસકે ધ્રૂસકે...

આ ઘર, આ ચોક, આ ફળિયું, આ શેરી, આ ગામ બધુ વહી જાય એટલા આંસુ સારવા હતા એને! પણ કોણ જાણે કેમ એની છાતીમાં ભરાયેલો ડૂમો કોઈ રીતે છૂટતો નહોતો... એને આ ઘરના ખૂણે ખૂણે ગોમતી દેખાતી હતી...

ગાભાને ધવડાવતી, પારકા છોકરાને લાવીને નવડાવતી, ઓસરીનો છેડે બેસીને ખોટું ખોટું હસતી કે રડતી કે પછી પલંગની ઇશ સાથે બાંધેલા પગને છોડવા કરગરતી... સમીરે સુરજીનો પોતાના માથે લગાવેલો હાથ હઠાવી દીધો અને ઝડપથી ઉભો થઈ ગયો. એ ડેલીના દરવાજા તરફ જવા લાગ્યો.

"ક્યાં જાવ છો ભાઈ?" પોપટે બૂમ પાડી. એ એની પાછળ દોડવા જતો હતો કે સુરજીએ એનો બુશકોટ પકડી લીધો.

"જવા દે એને... આજે એ રોક્યો નહીં રોકાય. એની અંદર આગ લાગી છે, રૂવે રૂવે દઝાતો હશે બચારો... આગ ટાઢી પડશે, એટલે આપમેળે પાછો આવશે... જવા દે એને..."

પોપટ ભીની આંખે એના પિતા તરફ વળ્યો અને અવશપણે બાપને ભેટી પડ્યો. બાપ-દીકરો બંને હૈયાફાટ રડવા લાગ્યા. આટલા વરસોમાં જે આંસુને માંડ માંડ પાળ બાંધીને રોક્યા હતા એ આંસુ બંનેની છાતી ચીરીને બહાર નીકળી ગયા હતા.

રસોડાના દરવાજાની આડશે બેઠેલી પોપટની પત્ની ઉભી થઈને પાણી લેવા ગઈ, પણ એના ડૂસકાં હજી યે વણથંભ્યા હતા!

આજે આ ઘરમાં એક એવી વાત ખૂલી ગઈ હતી, જે વાત વરસોથી સૌના હૈયાંને કોરી ખાતી હતી...

...એ વાત માટે આ આવી ચડેલા છોકરાને શાપ દેવો કે એનો આભાર માનવો, એ કોઈને સમજાતું નહોતું!

*

રેવતીએ એ વીંટી કાઢી અને ત્યાં જ બાજુમાં પડેલી એક ખાલી પ્લેટમાં મૂકી દીધી અને સુજય સામે હાથ લંબાવ્યો. સુજયે આંખમાં ઝળઝળિયાં સાથે રેવતીને વીંટી પહેરાવી...

...બંને જ્યારે માધુર્યથી ઘરે જવા નીકળ્યા, ત્યારે રાતના સાડા અગિયાર થયા હતા અને પેલી વીંટી ત્યાં જ ખાલી પ્લેટમાં જ પડી રહી હતી...

રેવતી અને સુજય ઘરે પહોંચ્યા ત્યારે બધા જ જાગતા હતા, નિયતિની ચકોર આંખોએ રેવતીની બદલાયેલી વીંટી જોઈ લીધી હતી.

રેવતી આવીને કલ્યાણીને ભેટી.

સુજય કલ્યાણીને પગે લાગ્યો.

હવે કોઈએ કશું ય કહેવાની જરૂર નહોતી.

કલ્યાણીએ ભીની આંખે સુજયને આશીર્વાદ આપ્યા...

"ઇશ્વર તને એટલું સુખ આપે કે તારી ઝોળીમાં સમાય નહીં...

બેટા, પગે તો અમારે લાગવું જોઈએ તને, અમારા ઘરની જતી ઇજ્જતને તેં બચાવી છે..."

સુજયની સાથે સાથે ત્યાં હાજર સૌની આંખો પલળી ગઈ. સુજય પણ કલ્યાણીને ભેટી પડ્યો,

"તમને ક્યારેય નહીં સમજાય મા કે મને શું મળ્યું છે... પોતાના છેલ્લા શ્વાસે જેમ કોઈ માણસ જિંદગી ઝંખે, એમ રેવતીને ઝંખી છે મેં..."

નિયતિ અને રેવતી ભેટી પડ્યા. હવે બંને બહેનોના ડૂસકા રોકાય એમ નહોતા.

રીમાએ ભીની આંખે સુજય સામે જોઈને આંખ મારી.

"હવે મારું શું થશે?" અને મિહિરે આંસુ લૂછીને કહ્યું, "મૈં હૂં ના!" અને બધા ખડખડાટ હસી પડ્યા...

આંસુમાં ડૂબેલું આ હાસ્ય-તરબોળ ઘર જાણે આનંદના હિલોળે ચઢ્યું હતું.

"સૌ સારું, એનું છેવટ સારું..."મીનાકાકીએ કહ્યું.

"બસ બોલ બોલ કરશો કે મિઠાઈ ખવડાવશો?" અજીતકાકાએ કહ્યું.

"કોલ્ડકૉફી વિથ આઇસ્ક્રીમ તૈયાર જ છે." રીમાએ કહ્યું અને રસોડા તરફ ગઈ. મિહિર ઉભો થયો અને ફ્રીઝમાંથી પેંડા કાઢીને સુજયનું મોંઢુ ભરી દીધું...

સુજય નિયતિ તરફ ફર્યો... અને એણે હાથ ફેલાવ્યા...

"બડી! ગલે તો મિલો યાર." સુજયે કહ્યું અને નિયતિ રેવતીના બાહુપાશમાંથી મુક્ત થઈને સુજય તરફ દોડી...

નિયતિના ડૂસકાં સુજયની છાતીમાં સમાતા ગયા અને એનું સ્કાયબ્લૂ કલરનું ઓપન કોલરનું ટી-શર્ટ નિયતિના

આંસુથી તર-બ-તર થઈ રહ્યું!

*

ઓગણત્રીસ

રેવતી, સુજય, નિયતિ અને કલ્યાણી મુંબઈના ઇન્દિરા ગાંધી એરપોર્ટ પર ઉતર્યા, ત્યારે બહાર વેઈટિંગ લૉંજમાં મહેન્દ્રભાઈ, રંજનબહેન અને ઘનશ્યામરાયની સાથે સાથે જાણે સમય પણ એ બધાની રાહ જોઈને ઉભો હતો...

રેવતી અને સુજય સાથે બહાર નીકળ્યા. થોડુંક તબિયતને કારણે અને થોડુંક ટેન્શનને કારણે રેવતીના ચહેરા પર અજબ જેવી ફિકાશ આવી ગઈ હતી. સુજય એમના સામાનની ટ્રોલી ધકેલીને આગળ વધતો હતો. રેવતી એની સાથે ધીમે ધીમે ચાલતી હતી. કલ્યાણી અને નિયતિ પાછળ પાછળ સાથે બહાર નીકળ્યા. ઘનશ્યામરાય ઘડીભર રેવતી અને સુજયને જોઈ રહ્યા.

"ઇશ્વરે બનાવેલી જોડી કદાચ આને જ કહેતા હશે!" ઘનશ્યામરાયના મનમાં વિચાર આવ્યો, "ક્યાં નસીબ હતું છોકરીનું, અને ક્યાં ક્યાંની ઠોકર ખાધી... ચાલો, છેવટે બધું સારું થયું, એટલો ઇશ્વરનો આભાર."

ઘનશ્યામરાયે આગળ વધીને સુજયને બાથમાં ભરી લીધો. સુજય પગે લાગે એ પહેલા ઘનશ્યામરાયે એને છાતીસરસો વળગાવી લીધો. મહેન્દ્રભાઈ અને રંજનબેન પણ ધીમે રહીને આગળ વધ્યા.

રેવતી ઝૂકીને રંજનબહેનને પગે લાગી. રંજનબહેને ખભેથી પકડીને એને ઉભી કરી. નીચું જોઈ રહેલી રેવતીની ચિબૂક પકડીને રંજનબહેને એનો ચહેરો ઉંચો કર્યો...

"ઇશ્વરે નિરાંતના સમયે ઘડી છે, કેટલી રૂપાળી છે. ઘરમાં આવે તો ઘર ઝળાંહળાં કરી નાખે... હું દીવો લઈને શોધત તો ય આવી વહુ ન મળત. હવે ખબર પડી કે મારો દીકરો છોકરીઓ જોવાની કેમ ના પાડતો હતો..."

"અને હું?" નિયતિ આગળ આવી. "મારા તો કોઈ વખાણ જ નથી કરતું..." નિયતિએ કહ્યું.

ઘનશ્યામરાયે સુજયને છોડીને નિયતિને નજીક ખેંચી લીધી.

"તું તો મારો દીકરો છે. તું ન હોત તો મારું શું થાત કોને ખબર?"

"ખરી વાત છે. નિયતિએ જે કર્યું છે, એ કોઈ દિકરો પણ ન કરી શકત." કલ્યાણીએ કહ્યું. એ જ વખતે એની નજર સુજય સાથે મળી અને કલ્યાણીને યાદ આવી ગયું. સુજયે ફ્લાઈટમાં બેસતી વખતે જ કહ્યું હતું:

"મેં મમ્મીને બાકી બધી વાત તો કરી છે, પણ પ્રેગ્નન્સીની વાત નથી કરી."

"પણ બેટા..." કલ્યાણીએ કહ્યું. એની આંખોમાં કેટલીય શંકાઓ અને પ્રશ્નાર્થ હતા. સુજયે સીટની વચ્ચે આવેલા હેન્ડલ ઉપર મુકાયેલા કલ્યાણીના હાથ પર હાથ મૂક્યો.

"મા, તમે ચિંતા નહીં કરો. એ મારી મા છે, એને કેવી રીતે હેન્ડલ કરવી એ મને આવડે છે."

કલ્યાણીની આંખોમાં આંસુ આવી ગયા હતા.

"બેટા, એને છેતરપિંડી કહેવાય."

"કદાચ!" સુજયે કહ્યું હતું અને પછી સુંદર સ્મિત સાથે ઉમેર્યું હતું:

"ભગવાન કૃષ્ણએ પણ કહ્યું છે, કોઈના ભલા માટે બોલાયેલું જૂઠાણું એ જૂઠાણું ના કહેવાય. મારી મા કદાચ આ વાતને સ્વીકારી શકે એટલી મોર્ડન નથી. ખૂબ પ્રેમાળ છે. વહુ લાવવાની ઝંખનામાં ઘેલી થઈ ગઈ છે. પણ જો હું એને એમ કહીશ કે આ બાળક મારું નથી તો કદાચ એ વાત એને માટે સ્વીકારવી અઘરી પડશે... એને બદલે હું એને મારી રીતે વાત કરીશ. પ્લીઝ, તમે ખરાબ નહીં લગાડતા."

"ખરાબ? બેટા કયા હકે ખરાબ લગાડું? તે અમારા માટે જે કર્યું છે, એના ઉપકાર હેઠળ અમે તો દબાઈ ગયા છીએ." સુજયે કલ્યાણીના ખભા ફરતે હાથ મૂક્યો.

"એવું શું કામ વિચારો છો મા, ખરેખર તો રેવતીનો હાથ મારા હાથમાં સોંપીને તમે મારી જિંદગી સુધારી છે..." પછી હસીને ઉમેર્યું, "બોલે તો લાઈફ બના દી..."

કલ્યાણી હસી પડી. પછી એની નજર બે બહેનો પર પડી. ક્રોસમાં આગળની સીટમાં રેવતી અને નિયતિ સાથે આગળ બેઠા હતા.

નિયતિ અને રેવતી ખૂબ ધીમા અવાજે કંઈ વાત કરી રહ્યા હતા. કલ્યાણીબેનને નિરાંત હતી, એમણે મનોમન વિચાર્યું, "આ નિયતિ ન હોત તો મારું શું થાત?" રેવતી અને નિયતિ ખરેખર એકબીજાનો સધિયારો હતા અને એમાંય આ છેલ્લા પંદર દિવસથી ઘરનો દીકરો બનીને વર્તી હતી નિયતિ!

...સુજયે કદાચ જાણી જોઈને આવું કર્યું હતું. ચેક ઈન કરતી વખતે એણે બબ્બેના જોડકામાં બે સીટો માગી હતી. એના મનમાં નક્કી હતું, કે કલ્યાણીને રંજનબહેન વિશેની આ વાત કહી દેવી. જેથી ભવિષ્યમાં કોઈ કન્ફ્યુઝન ન થાય.

એને ખાતરી હતી કે રેવતી તો ક્યારેય આ વાત નહીં ઉચ્ચારે. ગોટાળો થાય તો માત્ર કલ્યાણીબહેનની વાતથી થઈ શકે. એટલે પાણી પહેલા પાળ બાંધવી, એવું નક્કી કરીને એણે ફ્લાઈટમાં જ કલ્યાણીબેનને સાવધ કરી દીધા હતા...

એરપોર્ટ પર જેવી કલ્યાણબેન અને સુજયની નજર મળી, એવું કલ્યાણીબેનને યાદ આવી ગયું... એમણે સ્મિત સાથે વાત બદલી કાઢી...

"આમેય અમારે તો દીકરો નથી, એટલે દીકરીઓએ જ દીકરા થવાનું છે..."

"કેમ? જમાઈને ગણવાના જ નહીં કે શું?" સુજયે કહ્યું.

"જમાઈ તો પહેલો, શાસ્ત્રોમાં દસમો ગ્રહ કહ્યો છે." ઘનશ્યામરાયે કહ્યું.

"જમ અને જમાઈ બે સરખા, શું કહો છો?" મહેન્દ્રભાઈએ કહ્યું અને બધા હસી પડ્યા...

નિયતિ, રેવતી અને કલ્યાણી ઘનશ્યામરાયની ગાડીમાં બેઠા. જ્યારે સુજય ડ્રાઈવીંગ સીટ પર બેઠો, મહેન્દ્રભાઈ બાજુમાં અને રંજનબહેન પાછળ બેઠા. બંને ગાડીઓ પોતપોતાની દિશામાં નીકળી ત્યારે નિયતિનું મન ક્યારનું ય નિલય પાસે પહોંચી ગયું હતું...

*

"લેવા નહીં આવે મને એરપોર્ટ પર?"

"ના."

"કેમ?"

"કારણ કે મારી પાસે ગાડી નથી અને રીક્ષામાં એરપોર્ટ સુધી આવવાનો કોઈ અર્થ નથી."

"બોલો, માણસો નદી તરીને જતા હોય છે, પહાડો ચડી જતા હોય છે અને એક આ છે જેમને રિક્ષામાં આવવાનો વાંધો છે."

"છે..." સહેજ અટકીને નિલયે કહ્યું, "જો યાર, હું તને જોઈશ ને, એટલે સીધી મારે તને પકડીને ભીંસી દેવી હશે. પછી મારાથી રાહ નહીં જોવાય, તારી મમ્મી, તારા પપ્પા કે બીજા કોઈની આમન્યા નહીં રાખું, બોલ, તું કહે તો આવું?"

"રહેવા જ દે જે ભઈસાબ..." નિયતિએ કહ્યું. "હું જ આવીશ, તને મળવા તારે ઘેર."

"કેટલા વાગે?" નિલયે પૂછ્યું.

"બને એટલી જલદી." નિયતિએ કહ્યું.

"જો, સીક્સ ફિફ્ટીનની ફ્લાઈટ, સાત ને પંદરે આવી જાય, ઘરે પહોંચતા નવ, ફ્રેશ થઈને નીકળે સાડા નવ, પહોંચતા દસ અથવા સવા દસ..."

*

ઘડિયાળમાં અગિયાર વાગ્યા હતા, નિલય ગેલેરીમાં ઉભો હતો. મંગળાબેન આવીને એની બાજુમાં ક્યારે ઉભા રહ્યા, એની નિલયને ખબર જ નહોતી.

"આવશે દીકરા... બિચારી માંડમાંડ ઘેર પહોંચી હશે."

"કોણ?" નિલયે અજાણ્યા થવાનો ડોળ કર્યો.

"અચ્છા? કોણ?" મંગળાબેન હસ્યા અને દીકરાના માથામાં વહાલથી હાથ ફેરવ્યો. "ડબ્બા, તું બોલતાય નહોતો શીખ્યો ને ત્યારથી તારી વાત હું સમજું છું... તું નિયતિની રાહ જુએ છે ને? આવશે બેટા... આવવી જ જોઈએ."

"ખબર છે. એણે કહ્યું છે મને કે બને એટલી જલદી આવશે." એ જ વખતે ઘરનો બેલ વાગ્યો. નિલયે બારણું ખોલ્યું.

સામે જીન્સ અને ટી-શર્ટમાં સજ્જ નિયતિ ઉભી હતી. વાળ એક પોની ટેઈલમાં બાંધેલા હતા. મૅક-અપ વગરનો સાફ ચહેરો જેના ઉપર વિતેલા દિવસોનું ટેન્શન હજી ભૂંસાયું નહોતું. નિલય એને ઘડીભર જોઈ રહ્યો.

"આ છોકરી મારી જિંદગીની મારા હોવાનો પર્યાય છે. હું એના વિના જીવી જ શકું એમ નથી." નિલયને વિચાર આવ્યો અને સાથે જ એને નિયતિને ખેંચીને બાહુપાશમાં જકડી લીધી. નિયતિ પણ અવશ ખેંચાઈ

આવી. એને પોતાના બાહુપાશમાં જકડીને નિલય જાણે કેટલાય દિવસોનો ખોવાયેલો શ્વાસ ફરી મળ્યો હોય, એમ નિયતિની પીઠ પર હાથ ફેરવતો રહ્યો, એની ગરદન પર, એના ગાલ પર ચુંબનોથી નવડાવી નાખી એને...

"આઈ મિસ્ડ યુ... આઈ મિસ્ડ યુ અ લોટ, ફરી ક્યારેય મને મૂકીને નહીં જતી આવી રીતે." નિલયે કહ્યું.

આનો જવાબ નિયતિ આપે એ પહેલા પાછળથી ટહુકો સંભળાયો.

"એણે તો કહ્યું હતું, ચાલ મારી સાથે. તું જ તારા ભણવાના ચક્કરમાં ના ગયો."

નિયતિ શરમાઈ ગઈ, એને કલ્પના જ નહોતી કે મંગળાબેન ઘરમાં જ હશે. પ્રમાણમાં નિલયના ઘરનું વાતાવરણ ખૂબ મુક્ત હતું. મા-દીકરા વચ્ચે દોસ્ત જેવા સંબંધો હતા. બે ભાઈઓ પણ મિત્રો વધારે ને ભાઈઓ ઓછા હતા અને એના પિતા પ્રો. પરીખ છોકરાઓને ખૂબ સ્વતંત્રતા આપતા. પણ છતાં, એમની સાથે એક નાનકડું ડિસ્ટન્સ હંમેશાં રહેતું... એમની ગંભીરતાને કારણે હોય કે એમના જ્ઞાનના કારણે, પણ ભાઈઓ નિલય અને સુબોધ એમની સાથે એટલા ખૂલી ન શકતા, જેટલા મા સાથે ખૂલીને વાત કરતા...

"એણે તો કહ્યું હતું, ચાલ મારી સાથે. તું જ તારા ભણવાના ચક્કરમાં ના ગયો." મંગળાબેને કહ્યું અને કૉફીના કપ લઈને રૂમમાં દાખલ થયા. નિયતિ એમને પગે લાગી. મંગળાબેને નિયતિને છાતી સરસી ચાંપી દીધી.

"આઈ મિસ્ડ યુ ટુ બેટા..." મંગળાબેને કહ્યું. "હવે જલદી આ ઘરમાં આવી જા એટલે આ ગાંડિયાને તને સોંપીને હું મુક્ત થઈ જાઉં..."

"એમ મુક્ત નહીં થવાય. તારા મોટા લફરાંનું શું કરીશ?" નિલયે કહ્યું.

"એનો કોઈ પ્રોબ્લેમ જ નથી, એ તો બિચારો એનું કરી જ લેશે. ત્રાસ તારો જ છે..."

"અચ્છા! તો હું ત્રાસ છું?"

"એ વાત સાથે તો હું પણ સહમત છું." નિયતિએ કહ્યું, અને બધા હસી પડ્યા...

કૉફીના કપ સાથે નિયતિએ અમદાવાદની ટ્રીપ અને બનેલી બધી જ ઘટનાઓ વિશે મંગળાબેનને ખૂલીને વાત કરી. મંગળાબેને સુજયના વખાણ કર્યાં અને કહ્યું:

"રેવતીનું નસીબ ખરેખર સારું છે બેટા, હવે વધુ રાહ જોયા વિના આ લગ્ન પતાવી જ નાખો..."

"ખરી વાત છે, મારા મમ્મી-ડેડી પણ એમ જ વિચારે છે." નિયતિએ કહ્યું. "કદાચ આવતે અઠવાડિયે જ લગ્ન કરીશું..."

*

"આવતે અઠવાડિયે?" રંજનબહેનની આંખો પહોળી થઈ ગઈ, "એવી શું ઉતાવળ છે?"

"છે મમ્મી. ઉતાવળ તો છે જ." સુજયે કહ્યું. "કદાચ મારે અમેરિકા જવાનું થાય અને જો એવું થાય તો હું બે વર્ષ માટે નહીં આવી શકું. મારી ઇચ્છા રેવતીને લઈને જવાની છે."

"સ્વાભાવિક છે." મહેન્દ્રભાઈએ કહ્યું, "બે વર્ષ માટે અહીંયા એને કંઈ રાહ જોતી ન મૂકી જવાય..."

"પણ આપણી પાસે શું નથી તે અમેરિકા જવું પડે?" રંજનબહેને દલીલો ચાલુ રાખી.

"મમ્મી, પ્લાસ્ટિક સર્જરીમાં લેટેસ્ટ રિસર્ચ અમેરિકામાં થયા છે. એક-બે વર્ષ ત્યાં જઈને કામ કરું, અનુભવ લઉં, તો મારા જ ફાયદામાં છે ને?" સુજયે કહ્યું. રંજનબેને પોતાના તરફથી બનતું બધું કરી જોયું. પણ સુજય તો નેકસ્ટ વીક પરણવા વિશે કટિબદ્ધ હતો.

"રજિસ્ટર્ડ લગ્ન કરીશું."

"અરે વાહ! એટલે કોઈને બોલાવવાના નહીં, લોકો શું કહે? એકના એક દીકરાના લગન કર્યા અને આમંત્રણ પણ ના મોકલાવ્યું."

"મમ્મી..." સુજય ઉભો થઈને સોફાના હાથા પર બેઠો. એણે પોતાનો હાથ રંજનબેનના ખભાની આસપાસ લપેટ્યો. રંજનબેનને નજીક ખેંચ્યા.

"સમજ, લગ્નમાં બધાની જરૂર નથી. તું પાર્ટી આપજે ને, જેવડી આપવી હોય એવડી... દસ હજાર માણસ બોલાવજે, બસ..."

"જા ને." રંજનબહેને કહ્યું. "વાત કંઈક બીજી જ છે, પણ તું મને કહેતો નથી."

"શું વાત હોય, મમ્મી? અને તને શું કામ ના કહું?"

"તો પછી લગ્નની આટલી બધી ઉતાવળ કેમ કરે છે?"

"બોલો, પહેલા નહોતો પરણતો એનો ઝઘડો, હવે પરણવાની ઉતાવળકરું છું તોય માથાકૂટ. મમ્મી, તું નક્કી કર. તારે શું જોઈએ છે? વહુ કે ધામધૂમથી લગ્ન?"

"વહુ." સહેજપણ વિચાર્યા વિના રંજનબહેને કહ્યું.

"બસ તો પછી આવતા અઠવાડિયે ગમે તે મુર્હૂત કઢાવ. આપણે લગ્ન કરી નાખીએ."

"આપણે એટલે... રંજન પણ ફરી પરણે છે?" મહેન્દ્રભાઈએ કહ્યું.

"છે ને. તારા બાપાને બોલવાનું ભાન જ નથી."

"એક વાત કહું રંજન, તું આજે પણ પરણવા માંગે ને, તો લાઈન લાગી જાય, હોં." મહેન્દ્રભાઈએ કહ્યું અને રંજનબહેનના ચહેરા પર થોડીક પ્રસન્ન દામ્પત્યની અને થોડીક શરમની લાલી છવાઈ ગઈ.

*

"જે થાય છે તે સારા માટે..." શંભુભાઈએ કહ્યું.

એમની સામે સુજય અને રેવતીની કુંડળીઓ ખુલ્લી પડી હતી. સામે અદ્ધર શ્વાસે કલ્યાણી બેઠી હતી.

"જુઓ કલ્યાણી, મેં તો તમને પહેલા જ કહ્યું હતું કે આ લગ્ન થાય તો સારું..."

કલ્યાણી વચ્ચે જ બોલી પડી, “એટલે તો તમારી પાસે આવી છું. હવે શું કહો છો તમે?”

“જે થાય તે સારા માટે. એમ કહું છું હું.”

“ગૂઢાર્થમાં વાત ના કરશો શંભુભાઈ... એક મા તમારી સામે ખોળો પાથરે છે, મારી દીકરીના ભવિષ્યનો સવાલ છે. શું થશે એ કહી દો મને.”

“સૌ સારું થશે.” શંભુભાઈએ હસીને કહ્યું. “હું જ્યોતિષ છું, ભગવાન નથી કલ્યાણી. હું માત્ર નિર્દેશ કરી શકું, નિર્માણ નહીં... બધુ જ નિર્મિત છે, નિશ્ચિત છે. હું તો માત્ર દિશા સૂચન કરી શકું.”

“પણ તોય આ છોકરો સારો નીકળશે ને?”

“ખૂબ.” શંભુભાઈએ કહ્યું. “તારી દીકરીના દુ:ખના દિવસો પૂરા થયા છે. આ છોકરો, શું નામ?” એમણે કુંડળીમાં જોયું.

“સુજય.” કલ્યાણીએ કહ્યું.

“હા સુજય. સારો છોકરો છે. તારી દીકરીને ખૂબ સુખી કરશે. પણ એક વાત યાદ રાખજે કલ્યાણી તારી દીકરીનું ભવિષ્ય ઝંઝાવાત અને તોફાનથી ભરેલું છે. આ લગ્ન નક્કી થયા, એટલે એમ નહીં માનતી કે ગંગા નાહ્યા. હજી તારી છોકરીને ઘણા તોફાન પાર કરવાના છે.”

“એટલે?” કલ્યાણીએ પૂછ્યું.

“એટલે શું?” શંભુભાઈએ કહ્યું અને હસ્યા. “બેટા, વિચિત્ર નસીબ લઈને આવી છે તારી દીકરી...”

“પણ નિયતિ તો...” કલ્યાણીએ કહ્યું. એનું મન હજી ય ગૂંચવાતું હતું. જાતજાતના ને ભાતભાતના વિચારો આવતા હતા. “આટલું તો સહન કર્યું મારી દીકરીએ. હજી શું બાકી રહ્યું? હજી તોફાન સહન કરવાના, એટલે આ સુજય તો ક્યાંક...” શંભુભાઈ જાણે એના મનની વાત સમજી ગયા હોય એમ એમણે કલ્યાણીના માથે હાથ મૂક્યો.

“ચિંતા ના કર. બધાય તોફાનમાંથી તારી દીકરી સાંગોપાંગ બહાર નીકળશે... અને નિયતિનું પૂછે ને તું, તો સાંભળ... એ બેઉનું નસીબ જુદું છે... બંનેની દિશા જુદી છે અને બંને સાવ જુદી જિંદગી જીવવાની છે... જેટલું ઝડપથી આ સ્વીકારીશ, એટલું ઝડપથી તારા મનનું સમાધાન થશે બેટા...” શંભુભાઈએ કહ્યું.

કલ્યાણી થોડીવાર ચૂપચાપ બેસી રહી. પછી પગે લાગીને નીકળી. શંભુભાઈ નિ:શ્વાસ નાંખીને જતી કલ્યાણીની પીઠ જોઈ રહ્યા. સહદેવનું દુ:ખ હતું એમને... બધું જ જાણતા હોવા છતાં બધું જ કહી શકે એમ નહોતા અને એકવાર એ કહી પણ નાખે તો કલ્યાણી સહી શકે એમ નહોતી...

*

રસ્તા ઉપર ઉભેલા સમીરે ઘડિયાળમાં જોયું. ત્રણ ને સાડત્રીસ થઈ હતી. પોણા ચાર... એક ટ્રક એને ઉતારીને હમણાં જ આગળ નીકળી ગઈ હતી. જતી ટ્રકની પાછળ લખ્યું હતું, “જિન કો જલદી થી વો ચલે ગયે!”

સમીર હસી પડ્યો. એને વિચાર આવી ગયો. “ખરી જ વાત છે, જેને ઉતાવળ હોય એ કોઈના માટે શું કામ

રોકાય?”

સમીરને યાદ આવી ગયું. એ ઘર, એ ફળિયું, એ ચોક, એ મહોલ્લો અને એ વૃદ્ધ સુરજીની આંખો...

અને એ પળ જ્યારે એણે પોતાની મા વિશે સાંભળ્યું હતું! એ વખતે એ ઘર, એ ચોક, એ ફળિયું, એ શેરી, એ ગામ બધુ વહી જાય એટલા આંસુ સારવા હતા એને! પણ કોણ જાણે કેમ એની છાતીમાં ભરાયેલો ડૂમો કોઈ રીતે છૂટતો નહોતો... એને આ ઘરના ખૂણે ખૂણે ગોમતી દેખાતી હતી...

ગાભાને ધવડાવતી, પારકા છોકરાને લાવીને નવડાવતી, ઓસરીનો છેડે બેસીને ખોટું ખોટું હસતી કે રડતી કે પછી પલંગની ઇશ સાથે બાંધેલા પગને છોડવા કરગરતી... સમીરે સુરજીનો પોતાના માથે લગાવેલો હાથ હઠાવી દીધો અને ઝડપથી ઉભો થઈ ગયો. એ ડેલીના દરવાજા તરફ જવા લાગ્યો.

“ક્યાં જાવ છો ભાઈ?” પોપટે બૂમ પાડી. એ એની પાછળ દોડવા જતો હતો કે સુરજીએ એનો બુશકોટ પકડી લીધો.

“જવા દે એને... આજે એ રોક્યો નહીં રોકાય. એની અંદર આગ લાગી છે, રૂવે રૂવે દઝાતો હશે બચારો... આગ ટાઢી પડશે, એટલે આપમેળે પાછો આવશે... જવા દે એને...”

ઘરની બહાર નીકળતા સમીરે સુરજીના આ શબ્દો સાંભળ્યા હતા. એ સડસડાટ ઘરની બહાર નીકળ્યો. એને સમજાતું નહોતું કે એને ક્યાં જવું હતું? પણ એને એ ઘરની બહાર નીકળી જવું હતું... સમીર ઘરની બહાર નીકળ્યો. કોણ જાણે કેટલીવાર ચાલતો રહ્યો. પણ અચાનક, એણે જોયું તો એના પગ મંદિરના ચોકમાં હતા!

એ આ ગામમાં પહેલા ક્યારેય નહોતો આવ્યો. ગામનું મંદિર કઈ તરફ હશે, એની કોઈ કલ્પના નહોતી એને... અને છતાં, એ મંદિરના પ્રાંગણમાં ઉભો હતો.

સામે વિશાળ મંદિર હતું, જૂની બાંધણીનું, ભવ્ય!

પથ્થરનો ચોક હતો. ચારે તરફ ઉંચી દિવાલોથી ચોકને ચણી લેવાયો હતો. ચોકમાં થોડા થોડા અંતરે વિશાળ ઝૂમતા વૃક્ષો હતા. વડ, પીપળો, લીમડો અને બીલી સહિત ઔદુંબરનું પણ વૃક્ષ હતું.

અજબની ઠંડક અને શાંતિ હતી મંદિરના ચોકમાં. સીધી સામે સીડી હતી. પથ્થરની, જૂની કોતરણીવાળી... સીડીની જમણી તરફ નાની ઓરડીઓ હતી. જે પૂજારીની હશે, એવું લાગ્યું. સીડીની ડાબી તરફ એક પરબ હતી. એક ચબૂતરો અને વડ તથા પીપળાના વૃક્ષને ચણીને બાંધી લીધેલા ઓટલા હતા.

ડાબી તરફ એક નાનકડું મંદિર હતું. કદાચ માતાજીનું હશે, કે પછી હનુમાનજીનું... એ મંદિરના દ્વાર બંધ હતા.

સમીરે સામે જોયું.

લગભગ પચ્ચીસ પગથિયાં ચડીને મંદિર સુધી પહોંચાય. મંદિરની શરૂઆતમાં જ વિશાળ સભામંડપ, જેની આસપાસ બાંકડા ગોઠવેલા હતા. પથ્થરના ઝરુખાઓ હતા. જે બહારની તરફ પડતા અને એમાં બેસવા માટેની જગ્યા હતી. સોમનાથના મંદિરને યાદ અપાવે, એવું વિશાળ અને ભવ્ય મંદિર હતું આ... ખરા બપોરનો સમય હોઈ, મંદિરમાં કોઈ નહોતું. નદીકાંઠેથી ફરફરતી હવા આવતી હતી. મંદિરના ચોકમાં કબૂતરો ચણતા હતા. એકલ-દોકલ માણસો ઝાડના છાયે બેઠા હતા.

સમાંતર થાંભલાઓથી બનાવેલો સભામંડપ... ગર્ભગૃહ તરફ જતો ઉંડો રસ્તો અને ઉંચી ઉંચી કોતરણી કરેલી વિશાળ છત...

મોટા મોટા ઘંટ, જમણી તરફ નગારું અને નગારાની બાજુમાં ગણપતિની વિશાળ મૂર્તિ...

"અહીં જ લખાઈ હતી મારા માતા-પિતાની પ્રણયકથા... આ દિવાલો આ થાંભલા આ ઉંચી છતો, અને આ ઇશ્વર સાક્ષી છે એ પ્રણયનો..." આમ તો ઇશ્વરમાં બહુ માનતો નહીં સમીર, પણ આજે કોણ જાણે કેમ એનાથી હાથ જોડાઈ ગયા... અને એક અબોલ પ્રાર્થના એના હૃદયમાંથી સરી પડી...

"હે ઇશ્વર, હું જે શોધવા નીકળ્યો છું એ મને મળે. મારો ફેરો વિફળ ન જાય, એટલું કરજે... મળેલું ટકે, એવું નથી માગતો, પણ મળે એટલું કરજે." અને એણે આંખો બંધ કરી દીધી...

સમીરની આંખો બંધ હતી, એ જ વખતે એક ખૂબ ઘરડા સાધુએ આવીને એના ખભે હાથ મૂક્યો...

"કોણ ભાઈ?" સાધુએ પૂછ્યું.

"સમીર. સમીર નામ છે મારું..." એણે કહ્યું અને આંખ ઉઘાડી, મંદિરમાં આસપાસ જોઈ રહ્યો...

*

સુરજી સવારે ચાર વાગ્યે ઉઠ્યા. એ અમસ્તા યે બ્રાહ્મમુર્હૂતમાં ઉઠી જતા. આ ઉંમરે બહુ ઉંઘ આવતી નહીં અને એમાંય સમીરના આવ્યા પછી ગઈ કાલે રાત્રે તો એમણે પડખા જ ઘસ્યા. માંડમાંડ કલાક એકની ઉંઘ મળી હશે એમને... ફળિયામાં પોપટ, સુરજી અને સમીરના ખાટલા ઢાળ્યા હતા. પોપટનો નાનો દીકરો સુરજીના ખાટલામાં સૂતો, જ્યારે બીજો દીકરો બહુ નાનો હતો, એટલે એની મા સાથે અંદર સૂતો. સુરજીની આંખ ઉઘડી અને એમણે જોયું તો પોપટ ઘસઘસાટ સૂતો હતો...

એમણે ઝાંખપ વળતી આંખો ખેંચીને ધ્યાનથી જોયું. તો સમીરનો ખાટલો ખાલી હતો.

સિગરેટ-બીડીની તલપ લાગી હશે કે પછી દિશાએ ગયો હોય કદાચ... એમ વિચારીને એમણે આમતેમ જોયું. ડેલીનું બારણું અધુકડું ખુલ્લું હતું. સુરજીને ફાળ પડી... એમણે બત્તી સળગાવી. ફળિયામાં લાઈટ થઈ. એમણે જોયું તો સમીરની ગઈ કાલે ઓસરીમાં મૂકેલી બેગ પણ નહોતી... એમણે પોપટને ઢંઢોળ્યો... "એ પોપટીયા... ઉઠ લ્યા કહુ છું."

"શું છે બાપા?" આંખ ચોળતો પોપટ ઉઠ્યો.

"પેલો છોકરો તો જતો રહ્યો." સુરજીએ કહ્યું.

"હેં?" પોપટની ઉંઘ ઉડી ગઈ... "હાય હાય...આમ રાત વખત ક્યાં ગયો હશે?"

"બાપ એવા દીકરા..." સુરજીએ કહ્યું. "એનો બાપેય આમ જ રાત માથે લઈને વહેતો થઈ ગયેલો... છોકરાએ પણ એ જ કર્યું."

"પણ અત્યારે તો કોઈ વાહન કોઈ એસ.ટી.એ નહીં મળ્યા હોય. જઈને જોઈ આવું?" પોપટે પૂછ્યું.

"રહેવા દે. શું કામ છે આપણે?" સુરજીએ કહ્યું. "એને કોઈ માયા નહીં વળગી હોય, ત્યારે તો જતો રહ્યો. બાકી આપણે ક્યાં કોઈ મણા રાખી છે..." સુરજીની આંખોમાં પાણી આવી ગયા. "પણ, મારી ગોમતીની છેલ્લી નિશાની હતી, તે મારો જીવ જરા દુભાઈ ગયો... આમ ના ગ્યો હોત તો ના ચાલત? આપણે ક્યાં એને બાંધી રાખવાના હતા?"

"હશે બાપુ. જવા દો. આખી યે વાતને એક સપનું માનીને ભૂલી જવાની. એક માણસ આવ્યો ને એક જતો રહ્યો, એટલું જ યાદ રાખવાનું..."

"મને થોડીક ચિંતા ય થાય છે. આટલી રાત્રે ક્યાં ગયો હશે? અને કેમ નો ગયો હશે... એ રાત્રે વાળુ વખતે પાછો આવ્યો ને ત્યારે જ મને હતું કે હવે રોકાશે નહીં... મેં પૂછ્યું તું એને, અને એણે કીધું ય ખરું, કે મંદિર જઈ આવ્યો."

"ઈ તો વ્યવહારે છે ને બાપુ. પોતાના બાપની ભાળ મેળવવા મંદિરે તો જાય જ ને..."

"પણ ત્યાંથી યે કાંઈ સગડ નહીં મળ્યા હોય. હવે એ જમાનાના કોઈ છે જ નહીં, તો કોણ માહિતી આપે એને..."

"હશે બાપુ, ગયો તો ગયો. મૂકો ને પઈડ." પોપટે કહ્યું અને પાછો સૂઈ ગયો. પોપટના તો થોડીક જ વારમાં નસકોરા બોલવા માંડ્યા, પણ સુરજીના મનમાં સમીરનો એ ચહેરો, એની કથ્થઈ બ્લૂ આંખો અને એનું સ્મિત હજીયે અંકાયેલા અકબંધ હતા.

એણે પરવારવા માંડ્યું પણ એના મનમાં એક ખૂણે સમીરનો વિચાર સતત ચાલી રહ્યો હતો.

"ક્યાં ગયો હશે? કેમ આમ જતો રહ્યો?..."

*

ત્રીસ

રસ્તા ઉપર ઉભેલા સમીરે ઘડિયાળમાં જોયું. ત્રણ ને સાડત્રીસ થઈ હતી. પોણા ચાર... એક ટ્રક એને ઉતારીને હમણાં જ આગળ નીકળી ગઈ હતી. જતી ટ્રકની પાછળ લખ્યું હતું, "જિન કો જલદી થી વો ચલે ગયે!"

સમીર હસી પડ્યો. એને વિચાર આવી ગયો. "ખરી જ વાત છે, જેને ઉતાવળ હોય એ કોઈના માટે શું કામ રોકાય?"

સમીરે થોડીવાર ઉભા રહી, કોઈ વાહનની રાહ જોઈ. પછી પગપાળા જ ચાલવા માંડ્યું...

કઈ દિશા અને શું મંઝિલ એની ખબર નહોતી એને...

લગભગ વીસેક કિલોમીટર ચાલ્યો હશે કદાચ. સૂરજ માથે ચડી આવ્યો હતો. હવે તડકો પણ લાગતો હતો. ભૂખ પણ લાગી હતી અને તરસ પણ...

રસ્તાની એક હોટેલમાં એક કપ ચા પીધી હતી એણે. એનાથી વધારે કશુંય એના પેટમાં નહોતું પડ્યું.

કોન્ટિનેન્ટલ બ્રેકફાસ્ટ અને સાઉથ ઇન્ડિયન લૉ-કેલરી ફૂડ... જાતજાતના સેલેડ અને જ્યુસીસથી ટેબલ ભરી દેતી એની મા...

એવી માને એના લાડને છોડીને સમીર આજે ધોમધખતા તાપમાં રસ્તા ઉપર ચાલી રહ્યો હતો. ક્યાં જઈ રહ્યો હતો, એની એને પોતાને નહોતી ખબર... પગ જ્યાં લઈ જાય ત્યાં જવાનું નક્કી કરીને ચૂપચાપ ચાલતો રહ્યો એ.

વચ્ચે બે-ત્રણ ટ્રકને હાથ કર્યો, પણ કોઈ ઉભું ના રહ્યું. એકાદ એસ.ટી. બસ આવી, એ પણ ઠાંસોઠાંસ ભરેલી હતી...

સમીરને ચાલતા ચાલતા ખરેખર થાક લાગ્યો હતો હવે, પરસેવો થવા માંડયો હતો. ગળે શોષ પડવા માંડ્યો હતો...

દૂર એક ઝાડ નીચે હાઇવે પર બે-ત્રણ બાંકડા હતા. કદાચ, એસ.ટી.નું સ્ટોપ હોય કે ટેમ્પરરી બેસવા માટેની વ્યવસ્થા. ધ્યાનથી જોયું તો પાછળ એક નાની દુકાન પણ હતી.

સમીર માંડ માંડ ત્યાં સુધી પહોંચ્યો.

ધબ્ દઈને બાંકડા પર બેસી ગયો. પાછળ હોટલ જેવી દેખાતી દુકાનનો છોકરો દોડીને આવ્યો. આઠેક વરસનો ભોળો છોકરો હતો. ફાટેલું ગંજી અને ખાખી ચડ્ડી પહેરેલી... આવીને ઉભો રહ્યો સમીરની સામે. થોડીક ક્ષણો જોઈ રહ્યો. "શું મંગતા હૈ?" પછી એણે પૂછ્યું.

"પાણી છે?" સમીરે પૂછ્યું.

"હંહ. હૈ ને." છોકરાએ કહ્યું.

"જા લઈ આવ." સમીરે કહ્યું. "કંઈ ઠંડું છે?"

"કોકાકોલા?" પેલા છોકરાએ પૂછ્યું.

સમીર હસી પડ્યો. "હા." એણે કહ્યું. છોકરો દોડતો ગયો. પાણી અને કોકાકોલા લઈને આવ્યો. સમીરે હાથ લગાડીને જોયું, બેમાંથી કશુંય ઠંડું નહોતું.

"કંઈ વાંધો નહીં." એણે વિચાર્યું. બોટલ ખોલીને મોંઢા પર રેડી. કોકાકોલા ખોલીને પીધી... પૈસા આપ્યા. ઘડીભર બેઠો અને પછી છોકરાને પૂછ્યું, "અહીંયા ક્યાંય રહેવાની જગ્યા છે?"

"હોવે. હૈ ને." છોકરાએ કહ્યું. એ કોણ જાણે ધરાર હિન્દીમાં બોલવાનો આગ્રહ રાખતો હતો.

"ક્યાં છે?" સમીરે પૂછ્યું.

"આહીંથી થોડે જ દૂર." છોકરાએ કહ્યું. "એક બાબાનો મઠ છે. ત્યાં ધરમશાળા છે. ખાને પીને કા સબ મિલતા હૈ... બહોત માણસ આવતે હૈ. બાબા બહુ ચમત્કારીક હૈ..." છોકરાએ વગર માગ્યે ખૂબ માહિતી આપી દીધી.

સમીર જોઈ રહ્યો એની સામે, ઘડીભર. પછી એના વાળમાં હાથ ફેરવ્યો. એના હાથમાં પચાસની નોટ આપી...

"પૈસા તો દીધા તમે..." છોકરાએ કહ્યું. એની આંખોમાં ભરપૂર આશ્ચર્ય હતું... સવારે આઠથી આઠ કામ કરતા એ છોકરાને પચાસ રૂપિયાની કિંમત ખબર હતી, કદાચ!

"રાખ તું." સમીરે કહ્યું. "તારા માટે." અને ઉભો થયો.

"મારા માટે?" છોકરાએ ફરી નવાઈથી પૂછ્યું.

"હા. તારા માટે." સમીરે કહ્યું અને ચાલવા માંડ્યું.

"સાહેબ..." છોકરાએ બૂમ પાડી. સમીરે પાછળ વળીને જોયું. "થાંકુ." છોકરાએ કહ્યું અને સલામ મારી. સમીર ખડખડાટ હસી પડ્યો અને આગળ ચાલવા લાગ્યો.

*

આખી રાત નહોતી સૂતી કલ્યાણી. શંભુભાઈની વાત એના મનમાંથી કોઈ રીતે નહોતી જતી. ઘનશ્યામરાયે બે-એક વાર પૂછ્યું યે ખરું, "શું વાત છે? શેની ચિંતામાં છે તું?" પણ કલ્યાણી જવાબ આપ્યા વિના બારી પાસે ઉભી રહી. ઘનશ્યામરાય ઉઠ્યા. એની બાજુમાં આવીને ઉભા રહ્યા. એના ખભે હાથ મૂક્યો. "શું વાત છે?" એમણે ફરી પૂછ્યું.

"કંઈ નહીં." કલ્યાણીએ આંખો લૂછી કાઢી. "રેવતીની ચિંતા થાય છે."

"નહીં કર." ઘનશ્યામરાયે કહ્યું. "હવે બધું સારું જ થવાનું છે."

કલ્યાણીએ નવાઈથી જોયું ઘનશ્યામરાયની સામે. આ જ કહ્યું હતું ને... શુંભુભાઈએ પણ.

બંને પતિ-પત્ની ખાસ્સી વાર જાગતા રહ્યા. પછી કલ્યાણીને ધીમે ધીમે ઉંઘ આવી ગઈ. એને ઉંઘતી જોઈ ઘનશ્યામરાય પણ સૂઈ ગયા.

સવારે તારાબહેનને આખી યે વાત કહેવા માટે કલ્યાણી મંદિરમાં જઈને બેઠી. થોડીવાર ચૂપચાપ ફૂલ પરોવતી, દિવેટ કરતી બેઠી રહી...

"જે કહેવા આવી છે, એ કહી નાખ" તારાબેને કહ્યું.

"હું?" કલ્યાણી ગભરાઈ ગઈ. "હું તો અમસ્તી તમારી પાસે બેસવા આવી છું."

"વહુ!" તારાબેને કહ્યું. આમ તારાબેન કલ્યાણી જ કહેતા. પણ જ્યારે કોઈ ઠાવકી વાત કરવી હોય કે કોઈ મુદ્દો પોતાની રીતે કડક ભાષામાં મૂકવો હોય ત્યારે તારાબેન 'વહુ'નું સંબોધન કરતા.

કલ્યાણીએ ઉંચું જોયું.

"વહુ" તારાબેને કહ્યું. "આ વાળ તડકામાં ધોળા નથી કર્યાં. હું આંખ વર્તુ માણસની... જ્યારથી અમદાવાદથી આવ્યા છો, ત્યારથી આ ઘરમાં કંઈ રંધાય છે. મને નથી સમજ પડતી એમ નહીં માનતા... શું વાત છે?" તારાબેને કહ્યું.

"મહેન્દ્રભાઈને ઓળખોને..." કલ્યાણીએ હથિયાર નાખી દીધા અને વાત માંડી.

"દાક્તર?" તારાબેને પૂછ્યું...

અને પછી કલ્યાણીએ માંડીને બધી વાત કરી. વાત પૂરી થતાં થતાં સુધીમાં તો તારાબેનની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા હતા. કલ્યાણી ચોધાર આંસુએ રડતી હતી...

તારાબેને ઠાકોરજી તરફ ફરીને હાથ જોડ્યા.

"તારી લીલા અપરમપાર છે, પ્રભુ! અમે છો ને ખાંડ ખાઈએ, કે અમે બધુ ગોઠવીએ છીએ, પણ તારી મરજી વિના પાંદડું હાલતું નથી મારા નાથ..." તારાબેનની આંખો પણ વહી નીકળી હતી.

કલ્યાણીને તારાબેને પાસે બોલાવી. "આમ આવ." કલ્યાણી હળવેકથી નજીક સરકી આવી. તારાબેને એનું માથું પોતાની છાતી પાસે દબાવી દીધું.

"જરાય ચિંતા નહીં કરતી. મારો વહાલો બધા યની સંભાળ લેશે..." અને પછી એમણે ગાવા માંડ્યું... "મારી નાવ તમારે હાથે હરી સંભાળજો રે. મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે..."

*

સમીર જ્યારે અટક્યો ત્યારે એ એક વિશાળ મંદિર પરિસરમાં ઉભો હતો. પથ્થરથી બાંધેલો ચોક અને ચારે તરફ ઉંચી દિવાલો હતી. મોટા અર્ધ ગોળાકાર ગેઈટમાંથી દાખલ થતી વખતે એણે વાંચ્યું, 'ઇશ્વરાનંદ આધ્યાત્મ સંકુલ' મંદિરનું પરિસર બહુ મોટા વિસ્તારમાં ફેલાયેલું હતું. મંદિર જોઈને પિરસરની વિશાળતાનો અંદાજ આવે એમ નહોતું. ગેઈટની બિલકુલ સામે સીધું મંદિર હતું. એની જમણી તરફ એક થાંભલાવાળી ઓસરી હતી. જેમાં એલ શેઈપમાં સળંગ રૂમો બાંધેલી હતી. બધા રૂમોની બહાર બેસવાનો એક-એક બાંકડો હતો. મંદિરની ડાબી તરફ ભોજનશાળા હતી. મંદિરની પાછળ વી.આઈ.પી. રૂમ્સ હતા. વી.આઈ.પી. રૂમ્સના બિલ્ડિંગ્સની નીચે લોનમાં મોટી ગાર્ડન રેસ્ટોરન્ટ હતી. ભોજનશાળા માત્ર સવારના અને રાતના ભોજન સમયે

ચાલતી. જેમાં માત્ર જમવાનું મળતું. રેસ્ટોરન્ટમાં જાતજાતની હેલ્થફૂડ મળતું અને નાસ્તા મળતા અને એ સવારે સાતથી શરૂ કરીને રાતના સાડા દસ સુધી ખુલ્લી રહેતી.

મંદિરથી ભોજનશાળા થઈને પાછળની તરફ જતા લાલ પથ્થરની બાંધેલી એક પગથી હતી... એ પગથીની આસપાસ વિશાળ વૃક્ષો હતા અને પગથી સીધી કોઈ કોટેજ તરફ જતી હતી. કોટેજ દૂર હતું, પણ વૃક્ષાચ્છાદિત કોટેજની આછી ઝલક અહીંથી પણ દેખાતી હતી. 'કહેવાતા બાબાનું ઘર હશે આ...' સમીરે વિચાર્યું.

પછી એણે આસપાસ જોયું. લોકોના ટોળેટોળા વિખરાયેલા પડ્યા હતા. મંદિરમાં ભયાનક ભીડ હતી. ખૂબ બધા માણસો ભોજનશાળામાંથી જમીને બહાર નીકળતા હતા. તો ટોળાંબંધ લોકો ભોજનશાળાની બહાર પોતાનો વારો આવવાની રાહ જોતા ઉભા હતા.

રૂમો વાળી ઓસરીમાં ગાદલા નાખીને કેટલાક લોકો સૂતા હતા. કેટલાક લોકો ટોળે વળીને ઓટલા પર બેઠા હતા.

એક સરસરી નજરમાં સમીરને આ જગ્યા કોઈ તીર્થધામ જેવી લાગી.

એણે જરા ધ્યાનથી જોયું, તો દવાખાનું અને આધ્યાત્મિક શાળાના બોર્ડ પણ જોવા મળ્યા. મંદિરની પાછળ લગભગ ચાર-પાંચ એકર જમીનમાં આખુંય પરીસર ફેલાયેલું હતું.

ખાસ્સા એવા લોકોની અવરજવર હતી.

કમ્પાઉન્ડની બહાર ખાસ્સી એવી ગાડીઓ અને બસો પાર્ક કરેલી હતી.

સમીરે આમતેમ જોઈને ઑફિસનું બોર્ડ શોધી કાઢ્યું અને એ તરફ ચાલવા માંડ્યું.

ઑફિસમાં ચશ્માં પહેરેલા સદીઓથી અહીં, આમ જ બેઠા હોય એવા એક ભાઈ બેઠા હતા. બે-ત્રણ જણા રૂમ એલોટ કરાવવા માટે એમની સાથે માથાકૂટ કરતા હતા તો બે જણા ભોજનશાળાની કુપન કઢાવવા પૈસા હાથમાં પકડીને ઉભા હતા.

જેવો સમીર ઑફિસમાં દાખલ થયો કે પેલા મુન્શી જેવા ભાઈની નજર એના પર પડી. એમના ચશ્માં નાકની દાંડી સુધી સરકી આવ્યા. એમણે ડઘાઈને સમીર સામે જોયું. પછી ચશ્માં કાઢ્યા. ધોતિયાના છેડાથી સાફ કર્યા. ફરી પહેર્યા અને ફરી સમીર સામે ધ્યાનથી જોયું.

"કોણ છો?" એમણે પૂછ્યું.

"સમીર." સમીરે કહ્યું.

"ક્યાંથી આવો છો?" પેલા ભાઈએ પૂછ્યું.

"મુંબઈથી." સમીરે કહ્યું.

"તમે... તમે અહીં પહેલીવાર આવો છો?" પેલા ભાઈએ પૂછ્યું.

"હા." સમીરે કહ્યું.

"અહીં કોઈને ઓળખો છો?"

"ના" સમીરે કહ્યું અને સાથે જ એ અકળાયો. આટલા બધા સવાલ? એક અજાણ્યો માણસ શા માટે પૂછે? છતાં એણે ધીરજ રાખીને એ માણસને પૂછ્યું.

"રૂમ મળશે?"

"વી.આઈ.પી.?"પેલા માણસે પૂછ્યું.

"કોઈ પણ." એણે કહ્યું.

"મળશે, મળશે, તમને કેમ નહીં મળે?" રૂમ માટે માથાકૂટ કરતા પેલા બે-ત્રણ જણાની આંખો ચાર થઈ ગઈ... પછી મુન્શીએ ઉમેર્યું, ઝીણી આંખે સમીર તરફ જોઈને, "તમે અહીં ખરેખર કોઈને નથી ઓળખતા?"

"ના તો કહ્યું." સમીરે જરા અકળાઈને કહ્યું અને પછી પૂછ્યું. "અહીં આટલી ભીડ કેમ છે?"

"બાબા કાલે મૌન તોડવાના છે. એક વરસ પછી..." ભોજનની કુપન લેવા ઉભેલા માણસોમાંથી એકે કહ્યું.

"તમે બરાબર ટાઈમે આવી ગયા છો." મુન્શીએ સમીરને કહ્યું.

"સમજ્યો નહીં." સમીર હવે કંટાળ્યો હતો. "કેટલા પૈસા આપવાના?" એણે પૂછ્યું...

"તમારે? તમારે તો..." મુન્શી ગૂંચવાયો. "તમે ચાવી લઈ જાવને, પછી હિસાબ કરીશું. આખું નામ લખાવો."

"સમીર. સમીર... સમીર લખોને." એણે કહ્યું. બાપનું નામ લખાવું કે નહીં, એ વિચાર એને જિંદગીમાં પહેલી વાર આવ્યો.

"સમીરના ચાલે ભાઈ, આખું નામ કોને કહેવાય?" મુન્શીએ ઝીણી આંખો કરીને પૂછ્યું.

"સમીર પંકજભાઈ મહેતા." નામ બોલતાની સાથે જ સમીરની આંખો સામે બે પ્રેમાળ ચહેરા અને ચાર ભીની આંખો તરવરી ઉઠી. એણે એ જ ક્ષણે નિર્ણય કર્યો કે એ રાત્રે બંને સાથે ફોન પર વાત કરશે. "કેટલા દિવસ થયા હતા ઘરેથી નીકળ્યે..." એણે ઘરે ફોન પણ નહોતો કર્યો. સમીરને ફરી એકવાર ડૂમો ભરાઈ આવ્યો. એ ગોમતીનો વિચાર હતો કે સીમાનો, કોને ખબર? પણ એને મા યાદ આવી ગઈ.

"સમીર પંકજભાઈ મહેતા. ભલે ભલે. લો, વી.આઈ.પી. રૂમ નંબર ત્રણ ખોલીને આરામ કરો. ગરમ-ઠંડાં પાણીની વ્યવસ્થા છે. જમ્યા છો?" એણે પૂછ્યું. સમીરે ડોકું હલાવીને ના પાડી. પેલાએ ઘડિયાળ જોઈ. "જમવાનું હજી પોણો કલાક ચાલશે, નાહી-ધોઈને આવી જાવ ફટાફટ..."

સમીર એક પણ અક્ષર બોલ્યા વિના ચાવી લઈને ઑફિસની બહાર નીકળી ગયો.

"અમને તો ના પાડો છો, અને આમને તો ફટ કરતી ચાવી આપી દીધી..." રૂમ માટે માથાકૂટ કરતાં પેલા માણસોમાંથી એકે ફરિયાદ કરી.

"એમને તો આપવી પડે. અમારા ઓળખીતા છે."

"શું ઓળખીતા છે? એમણે તો મોંઢે કહ્યું કે, હું અહીં પહેલીવાર આવું છું ને કોઈને ઓળખતો નથી."

"એ ના ઓળખે, પણ અમે તરત ઓળખી જઈએ. આ આંખોના ચશ્માં અમથા નથી આવ્યા. મારી ઉંમર ખબર છે? સિત્તેર વરસની છે... ને ઉપર બે..."

"એટલે?" પેલા માણસે આગળ પંચાત કરી.

"એટલે તમને નહીં સમજાય." મુન્શીએ વાત ટૂંકાવી. "કેટલા માણસ છો?" એમણે પૂછ્યું. "ને કેટલા દાડા રહેવાના?"

ત્યાં ઉભેલા માણસો એમના વ્યવહારમાં પડી ગયા. મુન્શી પણ પૈસાની લેવડદેવડ કરવા લાગ્યા. રસીદ ફાડવા લાગ્યા. પણ વી.આઈ.પી. રૂમ નંબર ત્રણમાં હમણાં જ ગયેલો એ ચહેરો એમનાથી ભૂલાતો નહોતો.

ભીડને પતાવીને તરત જ મુન્શી ઉભા થયા અને મંદિર પરિસરમાં આવેલા મઠાધિપતિના એરકન્ડિશન્ડ કોટેજ તરફ એમણે દોટ મૂકી...

*

સુજય સવારે ઉઠીને ટાઈમ્સ ઑફ ઇન્ડિયા વાંચતો હતો ત્યારે હાથમાં ટ્રેની અંદર બે કપ ચા લઈને મહેન્દ્રભાઈ દાખલ થયા.

"મોર્નિંગ સની." એમણે કહ્યું.

"ગુડમોર્નિંગ." છાપું ખસેડીને સુજયે કહ્યું.

આખી રાત ઘસઘસાટ ચેનની ઉંઘ સૂતેલો સુજય અત્યારે ફૂલ જેવો તાજો લાગતો હતો. સફેદ ઝભ્ભામાં સુજયના પહોળા ખભા વધુ પહોળા લાગતા હતા. ઝભ્ભાના બધા બટન ખુલ્લા હતા. સુજયની છાતીના ઘૂંઘરાળા વાળ એમાંથી દેખાતા હતા.

"ગુડમોર્નિંગ." સુજયે કહ્યું અને સ્મિત કર્યું. એની જાડી મુછો, ગોરો કહી શકાય એવો ચહેરો... સંપૂર્ણપણે ખીલી ઉઠયો. એની એક બાજુ ઉપસેલી રાક્ષી વધુ સ્પષ્ટ થઈ અને સફેદ દાંત ઝળકી ઉઠ્યા.

"ખૂબ હેન્ડસમ દેખાય છે." મહેન્દ્રભાઈએ કહ્યું.

"આજે મારો વારો કાઢ્યો." સુજયે કહ્યું અને પલંગ પરથી છાપુ

ખસેડી એમના બેસવાની જગ્યા કરી. ટ્રે પલંગના સાઈડ ટેબલ પર મૂકીને મહેન્દ્રભાઈ ગોઠવાયા. એમણે પલાંઠી વાળીને પગ ઉપર લીધા અને ધ્યાનથી સુજય સામે જોયું.

"શું વાત છે?"

"શેની?" સુજયે પૂછ્યું.

"દોસ્ત, તારી મા બિચારી ભોળી છે. થોડીક ડફોળ પણ, તું મને મૂરખ નહીં બનાવી શકે. ગઈ કાલ સુધી લગન કરવાની ના પાડતો હતો. આજે લગન કરવાની હા પાડી. છોકરી પણ તે જ ગોતી કાઢી અને અઠવાડિયામાં લગન કરવા છે... એ પણ તે જ નક્કી કર્યું, વાત શું છે બેટા?" મહેન્દ્રભાઈએ સુજયની આંખોમાં તાકીને જોયું.

"ડેડ..." સુજયે કહ્યું. "તમને પણ કારણ વગર વહેમ ખાવાની ટેવ પડી છે."

"અચ્છા!" મહેન્દ્રભાઈએ કહ્યું અને પછી ચૂપચાપ ચાનો કપ ઉપાડીને સુજયના હાથમાં આપ્યો. પોતે પણ એકેય અક્ષર બોલ્યા વિના ચા પીવા માંડ્યા. બાપ-દીકરા વચ્ચે થોડીક ક્ષણો એક પણ અક્ષર બોલ્યા વિના ફક્ત ચાની ચૂસકી લેતા પસાર થઈ ગઈ...

"ડેડ." સુજયે મૌન તોડ્યું. "રેવતી પ્રેગ્નન્ટ છે."

"ગુડ..." મહેન્દ્રભાઈએ લગભગ ચીસ પાડી. "બાય વન ગેટ વન ફ્રી...તું તો મારાથી પણ આગળ નીકળી ગયો. વહુની સાથે સાથે મારા પેશન્ટની પણ વ્યવસ્થા કરી નાખી." મહેન્દ્રભાઈ પીડિયાટ્રીશિયન હતા. બાળકોના ડૉક્ટર...

"ડેડ, વાત તમે ધારો છો એટલી સરળ નથી."

"જબ પ્યાર કિયા તો ડરના ક્યા." મહેન્દ્રભાઈએ કહ્યું. "તારી માની ચિંતા નહીં કરતો, એને તો હું સમજાવી દઈશ કે પ્રિ-મેચ્યોર બેબી છે અને મારી વાત પથ્થર પર લખેલી લકીર બની જશે એને માટે... પણ એ ય! આ બધું થયું ક્યારે અને ક્યાં? અમદાવાદમાં?" મહેન્દ્રભાઈએ દીકરાના ખભે હાથ મૂક્યો.

સુજયે ખુશ થઈ ગયેલા પિતાના ચહેરામાં જોયું. ઘડીભર વિચાર્યું કે એમને સાચું કહી દેવું જોઈએ કે નહીં... પછી મનોમન નિર્ણય કર્યો કે આ વાત રેવતીના કુટુંબ સિવાય જો કોઈ એક જણ જાણે તો એ પોતે હશે... રેવતીની મજબૂરીની વાત બીજા કોઈને એ પોતાના મોંઢે નહીં કહે. ભલે ને એ એના પિતા કેમ ના હોય...

"હા ડેડ. હું ખૂબ ચાહું છું રેવતીને..."

"દેખાય છે." મહેન્દ્રભાઈએ કહ્યું. પછી ઉમેર્યું, "તારી માને નહીં કહેતો...નહીં તો કકળાટ કરશે."

"ખરી વાત છે. એટલે જ મેં એને નથી કહ્યું. પણ ડેડ, પરિસ્થિતિ તમારે સંભાળી લેવી પડશે. અમે હનિમૂન પરથી આવીને તરત જ પ્રેગ્નન્સીનું અનાઉન્સમેન્ટ કરીશું..."

"કેટલા દિવસ થયા છે?" મહેન્દ્રભાઈએ પૂછ્યું.

"કદાચ, કદાચ, મહિનો?!"

"ડફોળ." મહેન્દ્રભાઈએ કહ્યું. "એટલીયે નથી ખબર, દાક્તર છે કે હજામ?"

"હજામ." સુજયે કહ્યું અને બંને હસી પડ્યા.

મહેન્દ્રભાઈ એવું ચોક્કસ સમજ્યા કે વાત એમને કહેવામાં આવી છે એ એટલી સીધી અને સરળ નથી. પણ છતાં, દીકરાના સુખ માટે અને પત્નીના આનંદ માટે એમણે આ ઘટનામાં ઉંડા નહીં ઉતરવાનું નક્કી કરી લીધું.

એમણે નક્કી કરી લીધું કે હવે આ બાબતમાં જે જરૂર પડશે, તે એ પોતે કરશે...

એમના કુટુંબમાં એક પુત્રવધૂ અને એક પૌત્રનું આગમન થવાનું હતું... પૌત્ર? કે પૌત્રી? મહેન્દ્રભાઈ વિચારે ચડી ગયા...

અને એમણે સુજયના ખભે મૂકેલો હાથ થપથપાવ્યો.

"ડૉન્ટ વરી. હું સંભાળી લઈશ."

"થેંક્સ ડેડ." સુજયે કહ્યું અને નિરાંતનો શ્વાસ લીધો!

*

સમીર વી.આઈ.પી. રૂમ નંબર ત્રણમાં દાખલ થયો. વોલ-ટુ-વોલ કારપેટ, અટેચ બાથરૂમ અને ડબલબેડની સાથે એરકન્ડિશન ધરાવતો કોઈ હોટેલના રૂમને ટક્કર મારે એવો રૂમ હતો. નાની બાલ્કની હતી. બાથરૂમમાં બાથટબ હતું. રૂમની સાથે જોડાયેલો એક પૂજારૂમ અથવા ધ્યાનખંડ હતો. જેમાં મંદિર હતું. જે ખાલી હતું.

આવનાર વ્યક્તિ પોતાના ઇષ્ટદેવની મૂર્તિ કે ફોટો અહીં મૂકીને પૂજા, પ્રાર્થના કે ધ્યાન કરી શકે એની સંપૂર્ણ વ્યવસ્થા હતી. રૂમની દિવાલોનો રંગ આછો ક્રીમ હતો. બધી દિવાલો ખાલી અને ચોખ્ખી હતી. પલંગ પર સ્વચ્છ સફેદ ચાદર પાથરેલી હતી. પલંગની બાજુના સાઈડ ટેબલ પર પાણીનુ થર્મોસ અને કાચના બે ગ્લાસ પ્લાસ્ટિક કવર ચઢાવીને મુકાયા હતા - સ્ટરીલાઈઝ્ડ.

આવા ગામમાં, આવી જગ્યાએ આવો રૂમ મળશે, એ સમીરની કલ્પના બહાર હતું...

ગીઝર ચાલુ કરીને સમીર કપડા બદલ્યા વિના પલંગમાં આડો પડ્યો. પલંગની સામે એક વિશાળ ચિત્ર હતું. કદાચ કોઈ વિદેશી ચિત્રકારનું લાગ્યું... થોડું સરરિયાલિસ્ટિક ચિત્ર હતું એ... સમીરે પહેલા જોયું હતું આ ચિત્ર...

વિશાળ આકાશ, એની નીચે ધરતી પર કામ કરતા કેટલાક લોકો અને લોકોના શરીરો ઘોડાના... ચહેરા માણસના, પાસે ઘોડા ઉપર બેઠેલો એક માણસ, જેનો ચહેરો વરુનો અને હાથમાં હંટર હતું... માણસોના શરીરમાંથી પડતા ટીપાં લોહીને બદલે પાણીના હતા. એ પાણી ખેતરમાં પડતું હતું અને ઉગેલો પાક લહેરાતો બતાવ્યો હતો...

સમીર એક પળ માટે એ ચિત્ર જોઈ રહ્યો.

ઘણી વ્યવસ્થા અને પરફેક્શન હતું અહીંયા... પૂનાના રજનીશ આશ્રમમાં સમીર જઈ આવ્યો હતો. ત્યાંની વ્યવસ્થાથી એ ખૂબ ઇમ્પ્રેસ થયો હતો. ત્યાંની જેમ જ અહીં પણ, દરેક વસ્તુ એના ઓર્ડરમાં પરફેક્ટલી ગોઠવાયેલી દેખાતી હતી. આ ચિત્ર પણ જાણે કોઈને વિચાર કરતા કરી મૂકવા માટે અહીં ગોઠવાયું હતું.

સૌથી નવાઈની વાત એ હતી કે આખાય પરિસરમાં ક્યાંય કહેવાતા 'બાબા'નો ફોટો મૂર્તિ કે બીજી કોઈ નિશાની નહોતી...

સામાન્ય રીતે પબ્લિસિટી માટે ઘેલા થતાં આ સાધુ-બાવાઓએ વિશે સમીરને ખાસ્સી ખબર હતી. એમાંના

ઘણા બધાની પબ્લિસિટી તો પ્રોફેશનલી એમ.બી.એ. ભણેલા લોકો પણ મેનેજ કરતા. જેને માટે એમને લખલૂટ રૂપિયા અપાતા. આ સમીર જાણતો હતો...

પણ અહીં, નવાઈ વાત એ હતી કે મઠાધિપતિ કે મુખ્ય સાધુ કે પંથના વડા જે કોઈ હોય, એનો ચહેરો કે એમના વિશેની કોઈ માહિતી અહીં દેખાતી નહોતી.

આ આખીયે વ્યવસ્થાની પાછળનું માસ્ટર માઇન્ડ જોવા-જાણવાની સમીરને લાલચ થઈ ગઈ. રજનીશ આશ્રમમાં ઠેરઠેર તમને આચાર્ય, ભગવાન કે ઓશો રજનીશના મોહક ફોટોગ્રાફ્સ જોવા મળે, પણ અહીં, બાબાનો ચહેરો ક્યાંય દેખાતો નહોતો. એને બદલે મંદિર પરિસરમાં જાતજાતના સુવાક્યો, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ભાષામાં લખેલા જોવા મળ્યા, જેમાંના મોટા ભાગના જિંદગીને લાગતા, પ્રેમને લાગતા, સંબંધોને લાગતા અને માનવજીવનને લાગતા હતા. કેટલાક સૂત્રો તો ખલિલ જિબ્રાનના ‘પ્રોફેટ’માંથી તો કેટલાક કબીરના દોહા પણ જોવા મળ્યા.

“માણસ જિનીયસ છે.” સમીરે વિચાર્યું. “મળવું પડશે.”

પલંગના સાઈડ ટેબલ પર પડેલો એક કાગળ એણે ઉઠાવ્યો. એમાં રોજિંદો કાર્યક્રમ લખેલો હતો.

ધ્યાન, પ્રાર્થના, યોગા, કસરતોની સાથે સાથે પ્રવચનનો સમય પણ લખેલો હતો.

આવતી કાલે સવારે ‘બાબા’ મૌન તોડવાના હતા. સમીરને યાદ આવ્યું. સામાન્ય રીતે સમીર આવા બધા ભાષણ અને લેકચરથી દૂર રહેતો. ક્યારેક ઓશોને સાંભળતો અથવા જે.કૃષ્ણમૂર્તિ કે વિવેકાનંદના પુસ્તકો વાંચતો. એણે લાગતું હતું કે ધર્મ એ માત્ર પરંપરા નથી. કોઈ દિવો પેટાવવો કે પ્રાર્થના ગણગણી જવી એ ધર્મ નથી... ધર્મ આત્મા સાથે જોડાયેલી વાત છે. આધ્યાત્મ એ જ સાચો ધર્મ છે એવું સમીરના સંસ્કાર અને શિક્ષણે એને શીખવ્યું હતું...

...છતાં, એણે નક્કી કર્યું કે આ કહેવાતા ‘બાબા’ના ભાષણમાં એ આવતી કાલે જશે તો ખરો... “જોઈએ તો ખરા, શું ભરડે છે?” એણે વિચાર્યું

એને યાદ આવી ગયું કે ભોજન હવે થોડીક જ વાર પછી બંધ થઈ જશે. એ ઉભો થયો અને ઝડપથી નહાવા ગયો...

*

...ભીડને પતાવીને તરત જ મુન્શી ઉભા થયા અને મંદિર પરિસરમાંથી પેલી પગથી ઉપર થઈને વૃક્ષોના ઝૂંડમાં આવેલા મઠાધિપતિના એરકન્ડિશન્ડ કોટેજ તરફ એમણે દોટ મૂકી...

હાંફતા હાંફતા કોટેજના પગથિયાં ચડી ગયા એ...

રિસેપ્શન ઉપર સફેદ ફૂલો ગોઠવેલા હતા. બહાર બેઠક વ્યવસ્થા હતી અને ત્યાં આશ્રમ તરફથી બહાર પડાતા અને બીજા અધ્યાત્મને લાગતા થોડા પુસ્તકો રેકમાં મુકાયેલા હતા. મુન્શી ઉતાવળમાં અંદર જવા ગયા, એમાં લાકડાના રેકને અથડાયા. રેક પડતો પડતો રહી ગયો...

...બહાર રિસેપ્શન બેઠેલા એક શ્વેત વસ્ત્રધારી યુવાન સાધુએ એમને પૂછ્યું, “અરે! શું વાત છે? આગ લાગી છે

કે શું?"

"એવું જ કંઈક." મુન્શીએ કહ્યું અને અંદર જવા લાગ્યા.

"અરે, ક્યાં જાવ છો? ખબર નથી, બાબા મૌનમાં છે?"

"પણ મારે તાત્કાલિક મળવું પડે એમ છે."

"પાંચથી છ સાંભળે છે બધાને. ત્યારે આવજો." સાધુએ કહ્યું.

"ના ના. મારે હમણાં જ મળવું છે." મુન્શીએ કહ્યું અને અંદર જવા લાગ્યા. હવે સાધુ અકળાયો. એ પોતાની જગ્યાએથી ઉભો થયો અને મુન્શીનો હાથ પકડ્યો.

"બાબા આરામમાં છે, હમણાં નહીં મળે, કહ્યું ને..."

"પણ મારે મળવું છે." મુન્શીએ કહ્યું અને હાથ છોડાવીને વળી અંદર જવા લાગ્યા.

"પણ છે શું?" સાધુ એ પૂછ્યું.

"અંગત છે." મુન્શીએ કહ્યું "બાબા સાથે જ વાત કરવી છે."

"એક મિનિટ." પેલા યુવાન સાધુએ કહ્યું. "હું પૂછી લઉં." એ ફોન ઉપાડવા જતો કે ફોનની રીંગ વાગી. એણે ફોન ઉપાડ્યો, કાને ધર્યો, અને આશ્ચર્યથી મુન્શી સામે જોયું... પછી ડોકું હલાવ્યું. "જાવ." એણે કહ્યું, "તમને બોલાવે છે..."

મુન્શી અંદર દાખલ થયા. એક હૉલ જેવા ચાલીસ બાય ચાલીસના વિશાળ એરકન્ડિશન્ડ આછા અજવાળા ઓરડામાં છેક છેવાડે એક ફૂટથી વધારે ઉંચાઘી ધરાવતા એક ગાદી-તકિયો ગોઠવાયા હતા. સફેદ ચાદર હતી એના ઉપર. દીવાલને અડાડીને ગોળ તકિયા મુકાયા હતા. આખા કમરામાં દિવાલથી દિવાલ સુધી ગ્રે કલરની કારપેટ હતી. પગ મૂકોને પગ ખૂંચી જાય એવી રેશમી અને રૂવાંદાર, સફેદ દિવાલને લગોલગ ચારે તરફ ગોળ તકિયા ગોઠવાયા હતા. બેસનાર ગમે તે તકિયાને ટેકો દઈને બેસી શકે એવી વ્યવસ્થા હતી.

એક ધીમું મીઠું શાંતિ આપનારું સંગીત વાગી રહ્યું હતું...

સામે ગાદી તકીયા પર શ્વેત વસ્ત્રધારી, શ્વેત દાઢી અને જટા ધરાવતા એક તેજસ્વી પુરુષ આરામની મુદ્રામાં બેઠા હતા. એમની આસપાસ બે-ત્રણ જણા બેઠા હતા. એમણે પણ સફેદ વસ્ત્રો પહેર્યા હતા...

મુન્શીએ ધારીને પેલા તેજસ્વી પુરુષ સામે જોયું... એમની આંખો ફાટી ગઈ.

એ જ ચહેરો, એ જ કપાળ... એ જ તીખું નાક, એ જ આર્યન ચહેરો, માત્ર આ ચહેરાની ઉંમર વધારે હતી... અને આ ચહેરા પર દાઢી અને જટા વધારાના હતા!

આમની આંખો કાળી હતી, અને વી.આઈ.પી. રૂમ નંબર ત્રણમાં ગયેલા પેલા યુવાનની... કથ્થઈ રંગની... કે પછી બ્લૂ રંગની! ના ના... કથ્થઈ હતી... ના. ભૂરી હતી...

મુન્શી વિચારી રહ્યા.

આંખોનો રંગ તો જે હોય તે, પણ ચહેરો હવે તો ઓળખાયા વિનાનો તો નહોતો જ... મુન્શી હાંફતા - ગભરાતા - અચકાતા હાથ જોડીને 'બાબા'ની સામે ઉભા રહ્યા અને બોલ્યા,

"બાબા, એક... એક છોકરો આવ્યો છે... તમે... તમે જોઈ લ્યો, તમે પણ અચંબામાં પડી જાવ, એવો ચમત્કાર છે કુદરતનો..."

અને આરામની મુદ્રામાં સૂતેલા પેલા તેજસ્વી પુરુષ જેને મુન્શીએ બાબા કહીને સંબોધ્યા હતા એ ચોંકીને બેઠા થઈ ગયા...

એમની આંખો, એમનો ચહેરો, એમનું સમગ્ર વ્યક્તિત્વ અચાનક બદલાઈ ગયું...

એમના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે એ મુન્શીની વાત સમજ્યા હતા અને એ વાત એમને નખશિખ વિચલીત કરી ગઈ હતી...

...સત્યાવીશ વરસથી પેટીમાં બંધ પડેલો ઈતિહાસ આળસ મરડીને જાગ્યો હતો! એનું એક પાનું વી.આઈ.પી. રૂમ નંબર ત્રણમાં હતું અને બાકીનું પુસ્તક 'બાબા'ની આંખોમાં!

*

એકત્રીસ

સવારે સમીરની આંખો ખૂલી ત્યારે મંદિર પરિસરમાં લાઉડ સ્પીકર ઉપર સુંદર શાસ્ત્રીય ભજન પંડિત જસરાજના અવાજમાં ગવાઈ રહ્યું હતું. માથું ફાટી જાય એવા અવાજે ઘણી વાર એણે લાઉડસ્પીકર્સ વાગતા સાંભળ્યા હતા. પણ આ સાઉન્ડ સિસ્ટમ અને એને મેનેજ કરનારો માણસ બંને અવાજનું મહત્ત્વ અને એની કેપેસિટી સમજતા હતા, એવું સમીરને લાગ્યું.

ભજન, અહીં ખરેખર ભજન જેવું લાગતું હતું. મન શાંત થઈ જાય અને ઉગતા સૂરજની સાથે એક અદ્ભુત દિવસ શરૂ થઈ શકે એવું વાતાવરણ હતું. સમીર રૂમ સાથે જોડાયેલી નાનકડી બાલ્કનીનો દરવાજો ખોલીને બહાર આવ્યો. એણે જોયું, તો મંદિર પરિસરમાં બધા જ એકતરફ જઈ રહ્યા હતા. નાહી-ધોઈ, સ્વચ્છ થઈને ભક્તગણ આજે બાબાના ખૂલનારા મૌન પછીના પહેલા પ્રવચન માટે ઘેલા થઈ રહ્યા હતા...

પંડિતજીના અવાજમાં કૃષ્ણ-યશોદાનું કોઈ ભજન ગવાઈ રહ્યું હતું, જેમાં યશોદા કાનાને મથુરા ન જવા માટે વિનવી રહી હતી.

સમીરે આળસ મરડી. એને ગઈ કાલે રાત્રે સીમા સાથે ફોન પર થયેલી વાત યાદ આવી અને એની આંખો અચાનક ભીની થઈ ગઈ...

"ક્યાં છે તું? કેટલા દિવસ થયા, કંઈ સમજાય છે? અમે કેટલી ચિંતા કરીએ છીએ તારી... તે તો માયા જ મૂકી દીધી. સમાચાર પણ નથી આપતો પોતાના..." સીમાના અવાજમાં ડૂમો ભરાઈ ગયો. એ આગળ બોલી શકે એમ નહોતી. એની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યા હતા. પંકજભાઈએ એના હાથમાંથી ફોન લઈ લીધો.

"બેટા! ફોન તો કરીએ, અમે તો રોજ રાહ જોઈએ છીએ."

"જી. આઈ એમ સોરી." સમીરે કહ્યું. આંખો એની પણ ભીની થઈ ગઈ હતી. એને ઘર, અને મા-બાપ યાદ આવી ગયા હતા. જે શોધવા નીકળ્યો હતો, એ તો ક્યારનું ય ખોવાઈ ગયું હતું...

"હવે શેને માટે, કઈ આશાએ, અહીં રોકાયો હતો એ?" એના મનમાં વિચાર આવી ગયો.

"ક્યાં છે તું?"

"જી? ખબર નથી. જૂનાગઢ પાસે કોઈ ગામ છે. અહીં એક આશ્રમ છે, ત્યાં આવ્યો છું." સીમાએ આંખો લૂછી સ્વસ્થ થઈ. પંકજભાઈના હાથમાંથી ફોન લઈ લીધો.

"તું કેમ છે? ખાઈ-પીએ છે ને બરાબર? તારી તબિયતનું ધ્યાન રાખજે બેટા, બીજા પૈસા જોઈએ છે?" સીમાએ સવાલોની ઝડી વરસાવી.

"ના મા. પૈસાની તો કોઈ જરૂરત જ નથી પડી. લગભગ બધા એમના એમ જ છે."

"ખાતો-પીતો નથી કે શું? ક્યારે પાછો આવે છે?"

"બસ, કાલે નીકળી જઈશ." સમીરે કહ્યું. એને આ રખડપટ્ટીની અર્થહીનતા સમજાઈ ગઈ હતી. એણે મનોમન નક્કી કર્યું કે કાલે એ ઘર તરફ રવાના થઈ જશે. પાછો જઈને ચૂપચાપ રેવતીને પરણી જશે અને એક સુખી

જિંદગીની શરૂઆત કરશે...

"સાચું કહે છે." સીમાએ કહ્યું.

"એકદમ સાચું." સમીરે કહ્યું. મા-દીકરો બનં છુટા મોંઢે રડી પડ્યા. બંનેના ડૂસકાં કેમેય કર્યા અટકતા નહોતા. પંકજભાઈએ પોતાની આંખો લૂછીને સીમા પાસેથી ફોન લીધો.

"બેટા, વિમાનમાં આવજે. હવે સમય ના બગાડીશ. અમે તારી ખૂબ રાહ જોઈએ છીએ..." પછી થોડો સમય બંને તરફ ખામોશી છવાઈ ગઈ.

"રેવતી... રેવતી કેમ છે?" સમીરે પૂછ્યું અચકાતા અચકાતા. હજી યે એના કાનમાં નિયતિએ પાડેલી બૂમ... "કાયર" ... પડઘાયા કરતી હતી અવારનવાર. ક્યારેક એની ઉંઘ ઉડી જતી. રાતોની રાતો એને રેવતીનો એ ડૂસકે ડૂસકે રડતો ચહેરો દેખાતો તો ક્યારેક એની માની આંખો એને પોતાની આંખો મીંચવા ન દેતી...

ઉચાટમાં, અકળામણમાં અને માનસિક યાતનામાં કાઢ્યા હતા આ દિવસો સમીરે...

હવે, એણે પોતે જ ગાંઠ વાળી, કે આ દિવસો આ યાતનાનો અંત કરી નાખવો. આટઆટલા લોકોનો પ્રેમ ઠુકરાવીને જેને પોતે કદી યે જોયા નહોતા અને હવે તો કદાચ જીવતા ય નહોતા, એવા માણસોની શોધમાં સમય અને જિંદગી બરબાદ કરવા કરતાં જે એને ઝંખતા હતા, જે એને ચાહતા એની પાસે પાછા ફરી જવું.

"હું... હું કાલે આવું છું પાપા..." સમીરે કહ્યું. "તમારી પાસે, મમ્મા પાસે પાછો... રેવતીને કહી રાખજો, મારે પરમ દિવસે જ લગ્ન કરવા છે."

"ભલે બેટા. હું કાલે જ જઈશ એમને ત્યાં."

"કાલે નહીં આજે જ...હવે એક વધુ દિવસ એને તકલીફ આપીશ તો એટલું વધારે પાપ લાગશે મને..." સમીરની આંખો લગાતાર વહી રહી હતી.

હવે પંકજભાઈ પણ પોતાની જાતને રોકી શકે એમ નહોતા.

એ પણ રડવા લાગ્યા... "હા બેટા, આવી જા. અમે એક મિનિટ પણ ચેનથી નથી જીવ્યા તારા ગયા પછી... અમારો શ્વાસ, પ્રાણ અમારી જિંદગી છે તું... કમ બેક માય સન... કમ બેક હોમ..."

એમના હાથમાંથી ફોન ઝૂંટવીને ડૂસકે ડૂસકે રડતી સીમા ફરી એકવાર સમીરને એ જ વાત કહેવા લાગી... "બેટા, બને એટલો જલદી પાછો આવ, તારી માને જીવતી જોવી હોય તો પાછો આવ. પાછો આવ મારા દીકરા... આવી જા..."

ત્રણેય જણાના ડૂસકે ડૂસકે કહેવાતા ત્રુટક ત્રુટક વાક્યો કોણ જાણે કેટલીય વાર એકની એક જ વાત કહી રહ્યા હતા...

ફોન મૂકયા પછી પણ સમીર રડવાનું રોકી શકે એમ નહોતો. એની છવ્વીસ વરસની જિંદગીમાં પહેલીવાર કદાચ એ આમ મન મૂકીને રડ્યો હતા, ધોધમાર, મૂશળધાર...

*

સીમા સવારે સાડા સાત વાગ્યાથી નાહી-ધોઈને તૈયાર હતી. પંકજભાઈએ માંડ માંડ સમજાવી એને. "આમ આઠ વાગ્યામાં કોઈના ઘેર ન જવાય. જઈએ છીએ, દસ-સાડા દસે..."

"અરે કેમ ન જવાય? વેવાઈ છે આપણા..."

"બરાબર છે. પણ જે કંઈ થયું છે એ પછી વાતને સુધારતા પણ સમય લાગશે. આપણને ફાવે ત્યારે આપણો છોકરો એને છોડીને જતો રહે, અને આપણને ફાવે ત્યારે જઈને લગન કરીએ... આ કંઈ રમત થોડી છે? એ લોકો હા પાડે ય ને ના ય પાડે, એવી માનસિક તૈયારી રાખજે."

"ના શેના પાડે?"

"અરે વાહ!" પંકજભાઈને આવી પરિસ્થિતિમાં ય હસવું આવી ગયું. "એવું થોડું ચાલે? આ દુનિયા આપણી મરજીથી નથી ચાલતી સીમા... પ્રભુ કરે ને, ત્યાં બધું ય હેમખેમ હોય..."

"શું થવાનું હતું વળી મહિનામાં?" સીમાએ કહ્યું. સમીરનો અવાજ સાંભળ્યા પછી એનામાં એક નવા જ જીવનનો સંચાર થયો હતો. સમીરના લગ્ન પહેલા એનો જે મૂડ હતો, જે ઉત્સાહ હતો એ... પાછા આવી ગયા હતા. સીમાનો ચહેરો પણ ચમકી રહ્યો હતો જાણે...

... માંડ માંડ દસ વગાડ્યા, સીમાએ!

પછી, પંકજભાઈને લગભગ ઘસડીને એણે લિફ્ટમાં ધકેલ્યા. "ચલો પ્લીઝ... તમારા તો પેટનું પાણીયે નથી હલતું..."

પંકજભાઈ પ્રમાણમાં પ્રેક્ટિકલ હતા, ધીરજવાન અને પરિસ્થિતિને મૂલવવાની ટેવ એમના વ્યક્તિત્વના અગત્યના પાસાં હતા. લિફ્ટમાં એમણે સીમાના ખભે હાથ મૂક્યો અને પાણી પહેલા પાળ બાંધવા માંડી, "જો, એ લોકો કદાચ ગુસ્સે થશે, બે-ચાર વાક્યો આમ-તેમ પણ બોલે કદાચ... તું ખરાબ નહીં લગાડતી. વાંક આપણા છોકરાનો છે, એવું યાદ રાખવાનું."

"ખરી વાત છે." સીમાએ પંકજભાઈને આશ્ચર્યચકિત કરી નાખ્યા. "હું રાત્રે એ જ વિચાર કરતી હતી..."

"શું?" પંકજભાઈએ પૂછ્યું.

"કે આની જગ્યાએ આપણી દીકરી હોત તો..." સીમાએ કહ્યું.

"બસ એટલું જ યાદ રાખવાનું." પંકજભાઈએ કહ્યું અને બંને જણા નીચે ઉતરીને ગાડીમાં ગોઠવાયા. સીમાએ રસ્તામાં ગાડી ઉભી રખાવીને મિઠાઈ ખરીદી. એનો આત્મવિશ્વાસ અને ઉત્સાહ જોઈને પંકજભાઈ જરા ગૂંચવાતા હતા પણ પછી એમણે બધું ય ઇશ્વરના હાથમાં છોડવાનું નક્કી કર્યું...

એ લોકો વાલ્કેશ્વર પહોંચીને રેવતીના બિલ્ડિંગમાં દાખલ થયા ત્યારે હવનનો ધૂમાડો છેક નીચે સુધી આવતો હતો. કોઈ ઘરમાં પૂજા કે હવન થઈ રહ્યો હશે એમ માનીને એ લોકો ઉપર ચડતા ગયા... પછી, ઘનશ્યામરાયના ઘર સામે આવ્યા ત્યારે જોયું, તો પૂજા એમના જ ઘરમાં ચાલતી હતી...

રેવતી લાલચટક ઘરચોળામાં સજ્જ થઈને બેઠી હતી. બાજુમાં એક હેન્ડસમ દેખાતો યુવાન સફેદ ઝભ્ભા-

લેંઘામાં બેઠો હતો. પ્રમાણમાં ઘણો ઉંચો, ગોરો કહી શકાય એવો, બંને તરફની રાક્ષી જરા ઉપસેલી હોવાના કારણે આકર્ષક લાગતું સ્મિત અને ભાવવાહી આંખો પર રિમલેસ ચશ્માં...

રેવતી અને પેલા યુવાનની બાજુમાં ઘનશ્યામરાય અને કલ્યાણી બેઠા હતા.

આખા ડ્રોઈંગરૂમમાંથી ફર્નિચર ખસેડી નાખવામાં આવ્યું હતું. લગભગ ત્રીસેક જણા જમીન ઉપર પાથરેલી શેતરંજી પર બેઠા હતા. જેમાં નિયતિ હતી, નિલય હતો, નિલયના માતા-પિતા હતા. કેટલાક અજાણ્યા ચહેરા હતા અને કેટલાક એવા ચહેરાઓ હતા, જેને સીમાએ જોયા તો હતા, પણ ઓળખતી નહોતી...

ધૂમાડાને કારણે કે આંખોમાં આવેલા ઝળઝળીયાંને કારણે સીમાની આંખમાં દેખાતું દૃશ્ય ધૂંધળું થઈ ગયું... એણે આંખો લૂછી અને ઘરમાં દાખલ થઈ. સૌથી પહેલા નિયતિની નજર પડી એના પર...

નિયતિ કંઈ બોલવા જાય એ પહેલા જ નિલયે હાથ જોડીને નમસ્તે કર્યા, અને કહ્યું, “આવો ને.”

સીમા અને પંકજભાઈના પગ જાણે મણ મણના થઈ ગયા હતા. મહા મુશ્કેલીએ બંને જણા ઘરમાં દાખલ થયા, ઘનશ્યામરાય અને કલ્યાણીએ એમને નમસ્તે કર્યાં... કલ્યાણીની આંખોમાં પાણી આવી ગયા. સીમાની આંખો પણ ફરી એકવાર ભીની થઈ ગઈ... પંકજભાઈએ એનો હાથ પકડીને દબાવ્યો. સીમા સમજી ગઈ.

પણ બીજું કોઈ કંઈ સમજે એ પહેલાં તો કલ્યાણીની નજર સામે પેલા યુવાને આગળ વધીને રેવતીના ગળામાં મંગળસૂત્ર પહેરાવ્યું, બંને ઉપર ફૂલોની વર્ષા થઈ. અત્યંત ભારે જામાવર ગુલાબી સાડીમાં સજ્જ એક જાજરમાન સ્ત્રીએ આગળ આવીને પોતાના હાથમાં પકડેલો ડાયમંડ સેટ પેલા યુવાનને આપ્યો. યુવાને એ સેટમાંથી હાર કાઢીને રેવતીના ગળામાં નાંખ્યો.

નિયતિ નિલયના ખભે માથું ઢાળીને રડી પડી. પેલા યુવાને પાછળ ફરીને નિયતિને આંખ મારી. નિયતિ ભીની આંખે હસી પડી અને નિલયે એને એક ટપલી મારી...

એ પછી, સેંથામાં સિંદૂર ભરવાની અને સપ્તપદીની વિધિ થઈ. રેવતીના કાનમાં પાંચ સ્ત્રીઓએ ‘અખંડ સૌભાગ્યવતી ભવ’ કહ્યું...

... પરંતુ સીમાને અહીં ચાલી રહેલી કોઈ ઘટના સાથે જાણે કશો ય નિસ્બત નહોતો, એ અન્યમનસ્ક થઈ ગઈ હતી. એની ઉદાસી એના ચહેરા પરથી ટપકી રહી હતી. પંકજભાઈ પરાણે સ્માઈલ કરવાનો પ્રયત્ન કરતા હતા, પણ એમને ય ખૂબ દુ:ખ પહોંચ્યું હતું એ સ્પષ્ટ દેખાતું હતું...

“શું કામ આવ્યા છે અહીંયા?” નિયતિએ નિલયને કહ્યું દાંત ભીંસીને.

“શશશ એવું ના કહેવાય.” નિલયે કહ્યું.

“ના કહેવાય? મારું ચાલે તો હાથ પકડીને બહાર કાઢી મૂકું.” નિયતિએ કહ્યું.

“તું કહે તો તને હાથ જોડું, પણ તું ચૂપ રહે.” નિલયે કહ્યું.

“એમને કહે, અહીંથી જતા રહે, બાકી હું...”

“તું કંઈ નહીં કરે. ખૂબ સારી રીતે વર્તીશ અને એકદમ નમ્ર રહીશ.” નિલયના અવાજમાં કદી ન સાંભળેલો

આદેશ હતો. નિયતિ એની સામે જોઈ રહી. પછી મોંઢુ ચઢાવીને ચૂપચાપ બેસી રહી...

લગ્નવિધિ પૂરી થઈ ગઈ હતી. રેવતી અને સુજય બધાને પગે લાગી રહ્યા હતા, કલ્યાણીને ભેટીને રેવતી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. ઘનશ્યામરાયની આંખો પણ પલળી ગઈ. તારાબેન તો એકદમ જ ઢીલા થઈ ગયા હતા. એમણે રેવતીને કેટલીય મિનિટો સુધી રેવતીને છોડી જ નહીં. દાદી અને પૌત્રી ક્યાંય સુધી એકબીજાના બાહુપાશમાં રડતા રહ્યા...

નિયતિ આગળ આવી અને કહ્યું, “બસ, મેરા નંબર કબ આયેગા...” અને ભીની આંખે બધાના ચહેરા પર સ્મિત આવી ગયું.

...માણસો જ એટલા ઓછા હતા કે સ્વાભાવિક રીતે સીમાની સામે આવીને રેવતીએ ઉભા જ રહેવું પડ્યું. ક્ષણેક વિચાર કરીને રેવતી એમના ચરણમાં ઝૂકી ગઈ. રેવતીને જોઈને સુજય પણ પગે લાગ્યો.

સીમાએ બંનેને પકડી લીધા. રેવતીને છાતી સરસી ચાંપી લીધી... સીમાથી રડવું રોકાયું નહીં. રેવતીને ડૂમો ભરાઈ ગયો હતો, પણ એને સમજાયું નહીં... સુજય બંનેને જોઈ રહ્યો! પંકજભાઈએ રેવતીના માથે હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા. “સુખી થજે બેટા, ખૂબ સુખી થજે...” રેવતીએ ભીની આંખે પંકજભાઈની સામે જોયું.

સીમાએ ગળામાં પહેરેલી પાંચ તોલાની મોહનમાળા કાઢીને રેવતીના ગળામાં નાંખી દીધી.

“મમ્મી...” રેવતીથી આદતવશ બોલી જવાયું. પછી એણે ચોંકીને સુજય સામે જોયું. સુજયે એના ખભે હાથ મૂક્યો. રેવતીને અજબ જેવો સધિયારો મળ્યો એ સ્પર્શમાં. સુજયની આંખમાં સુજયના ચહેરા પર એક ગજબની સમજદારીનું વાદળ છવાઈ ગયું. રેવતીના એક શબ્દ એ સુજયને રેવતી અને સીમાનો સંબંધ અને બંનેની પરિસ્થિતિ સ્પષ્ટ કરી દીધી હતી...

સુજય ફરી એકવાર ઝૂકીને એમને પગે લાગ્યો.

“ખૂબ સુખી થજે બેટા...” સીમાએ કહ્યું અને સુજયના માથે હાથ મૂકી દીધો.

*

પંડિતજીના અવાજમાં કૃષ્ણ-યશોદાનું કોઈ ભજન ગવાઈ રહ્યું હતું, જેમાં યશોદા કાનાને મથુરા ન જવા માટે વિનવી રહી હતી. ભજન, અહીં ખરેખર ભજન જેવું લાગતું હતું. મન શાંત થઈ જાય અને ઉગતા સૂરજની સાથે એક અદ્‌ભુત દિવસ શરૂ થઈ શકે એવું વાતાવરણ હતું.

મંદિર પરિસરમાંથી ટોળેટોળાં ઇશ્વરાનંદજીના કોટેજ તરફ પહોંચી ગયા હતા. કોટેજની પાછળ આવેલી વિશાળ લોનમાં સેંકડો લોકો ચૂપચાપ બેસી ગયા હતા. સાત વાગવામાં દસ મિનિટની વાર હતી. બરાબર સાત વાગ્યે ઇશ્વરાનંદજી મૌન તોડવાના હતા. એમના મુખેથી નીકળનારા ‘ઓમકાર’ની અહીં બેઠેલા ભક્તગણના હૃદયોને પ્રતીક્ષા હતી.

સમીર જ્યારે લોનમાં દાખલ થયો ત્યારે લોન ખીચોખીચ ભરાઈ ગઈ હતી. ઉભા રહેવાની પણ જગ્યા નહોતી. સમીરે આમતેમ નજર દોડાવી. છેક છેવાડે થાંભલા પાસે બેસી શકાય એટલી જગ્યા હતી. સમીર

ત્યાં જઈને ચૂપચાપ બેસી ગયો અને વાતાવરણ જોવા લાગ્યો...

...લગભગ પંદરસોથી વધુ લોકો એકસાથે બેઠા હોવા છતાં અહીં, નિ:શબ્દ શાંતિ હતી, એક અજબ પવિત્રતા, એક અજબ શુદ્ધતાનું વાતાવરણ હતું. લોનના ચારે ખૂણે મૂકેલા તાંબાના ધૂપ પાત્રોમાંથી શુદ્ધ ગૂગળના ધૂપની સુગંધ રેલાતી હતી. બાંસુરી પર વહેલી સવારનો કોઈ રાગ વાગી રહ્યો હતો. હમણાં જ ઉગેલા સૂરજના કૂણાં કેસરી કિરણો આખી યે લોન પર પથરાયેલા હતા...

એ જ વખતે, એક શ્વેત વસ્ત્રધારી યુવાન સાધુ આવ્યો અને સમીરની પાસે એકદમ નમ્રતાથી ઝૂકીને ઉભો રહ્યો પછી એણે અંગ્રેજીમાં કહ્યું,

"તમે અહીં કેમ બેઠા છો? વ્હાય આર યુ સીટીંગ હીયર? તમારે માટે તો ત્યાં જગ્યા રખાઈ છે."

"મારે માટે? ફોર મી?" સમીરે પૂછ્યું.

"યેસ" પેલા સાધુએ કહ્યું.

"આર યુ શ્યોર?" સમીરે પૂછ્યું, એને હજીયે ભરોસો નહોતો પડતો.

"હા હા." પેલા સાધુએ કહ્યું, "આઈ એમ શ્યોર. તમારું નામ જ સમીર મહેતા છે ને?"

"હા." સમીરે ખૂબ નવાઈથી કહ્યું અને સાધુ સાથે જવા ઉભો થયો.

છેક આગળ જ્યાં સવારના સાડા પાંચથી આવીને લોકોએ પોતાની જગ્યા લઈ લીધી હતી, એવી જગ્યા. સ્ટેજની બિલકુલ સામે સાધુએ સમીરને બેસાડ્યો. "ગુરુઆજ્ઞા છે, તમારે અહીં બેસવાનું છે."

"ઓ.કે." સમીરે ખભા ઉછાળ્યા, "નોટ અ પ્રોબ્લેમ!" એણે કહ્યું અને સાધુ નમસ્કાર કરીને આગળ વધી ગયો.

સાત વાગવામાં બે-ત્રણ મિનિટની વાર હતી અને વાતાવરણમાં એક અજબ સુગંધ રેલાઈ... બે શિષ્યોની પાછળ કોટેજના પાછળના દરવાજામાંથી સફેદ વસ્ત્રધારી બાબા ઇશ્વરાનંદજી પ્રગટ થયા. ધીમા અને સ્વસ્થ પગલે ચાલતા તેઓ બે-અઢી ફૂટની જ ઉંચાઈ ધરાવતા પથ્થરના ઓટલા જેવા પાકા બાંધેલા સ્ટેજ ઉપર ગોઠવેલી ગાદી પર આવીને બેઠા. એમણે પદ્માસન વાળ્યું, સાથે જ સામે બેઠેલા હજારો લોકોએ પદ્માસન વાળ્યું. એમણે આંખો મીંચી. સામેની લગભગ ત્રણ હજાર આંખો મીંચી દીધી...

સમીરે આવું જ દૃશ્ય રજનીશ કમ્યુનમાં જોયું હતું. એને કોઈ નવાઈ નહોતી લાગી આખી યે વાતની!

પછી, આખાય વાતાવરણમાં એક ઘેરો હનિ-સ્મૂધ પહાડી અવાજ ગૂંજી ઉઠ્યો...

"ઓઉમ..."

હજ્જારો ભક્તોએ એનો પડઘો પાડ્યો... "ઓમ" વાતાવરણ ભરાઈ ગયું... કેટલાય અવાજો એકમેકમાં ભળીને જાણે એક જ હોય, એમ ફિઝામાં ગૂંજી રહ્યા હતા.

"ઓમ" ઇશ્વરાનંદજી બોલતા અને ભક્તગણ એનો પડઘો પાડતું.

લગભગ પંદર-વીસ મિનિટ આમ જ ચાલ્યું હશે. પછી ઇશ્વરાનંદજીએ એમના પહાડી અવાજમાં આદેશ

આપ્યો.

"ધ્યાનનો સમય થયો છે. સૌ ધ્યાનમુદ્રામાં ધ્યાનસ્થ થવાનો પ્રયત્ન કરો." અને વાતાવરણ અજીબ શાંતિમાં ડૂબી ગયું...

એક સંમોહક સંગીત શરૂ થયું અને આસપાસ બેઠેલા તમામે તમામ લોકો આંખો મીંચી પદ્માસન વાળી ધ્યાનમાં, સ્વમાં ડૂબી ગયા!

એક સમીર જ હતો કદાચ, જેને આ બધા સાથે કંઈ લાગતું - વળગતું નહોતું. એ તો આંખો ઉઘાડી રાખી, ચકળવકળ ડોળા કરતો આસપાસ બેઠેલા લોકોને જોઈ રહ્યો હતો. એમાંના કોઈ રડતા હતા તો કોઈના ચહેરા સ્મિત વિલસતું હતું. કોઈ પદ્માસનની મુદ્રામાં જ જમીન પર સૂઈ ગયું હતું તો કોઈ ઉભું થઈ નૃત્ય કરવા લાગ્યું હતું...

સમીર આ વાતાવરણમાં જાણે ખોવાઈ ગયો હતો. એને પણ સ્થળકાળનું ભાન જાણે ખોવાઈ રહ્યું હોય એવી લાગણી થઈ!

કોણ જાણે કેમ, પણ એ ત્યાંથી ઉભો થઈ ગયો અને રૂમ તરફ ચાલવા લાગ્યો, એ ચાલતો ચાલતો જતો હતો, ત્યાં પાછળથી પેલા યુવાન સાધુએ એને બૂમ પાડી...

"મિસ્ટર સમીર... મિસ્ટર સમીર..." સમીર અટક્યો.

"શું છે?" એણે પૂછ્યું.

"ગુરુદેવ યાદ કરે છે."

"એમને કહેજો, હું પણ એમને બહુ યાદ કરું છું." સમીરે કહ્યું અને ચાલવા માંડયું... થોડો આગળ ગયો હશે કે તરત એને પેલો પહાડી અવાજ ફરી સંભળાયો.

"સમીર..."

અને સમીરે ધ્યાનથી એ ચહેરા સામે જોયું. એ ઇશ્વરાનંદજીનો ચહેરો હતો... વિશાળ કપાળ, તેજસ્વી ચહેરો અને ભાવવાહી આંખો!

સમીરને એ ચહેરો જાણીતો લાગ્યો. ખૂબ ધ્યાનથી જોતાં એને સમજાયું કે એ ચહેરો એનો પોતાનો હતો.

"સમીર." એમણે ફરી કહ્યું.

અને સમીર જાણે ઇલેક્ટ્રિકનો કરંટ લાગ્યો હોય એમ ઉભો થયો. "તમે? તમે કોણ છો?"

"કહેવાની જરૂર લાગે છે તને?" ઇશ્વરાનંદજીના અવાજમાં હિમાલયના બરફની ઠંડક હતી અને આંખોમાં ગંગાની ભીનાશ... એમણે સમીરના માથે હાથ મૂક્યો. "એક વર્ષથી મૌન હતો હું, તારી પ્રતીક્ષામાં..."

"મારી?" સમીરે પૂછ્યું. "તમને ખબર હતી કે હું આવીશ?"

"સંકેત હતો."

હસી પડ્યો સમીર. "સંકેત?! જે વાતની મને પણ ખબર નહોતી એ વાતનો તમને સંકેત હતો, એમ?" એણે પાછળ બેઠેલા ભક્તગણ તરફ આંગળી ચીંધી, "આમને મૂરખ બનાવજો, મને નહીં..."

"ભલે." ઇશ્વરાનંદજીનો અવાજ હજી યે એટલો જ સ્થિર અને એટલો જ ઠંડો હતો. "મૂરખ નથી બનાવતો, એક વર્ષથી મારા ઇશ્વર સાથે મારો સંવાદ ચાલે છે."

ફરી હસ્યો સમીર, "અચ્છા! શું કહે છે તમારો ઇશ્વર?"

"ઇશ્વરે કહ્યું કે, એ આવશે, જરૂર આવશે. નહીં તો મેં આજનો જ દિવસ કેમ નિશ્ચિત કર્યો, મૌન તોડવા માટે, કહે મને?" ઇશ્વરાનંદજીએ સમીરની આંખોમાં જોયું. અજબ સમ્મોહન, અજબ સત્તાવાહી ભાવ હતા એ આંખોમાં... સમીર પોતાની આંખો ખસેડી ન શક્યો. પણ એણે હાથ ખસેડી નાંખ્યા માથા પરથી...

ઇશ્વરાનંદજી હજી યે એની સામે જોઈ રહ્યા હતા, એકીટશે... "ગોમતી! આંખોનો એ જ રંગ, હોઠનો એ જ વળાંક, એ જ ગુસ્સો, એ જ ચંચળતા... હું હજીયે નથી ભૂલ્યો એને."

"એટલે તો મરવા માટે છોડી આવ્યા." સમીરે કહ્યું.

"ખરી વાત છે. તું એમ જ માનતો હોઈશ, એવી ખબર હતી મને. સુરજીને મળ્યો હતો?"

"હા." સમીરે ખૂબ તોછડાઈથી જવાબ આપ્યો.

"મારે તને કંઈ કહેવું છે. મને બપોરે શાંતિથી મળીશ?"

"જે કહેવું હોય એ આ તમારા ભક્તગણની હાજરીમાં કહો." સમીરે કહ્યું અને ઇશ્વરાનંદજી તરફ તીખી નજરે જોયું.

"એવી ઇચ્છા છે તારી?" ઇશ્વરાનંદજીએ પૂછ્યું સહજ સ્મિત સાથે...

"હા. હું ઇચ્છું છું કે તમારું મ્હોરું ચીરાઈ જાય, આ બધા જે તમને ભગવાનની લગોલગ બેસાડે છે, એ તમને ઓળખે તો ખરા..." સમીરના અવાજમાં ભારોભાર તિરસ્કાર હતો. "ડર લાગે છે ને?" સમીર હસ્યો. "જાવ મેં તમને માફ કર્યા."

"માફી તો માગવાની છે મારે તારી. પણ એ પહેલા જ તેં મને માફ કરી દીધો, એ તારી ઉદારતા છે બેટા... આ તારી માનો ગુણ છે..."

"નામ નહીં લેતા એનું... બાકી..."

"નામ?" ઇશ્વરાનંદજીના ચહેરા પર હજી યે એ જ સ્મિત હતું, "હું ઈશ્વરનું નામ ઓછું અને ગોમતીનું વધુ લેતો હોઈશ, આજે પણ..."

"કોને બનાવો છો?" સમીરે કહ્યું. "જો ખરેખર એમ જ હોય, તો કહો તમારા આ અંધભક્તોની સામે કે તમે કોણ છો? હું કોણ છું? ગોમતી કોણ હતી? અને આપણો સંબંધ શું છે?"

એક ક્ષણ સમીરની સામે જોઈ રહ્યા, ઇશ્વરાનંદજી. પછી એના માથે ફરી હાથ મૂક્યો. ઘડીભર આંખો મીંચી

અને હોઠ ફફડાવતા હોય એમ સાવ ધીમા અવાજે બોલ્યા... “તથાસ્તુ... સો બી ઇટ!” અને ફરીને ચાલવા માંડ્યા એમની ચાખડીનો અવાજ શાંત વાતાવરણમાં પડઘાઈ રહ્યો...

સમીર પૂરેપૂરી કડવાશ સાથે ઉંધો ફર્યો અને એમનાથી વિરુદ્ધ દિશામાં ચાલવા માંડ્યો... ત્યાં એને અવાજ સંભળાયો, એ જ પહાડી હનિ-સ્મુધ અવાજ...

“હું તમને હંમેશા કહું છું, કે મારો ધર્મ સ્વીકારનો ધર્મ છે. જીવનનો ધર્મ છે. માણસ હોવાનો ધર્મ છે, હું કોઈ ઇશ્વર નથી. મેં પણ મારા જીવનમાં કોઈક પળે કોઈકને અન્યાય કર્યો છે, પરંતુ મારા ઇશ્વરે દયાળુ થઈ મને એ અન્યાયને ફરી એકવાર ન્યાયમાં બદલવાની તક આપી છે...”

સમીરના પગ અટકી ગયા...

અવાજ હજી યે વહી આવતો હતો. “મારો દીકરો, મારા શરીરનો અંશ, મારા પ્રેમનું બીજ આજે આપણી વચ્ચે છે... હું તમારા સૌની સમક્ષ એને મારા પુત્ર તરીકે સ્વીકારીને આ મઠ, આ ધર્મ, આ આધ્યાત્મ અને મારા નામનો વારસદાર ઘોષિત કરું છું... સમીર...” એ હજી ત્યાં જ ઉભો રહ્યો.

“સમીર...” એને અવાજ સંભળાતો હતો પણ એના પગ થીજી ગયા હતા... “સમીર” એણે ફરી સાંભળ્યું... “અહીં આવ બેટા...” અને કોઈ ટ્રાન્સમાં હોય એમ એ પેલા પથ્થરના ઓટલા તરફ આગળ વધ્યો. એના પગથિયા ચડ્યો અને ઇશ્વરાનંદજીની બાજુમાં જઈને ઉભો રહ્યો...

એને માત્ર ભક્તગણની હર્ષ ચિચિયારી સંભળાઈ, અને પછી એની સ્મૃતિ જાણે ધીમે ધીમે નાશ પામવા માંડી.

એના હાથ-પગ પાણી પાણી થઈ રહ્યા હતા. એનું હૃદય અભૂતપૂર્વ ઝડપથી ધડકી રહ્યું હતું. ગળે શોષ પડી રહ્યો હતો. ચક્કર આવી રહ્યા હતા અને એને માત્ર એટલું સમજાતું હતું કે એ હજ્જારો લોકોના હાથમાં ઉંચકાયેલો હતો...

*

બત્રીસ

હનિમૂનથી પાછી ફરેલી રેવતી ખુશખુશાલ અને પ્રફુલ્લિત લાગતી હતી, માત્ર રંજનબહેન જ નહીં, કલ્યાણીને પણ એનું વજન વધેલું લાગ્યું... હનિમૂન દરમ્યાન સુજયે એનો ખૂબ ખ્યાલ રાખ્યો હતો. એની દવાઓ, વીટામિન્સ અને ખાવા-પીવામાં રેવતી સહેજ પણ આળસ ના કરે એ માટે સુજય સતત સજાગ રહેતો... જ્યુસ, દૂધ અને પ્રોટિનયુક્ત પોષક વાનગીઓ રેવતીને થોડી થોડીવારે ખવડાવીને સુજય તરત જ કહેતો,

“ભાઈ, બે જણાનું ધ્યાન રાખવાનું છે, હું તો થાકી જાઉં છું...” રેવતી હસી પડતી. પણ એના મનમાં એક પીડા, એક ટીસ ઉઠતી, એ વિચારે કે આ માણસ કોઈ બીજાના બાળક સાથે પોતાને સ્વીકારીને પણ કેટલો સ્વાભાવિક, કેટલો પ્રેમાળ છે, ખરેખર સ્વીકારવું આને જ કહેતા હશે. કોઈ ભાર વગર, ઉપકારના કોઈ બોજ વગર સામેની વ્યક્તિને એવું રિયલાઈઝ પણ ન થવા દઈને સ્વીકારવું એને જ કદાચ સાચો સ્વીકાર કહેવાતો હશે, ક્યારેક રાત્રે ઉંઘમાંથી જાગીને રેવતી બાજુમાં ઘસઘસાટ ઉંઘતા સુજયને જોતી રહેતી... બાળક જેવું નિર્દોષ અને ઘસઘસાટ ઉંઘતો સુજય રેવતીને ખૂબ વહાલો લાગવા માંડ્યો હતો, એને માટે જીવ સુદ્ધાં આપી દેવાની રેવતીની મન:સ્થિતિ હતી...

ચોમાસાના છેલ્લા દિવસોમાં આંદામાન-નિકોબારના ટાપુઓ લીલાછમ હતા. કોઈ કરતા કોઈ, માણસ દૂર દૂર સુધી દેખાતો નહોતો... ખરેખર આ ટાપુઓ માટે આ ઑફસીઝન હતી. સુજય અને રેવતી સવારે ચાલવા જતા. ભીની રેતી પર પગલાં માંડતી રેવતી અનાયાસે સુજયનો હાથ પકડી લેતી. સુજય ગદગદ થઈ જતો... આ એની સ્વપ્નસુંદરી હતી, ખરા હૃદયથી, આત્માથી ચાહી હતી એણે રેવતીને. જાણે સપનુ જીવી રહ્યો હોય એમ ડરી ડરીને હળવે પગલે આગળ વધતો હતો સુજય એ સંબંધમાં...

*

લગ્નની પહેલી રાત્રે તાજમહેલ હોટેલમાં રજવાડી સ્યૂટ ફુલોથી ભરી દેવામાં આવ્યો હતો.

આખાય કમરામાં મોગરાની સુગંધ ફેલાઈ હતી... આખો પલંગ મોગરાની લડથી શણગાર્યો હતો - જૂઇની પથારી હતી... ને દૂર એક ખૂણામાં મોટા, પિત્તળના, બે હાથમાં સમાઈ જાય એવડા ફ્લાવરવાઝમાં ઢગલો ફૂલો હતાં દોઢ ફૂટ લાંબી ગુલછડીના...

કાચનું અઢી-ત્રણ ફૂટના વ્યાસનું ઝુમ્મર... પવન આવે એની સાથે ઝીણો રણકાર કરતું હતું...

“આ પડે તો!” રેવતીને મનોમન હસવું આવ્યું. “મારી જગ્યાએ નિયતિ હોય તો ઉંઘમાં જ ચગદાઈ જાય.” એને દાદી યાદ આવી ગયા.

એ હંમેશાં કહેતા, “ઘોડા વેચીને ઘોરે છે, જુઓ તો ખરા, છોકરીની જાત આમ ઉંઘે?”

એને પોતે નિયતિને આપેલું અર્લામ યાદ આવી ગયું. પોતાનું ઘર, પોતાનો પલંગ, પોતાની સાટીનની રજાઈ અને નિયતિની સાથે જાગેલી રાતો યાદ આવી ગઈ. એની આંખો ભીની થઈ ગઈ...

હવે એ પોતાનું ઘર નહોતું, પોતે પારકે ઘરે જવા નીકળી ગઈ હતી... અનાયાસે એનાથી પેટ પર હાથ મુકાઈ ગયો. “કોના ઘરે પહોંચી હતી? ક્યાં જવા નીકળી હતી? અને સાથે કોઈનું સંતાન હતું...

...આ શરીર, આ મન કોઈને સોંપી ચૂકી હતી પહેલા, સુજયને આપવા માટે શું હતું એની પાસે? પ્રશ્નો, કોઈનું સંતાન... પોતે કેવી રીતે સોંપશે આ શરીર સુજયને? આજથી એનો હક બને છે, હું કઈ રીતે રોકીશ એને? રોકવો જોઈએ મારે?"

રેવતીનું મન ચકડોળે ચડ્યું હતું. દિવસભરના પ્રસંગો એની નજર સામે ફિલ્મની પટ્ટીની જેમ ચાલતા હતા... એનું માથું દુખતુ હતું. એને દાગીના ખૂંચતા હતા, સાડીનું વજન લાગતું હતું, વાળ ખોલવા હતા. ગૂંચ કાઢવી હતી...

આડા પડવું હતું, પણ જૂઇના ફૂલ અને સરસ સફેદ લીસી પથારી ચોળાઈ જવાની બીકે એ ચૂપચાપ બેસી રહી... એ જ વખતે દરવાજો ખૂલ્યો. સફેદ ઝભ્ભો - પાયજામો પહેરેલો સુજય દાખલ થયો.

"અરે! તું હજી આ બધું પહેરીને બેઠી છે? ગો, ચેઈન્જ..."

રેવતી જાણે આટલી જ રાહ જોતી હતી, ઉભી થઈ અને બાથરૂમ તરફ આગળ વધી ગઈ...

રેવતી પાછી ફરી ત્યારે એ ગઈ ત્યારે લાગતી હતી એનાથી વધુ સુંદર લાગતી હતી, એવું સુજયને લાગ્યું! લાંબા વાળ ખૂલી ગયા હતા. ગૂંચ કાઢીને નિતંબ સુધી રેવતીની આખી યે પીઠને એ વાળ ઢાંકી રહ્યા હતા. એક-બે લટો એના ચહેરા પર આવી ગઈ હતી. મેકઅપ વગરનો સ્વચ્છ સુરેખ ચહેરો અને કદાચ ફેશવૉશ કે કોઈ ક્રીમને કારણે આવેલી ચમક રેવતીના ચહેરાને વધુ સુંદર બનાવી રહી હતી.

એની આંખોમાંથી કાજળ સાવ ગયું નહોતું.

સુજય આગળ વધ્યો, રેવતીનું હૃદય ધડકી ગયું. જે પળ આટલા સમયથી એને ડરાવી રહી હતી, એ જ પળ સામે આવીને ઉભી હતી... હવે?

રેવતી ચૂપચાપ ત્યાં જ ઉભી રહી. સુજયે આગળ આવીને રેવતીના ખભા પર હાથ મુક્યો. રેવતીના ખભા તંગ થઈ ગયા. એ હાથ કાઢી તો ના શકી, પણ એની બોડી લેંગવેજ જરૂર એક રિજેક્શન અથવા એક ના પાડવાની પોઝિશનમાં હતી...

"તારી આંખોમાં કોઈ રાક્ષસને જોઈને નાના બાળકની આંખોમાં આવે એવો ભય છે યાર" રેવતી ફિક્કુ હસી...

સુજયે એનો ચહેરો ચિબુકથી પકડીને ઉંચો કર્યો, એની આંખોમાં આંખો નાંખી... રેવતી થરથરી ગઈ! આજ પળ, આજ ક્ષણ કદાચ પહેલાં પણ જીવી ગઈ છે એ, એવું લાગ્યું એને. સુજય ઘડીભર એની આંખોમાં જોતો રહ્યો.

રેવતીથી લગભગ દોઢવેંત ઉંચો સુજય રેવતીની આંખોમાં જોઈ રહ્યો હતો... એકીટશે. જાણે હિપ્નોટાઇઝ કરતો હોય અથવા કાંઈ વાંચવાનો પ્રયત્ન કરતો હોય એમ, અથવા એ આંખોમાં ડૂબકી મારીને રેવતીના આત્મા સુધી પહોંચવા માગતો હોય એમ!

"રેવતી, તું પત્ની છે મારી, હું ખુબ ચાહું છું તને. મનથી, આત્માથી" પછી સહેજ અટકીને અચકાઈને ઉમેર્યું એણે, "શરીરથી પણ" એની આંખો હજીયે રેવતીની નજરને બાંધી રહી હતી. "પણ, મારે માટે શરીર સાવ છેલ્લું આવે છે. આપણી વચ્ચે જે કંઈ થાય એ માત્ર પરસ્પર સંમતિથી નહીં, પરસ્પરની ઇચ્છાથી થાય. જેટલું હું તને ચાહું છું, ઝંખું છું કે તરસું છું એટલી જ તરસ જ્યારે તારા પક્ષે ઉઘડે ત્યારે હું તને પ્રેમ કરીશ રેવતી."

સુજયે કહ્યું.

રેવતીના ખભા અચાનક ઢીલા થઈ ગયા. એનું તંગ થયેલું, ખેંચાયેલું શરીર એકદમ ઢીલું... કમ્ફર્ટેબલ થઈ ગયું. એ અચાનક જ સુજય તરફ ખેંચાઈ આવી. પરમ વિશ્વાસ અને સ્નેહથી એણે પોતાનું માથું સુજયની છાતી પર મૂકી દીધું. ખભા પર મુકાયેલા બે હાથ સરકીને રેવતીની પીઠ પર વીંટળાઈ પડ્યા. કોણ જાણે કેટલીય ક્ષણો રેવતી એમ જ, સુજયની છાતી પર માથુ મૂકીને ઉભી રહી, પછી અચાનક સુજયને ખ્યાલ આવ્યો કે એનો ઝભ્ભો પલળી રહ્યો છે. સુજયે રેવતીનો ચહેરો બે હાથમાં પકડીને છાતીથી દૂર કર્યો.

"રડે છે?" સુજયે પૂછ્યું. આંખોમાંથી આંસુની ધાર જતી હોવા છતાં રેવતીએ ડોકું હલાવીને ના પાડી અને સુજય ખડખડાટ હસી પડ્યો. સુજયની સાથે સાથે રડતી રેવતીને પણ હસવું આવી ગયું. રેવતી સુજય સામે જોઈ રહી. ઉપસેલી રાક્ષી, નમણો ગોરો ચહેરો, જાડી મૂછો અને તદ્દન ભોળી નિષ્પાપ ભાવવાહી આંખો... રેવતીને અચાનક જ જાણે સુજય એનો પોતાનો લાગ્યો! જાણે-અજાણે એના જીવનનો - એના આત્માનો ભાગ બની ગયો હતો આ માણસ. રેવતી એકદમ પૅશનથી, ઝનૂનથી યુગોયુગોનો પ્રેમ લઈને સુજયને ભેટી પડી. એના બંને હાથ સુજયની પીઠ પર થઈને એના આર્મ્સની આજુબાજુ લપેટાઈને એના ખભા પર મુકાયા હતા. એનું માથું સુજયની છાતી ઉપર એવી રીતે મુકાયું હતું કે એમાં શ્રદ્ધા, વિશ્વાસ અને સ્નેહની એક પણ લાઈન કહેવી ના પડે! સુજય ક્યાંય સુધી રેવતીના વાળમાં આંગળીઓ ફેરવતો રહ્યો. રેવતી એમ જ ઉભી રહી અને પછી ધીરે ધીરે સુજય એની પથારી તરફ લઈ ગયો. એને બેસાડી. પલંગ પર સુવાડી, લીસો બ્લેન્કકેટ ઓઢાડી અને વાળમાં આંગળીઓ ફેરવતો રહ્યો. રેવતી સુજયનો એક હાથ પકડીને નાના બાળકની જેમ છાતીસરસો ચાંપીને સૂઈ ગઈ.

સુજય પુરુષ હતો, આખરે તો.

એની સ્વપ્ન સુંદરી, જેને એણે હૃદયપૂર્વક ઝંખી હતી એવી એક સ્ત્રી હવે સંપૂર્ણપણે એની હતી. મનથી અને શરીરથી પણ એના ભરાવદાર, લીસા, ગોળ સ્તનયુગ્મની વચ્ચે એનો હાથ હતો. પડખું ફરીને સૂઈ ગયેલી રેવતીના સ્તનોની વચ્ચે એક અતિશય લલચાવનારી - લોભામણી રેખા બનતી હતી!

ફિલ્મ અને મોડલિંગના મેગેઝિન્સમાં જેને ક્લિવીચ કહેવાય છે, એવી એ રેખા સુજયને વિચલીત કરી રહી હતી.

સુજયનું ચાલે તો હમણાં આ ક્ષણે રેવતીનો અણુ એ અણુ પોતાનામાં સમાવી લે. એને રોમરોમથી પ્રેમ કરે... પણ સુજય જાણતો હતો કે આ સમય રેવતી માટે સૌથી કપરો કસોટી કાળ હતો... રેવતીને અત્યારે પ્રેમથી વધારે સ્નેહની, વિશ્વાસની, દોસ્તીની અને સલામતીની જરૂર હતી અને સુજય પોતાની પાસેનો એ ખજાનો લૂંટાવા બેઠો હતો. એનો વિશ્વાસ હતો કે આ બધી જ પરીક્ષાઓ પસાર કરીને જ્યારે એ રેવતી સુધી પહોંચશે ત્યારે રેવતી સાચા અર્થમાં તન-મનથી એની થશે!

અને, સુજયને એ જ જોઈતું હતું.

*

આ એની સ્વપ્નસુંદરી હતી, ખરા હૃદયથી, આત્માથી ચાહી હતી એણે રેવતીને. જાણે સપનુ જીવી રહ્યો હોય એમ ડરી ડરીને હળવે પગલે આગળ વધતો હતો સુજય એ સંબંધમાં...

આંદામાન - નિકોબારના એ બાર દિવસના વસવાટ દરમ્યાન રેવતીએ સાચા અર્થમાં સુજયને સમર્પિત થઈને જીવવા માંડ્યું હતું. જેટલો ખ્યાલ સુજય રેવતીનો રાખતો, એટલો જ ખ્યાલ રેવતી પણ સુજયનો રાખવા માંડી હતી. એની પસંદ - નાપસંદ, ગમા - અણગમા, ભાવ-અભાવની ભાષા રેવતીએ ઉકેલવા માંડી હતી. સુજયને કઢી ભાવે છે, દાળ ઓછી ભાવે છે. એને પંજાબી ખાવાનું બહુ નથી ભાવતું અને ગુજરાતી ખિચડી-કઢી માટે એ જીવ કાઢી નાખે છે.

આંખ ઉઘડતાની સાથે એને પહેલો વિચાર બ્રેકફાસ્ટનો આવે છે. બ્રેકફાસ્ટમાં એને માત્ર અને માત્ર ગરમ બ્રેકફાસ્ટ જ ભાવે છે. એને બ્રેડ નથી ભાવતી... ઇડલી, બટાટાપૌંઆ અને ઉપમા એના ફેવરિટ છે...

ડ્રીંકની સાથે એને સેલેડ અને ચીઝ ભાવે છે. તળેલા-તીખા નાસ્તા એને મુદ્દલ ભાવતા નથી...

માથામાં તેલ નાંખવું અને મસાજ કરાવવું એ એની વિકનેસ છે. કલાકો સુધી બાથટબમાં ગરમ પાણી ભરીને પડ્યા રહેવું એને ખૂબ ગમે છે. સવારે કોઈ એને વહેલા ઉઠાડે એ એને નથી ગમતું. ઉઠતાની સાથે જો ગરમ ગરમ મસાલાવાળી ચા અને છાપું મળે તો એનો દિવસ અત્યંત આનંદથી શરૂ થાય છે...

છાપું વાંચતી વખતે એને કોઈ પણ ડિસ્ટર્બ કરે એ એને પસંદ નથી. રાતના સૂતા પહેલા, ગમે તેટલું મોડું થાય એને અડધો કલાક વાંચવાની ટેવ છે અને એ સમય દરમ્યાન કોઈ વાતો કરે કે બોલ બોલ કરે એ એને ગમતું નથી.

એને કલાસિકલ સંગીત ગમે છે. એમાં વોકલ વધારે અને ઇન્સ્ટ્રુમેન્ટલ ઓછું... શાંત-એકાંત બીચ ઉપર સૂરજ આથમતો હોય એવી પળોએ એ પોતાની અંદર ડૂબે છે, જાત સાથે રહેવા માગે છે... આમ પણ દિવસ દરમ્યાન બે-ત્રણ કલાક એને જાત સાથે ગાળવા ગમે છે. એ સમય દરમ્યાન કોઈ બહુ બોલાવે કે વતાવે એમાં એને મજા નથી પડતી...

આ અને આવી કેટલીયે વાતો આ બાર દિવસના સહનિવાસ દરમ્યાન રેવતી સુજય વિશે જાણતી થઈ ગઈ હતી.

હનિમૂનના દિવસો ખરેખર બંનેને નજીક લઈ આવ્યા. સુજયની આટલી બધી લાગણી અને સારસંભાળે રેવતીને જાણે કે પાછલા કેટલાક મહિના ભૂલાવી દીધા હતા. સ્મૃતિનો એટલો ટુકડો જાણે એના મગજમાંથી ઇરેઝ થઈ ગયો હતો અને કદાચ એટલે જ રેવતી હનિમૂનથી પાછી ફરી ત્યારે ખૂબ નોર્મલ, ખૂબ આનંદમાં અને ખૂબ પ્રફુલ્લિત લાગતી હતી.

*

કલ્યાણીને ઘરે જમીને ઉઠ્યા પછી રેવતી અને નિયતિ એમના રૂમમાં ગયા. ઘનશ્યામ રાય પોતાની આદત મુજબ બિઝનેસ અને શેરબજારના ન્યૂઝ જોવા ટી.વી. તરફ વળ્યા. તારાબેન સૌને જયશ્રીકૃષ્ણ કરી સૂવાની તૈયારી રૂપે પોતાના મંદિર તરફ આગળ વધ્યા.

સૂતા પહેલા લાલાના વાઘા ઉતારી, એને સાદા મલમલના કપડા પહેરાવવા, એના રજાઈ-તકિયો મુકવા અને જળની જારી ભરવાનો એમનો રોજનો કાર્યક્રમ પૂરો કરીને એ પોણા દસથી દસની વચ્ચે પથારીમાં પડી જતા.

બધા ગયા એટલે કલ્યાણી અને સુજય એકલા પડ્યા. કલ્યાણીએ બેઠેલા સુજયના વાળમાં હાથ ફેરવ્યા.

"બેટા, તું ખરેખર અમારે ત્યાં ભગવાનનું બીજું સ્વરૂપ બનીને આવ્યો છે. તને અમારા લાલાએ જ મોકલ્યો છે. આ ઘરની મુસીબતોમાં ફસાયેલી નૌકાને પાર લગાવવા તને જ લાલાએ અમારે ત્યાં મોકલ્યો છે."

"મા તમે વધારે પડતું..."

કલ્યાણીએ વચ્ચે જ એને કહ્યું,"તને નથી ખબર બેટા. અમે તો જીવવાની જ આશા છોડી બેઠા હતા. આ છોકરી કોઈ દિવસ સારી થશે અને આટલી ખુશ દેખાશે એવી અમને જ કલ્પના નહોતી."

"મારું ચાલશે તો હું એને જીવનભર આટલી ખુશ રાખીશ."

"બેટા, એટલે જ કહું છું કે તું તો ઇશ્વરનો અવતાર બનીને આવ્યો છે."

"મા હું વિચારું છું કે આવતે અઠવાડિયે મમ્મીને ગુડન્યૂઝ આપી દઉં. આમ પણ ગઈ કાલે રાત્રે રેવતીને ઉલટી થઈ હતી. રોજ સવારે ઉઠે ત્યારે એનો જીવ ચૂંથાતો હોય છે... આ બધા લક્ષણો મારી મમ્મીથી બહુ દિવસ અજાણ્યા નહીં રહી શકે." કલ્યાણીના ચહેરા પર ગભરાટ ધસી આવ્યો.

"બેટા મેં તો પહેલાં જ કહ્યું હતું..."એણે કહ્યું. એનો અવાજ અનાયાસે ઉંચો થઈ ગયો. ટી.વી. જોતા ઘનશ્યામરાયે પાછળ ફરીને એક નજર નાખી. સુજયે કલ્યાણીના ખભે હાથ મુક્યો.

"રિલેક્સ મા..." સુજયે કહ્યું. "એ બધું મારા પર છોડી દો."

"અરે પણ હજી તો માંડ બાવીસ દિવસ થયા છે તમારા લગ્નને." કલ્યાણીની ભોળી આંખો ચાડી ખાતી હતી કે એને નવા જમાનાની હવા હજી અડી નથી!

સુજય હસી પડ્યો "મા! બહુ ભોળા છો તમે. એ બધું હું સંભાળી લઈશ. માત્ર આવતી કાલે સવારે મારી માનો ફોન આવે તો તમે અજાણ્યા બનવાનું નાટક કરજો, કરશો ને?" સુજયે કલ્યાણીને પૂછ્યું.

કલ્યાણી હસી પડી "છૂટકો છે? એવી ફસાવી છે તેં..."

"શું થાય?" સુજયે કહ્યું. "મારી મા અને મારી બૈરી વચ્ચે હું સેન્ડવિચ થઈ ગયો છું."

"કોણ સેન્ડવિચ થઈ ગયું છે?" અંદરથી બહાર આવતી નિયતિએ પૂછ્યું. એના હાથમાં આઈસ્ક્રીમના બાઉલની ટ્રે હતી. એણે આવીને સુજયની સામે ધમ દઈને ટ્રે મૂકી. સુજયે કહ્યું, "એ પ્લીઝ હં, મારાથી આઈસ્ક્રીમ નહીં ખવાય..."

"કોઈ ચોઈસ નથી." નિયતિએ કહ્યું, "મેં બનાવ્યો છે."

"તો તો બિલકુલ નહીં ખવાય." સુજયે કહ્યું અને બધા હસી પડ્યા.

"હું તો ખાઈશ." રેવતીએ કહ્યું અને એક બાઉલ ઉપાડ્યો. નિયતિની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

"રે, તું આઇસ્ક્રીમ ખાઈશ?" એણે પૂછ્યું.

"કેમ, વાંધો છે?" રેવતીએ કહ્યું.

“વાંધો તો શું હોય, પણ તને ક્યાં આઇસ્ક્રીમ ભાવે છે?” નિયતિએ કહ્યું અને સુજય સામે જોયું, “આને કોઈ જાતનું ગળ્યું, આઇસ્ક્રીમ, ડ્રાયફ્રુટ કે મિલ્કશેક નથી ભાવતા...”

“શું વાત કરે છે? એ તો રોજ આઈસ્ક્રીમ ખાતી હતી, આંદામાન-નિકોબારમાં... અડધો કિલોમીટર દૂર આઇસ્ક્રીમની શૉપ હતી, જમ્યા પછી વરસતા વરસાદમાં પણ મને આઈસ્ક્રીમ ખાવા લઈ ગયેલી...”

રેવતી શરમાઈ ગઈ. “ખબર નહીં કેમ મને આઈસ્ક્રીમ ખૂબ ભાવવા માંડ્યો છે.”

“વેરીગુડ” સુજયે કહ્યું. “ભગવાનની દયાથી મારું આવનારું બાળક મારા જેવા ટેસ્ટ લઈને આવવાનું છે. એટલું તો નક્કી થઈ જ ગયું...” અને આટલું બોલીને બેધ્યાનપણે એણે આઇસ્ક્રીમનો બાઉલ ઉપાડ્યો. નિયતિ ટહુકી

“તું તો નહોતો ખાવાનો ને?”

“એક તો સાળી અને ઉપરથી ગર્લફ્રેન્ડ, તને નારાજ કરીને ક્યાં જઈશ, તે બનાવ્યો છે એટલે ખાવો તો પડશે ને?”

પણ, રેવતીના આઇસ્ક્રીમનો બાઉલ હાથમાં જ પીગળી રહ્યો હતો! સુજયે કેટલી આસાનીથી કહી દીધું, “મારું બાળક!!!” બધા જાણતા હતા કે આ એનું બાળક નહોતું અને છતાં...

રેવતી સુજયને પૂજાની હદ સુધી ચાહવા લાગી હતી...

*

“સમીર...” એને અવાજ સંભળાતો હતો પણ એના પગ થીજી ગયા હતા... “સમીર” એણે ફરી સાંભળ્યું... “અહીં આવ બેટા...” અને કોઈ ટ્રાન્સમાં હોય એમ એ પેલા પથ્થરના ઓટલા તરફ આગળ વધ્યો. એના પગથિયા ચડ્યો અને ઇશ્વરાનંદજીની બાજુમાં જઈને ઉભો રહ્યો...

એને માત્ર ભક્તગણની હર્ષ ચિચિયારી સંભળાઈ, અને પછી એની સ્મૃતિ જાણે ધીમે ધીમે નાશ પામવા માંડી.

એના હાથ-પગ પાણી પાણી થઈ રહ્યા હતા. એનું હૃદય અભૂતપૂર્વ ઝડપથી ધડકી રહ્યું હતું. ગળે શોષ પડી રહ્યો હતો. ચક્કર આવી રહ્યા હતા અને એને માત્ર એટલું સમજાતું હતું કે એ હજ્જારો લોકોના હાથમાં ઉંચકાયેલો હતો... હર્ષમાં પાગલ થઈ ગયેલા ભક્તગણે સમીરને હાથમાં ઉંચકી લીધો હતો. એનો ચહેરો ઢંકાઈ જાય એટલી હદ સુધી એના ગળામાં ફૂલમાળાઓ પહેરાવાઈ હતી... કેટલાય લોકો એના પગે પડી રહ્યા હતા. કેટલાય લોકોની આંખોમાં અશ્રુઓની ધારાઓ ચાલી હતી. લોકો ચિચિયારીઓ પાડતા, આનંદમાં ઘેલા થઈને સમીરને વધાવી રહ્યા હતા.

અને સમીર માટે આ આખીયે પરિસ્થિતિ વણકલ્પી, વણબોલાવેલા મહેમાન જેવી આવી હતી... એણે જ્યારે ગુસ્સામાં ઇશ્વરાનંદજીને કહ્યું હતું, “કોને બનાવો છો? જો ખરેખર એમ જ હોય, તો કહો તમારા આ અંધભક્તોની સામે કે તમે કોણ છો? હું કોણ છું? ગોમતી કોણ હતી? અને આપણો સંબંધ શું છે?” ત્યારે એને કલ્પના પણ નહોતી કે ઇશ્વરાનંદજી આમ આવી રીતે ભક્તગણની વચ્ચે એનો સ્વીકાર કરશે!

અને ઇશ્વરાનંદજી તો ઠીક પણ આ અંધશ્રદ્ધાળુ ભક્તગણ ઇશ્વરાનંદજીની જેમ જ એને પણ ઇશ્વરનો અવતાર માની લેશે...

લોકોની ચિચિયારીઓ, ફૂલોની માળા અને હજ્જારો હાથોની વચ્ચે સમીરને કાંઈ સમજાતું નહોતું... એને એ પણ ખબર નહોતી કે આ બધું કેટલી વાર સુધી ચાલ્યું... એની બુધ્ધિ સૂમ મારી ગઈ હતી. મન બધિર થઈ ગયું હતું... છેલ્લા થોડા દિવસથી એની સાથે બની રહેલી ઘટનાઓ જાણે કોઈ ફિલ્મની સ્ક્રીપ્ટ હોય એમ અણધારી, અણચિંતવી બની રહી હતી...

અચાનક એક શાંત સંયત સ્વર માઈકમાંથી રેલાયો "શાંત. શાંત થઈ જાવ સૌ"

અને એ અવાજની જાદુઈ અસર થઈ. સમીરને જમીન પર ઉતારીને ટોળું એકદમ શાંત થઈ ગયું...

"સૌ પોતપોતાના સ્થાને બેસી જાવ" એ અવાજે ફરી કહ્યું અને સાડા ત્રણ મિનિટની અંદર આખી યે પરિસ્થિતિ તદ્દન કાબુમાં આવી ગઈ. ઉભેલો દરેક માણસ પોતાના સ્થાને બેસી ગયો. એક અત્યંત ડિસીપ્લીન્ડ સભાગૃહ અત્યારે સમીરની નજર સામે હતું. એ એકલો જ ઉભો હતો...

"સમીર, બેટા અહીં આવ."

ટોળાંની જેમ સમીર ઉપર પણ એ અવાજની સંમોહક અસર થઈ. સમીર જાણે કોઈ ખેંચતું હોય એમ પથ્થરના સ્ટેજ તરફ આગળ વધ્યો...

એ સ્ટેજ ઉપર જઈને ઉભો રહ્યો.

ઇશ્વરાનંદજીએ પોતાની ખુરશી ઉપર એને હાથ પકડીને બેસાડ્યો.

"હું વારંવાર કહેતો આવ્યો છું કે હું માણસ છું... ઇશ્વરને મેં જોયા નથી કે ઇશ્વરના અવતાર હોવાની વાત તદ્દન વાહિયાત છે... આ મંદિર અને મંદિરની આસપાસનું સંકુલ... માણસ અને માણસજાતની સેવા માટે મેં ઉભુ કર્યું છે. મને આ જમીન મારા ગુરુ પરમાનંદજીએ આપી અને એક મુઠ્ઠી માટી મારા હાથમાં આપીને કહ્યું હતું, બેટા, આ માટી છે. એમાંથી જે ધારીશ, એ આકાર ઉભો થશે... જે પકવીશ એ પાકશે અને યાદ રાખજે માટીનો એક ગુણ છે, જે વાવીશ એ જ લણીશ... એ વાત મેં આ જ સુધી યાદ રાખી છે. આ મંદિર કોઈ ગાદી નથી, કોઈ મઠ નથી. કોઈ ધર્મ કે સંપ્રદાય નથી. માણસજાતની સેવા કરવા માટે ઉભી કરાયેલી એક વ્યવસ્થા છે... આજ સુધી મને ચિંતા હતી, કે મારા ગયા પછી આ વ્યવસ્થાનો દોર આગળ કોણ ચલાવશે? મેં પળપળ પ્રતિક્ષા કરી હતી, મારા વારસદારની... અને મારી આંખો મિંચાય એ પહેલા ઈશ્વરે મારા વારસદારને મોકલી એટલું સાબિત કરી દીધું છે કે આ જમીનમાં મેં જે વાવ્યું હતું, એ ઉગ્યું છે..."

એમનું ગળું ભરાઇ આવ્યું હતું. આંખોમાં ઝળઝળિયાં હતાં. એમની સાથે સાથે સામે બેઠેલા પંદરસોથી વધુ લોકોની આંખો વહેવા લાગી હતી. સમીરે શ્રદ્ધા અને સ્નેહનો આવો સમન્વય પહેલા ક્યારેય નહોતો જોયો. કોણ જાણે કેમ પણ સમીરની આંખો યે ભરાઈ આવી... ઈશ્વરાનંદજી હજીયે બોલતા હતા. પંદરસો લોકો નિ:શબ્દ સાંભળતા હતા.

"આજે આ સંકુલ, એની વ્યવસ્થા અને એના વિકાસની બધી જ જવાબદારી હું સમીરને સોંપુ છું... દશરથ રાજાને એક ધોળો વાળ જ્યારે આઈનામાં દેખાયો ત્યારે એમણે રાજ્યાસન છોડવાનો નિર્ણય કરી લીધો હતો. મારી પાસે કોઈ રાજ્ય કે કોઈ સિંહાસન નથી. હું પણ એક મુઠ્ઠી માટી મારા દીકરાના હાથમાં આપવા માગું છું અને એ જ વાત કહેવા માગું છું, પણ જરા જુદી રીતે..."

એમણે નીચે ઉતરીને પથ્થરના સ્ટેજની બાજુમાંથી એક મુઠ્ઠી માટી ઉપાડી. એ ફરી પાછા સ્ટેજ ઉપર આવ્યા. સમીર ત્યાં જ ડઘાયેલો બેઠો હતો. એમણે સમીર તરફ પોતાની મુઠ્ઠી લંબાવી. સમીરથી અનાયાસે ખોબો ધરાઈ ગયો. એ કોઈ સંમોહનની, કોઈ હિપ્નોટિઝમની અસર હેઠળ હોય એમ વર્તી રહ્યો હતો. એને પોતાને પણ નહોતું સમજાતું કે આ એની સાથે શું થઈ રહ્યું છે. જિંદગીનો આ ક્યો મકામ, ક્યો વળાંક હતો? આ છેલ્લો વળાંક હતો કે હજુ કંઈ કેટલાય રસ્તાઓ, કઈ કેટલી યે ગલી-ગુચીઓ, વળાંકો અને ઢાળ એની પ્રતીક્ષામાં બેઠા હતા... સમીર અન્યમનસ્ક જેવો વિચારહીન, શબ્દહીન હતો. એણે અનાયાસે ખોબો ધર્યો...

...ઇશ્વરાનંદજીએ એના હાથમાં પોતાની મુઠ્ઠીમાંની માટી રેડી દીધી અને કહ્યું, "આજથી આ સંકુલ, આ માટી અને આ મંદિર સમીરના નામે... હું મારા ગુરુએ આપેલી માટી મારા વારસને સોંપીને નિશ્ચિંતપણે વાનપ્રસ્થ જીવવા માગુ છું... બેટા સમીર, આ માટી એ પરંપરાનું પ્રતિક છે. જે આપણને જમીન સાથે જોડાયેલા રાખે છે. આજથી આ માટીને નવો આકાર આપવાની જવાબદારી તારી છે. હું મુક્તમને ઇશ્વર શરણમાં સમય વિતાવવા માગું છું..."

સમીર એક પણ અક્ષર બોલ્યા વિના એકીટશે ઇશ્વરાનંદજીની આંખોમાં જોઈ રહ્યો. પછી એણે ઉભા થઈને એ માટી ચારે દિશામાં ઉડાડી દીધી... અને માઈક પાસે જઈને કહ્યું,

"આ માટી કોઈની માલિકીની નથી... થઈ શકે જ નહીં. આપણે સૌ માટીમાંથી આવ્યા છીએ અને માટીમાં ભળી જવાના છીએ. આપણા સૌના જીવન માટી ઉપર આધારિત છે, માટી સાથે જોડાયેલા છે... માટી પગ નીચે, માટી છાપરા ઉપર... માટી અનાજ પકવે અને માટી એ અનાજને રાંધવાનું વાસણ પણ આપે... જે ઝાડ માટીમાં ઉગે એ જ ઝાડને બળવાનો ચૂલો પણ માટીમાંથી જ બને... હું આ માટીના સોગંદ ખાઈને કહું છું કે હું મને સોંપાયેલી જવાબદારી સંપૂર્ણ સંનિષ્ઠાથી અને ઇમાનદારીથી નિભાવવાનો પ્રયત્ન કરીશ..." ટોળાએ હર્ષની ચિચિયારીઓ પાડી. સમીર ઇશ્વરાનંદજીના ચરણોમાં ઝૂકી ગયો. ઇશ્વરાનંદજીએ એ પૂરેપૂરો ઝૂકે એ પહેલા એને ખભેથી પકડીને છાતીસરસો ચાંપી દીધો.

અને સમીર ઇશ્વરાનંદજીને ભેટી પડ્યો. એને એ પળે કશું જ યાદ નહોતું... સીમા, પંકજભાઈ, રેવતીની સાથે સાથે એ તમામ ચહેરાઓ ઝાંખા થઈ ગયા હતા જે એના જીવનનો અગત્યનો ભાગ હતો.

એની શોધ પૂરી થઈ હતી.

એક માણસ જે એના અસ્તિત્વનું કારણ હતું, એક માણસ જેણે એને જન્મતા પહેલા જ છેહ દીધો હતો, એક માણસ જેને શોધવા માટે એણે એની જિંદગીની દિશા બદલી નાખી હતી એ માણસ આજે એની સામે ઉભો હતો... પોતે એના હ્રદય પર માથુ મૂકીને એના હ્રદયનો અવાજ સાંભળી શકે એટલો નજીક હતો...

અને છતાં, એના મનમાં એક સવાલ ઉઠ્યો...

શું આ હતી એની મંઝિલ?

શું અહીં પહોંચવા માટે એણે મુંબઈ, આઈ.આઈ.એમ., સીમા, પંકજભાઈ અને રેવતીને છોડ્યા હતા?

નસીબ શું આપવા માગતું હતું એને? અને એના બદલામાં શું ઝૂંટવ્યું હતું, વિધાતાએ એની પાસે...

સમીરને જાણે ધીમે ધીમે ભાન આવી રહ્યું હતું, સૂમ મારી ગયેલું એનું મગજ ઝણઝણાટી અનુભવી રહ્યું હતું...

એકસાથે સેંકડો સવાલો એના મગજ પર હથોડાના ઘાની જેમ વીંઝાતા હતા...

હજીયે એ ઇશ્વરાનંદજીની છાતીસરસો લાગેલો હતો... અને ટોળું મોટે મોટેથી ચિચિયારીઓ પાડતું હતું...

"સમીરાનંદ મહારાજની જય... સમીરાનંદ મહારાજની જય..."

ભાનમાં આવેલો સમીર જાણે ઉંઘમાંથી સફાળો જાગ્યો હતો...

અને, એને અચાનક સમજાયું હતું કે એ ક્યાં આવીને ઉભો છે!

એને અનાયાસે શોભિત દેસાઈનો એક શેર યાદ આવી ગયો,

આવી ઉભા છે ક્યાં, એની ધ્રુજારી પણ છે,
પાછા જવાની માથે ઉભી ઉધારી પણ છે...

*

તેત્રીસ

કલ્યાણીના ઘરના ટેલિફોનની રીંગ સવારે સાડા સાત વાગે ધણધણી ઉઠી ત્યારે કલ્યાણીના મનમાં આછો ઉત્સાહ અને આછો થડકારો હતો. ગઈ કાલે રાત્રે સુજય સાથે થયેલી વાત મુજબ આ ફોન રંજનબેનનો જ હોવો જોઈએ, એવી કલ્યાણીને ઉંડે ઉંડે ખાતરી હતી. સુજયે રાત્રે કે સવારે રંજનબેનને વાત કરી હશે... "શું કહ્યું હશે, રામ જાણે?" કલ્યાણીને વિચાર આવ્યો. "રંજનબેન આડાતેડા સવાલો પૂછશે, તો શું જવાબ આપીશ હું?" એમણે ડરતા ડરતા ફોન ઉપાડ્યો...

રંજનબેન જ હતા. એમના અવાજમાં હરખ સમાતો નહોતો. ઉત્સાહ અને આનંદ છલકાઈ જતો હતો એમના અવાજમાં... કલ્યાણીબેને બહુ સાવચેતીપૂર્વક સાચવીને વાત કરી. પણ એમને એટલું સમજાઈ ગયું કે સુજયે એની મમ્મીને એવું સમજાવ્યું હતું કે અમદાવાદથી આ પ્રેમપ્રકરણ ચાલ્યું આવે છે. લગ્નની ઉતાવળ પણ રેવતીની પ્રેગનન્સીના લીધે જ કરવી પડી... અને, આ વાત જો એણે પહેલા કહી હોત તો રંજનબેનને ન ગમત...

હવે રેવતીને પૂરેપૂરી ઓળખી ગયેલા અને રેવતી દ્વારા જીતાઈ ગયેલા રંજનબેનને આ બધા સમાચાર સામે કોઈ વિરોધ નહોતો. ઉલટાનું એમને તો પુત્રવધૂ મા બનવાની હતી એ વાતનો અદકેરો આનંદ હતો. એમણે કલ્યાણીને જે ઉત્સાહ અને આનંદથી સમાચાર આપ્યા એનાથી કલ્યાણીની સાઈઠ ટકા ચિંતા ઓછી થઈ ગઈ. જે વાતનો એને સૌથી વધારે ભય હતો એ જ વાત આટલી આસાનીથી પતી જશે, એની કલ્યાણીને કલ્પના નહોતી. એણે ખૂબ આનંદથી ફોન મુક્યો અને ઘનશ્યામરાય છાપુ વાંચતા હતા એમની બાજુમાં આવીને બેસી ગઈ.

"રંજનબેનને સુજયે કહી દીધું."

"શું?" ઘનશ્યામરાયે છાપામાં માથુ રાખીને પૂછ્યું.

"અરે શું, શું... તમારી દીકરી મા બનવાની છે એ વાતે મહેન્દ્રભાઈના ઘરમાં ઉત્સાહનું પૂર ઉમટ્યું છે. રંજનબેનનો હરખ તો માતો નથી."

"એટલે? સુજયે સાચુ કહી દીધું?" ઘનશ્યામરાયે છાપું વાળીને સાઈડમાં મુક્યું.

"કહેવાતું હશે?" કલ્યાણીએ કહ્યું.

"પણ આ તો છલ છે." ઘનશ્યામરાયે કહ્યું. એમની આંખોમાં એક સાચા માણસે કરવા પડતા સમાધાનનું દુ:ખ છલકાતું હતું.

"બસ હવે." કલ્યાણીએ કહ્યું. "જે થાય છે તે સારા માટે... આપણે સુજયને નથી છેતર્યો. એને એના મા-બાપ સાથે કેવી રીતે ડીલ કરવું, એ શીખવવાનું ન હોય. એ જેમ યોગ્ય સમજે એમ કરે."

"ભલે. જેવી ઇશ્વરની ઇચ્છા." ઘનશ્યામરાયે કહ્યું.

"એટલું બોલીને બેસી રહેવાથી નહીં ચાલે, સાંજે મિઠાઈ લઈને દીકરીને ત્યાં જવું પડશે."

"ભલે ભલે." ઘનશ્યામરાયે કહ્યું અને નિત્યકર્મો પરવાળવા માટે ઉભા થયા. કલ્યાણી ખુશખુશાલ મંદિર તરફ દોડી. તારાબેન પૂજા કરતા હતા. કલ્યાણી ઠાકોરજીના ચરણોમાં નમી પડી. એની આંખોમાં આંસુ હતા. તારાબેને એના માથા પર હાથ મુક્યો.

"બેટા, જે સૌનું સારું કરે, એનું છેવટે સારું જ થાય." એમણે કહ્યું. એમની આંખોમાં પણ પાણી હતા. "મેં સાંભળ્યું. હું ય આવીશ સાંજે રેવતીના સાસરે..." કલ્યાણી ભીની આંખે એમને ભેટી પડી.

*

રેવતી રસોડામાં દાખલ થઈ અને રંજનબેનની બાજુમાં ઉભી રહી. "હું શું કરું મમ્મી?" રેવતીએ પૂછ્યું.

"આરામ." રંજનબેને હસીને કહ્યું. રેવતી નવાઈથી એમની સામે જોઈ રહી. "પણ મમ્મી..." રેવતીએ કંઈ કહેવાની કોશિશ કરી. રંજનબેને એના હાથ પકડી લીધા. "સુજયે મને હમણાં જ કહ્યું. મને ખૂબ આનંદ થયો બેટા. કોણ જાણે આટલી બધી ખુશી જીરવાશે કે નહીં... તારા પગલાં બહુ શુભ છે બેટા, આ ઘરમાં તારા આવવાથી મારા બધા સપના પૂરા થયા છે." ગળગળા થઈ ગયા રંજનબેન. "આ સુજય અમેરિકા જવાની વાત કરતો હતો ત્યારે મને તો એમ કે હવે પૌત્ર-પૌત્રીનું મોંઢુ જોયા વિના જ આંખો મિંચાઈ જશે... પણ, તેં આ શુભ સમાચાર આપીને મારું જીવતર ધન્ય કરી નાખ્યું." રેવતી એકીટશે જોઈ રહી રંજનબેન સામે. એની આંખો છલછલાઈ આવી.

શું માણસ હતો આ સુજય... એણે કેટલી આસાનીથી આખીયે વાત ઘરમાં ધન્યતા અને આનંદના માહોલમાં ફેરવી નાખી હતી! રેવતીનું મન રોજેરોજ સુજય માટે વધુ ને વધુ ઝૂકતુ જતું હતું... હવે એને સમજાયું હતું કે પ્રેમ એટલે શું? માત્ર દૈહિક આકર્ષણ કે ઇનફેચ્યુએશનમાં અટવાઈ જનારી યુવાન પેઢીને ખરેખર આ સુજય પ્રકારના લોકો પાસેથી શીખવું જોઈએ કે પ્રેમ કોને કહેવાય...

રેવતી અનાયાસે જ રંજનબેનને ભેટી પડી. રંજનબેને પણ એને મમતાથી એકદમ વહાલ કરી દીધું. રસોડાના દરવાજા પાસે ઉભેલો સુજય આ જોઈ રહ્યો હતો. મહેન્દ્રભાઈએ આવીને સુજયના ખભે હાથ મુક્યો. સુજયે એમની સામે જોયું. મહેન્દ્રભાઈએ સુજયને સલામ મારી... બંને બાપ-દીકરો ખડખડાટ હસી પડ્યા...

*

પંદર દિવસ થઈ ગયા હતા સમીરનો ફોન આવ્યે. એણે કહ્યું હતું કે કાલે જ પહોંચું છું... અને આજ સુધી એનો કોઈ પત્તો નહોતો. સીમાની ભૂખ મરી ગઈ હતી. ઉંઘ હરામ થઈ ગઈ હતી. રાતની રાત જાગીને એ સમીરના ફોનની, એના આવવાની રાહ જોયા કરતી હતી. પંકજભાઈ પણ ખૂબ ચિંતિત હતા. બંનેને સમજાતું નહોતું કે સમીરનો સંપર્ક ક્યાં થઈ શકે. એણે કોઈ ફોન નંબર કે કોઈ વિગતો આપી નહોતી. માત્ર એટલું જ કહ્યું હતું કે હું આવું છું, પણ આવ્યો નહોતો...

આખરે સીમાની વારંવારની વિનંતીઓથી વિચલીત થઈને પંકજભાઈએ ટેલિફોન ઑફિસમાંથી નંબરની ભાળ કઢાવી હતી. જૂનાગઢના એક ગામનો નંબર હતો આ. બંનેએ ચિંતિત હૃદયે નંબર જોડ્યો હતો.

"ત્યાં ક્યાં પહોંચ્યો હશે?" સીમાના મનમાં વિચાર આવતો હતો.

નંબર જોડ્યા પછી એમને સમજાયું કે એ તો એક એસ.ટી.ડી.બૂથનો નંબર હતો. ત્યાંથી કોઈ પણ વિગતો

મળવી અશક્ય હતી. સીમા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી હતી. પંકજભાઈને પણ સમજાતું નહોતું કે હવે શું કરવું. જ્યાં સુધી એના કોઈ સમાચાર નહોતા ત્યાં સુધી આટલી ચિંતા નહોતી થતી. પણ એકવાર એણે એમ કહ્યું કે હું આવું છું, એ પછી બંનેને ખૂબ ચિંતા થવા લાગી હતી.

લગભગ બે મહિનાના તરફડાટ પછી એક દિવસ ડાઈનિંગ ટેબલ પર બ્રેકફાસ્ટ કરતી વખતે સીમાએ અચાનક અનાઉન્સમેન્ટ કર્યું, "હું કાલે બહારગામ જાઉં છું."

"ક્યાં?" પંકજભાઈએ આશ્ચર્યથી પૂછ્યું.

"વંથલી પાસે એક નાનકડું ગામ છે. જ્યાંનો આ નંબર છે."

"અરે પણ, હવે થોડો એ ગામમાં હશે સમીર?"

"નહીં હોય તો જ્યાં હશે ત્યાંથી શોધી કાઢીશ." સીમાના ચહેરા પર એના નિર્ણયની દૃઢતા હતી.

"જો, મારું માને તો..." પંકજભાઈએ કહેવાનો પ્રયત્ન કર્યો.

"નથી માનવાની" સીમાએ વાત વચ્ચે જ કાપી નાખી. "રેવતીના તો લગ્ન થઈ ગયા. હવે શું છે? કોની રાહ જોવાની છે આપણે? મારો સમીર જ્યાં હશે ત્યાંથી કાનપટ્ટી પકડીને લઈ આવીશ." બોલતા બોલતા સીમાનો અવાજ ગળગળો થતો જતો હતો. એની આંખોમાં ધસી આવતા પાણી એણે માંડમાંડ રોક્યા હતા. "સમજે છે શું એના મનમાં? એમ ગમે ત્યારે આપણને છોડીને ચાલ્યો જાય? આપણે પણ એના મા-બાપ છીએ. સાવ આટલો હતો ત્યારથી મોટો કર્યો છે આપણે, એક-એક ઇચ્છા પૂરી કરી છે. કેટલા લાડ કર્યા છે. હવે ઘરડે ઘડપણ આપણે એની જરૂર પડશે ત્યારે જ ભાગી ગયો... હું કહીશ એને." સીમાએ કહ્યું.

"જનારાને કોણ રોકી શકે છે સીમા?" પંકજભાઈ સીમાના પ્રમાણમાં થોડા પ્રેકટીકલ હતા. એક બાપ અને એક માની વચ્ચે જે ફરક હોય એ કદાચ અહીંયા પણ હતો જ... પંકજભાઈ માનતા હતા કે એમ પરાણે એને લાવીને પોતાનો નહીં કરી શકાય. જ્યારે સીમા માનતી હતી કે ગમે તે થાય જો સમીર એકવાર એને નજરની સામે જોશે, તો તરત જ ઘરે પાછો આવવા તૈયાર થઈ જશે. ખૂબ દલીલો થઈ બંને વચ્ચે. સીમા પોતાના નિર્ધારમાં અડગ હતી. મુંબઈથી રાજકોટની ફ્લાઈટ ટિકીટ પણ મંગાવી લીધી હતી અને રાજકોટથી આગળ જવા માટે એરપોર્ટ પર ગાડીની વ્યવસ્થા પણ એણે જાતે જ કરી નાખી હતી. પંકજભાઈ જાણતા હતા કે હવે એને રોકવી અસંભવ છે. છતાં પ્રયાસ કરી જોયો એમણે... પણ સીમા કટિબદ્ધ હતી. એ બીજે દિવસે સવારની ફ્લાઈટમાં રાજકોટ એરપોર્ટ પર ઉતરી... અને, પોતે મંગાવેલી એરકન્ડિશન્ડ ઇન્ડિકા ગાડીમાં પોતાની સફર શરૂ કરી...

*

સમીર એક મહિનાથી આ સ્થળે રહેતો હતો. આ સ્થળ, આ સ્થળની ભૂગોળ, અહીંયાના માણસો સાથે ધીમે ધીમે ગોઠવાતો જતો હતો... કંઈ કેટલુંય બની ગયું હતું આ છેલ્લા બે-ત્રણ મહિનામાં... એનું જીવન ક્યાંથી ક્યાં પહોંચી ગયું હતું. એને કલ્પના પણ નહોતી કે એ આવી રીતે સફેદ વસ્ત્રો પહેરીને કોઈ મઠનો મઠાધિપતિ બનીને બેસશે! રોજ સવારે ભાષણો આપશે! હજ્જારો લોકો એના પગે પડવા ધક્કામુક્કી કરશે...

"કોઈ જ્યોતિષીએ કહ્યું હોત તો પણ હું ન માનત." સમીરને વિચાર આવ્યો. એ અત્યારે એક હૉલ જેવા

ચાલીસ બાય ચાલીસના વિશાળ એરકન્ડિશન્ડ આછા અજવાળા ઓરડામાં બેઠો હતો. ઓરડાને છેક છેવાડે એક ફૂટથી વધારે ઉંચાઈ ધરાવતા એક ગાદી-તકિયો ગોઠવાયા હતા. સફેદ ચાદર હતી એના ઉપર. દીવાલને અડાડીને ગોળ તકિયા મુકાયા હતા. આખા કમરામાં દિવાલથી દિવાલ સુધી ગ્રે કલરની કારપેટ હતી. પગ મૂકોને પગ ખૂંચી જાય એવી રેશમી અને રૂવાંદાર, સફેદ દિવાલને લગોલગ ચારે તરફ ગોળ તકિયા ગોઠવાયા હતા. બેસનાર ગમે તે તકિયાને ટેકો દઈને બેસી શકે એવી વ્યવસ્થા હતી.

એક ધીમું મીઠું શાંતિ આપનારું સંગીત વાગી રહ્યું હતું...

સામે ગાદી તકીયા પર શ્વેત વસ્ત્રધારી સમીર પદ્માસન વાળીને બેઠો હતો. એની સામે લગભગ સો-એક જણ પદ્માસન વાળીને બેઠા હતા. સમીર અહીં હોવા છતાં જાણે અહીં નહોતો. વિચારોનું ધમાસાણ યુદ્ધ ચાલતું હતું એના મનમાં... રોજ આમ જ થતું. ધ્યાન માટે એકઠા થયેલા લોકો ધ્યાન કરતા. પણ સમીર બેધ્યાન થઈ જતો...

આંખો મીંચીને બેઠેલા લોકો પર એક સરસરી નજર નાખીને સમીરે પોતાની પાછળની દિવાલ પર જોયું... ઇશ્વરાનંદજીની ત્રણ બાય ત્રણની મોટી તસવીર લટકતી હતી... એના ઉપર શ્વેત ફૂલોનો હાર ચઢાવેલો હતો, એર કન્ડિશન્ડ કમરામાં એ જૂઈ અને મોગરાના ફૂલોની મંદમંદ સુગંધ પ્રસરી રહી હતી...

અચાનક જ સમીરને ગુસ્સો આવી ગયો, રોજ આવતો. એ જ્યારે આ તસવીર સામે જોતો ત્યારે એને છેતરાયાની, પોતાની સાથે છલ કરાયાની લાગણી થતી હતી... પણ હવે એમાં કશું યે થઈ શકે એમ નહોતું!

“સમીરાનંદ મહારાજની જય... સમીરાનંદ મહારાજની જય...”

રોજ સવારે આ અવાજો એના કાનમાં ગૂંજતા હતા અને એને એ દિવસની સવાર યાદ આવી જતી. જ્યારે ઇશ્વરાનંદજીએ એક મુઠ્ઠી માટીના બદલામાં એની આખી જિંદગી લખાવી લીધી હતી!

ભાનમાં આવેલો સમીર જાણે ઉંઘમાંથી સફાળો જાગ્યો હતો...

અને, એને અચાનક સમજાયું હતું કે એ ક્યાં આવીને ઉભો છે!

પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ભક્તગણે એને ગાદીવારસ તરીકે સ્વીકારી લીધો હતો અને હવે એની પાસે અહીંથી ભાગવા માટે કોઈ રસ્તો નહોતો બચ્યો...

સમીર એ દિવસની રાત્રે આજ કમરામાં આવ્યો હતો... એને આખું યે દશ્ય એવું ને એવું યાદ હતું!

“શું સમજો છો તમે તમારા મનમાં? ભગવાન? ભાગ્યવિધાતા? શું છો તમે?” સમીરે આવતાની સાથે બૂમાબૂમ શરૂ કરી હતી. શ્વેત દાઢી અને શ્વેત વસ્ત્રોમાં શાંત ચહેરે આરામની મુદ્રામાં બેઠેલા ઇશ્વરાનંદજીએ સહેજે વિચલીત થયા વિના એકદમ સંયત સ્વરે કહ્યું હતું, “આવો, બેસો. સમીરાનંદજી.”

“મારું નામ સમીર છે.” સમીરે કહ્યું હતું. એકદમ ઉશ્કેરાઈને, “સમીર પંકજભાઈ મહેતા.” એની આંખો લાલચોળ હતી. મગજ ફાટફાટ થતું હતું. ક્રોધમાં એનો અવાજ ભયાનક ઉંચો હતો. એનું આખું શરીર ક્રોધથી ધ્રૂજતું હતું. એણે લગભગ બૂમ પાડીને કહ્યું, “હું અહીંયા કોઈ કાળે રહેવાનો નથી. હું જાઉં છું, આજે જ, હમણાં જ...”

"ભલે." ઇશ્વરાનંદજીએ કહ્યું.

"હું જાઉં છું." સમીરે કહ્યું. હવે એના અવાજમાં આશ્ચર્ય હતું.

"ભલે." ઇશ્વરાનંદજીએ ફરી કહ્યું, એટલા જ સંયમથી, પછી ઉમેર્યું, "મારા ઇશ્વરની ઇચ્છા વિના પાંદડું ય હાલી શકતું નથી. જો તારા ભાગ્યમાં અહીંથી જવાનું હશે, તો હું ગમે તેટલું રોકું તું જઈશ... અને તારા ભાગ્યમાં જો આ સ્થળ અને આ માટી સાથેનો ઋણાનુંબંધ હશે તો તારા પગ, તારું મન અને તારો આત્મા આ સ્થળ સાથે જડાઈ જશે..."

"આ બધું પેલા લોકોને સમજાવજો, મને નહીં."

"ભલે." ઇશ્વરાનંદજીના અવાજમાં હજી પણ એટલો જ સંયમ, એટલી જ શાંતિ હતી.

"હું અહીંયા કોઈ કાળે નહીં રોકાઉં. મારે સાધુ-બાવા નથી થવું." સમીરે કહ્યું. "મારી રાહ જુએ છે બધા મુંબઈમાં. મારી મા, મારા ડેડી અને... અને... રેવતી." એનું ગળું ભરાઈ આવ્યું હતું. "હું કાલે સવારની બસમાં જાઉં છું." ઈશ્વરાનંદજીએ એને ઇશારાથી નજીક બોલાવ્યો. "અહીં આવ બેટા." સમીર અનાયાસે, અનઇચ્છાએ એમના તરફ ગયો. "બેસ." એમણે કહ્યું.

સમીર ઉભડક, કમને એમની બાજુમાં બેઠો. "તારો ક્રોધ વાજબી છે." એમણે કહ્યું. "પણ, મારી સ્થિતિયે સમજવાનો પ્રયાસ કર. તું મારો પુત્ર છે, મારો વારસ, મારા શરીરનો અંશ..."

"અત્યાર સુધી ક્યાં હતો હું, તપાસ કરી તમે?" સમીરે ખૂબ તોછડાઈથી એમને પૂછ્યું.

"મારી ઝંખના અને મારી પ્રાર્થના ખેંચી લાવી છે તને... અહીં સુધી."

"જુઓ હું આ બધામાં નથી માનતો." સમીરે કહ્યું અને ઉભો થવા જતો હતો. ઉભા થતા થતા એણે ઉમેર્યું "હું આજે અહીંથી જાઉં છું અને ક્યારેય પાછો નહીં આવું. મારા જન્મનું રહસ્ય જાણ્યા પછી હવે કશું ય જોવા કે જાણવાનું બાકી નથી રહ્યું મારા માટે..."

ઇશ્વરાનંદજીએ માત્ર સ્મિત કર્યું. સમીર ગૂંચવાયેલો ત્યાંથી બહાર નીકળ્યો. એના મનમાં ખૂબ ધૂંધવાટ હતો. એને સમજાતું નહોતું કે આ બાવો શું ઈચ્છતો હતો... શા માટે એને વારસ બનાવવા માગતો હતો? આધ્યાત્મના કે ધર્મના કોઈ બેકગ્રાઉન્ડ વગર પોતે કઈ રીતે વારસ બનવાને લાયક હતો... એની સમીરને સમજ નહોતી પડતી... અને તેમ છતાં, આ બાવાની વાતો એને ખેંચતી હતી. એની આંખોમાં જોતા જ એનો ક્રોધ જાણે શાંત થઈ જતો હતો. એને સમજાતું નહોતું કે આ કયો સંબંધ હતો, જે એને આ ઈશ્વરાનંદજી તરફ વારંવાર ઘસડીને લઈ જતો હતો...

સમીર ધૂંધવાટમાં ને ધૂંધવાટમાં બહાર નીકળ્યો. કોટેજની લોનમાંથી પસાર થઈને મંદિરના પરિસરમાં આવ્યો. રાત પડી ગઈ હતી. પરિસર શાંત હતું. કોઈ ચહલપહલ નહોતી. ધમધમ કરતો મંદિરના ઓટલે આવીને બેઠો. એનો ગુસ્સો હજી સાવ શાંત નહોતો થયો. એણે મનોમન ગાંઠ વાળી હતી કે એ સવારના નીકળી જવાનો હતો, કોઈ પણ સંજોગોમાં...

એ જ વખતે એક માણસ આવીને એના પગમાં પડ્યો. "પ્રભુ" માણસના અવાજમાં ગજબની દયનીયતા હતી... સમીર એની સામે જોઈ રહ્યો. એ માણસે સમીરના પગમાં એક બેગ મૂકી દીધી. સમીરે બેગની સામે

જોયા વિના એને પૂછ્યું, "શું છે આમાં?"

"દાન છે પ્રભુ." માણસે કહ્યું.

"દાન?" સમીરે પૂછ્યું. "શેનું દાન?"

"ઇશ્વરાનંદજી મહારાજે ગેસ્ટહાઉસના કમરા વધારવા માટે દાનની અપીલ કરી હતી. આપણા ભક્તોએ આપેલા વચનો પ્રમાણે દાન ઉઘરાવવા ગયો હતો... આજે જ આવ્યો છું."

"તો?"સમીરે કહ્યું. "મને શું કામ કહો છો?"

"હવે તો તમને જ કહીશ ને, અહીંના કર્તા, હર્તા અને ભર્તા હવે તમે જ છો."

"કેટલા રૂપિયા છે?" સમીરે ફક્ત કૂતુહલવશ પૂછ્યું.

"એક કરોડ બાવીસ લાખ." સમીરની આંખો પહોળી થઈ ગઈ. "હજી બીજા આવશે." પેલા માણસે ઉમેર્યું...

સમીર બેગ સામે જોઈ રહ્યો. આ કહેવાતો બાવો, એનો બાપ ઇશ્વરાનંદના એક અવાજ પર કરોડ રૂપિયા ભેગા થતા હતા. લોકો એના ચરણમાં ઝૂકતા હતા, ગજબનો કમાન્ડ, ગજબની તાકાત ધરાવતો હતો આ માણસ...

"આ જ તાકાત, આ જ શક્તિ અને આ જ પાવર મારો થઈ શકે છે." સમીરે વિચાર્યું. "મારા એક અવાજ પર કરોડ રૂપિયા ભેગા થઈ શકે છે..." સમીરની આંખો એ બેગ સામે જોઈ રહી હતી અને મગજ ભયાનક ઝડપે ચાલી રહ્યું હતું... અહીં રહેવું કે ચાલ્યા જવું, એ વિશે એના મનમાં ચાલતું યુદ્ધ વધુ તુમુલ બન્યું હતું. એને આંખ આગળ અંધારા આવી ગયા. મગજ વિચારશૂન્ય થઈ ગયું...

"એમ.બી.એ.થઈને નોકરી પણ કરીશ તો શું મળશે? પચાસ હજાર? સિત્તેર હજાર... પોતાનો ધંધો શરૂ કરીશ, તો પણ રાત-દિવસની મજૂરી પછી વરસે શું મળશે? દસ લાખ, બાર લાખ, વીસ લાખ? અને અહીં, માત્ર શબ્દો પર... કરોડો રૂપિયા ભેગા થતા હતા. લોકો ચરણોમાં ઝૂકતા હતા. પૈસા આપીને ધન્યતા અનુભવતા હતા..." એમ.બી.એ.માં એક વિષય હતો પીપલ મેનેજમેન્ટ!

અહીં એણે પીપલ-લોકોને મેનેજ કરવાના હતા!

કામ સરળ હતું અને કિંમત મોં માંગી... સમીર સડસડાટ વિચારતો હતો. "પણ બદલામાં મા, ડેડી, રેવતી..." સમીરે જાત સાથે વાત કરતા ડોકું ધુણાવ્યું. "ના ના... એ બધું નહીં છોડાય... મારે જીવવું છે, ભરપૂર જીવવું છે. આમ એક જગ્યાએ બંધાઈને સ્ટેગનન્ટ થઈને હું નહીં જીવી શકું..." સમીરનું મગજ કમ્પ્યુટરથી પણ વધુ ઝડપથી પ્રોસેસ કરતું હતું... એકએક વિચાર, એક એક લાગણી ચળાઈ ચળાઈને બહાર પડતી હતી... "જાવ, અંદર જઈને બાબાને આપી દો." એણે કહ્યું અને પછી ઉભો થવા જતો હતો ત્યારે પેલા માણસે એના પગ પકડી લીધા...

"બાબાએ કહ્યું કે આ પૈસા તમને આપવા..."

"મને?" એણે આશ્ચર્યથી પૂછ્યું. "ક્યારે કહ્યું?"

"હમણાં પાંચ મિનિટ પહેલા, હું બાબા પાસે જ ગયો હતો... પણ એમણે કહ્યું કે..."

"જુઓ, હું તો કાલે સવારે અહીંથી ચાલ્યો જવાનો છું, મને કોઈ રસ નથી, આ મંદિરમાં કે આ ગેસ્ટહાઉસમાં..."

પેલો માણસ આશ્ચર્યથી સમીરની સામે જોઈ રહ્યો. પછી એણે વધુ શ્રદ્ધાથી એનું માથું સમીરના ચરણમાં ઝૂકાવી દીધું... "તમેજ, તમે જ હોઈ શકો અમારા હવે પછીના ગુરુ..."

"છોડો, છોડો, આ શું કરો છો? હું કોઈ ગુરુ-બુરુ નથી..." સમીરે કહ્યું અને લગભગ પગ ઝાટકીને એનું માથું હટાવ્યું...

"એક કરોડ બાવીસ લાખ રૂપિયાને આમ લાત મારનાર માણસ ખરા અર્થમાં સાધુ હોઈ શકે... તમે જ છો અમારા આધાર... અમે તમને નહીં જવા દઈએ." પેલા માણસે કહ્યું.

"હું જઈશ." અને એ ઉભો થઈ ગયો અને ચાલવા લાગ્યો... એના રૂમ નંબર ત્રણમાં આવ્યો. આવીને પલંગ પર આડો પડ્યો. પેલું ચિત્ર એની નજર સામે હતું... એને ઘોડા પર બેઠેલા માણસના ચહેરામાં વરુને બદલે ઇશ્વરાનંદનો ચહેરો દેખાયો... કામ કરતા માણસોના ચહેરામાં પોતાનો ચહેરો દેખાયો... જાતજાતના અને ભાતભાતના વિચારો કરતો કરતો સમીર ઘસઘસાટ સૂઈ ગયો.

અચાનક એને પોતાનું બારણું ખખડાવવાનો અવાજ આવ્યો. કોઈ એકીશ્વાસે દરવાજા પર મુક્કા મારતું હતું. સમીરે ઉઠીને આંખો ચોળતા દરવાજો ખોલ્યો. એક શિષ્ય જેવો લાગતો છોકરો હાંફતો હાંફતો ઉભો હતો. "સમીરાનંદજી, સમીરાનંદજી..." એણે બૂમો પાડી...

સમીરને આ નામથી ચીડ ચડતી હતી. એ બારણું ખોલીને અંદર જવા લાગ્યો, એણે પાછળ જ ના જોયું... પેલો છોકરો એની નજીક આવી હાંફવા લાગ્યો... "ગુરુજી, ગુરુજી..." એને ભયાનક હાંફ ચડી હતી. કદાચ છેક કોટેજથી દોડતો આવ્યો હતો. સમીરે ઘડિયાળમાં જોયું, સવારના સવા પાંચ થયા હતા.

"શું છે? મારે નથી આવવું." સમીરે કહ્યું "કહી દો તમારા ગુરુજીને."

"ગુરુજી... ગુરુજી..." પેલા છોકરાની આંખો ભરાઈ આવી હતી, ગળુ તરડાઈ ગયું હતું. "શું છે ગુરુજીનું?" સમીરે ભયાનક ચીડ સાથે પૂછ્યું.

"ગુરુજીએ... સમાધિ લઈ લીધી."

"શુંઉઉઉઉ?" સમીરનો અવાજ ફાટી ગયો. એ ત્યાં જ ફસડાઈ પડ્યો...

"ગુરુજીએ તમારી સાથે છેલ્લી વાત કરી. તમે બહાર નીકળ્યા અને એમણે બધાને પ્રાર્થનાખંડ છોડી દેવાનું કહ્યું. એમની સેવાનો વારો મારો હતો. હું સવારે સાડા ચારે દૂધ અને ફૂલો લઈને ગયો, ત્યારે પ્રાર્થનાખંડ ખુલ્લો હતો. ગુરુજી પદ્માસનમાં બેઠા હતા. મેં... મેં... વંદન કર્યાં... પછી ઉભો રહ્યો કેટલીયે વાર પણ..." છોકરાની આંખોમાં હજીયે આતંક હતો. જે દશ્ય એણે જોયું હતું એ એનાથી ભૂલાતું નહોતું. એણે સમીરના હાથ પકડી લીધા. "મેં મુન્શીજીને બોલાવ્યા... પણ ત્યાં સુધીમાં ગુરુજી તો..." છોકરો ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો. સમીર અવાક્ એકીટશે એને જોઈ રહ્યો હતો... છોકરાએ રડતા રડતા સમીરની સામે એક કવર લંબાવ્યું... "આ...આ..."

"શું છે આ?"

"પત્ર છે તમારે માટે... ગુરુજીની પાસે પડ્યો હતો..."

"ઓહ નો!" સમીરે પત્ર હાથમાં લીધો અને વાંચવા માંડ્યો...એ ઘેરો ગંભીર હનીસ્મૂધ અવાજ એના કાનમાં હજીયે ગૂંજી રહ્યો હતો.

"બેટા સમીર, ગઈ કાલે તારી સાથે વાત થયા પછી મને ઘણા સમય સુધી જાતજાતના વિચારો આવતા રહ્યા. હું સૂઈ ન શક્યો. ધ્યાનમાં બેસવાનો પ્રયાસ કર્યો. પણ એ ય અશક્ય હતું...

આ પત્ર તને લખું છું એ તારી સાથેનો મારો છેલ્લો સંવાદ છે... તું મુક્ત છે. હું તને નહીં રોકું, પણ એક વાત તને કહેવી મને જરૂરી લાગે છે અને એ વાત સાંભળ્યા પછી કદાચ તારો વિચાર બદલાય પણ ખરો...

તારી માને છોડીને આવતી વખતે હું ભાગી નહોતો આવ્યો. ગોમતીના પિતા કરસનસિંહ ગોહિલે મને એમના સોગંદ આપ્યા હતા. એમની પાઘડી મારા ચરણમાં મુકી હતી અને કહ્યું હતું કે સુરજી કોઈ પણ સંજોગોમાં ગોમતીના લગન મારી સાથે કરાવશે અને જો એમ થશે તો લીંબડી દરબારનું અપમાન થશે. રાજપૂતોમાં અપમાનનો બદલો લેવાની એક જ રીત છે... મોત! લીંબડી દરબાર સુરજીને જીવતો ચીરી નાખત... અને પછી સુરજીનો દીકરો લીંબડી દરબાર પર વેર લેત... કરસનસિંહ ગોહિલે પેઢીઓ સુધી ચાલનારા એ વેરના ચક્રમાંથી એના કુટુંબને છોડાવવા મને વિનંતી કરી હતી. હું ડરપોક નહોતો, કાયર પણ નહોતો, પણ મારા પ્રેમ ખાતર કેટલાય માથાના બલિદાન લેવાનું મારામાં ગજુ નહોતું. મેં એ જ વખતે કરસનસિંહને વચન આપ્યું હતું કે હું ફરીને ગોમતીની સામે નહીં જોઉં. બસ મને મારું સંતાન પહોંચાડી દેજો. મેં તો મારું વચન નિભાવ્યું. પણ, કરસનસિંહે મને છેતર્યો... બસ, આ વાતે હું આખી જિંદગી પીડાયો છું, તું માને કે નહીં, મેં આખી જિંદગી તારી રાહ જોઈ છે અને મને વિશ્વાસ હતો કે જો મારા પ્રેમમાં સચ્ચાઈ હશે તો આ શરીર ત્યાગું એ પહેલા એકવાર હું તને જરૂર મળીશ...

મારી ઇચ્છા પૂરી થઈ ગઈ! ખરું પૂછો તો તને જોવા માટે જ જીવતો હતો... સાધુ છું, મોહ ન હોવો જોઈએ, છતાં મારા સંતાનનો... આ નશ્વર શરીરમાંથી જન્મેલા મારા અંશનો મોહ મને હતો જ અને એ સ્વીકારતા મને કોઈ નાનમ નથી લાગતી... હું જઈ રહ્યો છું, સંપૂર્ણ સંતોષ સાથે, કોઈ રાગદ્વેષ કે મોહમાયા વિના... આ બધું જ તને સોંપીને જાઉં છું, એવું જરૂરી નથી કે તું અહીં રહે અને સંભાળ, તારે જે કરવું હોય એ કરી શકે છે. હું મુક્ત છું, અને તને મુક્ત કરતો જાઉં છું. ઇશ્વર હંમેશાં તારી સાથે રહેશે. મારા આશિષ તારી રક્ષા કરશે." સમીરના હાથમાં એ પત્ર ફડફડ અવાજ કરતો ઉડી રહ્યો હતો. એની વાચા હણાઈ ગઈ હતી. આંખોમાંથી પાણી જતા હતા અને ગળું ભરાઈ આવ્યું હતું...

એક અક્ષર પણ બોલી નહોતો શક્યો... એ પળથી શરૂ કરીને ઇશ્વરાનંદજીની અંતિમવિધિ પૂરી થઈ ત્યાં સુધી, બાર દિવસ સમીર તદ્દન અબોલ - મૌન રહ્યો હતો...

*

સમીર એક મહિનાથી આ સ્થળે રહેતો હતો. આ સ્થળ, આ સ્થળની ભૂગોળ, અહીંયાના માણસો સાથે ધીમે ધીમે ગોઠવાતો જતો હતો... એ અત્યારે એક હૉલ જેવા ચાલીસ બાય ચાલીસના વિશાળ એરકન્ડિશન્ડ આછા અજવાળા ઓરડામાં બેઠો હતો. ઓરડાને છેક છેવાડે એક ફૂટથી વધારે ઉંચાઈ ધરાવતા એક ગાદી-તકિયો

ગોઠવાયા હતા. સફેદ ચાદર હતી એના ઉપર. દીવાલને અડાડીને ગોળ તકિયા મુકાયા હતા. આખા કમરામાં દિવાલથી દિવાલ સુધી ગ્રે કલરની કારપેટ હતી. પગ મૂકોને પગ ખૂંચી જાય એવી રેશમી અને રૂવાંદાર, સફેદ દિવાલને લગોલગ ચારે તરફ ગોળ તકિયા ગોઠવાયા હતા. બેસનાર ગમે તે તકિયાને ટેકો દઈને બેસી શકે એવી વ્યવસ્થા હતી.

એક ધીમું મીઠું શાંતિ આપનારું સંગીત વાગી રહ્યું હતું...

સામે ગાદી તકીયા પર શ્વેત વસ્ત્રધારી સમીર પદ્માસન વાળીને બેઠો હતો. એની સામે લગભગ સો-એક જણ પદ્માસન વાળીને બેઠા હતા...

સમીરાનંદ નામ હવે એને કોઠે પડી ગયું હતું... લોકોનું પગે લાગવું, ફૂલ ચઢાવવું કે પોતાની અંગત સમસ્યાઓ લઈને સમીર પાસે આવવું, ધીમે ધીમે સામાન્ય થવા લાગ્યું હતું... રોજનો હજ્જારો રૂપિયાનો ચઢાવો અને દાનની રકમો હવે સમીર નિ:સ્પૃહતાથી સ્વીકારી લેતો હતો!

અને છતાં, રોજ રાત્રે આંખો મીંચાય એ પહેલા એક વાર એની આંખ સામે રેવતીનો ચહેરો તરવરી જતો... સીમાની આંખોના સેંકડો સવાલો એની ઉંઘ ઉડાડી દેતા અને એ જાતને કહી બેસતો,

"પડછાયો આખા વિશ્વનો મૂઠીમાં લઈ અને,
ત્યાં કોણ અંધકારની ઓથે વહી ગયું?
અગર ભૂલો પડ્યો હોત હું ને દુ:ખ થાય એ કરતા,
ચરણને પાછા ફરવામાં ઘણી તકલીફ પહોંચી છે!"

*

ચોત્રીસ

સીમા રાજકોટ એરપોર્ટ પર ઉતરી ત્યારે એની મંગાવેલી ગાડી તૈયાર ઉભી હતી. ડ્રાઈવર સીમા મહેતાના નામનું પાટિયું લઈને ઉભો હતો. સીમા જઈને ગાડીમાં બેઠી અને એણે ડ્રાઈવરને કહ્યું, "મારે વંથલી પાસે જવું છે." ડ્રાઈવરે વગર પૂછ્યે જ માહિતી આપી, "જેટલા લોકો મુંબઈથી વેમાનમાં આવે છે, એમાંના મોટા ભાગના ત્યાં જ જાય છે, હોં બહેન... હા, થોડા લોકો વીરપુર પણ જાય છે, પણ તમને કહું, વીરપુર જેટલું જ સત છે આ બાબાનું... વંથલી, વંથલીમાં આશ્રમ છે એમનો..."

"ત્યાં શું છે?" સીમાએ પૂછ્યું.

"લો. તમને નથી ખબર?" ડ્રાઈવરે એવી રીતે કહ્યું જાણે મુંબઈથી આવતા માણસોને રજેરજ માહિતી હોવી અનિવાર્ય છે.

સીમાએ કહ્યું, "ના. શું છે ત્યાં?"

"આશ્રમ છે." ડ્રાઈવરે કહ્યું. "બાબા બહુ ચમત્કારી છે. આ પંથકમાં બહુ નામ છે એમનું. બાકી અહીંયા ગામેગામ છોકરીઓની સ્કૂલો, પીવાના પાણીની સગવડ અને બીજી કેટલીય મદદ કરી છે બાબાએ."

"એમ?" સીમાએ પૂછ્યું. આમ સાધુબાવાઓમાં જરાય ન માનતી સીમાને આ આધુનિક બાબામાં રસ પડી ગયો.

"અંગ્રેજી હોત બોલે છે." ડ્રાઈવરે કહ્યું. સીમા ચૂપચાપ સાંભળતી રહી. "દેશ-વિદેશમાં એમના ભક્તો છે. ગુરુપૂર્ણિમાને દિવસે તો ઘણીવાર મારે બબ્બે ફેરા થઈ જાય મારે..." ડ્રાઈવર બોલી રહ્યો હતો પછી અચાનક ચૂપ થઈ ગયો. પછી થોડીવાર ચૂપચાપ ગાડી ચલાવતો રહ્યો... "બાબા નથી રહ્યા હવે..." ડ્રાઈવરે સીમાને સહેજ દુ:ખી અવાજે કહ્યું.

"શું થયું?" સીમાએ કેઝયુઅલી પૂછ્યું.

"સમાધિ લીધી." ડ્રાઈવરે કહ્યું. "એમના વારસને ગાદી સોંપીને સમાધિ લીધી બાબાએ..."

"હં..." હવે એનું બહુ ધ્યાન નહોતું. એનું મન ગણતરી કરવા માંડ્યું હતું કે ટેલિફોનબુથ પર જઈને સમીરની તપાસ કઈ રીતે કરવી... ડ્રાઈવર હજી યે બાબાના ગુણગાન ગાઈ રહ્યો હતો. "કોઈ ધાંધલ નહીં, કોઈ ધમાલ નહીં. એક મુઠ્ઠી માટી સોંપી અને સમીરમાંથી સમીરાનંદબાબા કરી નાખ્યા..."

"શું બોલ્યો?" સીમા અચાનક ચોંકી.

"હું?" ડ્રાઈવરે પૂછ્યું... "હું તો... કંઈ નથી બોલ્યો." ડ્રાઈવરે કહ્યું ગભરાઈને...

"નામ... નામ શું બોલ્યો તું?" સીમાએ કહ્યું.

"કોનું?" ડ્રાઈવર હજી ગભરાયેલો હતો.

"આ બાબાનું. નવા બાબાનું..." સીમાએ કહ્યું.

“સમીરાનંદબાબા” ડ્રાઈવરે જવાબ આપ્યો અને સીમા પાછલી સીટમાંથી આગળની તરફ ઝૂકી ગઈ. એણે ડ્રાઈવરના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું:

“જલદી લઈ લે તારા બાબાના આશ્રમ તરફ.” કોણ જાણે કેમ સીમાને ખાતરી થઈ ગઈ કે આ એનો જ સમીર હતો...

*

સમીર સવારના પ્રવચનમાંથી પાછો ફરી રહ્યો હતો. એની ખાસ સૂચના હતી કે ભક્તોના ટોળાં એની પાછળ પાછળ ન આવે... એને કોઈ પગે લાગે એ નહોતું ગમતું... શરૂઆતમાં! ધીમે ધીમે એને એ ચરણમાં ઝૂકનારા લોકોનું વ્યસન થવા લાગ્યું. સમીર એક મહિનાની અંદર તો જાણે સમૂળગો માણસ જ બદલાઈ ગયો હતો... જે સમીર સાધુ-બાવાઓની ઠેકડી ઉડાડતો, જે સમીર વ્યક્તિપૂજાની તદ્દન વિરુદ્ધ હતો, જે સમીર એમ માનતો કે ઇશ્વરનું પણ અસ્તિત્વ છે કે નહીં એ સવાલ છે એ સમીર આજે પોતે જ ઈશ્વર બની બેઠો હતો. ઇશ્વરાનંદજીએ પોતે જીવ્યા ત્યાં સુધી સતત એવું કહેવાનો પ્રયાસ કર્યો કે હું ઇશ્વર નથી. પરંતુ સમીર જરા જુદો હતો. એણે વગર કહ્યે, વગર બોલે પોતાની જાતને ઇશ્વર તરીકે એસ્ટાબ્લીશ કરવા માંડી હતી. એક મહિનામાં તો લોકો માનવા માંડ્યા હતા કે સમીર ઇશ્વરાનંદજીની સાથે સાથે સ્વયં ઇશ્વરનો પણ અંશ છે!

ભાષા ઉપરનો એનો ગજબનો કાબુ પહેલેથી જ હતો. વિશાળ વાંચન હવે એને કામમાં આવી રહ્યું હતું... સમીરની વાણીમાં લોકો વહી જતા. જાતજાતના અને ભાતભાતના ઉદાહરણો સાથે સમીર જીવન વિશે વાત કરતો. જીવન અને મૃત્યુની વાત કરતો. રોજેરોજના સંબંધો વિશે બોલતો. માણસની ફિતરત અને સ્ત્રી-પુરુષના સંબંધો વિશે સહેજપણ અચકાયા વિના જાહેરમાં પ્રવચન કરતો. લોકોને આ નવા વિચારો ધીમે ધીમે ગોઠવા લાગ્યા હતા. નવી પેઢીને સમીરમાં સાધુ કરતાં વધારે વિચારકના કે ફિલોસોફરના દર્શન થતા. જે લોકો એને ભગવાન તરીકે નહોતા સ્વીકારતા, એ પણ એના જ્ઞાન માટે, એની વાણી માટે, એના પ્રસંશક બનવા લાગ્યા હતા. ખૂબ ઓછા ગાળામાં સમીરે ખૂબ નામ કમાઈ લીધું હતું...

એ સાધુના વસ્ત્રો નહોતો પહેરતો, સફેદ ઝભ્ભો, જે ઘૂંટણથી પણ લાંબો રહેતો અને નીચે જીન્સ એનો પહેરવેશ હતો. એ લોકોને કહેતો કે આ જીન્સ નવી પેઢીનું, શ્રમજીવી સમાજનું પ્રતિક છે અને આ સફેદ ઝભ્ભો શાંતિનું, વ્હાઈટ કોલર (પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ)નું પ્રતિક છે, હું આ બંનેને ભેગા કરીને એક નવો સમાજ રચવા માગું છું... ઇચ્છું છું કે એ સમાજમાં સૌ આ સફેદ ઝભ્ભા અને જીન્સની જેમ સાથે સાથે રહે અને એકબીજાના પૂરક બને...

ઈશ્વરાનંદજીના પ્રવચનમાં હજાર-પંદર સો માણસ રહેતા. સમીરને સાંભળવા રોજેરોજ આવનારાઓની પણ ખોટ નહોતી. લોકો ઉભા રહીને, હકડેઠઠ ભેગા થઈને સમીરનું પ્રવચન સાંભળતા.

અને ખરું પૂછો તો સમીરને હવે એનો નશો ચઢવા લાગ્યો હતો!

અને સમીર પણ જાણે વરસોથી આજ રૂટિનમાં ગોઠવાયેલો હોય એમ જીવી રહ્યો હતો. સાડા પાંચ વાગ્યે જાગવાનું, પછી ધ્યાન... દૂધ અને ફળાહાર કરીને એ પ્રવચન માટે જતો. પ્રવચન પૂરું થયા પછી આશ્રમના કામો જોતો... અને પછી મુલાકાતો!

દોઢ વાગ્યે લંચ... લંચમાં માત્ર સલાડ અને ઉગાડેલા કઠોળની સાથે બે રોટલી અને મલાઈ કાઢેલું દહીં...

લંચ પછી વિશ્રામ અને પછી ફરી મુલાકાતોનો સમય. સાંજના પ્રાર્થના અને સાડા સાત વાગ્યે પ્રાર્થના કર્યા પછીનો સમય એ એકાંતમાં ગાળતો...

આ જ ઇશ્વરાનંદજીનું રૂટિન હતું જેમાં સમીર જાણે આ રૂટિન જીવવા માટે જ જન્મ્યો હોય એટલી સરળતાથી ગોઠવાઈ ગયો હતો. સમીર જાણે આ આશ્રમમાં, આ વાતાવરણમાં જ જીવવા માટે જન્મ્યો હોય, એવું આશ્રમવાસીઓને એક મહિનામાં પ્રતિત થઈ ગયું હતું!

સાડા સાત પછીનો સમય ક્યારેક સમીરને ખાઈ જતો.

રેવતીનું શું થયું હશે, સીમા ક્યાં હશે? પોતે પહોંચવાનું વચન આપ્યા છતાં ન પહોંચ્યો તો એના મા-બાપનું શું થયું હશે, એ વિચાર એને આવતો ખરો, પણ પછી એણે પોતે જ નક્કી કરેલા કેટલાક નિયમો મુજબ કોઈને સંપર્ક ન કરવાનો નિર્ણય એને યાદ આવતો, અને એ મન મારીને રહી જતો.

એણે નક્કી કર્યું હતું, જૂની યાદોને ભૂલાવી દેવાનું. જો એમ ન કરે તો એનું અહીંયા ટકવું, જીવી શકવું અશક્ય હતું... આમ તો જતા એને કોઈ રોકે એમ નહોતું પણ, કોઈ એક અગમ્ય કારણસર એની આ જમીન, આ આશ્રમ છોડીને જવાની હિંમત નહોતી થતી...

ધીમે ધીમે એને આ ગાદીનો પાવર અને આશ્રમના પાયામાં રહેલા ટ્રસ્ટના કરોડો રૂપિયામાં રસ પડવા માંડ્યો હતો. લોકોનું ચરણમાં ઝૂકવું... એને ગમવા લાગ્યું હતું. મોટા મોટા કરોડપતિઓ, ઇન્ડસ્ટ્રીયાલિસ્ટો, રાજકારણીઓ અહીં આવતા... અહીં રહેતા રહેતા એને સમજાયું હતું કે ઈશ્વરાનંદજીના ભક્તોનું લિસ્ટ ઘણું મોટું હતું... એમાં ખૂબ મોટા મોટા નામોનો સમાવેશ થતો હતો અને આ બધી વાતોએ એને બાંધી દીધો હતો આ જગ્યા સાથે...

સમીર સવારના પ્રવચનમાંથી પાછો ફરી રહ્યો હતો. સવારે આપેલું પ્રવચન જાણે મનોમન ફરી એકવાર દોહરાવી રહ્યો હતો સમીર.

સમીરનો અવાજ ડિસેમ્બરની સવારની કડકડતી ઠંડીમાં આશ્રમના પ્રાંગણમાં ગૂંજી ઉઠ્યો હતો. "મહાવીરમાં એક રંગ છે, બુદ્ધમાં એક રંગ છે, રામમાં એક રંગ છે, કૃષ્ણમાં બધા જ રંગ છે. એટલે જ કૃષ્ણને આપણે પૂર્ણાવતાર કહ્યા છે. આ જગતની કોઈ પણ ચીજ કૃષ્ણને છોડવી પડતી નથી. એ બધાને જ આત્મસાત્ કરે છે. મોરપીંછનો મુગટ એ વાતનું પ્રતીક છે કે કૃષ્ણમાં બધા જ રંગ સમાય છે. કૃષ્ણ ઇન્દ્રધનુષ છે, જેમાં પ્રકાશના બધા જ રંગ સમાયા છે. કૃષ્ણ ત્યાગી નથી, કૃષ્ણ ભોગી છે, કૃષ્ણ એવો ત્યાગી છે, જે ભોગી છે. કૃષ્ણ એવો ભોગી છે, જે ત્યાગી છે. કૃષ્ણ હિમાલય ભાગી નથી ગયા, બજાર વચ્ચે છે. યુદ્ધના મેદાન પર છે ને છતાં પણ કૃષ્ણના હૃદયમાં હિમાલય છે. એવું જ એકાંત, એવી જ શાંતિ, એવો જ અપૂર્વ સન્નાટો, કૃષ્ણ અદ્ભુત અદ્વૈત છે. કૃષ્ણે કશાયની પસંદગી નથી કરી, બધા જ રંગો પરમાત્માના છે. કૃષ્ણ રંગ છે, રાગ છે, કૃષ્ણ જીવનના સંગીતથી ભર્યાભર્યા છે. કૃષ્ણનું વક્તવ્ય વિરોધાભાસી લાગે, કારણ કે બધા જ રંગ છે, અનંત રંગોનો મેળો છે. મહાવીરનો સ્વર બિલકુલ સ્પષ્ટ છે. કૃષ્ણનો સ્વર અકળ છે, અટપટો છે. કૃષ્ણમાં ત્રણે ગુણો એકસાથે છે."

પોતાના વિશે જાહેરમાં કહેતા એ સહેજ પણ અચકાતો નહીં. લોકોને એ વાત ખૂબ સ્પર્શી જતી. એણે પોતાના જન્મની વાત, ગોમતીની વાત, બાબા ઇશ્વરાનંદજીની વાત એટલી તો નાટકીય રીતે રજૂ કરી હતી કે સમીર વિશે એના વિરોધીઓને પણ માન થવા લાગ્યું હતું.

પોતાના જન્મની વાત કહેતી વખતે એ કહેતો, "આ અનુભવને કારણે હું એકલો ને એકલવાયો થતો ગયો. એકલતા મારી પ્રકૃતિ થઈ ગઈ. નાનાના મૃત્યુને કારણે જાણે કે મારી તમામ આસક્તિઓનું મૃત્યું થયું અને એટલે જ હું કોઈ સાથે આત્મીય થયો નહીં. જરાક આસક્તિનો તાર રણઝણે એટલે તરત જ મારી આંખ સામે તાકતું મરણ દેખાય અને એટલે જ હું કોઈ પણ સાથે સહેજ પણ આસક્ત થાઉં છું ત્યારે મને પહેલો વિચાર આવે છે કે આજે નહીં તો કાલે આ માણસ ભરી મહેફિલમાંથી ઊઠી જશે."

"પ્રેમ અને મૃત્યુ એકમેકના પર્યાય છે; એમણે મૃત્યુની દુર્ભાગ્યની ઘટનાને કાયાકલ્પ અને માયાકલ્પ અને સંકલ્પ દ્વારા સૌભાગ્યમાં પલટી નાખી. "બીજું કોઈ મારું કેન્દ્ર બને અને હું મારું કેન્દ્ર ચૂકી જાઉં એ બને નહીં." આમ, એમના મતે, કેન્દ્રમાં જાત ખરી, પણ સ્વકેન્દ્રીના અર્થમાં નહીં. એમની માન્યતા છે કે બીજાઓ જે સુખ આપે છે, એના અંતે દુ:ખ છે. બીજાઓ સુખની આશા આપતા હોય છે, સુખ નથી આપતા અને અહીં જ દુ:ખનો પ્રારંભ થાય છે."

આજના પ્રવચન પછી પોતાના કોટેજ તરફ પાછા જતી વખતે સમીરને કોણ જાણે કેમ સીમાનો વિચાર આવ્યો. એણે નક્કી કર્યું કે આવતી કાલના પ્રવચનમાં એ યશોદા અને કૃષ્ણના સંબંધો વિશે બોલશે...

સમીર હજી કોટેજમાં જઈને બેઠો હતો કે સીમાની ગાડી આશ્રમના કમ્પાઉન્ડમાં દાખલ થઈ. ગાડીમાંથી ઉતરીને સીમા ઑફિસ તરફ ગઈ. મુનશીજી એ જ રીતે બેઠા હતા, ચશ્માં પહેરીને... એ જ રીતે એમની આસપાસ ચાર-પાંચ માણસોનું ટોળું હતું... સીમાએ દાખલ થઈને હાંફળાફાંફળા અવાજે કહ્યું, "મારે... મારે સમીરને મળવું છે."

મુન્શીજીએ ચશ્માં નાકની દાંડી સુધી ઉતારીને સીમા તરફ જોયું, "કોને...કોને મળવું છે?"

"સમીરને." સીમાએ કહ્યું.

"તમે કોણ છો?" મુન્શીએ પૂછ્યું. આસપાસ ઉભેલા લોકોએ પણ સીમાને ધ્યાનથી જોઈ. આટલા મોટા વિદ્વાન સાધુને સમીર કહેનારી આ સ્ત્રી કોણ હતી, એવો વિચાર વગર પૂછે પણ એમની આંખોમાં આવી ગયો હતો.

"હું? હું એની મા છું." સીમાએ ભરાઈ આવેલા ગળે કહ્યું. એનો સમીર અહીં જ હતો એ વાત નક્કી થઈ ગઈ... "મારે એને મળવું છે, હમણાં જ..."

"અપોઇન્ટમેન્ટ છે?" મુનશીએ પૂછ્યું.

"એક મા પાસે અપોઇન્ટમેન્ટ માગો છો, છેક મુંબઈથી આવી છું હું." સીમાના અવાજમાં ઉશ્કેરાટ હતો અને પીડા પણ... એની આંખોમાં પાણી ધસી આવ્યા હતા. દસ જાતના વિચારો એના મગજમાં ચાલુ થઈ ગયા હતા. કઈ પરિસ્થિતિએ એને અહીં લાવી મૂક્યો હશે? સાધુ થવાની ફરજ કઈ રીતે પડી હશે એને? શું એને રેવતીના લગ્ન વિશે જાણ હશે, એટલે આવું કર્યું હશે કે પછી એણે આવું કરતા પહેલા રેવતી સાથે વાત કરી હશે...

અમારો વિચાર પણ નહીં આવ્યો હોય? પાછો આવશે કે નહીં આવે? સીમાની આંખો વહી નીકળી હતી. મુન્શી એની સામે જોઈ રહ્યા હતા. કોણ જાણે કઈ પીડાએ, સીમાની આંખોના કયા ભાવે મુન્શીને મજબૂર કરી દીધા.

“રડો નહીં બહેન, તમને ખાતરી છે કે એ તમારો દીકરો જ છે?” મુન્શીએ પૂછ્યું.

“હા હા. મને ખાતરી છે.” સીમાએ ખૂબ ઉંચા અવાજે કહ્યું.

“ઓ.કે. ઓ.કે.” મુન્શીજીએ કહ્યું, “હું એમને પૂછું છું.” પછી એમણે ફોન ઉઠાવ્યો અને કોટેજની બહારના રિસેપ્શન પર જોડ્યો “મુન્શી બોલું છું. એક બહેન આવ્યા છે.” સીમાને પૂછ્યું, “શું નામ બહેન?”

“સીમા. સીમા મહેતા, હું મા છું એની.” સીમાએ અધીરા થઈને કહ્યું.

“સીમા મહેતા” મુન્શીએ ફોનમાં કહ્યું. “બાબાના...” પછી અચકાઈને કહ્યું, “માતાજી છે...” પછી અચકાઈને ઉમેર્યું, “એમ કહે છે.”

“કહે છે નહીં, હું છું...” સીમાએ બૂમ પાડીને કહ્યું. મુન્શીએ ફોન મૂકી દીધો. સીમાએ ફરી અધીરા થઈને પૂછ્યું, “શું કહે છે?”

“જવાબ આપે છે.” મુન્શીએ કહ્યું.

આટલા દિવસો રાહ જોયા પછી સીમાથી આ થોડીક પળોની ધીરજ પણ નહોતી રખાતી...

“ક્યાં છે એમનું ઘર?” સીમાએ પૂછ્યું.

“ધીરજ રાખો બહેન...” મુન્શીએ કહ્યું. “હમણાં જવાબ આવશે.” અને રાહ જોઈ રહેલા બીજા લોકો સાથે કામ પતાવવા માંડ્યા. પાંચ-સાત મિનિટ થઈ હશે. સીમા અકળાઈ ગઈ હતી.

“ફોન કરોને.” એણે મુન્શીને કહ્યું.

“એમ ઘડી ઘડી ફોન ના કરાય.” મુન્શીએ કહ્યું, “બેસો અને જરા ધીરજ રાખો.” અને પટાવાળાને પાણી આપવાનું કહ્યું...

પટાવાળો પાણીનો ગ્લાસ લઈને આવ્યો અને સીમાએ હાથમાં ગ્લાસ ઉંચક્યો એ જ પળે સમીર મુન્શીની ઑફિસમાં દાખલ થયો.

“મા...” સમીરે કહ્યું.

સીમાના હાથમાંથી ગ્લાસ પડી ગયો. મુન્શી અને ત્યાં ઉભેલા તમામ લોકોના મોંઢા ખૂલી ગયા. અવાચક બનીને જોઈ રહેલા લોકોને એ નહોતું સમજાતું કે સમીરની સાદગીની પ્રશંસા કરવી કે એની સચ્ચાઈની... એમને માટે તો આ એમના ભગવાનનો, ઇશ્વરના અંશનો એક અદ્‌ભુત પ્રસંગ હતો... સીમા દોડી એનો પગ ઢોળાયેલા પાણી પર પડ્યો, લપસવાની તૈયારીમાં હતી કે સમીરે એને પોતાના હાથમાં ઝીલી લીધી. સીમા સમીરને ગળે વળગી ગઈ. સમીરની છાતી પર મુકાયેલું સીમાનું માથું ડૂસકાંની સાથે વારે વારે ઉંચકાઈને સમીરની છાતી સાથે પાછું પટકાતું હતું. સીમા દિલ ફાડી નાખે એવું રડી રહી હતી...

મુન્શીજી અને ત્યાં ઉભેલા લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી. સમીર તદ્દન નિર્લેપભાવે સીમાની પીઠ પર હાથ ફેરવી રહ્યો હતો. એની આંખોમાં સાવ આછી ભીનાશ હતી, પણ આંસુ નહોતા... આ નિર્લેપતા આંસુને પીવાની આ આદત કદાચ આશ્રમની દેન હતી એને!

સીમા ક્યાંય સુધી ધ્રૂસકે ધ્રૂસકે રડતી રહી. સમીર એમ જ ઉભો રહ્યો. એની પીઠ પર હાથ ફેરવતો અને બાકીના લોકો જાણે ફિલ્મ જોતા હોય એમ ચિત્રવત્ થઈ ગયા હતા...

ખાસ્સીવાર પછી ડૂસકાં શમ્યા. ત્યારે સમીરે સીમાને પૂછ્યું, "જઈશું?"

સીમા એક અક્ષર બોલ્યા વિના છૂટી પડી. એણે પર્સમાંથી રૂમાલ કાઢ્યો, આંખો લૂછી અને સમીર સામે જોયું. સમીરે એના ખભે હાથ મૂક્યો અને ધીમે ધીમે એને કોટેજ તરફ લઈને ચાલવા લાગ્યો. સીમાને સેંકડો સવાલો પૂછવા હતા. સમીરને પણ ખાસ્સી વાતો કરવી હતી પણ બંને જણા પહેલા કોણ શરૂ કરે, એની રાહ જોતા હતા. કોટેજમાં આવીને સમીર ગાદી પર ગોઠવાયો. સીમા એને અપલક જોઈ રહી.

ક્યાં એનો લાડકો, હેન્ડસમ, ક્લિન શેવ્ડ, પરફ્યુમ અને આફ્ટર શેવની સુગંધથી મહેકતો, બ્રાન્ડેડ સનગ્લાસીસ અને શ્રેષ્ઠ કપડા પહેરતો લક્ઝરી લવિંગ સમીર અને ક્યાં આ સફેદ ઝભ્ભો અને જીન્સ પહેરેલો... ગાદી પર ગોઠવાયેલો એક મહિનાની દાઢી વધારેલો, સાદો અને સંયત દેખાતો સમીર. એક પળ માટે એને લાગ્યું કે આ એનો સમીર નહોતો, આ કોઈ બીજું જ હતું...

"નથી ઓળખાતો ને?" સમીરે મૌન તોડ્યું.

"ના." સીમાએ કહ્યું. પછી સમીર સામે ભીની આંખે જોઈને ઉમેર્યું, "કેમ સમીર? વ્હાય?"

"એ તો મને પણ નથી ખબર... પણ મુંબઈથી નીકળ્યો ત્યારે અહીં પહોંચવાનું નક્કી હતું... મારા મનમાં નહીં, ઇશ્વરના મનમાં. કદાચ એટલે જ લગ્ન કરું એ પહેલાં એણે મને નીકળવાનું કહી દીધું..."

"પણ તું અહીં..."

"લાંબી વાત છે." સમીરે કહ્યું. "રોકાઈશને તું બે-એક દિવસ, કહીશ બધું શાંતિથી... પણ એક વાત કહી દઉં, આ જગ્યા, આ આશ્રમ, આ જમીન સાથે મારા મૂળ જોડાયેલા છે... હું જે શોધવા નીકળ્યો હતો, એ મળ્યું મને..."

"એટલે?"

"આ આશ્રમ મારા પિતાનો છે, આઈ મીન મારા બાયોલોજિકલ ફાધરનો... ઇશ્વરાનંદજીનો. એમની અંતિમ ઇચ્છા હતી કે હું આ આશ્રમ સંભાળી લઉં..."

"પણ તે એમને કહ્યું નહીં કે તું મુંબઈ... આઈ મીન હું... આઈ મીન તારા પપ્પા... એટલે કે રેવતી..."

"એટલો સમય જ ના રહ્યો મા. એમણે મારી એટલી રાહ જોઈ હતી કે મારા આવ્યા પછી રાહ જોવાની એમની તૈયારી જ નહોતી... એમને પણ નીકળવાની ઉતાવળ હતી જાણે..." સમીર જાણે અનંતમાં જોઈને બોલતો હતો...

"એટલે તું ઘેર પાછો નહીં આવે?" સીમાએ પૂછ્યું, જવાબ જાણતી હોવા છતાં...

સમીર હસી પડ્યો. એના એ હાસ્યમાં સીમાના તમામ સવાલોના જવાબો હતા. એની તમામ ફરિયાદોના ઉકેલ હતા. એણે આટલા દિવસ વહાવેલા આંસુના એક-એક ટીપાંનો હિસાબ હતો અને આટલા વરસોની મમતાનો

વ્યાજ સહિતનો બદલો હતો...

એ પછી, ન સીમાએ કંઈ પૂછ્યું, ન સમીરે કંઈ કહ્યું.

ન સમીરે કંઈ પૂછ્યું, ન સીમાએ કંઈ કહ્યું...

બે દિવસ રોકાઈ સીમા. બંને દિવસ એણે સમીરના પ્રવચન સાંભળ્યા. શ્રોતાઓના ઘણાની જેમ સીમા પણ પ્રવચન દરમ્યાન ધ્રૂસકે ધ્રૂસકે રડી...

ત્રીજા દિવસની સવારે જ્યારે સીમા જવા નીકળી, ત્યારે ગાડીમાં બેસતા પહેલા એણે સમીરને કહ્યું, "રેવતીના લગ્ન થઈ ગયા છે. સુજય નામના એક ડૉક્ટરની સાથે..."

થોડીક ક્ષણો શાંત રહ્યો સમીર, પછી સીમાની આંખોમાં જોયું...

કથ્થઈ બ્લુ રંગની એ આંખો સમીરની જ હતી. એ સમીરની જેને એણે બાળપણથી ઉછરતો જોયો હતો. આ આંખો જાણે સાવ અજાણી, પહેલી જ વાર જોતી હોય એવી લાગી સીમાને!

થોડીક ક્ષણો શાંત રહ્યા પછી સીમાની આંખોમાં જોઈ સમીરે કહ્યું, "મારું છેલ્લું ઋણ પણ ચૂકવાઈ ગયું... આને જ કદાચ મુક્તિ કહેતા હશે!" અને પછી સીમાને દરવાજો ખોલીને ગાડીમાં બેસાડી. ગાડી સીમાને લઈને મંદિર પરિસરની બહાર નીકળી ત્યારે આખાય પરિસરમાં ઉભેલો શ્વેત વસ્ત્રધારી સમીર પોતાની પાંચ ફૂટ અગિયાર ઇંચની ઉંચાઈથી આખા ય પરિસરને આવરી લેતો હોય એમ એકલો છતાં, પરિસરને ભરી દેતો ઉભો હતો...

*

સીમા ગાડીમાં બેઠી બેઠી વિચારતી હતી, આ સમીરમાં સાધુત્વના, ત્યાગના જીન્સ - ગુણો કદાચ પહેલેથી જ હતા.

સમીરના સ્કૂલ-કૉલેજના દિવસોમાં એને ગર્લફ્રેન્ડ્ઝની કમી નહોતી.

ફ્લર્ટિંગ, ડેટિંગ, રોમેન્સિંગ અને ગુજરાતીમાં જેને લફરાંબાજી કહીએ એ સમીરનો ફેવરિટ ટાઇમપાસ હતો. પણ સાથે સાથે એને એના ધ્યેયની, એના ગોલની પાકી ખબર હતી...ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં એ કૉલેજમાં, ક્લાસમાં ટોપ કરતો રહ્યો...આઈ.આઈ.એમ.માં એડ્મિશન લીધું - અહીં પણ એની ગણના જિનિયસ વિદ્યાર્થીઓમાં થતી...

દારૂ-ચરસ-સિગરેટ - અને સ્મેક સુધ્ધાં...એવું કશું જ નહોતું, જે સમીરે 'ટ્રાય' ના કર્યું હોય!!

અને છતાં, કદી કોઈ વ્યસનમાં ફસાયો નહોતો...સમીરની આખી પર્સનાલિટીમાં, એના વ્યક્તિત્વમાં કશું એવું હતું - જે સામાન્ય માણસની સમજ બહારનું હતું...કશું અપાર્થિવ...કશું અલૌકિક...

જે એને આ તમામ પ્રલોભનોથી દૂર રાખતું - અને છતાં, ક્યારેય કોઈ ભૌતિક આનંદોથી વંચિત નહોતું રહેવા દેતું!!

સીમાએ એકવાર સમીરની કુંડળી બતાવી હતી કોઈને... ત્યારે એ જ્યોતિષે સીમાને કહ્યું હતું, "ગૌતમ બુદ્ધ

જેવી કુંડળી છે આ છોકરાની. ચોથું સ્થાન શનિના પ્રભાવમાં છે... ઉચ્ચનો ગુરુ અને શુક્ર ધરાવતો આ છોકરો સ્વગૃહી બુધ ધરાવે છે. ગજબની વાણી અને જ્ઞાન હશે આ છોકરા પાસે. સુંદર ભણશે, વૈભવમાં જીવશે, પણ સુખસ્થાનમાં શનિ એ બહુ સારી વાત નથી બહેન..."

"કેમ?"સીમાએ ગભરાઈને પૂછ્યું હતું.

"આ સાધુની કુંડળી છે બહેન." જ્યોતિષીએ ખૂબ આત્મવિશ્વાસથી કહ્યું હતું.

"એટલે?" સીમાએ વધુ જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

"બહેન, તેન ત્યક્તેન ભૂંજીથા:, સાંભળ્યું છે?" જ્યોતિષીએ પૂછ્યું હતું. "ત્યાગીને ભોગવવાની વાત છે બહેન... આની પાસે કરોડો રૂપિયા રહેશે પણ મન વિરક્ત રહેશે... ત્યાગની વિરક્તીની, વિતરાગની કુંડળી છે આ... અને છતાં, જીવનની ખૂબ નજીક છે. ભરપૂર જીવશે પણ ત્યાગીને!"

ત્યારે એ જ્યોતિષને બહુ સિરીયસલી નહોતો લીધો સીમાએ, કહો કે હસી જ કાઢ્યો હતો!

વળી, પોતાને મળેલી જન્મતારીખ અને સમય ખોટા પણ હોઈ શકે, એવું ધારીને મન મનાવ્યું હતું એણે... આમેય જન્મકુંડળીઓ, જ્યોતિષીઓ અને સાધુ-સંતોમાં સીમાને બહુ વિશ્વાસ નહોતો. જો સીમાને ગમતું, આનંદ થાય એવું ભવિષ્ય ભાખ્યું હોત પેલા જ્યોતિષે તો સીમાએ સ્વીકાર્યું પણ હોત, કદાચ!

ગાડીમાં બેઠેલી સીમા એ ભવિષ્યકથનને અક્ષરશ: સાચું પડતું જોઈને આવ હતી...આવડા મોટા મંદિર પરિસર, આવડું મોટું સંકુલ, આ જમીન, આ પ્રોપર્ટી, આટલા ભક્તો, આટલો પાવર અને છતાં સમીરની આંખો સાવ જુદી, સાવ ખાલી લાગી હતી એને...

રાજકોટથી પ્લેનમાં બેસતી વખતે સીમાએ મનોમન સમીરને પોતાના ઋણમાંથી પણ મુક્ત કરી દીધો. એટલું જ નહીં, મુંબઈ આવીને એક પત્ર પણ લખી દીધો...

"સમીર,

તને મળવા આવી ત્યારે અનેક સવાલો, અનેક ફરિયાદો કેટલોય કલેશ હતો મનમાં. નક્કી કરીને આવી હતી કે તને પૂછીશ, 'અમે તને ઉછેર્યો એનો આ બદલો છે?' નક્કી કર્યું હતું કે તારી પાસે અમારા પ્રેમનો, અમારી લાગણીનો, અમારી મમતાનું વ્યાજ માગીશ. તને યાદ કરાવીશ, અમારું ઋણ, અમારું દેવું...

તને મળ્યા પછી મન શાંત થઈ ગયું છે. તું જે સ્થિતીમાં છે. એમાં સુખી છે, અને વધુ ને વધુ સુખી થઈશ, એવું જોઈ શકી છું, હું. અને કોઈપણ મા પોતાના સંતાન માટે સૌથી પહેલા અને સૌથી છેલ્લી વસ્તુ જે ઇચ્છે, એ સુખ જ છે. તને તારું સુખ, તારી દિશા મળી ગઈ એનાથી વધારે અમારે શું જોઈએ...

ગોકુળથી નીકળ્યા પછી શ્રીકૃષ્ણ પણ ક્યારેય યશોદાને મળવા ગયા નથી કે નથી યશોદા દ્વારિકા ગયા અને છતાં એને યશોદાનંદન કહેવાય છે. કૃષ્ણલીલામાં યશોદાને ગાનારા કવિઓ અમર થઈ ગયા છે.

તે જે સમય અમારી સાથે ગાળ્યો, એ પરસ્પર સુખનો સમય હતો. તે મને મા બનવાનું ગૌરવ અને મમતાની લાગણી અનુભવવાની તક આપી. મેં તારો ઉછેર કર્યો...

અમારા તરફથી કોઈ ઋણ કે દેવુ નથી તારા પર. આજથી તું સંપૂર્ણપણે મુક્ત છે! ઋણ નથી એટલે ઋણાનુંબંધ નથી એમ ના માનતો... આવતા જન્મે ફરી તારી મા બનવું ગમશે મને...

તારા ડેડી તારે વિશે જાણીને શાંત થઈ ગયા છે.

અમે તને યાદ કરીશું, ફરિયાદ નહીં કરીએ હવે.

ઇશ્વર હંમેશાં તારી સંભાળ લેશે અને તને સાચો રસ્તો બતાવશે એવો મને વિશ્વાસ છે.

તારી મા,
સીમા."

પત્ર વાંચીને મુંબઈમાં પંકજભાઈ અને વંથલીમાં સમીર ધ્રૂસકે ધ્રૂસકે તો ન રડ્યા પણ બંનેની આંખોમાંથી આંસુની ધાર જરૂર વહી નીકળી!

*

પત્ર મળ્યાના બીજા દિવસે સવારના પ્રવચનમાં સમીરે કહ્યું, "પોતાના અને પારકા આ આખી વાત આપણા મનમાં ઉભી થાય છે. જે મા જન્મ આપે એ મા સાચી, કે જે લાલનપાલન કરે તે? દેવકી ન હોત તો કૃષ્ણ ન હોત અને યશોદા ન હોત તો કૃષ્ણલીલા ન હોત...

કૃષ્ણને આઠમા સંતાન તરીકે જન્મ આપનાર ભલે દેવકી હોય, પણ કૃષ્ણને કાન્હામાંથી કૃષ્ણ બનાવનાર તો યશોદા જ છે... પોતાનાની વાત કે પોતાના અને પારકાનો ભેદ તો આપણે ઉભો કર્યો છે.

ગીતા વિશે આપણે ત્યાં અનેક ભાષ્યો થયા છે, ગીતાનો આરંભ સ્વાર્થના એક પ્રશ્નથી થાય છે: ધૃતરાષ્ટ્ર પૂછે છે,'મામકા: ' આ મામકા:ના પરાક્રમ વિશે તેઓના વિજયની એષણા વિશેની ઇંતેજારી છે. ધૃતરાષ્ટ્ર કૌરવોના પિતા છે અને પોતાના સંતાનો વિશે જ જાણવાની એમની ઇચ્છા છે. સ્વાર્થના આ પ્રશ્નની સામે અર્જુનનો વિષાદયોગ તોળવા જેવો છે. ધૃતરાષ્ટ્રને માત્ર પોતાના પક્ષે 'મામકા:' લાગે છે, સામે પક્ષે તો પાંડવો છે. જ્યારે અર્જુનને તો પોતાના પક્ષે અને સામા પક્ષે માત્ર પોતાના જ બંધુજનો દેખાય છે.

પ્રશ્ન માત્ર દૃષ્ટિનો છે. મને અહીં બેઠેલી તમામ સ્ત્રીઓ મારી મા દેખાય છે... માત્ર એમને હું પુત્ર દેખાઉં છું કે નહીં, એનો પ્રશ્ન છે...

સમીરના આ પ્રવચનમાં બેઠેલી તમામ સ્ત્રીઓ ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી... અને, સાઉથ મુંબઈના એ વૈભવશાળી ફ્લેટમાં સમીરનો રૂમ સાફ કરતી સીમા પણ એની તસવીર હાથમાં પકડીને ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી...

અને સમીર, મામકા: અને પાંડવા:, પોતાના અને પારકાના ભેદ મિટાવતો હતો...

*

પાંત્રીસ

એપ્રિલનો અંત મુંબઈમાં પુષ્કળ ઉકળાટભર્યો હતો. સવારના સાડા આઠ વાગ્યે પણ ઠંડક તો નહોતી જ. રેવતીની આંખ ખૂલી ત્યારે બેડરૂમનું એરકન્ડિશનર આખી રાત ચાલીને થાકી ગયું હતું... રૂમમાં ખાસ્સી ઠંડક હતી. પણ પડદો ખોલીને બહાર જોતા જ રેવતીને સમજાયું કે તડકો નીકળી આવ્યો હતો. એની નજર બાજુમાં ખાલી થઈ ગયેલા પલંગ પર પડી. બાથરૂમમાંથી શાવરનો અવાજ આવતો હતો. સુજય નાહી રહ્યો હતો કદાચ... રેવતીએ ઘડિયાળ સામે જોયું.

“ઓહ માય ગોડ! સાડા આઠ! આટલી બધી ઉંઘ કેમ આવતી હતી આજકાલ?” રેવતી મનોમન ગિલ્ટી ફીલ કરતી રહી. ઉઠતાની સાથે પથારી છોડવાનું મન નહોતું થતું. શરીરમાં એક પ્રકારનું આળસ - એક પ્રકારની સુસ્તી રહેતા. રસોડામાં તો જવાનું જાણે ગમતું જ નહોતું. ઉભરાતા દૂધની સુગંધ, ઉકળતી દાળની વાસ કે શાકનો વઘાર રેવતી માટે અસહ્ય બની રહેતાં...

તરત જ ઉલટી થઈ જતી અને જેવી રેવતી ઉલટી કરે કે રંજનબેન ઉહાપોહ કરી મૂકતા, “પણ શું કામ આવે છે રસોડામાં? તારી તબિયત સંભાળ, અમસ્તી યે કેટલી પાતળી છે. ડૉક્ટર પણ કહે છે, વજન વધારો, વજન વધારો, માંડ માંડ ખાય છે અને ખાય એટલે કાઢી નાખે છે. આમ કેમ ચાલશે રેવતી બેટા?”

ને વાત પણ સાચી હતી. રેવતીને છઠ્ઠો મહિનો પૂરો થવા આવ્યો હતો પણ હજી યે એના પેટમાં કશું સારી રીતે ટકતું નહોતું. નાની અમથી વાસને કારણે રેવતીના પેટમાંથી બધું જ નીકળી જતું.

રંજનબહેન કોઈનો ય વિશ્વાસ નહોતા કરતા. એમના પતિ, રેવતીના સસરા મહેન્દ્રભાઈ પોતે પિડિયાટ્રિશિયન હતા. પણ રંજનબહેન એમને ય ખખડાવી નાખતા, “તમને શું સમજ પડે? તમે બાળકોના ડૉક્ટર છો. બાળક આવે પછી સલાહ આપજો... ચલો, આઘા રહો...”

સુજયને પણ એ બહુ ગાંઠતા નહીં. “આ પ્લાસ્ટિક સર્જરી નથી કરવાની, પેટમાં રહેલા જીવતા-જાગતા બાળકનો સવાલ છે. ચામડી અહીંથી ઉખાડીને ત્યાં નથી ચોંટાડવાની, સમજ્યો કે પછી વાંકા નાક સીધા નથી કરવાના, સમજ્યો?” સુજય પણ હસી પડતો. એની માને કોઈના પર વિશ્વાસ નહોતો. આવનારા બાળકની દેખભાળ એ જાતે-પોતે કરવા માગતી હતી. ખાસ કરીને રેવતીની બાબતમાં રંજનબહેન સતત ચિંતિત રહેતા. દિવસમાં દસ વાર કલ્યાણીને ફોન કરતા. અઠવાડિયામાં બે વાર રેવતીના ગાયનેકોલોજિસ્ટને ફોન કરીને એમનું માથું ખાઈ જતા...

મહેન્દ્રભાઈના ખાસ મિત્રના પત્ની ગાયનેકોલોજિસ્ટ મોનાબહેન ઘણીવાર મજાક પણ કરતા:

“રંજનબહેન ઘરમાં બબ્બે-બબ્બે ડૉકટર છે, તો ય તમે મારું માથું ખાઈ જાવ છો.”

“તે ખાઉં જ ને... મુંબઈના આટલા સારા સારા ગાયનેકોલોજિસ્ટ મૂકીને તમારી પાસે કેમ આવ્યા છીએ?”

“કેમ આવ્યા છો?” મોનાબહેન પૂછતા.

“કારણ કે તમે ઘરના છો, રેવતી જેટલી મારી વહુ છે, એટલી તમારી પણ છે.”

“તો પછી મારામાં વિશ્વાસ રાખો ને...” મોનાબહેન કહેતા.

"પણ ઉલટી બંધ કેમ નથી થતી?"

"ન થાય. ક્યારેક નવ મહિના સુધી ઉલટી ચાલુ પણ રહે."

"પણ મને તો નહોતી થતી."

"દરેકની હેળ જુદી જુદી હોય. શરીરની સિસ્ટમ જુદી હોય, એક નવો જીવ - ફોરેન બોડી તમારા શરીરમાં જીવતું - જાગતું - ધબકતું હોય એની કોઈક અસર તો થાય ને રંજનબહેન? શાંતિ રાખો, તમારી વહુને કંઈ નહીં થાય."

"થશે તો તમને છોડીશ નહીં..."

રંજનબહેન મોનાબહેનને ખખડાવતા.

અને, રંજનબહેનની ચિંતા અને લાગણી સમજતા એટલે મોનાબહેન પણ એમને બહુ સિરીયસલી ન લેતા...

રેવતી રંજનબહેનના લાડથી - આળપંપાળથી અને લાગણીથી ભીની ભીની થઈ જતી. આટલું તો કદાચ કલ્યાણી પણ ન કરે... એને લાગતું!

એ સાડા આઠે ઉઠતી, ઘણી વાર તો નવ પણ વાગી જતા. ઉઠે ત્યારે કાં તો સુજય ચાલ્યો ગયો હોય અને કાં તો બંને સીધા બ્રેકફાસ્ટ ટેબલ પર મળતા... રેવતી એની ચાનો પહેલો કપ પીતી અને સુજય ટાઈ બાંધીને શૂઝ પહેરીને હૉસ્પિટલ જવાની તૈયારીમાં ગરમ બ્રેકફાસ્ટ ખાતો...

રેવતીને ઘણીવાર ખૂબ અપરાધભાવ જાગતો. એ અલાર્મ મૂકીને

વહેલી ઉઠવાનો પ્રયત્ન કરતી. ઇચ્છતી કે સુજયનું સવારનું બધું જ કામ એ જાતે પોતે કરે...

જે દિવસે અલાર્મ વાગતો અને રેવતી ઉઠતી, એ દિવસે સુજય એની ખૂબ મજાક કરતો... "બોલો, આજે તો સૂરજ પણ વહેલો ઉગી ગયો..."

એ મજાકમાં ખૂબ લાડ અને વહાલ હતું.

આખાય કુટુંબમાં રેવતીની પ્રેગનન્સી ખૂબ ઉત્સાહથી અને ખૂબ પ્રેમથી સચવાઈ રહી હતી. કોઈ રેવતીને કશું ય ન કહેતો. બલ્કે, એ જાતે - પોતે સહેજ દોડાદોડી કરવાનો પ્રયાસ કરે તો બધા રોકતા, ખખડાવી નાખતા...

રેવતીની આંખો ખૂલી ત્યારે સાડા આઠ થયા હતા. એણે ઘડિયાળમાં જોયું, પછી રજાઈ ફેંકીને ઉભી થઈ... અરીસા પાસે ગઈ અને હેરબ્રશ લીધું. વાળ ખોલીને ઉપર ઉપરથી ગૂંચ કાઢી, અને એક અંબોડો લઈને એમાં ચિપિયો ભરાવ્યો. અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈ રહી રેવતી...

પેટ હવે ખાસ્સુ દેખાતું હતું. ગાલ ઉપર વજન ચઢ્યુ હતું. ડૉક્ટર ભલે એને વજન વધારવાનું કહ્યા કરે, પણ એનું વજન પાંચ-સાત કિલો તો વધ્યું હતું, એ નક્કી...

રેવતીએ પોતાના પેટ પર હાથ ફેરવ્યો. હવે એને એના સંતાનનો ફરકાટ, એની મૂવમેન્ટસ અનુભવી શકાતી હતી. ક્યારેક એક થડકારાની જેમ પેટમાં કશુંક થતું... આખું શરીર ધ્રૂજી જતું.

પાંચમે મહિને સોનોગ્રાફી માટે ગઈ ત્યારે મોનિટર પર એના બાળકને જોઈ શકી હતી એ... નાના નાના હાથ, નાના પગ, માથું, સ્પાઇનલ કોડ, એક એક કરીને બતાવ્યા હતા, મોનાબહેને...

રેવતી ઇમોશનલ થઈ ગઈ હતી. આંખોમાં પાણી આવી ગયા હતા. એના શરીરમાં એક જીવ આકાર લઈ રહ્યો હતો, મા બનવાની હતી પોતે... ઇશ્વરની લગોલગ બેસી ગઈ હતી. "પોતાના જેવા એક જીવનું નિર્માણ કરવું એ લગભગ ઇશ્વર જેવું કાર્ય છે." એવું ક્યાંક વાંચ્યું હતું એણે. આજે ખરેખર પોતે ઇશ્વરની બિલકુલ લગોલગ એક નવા જીવનું સર્જન કરતી બેઠી હતી...

સુજયના સવાલો પ્રમાણમાં વધુ મેડિકલ રહેતા. એ મોનાબહેનને બાળકનું વજન, પેટમાંનું ફ્લુઈડ, બાળકના માથાનું સરકમફરન્સ અને અમ્બીલિકલ કોડ વિશે ચિંતિત રહેતો...

રેવતી માટે આ આખી યે પ્રક્રિયા ખૂબ ઈમોશનલ - ખૂબ લાગણીસભર હતી. ક્યારેક એ પોતે પોતાના પેટ પર હાથ મૂકી પોતાના બાળક સાથે વાત કરતી અને વાતો કરતી વખતે વિચારતી, "શું હું યોગ્ય કરી રહી છું? જન્મ લેનાર બાળકને એના પિતાનું નામ નહીં કહીને છલ તો નથી કરી રહી? શું આવનારા સંતાનને અધિકાર નથી, એની સાચી આઈડેન્ટિટી - સાચી ઓળખાણ જાણવાની? કોઈ બીજાના સંતાન તરીકે ઓળખાવીને હું જીવનભર એને એક છલ સાથે, એક જૂઠ સાથે જીવવા ફરજ તો નથી પાડી રહી ને?"

પણ પછી, એનું જ મન દલીલ કરતું, "જે છોડી ગયો, જેણે પરવાહ પણ ન કરી, એ માણસના સંતાન તરીકે ઓળખાઈને એ જીવનભર વેરના અગ્નિમાં જલે એના કરતાં એક પ્રેમાળ કુટુંબ - એક સાચો લાગણીશીલ પિતા અને એક સ્વસ્થ જિંદગી આપીને હું એના ભવિષ્ય સાથે તો ન્યાય કરું જ છું. દરેકને અધિકાર છે, સારું જીવવાનો અને હું મારા બાળકને સારું જીવન આપી રહી છું."

સાચા અને સારાની વચ્ચે, શ્રેય અને પ્રેયની વચ્ચે અટવાતી રેવતી પોતાના આવનારા સંતાનની પ્રતિક્ષા કરી રહી હતી, એને ખાતરી હતી કે એ સંતાન એના જીવનમાં એક જુદો જ રંગ લઈને આવવાનું છે. અમથું ય રેવતીનું જીવન હવે બદલાઈ જ ગયું હતું. આઈ.આઈ.એમ.નું ભણતર તો જાણે ભૂલાઈ ગયું હતું. સુજય પોતાની ત્રણ મહિનાની બાકી ઇન્ટર્નશિપ પૂરી કરીને વાઈવા આપીને ડિગ્રી લઈને પાછો ફર્યો હતો. પાછો ફરતાની સાથે મહેન્દ્રભાઈએ એને ગોવાલિયા ટેંક જેવા વિસ્તારમાં ક્લિનિક કરી આપ્યું હતું. બૉમ્બે હૉસ્પિટલ અને બ્રિચકેન્ડી હૉસ્પિટલ્સે એને પોતાની સાથે કામ કરવા આમંત્રણ આપ્યું હતું. સુજયનું ક્લિનીક બીજા જ મહિનાથી ખૂબ ચાલવા લાગ્યું હતું. ત્રણ - ત્રણ દિવસ એપોઈન્ટમેન્ટ ન મળે એટલો બીઝિ થઈ ગયો હતો એ... અને છતાં,

સુજય પણ અજબ માણસ હતો... એકદમ ઓર્ગેનાઈઝ્ડ, વ્યવસ્થિત, કોન્ફીડેન્ટ, નિશ્ચિત કટઆઉટમાં જીવતો... નિશ્ચિત ધ્યેય અને નિશ્ચિત દિશા સાથે. સવારે સાડા છએ ઉઠવાનું - ચાલવા જવાનું, આવીને ટેરસ પરના બગીચામાં ગાર્ડનિંગ કરવાનું, ત્યાં સુધીમાં રંજનબહેન અને મહેન્દ્રભાઈ ઉઠી જાય એટલે એમની સાથે ચા પીવાની, છાપું વાંચવાનું... પછી શેવ કરી, નહાઈને હૉસ્પિટલની વિઝિટ પતાવી ગોવાલિયા ટેન્કના ક્લિનિક પર જવાનું. લગભગ દોઢ વાગ્યે લંચ માટે આવવાનું - સાડા ચાર વાગ્યે ફરી નીકળીને હૉસ્પિટલોમાં થઈને ક્લિનિક પર અને રાત્રે આવીને વાંચતાં - વાંચતાં કે સંગીત સાંભળતા સૂઈ જવાનું.

દિવસ દરમ્યાન અચૂક બેથી ત્રણ ફોન કરવાના - રેવતીને...

નાનામાં નાની વાત યાદ રાખીને રેવતીને કહેવાની, એને અઠવાડિયામાં બે-ત્રણ વાર અચૂક લંચ કે ડીનર પર

લઈ જવાની. છાપામાં કે મેગેઝિનમાં અને રસ પડે એવું કંઈ હોય તો માર્કરથી માર્ક કરીને એને આપવા સુધીની કાળજી ડૉ. સુજય લેતા.

રેવતીને જરૂર હોય કે નહીં, એ કહે કે નહીં, દર મહિને ઓછામાં ઓછું એકવાર શોપિંગ પર લઈ જવાનું પણ એના ટેબલ પરના પ્લાનરમાં લખાઈ જ જતું.

આટલા વ્યસ્ત જીવનમાં પણ રેવતીને જહાંગીર ગેલેરીના પ્રદર્શનોમાં કે એન.સી.પી.એ.નાં નાટકોમાં એકલા જવું નથી પડ્યું - ક્યારેય.

ફિલ્મો જોવી, છેક પૃથ્વી થિયેટર જૂહુ સુધી રેવતીને નાટક જોવા લઈ જવી કે મિત્રોને ત્યાં ડિનર્સ કે પાર્ટીમાં ઘરે આવીને રેવતીને પિક-અપ કરીને જવાની કાળજી સુજય હંમેશા રાખતો...

રેવતી ગદ્ ગદ્ થઈ જતી ક્યારેક, સુજયની આ લાગણીભરી સારસંભાળથી!

*

સુજય નહાઈને નીકળ્યો ત્યારે રેવતી અરીસા પાસે ઉભી રહીને પોતાના પેટ પર હાથ ફેરવતી હતી...

એની નજીક આવીને ભીના વાળ ઝટકોરતા સુજયે રેવતીને કહ્યું, “ગુડમોનિગ મોમ...”

રેવતી હસી પડી.

“હસે છે શું? તું અત્યારે પત્ની ઓછી ને મા વધારે લાગે છે.” સુજયે એને કમરમાંથી પકડી અને એના ખભે પોતાનું ડોકું મૂક્યું. રેવતી અરીસામાં બંનેના પ્રતિબિંબ જોઈ રહી...

કદાચ, આજ સત્ય હતું, આજ નિર્મિત હતું અને આજ નિશ્ચિત હતું...

રેવતીના જીવનમાં હવે સુજય સિવાય કોઈનોય વિચાર પણ પ્રવેશી શકે એમ નહોતું. કેટલા મહિના થયા હતા, સાત? આઠ? કોને ખબર? અને છતાં, જાણે ગયા જનમની વાત હોય એમ ભૂલાઈ ગયો હતો સમીર.

ક્યાં હશે? શું કરતો હશે? એવાં વિચારો પણ નહોતા આવતા હવે તો, સમીર નામનો માણસ ક્યારેક પોતાને ઓળખતો હતો અથવા ક્યારેક પોતે એના પ્રેમમાં પાગલ હતી એ વાત જ ભૂલી ગઈ હતી રેવતી...

હવે એનું જીવન સુજયની આસપાસ વિંટળાઈ ગયું હતું. પોતે જાણે સુજય નામના રેશના તારને પોતાની આસપાસ લપેટીને કોશેટામાં ભરાઈ ગઈ હતી, થોડો સમય... અને બહાર નીકળી ત્યારે પતંગિયું બની ગઈ હતી! અજબ કેમોફ્લાજ હતું આ...

આખે આખી વ્યક્તિ, આખે આખી વિચારધારા, આખેઆખો સંબંધ પલટાઈ ગયો હતો!

સુજય હજી યે રેવતીને લપેટીને ઉભો હતો. એના ગળામાં, એના ખભા પર એના કાનની બૂટ નીચે વહાલ કરી રહ્યો હતો.

“ચલો ચલો... હૉસ્પિટલ નથી જવું?”

“ના.” સુજયે કહ્યું.

“શાબા...શ!” રેવતીએ કહ્યું. “કેમ?” અને સુજયને પોતાનાથી થોડો દૂર કર્યો. “હજી તો મેં બ્રશ પણ નથી કર્યું...”

“મજા છે તમારે. આઈ વીશ કે પુરુષો પ્રેગનન્ટ થતાં હોત, અમને પણ આટલો આરામ, આટલી સારસંભાળ અને આટલા લાડ મળત...”

રેવતી ખડખડાટ હસી પડી. એ પોતાની કલ્પનામાં સુજયને વધેલા પેટ સાથે જોઈ રહી હતી...

હસતી રેવતીને ઘડીભર જોઈ રહ્યો સુજય. પછી ઝટકાથી નજીક ખેંચી, અને એનો ચહેરો બંને હાથ વચ્ચે પકડી એના બે હોઠ પર પોતાના બે હોઠ મૂકી દીધા...

“ઉંઉંઉંઉંઉં...” રેવતી હળવો પ્રતિકાર કરતી રહી અને સુજય એક દીર્ઘ ચસચસતું ચુંબન આપી દીધું...

સુજયે રેવતીને છોડી ત્યારે એનો શ્વાસ ભરાઈ આવ્યો હતો.

“શું કરે છે?” રેવતીએ કહ્યું, એના હોઠ લાલચોળ થઈ ગયા હતા. ગાલ ઉપર સુજયના આંગળાના લાલ લાલ રેષા ઉપસી આવ્યા હતા... એ હાંફતી હતી, એના નાકનું ટેરવું લાલ લાલ થઈને વારંવાર ખૂલતા અને બંધ થતાં નસકોરા સાથે થથરતું હતું...

“વહાલ, મારી પત્નીને અને મારા બાળકને... કંઈ વાંધો છે તને?” સુજયે પૂછ્યું. પછી રેવતી જવાબ આપે એ પહેલાં જ બોલી નાખ્યું, “તને વાંધો હોય તો મને કંઈ ફરક નથી પડતો. હું તો વહાલ કરીશ... તું ના પાડે તેથી શું? મારા બચ્ચાને કેવી રીતે વહાલ કરવાનું મારે...”

રેવતીને રીમાના દીકરાને વહાલ કરતો સુજય યાદ આવી ગયો. એ ઢગલો પપ્પી કરતો, એના ગાલ પર મૂછો ઘસતો... એને અદ્ધર ઉછાળતો, ઉંધો કરી નાખતો. એટલી તો મસ્તી કરાવતો કે રિપુંજય - રીમા અને મિહિરનો દીકરો સુજયને જોતા જ હાથ-પગ ઉછાળીને એની પાસે જવાની જિદ કરતો...

“બીજાના બાળકને આટલું વહાલ કરતો માણસ પોતાના બાળકને કેટલું વહાલ કરશે?” રેવતીને વિચાર આવ્યો. પછી તરત જ એણે મનને સવાલ પૂછ્યો, “પોતાનું બાળક?”

એના મનની વાત જાણે સમજી ગયો હોય એમ સુજય એને છાતી સરસી ભીંસીને બોલ્યો, “રેવતી, આ બાળક મારું છે... તારું છે, આપણું છે... અને એ જ સત્ય છે... મન સાથે સવાલ-જવાબ કરવાના છોડી દે. કારણ કે જો તું સત્ય સ્વીકારીશ, તો જ તારા ઉદરમાં રહેલું આ સંતાન એક નિશ્ચિત ઓળખાણ અને આઈડેન્ટીટી સાથે અવતરશે... સમજે છે તું?”

રેવતી સુજયની છાતી પર માથું મૂકીને પોતાના ઉદરમાં સંતાનનો ફરકાટ અનુભવતી એક સંપૂર્ણ સ્ત્રી હોવાની લાગણી અનુભવી રહી હતી!

*

સીમા, પંકજભાઈ અને સમીરની જાણ બહાર સમીરનું સંતાન આ દુનિયામાં આવવાની તૈયારી કરી રહ્યું હતું અને સુજયના સ્વીકાર પછી હવે એ સંતાન સમીરનું રહ્યું પણ નહોતું, કદાચ!

મુંબઈથી લગભગ હજાર કિલોમીટર દૂર બેઠેલા સમીર માટે જિંદગીની વ્યાખ્યાઓ પણ બદલાઈ ગઈ હતી. જે રમત એ રમવા જ નહોતો માગતો, એ રમતમાં એને મજા પડવા માંડી હતી. એના નિયમો સમજાવા લાગ્યા હતા. એ રમવાની ફાવટ આવવા લાગી હતી...

એના પ્રવચનમાં સવારે પાંચ-છ હજાર માણસોની ભીડ જમા થતી...

ગેસ્ટહાઉસના રૂમ, ડબલથી પણ વધુ કર્યા છતાં... યાત્રીઓને પરસાળમાં કે બીજે સૂવાની વ્યવસ્થા કરવી પડતી.

મુલાકાતીઓનો કાફલો જાણે અટકતો જ નહોતો.

આ છ મહિના દરમ્યાન, સમીર બે વાર પરદેશની સફરે પણ જઈ આવ્યો. એના પ્રવચનોએ ત્યાં પણ ઘેલું લગાડ્યું હતું.

એમ.બી.એ. ભણેલા સમીરાનંદને આ પ્રવચનો પુસ્તક સ્વરૂપે અને કેસેટોમાં, સી.ડી.માં વેચવાનો વિચાર આવ્યો હતો અને હવે મંદિર પરિસરમાં આવેલી કેસેટો અને સી.ડી.ની દુકાન ધમધોકાર ચાલવા લાગી હતી. દેશ-વિદેશમાં સમીરાનંદના પ્રવચનો વધુ ને વધુ ઘેલું લગાડતા જતા હતા.

હવે એક હોશિયાર પ્રોફેસરની જેમ સમીર પોતાના રોજના પ્રવચન આગલી રાત્રે તૈયાર કરતો. રોજે રોજની ઘટનાઓ, રોજેરોજના જીવન અને પ્રશ્નોને સાંકળીને એ પ્રવચન કરતો. એની વાતમાં ભયાનક લોજિક અને બુદ્ધિમત્તા રહેતા. એ પોતાની વાત જે રીતે કહેતો એ રીતે સામેની વ્યક્તિને વિચારતા કરી મૂકતો. એના પ્રવચનો માણસોના હૃદયથી વધારે મગજમાં ઉતરતા અને એથી જ કદાચ વધુ ભણેલા, વધુ વિચારતા, વધુ સમજતા બુધ્ધિશાળી કહેવાતા લોકો એના અનુયાયીઓ બનતા જતા હતા...

સમીરને આ વધતા-જતા ભક્ત સમુદાય અને અવિરત વહી રહેલી આવકથી ગજબનો નશો ચઢવા લાગ્યો હતો.

એને હવે એમ લાગવા માંડ્યું હતું કે એને કશાયની જરૂર નથી. એ કશાય વિના પણ જીવી શકે છે. રેવતીના લગ્ન થયાની વાતે એના મનમાં એક પ્રકારની મુક્તિ અથવા અપરાધભાવથી મુક્ત થઈ ગયાની લાગણી પેદા કરી હતી.

"છૂટ્યા..." એવું પણ થયું હતું કદાચ... પરંતુ, હવે એની દિશા, એનું ધ્યેય અને એની જરૂરિયાતો સ્પષ્ટ હતી એની સામે.

આ મંદિર પરિસર, મંદિર પરિસરમાં ફેલાયેલા મકાનો અને મકાનોની અંદર ધબકતા માનવહૃદયો તમામે તમામ ઉપર શ્રી સમીરાનંદની એકહથ્થુ સત્તા હતી. એ ધારે, એ ઇચ્છે એમ થઈ શકતું બધું જ... અને એ વાતે એની અંદર એક નવા સમીરને જન્મ આપ્યો હતો!

હવે નવો જન્મેલો સમીર પોતાની પાસેની શક્તિ અને સત્તા વાપરવા ઉતાવળો હતો. જ્યારે બીજો સમીર આ વાઘાંથી, આ મ્હોરાંથી, આ જીવનથી ઉબાઈ જતો, કંટાળી જતો, અકળાઈ જતો... એને ચરણોમાં ઝૂકતા લોકો નહોતા ગમતા. એને રોજ પ્રવચન આપવું નહોતું ગમતું. એને રોજ આ ભક્તજનોના ટોળેટોળા ઘેરી લે ત્યારે ચીસો પાડવાની, ભાગી જવાની ઇચ્છા થતી...

મુંબઈના એ ડિસ્કોથેકસ, કૉફિશૉપ્સ, મિત્રો અને ઘર યાદ આવી જતા ક્યારેક... પરંતુ, પેલો નવો જન્મેલો, શક્તિ અને સત્તા ધરાવતો સમીર પોતાના વાક્ચાર્તુયથી એને મનાવી લેતો... જાઉં જાઉં-થતો જૂનો સમીર નવા સમીરની વાતમાં ફરી એકવાર લપેટાઈ જતો અને મંદિર પરિસરની આસપાસની ઉંચી દિવાલો એને પોતાની અંદર બાંધી લેતી...

સાંજના સાડા સાત પછીનો સમય શ્રી સમીરાનંદ ભાગ્યે જ કોઈને આપતા. એ સમય દરમ્યાન આવતી કાલના પ્રવચનની તૈયારી, ચિંતન અને મનન તથા જાત સાથે વાતચીત કરવામાં ગાળવાનું સમીર પસંદ કરતો.

આવા સમયે જાત સાથેની દલીલો ભયાનક ઉગ્ર બની જતી!

"શું કરે છે? શું કામ રહે છે, અહીંયા? સાધુત્ત્વ તારો સ્વભાવ નથી, સાધુત્ત્વ તારું લક્ષણ નથી."

"કોણ કહે છે કે હું સાધુ છું? હું તો પ્રોફેશનલ છું. વ્યવસાયી માર્ગદર્શક, ગાઈડ, ભાન ભૂલેલા, ગૂંચવાયેલા લોકો મને રસ્તો પૂછે છે, અને હું એમને બતાવું છું..."

"તને તારો રસ્તો ખબર છે?"

"મારે હવે ક્યાં જવાનું છે? જ્યાં પહોંચવાનું હતું, ત્યાં પહોંચી ગયો છું. હવે કોઈ યાત્રા જ બાકી નથી. તો રસ્તાની ચર્ચા ક્યાં કરવી?"

"સાચી વાત છે." એની અંદરનો તરફડતો, અકળાયેલો સમીર ચિત્કાર કરી ઉઠતો. "જો તારી યાત્રા પૂરી જ થઈ ગઈ છે, તો હજી બેચન કેમ છે તું? શું શોધે છે? ક્યા સુખે કે કયા દુ:ખે હજી યે અટવાયા કરે છે, અવઢવમાં..."

"કોઈ અવઢવ નથી." નવો સમીર સત્તાવાહી અવાજે પોકારતો. એમ.બી.એ. થઈને નોકરી કરતો હોત ક્યાંક... કે ધંધો કરતો હોત તો પણ મળત આ બધું? આ માન, આ સન્માન, આ પૈસા અને આ પ્રતિષ્ઠા... આ પદ... આ પ્રભુ પ્રભુ કરીને નમતા લોકો... મળત આ બધું?

"અને રેવતી?" સમીર પૂછતો, સમીરને જ... "એના વિના યાત્રા પૂરી થઈ ગઈ છે? શું સંપૂર્ણ છે તું? આજથી થોડાક જ મહિના પહેલા લાગતું હતું તને, કે તું જીવી નહીં શકે, રેવતી વિના... અને આજે તને કોઈની જરૂર નથી. તારા પદ તારી પ્રતિષ્ઠા, તારા ભક્તગણનો નશો તને કશું વિચારવા પણ નથી દેતો સમીર... જાગ! આ નકામું છે. ક્ષણ જીવી સુખ છે."

અને એની અંદરનો નવો સમીર હુંકારતો, "હવે? હવે શું છે રેવતીને? એ તો ગઈને, હવે તો લગ્ન થઈ ગયા એના, ઇચ્છું તો ય પાછી નહીં આવે. હવે આજ સત્ય છે. આજ સુખ છે અને આજ ધ્યેય છે મારું" ચર્ચા અહીં જ અટકી જતી.

પરંતુ, આ હું હું કાર કરતો સમીર જાણતો હતો હુંકારમાં રહેલા બોદા અવાજને, ઓળખતો હતો પોતાના ખાલીપાની પ્રત્યેક ક્ષણને, અને કદાચ એથી જ ડરતો હતો કે ક્યાંક બાંધી રાખેલી મુઠ્ઠી ખૂલી ગઈ તો માંડમાંડ સંચિત કરેલું બધું જ વેરવિખેર થઈ જશે અથવા કંઈ નહીં નીકળે મુઠ્ઠીમાંથી અને ખાલીપો ખુલ્લો પડી જશે. એટલે જ એ એના અભિમાનની, એના હુંકારની, એના તમામ ખાલીપાઓની મુઠ્ઠીને બંધ રાખવા માગતો હતો, બાંધેલી રાખવા માગતો હતો...

એકાંતમાં પણ એને ખોલીને જોતાં ભય લાગતો હતો સમીરને... સમીરનો એ ભય શું હતો?

એ તો કદાચ સમીર પોતે પણ નહોતો જાણતો. પણ એને એક વાતની ચોક્કસ ખબર હતી, અને એ વાત સમીરના અસ્તિત્વમાં ઉંડે ઉતરી ગયેલી રેવતીના એક એવા અંશની હતી, જે સમીરથી ક્યારેય અલગ નહોતો પડવાનો. એમના સહઅસ્તિત્વની સાક્ષી એવી પળો ધબકી રહી હતી, રેવતીના ઉદરમાં અને અવતરવાની હતી એક એવા સ્વરૂપે જેની જાણ ન રેવતીને હતી, ન સુજયને, ન પોતાની જાતને ઇશ્વર માનતા સમીરને કે નહોતી બંધ આંખે માના ઉદરમાં શ્વાસ લઈ રહેલા એ નાનકડા નવજાત શિશુને...

*

છત્રીસ

કલ્યાણીબેન અને ઘનશ્યામરાય આજે ઘેલા ઘેલા થઈ ગયા હતા... રંજનબેનની આંખોમાંથી સડસડાટ આંસુ સરતા હતા. મહેન્દ્રભાઈએ કાનમાં સ્ટેથોસ્કોપ ભરાવીને પોણા બે કલાક પહેલા જન્મેલી નાનકડી ઢીંગલીને તપાસી રહ્યા હતા, "શી ઇઝ અ પરફેક્ટ એન્ડ હેલ્ધી બેબી." મહેન્દ્રભાઈએ કહ્યું અને આંખો મીંચીને ગુલાબી રંગની ટોપી પહેરીને ગોટમોટ લપેટાઈને સૂતેલા ત્રણ કિલો સાતસો ગ્રામના બાળકને ગાલે આંગળી અડાડી...

સુજય છેલ્લા એક કલાકથી એને એકીટશે નિહાળી રહ્યો હતો. એની આંખોમાં ઉમટી પડેલા વહાલના દરિયાને જોઈને રેવતી ગદગદ હતી. નિયતિ અને નિલય ક્યારના બેબીને હાથમાં ઉંચકવા - વહાલ કરવા ઉતાવળા હતા. પણ રંજનબહેને એમને રોકી રાખ્યા હતા, "જ્યાં સુધી એ આવીને એકવાર બેબીને જોઈ ના લે ત્યાં સુધી હું કોઈને અડવા નથી દેવાની! ઇન્ફેક્શન લાગી જાય..." રંજનબહેને કહ્યું.

નિયતિએ સહેજ અકળામણથી અને સહેજ ચીડથી કલ્યાણી સામે જોયું હતું. કલ્યાણીએ ખભા ઉંચા કરીને સહેજ સ્માઈલ સાથે નિયતિને પટાવી હતી, "નિતુ, એમના ઘરનું બાળક છે"

"ને આપણા ઘરનું નથી?"

"બેટા, આવી જવા દે મહેન્દ્રભાઈને... આપણે તો રમાડીશું જ ને? રેવતી હજી આપણા જ ઘરે આવવાની છે."

"એ ના હોં... એને તો હું જ લઈ જઈશ. પછી અધિક મહિનો આવે, ને પાછી સામી દિવાળી... તમે એકવાર લઈ જાવ એટલે પાંચ મહિના સિવાય મોકલો નહીં અને અમને એ તો નહીં પોષાય."

"પણ... રેવતીનો આરામ... અને પહેલી સુવાવડ તો પિયરમાં..." કલ્યાણીએ પાંગળો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો પણ રંજનબહેન તો જાણે ગાંઠ વાળીને આવ્યા હતા.

"જુઓ ભઈ, તમે સાતમે મહિને ખોળો ભરીને લઈ ગયાને, ત્યારથી અમને તો ઘર ખાવા ધાય છે. મને તો રેવતી વિના જ નહોતું ગમતું, હવે આ ઢીંગલી વિના તો એક પળ નહીં ગમે. ને તમે જરાય ચિંતા ના કરો, હું એને પથારીમાંથી ઉભી યે નહીં થવા દઉં."

"પણ રંજનઆન્ટી, અમને પણ ઢીંગલીને રમાડવી હોય ને?" હવે નિયતિથી બોલ્યા વિના ના રહેવાયું.

"તો તું ય ચાલ ભેગી." રંજનબહેને કહ્યું. "મને ય જરા મદદ રહેશે. બાકી, અમે રેવતીને અહીંથી તો અમારે ઘેર જ લઈ જવાના..."

કલ્યાણીની આંખોમાં જરા પાણી આવી ગયાં.

"તમે જેમ કહો એમ રંજનબહેન. પણ, હું ય મા છું, મને ય ઉત્સાહ હોય ને મારી દીકરીની પહેલી સુવાવડનો" એણે ખૂણે આવેલું આંસુનું ટીપું લૂછી નાંખ્યું. રંજનબહેન એકદમ એમની પાસે ગયા, ખભે હાથ મૂક્યો, એમની આંખોમાં પણ પાણી આવી ગયા, "અરે કલ્યાણીબેન, એમ મન નાનું શું કરો છો? હું તો મારી પૌત્રીને જોઈને તો ગાંડીઘેલી થઈ ગઈ છું, એટલે જેમ ફાવે એમ બોલું છું. બાકી આવા ખુશીના પ્રસંગે કોઈનો ય જીવ દુભાય એવી મારી ઇચ્છા જ નથી ને... તમે જેમ કહેશો એમ કરીશું આપણે, બસ? તમે જીવ ના બાળશો." સુજય રંજનબહેનની નજીક આવ્યો. એણે રંજનબહેનના ખભે હાથ મૂક્યો. પોતાનાથી સવા ફૂટ

ઉંચા સુજયને રંજનબહેન ભેટી પડ્યા...

"સુજય! શું કહું તને? તેં તો મારું જીવન સફળ કરી નાંખ્યું. મને તો એમ જ હતું કે તારો સ્વભાવ અને તારી જિદ જોતા વહુનું મોંઢું જોવા મળે તો ય ઘણું, એને બદલે તેં તો દાદી બનાવીને મારો જન્મારો સફળ કરી નાખ્યો." પછી એમની સાથેની બેગમાંથી એક બોક્સ કાઢીને એમણે ખોલ્યું. બોક્સમાંથી હીરાજડિત હાર અને બુટ્ટીનો સેટ કાઢીને રેવતીના ગળામાં નાંખ્યો.

"તેં આ ઘરને વંશ આપ્યો છે. તું સાચા અર્થમાં અમારી કુળવધૂ છે..."

અત્યાર સુધી મૂંગે મોંઢે જોઈ રહેલા મહેન્દ્રભાઈ રંજનબહેનની બાજુમાં આવીને ઉભા રહ્યા. "બધી ખુશી અને બધા આશીર્વાદ તમે જ પતાવી દેશો કે મારા ભાગે પણ કંઈ બાકી રાખશો?" એમણે કહ્યું.

ત્યાં સુધીમાં તો રંજનબહેને બેગમાંથી નાનકડી ડબ્બી કાઢી, સોનાની ચેઈન અને 'ૐ'વાળું લોકેટ ઢીંગલીના ગળામાં પહેરાવી દીધું.

"ઇશ્વર તને સો વરસની કરે." રંજનબહેને કહ્યું ભીની આંખે.

"એટલું બધું જીવીને શું કામ છે મા?" સુજયે કહ્યું.

"ધત્, અક્કલ જ નથી તારામાં તો... એ ય સો વરસ જીવવાની છે અને હું ય સો વરસ જીવવાની છું... અમે બેય તારું લોહી પી જવાના છીએ." રંજનબહેને કહ્યું.

"પણ એવું તો નહીં થાય ને..." સુજયે હસતા હસતા કહ્યું.

"કેમ જીજુ?" નિયતિએ કહ્યું.

"એટલા માટે કે થોડું ઘણું લોહી તો તું પી ચૂકી, બાકીનું થોડું તારી બહેને પીધું અને હવે જો બે જણા પીશે તો હું સો વરસ જીવીશ જ નહીં." સુજયે કહ્યું અને બધા ખડખડાટ હસી પડ્યાં.

બધાને જોઈ રહેલા ચૂપચાપ ઉભેલા ઘનશ્યામ રાયે મનોમન ઇશ્વરને પ્રાર્થના કરી,

"હે પ્રભુ, આ ઘરમાં માંડ આવેલું સુખ અને શાંતિ હવે કાયમ રાખજે. મારી ફૂલ જેવી દીકરીને માથે હવે દુ:ખની છાયા પણ ન પડે, એટલું કરજે મારા વહાલા." અને જાણે એમની પ્રાર્થનાનો જવાબ આવ્યો હોય એમ એમના મોબાઈલની રિંગ વાગી.

"હલો..." ઘનશ્યામરાયે કહ્યું.

"ઘનુ..." તારાબહેનનો અવાજ હતો.

"અરે બા! ભૂલી ગયો, બસ નીકળું જ છું."

"ખરી વાત છે, નાનો થયો ને, એટલે હવે મા ક્યાંથી યાદ આવે." તારાબેન ધુંઆપૂંઆ હતા. ઘનશ્યામરાયે એમને લેવા આવવાનું વચન આપ્યું હતું. પરંતુ, તારાબહેનને લેવા જવાને બદલે ઘનશ્યામરાય અહીં ચાલતી આનંદ વાતોમાં અટવાઈ ગયા હતા.

અને તારાબેન, સિલ્કની સાડી પહેરી, દાગીના ઠઠાડીને રાહ જોતા બેસી રહ્યા હતા. વીસેક મિનિટ રાહ જોઈને તારાબેન કંટાળ્યા. એમને પણ પોતાની પ્રપૌત્રીને જોવાની તાલાવેલી લાગી હતી. એક મિનિટનો વિલંબ પણ એમનાથી હવે સહેવાય એમ નહોતો, એટલે એમણે અકળાઈને ફોન કરી દીધો હતો. ઘનશ્યામરાય તરત જ એમને લેવા ભાગ્યા...

બંને કુટુંબોનો આનંદ માય એમ નહોતો. રેવતી બંને કુટુંબોમાં ખૂબ જ લાડકી અને પ્રિય હતી. વળી, રંજનબહેન માટે તો એકના એક દીકરાનું પ્રથમ સંતાન એટલે શું યે વાત...

મહેન્દ્રભાઈએ જોઈ લીધા પછી નિયતિએ ઢીંગલીને ખોળામાં લીધી... અને એક પપ્પી લઈ લીધી. "અરે, અરે, ઇન્ફેક્શન લાગશે..." રંજનબહેને કહ્યું.

"હું તો માસી છું એની, મારું ઇન્ફેક્શન ના લાગે." નિયતીએ કહ્યું, "હું તો વહાલ કરવાની, કરવાની ને કરવાની." કહીને નિયતીએ બીજી પપ્પી લઈ લીધી. રંજનબહેને સુજયની સામે જોયું. સુજયે આંખના ઇશારાથી જ એમને કંઈ ન બોલવાનું કહ્યું. સૌ એટલા બધા ઉત્સાહમાં ને ખુશ હતા કે નિયતિ તો શું સુજયનું ચાલે તો એ પણ અત્યારે ઢીંગલીને લઈને ભીંસી નાંખે...

નિયતિ પાસેથી નિલયે ને નિલય પાસેથી સુજયે, સૌએ વારાફરતી ઢીંગલીને લીધી, વ્હાલ કર્યું અને પોતાની ખુશી વ્યક્ત કરી.

સૌથી છેલ્લે કલ્યાણીએ રમાડીને દીકરીને રેવતીના ખોળામાં મૂકી...

"લે, જો એને ધરાઈને." કલ્યાણીબહેને કહ્યું અને ખરેખર અત્યાર સુધી બધાને જોતી રહેલી ચૂપચાપ આનંદ વ્યક્ત કરતી રેવતીએ જેવી દીકરીને ખોળામાં લીધી એવી એની આંખોમાં શ્રાવણ-ભાદરવો ઘેરાઈ ગયા... રેવતી એને છાતી સાથે લગાડતાં જ જાણે પોતાનું સ્ત્રીત્વ સફળ થઈ ગયું હોય એવું અનુભવી રહી. એનો ગાઉન છાતી પાસેથી ભીનો થઈ ગયો. રેવતીને હમણાં જ પોતાની દીકરીને છાતી સાથે લગાડીને ધવડાવવી હતી... એને ચુંબનોથી નવડાવી નાંખવી હતી. એની ઝીણી ઝીણી આંખોમાં જોવું હતું અને એના મોંઢેથી 'મા'નું સંબોધન સાંભળવું હતું...

પણ, એ ટબુકડી છોકરી તો જન્મી ત્યારથી આંખો બંધ કરીને પડી હતી. અઢી કલાક થવા આવ્યા પણ હજી એને આંખો ખોલી જ નહોતી...

સુજય કેમેરામાં રોલ ભરીને તૈયાર બેઠો હતો કે એ આંખો ખોલે કે તરત એના ફોટા પાડી લેવા...

બંધ આંખે એ છોકરી સહેજ હસી. એના ગાલમાં બંને તરફ આંગળી ખૂંચી જાય એવા ખાડા પડતા હતા. નિયતિ અને રેવતી બંનેએ એકબીજા સામે જોયું. એમના આખા ખાનદાનમાં કોઈને ય આવા ખાડા નહોતા પડતા. સુજયના ગાલમાં પડતાં ખંજન આ છોકરી સાથે લઈને જન્મી હતી. "કોણ કહે છે કે માત્ર લોહીનો જ સંબંધ સાચો સંબંધ છે... ઋણાનુંબંધ એનાથી પણ વધારે મજબૂત હોય છે." રેવતીને વિચાર આવ્યો અને એણે પણ એ ઉંડા ઉંડા ખંજનો પર એક પપ્પી કરી લીધી.

રંજનબહેન ફરી ઉશ્કેરાયા, "તમે તો કોઈ સાંભળતા જ નથી." પછી એમણે મહેન્દ્રભાઈની સામે જોયું, "તમે કંઈ કહો..." મહેન્દ્રભાઈએ રેવતીના માથે હાથ ફેરવ્યો અને જાણે એના મનની વાત સમજી ગયા હોય એમ કહ્યું, "બીજી બાજુ બાકી રહી ગઈ બેટા..."

અને બધા ફરી એકવાર ખડખડાટ હસી પડ્યા. એ બધા અવાજથી હોય કે માના સ્પર્શને અનુભવીને... પણ, ટબુકડી છોકરીએ આંખો ખોલી અને સ્થિર નજરે રેવતી સામે જોયું, જાણે એની આંખોમાં આંખો પરોવતી હોય એમ!

રેવતી નખશિખ થથરી ગઈ.

એ છોકરીની આંખોનો રંગ અજબ હતો!

ન કથ્થઈ, ન બ્લ્યુ!

એ અજબ પ્રકારની ઝીણી ઝીણી આંખોમાં એક ભૂતકાળ - એક નામ - એક ચહેરો અને એ ચહેરા પર જડાયેલી બે આંખો સેળભેળ થઈ ગયા હતા.

રેવતીને હવે પછી પોતાની સાથે જીવનારી સમીરની બે આંખો જોઈને ડર, ધ્રુજારી, આંનદ કે અસમંજસ - શું થયું કોણ જાણે? પણ રેવતી, એ ટબુકડીની આંખોમાં જોતાં જ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

સુજય, રંજનબહેન અને મહેન્દ્રભાઈ સૌ માનતા રહ્યા કે એ હરખનું, એક્સાઈટમેન્ટ રિલિઝ થઈ ગયાનું થાક-મિશ્રિત રૂદન હતું. પણ, નિયતિ અને કલ્યાણી બંને જાણતા હતા કે રેવતી માટે એ આંખો એક ભૂતકાળનો એવો દસ્તાવેજ હતો કે જે રેવતીને પળેપળ યાદ કરાવવાનો હતો...

એક એવું નામ જેને એ પળેપળ ભૂલવા માંગતી હતી.

*

આજે, 'ઇશ્વરધામ'માં ચહલપહલ હતી. સમીરાનંદજીના ગાદી પર બેઠા પછી આજે ટ્રસ્ટીબોર્ડની પહેલી મિટિંગ હતી.

દેશના - વિદેશના બધાં જ ટ્રસ્ટીઓ વરસે એકવાર આશ્રમમાં આવતા. હિસાબો ચેક થતા - ભવિષ્યની યોજનાઓ બનતી. દત્તક લેવાયેલા ગામો અને ત્યાં ચાલતા વિકાસના કામોની જાતતપાસ થતી અને ઇશ્વરાનંદજીનું પ્રવચન સાંભળ્યા પછી આશ્રમમાં મોટો સહભોજ થતો.

એ દિવસે આશ્રમમાં લગભગ દસ હજાર માણસ ભેગું થતું.

સમીરે ગાદી પર બેઠા પછી આ આશ્રમને 'ઇશ્વરધામ' નામ આપવાનું નક્કી કર્યું હતું. એ મુજબના બોર્ડ્સ ચિતરાવીને ઓલરેડી આશ્રમના ગેટ પર અને બીજે બધે લગાડી દીધા હતા. ટ્રસ્ટીબોર્ડની ફોર્મલ મંજૂરી આજે મળી જવાની હતી. જેને કારણે આજથી આશ્રમનું નામ 'ઇશ્વરધામ' પડવાનું હતું.

એટલે આમ જોવા જાવ તો આશ્રમની નામકરણવિધિ હતી જાણે...

નવા બંધાયેલા ગેસ્ટહાઉસના રૂમોની પણ લોકાર્પણવિધિ હતી. બાજુના ગામમાં બંધાયેલી નવી હૉસ્પિટલ આજે ખુલ્લી મુકાવાની હતી.

આશ્રમમાં તો જાણે મોંઘેરો અવસર હતો.

આખાય આશ્રમમાં તોરણ બાંધવામાં આવ્યા હતા. મંદિર પરિસરના વિશાળ ચોકમાં પાંચ ફૂટના વ્યાસની મોટી રંગોળી કાઢવામાં આવી હતી. ફૂલો, દીવડાઓ અને અનેક સુશોભનથી આશ્રમ સુંદર દેખાતો હતો.

આશ્રમના મુખ્ય ટ્રસ્ટી શ્રી વસંતભાઈ મહેતા સહિત બીજા બારે બાર ટ્રસ્ટીઓ આશ્રમમાં આવી ગયા હતા અને વી.આઈ.પી. રૂમોમાં આરામ ફરમાવી રહ્યા હતા. સમીર એમાંના કોઈને અંગત રીતે ઓળખતો નહોતો. સૌને આજે પહેલીવાર મળવાનો હતો. એના મનમાં અનેક પ્રશ્નો હતા. જેમાં, પોતે કઈ રીતે વર્તવુંથી શરૂ કરીને આ બધા કેવા પ્રકારના માણસો હશે, ત્યાં સુધી જાતજાતના પ્રશ્નોનો સમાવેશ થતો હતો...

સમીર છેલ્લા નવ મહિનાથી દાઢી રાખતો હતો. દાઢી સાથેનો એનો ચહેરો ખૂબ પ્રભાવશાળી અને તેજસ્વી લાગતો હતો. આટલા દિવસના સાત્વિક ખોરાકે એની ચામડીને એક અજબ પ્રકારની આભા આપી હતી. એના વાળ થોડાક લાંબા થયા હતા જે હવે એ પાછળની તરફ ઓળીને જરા જુદી રીતે રાખતો હતો.

સમીરે અરીસામાં જોયું.

લગભગ ઇશ્વરાનંદજીની પ્રતિકૃતિ લાગતો હતો એ! ફરક હોય તો માત્ર એટલો હતો કે ઇશ્વરાનંદજીનો ચહેરો એમની સાઈઠે પહોંચેલી ઉંમરની ચાડી ખાતો હતો, જ્યારે સમીરના ચહેરા પર યુવાનીનું તેજ ઝગારા મારતું હતું.

સફેદ ઝભ્ભાં અને જીન્સમાં સમીર એક કલાકાર જેવો વધારે લાગતો હતો. શરૂઆતમાં સાદા લખનવી ઝભ્ભા પહેરતો સમીર હવે બેસ્ટ સ્વીસ કોટનના ઝભ્ભા પહેરતો હતો. લગભગ બાવીસ ડોલરનું એક મીટર એવું રિયલ ઇજિપ્શિયન કોટનનું એક તાકો કપડું એનો અમેરિકન ભક્ત હજી મહિના પહેલાં જ આપી ગયો હતો, જેમાંથી ફિલ્મી દુનિયાના સૌથી જાણીતા ડિઝાઈનર મોહન બજાજે એને માટે કુર્તા સીવ્યા હતા...

માખણ જેવું કપડું શરીરને એટલો તો આરામ આપતું હતું કે જાણે શરીર પર વસ્ત્ર હોય જ નહીં!

લીવાઈસ અને પેપેના બેસ્ટ ડિઝાઇનર કલેક્શનમાંથી સમીર માટે ખરીદાયેલા જીન્સની કિંમત ચાલીસ - ચાલીસ હજાર રૂપિયા જેટલી હતી...

સમીરે પોતાના હાથ પર બાંધેલી ડિઝાઇનર ‘રાડો’ વૉચમાં સમય જોયો. છ લાખ રૂપિયાની આ ઘડિયાળ એના માટે એની એક ફ્રેન્ચ ભક્ત લાવી હતી, પૅરિસથી!

એવું નહોતું કે સમીરે સાહ્યબી નહોતી જોઈ કે એના મા-બાપે એના શોખો પૂરા નહોતા કર્યા. પંકજભાઈ પાસે જે પ્રકારની આવક હતી, એના પ્રમાણમાં એમણે સમીરને એ બધું જ આપ્યું હતું જે એની ઉંમરના છોકરાને ગમે અથવા જોઈએ. પરંતુ, અહીંનો વૈભવ સાવ જુદા જ પ્રકારનો હતો. સમીર કશું માંગે કે ઇચ્છે એ પહેલાં તો એને ત્યાં ઢગલો થઈ જતો.

પરફ્યુમ્સ, ઘડિયાળો, રિયલ ફરના કોટ, શ્રેષ્ઠ કપડું, જીન્સ, જૂતા કે વિશ્વની કોઈ પણ વસ્તુ સમીરના ચરણોમાં આળોટતી હતી.

હજી ગયા અઠવાડિયે જ એક ઉદ્યોગપતિ ભક્તએ સમીરને અંગત વપરાશ માટે ‘બી.એમ.ડબલ્યુ’ ગાડી ભેટ આપી હતી. સફેદ રંગની એ બુલેટપ્રુફ ગાડીમાં બહારનો કોઈ અવાજ પ્રવેશી શકતો નહીં. એનું એરકન્ડિશનર સાડા પાંચ સેકન્ડમાં ગાડી ઠંડી કરી દેતું અને એના અદ્યતન જમ્પર્સ ગાડી ચાલવાની ખબર

સુદ્ધાં પાડવા દેતા નહોતા...

"આખી જિંદગી કમાતો રહેત, તો પણ બી.એમ.ડબલ્યુ ન ખરીદી શકત..." સમીરે ત્યારે વિચાર્યું હતું.

સમીરે ફરી પોતાની ઘડિયાળમાં સમય જોયો.

દસ ને વીસ. સાડા દસ વાગે બોર્ડમિટિંગ હતી.

"હવે બોર્ડમિટિંગ માટે જવું જોઈએ. મોડા પડવાને બદલે સૌપ્રથમ પહોંચીને મારી નમ્રતાથી સૌને આંજી નાંખવા જોઈએ." સમીરને વિચાર આવ્યો. એણે પોતાના જેન્યુઇન લેધરના સેન્ટમાઈકલના સ્લીપઓન્સમાં પગ નાંખ્યા અને આશ્રમના મુખ્ય બિલ્ડિંગ તરફ ચાલવા માંડ્યું.

ગેસ્ટહાઉસના નવા રૂમો સાથે આ બિલ્ડિંગ પણ નવું બન્યું હતું. આશ્રમ પરિસરમાં છેક આગળ દાખલ થતાંની સાથે જમણા હાથે ખાલી પડેલી એક વિશાળ જગ્યામાં આ બિલ્ડિંગ બંધાયું હતું.

હવે ઑફિસ અને એડમિનિસ્ટ્રેશનનું બધું કામ અહીંથી થતું. આસપાસના ગામોની તકલીફોની અને પ્રશ્નોની અરજીઓ અહીં સ્વીકારાતી. ગેસ્ટહાઉસના રૂમોનું બુકિંગ, ભોજનશાળાનું કમ્પલીટ એડમિનિસ્ટ્રેશન વગેરે બધું જ આ બિલ્ડિંગમાં શિફ્ટ થઈ ગયું હતું. આ બિલ્ડિંગમાં છેક ઉપર પાંચમે માળે મોટો કોન્ફરન્સ હોલ અને નાનકડું થિયેટર પણ ડિઝાઇન કરવામાં આવ્યું હતું. લગભગ એકસો પચાસ માણસ બેસી શકે એવું આ આ અદ્યતન થિયેટર ડોલ્બી સાઉન્ડ અને તમામ અદ્યતન ટેક્નોલોજી ધરાવતું હતું. એને બિલકુલ અડીને પચ્ચીસેક માણસ બેસી શકે એવો કોન્ફરન્સ હોલ હતો. ગોળ ફરતું ટેબલ અને પ્રેઝનટેશન માટે પ્રોજેક્ટર અને સ્લાઈડ પ્રોજેક્ટર સહિત તમામ સવલતો સાથે આ કોન્ફરન્સ હોલ એક બ્રિટિશ આર્કિટેક્ટે ડિઝાઇન કર્યો હતો.

બોર્ડ મિટિંગ માટે તમામ વ્યવસ્થા આ કોન્ફરન્સ હોલમાં કરવામાં આવી હતી. આજે આશ્રમનું નામ કાયદેસર રીતે 'ઇશ્વરધામ' પડવાનું હતું, મંદિરના પ્રાંગણમાં મુકાયેલી ઇશ્વરાનંદજીની પ્રતિમાનું અનાવરણ આજે થવાનું હતું... એ પછી બાજુના હોલમાં ગેસ્ટહાઉસના રૂમ્સનું લોકાર્પણ હતું અને ત્યારબાદ લંચ. લંચ પછી થોડો આરામ અને સાંજે પાંચ વાગ્યે બાજુના દત્તક લેવાયેલા ગામમાં ઉભી કરાયેલી પચાસ ખાટલાની અદ્યતન સગવડો સાથેની હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન હતું...

સાંજે સાત વાગ્યે સમીરનું પ્રવચન હતું.

દિવસ આખાનો કાર્યક્રમ ફરી એકવાર ગોઠવતો સમીર કોન્ફરન્સ રૂમમાં દાખલ થયો ત્યારે એણે ધાર્યું હતું એમ જ રૂમમાં કોઈ નહોતું.

એ જઈને ગોળ ટેબલની આજુબાજુ ગોઠવાયેલી ખુરશીઓમાંની એક ઉપર બેઠો... એણે એનું માથું પાછળના ટેકા પર મૂક્યું. બંને હાથ માથાની પાછળ ગોઠવીને શરીરને સહેજ લંબાવ્યું અને આંખો મીંચી દીધી.

છેલ્લા કેટલાય મહિનાઓની ઘટનાઓ એની નજર સામેથી સડસડાટ પસાર થઈ રહી હતી... આજે, અત્યારે કેટલાય દિવસે એ આમ એકલો અને છતાં વિચારહીન દશામાં હતો. એને અચાનક જ વિચાર આવ્યો, "આ ટ્રસ્ટીઓ આશ્રમની આવક વિશે બધું જ જાણતા હશે. એમને માટે હું આ આવક રળી આપનારો રેસમાં દોડતો ઘોડો છું... ઇશ્વરાનંદજી પણ એમ જ જીવ્યા હશે. આ ટ્રસ્ટીઓને આજે સમજાવી દેવું પડશે કે આ આશ્રમ મારે લીધે છે, હું આશ્રમને લીધે નથી. આશ્રમને મળતી આવક અથવા દાન મારા અથવા ઇશ્વરાનંદજીના નામે

આવે છે. આજ સુધી જે ચાલ્યું તે ભલે ચાલ્યું પણ હવે આ ટ્રસ્ટીઓને મારે મારી મુઠ્ઠીમાં કરી લેવા પડશે."

સમીરે મનોમન પત્તા ચીપીને બાજી ગોઠવવા માંડી...

*

બરાબર સાડા દસ વાગ્યે વસંતભાઈ પ્રવેશ્યા. જે આ આશ્રમના ફાઉન્ડર ટ્રસ્ટી હતા. એમના પિતાના ઇશ્વરાનંદજી પર ઘણા ઉપકારો હતા, એમ આશ્રમમાં બધાએ સમીરને કહ્યું હતું.

વસંતભાઈની કોલસાની ખાણો હતી. એ સિવાય ધાતુઓની ખાણો અને સાઉથ આફ્રિકામાં હીરાની ખાણો હતી. વસંતભાઈ પરદેશમાં વસતા એક એવા ભારતીય હતા, જેમનું નામ પહેલા દસ અમીર એન.આર.આઈ. ભારતીયોમાં લેવાતું.

એ સિવાયના બાર ટ્રસ્ટીઓમાં બીજા ત્રણ મોટા ઉદ્યોગપતિઓ હતા. બે સાહિત્યકારો હતા, એક ભૂતપૂર્વ મુખ્યમંત્રી હતા. ત્રણ જાણીતા સમાજસેવકો અને મોટા નોનગવર્મેન્ટ ઓર્ગેનાઇઝેશન (એન.જી.ઓ.) ચલાવનારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ જાણીતા લોકો હતા. એક ફિલ્મના પ્રોડ્યુસર હતા અને એક ડિસ્ટ્રિબ્યુટર હતા... એક જાણીતા વૈજ્ઞાનિક હતા અને એક હિન્દી ફિલ્મોની ખૂબ જાણીતી અભિનેત્રી હતી.

આ તેર જણાને એકસાથે એક છાપરા નીચે ભેગા કરવા જ બહુ અઘરા હતા. એમાંના મોટા ભાગના વરસનો અડધો સમય પરદેશમાં ગાળતા. એમાંના કોઈને ય આવક વરસના અંતે વીસેક કરોડથી ઓછી નહોતી. પરંતુ તે છતાં યે આશ્રમ માટે બધા જ પ્રાણ પાથરતા. છેલ્લા કેટલાય વરસોથી આજના દિવસે બધા જ અહીં આશ્રમમાં ભેગા થતા.

જન્માષ્ટમીનો આ દિવસ વિશ્વભરના તમામ કામો છોડીને આશ્રમના ઉત્સવનો દિવસ હતો. અહીં, કૃષ્ણજન્મના આગલે દિવસે બોર્ડમિટિંગ થતી. આખા વરસના હિસાબો ચેક થતા - ભવિષ્યની યોજનાઓ બનતી. દત્તક લેવાયેલા ગામો અને ત્યાં ચાલતા વિકાસના કામોની જાતતપાસ થતી અને ઇશ્વરાનંદજીનું પ્રવચન સાંભળ્યા પછી આશ્રમમાં મોટો સહભોજ થતો.

મોડી રાત્રે કૃષ્ણજન્મનો ઉત્સવ ઉજવાતો અને બીજે દિવસે પારણું ઝૂલાવીને બધા છૂટા પડતા.

આજે પણ જન્માષ્ટમી હતી.

કૃષ્ણનો જન્મ રાત્રે બાર વાગ્યે થવાનો હતો.

ત્યાં સુધી આશ્રમના વહીવટી કામો ચાલવાના હતા.

મહાભોજને અંતે આશ્રમમાં ભવ્ય કૃષ્ણજન્મનો ઉત્સવ ઉજવવાનું ગોઠવાયું હતું.

ઇલેક્ટ્રોનિક ગોઠવણો અને લેસર લાઈટની કરામતથી આબેહૂબ કૃષ્ણ જન્મની આખી યે દશ્ય-શ્રાવ્ય રચના આજે આશ્રમમાં રજૂ થવાની હતી.

આસપાસના ગામોમાં આ અંગેનો પ્રચાર કરવામાં આવ્યો હતો. ગામોમાંથી ટોળેટોળાં પગપાળા, છકડાઓમાં બેસીને કે એસ.ટી.ઓમાં ભરાઈ ભરાઈને અહીં આવી પહોંચ્યા હતા.

સવારથી જ આશ્રમ જાણે હિલોળે ચઢ્યો હતો. બોર્ડ રૂમમાં જતી વખતે સમીરે આશ્રમના પ્રાંગણમાં ઠેરઠેર ભરાતું જતું માનવમહેરામણ જોયું હતું. એમાં પ્રતિ પળ વધારો થઈ રહ્યો હતો...

સાડા દસની બોર્ડ મિટિંગ શરૂ થવાની તૈયારીમાં હતી.

એક પછી એક ટ્રસ્ટીઓ આવતા જતા હતા. સમીર સાથે ઓળખાણની આપ-લે કરતા હતા. બોર્ડ મિટિંગ શરૂ થાય ત્યાં સુધી સામાન્ય વાતચીતનો દોર ચાલી રહ્યો હતો...

સમીરના વાક્ચાતુર્ય, એની નમ્રતા, સૌજન્ય અને શાંતિપૂર્ણ તેજસ્વીતામાં ટ્રસ્ટીઓ અંજાતા જતા હતા. બરાબર એ જ સમયે ફિલ્મ અભિનેત્રી અનુશ્રી ઘોષે પ્રવેશ કર્યો...

વસંતભાઈ મહેતા સહિત સૌ ઉભા થઈ ગયા.

કમ્મરથી લાંબા વાળ, માછલી જેવી મોટી કાળી કાળી આંખો આંજણને કારણે વધુ કાળી અને વધુ ઉંડી લાગતી હતી. છત્રીસ - છવ્વીસ - છત્રીસનું પરફેક્ટ ફીગર, સંતરાની ફાંક જેવા હોઠ ઉપર આછી ગુલાબી લિપસ્ટિક અને ખૂબ માવજત પામેલી એકપણ ડાઘ વિનાની આરસપહાણ જેવી તગતગતી લીસી ચામડી...

આસમાની ભૂરા રંગની પ્લેન સિફોન સાડી અને મેગિયા સ્લિવના બ્લાઉઝ ઉપર આસમાની ઝાંયવાળા સફેદ મોતીની એક માળા... કાનમાં એવા જ એક-એક મોતીની બુટ્ટી અને અંગ્રેજી ફિલ્મોની હિરોઈનો જેવો હસ્કી અવાજ...

“મે આઈ કમ ઇન જેન્ટલમેન?” એણે પૂછ્યું, અને ત્રેસઠ વરસના વસંતભાઈ સહિત બધા જ ટ્રસ્ટીઓ ઉભા થઈ ગયા. “આઈ એમ સોરી, મને આવતા થોડું મોડું થયું છે. મારે મદ્રાસથી મુંબઈની ફ્લાઈટ ડિલે થઈ ગઈ એટલે મુંબઈની કનેકટિંગ ફ્લાઈટ ન મળી... એટલે આજે સવારે એક મિત્રના પ્રાઈવેટ પ્લેનમાં આવી...”

“ધેટ્સ ઓ.કે.” વસંતભાઈએ કહ્યું. “તમે આવી ગયા એટલે બસ.”

“મારે સૌથી પહેલાં સમીરાનંદજીને મળવું છે, એમના બધા જ પ્રવચનો મેં સાંભળ્યા છે... આજ સુધી આશ્રમની ટ્રસ્ટી હતી, પરંતુ એમને સાંભળ્યા પછી એમની શિષ્યા થવાનું મન થાય છે. ક્યાં છે એ? હજી નથી આવ્યા?” અનુશ્રીએ પૂછ્યું...

અનુશ્રીને લગભગ ઘેરી વળેલા એક ડઝન પુરુષોના ટોળાંને પેલે પારથી એક અવાજ આવ્યો... “નમસ્તે. તમને મળીને ખરેખર આનંદ થયો.”

એ હનીસ્મૂધ અવાજમાં ગજબની તાકાત હતી.

અનુશ્રી ટોળાને વીંધીને આગળ વધી. સમીર હજી યે ખુરશીમાં બેઠો હતો. અનુશ્રીએ હાથ લંબાવ્યો અને ફરી કહ્યું, “હું તમારી ફેન થઈ ગઈ છું... સ્ત્રી-પુરુષના સંબંધો અને લાગણીઓ ઉપર તમે બોલો છો... જે વિચારો છો, એવું આજ સુધી મેં કોઈ સાધુ કે સંતને કહેતા નથી સાંભળ્યા. યુ આર યુનિક! યુ આર ડિફરન્ટ! યુ આર વન ઑફ અ કાઈન્ડ...” એની મોટી મોટી આંખોમાં ગજબની મોહિની હતી અને છતાં, એ જાણે પોતે સંમોહિત થઈ ગઈ હોય એમ બોલતી હતી!

“હું કોઈ સાધુ કે સંત નથી. હું અહીં ઇશ્વરનું કામ કરવા આવ્યો છું, એ ઇશ્વર મારા પિતા ઇશ્વરાનંદજી હોઈ

શકે કે ઉપર બેઠેલો આપણા સૌનો પિતા હોઈ શકે... મારે તો સોંપેલું કામ કરીને નીકળી જવાનું છે અને રહી વાત બોલવાની તો જે માનું છું એ બોલું છું... તમને ગમ્યું એ માટે આભારી છું." સમીરે કહ્યું.

અનુશ્રી મુગ્ધભાવે સાંભળતી હતી.

સમીરની કથ્થઈ બ્લ્યુ આંખોમાં ગજબની સંમોહિની હતી. એ બોલતા બોલતા ઉભો થયો અને "આભારી છું." કહીને હાથ જોડ્યા.

સમીરની કેસેટો પર એના ફોટોગ્રાફ્સ છાપવા વિશે એનો ઉગ્ર વિરોધ હતો. એની કેસેટ્સ પર અને સી.ડી. પર સારા કલાકારોના પેઈન્ટિંગ્સ, લેન્ડસ્કેપ્સના ફોટોગ્રાફ્સ કે બીજા પોઝિટિવ મેસેજ આપતા ફોટા છપાતા. એના પુસ્તકો પર કે પુસ્તકોમાં ક્યાંય એ પોતાનો ચહેરો દેખાડવા તૈયાર નહોતો...

ઇશ્વરાનંદજીનો એક આ નિયમ એણે જાળવી રાખ્યો હતો.

અને કદાચ, એનામાં રહેલા એક એમ.બી.એ. ગ્રેજ્યુએટને આ બિઝનેસ સ્ટ્રેટેજી તરીકે પણ અનુકૂળ આવતું હતું...

અનુશ્રી એકીટશે જોઈ રહી. એણે કદાચ કોઈ મોટી ઉંમરના માણસની અપેક્ષા રાખી હતી.

પણ અહીં તો, લગભગ વેંત ઊંચું જોવું પડે એટલો ઊંચો, નખશિખ રોમન શિલ્પમાંથી સીધો જ ઊતરી આવ્યો હોય એવો દિલધડક હેન્ડસમ છોકરો લુચ્ચું હસતો હાથ જોડીને ઊભો હતો - પહોળા ખભા અને પાતળી કમ્મર, વી શેઈપનું શરીર ને એના પર સફેદ ઝભ્ભો, ફ્લેટ પેટ અને પાતળી કમર ઉપર બેફિકરાઈથી બ્લ્યુ જીન્સ જાણે ગોઠવાઈને પડ્યું હતું. બધાં બટન બંધ હોવા છતાં છાતીના વાળ કોલર અને પહેલા બટનની વચ્ચેથી ડોકિયાં કરતા હતા. બ્લ્યુ અને કથ્થાઈની વચ્ચેના કોઈ અજબ શેડની આંખોમાં શરારત માતી નહોતી, ઊભરાઈ જતી હતી અને છતાં, જ્ઞાનનું તેજ ચામડી પર, આંખોમાં ઝગારા મારતું હતું.

દાઢીથી ઢંકાયેલો અડધો ચહેરો જાણે કોઈ ઋષિનો ચહેરો હોય એવો લાગતો હતો. જ્યારે બાકીનો અડધો ચહેરો એની સાથેના તમામ ફિલ્મી હિરોના ચહેરા કરતા વધુ દેખાવડો અને વધુ આકર્ષક હતો.

"આ...આ... કોણ હતો?"

"દિલ ધડકન ચૂકી રહ્યું હતું?"

ડર હતો કે દિવાનગી?

અનુશ્રી જોઈ રહી એની સામે...

જેની એક નજર માટે હિન્દુસ્તાનના કરોડો જુવાનિયાઓ જીવ આપી દેવા તૈયાર હતા, જેની ફિલ્મો પચાસ-પચાસ અઠવાડિયા સુધી થિયેટર પર ટંકશાળ પાડતી. જેને રોજ બબ્બે કોથળા ભરીને ફેન-મેલ આવતી... જેમાં, લોહીથી લખેલા પત્રો પણ આવતા!

અઠવાડિયામાં બેવાર જેના સમાચાર ન છપાય તો છાપાનું વેચાણ ઘટી જાય એવી આ હિન્દુસ્તાનની ફિલ્મો પર એક ચક્રે શાસન કરતી, હિરો કરતા વધુ પૈસા લેતી એકમાત્ર હિરોઈન અનુશ્રી ઘોષ આજે પહેલીવાર

કોઈને જોઈને દિગ્મૂઢ થઈ ગઈ હતી. એને હાથ જોડીને ઉભેલા આ માણસને આગળ શું કહેવું એ સૂઝતું નહોતું...

...અને, ત્યાં ઉભેલા બાકીના ટ્રસ્ટીઓ પૂતળાની જેમ થીજી ગયેલી આ મીણની પૂતળીને જોઈ રહ્યા હતા...

એમની આંખોમાં થોડું આશ્ચર્ય હતું અને કદાચ, થોડી ઈર્ષા!

*

સાડત્રીસ

સમીર અનુશ્રીને જોઈ રહ્યો હતો. હિન્દુસ્તાનના કેટલાય જવાન દિલોની ધડકન હતી એ.

આસપાસ ઉભેલા બધા જ ટ્રસ્ટીઓ ડઘાઈ ગયા હતા.

અનુશ્રી એના તેવર અને નખરાં માટે જાણીતી હતી. છેલ્લા બે વર્ષથી ટ્રસ્ટી - બોર્ડની મિટિંગમાં બોલાવવા માટે એને કેટકેટલા રિમાઇન્ડર્સ અને વિનંતીઓ કરવી પડતી. ખરેખર તો ગયા વખતની મિટિંગમાં એવો નિર્ણય લેવાયો હતો કે જો હવે અનુશ્રી બોર્ડ મિટિંગમાં ન આવે તો એની પાસે રાજીનામું માંગી લેવું. આજે સવાર સુધી અનુશ્રી નહોતી આવી. લગભગ બધાએ ધારી લીધેલું કે એ નહીં જ આવે.

અનુશ્રીને અહીં બોર્ડ ઑફ ટ્રસ્ટીઝમાં વસંતભાઈ લઈ આવ્યા હતા. પહેલીવાર એ ઇશ્વરાનંદજીને મળવા આવી હતી, અમસ્તી જ. પણ, ઇશ્વરાનંદજીને મળ્યા પછી એમની ફૅન થઈ ગઈ હતી. ત્યારે અનુશ્રી ઇન્ડસ્ટ્રીમાં નવી-સવી હતી. વસંતભાઈના મિત્રો અને ઇશ્વરાનંદજીના કેટલાય શિષ્ય પ્રોડ્યુસરો અને ડિસ્ટ્રીબ્યુટરોએ ત્યાર પછી અનુશ્રીને પોતાની ફિલ્મમાં 'ચાન્સ' આપ્યો હતો.

હવે અનુશ્રી હિન્દી ફિલ્મની ટોપની હિરોઈન હતી... નંબર વન!

હવે એને ઇશ્વરાનંદજી કે વસંતભાઈની જરૂર નહોતી.

અને એટલે જ, એણે ઘણા સમયથી આશ્રમની પ્રવૃત્તિઓમાં રસ લેવાનું બંધ કરી દીધું હતું.

જે વિશે ટ્રસ્ટીઓ અને વસંતભાઈ બધા જ નારાજ હતા.

સમીરના આવ્યા પછી આમેય આશ્રમમાં સમીર ઘણી બધી રીતે સર્વોપરી થઈ ગયો હતો.એ ધાર્યું કરતો. ઇશ્વરાનંદજી નાનામાં નાની વસ્તુ ટ્રસ્ટીમંડળને પૂછીને એમની સૂચના અથવા સંમતિથી કરતા. સમીરે આશ્રમની સિકલ પલટી કાઢી હતી.

પ્રવચનોની કેસેટો, સી.ડી. અને પુસ્તકો ધડાધડ પબ્લિશ થઈ રહ્યા હતા. સમીર બેફામ સ્ટેટમેન્ટ કરતો, સંબંધો પર, લગ્નો પર, સમાજ પર પ્રહાર કરતો.

આશ્રમની આવકોના હિસાબો જાતે તપાસતો થઈ ગયો હતો. આશ્રમ પરિસરમાં પોતાની મરજી અને પ્લાન મુજબના બિલ્ડિંગો ઉભા કરાવ્યાં હતાં...

ગઈ કાલે બપોરે આવેલા વસંતભાઈએ આ બધું જોયું હતું. એવું નહોતું કે પહેલાં એમને આ બધી બાબતોની જાણ નહોતી. પરંતુ, આ નજરે જોઈને એ આશ્ચર્યચકિત હતા.

વસંતભાઈ અમુક રીતે પોતાની જાતને ઇશ્વરાનંદજીના કર્તા માનતા. આધ્યાત્મનંદજીએ આપેલી આ જમીન અને બે-ચાર બેઝિક સ્ટ્રકચર સિવાય ઇશ્વરાનંદજી પાસે કશું ય નહોતું. વસંતભાઈએ એમનો પ્રચાર અને પ્રસાર કર્યો હતો. ઇશ્વરાનંદજી જે કંઈ હતા, એમાં વસંતભાઈનો ફાળો અને ઉપકારો પણ સામેલ હતા. વસંતભાઈ આ વાત એક યા બીજી રીતે ઇશ્વરાનંદજીને સંભળાવી દેતા. અનુશ્રીને બોર્ડ ઑફ ટ્રસ્ટીઝમાં લેવાનો આગ્રહ વસંતભાઈનો હતો. બીજા ટ્રસ્ટીઓએ એ સમયે જ વિરોધ કરેલો. પરંતુ, વસંતભાઈએ પબ્લિસિટીનું

ગાજર એમની સામે લટકાવીને એમને રાજી કરી લીધેલા.

અનુશ્રી છેલ્લા બે વરસથી જે રીતે આશ્રમ અને બોર્ડ-મિટિંગને અવગણતી હતી એ જોતા ટ્રસ્ટીઓએ અનુશ્રીને ફુટાડવાનું નક્કી કરી લીધેલું. બધા અનુશ્રીની જગ્યાએ પોતાનો કયો માણસ ગોઠવવો એની બાજી મનોમન માંડીને આવ્યા હતા... એ જ વખતે અનુશ્રી ફિલ્મી સ્ટાઈલમાં દાખલ થઈ...

સમીરને મળી.

સમીર અને અનુશ્રી વચ્ચે જે કેમેસ્ટ્રી રચાઈ, એના સાક્ષી ત્યાં ઉભેલા દરેક લોકો હતા...

*

હાથ જોડીને ઉભેલો સમીર અનુશ્રી સામે જોઈ રહ્યો હતો. એણે પણ અનુશ્રીની ઘણી ફિલ્મો જોઈ હતી. છેલ્લા એક વરસમાં એને ફિલ્મ જોવાની તક નહોતી મળી. બાકી, અનુશ્રી ઘોષની લગભગ દરેક ફિલ્મ સમીરે જોઈ હતી.

અનુશ્રી સમીરની ફેવરિટ એકટ્રેસમાંની એક હતી.

આઈ.આઈ.એમ.ના દિવસોમાં સમીરે જોઈ નાખેલી ફિલ્મ જો ફરી જોવાનો કોઈ આગ્રહ કરે તો સમીર "ચલો, અનુશ્રી કો દેખ લેંગે..." એમ કહીને ફિલ્મ ફરી જોઈ નાખતો.

આજે એ સ્ત્રી કહી રહી હતી કે "હું તમારી ફેન છું..."

સમીર માટે આ એક નવી જીત હતી.

બી.એમ.ડબલ્યુ ગાડી કે વસ્તુઓની ભેટ એને માટે નવી નવાઇ નહોતી રહી... પણ, આ ગાદી એને માટે અનુશ્રી જેવી અભિનેત્રીની ભેટ લઈ આવી હતી!

સમીરમાંનો એમ.બી.એ. ગ્રેજ્યુએટ અનુશ્રીને જોઈને વિચલીત હતો... એની ના નહીં. સમીર નોર્મલ માણસ હતો. અનુશ્રીને જોઈને એને પણ વિચાર આવ્યો, "ફુરસદના સમયમાં ઘડી છે."

આસમાની રંગની સાડી, મોટી મોટી માછલી જેવી આંખો, કમર સુધીના લાંબા વાળ, અદ્ભુત શરીર, પાતળી સિફોનની સાડીમાંથી દેખાતા શરીરના વળાંકો, ફ્લેટ પાતળુ પેટ અને સિફોનની સાડીમાંથી દેખાતી એની નાભિ...

એને અચાનક ખ્યાલ આવ્યો કે એની આસપાસ અનુશ્રી સિવાયના બાકીના અગિયાર ટ્રસ્ટીઓ પણ ઉભા હતા...

બોર્ડ-મિટિંગ શરૂ કરવાનો સમય થઈ ગયો હતો.

સમીર પોતાની ખુરશીમાં પાછો ગોઠવાયો. બધા પણ પોત પોતાની ખુરશીમાં ગોઠવાઈ ગયા...

સમીરે પોતાનું પ્રવચન શરૂ કરવાનું હતું.

બોલતી વખતે છેલ્લા કેટલાય મહિનાઓની ઘટનાઓ એની નજર સામેથી સડસડાટ પસાર થઈ રહી હતી...

એને અચાનક જ વિચાર આવ્યો, "આ ટ્રસ્ટીઓ આશ્રમની આવક વિશે બધું જ જાણતા હશે. એમને માટે હું આ આવક રળી આપનારો રેસમાં દોડતો ઘોડો છું... ઇશ્વરાનંદજી પણ એમ જ જીવ્યા હશે. આ ટ્રસ્ટીઓને આજે સમજાવી દેવું પડશે કે આ આશ્રમ મારે લીધે છે, હું આશ્રમને લીધે નથી. આશ્રમને મળતી આવક અથવા દાન મારા અથવા ઇશ્વરાનંદજીના નામે આવે છે. આજ સુધી જે ચાલ્યું તે ભલે ચાલ્યું પણ હવે આ ટ્રસ્ટીઓને મારે મારી મુઠ્ઠીમાં કરી લેવા પડશે."

સમીરે મનોમન પત્તા ચીપીને બાજી ગોઠવવા માંડી...

સમીરે બોલવાનું શરૂ કર્યું. સૌ એને લગભગ મુગ્ધભાવે સાંભળી રહ્યા હતા.

"આ આશ્રમ મારા ગુરુનો આશ્રમ નથી. હું એના વિશે કશું જાણતો નથી. અચાનક જ એક દિવસ સવારે મને આ સોંપી દેવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે હવે મારે આ આશ્રમનું લાલન-પાલન કરવાનું છે.

હું બિઝનેસ અને મેનેજમેન્ટમાં સમજું છું. ધર્મ સાથે મારે બહુ ઉંડો પરિચય નથી. સારું વર્તન અથવા કોઈનું ભલું કરવું - એ મારે માટે ધર્મ છે...

મારા આવ્યા પછી આશ્રમની આવકમાં લગભગ હન્ડ્રેડ પર્સન્ટ વધારો થયો છે. એનો અર્થ એમ કે હું આશ્રમ માટે કોમોડિટી છું, બ્રાન્ડ છું, વિદેશી ભક્તોને મેં આશ્રમ તરફ આકર્ષ્યા છે. દાનો-અનુદાનો મારે લીધે વધ્યા છે..."

સમીર જેમ બોલતો જતો હતો એમ વસંતભાઈ અને અન્ય ટ્રસ્ટીઓની આંખોમાં એક અજબ પ્રકારનો ફેરફાર થતો જતો હતો જે 'સ્વ' અને 'હું'ના ગીત ગાતા સમીરને કદાચ નહોતો દેખાતો...

વસંતભાઈએ વચ્ચે જ સમીરને રોક્યો, "સમીરાનંદજી... આશ્રમને આવકમાં રસ નથી. આશ્રમના કામો માત્ર આવક મેળવવાથી આગળ ઘણા બધા છે..."

"જાણું છું." સમીરે કહ્યું અને ગર્વથી પોતાની પાછળ પડેલું નવા આશ્રમ પરિસરનું મોડેલ આગળ લાવ્યો... એણે સૌને બાજુમાં પડેલી નાનકડી ફૂટપટ્ટી ઉંચકી દેખાડવા માંડ્યું...

"આ નવું એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, આ નવા વી.આઈ.પી. રૂમ્સ, આ નવું પ્લાન્ડ પ્રપોઝ્ડ પરિસર છે. અહીં, રિસેપ્શન, અહીં બુકિંગ ઑફિસ... પ્રવચનની જગ્યા પણ મોટી કરવી પડશે. યુ, સી, ઘણા બધા લોકો હવે પ્રવચન સાંભળવા માગે છે. અમે દસ રૂપિયા ફી રાખવાનું વિચારીએ છીએ..."

એક ટ્રસ્ટી, જે ભારતના જાણીતા ઉદ્યોગપતિ અને સ્ટીલબજારના કિંગ કહેવાતા, એમણે જરા ઉગ્ર અવાજે પૂછ્યું, "અમે? અમે એટલે કોણ?"

"હું." સમીરે કહ્યું.

બીજા એક ટ્રસ્ટી, જે બહુ જ જાણીતા સમાજસેવક હતા અને ફોરેન ફન્ડિંગ લાવવામાં એમની માસ્ટરી ગણાતી. એમણે જરા અકળાઈને પૂછ્યું, "હાઉ કેન યુ ડિસાઇડ? આજ સુધી આશ્રમમાં દાખલ થવા માટે કે પ્રવચન સાંભળવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી."

"આજ સુધીની વાત જુદી હતી. આજ સુધીના પ્રવચનો આટલા ઇન્ટરેસ્ટિંગ નહોતા...માત્ર કેસેટ, સી.ડી. અને

પુસ્તકોમાંથી છેલ્લા સાત મહિનામાં સાડા સત્તર લાખ રૂપિયાની આવક થઈ છે." સમીરે કહ્યું. "ઇટ્સ સેલ્સ!"

"પરંતુ એ આપણા આશ્રમની પૉલિસી જ નહોતી."

"કારણ કે આજ સુધી આવો વિચાર કોઈને નહોતો આવ્યો.

"વિચાર..." શેરબજારમાં જેનું નામ સટ્ટાકિંગ તરીકે ઓળખાતું, શેરના ભાવ પાડવા કે ઉપાડવા જેમના હાથમાં છે એમ મનાતું એવા મધુકાંત શ્રોફ ક્ષણભર માટે ચોંકી ગયા... "વિચાર તો કોઈ પણ આવે ભાઈ, એનો અમલ કરતાં પહેલાં વિચારવું જોઈએ... આશ્રમ દુકાન નથી, શેરબજાર નથી કે આપણે આવકોનો વિચાર કરીએ."

સમીરની દલીલો અટકવાનું નામ નહોતી લેતી.

એણે ધુંઆદાર દલીલો કરીને પોતાની વાત ટ્રસ્ટીઓના ગળે ઉતારી દીધી.

આશ્રમમાં આવક થશે તો જ આશ્રમ પોતાની ઇચ્છિત પ્રવૃત્તિઓ મુક્તપણે કરી શકશે, એવું સમીરનું માનવું હતું! એણે એવું પણ ઠસાવવાનો પ્રયત્ન કર્યો કે આશ્રમે દાન અને અનુદાન પર નભવાને બદલે પોતાની આવક જનરેટ કરવી જોઈએ. પોતાના પગ પર ઉભા રહેવું જોઈએ. જેને માટે એમની પાસે વેચાઈ શકે એવો માલ એટલે કે પોતે હાજર હતો.

ટૂંકમાં, સમીરે ટ્રસ્ટીઓને ગળે ઉતારી દીધું કે પોતે આશ્રમ માટે અનિવાર્ય હતો. એને સતાવવા કે અટકાવવાનો અર્થ થતો હતો કે આશ્રમની બરબાદી!

આખી યે વાત એ વખતે તો ત્યાં પડતી મૂકી, પણ વસંતભાઈએ જતા જતા સમીર જોડે હાથ મિલાવ્યો અને એને કહ્યું, "ઇશ્વરાનંદજીના ચરણ પકડવાની ઇચ્છા થતી હતી. જ્યારે તમારી સાથે શૅકહેન્ડ કરવાનું યોગ્ય લાગે છે. અભિનંદન હોય કે ચેલેન્જ પણ હું તમારી સાથે હાથ મિલાવું છું."

સમીર એમની કોમેન્ટ સમજ્યો કે નહીં, એ તો સમીર જાણે. પણ, એને લાગ્યું કે એણે બારેબાર ટ્રસ્ટીઓને પોતાના વશમાં કરી લીધા છે...

એક અજબ છલની જાળ એ પોતાની આસપાસ જાણે-અજાણ્યે રચતો જતો હતો, જેની કદાચ એને ય જાણ નહોતી...

રેવતીને લગ્નને આગલે દિવસે મૂકીને ચાલી આવ્યા પછી ખરેખર સમીરે ચિંતા પણ નહોતી કરી કે એનું શું થશે? એની સાથેના પોતાના શારીરિક સંબંધો પછી એ છોકરી જીવન કઈ રીતે જીવશે...

ત્યાંથી શરૂ થયેલી સમીરની સફર ડગલે ને પગલે એને છલતી જતી હતી અને સમીર સમજ્યા વિના એ જાળમાં એક ડગલુ વધુ ને વધુ આગળ ભરતો જતો હતો...

શું નિર્દોષ છોકરીને છોડીને આવવાની વિધાતાએ કોઈ સજા નક્કી કરી હતી, સમીર માટે કે પછી આ બધી જ છલના સમીરના સફળતાઓના દરવાજા ઉઘાડવાની હતી...

કોને ખબર, અત્યારે તો સમીરને એની ચિંતા નહોતી. એને માટે નાની નાની જીતની પળો સર્વસ્વ બની ગઈ હતી. સવારનો વ્યાખ્યાન આપતો સમીર, બપોરે આશ્રમના હિસાબો જોતો સમીર, આર્કિટેક્ટ જોડે પ્લાન્સ

ડિસક્સ કરતો સમીર, ભક્તગણો પાસેથી ભેટ સ્વીકારતો સમીર... એક નિર્દોષ છોકરીની બે આંખો ભૂલી ગયો હતો, જેને એ છોડી આવ્યો હતો... પણ એ છોકરી કદાચ એને નહોતી ભૂલી!

*

નાનકડી છોકરીને દૂધ પીવડાવતી વખતે રેવતી એની સામે જોઈ રહી હતી. નાનકડું બાળક ઉઘાડી આંખે એની સામે ઉઘડી રહેલા વિશ્વને ટગર ટગર જોતાં હજી હમણાં જ શીખ્યું હતું. એણે એની માની આંગળી પોતાના હાથમાં પકડી રાખી હતી. બીજા હાથે એ માના ગાઉનના ખુલ્લા બટન સાથે રમત કરી રહી હતી...

રેવતી એની ઉઘાડી આંખોમાં જોઈ રહી હતી.

કથ્થઈ બ્લૂ રંગની અજબ શેડની આંખો લઈને જન્મી હતી આ છોકરી. એણે સમીરની એ જ બે આંખો પર વિશ્વાસ કર્યો હતો. પોતાનું સર્વસ્વ સમર્પી દીધું હતું એને અને એ માણસે શું કર્યું હતું એની સાથે. એને સ્વીકારવાને બદલે એને માથે એક બોજ, એક જવાબદારી, એક કલંક મૂકીને પોતાના અસ્તિત્વની ખોજ કરવા નીકળી ગયો હતો...

કયું અસ્તિત્વ અને કઈ ખોજ હતી એ, જેમાં રેવતીનો ભોગ લેવાયો હતો.

સુજય સાથે પરણ્યા પછી રેવતી સમીરને ભૂલી ગઈ હતી. સુજયનો પ્રેમ, રંજનબહેનનું વ્હાલ, મહેન્દ્રભાઈની કાળજી અને ઘરમાં એને મળેલું સન્માન - રેવતીને ગદ્ગદ્ કરી નાંખતું. એને જીવન પાસેથી હવે વધારે કોઈ અપેક્ષા નહોતી. પ્રેગનન્સી દરમ્યાન એની જે સંભાળ સુજય અને રંજનબહેને રાખી હતી એ ભાગ્યે જ કદાચ કોઈ વહુની સાસરે રખાતી હશે...

આ બધા પછી, જ્યારે આ છોકરી જન્મી ત્યારે ફરી એકવાર એને સમીર યાદ આવી ગયો હતો. આ છોકરી જેટલી વાર એની સામે જોતી, એટલી વાર એને સમીર યાદ આવતો.

બહુ અઘરુ હતું રેવતી માટે.

કદાચ, સુજયને યાદ નહોતું રહ્યું, પણ રેવતીને સો ટકા યાદ હતું, અને હવે તો પળે પળે રહી રહીને યાદ આવતું કે આ સમીરની દીકરી હતી. એ સમીરની, જે એને છોડી ગયો હતો... જેણે એને અડધે રસ્તે લાવીને એની ચિંતા કર્યા વિના એક નકામી ફાલતુ વાતની પાછળ એના અસ્તિત્વને હોમી દીધું હતું.

શું શોધવા ગયો હતો એ? અને પાછળ કોને મૂકીને? સીમા જેવી મા, પંકજભાઈ જેવા પિતા, રેવતી જેવી પત્ની અને બીજા કેટલાય સુખો નિ:સાસા નાખતા રહી ગયા હતા...

દીકરી સામે જોતા જોતા રેવતીથી ઉંડો નિ:સાસો નંખાઈ ગયો. ક્યારેય નહીં, ને આજે અચાનક એના મનમાંથી આહ્ નીકળી ગઈ.

આટઆટલું થયાં છતાં રેવતીએ ક્યારેય સમીરને બદદુઆ નહોતી આપી. એણે ક્યારેય એના વિશે એક ઘસાતો શબ્દ નહોતો કહ્યો.

આજે પહેલી વાર ઢીંગલીની આંખોમાં જોઈને એનાથી મનોમન પ્રાર્થના થઈ ગઈ... “હે ઇશ્વર! જો મેં મારો ધર્મ સંપૂર્ણ રીતે બજાવ્યો હોય, ક્યારેય જાણીને કોઈને દુ:ખ ન પહોંચાડ્યું હોય તો મારે તારો ન્યાય જોવો છે...”

રેવતીની આંખોમાંથી આંસુના બે ટીપાં એની દીકરીના ગાલ પર પડ્યા. છોકરીએ ચોંકીને રેવતી સામે જોયું અને પછી જાણે સમજી ગઈ હોય એમ માની આંખમાં આંખ પરોવીને એક ગૂઢ સ્મિત કર્યું...

એના ગાલ પર પડેલા ટીપાં સરકીને એના ગાલના ખંજનમાં આવીને ભરાઈ ગયા... એના ગાલમાં પડેલા ખાડા જોઈને રેવતીને સુજયનું સ્મિત યાદ આવી ગયું. કેટલી નવાઈની વાત હતી, પણ, રેવતીના કુટુંબમાં કે સમીરના કુટુંબમાં કોઈને ય ગાલમાં ખંજન નહોતા પડતા. આ છોકરી સુજયના ખંજન લઈને આવી હતી... પોતાના ગાલમાં અને પોતાની હસ્તરેખામાં!

...જાણે ઇશ્વરે રેવતીને કહ્યું હોય, કે તારા આંસુ ઝીલવા માટે મેં સુજયને મોકલ્યો છે.

રેવતીએ દીકરીના ગાલ પરથી આંસુ લૂછી નાંખ્યા અને એને દૂધ પીવડાવવામાં પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યું. એને રંજનબહેનની વાત યાદ આવી ગઈ, “બેટા, ધવડાવવાનું કામ એક એવું કામ છે, જેમાં માએ પોતાનો આત્મા નાંખી દેવાનો હોય છે. એને દૂધ પીવડાવતા તું જે વિચારીશ, જે અનુભવીશ એ બધું જ એના બાળમનમાં ઝીલાઈ જશે, એટલું યાદ રાખજે. આ કોઈ વિજ્ઞાન નથી. આની કોઈ સાબિતી યે નથી. પણ, આ વરસો જૂની વેદોની, શાસ્ત્રોની વાત છે...અને એટલે જ કહેવત પડી છે કે તારી માને ધાવ્યો હોય તો...”

રેવતીએ દીકરીને દૂધ પીવડાવતા પીવડાવતા એના વાળમાં આંગળા ફેરવવા માંડ્યા... માનો શીતળ સ્પર્શ પામીને ઢીંગલીને પણ કદાચ સમજાઈ ગયું કે રેવતીના મનનો ઉદ્વેગ શાંત થઇ ગયો હતો... ધીમે ધીમે કરતા એ ઉંઘી ગઈ...

રેવતી એ ઉંઘતા બાળકને એકીટશે જોતી રહી.

રેવતીની આંખોમાં કદાચ કોઈ અજબ પીડાનો ભાવ આવ્યો હશે એટલે જ એના રૂમમાં દાખલ થતો સુજય દરવાજા પાસે જ અટકી ગયો. રેવતીના વિચારોમાં જરાય ખલેલ ના પડે એવી રીતે ચૂપચાપ સુજયના એના કમરામાં દાખલ થયો. ધીમે રહીને પોતાની બેગ સાઈડમાં મૂકી. પછી હળવેકથી રેવતીની બાજુમાં આવીને બેઠો અને પોતાનો એક હાથ ખભાની આજુબાજુ લપેટીને રેવતીને બહુજ કોમળતાથી પૂછ્યું “શું વિચારે છે?” રેવતી ચોંકી...

“તમે ક્યારે આવ્યા?” રેવતીએ સુજયને પૂછ્યું.

“જ્યારે તું કોઈ બીજાનો વિચાર કરતી હતી...” રેવતીએ સુજયની આંખોમાં જોયું, એ મજાક કરતો હતો. એના ગાલ પર હંમેશની જેમ ખંજન પડી ગયા હતા. એના ઉપસી આવેલા રાક્ષી દેખાતા હતા... “બોલ જોઉં, કોનો વિચાર કરતી હતી? ભાંગી નાંખુ, તોડી નાંખુ, ભૂક્કા કરી નાંખુ... જેનો તું વિચાર કરતી હોય એના...”

રેવતીએ પોતાનું માથુ સુજયના ખભા પર મૂકી દીધું અને પોતાના બીજા ખભા પર વીંટળાયેલો સુજયનો હાથ ખેંચીને ભીંસ વધારી દીધી જાણે એ પક્કડથી એને સુરક્ષિત અનુભવ થતો હોય એમ એ સુજયના પડખામાં વધુ દબાઈ... એની આંખમાંથી આંસુ સરી પડ્યા. સુજયનો ખભો ભીનો થયો હશે, એટલે એણે રેવતીના ચહેરાને ચીબુકમાંથી ઉંચક્યો. એની આંખોમાં આંખો પરોવી...

“શું થયું છે?” સુજયે રેવતીને પૂછ્યું.

રેવતીએ ડોકું ધુણાવી ના પાડી. પણ આંખમાંથી આંસુ વહી રહ્યા હતા.

સુજયે રેવતીના ચહેરાને બંને હાથથી પકડ્યો, નજીક લાવ્યો અને જાણે રેવતીના વણપુછાયેલા સવાલનો જવાબ આપતો હોય એમ કહ્યું, "આનુ નામ હજી નથી પાડ્યું પણ એના નામની પાછળ સુજય શાહ લખાશે. આ મારી દીકરી છે. મને ખૂબ લાડકી છે... મારી જવાબદારી છે. મારું જીવન છે... હવે આપણે એને વિશે અવારનવાર ચર્ચા નહીં કરીએ... હું એ બાબતે તારી આંખમાં આંસુ જોવા નથી માગતો..."

રેવતી અચાનક જ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. એની પાસે બોલવા માટે શબ્દો નહોતા...

થોડીવાર એને રડવા દઈને સુજયે રેવતીને કહ્યું, "પ્રેમ ખૂબ અઘરી વસ્તુ છે, કારણ કે એ બીજાની સાથે કરવો પડે છે..." હસીને ઉમેર્યું, "જાત સાથે નોર્મલ લોકો પ્રેમમાં નથી પડી શકતા... જો, બીજા માણસને તમે પ્રેમ કરો, એટલે એણે પણ શીખવું પડે, પ્રેમ કરતાં, પ્રેમ સ્વીકારતા અને પ્રેમ આપતાં... પ્રેમ એટલે બે જણા વચ્ચેનો બ્રિજ... પ્રેમ સંવાદિતા છે. હાર્મની છે. તારું દુ:ખ કે તારી તકલીફ મને પણ થાય, એનું જ નામ પ્રેમ.

હું તને કોઈ આવેશમાં નથી પરણ્યો કે નથી કોઈ આકર્ષણમાં પરણી ગયો. તું મને ગમે છે, એટલે તારી સાથે જોડાયેલું બધું જ મને ગમે છે... આ..." કહીને એણે ઉંઘતી દીકરીના માથા પર હાથ ફેરવ્યો, "આ તારી ભૂલ નથી. આ, એક અદ્‌ભુત શ્વાસ લેતું, ધબકતું સપનું છે આપણું. જેને આપણે સાથે મળીને જોયું છે. જે તારા ગર્ભમાં રહ્યું છે નવ મહિના, પણ મારા હૃદયમાં, મારી આંખોમાં ઉછરતું રહ્યું છે... એ તમામ સમય દરમ્યાન.

સમય આવે વ્યક્તિનું શરીર, વ્યક્તિના ગુણો કે વ્યક્તિની આદતો આપણને અબખે પડી જાય છે. જેમ બહુ ગળ્યું ખાઈને મોંઢુ ભાંગી જાય એમ... તેં ક્યારેય પૂછ્યું નથી, પણ મારો ય ભૂતકાળ હોઈ શકે ને? એકબીજાને જે ક્ષણથી સ્વીકાર્યા એ ક્ષણથી આપણી વચ્ચે ફક્ત એક જ કાળ છે, અને એ વર્તમાન છે...

રેવતી, મારો પ્રેમ ફક્ત આરંભ જાણે છે, એને અંત નથી... કદાચ, હું નહીં રહું તો પણ મારો પ્રેમ રહેશે તારી આસપાસ, તારી અંદર... તું જીવીશ ત્યાં સુધી મારો પ્રેમ તારા સુધી પહોંચતો રહેશે..."

રેવતીનું રડવું કેમે કર્યું અટકતું નહોતું.

એને સમજાતું નહોતું કે એણે એવા તે કયા પુણ્ય કર્યા હતા કે સુજય નામનો માણસ એને આમ સામેથી આવીને મળ્યો હતો...

સુજય હજી યે બોલી રહ્યો હતો...

એની આંખોમાં કોઈ અજબ લાગણી ઉછાળા મારતી હતી..."રેવતી, હું અત્યારે એક પુરુષ તરીકે નહીં, પણ એક સ્ત્રી તરીકે બોલુ છું... અને તને કહું, ખરેખર એક સ્ત્રી જે કરી શકે છે, એ કરવા માટે આવનારી કેટલી ય સદીઓ સુધી પુરુષ સક્ષમ નહીં બની શકે. એક તો એ કે સ્ત્રી જીવનને જન્મ આપવા માટે સક્ષમ છે. સ્ત્રી સંસાર ચલાવી શકે છે, સ્ત્રી નાના-મોટા સૌની કાળજી લઈ શકે છે, આ રંજનબેન કે કલ્યાણીબેનની વાત નથી. આજની સ્ત્રીની વાત છે!

સ્ત્રી ઉંચી એડીના શૂઝ પહેરતી થઈ ગઈ છે, હાથમાં લેધરની ડિઝાઈનર વાય.એસ.એલ. કે અરમાનીની બેગ લઈને ફોર્મલ્સ પહેરીને મેનેજિંગ ડિરેક્ટરની કેબિનમાં બેસતી થઈ ગઈ છે. કંપનીના પોલિસી ડિસીશન્સમાં મહત્ત્વનો ભાગ ભજવતી થઈ ગઈ છે અને છતાં ઘરમાં પતિ માટે વઘારેલી ખિચડી બનાવવી એને માટે આનંદનો અનુભવ છે...

બાળકને હોમવર્ક કરાવવું કે ઘરમાં દીવો કરવો સ્ત્રીને ગમે જ છે... પતિના શર્ટને બટન ટાંકી આપતી વખતે નજીક આવીને દોરો તોડતી સ્ત્રી આજે પણ એ જ રોમેન્સ અનુભવે છે

સપ્તપદીના સાત મંત્રોમાં પુરુષ કહે છે કે, 'હું તારું ધ્યાન રાખીશ... હું તને સુખ આપીશ... હું બાળકો અને કુટુંબની જવાબદારી લઈશ... હું તને સમાજમાં સન્માન આપીશ... હું તને ધન અને વૈભવ આપીશ... હું તને પતિ તરીકેનું સુખ આપીશ...' અને એમાં એક અગત્યનો મંત્ર કહે છે કે, 'સપ્તમે સખા ભવ...'

એનો અર્થ થાય છે કે સાતમે પગલે આપણે મિત્રો બની જઈએ અને મિત્ર એ છે કે જે કોઈ પ્રકારની વેલ્યુ સીટ પર બેઠા વિના, તમારે વિશે કોઈ અભિપ્રાય બાંધ્યા વિના તમને પ્રેમ કરી શકે...

તને એક વાત ખબર છે, મને એક પણ પ્રશ્ન પૂછ્યા વિના તું મને પરણી છે... અને, એ રીતે તું વધારે મહાન છે... મને બધું જણાવ્યા છતાં તેં ક્યારેય મારો ભૂતકાળ ઉલેચ્યો નથી... આ એક સ્ત્રી જ કરી શકે."

રેવતી સુજયના ખભા પર ડૂસકે ડૂસકે રડી રહી હતી અને સુજય એની પીઠ પર હાથ ફેરવતો, એને વહાલ કરતો, એના માથામાં હાથ ફેરવતો બેઠો હતો...

અચાનક જ જાગેલી એમની દીકરીએ માતા-પિતાનું આ મંગલમિલન જોઈને રડવાને બદલે ફરી એક સ્મિત કર્યું... રેવતી અને સુજય બંને એના ગાલમાં પડતાં ખાડા જોઈને હસી પડ્યા... એક ભીની આંખે અને બીજો ભીનાં હૈયે.

*

સમીર ટ્રસ્ટી બોર્ડની મિટિંગ પછી પોતાના કોટેજમાં દાખલ થયો. એને લાગ્યું કે ટ્રસ્ટીઓને એણે મહાત આપી હતી...

એની ધુંઆદાર દલીલો સામે કોઈ કશું ય બોલી નહોતું શક્યું. સૌ એના પ્રભાવમાં આવીને એની વાત માની ગયા હતા એવા અભિમાનમાં... એવા તોરમાં સમીરે અરીસામાં જોયું... અને, જાતને કહ્યું, "ક્યા બાત હૈ? આઈ એમ ઇમ્પ્રેસ્ડ..."

સાપસીડીની રમત શરૂ થઈ ગઈ હતી. એક પછી એક સીડી ચડતો સમીર ખૂબ ઝડપથી 'ફિનીશ'ના ખાના નજીક આવી ગયો હતો. આંખો મીંચીને દોડી રહેલો સમીર હવે પોતાની જ ઝડપ કંટ્રોલ કરી શકે એમ નહોતો. એને ઉતાવળ હતી... આગળ વધવાની, ઉપર જવાની... અથવા જીતવાની! પરંતુ, સમીરને કદાચ આવનારી પળો નહોતી દેખાતી અથવા એના ફુગ્ગાની જેમ ફુલતા જતા ભ્રમ સામે, ઉંચા ને ઉંચા થતાં જતાં અહમ્ના પડછાયામાં એને નહોતું દેખાતું કે એનાથી થોડાક જ મીટર દૂર આવેલા એક મકાનમાં બે જણાએ મળીને એક એવું છલ રચ્યું હતું જેમાં ફસાઈને સમીર સાપસીડીની રમતમાં હવે સાપના મોંઢા પર પગ મૂકવાનો હતો અને સીધો શરૂઆતના પહેલા ખાના પર આવીને પડવાનો હતો...

આ એક એવી રમત હતી જેની શરૂઆત સમીરે કરી હતી. પણ અંત કોઈ બીજાએ લખી નાખ્યો હતો...

*

આડત્રીસ

આજે જન્માષ્ટમીનો ઉત્સવ હતો. આજનું પ્રવચન અદ્ભુત હશે, એવું નક્કી હતું. આજના સમીરાનંદના પ્રવચન માટે મેદાનમાં રોજની જેમ લગભગ ચાર-પાંચ હજાર માણસો હકડેઠઠ બેસી ગયા હતા. એ ઉપરાંત કેટલા બધા લોકો ઉભા હતા. ટ્રસ્ટીગણ પણ આગળ પાથરેલી ગાદીઓમાં બેસી ગયું હતું... સમીરાનંદજીના આવવાની રાહ જોવાતી હતી. ધ્યાન ધરી રહેલા ભક્તગણોના એકસરખા "ઓઉમ્"ના ઉચ્ચારથી વાતાવરણ ભરાઈ ગયું હતું. વાતાવરણમાં જાણે હળવા હાથે કોઈક પાણી છાંટતું હોય એમ વરસાદના ફરફરીયા વેરાવા લાગ્યા હતા. આ વરસાદના ફરફરિયાને કારણે બહુ જ ધીમેથી પણ ઉકળાટ ઘટવા લાગ્યો હતો. વાતાવરણમાં એક ખુશનુમા ઠંડક ફેલાવા લાગી હતી.

કૃષ્ણ જન્મની રાહ જોવાતી હતી.

યદા યદા હી ધર્મસ્ય ગ્લાર્નિભવતિ ભારત:

અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ્-નો નાદ જાણે હવાના કણ કણમાંથી સંભળાતો હતો...

સફેદ ઝભ્ભો અને જીન્સ પહેરીને સમીરે સિમેન્ટના બનાવેલા પ્લેટફોર્મના પગથિયા પર પગ મુક્યો ત્યારે ભક્તગણોએ 'સમીરાનંદજીની જય'ના પોકારો કરી વધાવી લીધો. સમીર આવીને પોતાના માટે ગોઠવાયેલી ખુરશી ઉપર માઈકની સામે બેઠો...

"ઓઉમ્" એણે કહ્યું.

"ઓઉમ્" સામેની હજારોની ભીડે પડઘો પાડ્યો.

"ઓઉમ્" એણે ફરી કહ્યું.

"ઓઉમ્" હજારો અવાજો ફરી એના અવાજ સાથે ભળી ગયા...

"જય શ્રીકૃષ્ણની, જેણે અધર્મના નાશ માટે આ ધરતી પર અવતાર લીધો...

જય એ માણસની જેણે પોતાના સુખ-દુ:ખની પરવા કર્યા વિના સત્ય અને સત્વને સમગ્ર સુધી પહોંચાડ્યા. જય એની જેણે પૂર્ણત્વને ધર્મ બનાવ્યો... જય એની જેણે સમસ્તનો સહજતાથી સ્વીકાર કર્યો. જય એની જેણે પોતાના સમયથી પહેલા જન્મીને આવનારા સમય માટે સુવિધાઓની વ્યવસ્થા કરી... જય એનો જેણે એક નાટકના અંતની જેમ જીવનને સ્વાભાવિકતાથી લપેટી લીધું..." સમીરનો અવાજ આશ્રમના પ્રાંગણમાં ગૂંજી રહ્યો હતો.

ક્લીં કૃષ્ણાય ગોવિન્દાય ગોપીજન વલ્લભાય નમ:।

કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે, કેન્દ્ર. કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે જે આકૃષ્ટ કરે, જે આકર્ષિત કરે, 'સેન્ટર ઑફ ગ્રેવિટેશન', ગુરુત્વાકર્ષણનું કેન્દર. કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે, જેના તરફ બધી ચીજો ખેંચાતી હોય. જે કેન્દ્રીય ચુંબકનું કામ કરે. દરેક વ્યક્તિનો જન્મ એક અર્થમાં કૃષ્ણનો જન્મ છે, કારણકે આપણી અંદર જે આત્મા છે, તે ગુરુત્વાકર્ષણનું કેન્દ્ર છે. તે 'સેન્ટર ઑફ ગ્રેવિટેશન' છે જેની તરફ બધી ચીજો ખેંચાય છે અને

આકૃષ્ટ થાય છે. શરીર ખેંચાઈને એની આસપાસ નિર્મિત થાય છે. એટલા માટે કૃષ્ણનો જન્મ એક વ્યક્તિત્વવિશેષનો જન્મ નથી, પરંતુ વ્યક્તિમાત્રનો જન્મ છે. તો જ્યારે કૃષ્ણ જેવી વ્યક્તિ જન્મ છે, તો લાખો જન્મોમાં જે પ્રાપ્ત થાય છે, એ બધાનું સારભૂત એમાં સમાઈ જાય છે. એટલા માટે એને વ્યક્તિવાચી ન માનતા, એ વ્યક્તિવાચી છે જ નહીં. એટલા માટે એને કોઈ ઈતિહાસમાં ખોળવા જશે, તો કદાચ ક્યાંય નહીં મળે. કૃષ્ણ મનુષ્યમાત્રના જન્મનું પ્રતિક બની જાય છે.

અને છતાં, એક જ કૃષ્ણ છે, એ જ કૃષ્ણની મહત્તા છે. કૃષ્ણનું મહત્ત્વ જ એ છે કે એ એકસાથે ઘણુંબધું છે. એનું મહત્ત્વ જ એ છે કે એકસાથે વિરોધી છે અને વિરોધોમાં એક 'હાર્મની' છે, એ વિરોધોમાં એક સંગીત છે. જે કૃષ્ણ વાંસળી વગાડીને નાચી શકે, એ કૃષ્ણ ચક્ર લઈને લડી શકે. આ બે કૃષ્ણોમાં કોઈ વિરોધ નથી. જે કૃષ્ણ મટુકી ફોડી શકે, એ કૃષ્ણ ગીતા જેવો ગંભીર ઉદ્‌ઘોષ કરી શકે. જે કૃષ્ણ ચોર હોઈ શકે, એ ગીતાનો પરમ યોગી હોઈ શકે. આ બધું એકસાથે એક વ્યક્તિમાં છે, એ જ કૃષ્ણની મહત્તા છે, એ જ કૃષ્ણના વ્યક્તિત્વની નિજતા છે, જે ક્રાઇસ્ટમાં પ્રાપ્ત નહીં થાય, બુદ્ધમાં પ્રાપ્ત નહીં થાય, મહાવીરમાં પ્રાપ્ત નહીં થાય, રામમાં પ્રાપ્ત નહીં થાય...

*

સવારના પહોરમાં રંજનબહેને નાસ્તાના ટેબલ ઉપર વાત કાઢી... "મારે રેવતીને અને બેબીને જૂનાગઢ લઈ જવા છે, મારા ગુરુ પાસે. એનું નામ એ જ પાડશે. જેમ સુજયનું નામ પણ એમણે પાડ્યું હતું."

"અરે પણ! મહેન્દ્રભાઈએ પ્રયત્ન કર્યો."

"એમાં કંઈ નહીં ચાલે." રંજનબહેને કહ્યું. બેંગ્લોરથી એની નાની બહેન શ્વેતા આવી હતી. ઘણા ઉત્સાહથી સુજયની દીકરીનું નામ પાડવા...

રંજનબહેને આ ધડાકો કરીને શ્વેતાનો મૂડ ખરાબ કરી નાખ્યો.

"મમ્મી..." સુજયે કહેવાનો પ્રયત્ન કર્યો. પણ રંજનબહેન પોતાની વાત પર અડી ગયા હતા.

મહેન્દ્રભાઈ જાણતા કે રંજનબહેનને એમના આ ગુરુમાં ખૂબ શ્રદ્ધા હતી. મૂળ જૂનાગઢ પાસે જાસપુરના વતની રંજનબહેન એમના ગુરુ આધ્યાત્મનંદજીમાં ખૂબ શ્રદ્ધા ધરાવતા. રંજનબહેન જ નહીં, એ વિસ્તારનો આખો પંથક ગુરુ આધ્યાત્મનંદજીનો ખૂબ આદર કરતું. રંજનબહેનના પિયરમાં પણ આધ્યાત્મનંદજી માટે અજબ ભક્તિ અને શ્રદ્ધા હતા. મહેન્દ્રભાઈ અને રંજનબહેનના લગ્નમાં પણ ગુરુજી આશીર્વાદ આપવા માટે પધાર્યા હતા. સુજય જન્મ્યો ત્યારે રંજનબહેને એને ગુરુજી પાસે લઈ જવાની જીદ પકડી રાખી હતી.

રંજનબહેન અને મહેન્દ્રભાઈ સવા મહિનાના સુજયને લઈને પ્લેનમાં કેશોદ, અને કેશોદથી માંડ માંડ ઠેબા ખાતા બાંટવા પહોંચ્યા હતા. ત્યારે રસ્તાઓ પણ આટલા સારા નહોતા અને ટ્રાન્સપોર્ટેશનની સગવડો પણ આજના જેવી નહોતી. એ લોકો ગુરુજીના આશ્રમે પહોંચ્યા ત્યાં સુધીમાં મહેન્દ્રભાઈ ઇરિટેટ થઈ ગયા. પણ, રંજનબહેનની શ્રદ્ધા સાથે એમને દલીલો નહોતી કરવી.

મંદિર પરિસર જોઈને એમને નવાઈ લાગી. આ કોઈ સોશિયલ વર્કરની ઑફિસ વધારે અને મંદિર ઓછું લાગતું હતું. સદાવ્રત જમનારાઓ... ગામેગામથી પોતાની સમસ્યાઓ, રસ્તાઓ, એસ.ટી., પીવાના પાણીની

ફરિયાદો લઈને આવેલા લોકો અધ્યાત્માનંદજીની બેઠકની બહાર રાહ જોતા હતા. ગુરુજી સૌને એક પછી એક મળતા. સૌની વાત સાંભળતા. એમને યોગ્ય માર્ગદર્શન આપતા. આ આખી યે પરિસ્થિતિમાં સરકાર કઈ રીતે મદદરૂપ થઈ શકે તે શીખવતા. એક તરફ નાનકડું મેડિકલ સેન્ટર હતું, જેમાં ગામેગામથી આવેલા લોકો પોતાના બાળકોને રસી મુકાવવા કે સગર્ભા પત્નીઓની તપાસ કરાવવા આવ્યા હતા...

મહેન્દ્રભાઈને પહેલીવાર રંજનબહેનના આ ગુરુ માટે માન થયું. હવે એમને પણ આધ્યાત્માનંદ નામના આ માણસને મળવાની ઇચ્છા જાગી... લગભગ કલાક રાહ જોયા પછી એમનો વારો આવ્યો ત્યારે મહેન્દ્રભાઈ, રંજનબહેન અને નાનકડું બાળક આધ્યાત્માનંદજીના કમરામાં દાખલ થયા.

...એક સાદી સીધી ઑફિસ જેવો રૂમ હતો આ! ગાદી ઉપર આધ્યાત્માનંદજી બેઠા હતા. બાજુમાં એક હેન્ડસમ યુવાન છોકરો બેઠો હતો. આધ્યાત્માનંદજીએ એની ઓળખાણ કરાવી. “આ મારો પટ્ટ શિષ્ય છે. પ્રિય પણ અને આવનારી ગાદીનો વારસ પણ...” એણે હાથ જોડીને નમસ્કાર કર્યા. “ઇશ્વરાનંદ નામ છે એનું...” આધ્યાત્મનંદજીએ કહ્યું.પછી એમણે સુજયને ખોળામાં લીધો. એના માથે હાથ ફેરવ્યો. એક મા જે માર્દવથી બાળકને વહાલ કરે એ માર્દવ એમની આંખોમાં અને એમના સ્પર્શમાં ઉભરાઈ રહ્યું હતું.

રંજનબહેનની નજર અચાનક જ ઇશ્વરાનંદ સામે પડી. એમણે જોયું કે ઇશ્વરાનંદની આંખો ભરાઈ આવી હતી. એ આધ્યાત્મનંદના ખોળામાં સૂતેલા સુજયને અજબ નજરે જોઈ રહ્યો હતો...

આધ્યાત્માનંદે ઇશ્વરાનંદની પીઠ પર હાથ ફેરવ્યો. પછી એની સામે જોઈને કહ્યું, “સમયથી પહેલા અને નસીબથી વધારે કોઈને ક્યારેય મળ્યું નથી... ક્યાં સુધી વલોપાત કરીશ બેટા...”

ઇશ્વરાનંદે જવાબ તો ન આપ્યો. પણ, સુજયના માથા પર હાથ ફેરવ્યો. ઇશ્વરાનંદનો એ સ્પર્શ થયો હતો, સુજયને, પણ રંજનબહેન એનું વાત્સલ્ય, એની તરસ, એની લાગણી અને એની શુભેચ્છા અનુભવી શક્યા હતા.

“રંજન! સુખી તો છે ને બેટા?” આધ્યાત્માનંદે મહેન્દ્રભાઈની સામે જ પૂછ્યું, કોઈ આડંબર વિના! એક પિતાનું વાત્સલ્ય હતું એમના અવાજમાં...

“બાબા, નામ પાડવું છે મારા દીકરાનું. એટલે આવી છું અહીં સુધી, તમે નામ પાડશો એ નામે સૌ બોલાવશે. તો તમારા આશીર્વાદ હંમેશાં એની સાથે રહેશે...”

“ગાંડી!” આધ્યાત્માનંદજી રંજનબહેનની સામે જોઈને હસી પડ્યા. બાળક જેવું નિર્દોષ અને સરળ હાસ્ય હતું એ માણસનું!

મહેન્દ્રભાઈ એમની સામે જોઈ રહ્યા.

“જય! જય નામ છે આનું. આ તમારો જય કરશે, અને પોતાનો વિજય...”

“પણ બાબા... આની રાશિ તો કુંભ છે. ગ, શ, સ અને...” રંજનબહેને મહેન્દ્રભાઈની સામે જોયું “...અને એમના બાની ઇચ્છા છે કે નામ રાશિ પરથી પડે.”

“જરૂર” આધ્યાત્માનંદે કહ્યું. સહેજ પણ અચકાયા વિના “એમની ઇચ્છા પૂરી કરવી જ જોઈએ... સુજય નામ પાડો. અમસ્તો ય સુ શબ્દ શુભનો સૂચક છે. સુઘડ, સુંદર, સુગંધની જેમ સુજય...”

અહીં આવતી વખતે મહેન્દ્રભાઈએ મનમાં ગાંઠ વાળી હતી કે, "એ બાવો જે નામ પાડે એનાથી જુદું - સાવ વિરુદ્ધ નામ પાડીને મારા દીકરાને બોલાવીશ હું..." પરંતુ, આધ્યાત્માનંદજીને મળ્યા પછી કોણ જાણે કેમ એમના મનની ગાંઠ છૂટી ગઈ હતી.

સુંદર...સુઘડ... સુગંધની જેમ સુજય. ગમ્યું હતું એમને આ નામ! અને એમણે પણ સ્વીકારી લીધું હતું, એ નામ! આજે એ જ સુજય એમની સામે પોતાની દીકરીને ખોળામાં લઈને બેઠો હતો...

અને, રંજનબહેન આટલા વરસો પછી ફરી એકવાર ત્યાં જવાની રઢ લઈને બેઠા હતા.

"પણ... આધ્યાત્માનંદજી જીવે છે, હજી?" મહેન્દ્રભાઈએ પૂછ્યું.

"ના." રંજનબહેને કહ્યું.

"તો પછી?" મહેન્દ્રભાઈએ કહ્યું.

"એમના પછી એના શિષ્ય અને એના ય શિષ્ય એ ગાદી સંભાળી છે હવે..."

"તો પછી ત્યાં જઈને શું ફાયદો?" મહેન્દ્રભાઈએ અમસ્તી પોકળ દલીલ કરી જોઈ.

"આધ્યાત્માનંદજીનો આત્મા હજી યે વસે છે ત્યાં... એ ગાદીનું સત ઓલવાયું નથી... મારે મારી ઢીંગલીને ત્યાંથી આશીર્વાદ અપાવવા છે. એ પણ સુજયની જેમ ખૂબ હોંશિયાર અને ખૂબ સમજદાર થાય..."

"ક્યાં છે, તમારા ગુરુ?" રેવતીએ પૂછ્યું.

"અરે બેટા, જૂનાગઢની પાસે ક્યાંક રીમોટ ગામમાં. અઘરું પડે ત્યાં જવાનું."

"ઇશ્વર દૂર જ વસે ને ત્યાં સુધી પહોંચવાનું અઘરું પણ હોય જ. પણ મારે મારી ઢીંગલીને લઈ જવી છે. કેશોદની ફ્લાઈટની ટિકીટ કરાવો."

"મોમ, હવે કેશોદ ફ્લાઈટ નથી જતી. ત્યાંનું એરપોર્ટ જ બંધ થઈ ગયું. રાજકોટ જવું પડે."

"જ્યાં જવું પડે ત્યાં પણ મારે ગુરુજી પાસે ઢીંગલીને લઈ જવી છે."

"ભલે! ક્યારે? ક્યારની ટિકીટ કરાવું?" મહેન્દ્રભાઈએ પૂછ્યું.

"કાલની મળે તો કાલની. બે દિવસમાં તો આવી જઈશું." રંજનબહેને કહ્યું.

"પણ આટલે દૂર, આટલું નાનું બાળક..." મહેન્દ્રભાઈએ છેલ્લી દલીલ કરી જોઈ.

"હું તો ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટને પણ ભેગો લઈ જવાની છું અને એક સર્જનને પણ..." અને બધા ખડખડાટ હસી પડ્યા. સૌ સમજી ગયા હતા કે હવે સહકુટુંબ ગુરુજીના દર્શને ગયા સિવાય કોઈનો છૂટકો નથી થવાનો.

*

કલ્યાણી ઉત્સુક નયને અને ધડકતા હૃદયે શંભુભાઈની સામે બેઠી હતી. શંભુભાઈના હાથમાં રેવતીની દીકરીની કુંડળી હતી. એમણે ધ્યાનથી કુંડળી જોઈ. પછી કલ્યાણીની સામે જોયું. ફરી એકવાર ધ્યાનથી કુંડળી

જોઈને આંખો મીંચી દીધી. થોડીક ક્ષણો અથવા કદાચ મિનિટો એમ જ પસાર થઈ ગઈ. શંભુભાઈ બંધ આંખે બેઠા હતા અને કલ્યાણી ઉત્સુક નયને એમની આંખો ખૂલે અને એ કંઈ બોલે એની રાહ જોતી બેઠી હતી.

છેવટે શંભુભાઈએ આંખો ખોલી. કલ્યાણીની સામે જોયું.

"પોતાનું નસીબ લઈને આવી છે, આ છોકરી! મિથુન લગ્ન... કુટુંબસ્થાનમાં ઉચ્ચનો ગુરુ, ચોથે સ્વગૃહી સૂર્યની સાથે બુધ એને કોઈ તકલીફ નહીં પડે. અત્યંત બુધ્ધિશાળી છોકરી મા-બાપ માટે સાક્ષાત્ લક્ષ્મી બનીને આવી છે."

શંભુભાઈના ચહેરા પર એક સૌમ્ય સ્મિત વિલસી રહ્યું.

"મેં તને કહ્યું હતું ને કે તારા અને ઘનશ્યામરાયના પુણ્યો રેવતીને દુઃખી નહીં થવા દે. આ છોકરી તારા પુણ્યોનું ફળ છે. ઇશ્વરે તારી પ્રાર્થના સાંભળીને એને મોકલી છે તારા ઘેર... એ પાપીઓનો નાશ કરશે. એના પગલે સત્યનો ઉદય થશે. સમૃદ્ધિ આવશે અને સુખની વર્ષા થશે. તારી રેવતીને હવે કોઈ મુશ્કેલી નથી. બલ્કે આ છોકરીના લીધે એના માતા-પિતાને પણ ઘણો ફાયદો થશે. તારી રેવતીની તકલીફોને હળવા હાથે દૂર કરવા આ છોકરીએ જનમ લીધો છે. તારા પુણ્ય તારી દીકરી સુધી પહોંચાડવા આવી છે, કલ્યાણી."

કલ્યાણીબહેનની આંખો છલકાઈ ઉઠી.

"મારી ઢીંગલીને કોઈ તકલીફ નહીં પડે ને?"

"તકલીફ? એ બીજાની તકલીફો દૂર કરશે. આ છોકરી તો સાવ નોખું જ ભવિષ્ય લઈને આવી છે. એણે પોતાના આગમનના સમાચારની સાથે જ રેવતીના કેટલા પ્રશ્નો ઉકેલી નાખ્યા, જોયું નહીં તેં?"

અને, કલ્યાણીના મનમાં હજી હમણાંનો જ ભૂતકાળ ફિલ્મની પટ્ટીની જેમ સરકી ગયો... રેવતીની પ્રેગનન્સીના સમાચાર, સુજયનું લગ્ન માટે આગળ આવવું અને રેવતીને પરણીને સુખના અથાગ સાગરમાં હિલોળા લેતી જોવી...

ખરેખર, આ છોકરી રેવતી માટે સુખોની સરવાણી લઈને આવી હતી. ખરું જ કહ્યું હતું સુજયે કે જો એ ન આવી હોત તો રેવતી સુજયને ક્યારેય પરણવાની નહોતી...

"જે થાય તે સારા માટે કલ્યાણી..." શંભુભાઈએ કહ્યું અને કલ્યાણીની વિચારધારા તૂટી. એણે શંભુભાઈની સામે જોયું, નમસ્તે કર્યું અને જવા લાગી.

ઘરે આવતા આવતા કલ્યાણીએ સેંકડો વાર ઇશ્વરનો આભાર માન્યો અને મનોમન ઢીંગલી માટે ઘરમાં પૂજા ગોઠવવાનું નક્કી કરી લીધું.

*

ગઈ કાલે આશ્રમમાં જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. વસંતભાઈ અને બીજા ટ્રસ્ટીઓએ આશ્રમને કરોડો રૂપિયાના અનુદાનની જાહેરાત કરી હતી. આસપાસના પંથકમાંથી ચાર ગામો દત્તક લેવાયા હતા. એક મોટો અનાથઆશ્રમ બાંધવાનું નક્કી કરાયું હતું જેમાં આશ્રમશાળા અને વ્યવસાયી શિક્ષણની સુવિધા ઉભી કરવાની યોજના પણ બનાવાઈ હતી...

બોર્ડ મિટિંગ દર વરસની બોર્ડ મિટિંગ કરતાં વધુ ઇન્ટરેસ્ટિંગ અને ઉત્સાહપૂર્ણ રહી હતી.

લેસર લાઈટથી કૃષ્ણ જન્મનો ઉત્સવ અદ્ભુત રીતે તાદૃશ્ય કરવામાં આવ્યો હતો... લોકોએ એને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.

પછી, એક નહીં અનાઉન્સ કરાયેલા કાર્યક્રમે લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. એ કાર્યક્રમ હતો અનુશ્રી ઘોષના નૃત્યનો! સાંજના જન્મોત્સવમાં અનુશ્રી ઘોષે રાધા બનીને મંદિરમાં નૃત્ય કર્યું હતું.

ખરેખર તો અનુશ્રીએ આવતાંની સાથે જ જાહેરાત કરી હતી કે એ કોઈનું પ્રાઈવેટ પ્લેન લઈને આવી હતી. એટલે એણે સાંજે પાછા પહોંચવું પડે એમ હતું. બોર્ડ મિટિંગ પત્યા પછી લંચમાં એણે અચાનક જ સાંજના કૃષ્ણ જન્મોત્સવમાં નૃત્ય કરવાની ઇચ્છા જાહેર કરી. એટલું જ નહીં, પોતાના સેક્રેટરીને રાજકોટની સાંજની ફ્લાઈટમાં પોતાનો પોશાક લઈને બોલાવ્યો. એની હેરડ્રેસરને બોલાવી એના બે સાજીંદાઓ તબલા અને હાર્મોનિયમ સાથે આવી પહોંચ્યા...

અને બરાબર સાડા અગિયાર વાગે એણે નૃત્ય શરૂ કર્યું. કૃષ્ણ જન્મ કથાની સાથે સાથે પૃથ્વી બનીને અધર્મનો ભાર, લક્ષ્મી બનીને ઇશ્વર અવતારની તૈયારી પછી પોતે જ દેવકી બનીને પ્રસૂતિની પીડા અને યશોદા બનીને કૃષ્ણલીલાનું અજબ ચિત્ર ઉભું કર્યું...

અને પછી, રાધા બનીને અદ્ભુત લાસ્ય પ્રગટાવતું શૃંગાર પૂર્ણ નૃત્ય કર્યું.

જેમાં, પોતાનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ, સમર્પણ, તરફડાટ, વહાલ અને રિસામણા-મનામણાની એક સુંદર રમત એણે કરી દેખાડી...

આ બધા ય સમય દરમ્યાન મંત્રમુગ્ધ થયેલા હજ્જારો લોકો અનુશ્રી રૉયના રૂપ અને કલામાં ડૂબી ચૂક્યા હતા. સૌની નજર એના પરથી હટતી નહોતી. પરંતુ અનુશ્રીની નજર બધોય વખત ઓડિયન્સમાં જમીન પર ગાદી પાથરીને બેઠેલા સમીર ઉપર હતી.

જાણે આ આખું ય નૃત્ય એ એકલા સમીર માટે જ કરતી હોય એમ સંપૂર્ણ તન્મયતાથી, સમીરના ચરણોમાં જાણે પોતાની કલા અર્પણ કરતી હોય એટલા ભાવવિભોર થઈને એણે હાજર તમામ લોકોને પોતાના રૂપ અને નૃત્યની મોહિનીમાં બાંધી લીધા હતા...

કૃષ્ણજન્મનો એ ઉત્સવ રાત્રે બે વાગે પૂરો થયો.

સૌ પોતપોતાના ઘરે ગયા. તમામ ટ્રસ્ટીઓ એમને અપાયેલી વી.આઈ.પી. રૂમોમાં પહોંચીને અનુશ્રી રૉયના એ નૃત્યને વાગોળી રહ્યા હતા.

અનુશ્રીનો સેક્રેટરી લાલવાણી અને એની હેરડ્રેસર રૂબિના આજના નૃત્યમાં અનુશ્રીએ કઈ રીતે પ્રાણ પૂર્યા, એની ચર્ચા કરતા બેઠા હતા...

પણ અનુશ્રીના રૂમની બહાર હજી યે તાળું હતું.

મૅડમ ક્યાં ગયા હશે, એ વિશે માત્ર ચિંતા કરી શકાય. એમને પૂછવાની હિંમત લાલવાણીમાં કે એની હેરડ્રેસર રૂબિનામાં નહોતી. અનુશ્રી પાસે મોબાઈલ હતો. લાલવાણીએ ત્રણ વાર ફોન લઈને સાઈડમાં મૂકી દીધો. ફોન

કરવો કે નહીં, એની અસમંજસમાં લાલવાણી ગૂંચવાતો હતો. અજાણ્યા ગામમાં આવી રીતે પહેલેથી ડેટ ફિક્સ કર્યા વિના મૅડમ નૃત્ય કરે, બધાને આમ તાબડતોબ બોલાવે અને પૈસાની ચર્ચા પણ ન કરે, આવું એણે અનુશ્રી સાથેની પોતાની પાંચ વરસની કારકિર્દીમાં પહેલીવાર જોયું હતું.

એણે સમજાતું નહોતું કે આ કઈ રીતે થયું? પરંતુ, એ સેક્રેટરી હતો, અનુશ્રીનો નોકરિયાત, એટલે એણે માત્ર અપાતા હુકમો ફોલો કરવાના હતા. પ્રશ્ન પૂછવાનો અધિકાર અમસ્તો ય અનુશ્રી કોઈને આપતી નહીં...

બે વાગ્યે કાર્યક્રમ પતી ગયો હતો. અત્યારે સવારના ચાર વાગવા આવ્યા હતા. અનુશ્રી હજી યે પોતાના રૂમમાં પાછી નહોતી આવી...

છેવટે લાલવાણીએ કંટાળીને રૂબિનાને કહ્યું, "મૈં તો સોતા હૂં, આના હોગા તો આયેગી... ન જાને કહાં ચલી જાતી હૈ..."

"મુઝે લગતા હો વો શાયદ બાબા કે કોટેજ કી તરફ..." રૂબિનાએ ભોળાભાવે વાત કરવાનો પ્રયત્ન કર્યો.

"શશશશ..." લાલવાણીએ પોતાના જાડા જાડા હોઠ પર આંગળી મૂકી અને આંખો ચકળવકળ ફેરવી. "હમ કુછ નહીં જાનતે... હમે કુછ નહીં પતા. ચલ તું અપને કમરે મેં જા, ઓર સો જા..."

રૂબિના ઉભી થઈ અને લાલવાણી સામે એક સ્મિત ફેંકી, પોતાના રૂમ તરફ આગળ વધી ગઈ. રૂબિનાના ગયા પછી લાલવાણી ખડખડાટ હસી પડ્યો અને આખા કમરામાં ગૂંજે એટલા જોરથી એણે ગાવા માંડ્યું... "એક હસીના થી, એક દિવાના થા... ક્યા ઉંમર, ક્યા સમા, ક્યા જમાના થા..."

*

સુજય હાથમાં કવર લઈને દાખલ થયો. હજી તો પાણીનો ઘૂંટડો પીએ એ પહેલા રંજનબહેને ઉઘરાણી કરી...

"ટિકીટ લાવ્યો?"

"છોકરાને પાણી તો પીવા દે." મહેન્દ્રભાઈએ કહ્યું.

"તરસે નહીં મરી જાય..." રંજનબહેન લડાયક મૂડમાં હતા. કોણ જાણે કેમ આજે એમનો મૂડ જ ખરાબ હતો. એમને એમની ઢીંગલીને બને એટલી ઝડપથી એમના ગુરુના દર્શને લઈ જવી હતી અને આ બાપ-દીકરો એમની વાત સિરીયસલી લેતા જ નહોતા.

"ચાર દિવસ થયા, રોજ ફોન કરીને યાદ કરાવું છું. પણ, તમારો દીકરો મારી ટિકીટ લાવતો નથી. મને ખબર છે, તમારી ઇચ્છા જ નથી કે અમે જઈએ.પણ એક વાત યાદ રાખજો. હું મારી ઢીંગલીને ગુરુના દર્શને લઈ જઈશ... તમારે જે કરવું હોય તે કરી લો..."

"મોમ, રાજકોટની ફ્લાઈટ બે દિવસ જ જાય છે અને તારી આવતી કાલની ટિકીટ આવી ગઈ છે..."

"મારી એકલીની?"

"હિંમત છે મારી?" સુજયે કહ્યું અને મહેન્દ્રભાઈ સામે આંખ મારી.

"એટલે?" રંજનબહેન હજી પણ સંતુષ્ટ નહોતા.

"એટલે એમ મારી મા..." સુજયે કહ્યું અને રંજનબહેનનો હાથ ખોલીને એમના હાથમાં ટ્રાવેલ એજન્ટના નામવાળું કવર મુક્યું. "આપણે બધા જઈએ છીએ. હું, તું, પપ્પા, રેવતી અને જેને લીધે આ બધું લફરું ઉભું થયું છે એ..."

"ખબરદાર જો મારી દીકરીને લફરું કહ્યું છે તો..."

રેવતી અંદરથી ટ્રેમાં ચાના કપ અને નાસ્તો લઈને બહાર આવી.

"મારું લફરું આઈ મીન મારી દીકરી ક્યાં છે?" સુજયે પૂછ્યું અને બધા હસી પડ્યા.

"તૈયારી કરવા માંડ, આપણે કાલે રાજકોટ જઈએ છીએ." રંજનબહેને રેવતીને કહ્યું.

"રાજકોટ?" રેવતીએ આશ્ચર્યથી પૂછ્યું. એને આજે જ કલ્યાણી સાથે વાત થઈ હતી. કલ્યાણી બે-ત્રણ દિવસમાં ઘરમાં પૂજા ગોઠવવા માગતી હતી.

રેવતી નવાઈ પામી ગઈ. અચાનક આ રાજકોટની વાત ક્યાંથી આવી ગઈ.

"તારી દીકરીનું નામ મુંબઈમાં પડે એમ નથી, એટલે રાજકોટ જવું પડશે." મહેન્દ્રભાઈએ મજાક કરી.

"જી." રેવતીએ સમજ્યા વિના હા પાડી.

"મારા ગુરુ છે ત્યાં. એમની પાસે જવું છે...તને ખબર છે બેટા, સુજયનું નામ પણ એમણે જ પાડ્યું છે અને સુજયના જન્મ વખતે જ એમણે કહેલું કે સુજયની વહુ તમારા ઘરમાં સુખ અને શાંતિ લઈને આવશે..." રંજનબહેને કહ્યું અને પછી વહાલથી રેવતીના માથે હાથ ફેરવ્યો. "તને પણ પગે લગાડવી છે... મારા ઘરની બબ્બે લક્ષ્મીઓને મારે આશીર્વાદ અપાવવા છે, આવીશ ને બેટા?"

"જી મમ્મી." રેવતીએ કહ્યું અને એની આંખો છલછલાઈ આવી.

કોની દીકરી... કોની વહુ... શું નસીબ હતું... અને ક્યાં આવી પહોંચી હતી પોતે! આ વહાલ, આ સાદગી, આ પ્રેમ ક્યા જનમોના પુણ્યોનું ફળ હતું એ રેવતીને સમજાતું નહોતું...

એણે મનોમન નક્કી કરી લીધું કે રંજનબહેનના જે ગુરુએ પોતાના આગમનની આગાહી આટલી સુંદર રીતે કરી હતી એને પોતે મન, વચન અને કર્મથી પગે લાગશે. ખરા હૃદયથી એમના આશીર્વાદ લેશે...

જે માણસે પોતાને નવું જીવન આપ્યું હતું, એને એક ઓળખાણ, એક નામ આપનાર માણસને પોતે ખરા હૃદયથી વંદન કરશે...

*

ઓગણચાલીસ

અનુશ્રીની આંખો ખૂલી ત્યારે સ્વચ્છ સફેદ ચાદર ઓઢીને એ એકલી જ આખા કમરામાં સૂતી હતી. ચાલીસ બાય ચાલીસના એ વિશાળ હોલમાં સૂર્યના કિરણો પ્રવેશી ચૂક્યા હતા. એરકન્ડિશનરનો હળવો ઘરઘરાટ કમરાની શાંતિને તોડીને કમરાને ભરી દેતો હતો. ગ્રે રંગની પગ ખૂંચી જાય એવી કાર્પેટ વોલ ટુ વોલ પથરાયેલી હતી...

અનુશ્રીના લાંબા વાળ એ કાર્પેટ પર ફેલાઈ ગયા હતા... એણે ચાદર હટાવી... એના શરીર પર એક પણ વસ્ત્ર નહોતું...

એણે આસપાસ નજર નાંખી...

એના અલંકારો અને વસ્ત્રો ખૂણે ખૂણે વિખરાયેલા પડ્યા હતા.

ગઈ કાલે રાત્રે એ અહીં આવી ત્યારે સોળ શણગાર સજીને એક રાધાની જેમ એણે આ કમરામાં પગ મૂક્યો હતો. સાચા અર્થમાં અભિસારિકા બનીને આ કમરામાં જ્યારે એ પ્રવેશી ત્યારે બહાર રિસેપ્શનની ઘડિયાળમાં બે અને ચૌદ મિનિટ થઈ હતી...

જન્મોત્સવના નૃત્યની પાયલ હજીયે અનુશ્રીના પગમાં બંધાયેલી હતી...

રાધા બનીને જે લાસ્ય એણે પોતાની આસપાસ ઉભું કર્યું હતું એ શૃંગાર, એ લાસ્યને પોતાના પાલવમાં બાંધીને એ જ્યારે સમીરના કોટેજ તરફ જતી લોન તરફ વળી ત્યારે એને કલ્પના યે નહોતી કે પોતે સવારે સાત વાગે આ જ કોટેજમાં આંખો ખોલશે!

બે વાગ્યે જ્યારે કાર્યક્રમ પૂરો થયો ત્યારે ભાવવિભોર થઈને નાચતી અનુશ્રી ચાર કલાકના નૃત્ય પછી થાકીને લોથપોથ થઈ ગઈ હતી...એનો ગજરો ખૂલી ગયો હતો. એનો મૅકઅપ રોળાઈ ગયો હતો. પરસેવે રેબઝેબ અનુશ્રીએ થોડી ક્ષણો આંખો મીંચી દીધી અને આંખ ઉઘાડી ત્યારે સામે સમીર નહોતો.

એને એમ હતું કે સમીર આવીને એને આવા અદ્‌ભુત નૃત્ય માટે અભિનંદન આપશે... એના સૌંદર્યના, એની કલાના વખાણ કરશે... પરંતુ, સમીર તો ત્યાં હતો જ નહીં.

આશ્રમના ટ્રસ્ટીઓ અને વસંતભાઈ સૌ એની પાસે આવ્યા. એનો સેક્રેટરી લાલવાણી, એના સાજીંદાઓ, સૌએ આવીને એને અભિનંદનથી નવડાવી દીધી, પણ જેની પાસેથી એને અભિનંદનના બે શબ્દોની અપેક્ષા હતી... જેને માટે એણે આટલા સમર્પણથી નૃત્ય કર્યું હતું એ તો ત્યાંથી ચાલ્યો ગયો હતો...

એની એક નજર માટે તરસતા કેટલાય લોકો હતા. મોટા મોટા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ, દિગ્દર્શકો, અભિનેતાઓ, રાજનેતાઓ અનુશ્રી માટે જાન ન્યોછાવર કરતા... પ્રાણ પાથરતા...

અને પોતે જેને માટે પ્રાણ પાથર્યો એ એની સામે નજર સુધ્ધાં નાંખ્યા વિના, આભારના બે શબ્દો કહ્યા વિના ત્યાંથી ચાલ્યો ગયો...

અનુશ્રી એ બધાને ત્યાં જ અભિનંદન આપતા છોડીને ધમ ધમ કરતી પોતાના પાછળ જ બનાવેલા કાચા

મેકઅપ રૂમમાં દાખલ થઈ.

ત્યાં ટાંગેલા આદમકદ આઈનામાં એની નજર પડી. આ શરીર, આ ચામડી, આ આંખો, આ રૂપ... શું નહોતું પોતાની પાસે? અને છતાં, જીવનમાં પહેલીવાર જે પુરુષને ઝંખ્યો એ એને ગણકાર્યા વિના ચાલી ગયો.

અનુશ્રીના અભિમાનને જાણે એક લપડાક પડી.

આઈનામાં જોઈને ક્લિન્સિંગ મિલ્કનું મસાજ કરતી અનુશ્રીને પોતાની ચામડીની સુંવાળપ જાણે ડંખી ગઈ... એણે મેકઅપ ઉતાર્યો, વાળ ખોલી નાખ્યા અને એમ ને એમ અલંકારો અને સિલ્કના ચણિયાચોળી પહેરી રાખીને સમીરના કોટેજ તરફ ચાલવા માંડ્યું... રૂબિનાએ એને દસ મિટરનો ઘાઘરો હાથમાં ઉંચકીને ધમ ધમ કરતી એ તરફ જતી જોઈ, પરંતુ અનુશ્રી ઘોષને એકવાર મળેલો માણસ પણ એટલું સમજતો, કે એને પ્રશ્નો પૂછવાનો અધિકાર અનુશ્રી કોઈને નથી આપતી...

રૂબિના એને જતી જોઈ રહી!

એ થોડું સમજતી હતી, અને થોડું કલ્પી શકતી હતી, કે હવે શું થવાનું છે?

ચાલીસ બાય ચાલીસના ઓરડામાં આંખો મીંચીને શવાસનની પરિસ્થિતિમાં સૂતેલો સમીર દરવાજો ખૂલવાના અવાજથી ચોંક્યો... પરંતુ, એણે આંખો ના ખોલી!

ઝાંઝરના અવાજથી, પરફ્યુમની તીવ્ર સુગંધથી એ કલ્પી શકતો હતો કે દરવાજો ખોલીને કોણ દાખલ થયું હતું...

ધમ ધમ કરતી, ઝાંઝર રણકાવતી, ખુલ્લા વાળ લહેરાવતી અનુશ્રી સમીરની સામે આવીને ઉભી રહી...

“બોલો.” સમીરે આંખો ખોલ્યા વિના પૂછ્યું.

“બોલવાનું મારે નહીં, તમારે છે.” અનુશ્રીના અવાજમાં તરછોડાયેલી સુંદરીનું ઘવાયેલું અભિમાન રણકતું હતું.

“મારે? મારે શું બોલવાનું?” સમીરે કહ્યું, એની આંખો હજી યે બંધ હતી અને હાથ-પગ હજી યે શવાસનની સ્થિતિમાં શિથિલ હતા... “બોલીને શું સાબિત થઈ શકતું હોય છે, શબ્દોથી વ્યર્થ કશું છે ખરું?”

“ઓહ! તો હજી યે તમે તમારા ગુરુપણાના નશામાં છો... તમે શું સમજો છો, તમારી જાતને?” અનુશ્રીનો ચહેરો લાલ લાલ થઈ ગયો હતો. એક માણસ એને આટલી હદે ઇગ્નોર કરી શકે એ વાત એને હજી માન્યામાં નહોતી આવતી...

“હું એક માણસ છું, હું નથી સમજી શકતો કે હું શું સમજું છું અથવા શું સમજવાનો પ્રયત્ન કરું છું...”

“તમને ખબર છે, મારે માટે મુંબઈના, વિશ્વભરના ભલભલા ધનપતિઓ જીવ કાઢી નાખે છે... મારા એક સ્મિત માટે મારા કરોડો ચાહકો તરફડી ઉઠે છે. એક ફિલ્મમાં કામ કરવાના હું એક કરોડ રૂપિયા લઉં છું...”

“સરસ” સમીરની આંખો હજીયે બંધ હતી.

“મેં અહીં કોઈ કૃષ્ણ જન્મના ઉત્સવનું નૃત્ય નથી કર્યું... મેં તમારા માટે...”

ઘૂંટણિયે બેસી ગઈ અનુશ્રી...

એના વાળ ગ્રે રંગની કાર્પેટને અડી ગયા હતા. એની આંખોમાં કોઈ અજબ ભાવ હતો. એ પોતાની મોટી મોટી આંખોથી સમીરને એકીટશે જોઈ રહી હતી અને સમીર બંધ આંખે પણ પોતાના ચહેરા પર અનુશ્રીની નજરનો એ ભાર અનુભવી રહ્યો હતો.

“આંખો પણ નહીં ખોલો.” અનુશ્રીએ સમીરને પૂછ્યું.

“ટળવળતી હોય આંખ, જેને જોવાને, એને મીંચેલી આંખોએ ભાળુ, અંદર તો એવું અજવાળું.” સમીરે કહ્યું.

“મને નથી સમજાતું આ બધું.” અનુશ્રીએ કહ્યું.

“આમાં સમજવાનું કંઈ નથી, અનુભવવાનું છે, અનુશ્રી!” સમીરે કહ્યું.

“મને પ્રેમ થઈ ગયો છે.” અનુશ્રીએ કહ્યું. “પ્રથમ નજરે...”

“નજરનો પ્રેમ શરીરનો પ્રેમ છે અનુશ્રી, કોઈ ચહેરો, કોઈ આંખો, કોઈ હોઠનો વળાંક કે કોઈક શરીર તમને આકર્ષે - એને પ્રેમ ન કહેવાય. પ્રેમની લાગણી જુદી છે... એમાં પ્રથમ કે અંતિમ નજર ન હોઈ શકે...”

“મેં તમને કહ્યું ને, હું તમારું ભાષણ સાંભળવા નથી આવી. મારું અભિમાન મૂકીને, મારા ઇગોને સાઈડમાં મૂકીને તમને કહેવા આવી છું કે હું તમને ચાહું છું.”

હવે આંખો ખોલી સમીરે, અને જોયું તો અનુશ્રી એના ચહેરા પર ઝૂકી આવી હતી... ઘૂંટણિયે બેઠેલી અનુશ્રીએ પોતાના બે હાથ જમીન પર ટેકવી દીધા હતા. એ સમીરના ચહેરા પર ઝૂકીને ધીમે ધીમે કરતા એટલી તો નજીક આવી ગઈ હતી કે હવે અનુશ્રી અને સમીરના ચહેરા વચ્ચે અડધો ફૂટનું અંતર હતું. અનુશ્રીના વાળ સમીરના ચહેરાની બંને બાજુ ઝળૂંબતા હતા. અનુશ્રીની આંખોમાં અજબ ભાવ હતો. ઝંખના, સમર્પણની, કશુંક વાંચતો, કશુંક આપતો એવો ભાવ હતો કે જેણે સમીરે મૂંઝવી નાંખ્યો હતો.

મેનકા હતી કે ઉર્વશી? ક્યા સ્વર્ગમાંથી કયુ તપ ભંગ કરવા આવી હતી આ? એની નજરમાં આ કયો તાપ હતો જે સમીરને પીગળાવી રહ્યો હતો.

રેવતીને છોડીને આવ્યા પછી સમીરે જીવનમાં કોઈ સ્ત્રી વિશે વિચાર્યું નહોતું. છેલ્લા એક વરસથી વધારે સમયમાં સમીરના જીવનમાં અનેક સ્ત્રીઓ આવી હતી, પણ શિષ્યા સ્વરૂપે... એ બધી એને ભજતી, એને નમસ્કાર કરતી. એના ચરણોમાં આળોટતી, એની કૃપાને ઝંખતી...

આ એક એવી સ્ત્રી હતી જે સમીરને આખો ને આખો ગળી જવા માગતી હતી. એના ચહેરા પર ગજબની જીદ હતી. સમીરને મારીને એને તાવીજમાં પૂરી લેવા આવી હોય એવી અપાર્થિવ આંખો હતી આ છોકરીની...

સમીર બેઠો થઈ ગયો.

એની અંદર કશુંક ગૂંચવાઈ ગયું હતું.

એને સમજાતું નહોતું કે એક વરસ સુધી જ્ઞાન અને ત્યાગની કથાઓ કહ્યા છતાં આજે એના શરીરને શું થઇ રહ્યું હતું...

એની જિંદગીના આટઆટલા વરસો દરમ્યાન એને કદી યે કોઈ છોકરી આટલી તીવ્રતાથી દઝાડી નહોતી શકી. સામાન્યત: સમીરને સ્ત્રીઓ સાથે ડીલ કરવામાં ક્યારેય તકલીફ પડતી નહીં. છેક સ્કૂલમાં હતો ત્યારથી સમીર સ્ત્રીઓ સાથે ખૂબ કમ્ફર્ટેબલી ડીલ કરી શકતો હતો. એમને ક્યારે નજીક આવવા દેવી અને ક્યારે સલામત અંતર રાખવું એ સમીરને પરફેકટ આવડતું હતું.

સમીરને એ પણ ખબર હતી કે એ ખૂબ હેન્ડસમ હતો. દિલ ધડકાવી નાખે એવી ખૂબસુરતી હતી એની પાસે! અને એ વાત એણે અવારનવાર જુદી - જુદી ઉંમરની સ્ત્રીઓની આંખોમાં સતત અને સહજ રીતે વાંચી હતી...

...પણ આજની સ્ત્રી જુદી હતી. એણે નક્કી કરી નાંખ્યું હતું કે એ સમીરને એના તપમાંથી ચળાવી દેશે!

બેઠેલો સમીર ઘૂંટણિયે પડીને એક વાઘણની જેમ એના શિકારને જોઈ રહેલી અનુશ્રીને જોતો હતો. અનુશ્રી ધીમે રહીને પોતાના બંને હાથ ઉઠાવીને આગળ વધી. એનું શરીર લંબાયું. એની ઓઢણીનો છેડો કાર્પેટ ઉપર ઝૂલી રહ્યો હતો. એના વાળ કાર્પેટ પર વિખરાયેલા હતા. એ એક વાઘણની ચપળતા અને કુશળતાથી સમીરની નજીક આવી. એનું આખુ શરીર સમીરની એટલું નજીક હતું કે સમીરને એને અડવા માટે હાથ પણ ન લંબાવવો પડે. એણે હાથ ઉઠાવ્યા. એના હાથ સમીરના બંને ખભા ઉપર એવી રીતે ગોઠવાયા કે એના શરીરનું બેલેન્સ સમીરના ખભા હલે તો તરત જ જતું રહે! એના હોઠ સમીરના હોઠની નજીક આવ્યા...

એ પછી શું બન્યું, એની ખુદ સમીરને ખબર નહોતી...

પણ આટલી અભાન પ્રેરક, આટલી નશાથી તર-બ-તર રાત એણે ક્યારેય નહોતી ગાળી. અનુશ્રીએ એને એક નવી દિશાના દ્વાર ખોલી આપ્યા. એને પહેલીવાર સમજાયું કે શરીર આટલું બોલી શકે છે, શરીર આટલું સાંભળી શકે છે. શરીરને પોતાને એક ભાષા છે... ટેરવાંઓની, ત્વચાની... રૂંએ રૂંએથી બોલાતી અને બંધ આંખે સંભળાતી એક એવી ભાષા જે એને માત્ર આ અનુભૂતિ પછી જ સમજાઈ હતી...

*

સવારના સાત વાગવા આવ્યા હતા. સવારથી જ આકાશ વરસાદના વાદળોથી ઘેરાયેલું હતું. ઉકળાટ ગોરંભાયેલા આકાશને કારણે જ કદાચ વધારે હતો.

ગઈ કાલનો જન્માષ્ટમીનો ઉત્સવ આશ્રમમાં અદ્ભુત રીતે ઉજવાયો હતો.

પહેલા મંત્રમુગ્ધ કરી નાખનાર સમીરનું વક્તવ્ય પછી અનુશ્રીનું નૃત્ય...

રાતના બે વાગે કાર્યક્રમ પૂરો થયો, ત્યારે ત્યાં હાજર સૌ અવાક્ હતા.

આજ સુધી આ આશ્રમમાં આટલી ધૂમધામથી, આટલા ભાવવિભોર થઈને કૃષ્ણ જનમ કદી યે નહોતો ઉજવાયો...

સમીરે જન્માષ્ટમીની સાંજે જે કંઈ કહ્યું એ કૃષ્ણને એક નવો આયામ આપનારી વાત હતી. એનું પ્રવચન સાંભળનારા સૌએ એક નવી દૃષ્ટિએ કૃષ્ણને જોયા હતા...

*

સવારના સાત વાગવા આવ્યા હતા. સવારથી જ આકાશ વરસાદના વાદળોથી ઘેરાયેલું હતું. ઉકળાટ ગોરંભાયેલા આકાશને કારણે જ કદાચ વધારે હતો...

વરસાદની રાહ જોવાતી હતી.

વરસાદ આવશે, એ નક્કી હતું. વાતાવરણમાં ભારોભાર ભેજ હતો.

પોતાના કોટેજમાંથી બહાર નીકળતી વખતે સમીરે અચાનક જ ઉપર જોયું. કાળા વાદળો આકાશમાં ઝળૂંબી રહ્યા હતા...

સમીરને ગઈ કાલે પોતાના ચહેરા પર ઝૂકી આવેલા અનુશ્રીના વાળ યાદ આવી ગયા.

એના શરીરની સુંવાળપ, એની સુગંધ, એના કાળા વાળમાંથી આવતી એક અભાન પ્રેરતી અંધારી અને છતાં યે ભીતર અજવાળું કરી નાખતી અદ્‌ભુત અનુભૂતિ સમીરને ફરી એક વાર યાદ આવી ગઈ...

ગઈ કાલે રાતે અનુભવેલી થરથરાટી એનું શરીર ફરી અનુભવી રહ્યું.

અનુશ્રીએ નખશિખ સમર્પિત થઈને પ્રેમ કર્યો હતો.

એણે સમીરને આજે પહેલીવાર પુરુષાતનનું ઝનૂન શું હોય, એ સમજાવ્યું હતું...

સમીરે આકાશમાં જોઈને મનોમન નક્કી કરી લીધું,"હું અનુશ્રી સાથે લગ્ન કરી લઈશ..."

કોણ જાણે કેમ સમીરને આટલા વખતમાં ક્યારેય નહોતી ખૂટી એવી રીતે રેવતી ખૂટી. રેવતીને છોડીને આવવું, કદાચ એના જીવનની મોટામાં મોટી ભૂલ હતી. સમીર એવા પુરુષોમાંનો એક હતો કે જેને સ્ત્રીનું અસ્તિત્વ પૂર્ણ કરતું હતું. સ્ત્રી વિના જીવવું દરેક પુરુષ માટે શક્ય નથી હોતું. સમીર પણ કદાચ એવા પુરુષોમાંનો એક હતો...

આ આશ્રમ, આશ્રમમાંથી આવતી આવક અને એને મળતી પ્રસિદ્ધિમાં ખોવાઈને થોડોક સમય માટે સમીરને લાગ્યું હતું કે એ હવે સ્ત્રી વિના જીવી શકશે. એને કદાચ એવું પણ લાગ્યું હતું કે આટલું બધું મળ્યા પછી સ્ત્રી તો જરાય જરૂરી નથી...

પરંતુ ગઈ કાલની રાત પછી એને સમજાયું હતું કે, સ્ત્રી એના જીવનનું અનિવાર્ય હતું. સ્ત્રી એને પૂર્ણ કરતી હતી. એના મનની એક એવી અધૂરપ હતી, કે જે માત્ર સ્ત્રી જ પૂરી કરી શકતી હતી... એ સ્ત્રી ગોમતી હોય, સીમા હોય, રેવતી હોય કે અનુશ્રી હોય...

કોટેજમાંથી નીકળતી વખતે એણે એવું સ્વીકારી લીધું કે પોતે સ્ત્રી વિના અધૂરો છે... અને, અનુશ્રી એના જીવનને પૂર્ણ કરનારું એક એવું પાત્ર હતું કે જે એને આવી મળ્યું હતું...

એ જ્યારે પ્રવચનના સ્થાન પર પહોંચ્યો ત્યારે ફરી ચાર-પાંચ હજાર લોકો એની રાહ જોઈને બેઠા હતા. વાતાવરણમાં 'ઓઉમ'નો નાદ ગૂંજતો હતો. ધ્યાનસ્થ થઈને બેઠેલા લોકોને હળવેથી જગાડવા સમીરે ઘેરા-ગંભીર અવાજે આંખો મીંચીને કહ્યું, "ઓઉમ્!"

"ઓઉમ્!" ભક્તગણે પડઘો પાડ્યો...

થોડીક ક્ષણો શાંત રહ્યા પછી સમીરે ખૂબ શાંતિથી, ખૂબ ગંભીરતાથી અને ખૂબ સંયત અવાજે શરૂ કર્યું...

"માણસ સંસ્કારી છે... અને સંસ્કાર માણસના જીવનનું, એની સંસ્કૃતિનું, એના સભ્ય હોવાની સાબિતીનું અભિન્ન અંગ છે... વાંદરાઓ કે કૂતરાંઓ સંસ્કારી નથી... કારણકે, એમની પાસે ભાષા નથી, શિક્ષા નથી. જેમની પાસે ભાષા નથી, શિક્ષા નથી, એમની પાસે પણ અભિવ્યક્તિ છે... એ અભિવ્યક્તિ આંખોની છે, શરીરની છે... આત્માની છે... પરંતુ, માણસ પાસે પોતાની વાત કહેવા માટે શબ્દ છે...

અને, સૌથી અગત્યનો શબ્દ જે માણસ બોલી શકે છે, અનુભવી શકે છે, આપી શકે છે, પામી શકે છે... એ છે પ્રેમ!

આપણા સમાજે પ્રેમને કદાચ જુદી જ દિશામાં વાળ્યો છે... પ્રેમની વ્યાખ્યા સમાજે અને ઇશ્વરે જુદી જુદી કરી છે... રાધા અને કૃષ્ણના લગ્ન નહોતા થયા, એટલે પ્રેમ નહોતો?

જેના જીવનમાં પ્રેમ જેટલો ઓછો એના જીવનમાં વિદ્વેષ એટલો જ વધારે હોવાનો.

જીવનમાં પ્રેમ ઓછો તેમ ઇર્ષા વિશેષ, પ્રતિસ્પર્ધા વિશેષ.

જીવનમાં પ્રેમ ઓછો તેમ ચિંતા ને દુ:ખ વિ:શેષ.

દુ:ખ, ચિંતા, ઇર્ષા, ઘૃણા, દ્વેષ, આદિથી માણસ જેમ વધારે ઘેરાયેલા રહે છે તેમ એની સમગ્ર શક્તિ વિકૃત થઈ જાય છે. એ શક્તિ તાણ અનુભવે છે, એની નિકાસ માટે કોઈ માર્ગ નથી રહેતો, સિવાય કે સેક્સ.

પ્રેમ શક્તિઓની નિકાસ બને છે.

પ્રેમ એટલે જ વહેવું. પ્રેમ સૃજનાત્મક એથી એ વહે છે અને તૃપ્તિ લાવે છે. કામની તૃપ્તિ વિશેષ ઉંડી છે ને મૂલ્યવાન છે. જેને એ તૃપ્તિ મળી જાય તે પછી કાંકરા, પથ્થરોમાં નહીં લોભાય. જેને હીરા-ઝવેરાત મળવા માંડે એ પથ્થર શું કામ વીણે! ઘૃણાથી ભરેલા માનવીના ભાગ્યમાં એ તૃપ્તિ નથી, ઘૃણાથી એ માનવી વસ્તુની તોડફોડ કરે છે. તોડફોડથી કોઈને ક્યાંય તૃપ્તિ મળી છે? તૃપ્તિ તો મળે નિર્માણ દ્વારા.

માણસ જેટલો પ્રેમથી પૂર્ણ હોય છે એટલી તૃપ્તિ, એક ઉંડો સંતોષ, એક આનંદનો ભાવ, એક ઉપલબ્ધિનો ભાવ એના પ્રાણોમાં રગે રગે વહેવા લાગે છે. એના સમગ્ર શરીરમાંથી તૃપ્તિનો પ્રવાહ નિર્ઝરે છે, આનંદની ધારા છલકે છે. એવો તૃપ્ત માનવી સેક્સની દિશા તરફ વળતો નથી. જવા માટે રોકવા માટે એને કોઈ પ્રયત્ન નથી કરવો પડતો. એ શું કામ એ દિશામાં જાય? સેક્સથી જે ક્ષણભર માટે મળી શકે તે તૃપ્તિ તો તેને પ્રેમથી ચોવીસે કલાક મળે છે. તો બીજી દિશા છે - વ્યક્તિત્વનો અધિકતમ વિકાસ પ્રેમના માર્ગે થવો જોઈએ.

પ્રેમ અકારણ હોય છે, કારણો સાથે પ્રેમ હોતો નથી.

એકાંતમાં ખીલતું ફૂલ જંગલમાં પણ સુગંધ વેરે છે. સુગંધ વેરવી એ ફૂલનો સ્વભાવ છે. કોઈને ગમે કે ન ગમે, જોઈ કે ન જોઈએ ફુલ સુગંધ વેરવાનો... પ્રેમ પૂર્ણ હોવું એ વ્યક્તિત્વ બની જવું જોઈએ. એ કોઈના માટે હોય કે ન હોય એ કોઈ સ્વીકારે નહીં, કોઈ સુધી પહોંચે કે નહીં, કોઈ સામે આપે કે નહીં... પ્રેમ હોવો જોઈએ, થવો જોઈએ, ફેલાવવો જોઈએ, પહોંચવો જોઈએ..."

*

અનુશ્રીની આંખો ખૂલી ત્યારે સ્વચ્છ સફેદ ચાદર ઓઢીને એ એકલી જ આખા કમરામાં સૂતી હતી. ચાલીસ બાય ચાલીસના એ વિશાળ હોલમાં સૂર્યના કિરણો પ્રવેશી ચૂક્યા હતા. એરકન્ડિશનરનો હળવો ઘરઘરાટ કમરાની શાંતિને તોડીને કમરાને ભરી દેતો હતો. ગ્રે રંગની પગ ખૂંચી જાય એવી કાર્પેટ વોલ ટુ વોલ પથરાયેલી હતી...

અનુશ્રીના લાંબા વાળ એ કાર્પેટ પર ફેલાઈ ગયા હતા... એણે ચાદર હટાવી... એના શરીર પર એક પણ વસ્ત્ર નહોતું...

એણે આસપાસ નજર નાંખી...

એના અલંકારો અને વસ્ત્રો ખૂણે ખૂણે વિખરાયેલા પડ્યા હતા.

ગઈ કાલની રાત એના વિજયની રાત હતી. એક માણસ જેણે એના તરફ જોવાની પણ દરકાર નહોતી કરી, એવા માણસને એણે જીત્યો હતો...

એક શિકારી વાઘણની કુશળતાથી હળવે હળવે પોતાના શિકારને પોતાની નજીક ખેંચીને એણે જીત મેળવી હતી...

એક એવા શિકાર પર જીત મેળવી હતી, જેના ચરણમાં લાખ્ખો લોકો મસ્તક નમાવતા હતા. કેટલાય લોકો એના આશીર્વાદ માટે તરફડી ઉઠતા હતા. એનો શબ્દ કેટલાય માટે બ્રહ્મવાક્ય હતો...

એવો માણસ એની મુઠ્ઠીમાં, એના વાળની લટોમાં, એના બે હોઠની વચ્ચે અટવાઈને રહી ગયો હતો...

સવારે સૂર્યોદય પણ નહોતો થયો અને સમીરની આંખ ખૂલી ગઈ...

એના પથ્થરમાંથી કોતરી કાઢ્યા હોય એવા વિશાળ ખભા પર માથું મૂકીને અનુશ્રી ઘસઘસાટ સૂતી હતી. એના વાળ ગાદી પર થઈને કાર્પેટ સુધી લંબાતા હતા. એણે ઓઢેલી સફેદ ચાદર એના શરીરને કલાત્મક રીતે ઢાંકતી હતી... એનો એક હાથ સમીરની છાતી પર હતો... અને બીજો સમીરના શરીરની નીચે દબાયેલો હતો...

સમીરે એના કપાળે એક ચુંબન કર્યું,

“જાગો પ્રિયે! સવાર પડી છે...”

“સવાર?” અનુશ્રીની આંખો બંધ હતી અને અવાજમાં નશો હતો, “હજી તો હમણાં રાત શરૂ થઈ હતી... આટલી વારમાં સવાર પડી ગઈ?”

“હમણાં દૂધ લઈને મારો શિષ્ય આવશે. પછી મારા ધ્યાનનો અને પૂજાનો સમય થશે.”

“તો?” અનુશ્રીએ કહ્યું... “હું અહીંથી ચાલી જાઉં, મને કોઈ જુએ નહીં એમ, ખરું ને?”

સમીર પાસે જવાબ નહોતો. પરંતુ અનુશ્રીના અવાજની કડવાશ એને ડંખી ગઈ. એને સમજાયું કે એણે કદાચ કંઈ ખોટું કહ્યું હતું અથવા એણે જે કહ્યું હતું એનો અર્થ અનુશ્રીએ ખોટો કર્યો હતો...

એણે ફરી અનુશ્રીના કપાળ પર ચુંબન કર્યું. હળવેકથી એનું માથું હટાવીને ગાદી પર મૂક્યું... અને, પોતે ધીમે રહીને ઉભો થયો.

"તું ઇચ્છે ત્યાં સુધી સૂઈ શકે છે, પણ મારે પ્રવચનના સમયે પહોંચવું પડશે... તું નિરાંતે સંપૂર્ણ સૂર્યોદય થયા પછી પણ અહીંથી જઈ શકે છે... મને કોઈનો ભય નથી..."

આટલું કહ્યા પછી સમીર કામે વળગ્યો હતો... અને, પ્રવચનમાં જતા પહેલા એણે અનુશ્રીના વાળમાં હાથ ફેરવીને એને ફરી જગાડી હતી...

"કેટલા વાગ્યા?" અનુશ્રીએ પૂછ્યું હતું.

"સાતમાં પાંચ..." સમીરે કહ્યું... પછી પળભર અનુશ્રી સામે જોઈ રહ્યો. અનુશ્રીની નજીક ગયો અને લગભગ એના કાનમાં પૂછતો હોય એમ પૂછ્યું. "લગ્ન કરીશ મારી સાથે?"

લગભગ આખી રાતના ઉજાગરા પછી, અને ચૂરચૂર કરી નાખતા થાક સાથે પણ અનુશ્રીએ આંખો ઉઘાડી હતી... સમીરની આંખોમાં જોયું હતું, ઘડીભર! અને પછી ખડખડાટ હસી પડી હતી...

"ઉતાવળ નથી. શાંતિથી જવાબ આપજે." સમીરે કહ્યું હતું અને પ્રવચન માટે ચાલી ગયો હતો...

"એક સામાન્ય માણસ નીકળ્યો, આ કહેવાતો ગુરુ!" અનુશ્રીએ વિચાર્યું.

વિશાળ સામ્રાજ્ય જીતેલા કોઈ મહાન યોદ્ધાની અદાથી એણે ફરી આસપાસ નજર ફેરવી. વાળ બાંધ્યા... વસ્ત્રો પહેર્યા... અલંકારો ભેગા કરીને ઓઢણીના છેડે બાંધ્યા... અને પછી, એણે જે કામ માટે આવી હતી એ શરૂ કર્યું...

એણે ફોન ઉઠાવ્યો અને ઇન્ટર કોમ બહાર રિસેપ્શન પર જોડ્યો.

સત્યેન્દ્ર નામનો નવો નવો આશ્રમમાં જોડાયેલો છોકરો રિસેપ્શન પર બેઠો હતો. એણે ફોન ઉપાડ્યો. એને ખૂબ આશ્ચર્ય થયું કે પ્રવચનના સમયે ગુરુદેવના કમરામાંથી ફોન કરનાર કોણ હોઈ શકે... પણ રીંગ વાગતી હતી એ સત્ય હતું! એણે ફોન ઉપાડ્યો...

એક માદક સ્ત્રીઅવાજ સંભળાયો.

"ચા મળશે?"

આ અવાજ સત્યેન્દ્ર ઓળખતો હતો.

આ દેશનો એકએક જુવાન આ અવાજ ઓળખતો હતો.

દિલ ધડકાવી દેનારો આ અવાજ આ સમયે ગુરુજીના રૂમમાંથી સાંભળીને સત્યેન્દ્ર બેહોશ થવાની તૈયારીમાં હતો...

"જજજજ...જી! મોકલાવું." એણે કહ્યું અને પછી મુન્શીજીના રૂમ તરફ દોડ્યો... હાંફતો-પડતો - આખડતો એ નવા બનેલા એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર મુન્શીજીના રૂમમાં પહોંચ્યો ત્યારે ભયાનક રીતે

હાંફતો હતો...

એ વખતે મુન્શીજીના રૂમમાં વિદાય લઈ રહેલા ટ્રસ્ટીઓ હતા, વસંતભાઈ સહિત બીજા ત્રણ ટ્રસ્ટીઓ ત્યાં બેસીને જરૂરી કાગળો પર સહીઓ કરતા હતા...

અને, સત્યેન્દ્ર ત્યાં પહોંચ્યો...

ભયાનક રીતે હાંફતા... સત્યેન્દ્રએ તૂટક તૂટક શબ્દોમાં મુન્શીજીને કહ્યુ:

"ગુરુદેવ... અનુશ્રી... આખી રાત... કોટેજમાં... હજી યે... ત્યાં જ"

વસંતભાઈએ મુન્શી સામે જોઈને સ્મિત કર્યું...

બાકીના ટ્રસ્ટીઓના ચહેરા ફોટા પાડવા જેવા હતા...

મુન્શીએ ઉઠીને સત્યેન્દ્રને એક લાફો ઝીંકી દીધો.

"શું બકે છે?" મુનશીએ કહ્યું.

*

ચાલીસ

મુન્શીજીના રૂમમાં વિદાય લઈ રહેલા ટ્રસ્ટીઓ હતા, વસંતભાઈ સહિત બીજા ત્રણ ટ્રસ્ટીઓ ત્યાં બેસીને જરૂરી કાગળો પર સહીઓ કરતા હતા...

અને, સત્યેન્દ્ર ત્યાં પહોંચ્યો...

ભયાનક રીતે હાંફતા... સત્યેન્દ્રએ તૂટક તૂટક શબ્દોમાં મુન્શીજીને કહ્યું:

"ગુરુદેવ... અનુશ્રી... આખી રાત... કોટેજમાં... હજી યે... ત્યાં જ"

મુન્શીએ ઉઠીને સત્યેન્દ્રને એક લાફો ઝીંકી દીધો.

"શું બકે છે?" મુનશીએ કહ્યું.

વસંતભાઈએ મુન્શી સામે જોઈને સ્મિત કર્યું...

બાકીના ટ્રસ્ટીઓના ચહેરા ફોટા પાડવા જેવા હતા...

વસંતભાઈને ગઈ કાલે બપોરની વાત યાદ આવી ગઈ. ટ્રસ્ટી બોર્ડની મિટિંગ પૂરી થયા પછી એમણે અનુશ્રીને પોતાના રૂમમાં બોલાવી હતી. અનુશ્રી આવી હતી. પરંતુ વસંતભાઈની વાત સાંભળીને એ ડઘાઈ ગઈ હતી.

"નો, ના જરાય નહીં... હું આવા કામમાં સાથ નહીં આપું" અનુશ્રીએ કહ્યું હતું. "તમારા મારા ઉપર બહુ ઉપકાર છે એની ના નહીં, પણ હું આવું કામ નહીં કરું. આ સ્કેન્ડલ ઉછળે તો મારી બદનામી થાય..."

હસ્યા હતા વસંતભાઈ અને એમણે અનુશ્રીના ખભે હાથ મૂક્યો હતો, "એને પબ્લિસિટી કહેવાય. તમારી દુનિયામાં તો છોકરીઓ મરતી હોય છે આવી પેજ-થ્રી પબ્લિસિટી માટે... અને આ તો એક ભલાઈનું કામ છે."

"ભલાઈનું?! વોટ રબીશ? એક સાધુને બદનામ કરવાની વાત છે. ધર્મ સાથે ચેડા કરવાની... એક પવિત્ર માણસનું નામ બદનામ કરવાની રમત છે તમારી..."

"રમત છે એની ના નહીં, પણ અનુ, આ દુનિયામાં રમત કોણ નથી કરતું? ખુદ ઇશ્વરની પણ આ સૃષ્ટિ સાથેની રમત સદીઓથી અવિરતપણે ચાલ્યા કરે છે... અવિનાશ વ્યાસનું પેલું ગીત નથી સાંભળ્યું? હુતુતુતુ જામી રમતની ઋતુ... આપોઆપ એકમેકના થઈને ભેરુ, આખું જગત રમતું આવ્યું ને રમે છે, હુતુતુતુ...

ભેરુંનો દેખાવ કરીને ખેલ ખેલતા ઉંચે શ્વાસે, પકડાપકડી ધમ્માચકડી અવળે સવળે આટેપાટે..." વસંતભાઈની વાતમાં અનુશ્રીને જરાય રસ ના પડ્યો.

"લૂક, મારે મુંબઈ પહોંચવાનું છે અને મને તમારા આશ્રમના આવા ફાલતૂ પોલિટિકસમાં રસ નથી. આઈ હોપ યુ અન્ડરસ્ટેન્ડ..." અનુશ્રીએ પીઠ ફેરવીને ચાલવા માંડ્યું. વસંતભાઈએ એનો હાથ પકડી લીધો.

"શું કરો છો?" અનુશ્રીએ કહ્યું.

"યસ આઈ અન્ડરસ્ટેન્ડ..." વસંતભાઈએ કહ્યું પછી નજીક આવીને અનુશ્રીની આંખોમાં જોયું, "હું તો સમજું

છું, તારે સમજવાનું છે... થડાનીનું પિક્ચર હજી શરૂ જ નથી થયું... મદન સકસેનાને મારે એક ફોન કરવાની વાર છે. ચાર રીલ ફરી શૂટ કરવામાં એને તકલીફ નહીં પડે અને રાજીવ ચોપરા તો મને પૂછ્યા વિના પાણી પણ નથી પીતો, યુ નો ધેટ..."

"તમે મને ધમકી આપો છો?" અનુશ્રીનું અભિમાન ઘવાયું હતું. "ત્રણ પિક્ચર મારા હાથમાંથી જશે એટલે મારી કેરિયર ડામાડોળ થઈ જશે, એમ માનો છો?"

"હું નથી માનતો. પણ તમારી ઇન્ડસ્ટ્રી એવું માને છે... બેબી! ત્રણ મોટા બેનર તને અચાનક કાઢી મૂકે તો હવા શું ઉડે?" વસંતભાઈના ચહેરા પર એક ક્રૂર સ્મિત હતું.

"હું... હું... હું કહીશ કે મેં જ ફિલ્મ છોડી દીધી."

"રોહિતકુમાર સાથે લગ્ન કરવા માટે?"

"એ અફવા છે, ખોટી વાત છે..." અનુશ્રી હવે ગભરાઈ હતી... અને શું કામ ન ગભરાય? એ ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો નિયમ જાણતી હતી, જે તમને બનાવે એને તમારું બગાડતા ઓછામાં ઓછો સમય લાગે...

"જુઓ, તમે મારી પાસે બીજું કંઈ પણ કરાવો, મેં ક્યારેય ના નથી પાડી. તમારા સાઉથ આફ્રિકાના, લંડનના અને દુબાઈના શૉમાં હું સાવ ફ્રી આવી હતી. રોહિત, મનાલી અને અમરને પણ મેં મેનેજ કરેલા, સાવ ફ્રી..."

"તો? ઉપકાર કર્યો? રાજીવ ચોપરાની ફિલ્મ એક ટેરીટરી અને કરોડ રૂપિયામાં સાઈન કરાવી છે, હિસાબ બરાબર થઈ ગયો."

"મને આ કામમાં ન નાંખો... પ્લીઝ, હું એને રિસ્પેક્ટ કરું છું, આઈ લાઈક હીમ. જ્ઞાની છે, સાધુ છે..."

"સાધુ? હા...હા...હા... સાધુ!..." વસંતભાઈ હસતા હસતા પલંગ પર બેસી ગયા. "બિઝનેસમેન છે આ... વેપારી! અને આશ્રમમાંથી પેઢી ન બની જાય એટલે જ મારે તારી જરૂર છે..."

"એના પ્રવચન સાંભળ્યા છે તમે? કેટલું સુંદર, કેટલું સમજદાર અને થોટ પ્રોવોકિંગ બોલે છે..."

"પોપટિયા જ્ઞાન છે એનું... અને સાધુ તો મનનો વિષય છે, માણસ મનથી સાધુ હોય અથવા ન હોય... રાડોની ઘડિયાળ, સ્વીસ કોટનના કપડીયા, બીએમડબલ્યુ ગાડી... આશ્રમમાં પ્રવચન માટેની ફી... હજીયે તને એ સાધુ લાગે છે. વેપારધામ બનાવી દેશે આશ્રમને... એ પહેલાં આપણે કંઈ કરવું જોઈએ..."

"તો તમે કરો. મને શું કામ ઘસડો છો આમાં?" અનુશ્રીની આંખોમાં હજી યે સમીર માટેનો મોહ ધબકી રહ્યો હતો...

"અનુ આ શિષ્ય પરંપરાની ગાદી છે. ઇશ્વરાનંદજીએ પુત્રના મોહમાં એને સોંપી દીધી... હું જ્યારે ઇશ્વરાનંદજીના અંતિમ સંસ્કાર માટે આવ્યો ત્યારે આ છોકરો જુદો હતો. થોડાક જ મહિનામાં મેં એના અભિમાનને એના પણ કંટ્રોલની બહાર નીકળી જતું જોયું છે..." અનુશ્રીએ ધ્યાનથી જોયું. વસંતભાઈ એકદમ ગંભીરતાપૂર્વક બોલી રહ્યા હતા. "સાક્ષરને ઉલટાવો તો રાક્ષસ થાય છે... એમ સંસ્કૃતમાં પણ કહ્યું છે, ખોટા માણસને ગુરુ બનાવીને આ આશ્રમને ખાડે જતો હું નહીં જોઈ શકું... આ આશ્રમમાં મારા પ્રાણ છે, મારી શ્રદ્ધા છે... મેં લોહી રેડ્યું છે. આ આશ્રમને ઉછેરવા માટે... આધ્યાત્માનંદજીએ ઇશ્વરાનંદજીને ગાદી સોંપતા પહેલાં

મારી સાથે વાત કરેલી... ઇશ્વરાનંદે મને કશું કહેવાનો મોકો આપ્યા વિના જ નિર્ણય લઈ લીધો અને એમના મૃત્યુએ, એમણે લીધેલા નિર્ણયને વધુ ગ્લોરીફાઈ કરીને... એના પર મહોર મારી દીધી..."

"પણ... પણ... આનાથી થશે શું?"

"અનુશ્રી ઘોષ... આ માણસ પાસે પૈસો છે, પાવર છે, કંટ્રોલ છે, અહંકાર છે અને એ અહંકારને પોષનારા કેટલાય માણસો છે... એની પાસે નથી તો સ્ત્રી!"

"પણ... એ મારામાં રસ જ ન લે તો..."

"પહેલાં તો એવું બનશે નહીં... આ વસંતરાયે કોલસાની ખાણમાંથી હીરા શોધ્યા છે અને કરોડો રૂપિયા ખર્ચીને ખરીદેલી હીરાની કહેવાણી ખાણમાંથી એકલા કોલસા નીકળતા ય જોયા છે... આ કોલસો છે અને એટલે જ હીરો બનીને બેઠેલા આ માણસનો ઝગમગાટ કેટલો ખોટો, કેટલો જૂઠો છે, એ એને કોહિનૂર માનતા લોકો સામે ઉઘાડું પાડવું જરૂરી છે..."

"પણ એવું ન થયું તો? આઈ મીન તમે ખોટા પડ્યા તો?"

"તો મને બહુ આનંદ થશે, અનુશ્રી ઘોષ... આનંદ એ વાતનો કે મારા ગુરુની ગાદી સાચા અને સલામત માણસના હાથમાં છે... હું સાચા હૃદયથી એને પ્રણામ કરીને અહીંથી જતો રહીશ..."

"મને હજી આ પ્લાન બહુ યોગ્ય નથી લાગતો." અનુશ્રીએ કહ્યું.

"તું અભિનેત્રી છે, અનુશ્રી. તારે ફક્ત અભિનય કરવાનો છે. એક સ્ક્રીપ્ટ લખાઈ ચૂકી છે, એનો દિગ્દર્શક પણ નિશ્ચિત છે, તારે ફક્ત એ સ્ક્રીપ્ટમાં લખ્યા પ્રમાણે અભિનય કરીને નીકળી જવાનું છે."

"અને સ્કેન્ડલ થાય તો? છાપા ઉછાળે તો?" અનુશ્રીમાંની અભિનેત્રી હવે પોતાના અભિનયની કિંમત નક્કી કરવા માંગતી હતી, એ વસંતભાઈને ન સમજાય એટલા એ કાચા પણ નહોતા, અને ભોળા પણ નહોતા...

"સ્કેન્ડલ તો થશે જ. ને છાપા ઉછાળશે ય ખરું... પણ હા, મારો દુબાઈવાળો બંગલો રોહિતકુમાર સાથેના લગ્નમાં તને ભેટ આપી દઈશ... વચન છે એક વેપારીનું..." અનુશ્રીની આંખોમાં એ દુબાઈવાળા બંગલાના ગોલ્ડ પ્લેટેડ બાથરૂમ ફિટીંગ્સ અને ગોલ્ડ પ્લેટેડ વોડરોબ્ઝની ચમક આવી ગઈ...

"અને રોહિતને કોણ સમજાવશે?"

"અરે ગાંડી... તું અહીં આવી એ પહેલાં રોહિતકુમારે જાતે મને ફોન કરીને તારી સાથેના લગ્નની વાત કરવા કહ્યું હતું..."

"વસંતભાઈઈઈઈઈ..." અનુશ્રી એમના ગળે લટકી પડી. "હજી સુધી કહ્યું કેમ નહીં?"

"કાળીનો એક્કો છેલ્લા હાથ માટે વપરાય, પહેલા માટે નહીં..."

"ઓલરાઈટ. પણ હું કશું જ ચીપ નહીં કરું. ફોટા નહીં પાડું, કોઈ સાબિતી નહીં છોડું..."

"આ અંગત લડાઈ નથી, મને એવો કોઈ રસ પણ નથી. મારે માટે આ ધર્મયુદ્ધ છે... મારા ગુરુની ગાદી, આ

આશ્રમની પવિત્રતા અને પરંપરાનો પ્રશ્ન છે... મને ખાતરી છે કે સાધુપણાના ચળકાટ નીચે સમીર સાવ પિત્તળનો માણસ છે. પોતાના શબ્દો પર એને પોતાને જ વિશ્વાસ નથી... તું માત્ર મેં કહ્યું એટલું કર, બાકીનું મારા પર છોડી દે..."

*

વસંતભાઈએ કહેલું થઈ ગયું હતું. અનુશ્રીએ બાકીનું બધું એમના પર છોડીને આ સત્યેન્દ્રને મોકલી આપ્યો હતો...

અને, સત્યેન્દ્ર ત્યાં પહોંચ્યો હતો...

ભયાનક રીતે હાંફતા... સત્યેન્દ્રએ તૂટક તૂટક શબ્દોમાં મુન્શીજીને કહ્યું,

"ગુરુદેવ... અનુશ્રી... આખી રાત... કોટેજમાં... હજી યે... ત્યાં જ..."

વસંતભાઈએ મુન્શી સામે જોઈને સ્મિત કર્યું...

બાકીના ટ્રસ્ટીઓના ચહેરા ફોટા પાડવા જેવા હતા...

મુન્શીએ ઉઠીને સત્યેન્દ્રને એક લાફો ઝીંકી દીધો.

"શું બકે છે?" મુનશીએ કહ્યું. "બુધ્ધિ છે કે નહીં તારામાં?"

"ભગવાનના સોગંદ." સત્યેન્દ્રે કહ્યું. "મૅડમનો ફોન આવ્યો હતો, ચા મંગાવે છે. ગુરુદેવના રૂમમાં..."

હવે માંડ માંડ પેલા બીજા ટ્રસ્ટીઓમાંથી એકને હોશ આવ્યા હતા... એમણે કહ્યું, "પણ, સમીરાનંદજી તો પ્રવચનમાં છે."

"હું પણ એ જ કહું છું"વસંતભાઈએ કહ્યું. "અનુશ્રી એમને મળવા ત્યાં ગઈ હોય એવું પણ બને. આ તો મૂરખ છે, આખી રાત ત્યાં કેવી રીતે હોય..."

"અરે! હું સવારે સાડા ચાર વાગ્યાથી ત્યાં છું, ગુરુદેવનું દૂધ અને ફૂલો લઈને ગયો હતો..."

"તો? કોણે લીધા તારી પાસેથી?"

"ગુરુદેવે. બીજા કોણે? પણ એમણે મને રોજની જેમ અંદર ના આવવા દીધો. મારા હાથમાંથી ફૂલોની થાળી અને દૂધનું પાત્ર લઈ બારણું બંધ કરી દીધું..."

"અરે ધ્યાનમાં બેસવું હશે..." મુન્શીએ પાંગળો બચાવ કર્યો...

બીજા એક ટ્રસ્ટીને આખી વાતમાં રસ પડી ગયો હતો... એમણે કહ્યું, "ચાલોને જઈને જોઈ લઈએ... વાર કેટલી!"

"પણ જો ખરેખર અનુશ્રી ત્યાં હોય તો?" પેલા હોશમાં આવેલા ટ્રસ્ટીને પણ હવે રસ પડ્યો હતો.

"તો શું? ઉઠાવીને ફેંકી દેવાનો એ મેનેજમેન્ટ ગ્રેજ્યુએટને... આશ્રમની ગાદીની પવિત્રતા તો જાળવવી જ પડે...

એમાં ગફલત કરનાર માટે કોઈ માફી નથી...”

“ચાલો ચાલો.” હવે ત્રીજા ટ્રસ્ટીને પણ મામલો રસપ્રદ લાગવા માંડ્યો હતો. સત્યેન્દ્ર હવે ગભરાયો. એને પ્રસંગની ગંભીરતા સમજાઈ.

વસંતભાઈ જે અત્યાર સુધી શાંત બેઠા હતા. એમણે પહેલીવાર મોંઢું ખોલ્યું, “અનુશ્રી સમીરાનંદજીના કોટેજમાં હતી કે નહીં, એ વાત આપણે સમીરાનંદજીને જ પૂછીએ... અનુશ્રીને એમાં વચ્ચે ઘસડવાની કોઈ જરૂર નથી...જો ખરેખર સંત હશે, તો પોતાની ભૂલ પણ સ્વીકારશે... અને નહીં હોય તો આપણે...”

“તો આપણે એને ધક્કા મારીને આશ્રમની બહાર કાઢી મૂકીશું...” હવે ટ્રસ્ટીઓને સમાજના ઠેકેદાર બનવામાં રસ હતો.

“મને તો પહેલેથી જ લાગતું હતું કે આ માણસ આ ગાદીને લાયક નથી.”

“મેં તો એને બોર્ડ મિટિંગમાં જોઈને જ નક્કી કરી લીધેલું, કે જો આ ગુરુ રહેવાનો હોય, તો આપણે રાજીનામું આપી દઈશું...”

મુન્શીનો ચહેરો ધોળી પૂણી જેવો થઈ ગયો હતો.

સત્યેન્દ્ર હવેમાં પાંદડું ધ્રૂજે એમ થર થરતો હતો. વસંતભાઈએ એના ખભે હાથ મૂક્યો અને કહ્યું, “ચાલ.”

“કકકકક્ક્યાં?” સત્યેનદ્રની આંખોમાં પાણી આવી ગયા હતા.

“આપણે સમીરાનંદજી પાસે જઈને જ પૂછીશું, સત્ય-અસત્યનો ફેંસલો ત્યાં જ થઈ જશે. દૂધનું દૂધ અને પાણીનું પાણી...” વસંતભાઈ સત્યેન્દ્રનો હાથ પકડીને આગળ ચાલ્યા. સત્યેન્દ્ર પાછળ ઘસડાયો એની પાછળ પેલા ત્રણ ટ્રસ્ટીઓ ય ચાલ્યા અને એમની ય પાછળ પગે જાણે મણમણનું વજન બાંધ્યું હોય એમ મુન્શીજી પણ જોડાયા...

*

પ્રેમ અકારણ હોય છે, કારણો સાથે પ્રેમ હોતો નથી.

એકાંતમાં ખીલતું ફૂલ જંગલમાં પણ સુગંધ વેરે છે. સુગંધ વેરવી એ ફૂલનો સ્વભાવ છે. કોઈને ગમે કે ન ગમે, જોઈ કે ન જોઈએ ફુલ સુગંધ વેરવાનો... પ્રેમ પૂર્ણ હોવું એ વ્યક્તિત્વ બની જવું જોઈએ. એ કોઈના માટે હોય કે ન હોય એ કોઈ સ્વીકારે નહીં, કોઈ સુધી પહોંચે કે નહીં, કોઈ સામે આપે કે નહીં... પ્રેમ હોવો જોઈએ, થવો જોઈએ, ફેલાવવો જોઈએ, પહોંચવો જોઈએ...”

અસ્ખલિત પ્રવાહની જે સમીરનું પ્રવચન ચાલી રહ્યું હતું. ત્યાર હાજર આખી યે મેદની એના વાણીપ્રવાહમાં એની સાથે વહી રહી હતી... સમીર અવિરત બોલી રહ્યો હતો.

એ જ વખતે સત્યેન્દ્રનો હાથ ઝાલીને પહેલાં વસંતભાઈ, પાછળ ત્રણ ટ્રસ્ટીઓ સિમેન્ટના એ પ્લેટફોર્મના પગથિયા ચડ્યા. મુન્શીજી નીચે જ ઉભા રહી ગયા...

“આવો” સમીરે કહ્યું. પછી વસંતભાઈની સામે જોયું...

વાણી પ્રવાહમાં વહી રહેલા શ્રોતાઓને રસક્ષતિ થઈ હતી.સૌ આ અચાનક આગમન અને એના દ્વારા રચાયેલો આ તાયફો ચૂપચાપ જોઈ રહ્યા.

"બોલો, કંઈ કહેવું છે વસંતભાઈ?" સમીરે સ્થિર અવિચલીત અવાજે પૂછ્યું.

"કહેવું નથી, પૂછવું છે." વસંતભાઈના અવાજમાં એક કંપ હતો.

"પૂછો." સમીરે કહ્યું. પરંતુ કહેતાની સાથે જ એને આવનારી ક્ષણોમાં નહીં લખાયેલા અક્ષરો વંચાઈ ગયા હતા. સત્યેન્દ્ર, વસંતભાઈ અને આ ટ્રસ્ટીઓનું સાથે આવવું... પ્રવચનની મધ્યમાં આમ ઇમરજન્સી ઉભી કરીને પ્રશ્ન પૂછવાની આ તાલાવેલી અનુશ્રી સાથે જ જોડાયેલી હોય એટલું સમીર સમજી શક્યો હતો...

"પૂછો." એણે ફરી કહ્યું.

"અનુશ્રી ઘોષ..."

"આખી રાત મારા કોટેજમાં હતી..." આ આખી યે વાતચીત માઈક ઉપર થઈ રહી હતી. સામે બેઠેલી જનતા, ભક્તગણ આ વાતચીતના એક એક અક્ષર સાંભળી શકતા હતા... અને આમેય, માઈક ન હોય તો ય વાતચીત શબ્દસ: સંભળાય એટલી શાંતિ છવાઈ ગઈ હતી પ્રાંગણમાં...

"અનુશ્રી ઘોષ આખી રાત મારી કોટેજમાં હતી." સમીરે ફરી બધાને સંભળાય એટલી સ્પષ્ટતાથી આખું વાક્ય ઉચ્ચાર્યું, "હું એની સાથે લગ્ન કરવાનો છું..."

"પરંતુ..." પેલા ટ્રસ્ટીઓના મોંઢા ઉઘાડા રહી ગયા હતા.

વસંતભાઈને આ એક વાક્ય પોતાની સ્ક્રીપ્ટની બહારનું લાગ્યું. એ સહેજ ડઘાયા. પરંતુ તરત જ જાત ઉપર કંટ્રોલ મેળવીને એમણે સમીરને પૂછ્યું, "આવું અનુશ્રીએ પણ સ્વીકાર્યું છે?"

"મેં એને પૂછ્યું હતું. પણ, કોઈ સ્પષ્ટ ઉત્તર નહોતો આપ્યો એણે... ચાલો સહુ સાથે જઈને પૂછી લઈએ." સમીરે કહ્યું અને સૌની પહેલા પેલા સિમેન્ટ પ્લેટફોર્મના પગથિયા ઉતરવા માંડ્યો...

વસંતભાઈ સહેજ ગૂંચવાયા હતા. પણ, એમને પોતાની સ્ક્રીપ્ટમાં અને ધર્મયુદ્ધની આ સ્કીમમાં વિશ્વાસ હતો. એટલે એમણે કોન્ફીડન્સથી સમીરની પાછળ ચાલવા માંડ્યું. સત્યેન્દ્ર ઘસડાયો. પહેલા ટ્રસ્ટીઓ અને પછી આખું યે ભક્તગણોનું ટોળું ઝીણો કલબલાટ કરતું આ સરઘસમાં જોડાયું...

*

રાહ જોઈ જોઈને કંટાળેલી અનુશ્રીએ છેવટે પોતાના રૂમમાં જ જઈને ચા પીવાનું નક્કી કર્યું... એકવાર સત્યેન્દ્ર સાથે વાત થયા પછી રિસેપ્શન પર કોઈ ફોન પણ નહોતું ઉપાડતું...

એ કંટાળી હતી. આમેય એનું કામ પતી ગયું હતું.

એટલે એણે પોતાના રૂમમાં જ પાછા જવાનું નક્કી કર્યું...

કોટેજનો દરવાજો ખોલી એ પેલી પથ્થરની પગથી પર હજી પગ જ મૂકી હતી કે સામેથી એણે સમીરને

આવતો જોયો. સમીરની પાછળ, વસંતભાઈ, સત્યેન્દ્ર અને આખું યે ટોળું હતું...

એ સમજી ગઈ કે ફેંસલાની ઘડી આવી ગઈ હતી. એણે ઇન્ટરવલ પછીની સ્ક્રીપ્ટ ભજવવાનો સમય થઈ ગયો હતો...

સમીર આગળ આવ્યો. એણે અનુશ્રીની એકદમ નજીક આવીને એનો હાથ પકડ્યો. અનુશ્રીની આંખોમાં આંખો નાંખી. પછી એનો હાથ પોતાના હાથમાં જ પકડી રાખીને આસપાસ ઉભેલી મેદની ઉપર એક નજર નાંખી...

સમીરને અચાનક જ વિચાર આવી ગયો.

"શું મોકો મળ્યો છે? મારી સચ્ચાઈ સાબિત કરવાનો... આજે અહીં હું કમ્પલીટલી હીરો બની જઈશ. વસંતભાઈ અને બીજા ટ્રસ્ટીઓ મારી સામે વામણાં બની જશે. અહીં ઉભેલી આ મેદની આજે ખરા અર્થમાં મને ગુરુ માની લેશે..." સમીર મનોમન મુસ્કુરાયો. એનામાં રહેલા બિઝનેસમેનને આજે એક જબરદસ્ત તક દેખાતી હતી... પોતાની સર્વોપરિતા સાબિત કરવાની, સામેથી આવી પડેલી એક મહાન ઓર્પોચ્યુનિટી...

એણે પોતાના હાથમાં પકડી રાખેલો અનુશ્રીનો હાથ ઉંચો કર્યો અને મેદની ઉપર ફરી એક સરસરી નજર નાંખી...

"મેં કોઈ ગુનો નથી કર્યો. હું અનુશ્રી સાથે લગ્ન કરીશ..." સમીરના અવાજમાં એક ગજબ સત્તાવાહી અભિમાન હતું... એને સમજાતું હતું કે આજે એ અહીંથી સો ટકા જીતીને નીકળવાનો છે...

"અનુશ્રી, મારી સાથે લગ્ન કરીશ?" એણે આખી મેદનીની વચ્ચે પૂછ્યું.

"જી?!" અનુશ્રીની આંખોમાં અદ્ભુત ભોળપણ અને આશ્ચર્ય હતું. વસંતભાઈ એના અભિનય પર ફિદા થઈ ગયા. અનુશ્રી પહેલા શરમાઈ, પછી કંઈજ બોલ્યા વિના એણે સમીરના ચરણમાં જાત સમર્પી દીધી...

કોઈ ફિલ્મનો કલાઈમક્સ સિકવન્સ ચાલતો હોય, એમ હજ્જારો માણસોની મેદની એને ધડકતા હૃદયે જોઈ રહી હતી...

"પરંતુ, આ ગાદી પર બેસનારાને લગન કરવાનો અધિકાર નથી." વસંતભાઈએ સૌની મુગ્ધતા તોડીને કહ્યું.

"ખરી વાત છે... આ ગાદી પર બેસનારે આજીવન બ્રહ્મચર્ય પાળવું પડે છે... સ્ત્રીમાં, સ્ત્રીના મોહમાં લપેટાઈ જનાર માટે આ ગાદી નથી..."

સમીરને વધુ એક મોટી ઓર્પોચ્યૂનિટી તક આવતી લાગી, આ નકારમાં... કમ્પ્યુટરથી પણ વધુ ઝડપે ગણતરી કરી રહેલા એના મગજે ગણી લીધું કે ગાદી માટે અનુશ્રીને છોડી તો એની હીરોવર્શિપ પૂરી થઈ જશે... આજ સુધી એણે કરેલા ભાષણો નકામા સાબિત થશે. પરંતુ, જો એ અનુશ્રીનો હાથ પકડીને આશ્રમ છોડી દે તો આ હજ્જારોની ભીડ એની પાછળ પાછળ આશ્રમ છોડીને ચાલી નીકળશે... એક આદર્શ, એક સત્ય અને એક વચનબદ્ધતાની પ્રતિમા બનવાની અદ્ભુત તક હતી આ!

"હું આશ્રમ છોડી રહ્યો છું." સમીરે કહ્યું. અનુશ્રીની આંખો આશ્ચર્યમાં પહોળી થઈ ગઈ. "હું અનુશ્રી સાથે લગ્ન કરીશ. મારે માટે પ્રેમની કીમત વધુ છે. મારા શબ્દની કીમત વધુ છે..."

"પણ સમીરાનંદજી..." અનુશ્રીએ કહ્યું.

"સમીર. ફક્ત સમીર... હું આ ગાદીનું અપમાન નહીં કરું અને સાથે સાથે મારા પ્રેમને પણ ખોટો સાબિત નહીં થવા દઉં... હું આ આશ્રમ છોડીને જાઉં છું, ચાલ અનુશ્રી..." સમીર અનુશ્રીનો હાથ પકડીને ચાલવા લાગ્યો. અનુશ્રીને કશું જ સમજાયું નહીં. એ સમીરની પાછળ ચાલવા લાગી...

"જો, કદાચ આપણે ધારીએ છીએ એનાથી ઉલટું બને તો એ જેમ કરે એમ કરવા દે જે..." વસંતભાઈનું કહેલું એને યાદ આવી ગયું... અને એ પાછળ પાછળ ચાલતી રહી. મંદિર, આશ્રમ પરિસર, એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ અને ચોક બધું વટાવીને સમીર આશ્રમની બહાર નીકળી ગયો...

ત્યાં ઉભેલી ભીડ ચિત્રવત્ ઉભી હતી. સમીર એમની વચ્ચેથી નીકળતો ગયો અને જાણે પાણી માર્ગ આપતું હોય એમ ભીડ બે બાજુ થઈને સમીરને માર્ગમ આપતી રહી...

'ઇશ્વરધામ' લખેલા અર્ધ ગોળાકાર ગેટની બિલકુલ વચ્ચે આવીને સમીર ઉભો રહ્યો. આરસપહાણના બે મોટા થાંભલા એની આજુબાજુ હતા. ઉપર 'ઇશ્વરધામ'નું બોર્ડ અને આશ્રમની જમીન...

હાથમાં અનુશ્રીનો હાથ પકડીને સમીર જાણે એક ફ્રેમમાં જડાઈ ગયો હતો.

એણે અનુશ્રીની સામે જોયું અને હસ્યો, "તને વિચાર આવતો હશે નહીં કે મેં મૂર્ખામી કરી. પણ સ્વીટહાર્ટ... તું જોતી જા, અત્યારે આપણે બે છીએ. બેમાંથી બસ્સો, બસ્સોમાંથી બે હજાર અને બે હજારમાંથી વીસ હજાર થતાં દિવસો લાગશે. મહિનાઓ નહીં... મેં બહુ સમજી-વિચારીને ગણતરીપૂર્વક આ પગલું લીધું છે. જો હું ગાદી માટે તને છોડી દેત તો મારા ભક્તગણોને પણ ગુમાવવા પડત... તું જોતી જા... થોડીવારમાં અહીં ટોળું થઈ જશે..." સમીરના અવાજમાં એક અભિમાન, એક ગર્વ, એક અહંકાર અને એક વધુ પડતા આત્મવિશ્વાસનું એક એવું કોકટેઈલ હતું, જે સાંભળીને અનુશ્રીથી હસી પડ્યા વિના ના રહેવાયું...

*

ચિત્રવત્ ઉભેલી ભીડ હવે હાથમાં લઈ લેવી જોઈએ એ વસંતભાઈને સમજાઈ ગયું હતું. એમણે ઉભેલી ભીડની સામે જોઈ ઉંચા અવાજે પ્રશ્ન કર્યો...

"રામે પિતાના શબ્દ પર વનવાસ કર્યો... કૃષ્ણએ ન્યાય માટે સગા મામાને માર્યો... એક સ્ત્રીના મોહ માટે પિતાની ગાદીની જવાબદારી છોડી જનારને આપણે શું કહીશું?"

થોડીવાર સુધી ભીડ એમ જ ચિત્રવત્ ઉભી રહી.

વસંતભાઈએ ફરી પૂછ્યું, "ગીતામાં સ્વધર્મને સર્વોપરી ગણ્યો છે... સ્વધર્મે નિધનમ્ શ્રેયં... કૃષ્ણએ કહ્યું છે... પોતાનો ધર્મ, પોતાની ફરજ, પોતાની જવાબદારી છોડીને પોતાના જ શબ્દો ખોટા પાડીને ચાલી જનાર આ માણસને શું કહેવું છે આપણે..."

થોડીવાર ટાંકણી પડે તો ય સંભળાય એવી શાંતિ સાંય સાંય કરતી વાતાવરણમાં બરફની જેમ જામેલી રહી. પછી ભીડમાંથી એક ધીમો અવાજ આવ્યો...

"દગાખોર"

અને પછી એ અવાજમાં અવાજો ભળતા ગયા. “કાયર... સ્વાર્થી... ઢોંગી...” ટોળાંની સાઈકોલોજી બરાબર સમજતા વસંતભાઈએ દાવ જોઈને સોગઠી મારી હતી... એમણે બ્લેન્ક ટોળાંને કંઈ વિચારી શકે એ પહેલાં પોતાની દિશામાં વાળી લીધું હતું.

આખરે, એમનો દાવ સાચો પડ્યો હતો. એમની સ્ક્રીપ્ટ બરાબર ભજવાઈ હતી...

*

ખડખડાટ હસી રહેલી અનુશ્રીના હાસ્યમાં હવે અંદરથી આવી રહેલા ટોળાંના અવાજો ભળ્યા હતા...

“કાયર, દગાખોર, ઢોંગી, ધુતારો, સ્વાર્થી...”

ટોળું રાડારાડ કરતું હતું... સમીરને પોતાના કાન પર વિશ્વાસ નહોતો આવતો. એણે ધાર્યા પ્રમાણે કશું જ નહોતું થયું. એને એમ હતું કે અહીં ઇશ્વરધામના પાટિયા નીચે જ ટોળું એને રોકી લેશે, વસંતભાઈ એમના પગ પકડશે, એની માફી માગશે અને પોતે પોતાની શરતોએ આશ્રમમાં પાછો ફરશે... અનુશ્રીનો હાથ પકડીને!

પરંતુ એવું કશું જ નહોતું થયું. અંદરથી ટોળાના વધતા-જતા ડેસિબલના અવાજો આવતા હતા...

અહીં, અનુશ્રી ખડખડાટ હસી રહી હતી. એણે ઝાટકો મારીને સમીરનો હાથ છોડાવી દીધો હતો અને પછી સમીરની આંખોમાં જોયું હતું, આર-પાર વીંધી નાંખે એવું...

“મને હંમેશા લાગ્યું હતું કે તું બુધ્ધિશાળી છે, સમીર. હું જ્યારે તારા કોટેજમાં આવી ત્યારે મને વિશ્વાસ હતો કે પંદરમી મિનિટે હું તારા કોટેજની બહાર હોઈશ... તું જ કાઢી મૂકીશ મને...” અનુશ્રી સમીરની નજીક આવી.

એણે સમીરના ખભે હાથ મૂક્યો. “પણ, સૌથી બુધ્ધિશાળી માણસ સૌથી નાનકડા ટ્રેપમાં ફસાઈ જાય છે. એવું મેં સાંભળ્યું હતું. આજે જોઈ લીધું! તારે તારી પ્રાયોરિટીઝ નક્કી કરવાની હતી... તેં ખોટી પસંદગી કરી. આ મહાભારતની પેલી વાર્તા જેવું થયું, દુર્યોધને અઢાર અક્ષોહણી સેના પસંદ કરી અને અર્જુને શ્રીકૃષ્ણને... યુદ્ધ તો ત્યાં જ પૂરું થઈ ગયું હતું!

પછી જે કંઈ થયું એ તો માત્ર એક વાર્તા હતી. ઇતિહાસની એક કથા અને... ઇતિહાસ પોતાને દોહરાવે છે... હિસ્ટ્રી રિપીટ્સ ઈટ્સ સેલ્ફની જેમ તે પણ એક નકામી વસ્તુના મોહમાં આવીને તારા હાથમાં આવેલું સામ્રાજ્ય છોડી દીધું. બેડ બિઝનેસ!”

“નકામી વસ્તુ?” સમીરે છેલ્લો પાસો ફેંકી જોયો. “આઈ લવ યુ, હું ચાહુ છું તને... તારી સાથે લગ્ન કરવા માગું છું...”

“લગ્ન? મેં લગ્ન કરવાની હા નથી પાડી.” અનુશ્રીએ કહ્યું અને પછી હસી. “મારા લગ્ન તો નક્કી છે, કોઈક બીજાની સાથે... આ તો મારું કામ હતું. અ પ્રોફેશનલ જૉબ! પતી ગયું. હું જઈ રહી છું, સમીર. પણ હા, એક વાત કહી દઉં તને તેં મારો હાથ પકડ્યો ત્યાં સુધી મારા મનમાં એક ગિલ્ટ હતું, પાપ કર્યાની લાગણી, કોણ જાણે કેમ મારું મન માનવા તૈયાર નહોતું થતું કે તું જૂઠો હોઈ શકે, ફ્રોડ હોઈ શકે... સારું થયું, આ ઇશ્વરધામના દરવાજે જ તે મને તારા ઇરાદા કહી દીધા... હું પાપમુક્ત, અપરાધની ભાવનાથી મુક્ત થઈને

જઈ રહી છું... અને એવા સંતોષ સાથે જઈ રહી છું કે મેં જે કર્યું તે..."

"છલ હતું." સમીરે વચ્ચે જ કહ્યું ભયાનક ઉશ્કેરાઈ જઈને... એણે અનુશ્રીને બાવડામાંથી પકડી લીધી અને હલબલાવી નાખી... "છલ કર્યું, છલ મારી સાથે, છેતર્યો મને..."

"હા! યેસ! કારણ કે તું હજ્જારો લોકોને છેતરતો અટકી જાય. આ દેશમાં શ્રદ્ધા લોહીના પ્રવાહમાં વહે છે...પથ્થરને પણ ઇશ્વર ગણીને પૂજનારો દેશ છે આ... કોઈની શ્રદ્ધા સાથે, કોઈના વિશ્વાસ સાથે રમત કરનાર માણસને અટકાવવો એ આ દેશની કોઈ પણ બુધ્ધિશાળી વ્યક્તિની ફરજ છે..."

સમીર એને બોલતી સાંભળી રહ્યો હતો...

એના કાનમાં અવાજ અનુશ્રીનો આવતો હતો પણ અચાનક જ અનુશ્રીના ચહેરા પર એને રેવતીનો ચહેરો દેખાયો... હવે જાણે અનુશ્રીને બદલે રેવતી બોલતી હતી... એટલી જ ઉશ્કેરાઈ જઈને, એટલા જ મોટા અવાજે, એટલા જ તિરસ્કારથી અને એટલા જ દુ:ખથી...

"સમીર, શ્રદ્ધાનો દુરુપયોગ કરવા જેટલું મોટું પાપ આ દુનિયામાં કોઈ નથી. વિશ્વના તમામ ધર્મોએ વિશ્વાસઘાતને સૌથી મોટું પાપ ગણાવ્યું છે. ક્રિશ્ચયાનિટીમાં ઇસુના એ શિષ્યને જેણે ઇસુને પકડાવી દીધા, સૌથી મોટો ગુનેગાર ગણાય છે... કરબલાના યુદ્ધમાં દગો કરનાર હુસેનના શિષ્યને પણ ઇસ્લામે માફ નથી કર્યો... વિભિષણને આજે પણ લોકો કુટુંબદ્રોહી તરીકે ઓળખે છે. ભલે એણે શ્રીરામનો સાથ આપ્યો હતો... અને યાદ રાખજે કે જે સૌથી નજીક આવી શકે, એ જ છાતીમાં ખંજર ભોંકી શકે..."

સમીર હતપ્રભ હતો, આ રેવતી હતી કે અનુશ્રી?

અનુશ્રીની આંખોમાં કદાચ પાણી હતા. "મારે તારી છાતીમાં ખંજર મારવા માટે તારી નજીક આવવું પડ્યું. મને... મને... માફ કરી દે જે." અનુશ્રી ઉંધુ ફરીને ચાલવા લાગી. એ જેવી આશ્રમના દરવાજાની બહાર નીકળીને દસ ડગલા પણ નહીં ચાલી હોય કે એક મર્સીડીઝ આવીને ઉભી રહી. અનુશ્રી દરવાજો ખોલીને એમાં બેસી ગઈ... ધૂળની એક ડમરી ઉડાડતી એ મર્સીડીઝ સમીરની સામેથી પસાર થઈ ગઈ...

સમીર ડઘાયેલો, ઠગાયેલો આશ્રમના ગેટની બરાબર વચ્ચોવચ જડાઈને ઉભો હતો. અંદરથી હજી યે ટોળાઓના અવાજો એના કાનના પડદા પર અથડાતા હતા...

રેવતી, અનુશ્રી, નિયતી, સીમા, ગોમતી અને બીજા કેટલાય ચહેરાઓ એની આંખો સામે ભૂતાવળની જેમ નાચતા હતા અને એકસરખા જોર જોરથી બરાડતા હતા...

"છલ... છલ... છલ કર્યું છે તેં... અમારા સૌની સાથે... અમારી શ્રદ્ધા સાથે, અમારા વિશ્વાસ સાથે, અમારા પ્રેમ સાથે... તેં છલ કર્યું છે..."

*

એકતાલીસ

રંજનબહેન, મહેન્દ્રભાઈ, સુજય અને રેવતી એમની દીકરીને લઈને રાજકોટ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે રંજનબહેન પિયર આવી ગયા જેટલો આનંદ અનુભવતા હતા. છેલ્લા કેટલાય વર્ષોથી રંજનબહેનના પિયરમાં કોઈ નહોતું. રંજનબહેનના ભાઈ અમેરિકા રહેતા હતા. એમના પિતા રંજનબહેન નાનકડા હતા ત્યારે ગુજરી ગયેલા અને રંજનબહેનના લગ્નના થોડા જ વર્ષો પછી સુજય ત્રણેક વરસનો હતો ત્યારે રંજનબહેનના માતાનું અવસાન થયું હતું.

એ પછી રંજનબહેન સૌરાષ્ટ્ર આવ્યા જ નહોતા એમ કહીએ તો ચાલે. કોઈ સગા-સંબંધીના લગ્નમાં કે કુટુંબના કોઈ મરણપ્રસંગે ઉભા ઉભા આવીને જવાનું બનતું... પણ, એકલા જ. આજે તો રંજનબહેનના કીધે આખું કુટુંબ અહીં આવીને ઉભું હતું... રંજનબહેનના ગુરુના દર્શને સૌ જઈ રહ્યા હતા... અને દીકરાની દીકરીનું નામ પણ પાડવાનું હતું. રંજનબહેનનો ઉત્સાહ માતો નહોતો...

રાજકોટ સર્કીટ હાઉસમાં જઈને બધા ફ્રેશ થયા. રેવતીએ બેબીને થોડીવાર ઉંઘાડી દીધી. પછી સુજયે ટેક્સીની વ્યવસ્થા કરી. બધા આવતી કાલે વહેલી સવારે બાંટવા જવા નીકળવાના હતા...

રેવતીને પણ થાક લાગ્યો હતો. એ થોડીવાર ઉંઘી ગઈ.

રંજનબહેન ઉંઘતી રેવતીને ઘડીભર જોઈ રહ્યા. પછી એના માથે હાથ ફેરવ્યો...

રંજનબહેન માટે આવતી કાલ સવારની ઘડી ધન્ય ઘડી હતી. એ વિચારે રંજનબહેન ઘડી ઘડી રોમાંચિત થઈ જતા હતા...

*

સીમા બાલ્કનીમાં આવીને ઉભી રહી. કોણ જાણે કેમ એને ઉંઘ નહોતી આવતી. રાતના બે-અઢી વાગ્યા હશે. એના બિલ્ડિંગની સામેનો આખો રસ્તો સૂમસામ હતો. આમ તો મુંબઈ આખી રાત જાગ્યા. પણ મુંબઈનો આ પૉશ વિસ્તાર સાંજથી જ શાંત થઈ જતો. પોતપોતાના ઘરોમાં ભરાઈને એક-એક ડ્રીંક પીને એરકન્ડિશન્ડ બેડરૂમની ઘરઘરાટીમાં પોતાની જાતને ઢબૂરી દેનાર મુંબઈગરાઓની આ સાવ જુદી જ જાત હતી...

સીમા ગઈ કાલ રાતથી જ અસ્વસ્થ હતી. એને કોઈ રીતે ચેન નહોતું પડતું. છાતીમાં દુખાવો થવાની ફિલીંગ થતી હતી. ઘડી ઘડી ડૂમો ભરાઈ આવતો હતો. વાતે વાતે અકળામણ થતી હતી. એને પોતાને પણ નહોતું સમજાતું કે એને શું થઈ રહ્યું હતું... પણ, ક્યાંક કશુંક ગૂંચવાઈ રહ્યું હતું, ખોવાઈ રહ્યું હતું, તૂટી રહ્યું હતું - એવી લાગણીએ એને અસ્વસ્થ કરી મૂકી હતી... એ એના ડૉક્ટર પાસે પણ જઈ આવી હતી.

પરંતુ, એની ડૉક્ટરે હસીને કહ્યું હતું, “નથીંગ ટુ વરી મિસીસ મહેતા. આ તો માત્ર મેનોપોઝના લક્ષણો છે. હોર્મોનનું બેલેન્સ ખોરવાય એટલે આવું થાય. તમારી ઉંમરની લગભગ દરેક સ્ત્રીને આવું થાય. સેન્સિટિવિટી વધારે હોય તો વધારે સ્ટ્રોંગ્લી થાય. પણ લાઈટલી લેવાનું. તમને જોઈએ તો હું સીડેટિવ (ઉંઘની ગોળી) લખી આપું... પણ એનાથી બહુ ફેર નહીં પડે. કારણ વગરની ટેવ શું કામ પાડવી? ચાલવા જાવ, ખુલ્લી હવામાં સમય ગાળો. તમને ગમતું કોઈ કામ કરો. વાંચો, ધ્યાન કરો અથવા સૂતી વખતે લાઈટ મ્યુઝિક સાંભળવાનો પ્રયત્ન કરો... ખોટા વિચારોથી દૂર રહો એજ મેનોપોઝનો ઉપાય છે...”

ખૂબ ભણેલી - દુનિયાભરના મેગેઝિનો અને ચોપડીઓ વાંચતી સીમાને ખબર હતી આ બધી જ...

એને એ પણ ખબર હતી કે એની ગભરામણને, અકળામણને કે વારંવાર ભરાઈ આવતા ડૂમાને મેનોપોઝ સાથે કોઈ નિસ્બત નથી... આ વખતે વાત કોઈ જુદી જ છે. પરંતુ, એણે ડૉક્ટરને કંઈ ન કહ્યું...

એ ઘરે આવી. બહુ દિવસે આજે સમીરના રૂમમાં ગઈ. ત્યાં બેઠી.

દિવાલ પર લગાડેલો સમીરનો વીસ બાય ત્રીસનો ફોટો એની સામે એકીટશે જોઈ રહ્યો હતો...

સીમાની આંખમાં પાણી આવી ગયા.

"કેમ? કેમ મારી સાથે આવું થયું?" એણે મનોમન ઇશ્વરને પૂછ્યું, "શું બાકી રાખ્યું હતું મેં સમીરના ઉછેરમાં? મેં ક્યારેય એને અહેસાસ પણ નહોતો થવા દીધો કે હું એની જન્મદાત્રી મા નથી..."

મનોમન એણે પંકજભાઈને દોષી માની લીધા હતા. આ બધું થવાની પાછળ પંકજભાઈએ સત્ય કહેવાની જે જીદ પકડી હતી એ જ કારણભૂત હતી એવું સીમાને રોજેરોજ વધુ ને વધુ સ્ટ્રોંગ્લી લાગતું હતું.

સમીરને મળીને આવ્યા પછી વારંવાર એણે જાતને મનાવવાની કોશિષ કરી હતી કે સમીર નિર્વાણના પંથે છે... એના આત્માનો ઉદ્ધાર થઈ રહ્યો છે... આજ એની નિયતી છે... પરંતુ, રહી રહીને એને લાગતું હતું કે સમીર એ વાતાવરણમાં ઝાઝું નહીં રહી શકે.

સીમાને અવારનવાર સમીરના પાછા આવવાના ભણકારા સંભળાતા હતા. એટલી હદ સુધી કે ક્યારેક તો એ દોડીને દરવાજો ખોલી નાંખતી...

એણે સમીરને મળીને આવ્યા પછી પત્ર લખ્યો ત્યારે ઈમોશનના પ્રવાહમાં આવીને લખી નાંખ્યું હતું...

"તને મળ્યા પછી મન શાંત થઈ ગયું છે. તું જે સ્થિતીમાં છે. એમાં સુખી છે, અને વધુ ને વધુ સુખી થઈશ, એવું જોઈ શકી છું, હું. અને કોઈપણ મા પોતાના સંતાન માટે સૌથી પહેલા અને સૌથી છેલ્લી વસ્તુ જે ઇચ્છે, એ સુખ જ છે. તને તારું સુખ, તારી દિશા મળી ગઈ એનાથી વધારે અમારે શું જોઈએ...

અમારા તરફથી કોઈ ઋણ કે દેવુ નથી તારા પર. આજથી તું સંપૂર્ણપણે મુક્ત છે! ઋણ નથી એટલે ઋણાનુંબંધ નથી એમ ના માનતો... આવતા જન્મે ફરી તારી મા બનવું ગમશે મને..."

પરંતુ, એણે ક્યારેય સમીરને પોતાના મનથી ત્યાં રહેવાની છૂટ નહોતી આપી...

એ રોજેરોજ ઇશ્વરને પ્રાર્થના કરતી, હાથ જોડતી - કરગરતી કે સમીર પાછો આવે. મનોમન જાણતી હતી કે સમીર કદાચ ક્યારેય પાછો નહીં આવે. પણ, એની અંદર જીવતી એક મા રોજેરોજ સમીરના પાછા આવવાની ઉચ્ચક જીવે રાહ જોતી...

ગઈ કાલ રાતથી સીમા ખૂબ વિચલીત હતી. એનું મન વારેવારે એને કહેતું હતું, કે સમીર એને યાદ કરે છે... એનો સમીર ક્યાંક કોઈક રીતે એના સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યો છે...

સીમા અત્યારે બાલ્કનીમાં ઉભી હતી. રાતના અઢી વાગ્યે એની ઉંઘ ઉડી ગઈ હતી. બલ્કે ઉંઘ આવી જ નહોતી એમ કહીએ તો ચાલે...

એણે પંકજભાઈ તરફ જોયું. પંકજભાઈ ઘસઘસાટ ઉંઘતા હતા... સીમાએ મનોમન ઇશ્વરને પ્રાર્થના કરી, "હે પ્રભુ, મારો સમીર જ્યાં હોય ત્યાં એને સુખ આપજે, શાંતિ આપજે અને સદ્‌બુદ્ધિ આપજે..."

*

સમીર હતપ્રભ હતો, આ રેવતી હતી કે અનુશ્રી?

અનુશ્રીની આંખોમાં કદાચ પાણી હતા. "મારે તારી છાતીમાં ખંજર મારવા માટે તારી નજીક આવવું પડ્યું. મને... મને... માફ કરી દે જે." અનુશ્રી ઉંધુ ફરીને ચાલવા લાગી. એ જેવી આશ્રમના દરવાજાની બહાર નીકળીને દસ ડગલા પણ નહીં ચાલી હોય કે એક મર્સીડીઝ આવીને ઉભી રહી. અનુશ્રી દરવાજો ખોલીને એમાં બેસી ગઈ... ધૂળની એક ડમરી ઉડાડતી એ મર્સીડીઝ સમીરની સામેથી પસાર થઈ ગઈ...

સમીર ડઘાયેલો, ઠગાયેલો આશ્રમના ગેટની બરાબર વચ્ચોવચ જડાઈને ઉભો હતો. અંદરથી હજી યે ટોળાઓના અવાજો એના કાનના પડદા પર અથડાતા હતા...

રેવતી, અનુશ્રી, નિયતી, સીમા, ગોમતી અને બીજા કેટલાય ચહેરાઓ એની આંખો સામે ભૂતાવળની જેમ નાચતા હતા અને એકસરખા જોર જોરથી બરાડતા હતા...

"છલ... છલ... છલ કર્યું છે તેં... અમારા સૌની સાથે... અમારી શ્રદ્ધા સાથે, અમારા વિશ્વાસ સાથે, અમારા પ્રેમ સાથે... તેં છલ કર્યું છે..."

સમીર ત્યાં જ બેસી પડ્યો, જમીન ઉપર... એના પગ ધૂળમાં ફેલાઈ ગયા હતા. હથેળી ધૂળમાં રગદોળાતી હતી... માથું જાણે ખભાથી છૂટું પડી ગયું હોય એમ ઢીલું, લથડતું હતું. બંધ આંખે નીચું જોઈને સમીર એવી રીતે બેઠો હતો જાણે એના એકેએક અંગ ઉપરથી એનો કાબૂ ચાલી ગયો હોય. એ અનુશ્રીની જતી ગાડીમાંથી ઉડતી ધૂળ જોઈ રહ્યો હતો... જતા જતા અનુશ્રી જાણે એના ચહેરા પર ધૂળનો એક ગુબાર છોડી ગઈ હતી...

એક સંદેશો જાણે... આખરે બધું ધૂળમાં જ મળવાનું છે!

'ઈશ્વરધામ'ના વિશાળ બોર્ડ નીચે સમીર એક નાનકડો પામર જીવ લાગતો હતો...

અંદરથી ટોળાંઓના અવાજ નજીક ને નજીક આવતા જતા હતા. સમીર ઉભો થવા માગતો હતો, પણ જમીન જાણે એને છોડતી નહોતી. સમીરને રહી રહીને જાણે સીમાની આંખો દેખાતી હતી...

પોતે ઘર છોડીને જવાનું નક્કી કર્યું ત્યારની, પોતાને જન્મસમયના પેપર આપતી હતી ત્યારની, પોતાને અહીંયા મળવા આવી ત્યારની અને અહીંથી જઈ રહી હતી ત્યારની...

સમીરે કોણ જાણે શેની શોધમાં શું શું ખોયું હતું!

એને ટોળાંના અવાજમાં નિયતીનો અવાજ સૌથી મોટા સૌથી વધુ ડેસિબલમાં સંભળાતો હતો... "કાયર... કાયર... કાયર..." નિયતી જાણે એના કાનમાં, એની પીઠ પર ચડીને, એને ખભે બેસીને, એને લાતો મારીને, બૂમો પાડીને, એને ચીડવીને, અંગૂઠો દેખાડીને એને કહી રહી હતી... "કાયર... કાયર... કાયર..."

સમીર વધુ ને વધુ ઢળતો જતો હતો.

ટોળું વધુ ને વધુ નજીક આવતું જતું હતું... હવે એ ટોળું વસંતભાઈના કાબૂમાં પણ નહોતું... એ ટોળાએ હવે પોતાનો નિર્ણય જાતે કરી લીધો હતો.

“મારો એ ઢોંગીને...” ટોળાંમાંથી કોઈએ કહ્યું...

અને, જાણે પડઘા પડતા હોય એમ આખા ટોળાએ ઝીલી લીધું, “મારો... મારો... મારો...”

*

સવારે સાડા છ વાગ્યે રાજકોટથી નીકળીને બાંટવા ક્રોસ કરી ગયેલા રંજનબહેનનું હૃદય છાતીને બદલે ગળામાં આવીને ધડકતું હતું. “શું નામ પાડશે ગુરુજી આ ઢીંગલીનું? મારી દીકરીને હું ક્યા નામે બોલાવીશ...

આ વખતે તો આશ્રમમાં સારું એવું દાન કરવું છે... ગુરુજીનો ફોટો ક્યાંકથી મળે તો ઘરે લઈ જઈને પૂજામાં મૂકવો છે...” રંજનબહેનના મનમાં જાતજાતના અને ભાતભાતના વિચારો ચાલતા હતા...

રેવતી સુજયના ખભે માથું મૂકીને ઉંઘી ગઈ હતી...

મહેન્દ્રભાઈ ડ્રાઈવરની બાજુમાં બેસીને આસપાસના રસ્તાઓ અને ડેવલપમેન્ટ જોઈ રહ્યા હતા. વારંવાર સુજયને પોતે આવ્યા ત્યારના દિવસોમાં અને આજમાં કેટલો ફેર છે, એ કહી રહ્યા હતા...

સુજયનું એમની વાતોમાં ખાસ ધ્યાન નહોતું. એનું મન કોણ જાણે ક્યા વિચારોમાં ગૂંથાયેલું હતું. એને કશુંક ક્યાંક ગૂંચવાયેલું લાગતું હતું. પણ એને સમજાતું નહોતું કે કયા વિચારોથી એ આટલો વિચલીત, આટલો અનકમ્ફર્ટેબલ હતો આજે. સુજય પોતાની પત્નીના ખોળામાં સૂતેલા બાળકના માથે થોડી થોડી વારે હાથ ફેરવી લેતો... જે વાત એણે ક્યારેય પોતાની જાત સાથે પણ નહોતી કરી એ વાત આજે રહી રહીને એના મનમાં ઉઠતી હતી...

“ક્યા ઋણાનુંબંધે એને આવી સુંદર દીકરી મળી હતી? ક્યો આત્મા હતો જે એની પાસે કાંઈક માંગવા - કંઈક લેવા આવ્યો હતો...”

આમ તો ડૉક્ટર હતો સુજય. ભાગ્યેજ ચમત્કારોમાં માનતો. પણ, આ ઢીંગલીના આવ્યા પછી આજે એને વિચાર આવ્યો હતો કે, “આ ચમત્કાર જ છે ને?” એણે જે માંગ્યું હતું એ બધું જ મળ્યું હતું એને... ઇશ્વરની આ કઈ કૃપા હતી!

એના ખભે વિશ્વાસથી માથું મૂકીને ઉંઘતી રેવતી તરફ જોયું એણે.

એને થયું કે, “અત્યારે જો મમ્મી-પપ્પા અહીંયા ના હોત તો આ નિર્દોષ, ભોળા, વહાલસોયા ચહેરા પર એક ચુંબન કરી લેત...”

બંધ આંખે રેવતી કોણ જાણે શું સ્વપ્ન જોતી હતી. પણ એના ચહેરા પર અત્યંત શાંતિ અને નિરાંતના એક્સ્પ્રેશન હતા...

ગાડી બાંટવા ક્રોસ કરીને લગભગ વીસ કિલોમીટરથી આગળ નીકળી ગઈ હતી. હવે બે-ચાર કિલોમીટર જ બાકી હતા. રંજનબહેને રેવતીને જગાડી. “બેટા, આવી ગયા આપણે...”

રેવતીએ જાગીને ખોળામાં સૂતેલી ઢીંગલીને સરખી લપેટવા માંડી. પછી હળવેકથી રંજનબહેને ઢીંગલીને પોતાના હાથમાં લઈ લીધી. "ગુરુજીની સામે તો હું જ લઈને જઈશ." રંજનબહેને મનોમન વિચાર્યું...

રેવતીએ પણ રંજનબહેનની ઇચ્છા વાંચી લીધી હોય એમ એમને ઢીંગલી સોંપી દીધી.

બંનેની વચ્ચે બેઠેલો સુજય પણ થોડો વ્યવસ્થિત થઈ ગયો.

ગાડી મુખ્ય રસ્તાથી નીચે ઉતરીને આશ્રમના પરિસર તરફ આગળ વધી. રંજનબહેનની નજર સામે 'ઇશ્વરધામ'નું બોર્ડ દેખાયું. એમણે હાથ જોડીને નમસ્કાર કર્યાં, પણ તરત જ એમની નજર પડી, બરાબર બોર્ડની નીચે બેઠેલા એક યુવાન તરફ...

સફેદ ઝભ્ભો અને જીન્સ પહેરીને એક માણસ સાવ નિઢાલ હાલતમાં જાણે પ્રાણહીન હોય એમ દરવાજાની બરાબર વચ્ચે બેઠો હતો. ગાડી અંદર જઈ શકે એમ નહોતી...

ડ્રાઈવરે હોર્ન વગાડયો, એકવાર... બીજી વાર... ત્રીજીવાર...

પેલા માણસના શરીરમાં નાનકડી યે હલચલ નહોતી! ઇશ્વરધામના બોર્ડની નીચે જાણે કોઈ માટીનો ઢગલો કર્યો હોય એમ એ માણસ બેઠો હતો. માથું નીચું, હાથ-પગ ઢીલા અને હથેળીઓ ધૂળમાં રગદોળાતી...

"આ કોણ છે? વચ્ચોવચ બેઠા છે... મરવાનો ઇરાદો છે કે શું?" રંજનબહેને અકળામણમાં કહ્યું. એમને હવે એક-એક પળ જાણે લાંબી લાગતી હતી. અને સાથે જ રેવતીએ બહાર જોયું.

અત્યાર સુધી એનું ધ્યાન નહોતું. એ એની દીકરીમાં, એના વિખરાયેલા વાળ ઠીક કરવામાં અટવાયેલી હતી. પણ, જેવું રંજનબહેન બોલ્યા એટલે રેવતીએ બારીની બહાર જોયું...

ગાડી લગભગ પેલા માણસની સામે ઉભી હતી. માંડ છ ફૂટના અંતરે... ડ્રઈવર હોર્ન પર હોર્ન વગાડી રહ્યો હતો, પણ પેલો માણસ જાણે બહેરો હોય, આંધળો હોય એમ એજ સ્થિતિમાં ત્યાં જ બેસી રહ્યો હતો...

રેવતીએ જેવું બારીની બહાર જોયું કે એના આખા શરીરે પરસેવો વળી ગયો... હૃદય જાણે ધડકવાનું બંધ થઈ ગયું... જાણે કોઈકે એની છાતી ઉપર કચકચાવીને દોરડું બાંધ્યું હોય એમ શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી... એણે બાજુમાં બેઠેલા સુજયનો હાથ પકડી લીધો.

રેવતીએ જે રીતે હાથ પકડયો એથી સુજયે ચોંકીને રેવતી સામે જોયું. રેવતીની બારીની બહાર જોઈ રહી હતી. પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી. એનું મોંઢુ ખૂલી ગયું હતું અને મોંઢેથી શ્વાસ લઈ રહી હતી...

સુજય હજી રેવતીને કશું પૂછે એ પહેલા એણે સામેથી એક મોટું ટોળું આવતું જોયું. ખરા અર્થમાં હજારો માણસોનું ટોળું હતું એ...

કોઈના હાથમાં લાકડી તો કોઈના હાથમાં પથ્થર હતો...

ગાંડાની જેમ અંધાધૂંધ દોડતું એ ટોળું દરવાજાની બરાબર મધ્યમાં બેઠેલા માણસને ટાર્ગેટ કરીને આવતું હોય એમ આવી રહ્યું હતું.

"સાહેબ આ લોકો આમને મારી નાંખશે." ડ્રાઈવરે ગળે થૂંક ઉતારતા કહ્યું. ગાડી રિવર્સ કરી અને પાછળ

ખસેડવા માંડી...

“કોણ છે આ?” સુજયે પૂછ્યું.

“આ? આ તો અહીંના બાપજી છે, સમીરાનંદજી...” ડ્રાઈવરે કહ્યું અને રેવતીના નખ સુજયની હથેળીમાં ખૂંચી ગયા...

“ઓહ!” સુજયને સમજાઈ ગયું હતું અથવા એની છઠ્ઠી ઇન્દ્રિય કામ કરવા માંડી હતી... “ઉતર મમ્મી ઉતર...” સુજયે કહ્યું અને રંજનબહેનને લગભગ ધક્કો મારીને બહાર કાઢ્યા. સાથે જ એનો હાથ પકડીને રેવતી ઘસડાઈ... રંજનબહેન બેબીને સંભાળતા ગાડીમાંથી નીકળ્યા. સુજય અને રેવતી એની પાછળ પાછળ વીજળીની ઝડપે ઉતર્યા. ડ્રાઈવરે ગાડી રિવર્સ કરવાનું ચાલુ કરી દીધું હતું.

સૌરાષ્ટ્રના માનસનો જાણકાર ડ્રાઈવર જાણતો હતો કે ટોળું વિફરે પછી એને ગુનેગાર કે બેગુનાહમાં લાંબો ફરક નથી દેખાતો... પોતાની ગાડી અને પેસેન્જરની સલામતી એને રિવર્સ કરીને ભાગવામાં જ દેખાતી હતી...

રંજનબહેન, સુજય અને રેવતી ગાડીમાંથી ઉતર્યા ત્યાં સુધી મહેન્દ્રભાઈ પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરતા હતા. ટોળું જોઈને એ પણ સહેજ ડરી ગયા હતા...

સુજય અને રેવતી ગાડીમાંથી ઉતરીને સમીર તરફ ભાગ્યા જ્યારે મહેન્દ્રભાઈએ રંજનબહેનને પકડીને પાછા ગાડીમાં બેસાડ્યા. ગાડી રિવર્સ થવા માંડી હતી... સુજય અને રેવતીને સમીર તરફ જતા જોઈએ મહેન્દ્રભાઈએ અને ડ્રાઈવરે બૂમો પાડવા માંડી...

પરંતુ, સુજયને જાણે કશું સંભળાતું જ નહોતું, ન ટોળાંનો અવાજ, ન મહેન્દ્રભાઈની બૂમો...

સુજયનો હાથ પકડીને રેવતી પૂતળાની જેમ પાછળ ઘસડાતી હતી. એને સમજાતું નહોતું કે આ શું થઈ રહ્યું હતું... હતપ્રભ શી એ સુજયની પાછળ ઘસડાઈને સમીર સુધી પહોંચી ગઈ હતી...

સુજયે ઝટકો મારીને રેવતીનો હાથ છોડાવ્યો અને સમીરને ખભેથી પકડીને ઉભો કર્યો...

માટીનો ઢગલો હોય એમ સમીર ફરી ફસડાઈ પડ્યો, એનું માથું નીચું હતું અને આંખો બંધ...

સુજયે ફરી એને ખભેથી પકડ્યો અને માંડમાંડ ઉભો કરીને હલબલાવી નાંખ્યો... “સમીર... સમીર...” સુજય એને હલબલાવી રહ્યો હતો. કપડાનું પૂતળું હોય એમ સમીર હલી રહ્યો હતો. પણ એની આંખો હજી યે બંધ હતી...

“સુજય... સુજય પાછો આવ બેટા...” મહેન્દ્રભાઈ બૂમો પાડતા હતા.

“સાહેબ... ચાલો નીકળી જઈએ.” ડ્રાઈવર બૂમો પાડતો હતો.

“મારો... હાડકાં ભાંગી નાંખો આ ઢોંગીના...” ટોળું બૂમો પાડતું હતું.

“કાયર... કાયર... કાયર...” સમીરના કાનમાં નિયતી બૂમો પાડતી હતી...

"રેવતીઈઈઈઈ..." રંજનબહેનો અવાજ બધા અવાજોને ચીરતો સમીરના કાને અથડાયો અને કપડાંના પૂતળામાં જીવ આવ્યો. એણે ઝટકાથી આંખ ખોલી...

...કથ્થઈ બ્લૂ રંગની આંખો સુજયની સામે જોઈ રહી હતી! એકીટશે, કોઈ ભાવ વિના... જાણે પથ્થરની બે આંખો હોય એવી રીતે એ બે આંખો સુજયની આંખોમાં પરોવાઈ...

"રેવતી... બેટા..." રંજનબહેનની બીજી બૂમે એ આંખો સુજયથી રેવતી તરફ ફરી... અને, પથ્થરની બે આંખોમાં સળવળાટ થયો... એ આંખોએ એકવાર પલક ઝપકાવી અને 'ધડામ્'...

એક મોટો ડંડો સમીરના માથા પર વીંઝાયો. રિફ્લેક્સ એકશનમાં સમીરના હાથ માથાની પાછળ ગયા. એ બંને હાથ માથા પર મૂકીને જમીન પર ઝૂકી ગયો... અને જમીન ઉપર જાણે લોહીની ધાર થઈ...

"સમીઈઈઈઈઈઈરરરર..." રેવતીએ બૂમ પાડી...

એક પથ્થર આવ્યો અને રેવતીના માથામાં વાગ્યો. સુજયે રેવતીનો હાથ પકડ્યો અને એને ખસેડી લીધી... વીજળીની ઝડપે સુજય ટોળા અને સમીરની વચ્ચે આવીને ઉભો રહ્યો... એણે હાથ પહોળા કર્યા...

"કોઈ એક ડગલું પણ આગળ નહીં વધે." સુજયે કહ્યું. એના અવાજમાં ગજબનો કમાન્ડ, ગજબનું જોશ હતું!

રેવતીએ માથે હાથ દબાવીને સુજય સામે જોયું. આ અવાજ, આ કમાન્ડ એણે પહેલા ક્યારેય નહોતો સાંભળ્યો! કેટલા ડાયમેન્શન્સ હતા આ માણસના? આટલા મોટા વિફરેલા ટોળાં સામે આવી રીતે ઉભો રહી શકે, એ એનો પતિ હતો!

રેવતીની આંખો છલછલાઈ ગઈ. માથામાં વાગેલા પથ્થરની પીડાથી નહીં, સુજય પ્રત્યેના આદરથી.

"શું કરો છો આ? કાયદાને હાથમાં લેવાનો અધિકાર તમને નથી." સુજયે ટોળાને કહ્યું...

હવે ટોળામાં અટવાઈ ગયેલા વસંતભાઈને પણ હિંમત આવી. એ પણ ટોળાંને ચીરતા આગળ આવ્યા...

"આપણી હદ આ ઇશ્વરધામના બોર્ડ સુધી છે..." એમણે કહ્યું, "બાકીનું ઇશ્વર જાતે સંભાળી લેશે... આપણે કોણ? ઇશ્વરનો ન્યાય એને જ કરવા દો..."

ટોળાના ઉશ્કેરાટની ક્ષણ વીતી ગઈ હતી.

"કોણ છે આમાંથી જેણે પાપ નથી કર્યું? અને જેને તમે સજા આપવા નીકળ્યા છો એણે શું કર્યું છે?" સુજયે કહ્યું...

"તમને ખબર નથી, અમને સૌને છેતર્યા છે આણે... સાધુ બનીને છલતો રહ્યો છે અમને, અમારી શ્રદ્ધાને..." ટોળામાંથી એક અવાજ આવ્યો.

"ફિલમની એકટરાણી જોડે લફરું છે આનું..." બીજો અવાજ આવ્યો.

"સાધુ ગણાવે છે પોતાની જાતને. કપડા જુઓ એના... ઘડિયાળ જુઓ એની... વીસ લાખની ગાડીમાં તો ફરે છે..." ત્રીજો અવાજ આવ્યો.

"તો?" સુજય હજી યે હાથ પહોળા કરીને ટોળા અને સમીરની વચ્ચે ઉભો હતો. સમીરના માથામાંથી ધડધડાટ લોહી વહી રહ્યું હતું...

રેવતીને સમજાતું નહોતું કે એ શું કરે?

રંજનબહેન અને મહેન્દ્રભાઈ દોડીને અહીં પહોંચી આવ્યા હતા. એમણે રેવતીને સાચવી લીધી હતી... મહેન્દ્રભાઈએ રેવતીના માથા પર રૂમાલ બાંધી દીધો હતો. સદ્‌ભાગ્યે રેવતીનો ઘા એવો ઉંડો ય નહોતો...

રંજનબહેનના હાથમાં ઢીંગલી હજીયે ઘસઘસાટ ઉંઘતી હતી. આ બધી ધાંધલ-ધમાલ સાથે એને કોઈ લેવા-દેવા જ ના હોય એમ એ એના ચહેરા પર ખંજનભર્યું સ્મિત લઈને બંધ આંખે ઉંઘી રહી હતી...

"તો?" સુજયે કહ્યું, "તો શું થયું? તમને અધિકાર મળી જાય છે, એના પાપોની સજા કરવાનો? તમે જ હતા જેણે એને ભગવાન ગણીને પૂજયો છે..."

હવે વસંતભાઈને પણ હિંમત આવી હતી...એ આગળ વધ્યા. સુજયની બાજુમાં આવીને ઉભા રહ્યા... "છોડો આપણે શું?" એમણે કહ્યું અને પોતે જાણે કોઈ નિસ્બત ના હોય એમ એકવાર સમીર તરફ તુચ્છ નજર નાંખી આશ્રમની અંદરની તરફ જવા લાગ્યા.

મુન્શી, સત્યેન્દ્ર જે ટોળાંને છેક છેલ્લે ઉભા હતા. એ હજી યે માની નહોતા શકતા કે સમીરને બચાવવા કોઈ ફરિશ્તો આવીને ઉભો છે! એમને કશું યે દેખાતું નહોતું પણ સુજયનો અવાજ સાંભળ્યો હતો એમણે.

ટોળું પણ ધીમે ધીમે વિખરાવા લાગ્યું...

હવે સુજય સમીર તરફ વળ્યો. ખિસ્સામાંથી રૂમાલ કાઢી એણે સમીરના ઘા પર દબાવ્યો...

લોહી બંધ નહોતું થતું.

ટોળું વિખરાતા મુન્શી અને સત્યેન્દ્ર સમીરની નજીક આવી પહોંચ્યા. એમણે સમીરને હાથેથી પકડીને ઉભો કર્યો. આમ તો આશ્રમ પરિસરની અંદર જ મોટું દવાખાનું હતું. પણ ત્યાં સમીરને લઈ જવાનો સવાલ જ ઉભો નહોતો થતો...

"સાહેબ, અહીંથી થોડે દૂર એક હૉસ્પિટલ છે... અમને છોડી દેશો ત્યાં?"

"અ...બ... અમે સૌ ચાર જણા છીએ અને નાનું બાળક છે... પણ મારો દીકરો ડૉકટર છે એ પ્રાથમિક સારવાર આપી દેશે..." સુજય કંઈ બોલે એ પહેલાં જ મહેન્દ્રભાઈએ કહ્યું.

રેવતીએ કોણ જાણે કેમ પણ ઢીંગલીને રંજનબહેનના હાથમાંથી લઈ લીધી હતી અને એને છાતીએ લગાડીને ચોધાર આંસુએ રડવા માંડ્યું હતું.

સુજયે ગાડીની ડેકી ખોલી. એમાંથી ફર્સ્ટએડ.ના સાધનો કાઢ્યા. ઇશ્વરધામના બોર્ડની આજુબાજુના બે આરસપહાણના થાંભલાઓની લાઈનમાં પથ્થરના બબ્બે બાંકડા મૂકેલા હતા. એના પર બેસાડીને સુજયે સમીરનો ઘા સાફ કર્યો. દવા લગાડી અને પાટો બાંધ્યો.

આ બધી પાંચ-સાત મિનિટ દરમ્યાન રેવતી ડૂસકે ડૂસકે રડતી હતી. સમીર જાણે રબ્બરનું પૂતળું હોય એમ

ચૂપચાપ ડ્રેસિંગ કરાવતો હતો. મુન્શી અને સત્યેન્દ્ર આખી યે વાતમાં જાણે અપરાધી હોય એમ ઉભા હતા...

રંજનબહેન અને મહેન્દ્રભાઈ આ આખો ય કિસ્સો પતે તો અહીંથી ભાગવાના મૂડમાં હતા અને ડ્રાઈવર ગાડીમાંથી ઉતરવા પણ તૈયાર નહોતો...

સમીરનું ડ્રેસિંગ પતી ગયું પછી સુજયે સમીરની સામે જોયું.

"થેંક્સ" સમીરે કહ્યું.

"ઈટસ ઓ.કે." સુજયે કહ્યું અને હેન્ડ શેક કર્યા. "બને તો એક ટેટનસનું ઇન્જેક્શન લઈ લેજો...અને દુ:ખાવો થાય તો કોઈ પણ પેઈન કિલર લેજો. ઘા બહુ ઉંડો નથી. યુ આર લકી." સુજયનો અવાજ એક ડૉક્ટર જેટલો જ સ્થિર અને અવિચલીત હતો...

સમીર સાથે હાથ છોડાવીને સુજય રેવતી પાસે ગયો. એણે રેવતીના ખભે હાથ મૂક્યો. એના હાથમાંથી ઢીંગલીને લઈ લીધી. રેવતી સુજયના ખભા પર માથું મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી...

એનો અવાજ ખુલ્લા વાતાવરણમાં પણ જાણે પડઘાઈ રહ્યો હતો. સુજયનું આખું શર્ટ ભીનું થઈ ગયું હતું. એક હાથે ઢીંગલીને પકડીને, બીજા હાથે સુજય રેવતીના ખભા પર હાથ ફેરવતો હતો.

રંજનબહેને આગળ વધીને ઢીંગલીને લઈ લીધી.

રેવતી હવે સુજયને ભેટી પડી...

એનું આખું શરીર ધ્રૂજતું હતું.

રંજનબહેન અને મહેન્દ્રભાઈને લાગ્યું કે રેવતી આ આખી યે ઘટનાથી ગભરાઈને હવે ટેન્શન રિલીઝ થતાં રડી રહી છે...

ત્યાં બે જ જણા જાણતાં હતા, એ હૈયાફાટ રૂદનનું કારણ... એક કશું બોલી શકે એમ નહોતો અને બીજો ક્યારેય કશું બોલવાનો નહોતો!

સુજય ધીમે ધીમે રેવતીને લઈને ગાડી તરફ ગયો. એને ફુલની નજાક્તથી ગાડીમાં બેસાડી...

પછી પોતે બેઠો.

હળવેકથી રંજનબહેન ઢીંગલીને લઈને ગાડીમાં ગોઠવાયા...

ભાંગેલા પગલે મુન્શી અને સત્યેન્દ્ર આશ્રમ પરિસરની અંદરની તરફ જવા લાગ્યા...

ગાડી ડાબી તરફ ગઈ.

સત્યેન્દ્ર અને મુન્શી જમણી તરફ...

સમીર એકલો બાંકડા ઉપર બેઠો હતો.

એના સફેદ ઝભ્ભા ઉપર લોહીના ડાઘા ઉપસી આવ્યા હતા...

એની આંખો ગાડીમાં જતી રેવતીને જોઈ રહી હતી... ઝળઝળિયા પડદાના પેલે પર ગાડી જાણે હવામાં ઓગળી ગઈ હોય એમ ચાલી ગઈ...

રેવતી હજીયે ડૂસકાં લઈ રહી હતી. સુજયે હળવેકથી એનું માથું પોતાના ખભા પર મૂક્યું અને એના વાળમાં ધીરે ધીરે હાથ ફેરવવા માંડ્યો અને રેવતીએ આંખો મીંચી લીધી, વિશ્વાસથી! શ્રદ્ધાથી! આદરથી!

બાંકડા ઉપર બેઠેલો સમીર બાંકડાની પીઠને અઢેલીને આંખો મીંચીને એમ જ બેઠો હતો... એના મનમાં કોઈ વિચાર નહોતા! બસ, આંખોમાંથી આંસુની ધાર વહી રહી હતી...

રંજનબહેનના ખોળામાં સૂતેલી ઢીંગલીએ આંખો ખોલી!

મહેન્દ્રભાઈ હવે માંડ આઘાતમાંથી બહાર આવ્યા હતા. એમણે વાતાવરણ હળવું કરવા રંજનબહેનને પૂછ્યું, “હવે તારી ઢીંગલીનું નામ કોણ પાડશે?”

“હું.” સુજયે કહ્યું.

બધાએ ચોંકીને સુજય સામે જોયું.

“સત્યા, મારી દીકરીનું નામ સત્યા છે. એ સત્ય બોલશે, સત્ય જીવશે અને સત્ય જ એની સાથે ચાલશે... એની હસ્તરેખામાં સત્ય છે!”

રેવતીએ સુજયની આંખોમાં જોયું. રેવતીને સૂતા-જાગતા, શ્વાસ લેતા સતત પજવતી એ કથ્થઈ બ્લૂ રંગની આંખો જાણે સુજયની આંખોના ઉંડા તળાવમાં ઓગળી રહી હતી. માનસરોવરના જળની જેમ સ્થિર, અપલક એ આંખોમાં રેવતીને પેલી બે આંખો ડૂબી જતી દેખાઈ!

એણે રંજનબહેનના ખોળામાં સૂતેલી સત્યા તરફ જોયું!

રેવતીને એ કથ્થઇ બ્લૂ રંગની આંખો અચાનક જ વહાલી લાગી... એણે સત્યાના ગાલમાં પડી રહેલા ખંજન પર હાથ ફેરવ્યો અને મનોમન એને કહ્યું, “તું આજે તારી આંખોના પડછાયામાંથી મુક્ત થઈ ગઈ! આજથી તારી આંખો તારી પોતાની છે સત્યા, અને એનો રંગ સત્યનો રંગ છે...તારું નામ સત્યા સુજય શાહ છે, યાદ રાખજે... અને, જો હું ભૂલી જાઉં, ક્યારેક તો મને પણ યાદ કરાવજે!”

* * *

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન
કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી — પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી
સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ — સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે.

આ દ્રૌપદી 'આજની' છે — હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

મધ્યબિંદુ
જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ
અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ 1-2)
નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ
ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે
આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં
જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ 1-2)
અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

લીલું સગપણ લોહીનું
શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય)
બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું
અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે, પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે.

ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો
એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ
પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ 1-2)
જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. `ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસેક્સ્યુઅલ વિષયની નવલકથા.

દરિયો એક તરસનો

માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

ધુમ્મસને પેલે પાર

અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ

સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ

આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર

જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા

એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્‌ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ

`વાત એક રાતની' અને `પરફેક્ટ હસબન્ડ' — ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો — લેખો

સર્ચલાઇટ

આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાઓ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થોટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ

'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફોર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની...

જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુનઃઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કોલમ 'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો...

આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની...

જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કોલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો...

ક્યાં ખાડો છે, ક્યાં ટ્રેપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું...

'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો – અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રોબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું – અવિરત અટક્યા

વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું...

સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી — એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની...

આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું — એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકોલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકોલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની...

ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો...

બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

સંવાદ એકબીજાનો...

આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

શબ્દ એકબીજાનો...

આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણા કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું

મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

મન — માઇનસથી પ્લસ

લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હેન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન

મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફોર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ...

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃત:પ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા (ભાગ 1-2)

આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો — જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા

ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લેંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી

શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ – ચુંબન – પ્રાર્થના – આંસુ – સ્મિત
ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક. પરિકલ્પના અને સંકલન દ્વારા દૃશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા
પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. 7થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

પ્રિય નમન
લગ્નની પહેલી એનીવર્સરીથી પચ્ચીસમી એનીવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલા પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.

તને, જિંદગી...
જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. ‘હું’ને બદલે ‘અમે’ વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

ઓડિયોબુક

તારા ચહેરાની લગોલગ
આદિત્ય, નીશા અને આકાશ એકબીજાંની સાથે ફક્ત પત્રોમાં વાત કરે છે... એકબીજા સુધી પહોંચવાના પ્રયાસમાં એક ન સમજાય તેવી અસમંજસતા સર્જાય છે. એકબીજાને લખાતા પત્રોમાંથી સર્જાતો એક ઝંઝાવાતી પ્રણયત્રિકોણ.

પ્રેમપત્રો
અહીં એક એવો અંગત સંવાદ જાહેરમાં વંચાયો છે, જે આપણા બધા માટે સાવ જાણીતો સંવાદ છે. બંધ આંખે કે ટોળાની વચ્ચે એકાદ ક્ષણ માટે એકલા પડીને આપણે બધાએ આ સંવાદ અનુભવ્યો છે. અહીં લખાયેલાં ગીતો સાચા અર્થમાં યુગલગીતો છે. બે જણાંના કંઠે ગવાતાં એવાં ગીતો, જેમાં બે જણાની વાત કહેવાઈ છે.


CYGNET GROUP

indian-ebooks

છળલો



કાજલ ઓઝા-વૈદ્ય

V Ramanuj